

# શ્રી ભગવતી સૂત્ર સાર સંગ્રહ

## ભાગ ચોથો

(પૂર્ણાહુતિ)

શાસનપતિ શ્રી મહાવીરસ્વામિને નમઃ

નમો નમઃ શ્રી પ્રભુધર્મસૂરયે

# શ્રી
# ભગવતી સૂત્ર સાર સંગ્રહ

## ભાગ ચોથો : શતક ૨૧-૪૧

( આ ભાગમાં ભગવતી સૂત્રની સમાપ્તિ છે )




: લેખક :

સ્વ. શાસનદીપક

મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી મહારાજના શિષ્યરત્ન

ન્યાય-વ્યાકરણ-કાવ્યતીર્થ

પંન્યાસ શ્રી પૂર્ણાનંદવિજયજી મહારાજ

( કુમાર શ્રમણ )

પ્રકાશક :

શ્રી જગજીવનદાસ કસ્તુરચંદ શાહ
C/o વિદ્યાવિજયજી સ્મારક ગ્રંથમાળા
Po. સાઠંબા ( સાબરકાંઠા )
વાયા : ધનસુરા, A. P. Rly,

પ્રથમાવૃત્તિ : ૨૦૦૦ નકલ

વીર સં. ૨૫૦૭
વિક્રમ સં. ૨૦૩૭
ઇ. સ. ૧૯૮૧
ધર્મ સં. ૫૯

મૂલ્ય : રૂા. ૧૦=૦૦

મુદ્રક :
શાહ ગિરધરલાલ ફુલચંદ
સાધના મુદ્રણાલય
દાણાપીઠ પાછળ
ભાવનગર ૩૬૪૦૦૧

ચંદ્રપ્રભપ્રભોશ્ચંદ્ર, મરીચિનિચયોજ્જવલા;
મૂર્તિમૂર્તસિતધ્યાન, નિર્મિતેવ શ્રિયેડસ્તુવઃ.



મૂળનાયક શ્રી ચન્દ્રપ્રભસ્વામી
શ્રી ચન્દ્રપ્રભ જૈન દેરાસર
અંધેરી (વેસ્ટ), મુંબઈ ૪૦૦ ૦૫૮

# "જૈનીવાણી સ્તુતિ"

जीयाज्जीयात् सदा जीयाज्जैनीवाणी जगत्त्रये ।
संसारतापदग्धानां जीवानां सौख्यदायिनी ।।१।।

महाधीरा च गम्भीरा त्रिलोकीद्रव्यसाधिका ।
वाणी तीर्थंकृतां मान्या देवदानवमानवैः ।।२।।

अर्हद्वक्त्रप्रसूता या कर्मौघदाहने क्षमा ।
मोहक्रोधशमे मुख्या मोक्षमार्ग विधायिका ।।३।।

मन्मतिज्ञानलाभार्थे भाषानुवादगुम्फिता ।
व्याख्याप्रज्ञप्ति पूज्या सो 'पूर्णानन्द' ददातु मे ।।४।।

जैनीवाणी प्रथयतु सुखं मादृशेभ्यो जनेभ्यः,
'पूर्णानन्दा' जिनवरमुखे शोभमाना सदैव ।
पापासक्तैर्विनयरहितैः क्रोधमायासुबद्धैः,
सेव्या पूज्या नहि भवति या दुर्जनैः सा सतीव ।।५।।

પંન્યાસ શ્રી પૂર્ણાનંદવિજયજી
( કુમાર શ્રમણ )

# श्री विजयधर्मसूरि गुरुवन्दना



ख्याता ये वसुधातले यतिगुणैः सत्संयमाराधकाः,
विद्वद्वृन्दसुपूजितांघ्रिकमलाः भावेन वै सर्वदा ।
कृत्वाऽहर्निशमुद्यमं जिनवृषं येऽस्थापयन् सर्वतस्ते
पूज्या गुरुवर्य्यधर्मविजयाः कुर्वन्तु वो मङ्गलम् ।।

संस्थाप्य काश्यां शुभज्ञानशाला
मध्यापयन् शिष्यगणान् सुविद्याः ।
परोपकाराय यदीयजीवितं,
तद् धर्मपादाब्जयुगं स्मरामः ।।

—लेखक



જગત્પૂજ્ય, શાસ્ત્રવિશારદ, જૈનાચાર્ય, સ્વ. શ્રી



શ્રીમદ્વિજય ધર્મસૂરીશ્વરજી મ. સા.

( A. M. A. S. B. H. M, A. S. I. H M G. O. S )

જન્મ : સં. ૧૯૨૪ દીક્ષા : સં. ૧૯૪૩ સ્વર્ગગમન : સં. ૧૯૭૮

મહુવા (સૌરાષ્ટ્ર) ભાવનગર શિવપુરી (મ. પ્ર.)

લેખકના ગુરૂવર્ય્ય
શાસનદીપક
સ્વ. મુનિરાજ
શ્રી ૧૦૦૮



卐 શ્રીમદ્ વિદ્યાવિજયજી મહારાજ સાહેબ

સ્વર્ગગમન : સં. ૨૦૧૧ માગશર વદિ ૧૨, શિવપુરી (મ. પ્ર.)

પૂજ્ય ગુરૂવર્ય ૧૦૦૮ શ્રી વિદ્યાવિજયજી મ.ને



# સ....મ....ર્પ....ણ

સંસારની ચોરાશી લાખ શેરીઓમાં રખડનારો,
મોહરાજાના સૈનિકોની ઝપટમાં ઝપટાયેલો,
માટે જ સર્વથા અનાથ બનેલો એવો,
હું શિક્ષિત થવા માટે
આપશ્રીનાં ચરણોમાં દીક્ષિત થયો.
અને શિલ્પીના હાથે પડેલો પત્થર
ટાંકણા તથા હથોડાનો માર ખાઈને,
પૂજ્યતમ આકારને પામે તેમ
હું પણ કાંઈક બનવા પામ્યો છું,
તેથી આપશ્રીના
અનંત ઉપકારનો લાભ મેળવીને
કૃતકૃત્ય થયેલો એવો હું
**ભગવતી સૂત્ર સાર સંગ્રહનો**
ચોથો આગમીય ગ્રંથ
આપશ્રીના કરકમળોમાં
અર્પણ કરીને ધન્ય બનું છું.



ભવદીય
પં. પૂર્ણાનંદવિજયજી
(કુમાર શ્રમણ)

# પ્રકાશકીય નિવેદન

વિ. સં. ૨૦૨૦નો ચાતુર્માસ દહેગામ મુકામે પૂર્ણ કરીને, પૂ. પં. શ્રી પૂર્ણાનંદવિજયજી મ. (કુમારશ્રમણ) આદિ ઠાણા અમારા સંઘના સ્વાગત સાથે સાઠંબા પધાર્યા હતાં. તેમના ઉપદેશથી 'જૈન સાહિત્યની યથાશક્તિ સેવા કરવી,' તેવા આશયથી અમારા સંઘે 'શ્રી વિદ્યાવિજયજી સ્મારક ગ્રંથમાળા' નામની સંસ્થાની સ્થાપના કરી હતી તે સમયે અમારી હરણફાળ આટલી લાંબી થશે તેનો ખ્યાલ અમને કદી પણ નહીં આવેલો કે અમારા નાનકડા ગામના સાવ નાના સંઘને દ્વાદશાંગીમાં સર્વશ્રેષ્ઠ ભગવતી સૂત્રની સેવા કરવાનો પણ અવસર મળશે. આજે અમે ચોથા ભાગમાં તે મહાન આગમની પૂર્ણાહુતિ સુધી પહોંચી પણ ગયા છીએ. તેનો આનંદ થવો સર્વથા સ્વાભાવિક છે.

આપણા સંઘોમાં જ્યારે પુણ્યોદય પ્રવર્તે છે ત્યારે પૂ. પદવીધરોના શ્રીમુખે ચાતુર્માસ દરમ્યાન ભગવતી સૂત્ર સાંભળવાનો અવસર આવે છે. તે સમયે ગજરાજની અંબાડીએ બિરાજમાન કરેલા તે સૂત્રને વાજતે ગાજતે ગુરૂદેવોને વહોરાવીને તથા પ્રત્યેક પ્રશ્ને સૌ કોઈ પોતાની શક્તિ પ્રમાણે દ્રવ્ય મૂકે છે. સંગ્રામ સોનીએ પ્રત્યેક પ્રશ્ને સોનામહોર મૂકીને આ સૂત્રનું શ્રવણ કર્યું હતું અને સંઘને પણ શ્રવણ કરાવીને ઉત્તમોત્તમ લાભ મેળવ્યો હતો.

આજની રાજકીય પરિસ્થિતિ અવળચંડી હોવાને કારણે આપણી વ્યાપાર નીતિને જીવલેણ ફટકો લાગ્યો છે. તથા રાક્ષસી મોંઘવારીના અભિશાપે ઘરના ખર્ચા પૂર્ણ કરવા માટે આપણા અહોરાતનો ઘણો લાંબો સમય તેમાં ખર્ચાઇ જઈ રહ્યો છે. આ કારણે શ્રદ્ધા હોવા છતાં પણ પૂ. ગુરૂદેવોના વ્યાખ્યાનનો સમય આપણી પાસે હોતો નથી. તેવા વિકટ

સમયે ઘર બેઠા ભગવાન મહાવીરસ્વામીનું પુણ્ય-પાપ-આશ્રવ -સંવર આદિનું તત્ત્વજ્ઞાન મેળવી શકીએ તે માટે ૩૬,૦૦૦ પ્રશ્નોત્તરોથી સભર ભગવતીસૂત્ર જેવો આગમ ગ્રંથ સૌને માટે ઉપાદેય અને સંગ્રાહ્ય બને તેમાં આશ્ચર્ય નથી.

મૂળ સૂત્રો તથા ટીકાના ગ્રંથો પણ વાંચવાની લાયકાત આપણી ન હોવાના કારણે પૂ. પંન્યાસશ્રીજીએ સીધી સાદી અને વ્યવહારુ ગુજરાતી ભાષામાં તે આગમનો ભાવાનુવાદ ઉતારીને આપણા ઉપર અનહદ ઉપકાર કર્યો છે, જે ભૂલી શકાય તેમ નથી. અમે અમારી જાણકારી પૂર્વક કહી શકીએ છીએ કે, અરિહંત પરમાત્માની વાણીનો આવી રીતનો અનુ-વાદ ભાવાનુવાદ થાય તે વધારે આદરણીય બનવાથી સૌ કોઈને માટે લાભ લેવાનો સુલભ બનશે, કેમકે આજના ભૌતિકવાદના પ્રચાર સામે, જૈન તત્ત્વજ્ઞાનના આગમીય ગ્રંથો જ સૌ કોઈને પાપમાર્ગથી બચાવનાર બને છે. માટે અમે પૂ. પં.શ્રીને વિનવીએ છીએ કે હવે પછી પણ બીજો આગમ તૈયાર કરીને અમને સેવા કરવાનો અવસર પ્રાપ્ત કરાવે.

ત્રિરંગી બ્લોક દેવા માટે પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રી દુર્લભસાગરસૂરીશ્વરજી મ.નો ઉપકાર માનીએ છીએ. સાધના પ્રેસના માલિકને પણ અમે ધન્યવાદ આપીએ છીએ.

અંધેરી જૈન સંઘના ટ્રસ્ટીઓનો અમે અત્યંત આભાર માનીએ કે આ ગ્રંથનો સંપૂર્ણ ખર્ચ તેમના જ્ઞાનખાતામાંથી થયો છે. છેવટે ચારે ભાગોમાં તે તે સંઘો, ટ્રસ્ટીઓ અને બીજા પણ સદ્‌ગૃહસ્થોનો અમે આભાર માનીને વિરમીએ છીએ.

સં. ૨૦૩૭ — લિ. **સંઘવી જગજીવનદાસ કસ્તુરચંદ શાહ**
મહા વદ ૫ — **મું. સાઠંબા** (સાબરકાંઠા)
તા. ૨૪-૨-૮૧ — વાયા : ધનસુરા (A. P. Rly).

ॐ ह्रीँ अर्हं नमः

# લેખકીય પુરોવચન

સાદડી રાજસ્થાનના મૂળનાયક દેવાધિદેવ શ્રી ચિંતામણી પાર્શ્વનાથ પ્રભુની તથા સ્વર્ગસ્થ દાદાગુરૂ ૧૦૦૮ શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી (કાશીવાળા) અને શાસનદીપક મારા ગુરૂવર્ય મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી મ. સાહેબની અસીમ કૃપાથી જ શ્રુતજ્ઞાનના સાગરસમા શ્રી ભગવતી સૂત્ર ઉપર પ્રારંભેલું વિવેચન કાર્ય આજે ચોથા ભાગમાં નિર્વિઘ્ને પૂર્ણ થયું છે.

બીજા ભાગની પ્રસ્તાવનાના લેખક, પૂજ્ય જૈનાચાર્ય ૧૦૦૮ શ્રી વિજય કીર્તિચંદ્રસૂરીશ્વરજી મહારાજના શબ્દોમાં કહીએ તો "દ્રવ્યાનુયોગના જટિલ, કઠિણ અને કપરા વિષયનું વિષદ વર્ણન કરવું તથા પ્રત્યેક વિષય પર પ્રકાશ પાડવો એ ત્યારે જ બને કે–લેખકને ઉંડો અનુભવ હોય, બુદ્ધિ કુશાગ્ર હોય, શાસ્ત્રોનું તલસ્પર્શી જ્ઞાન હોય, સતત–અવિરત પરિશ્રમ હોય, હૈયામાં હિતબુદ્ધિ હોય, માતા શારદાની કૃપા ( મીઠી નજર ) હોય અને ગુરૂકૃપા ( આશીર્વાદ ) હોય ત્યારે જ લેખક સફળ બને છે." આ પ્રમાણેના આશીર્વાદપૂર્વક ઉચ્ચારેલા શબ્દો મારા માટે આજે સત્યસ્વરૂપે સિદ્ધ થયા છે.

વિ. સં. ૧૯૯૭ના મંજલરેલડીઆ કચ્છના ચાતુર્માસમાં પૂજ્ય ગુરૂદેવે ભગવતી સૂત્રના છ શતક સુધીનું નોટ બુકના ૧૨૫ પાના જેટલું જ મૂળ સૂત્રાનુસારે વિવરણ લખ્યું હતું. તે કોપી મારી પાસે ઘણા વર્ષો સુધી રહી હતી. પૂના ગોડીજી ટેમ્પલ ટ્રસ્ટના ઉપાશ્રયે ચાતુર્માસમાં ભગવતી સૂત્રના વાંચન દરમ્યાન તે લખાણને સંસ્કાર દેવાની કલ્પના ઉદ્ભવેલી અને કાર્યનો પ્રારંભ થયો. પાંચ શતક સુધીનો પહેલો ભાગ તૈયાર થયો, પ્રેસમાં ગયો અને બોરીવલી મુંબઈના જાંબલી ગલીના

ઉપાશ્રયે પ્રકાશિત થયો અને મારા આનંદમાં ચાર ચાંદ લાગ્યા. પછી તો કલમ આગળ ચાલતી રહી ને આજે ચોથા ભાગમાં ભગવતી સૂત્રના ૪૧ શતકની પૂર્ણાહુતિ થઈ રહી છે.

મારા જેવા સર્વથા નિઃસહાય સાધક મુનિને માટે ન કલ્પી શકાય તેવું આ દુઃસાહસ હતું, પણ શુભ ભાવના. શુદ્ધ પ્રવૃત્તિશીલતા, કાર્યને બધી રીતે સુંદર બનાવવાની તમન્ના આદિના કારણે તે દુઃસાહસ પણ આજે સુસાહસ બનવા પામ્યું છે. ધ્યેયની ઉચ્ચતા, લક્ષ્ય સિદ્ધિ માટે નિઃસ્વાર્થ લગન તથા સર્જનાત્મક જીવન માટેની પવિત્ર પ્રવૃત્તિમાં શાસનદેવની સહાયતા તથા ગુરૂદેવોના આશીર્વાદ વિના માંગ્યે પણ મળ્યા વિના રહેતા નથી. મારા માટે તો ઉપર પ્રમાણેનું જ બનવા પામ્યું છે તેમાં શંકા રાખવા જેવું નથી.

કાર્યની સિદ્ધિ ગમે તે રીતે અને ગમે તેની સહાયતાથી થઈ હોય, મારા માટે તે બધાય નિમિત્તો આનંદદાયક બનવા પામ્યા છે, તેથી તે તે મહાપુરૂષો, આચાર્ય ભગવંતો, સંઘના આગેવાનો, ઊપાશ્રયના ટ્રસ્ટીઓ તથા જુદા જુદા લેખકો વગેરે બધાય અભિવંદનીય અને અભિનંદનીય છે.

વિ. સં. ૨૦૧૦ના શિવપુરી મધ્ય પ્રદેશના ચાતુર્માસમાં ગુરૂદેવની હૈયાતી દરમ્યાન ચાતુર્માસના વ્યાખ્યાનમાં મેં કર્મગ્રંથનું તથા સં. ૨૦૧૧ના ચાતુર્માસમાં ભગવતી સૂત્રનું વાંચન ચતુર્વિધ સંઘમાં કરેલું, જે મારા માટે સર્વ પ્રથમ જ હતું. આજે પણ તે ચાતુર્માસો યાદ આવે છે ત્યારે ગુરુદેવની અસીમ કૃપા સ્મરણીય બન્યા વિના રહેતી નથી. અફસોસ કેવળ એટલો જ છે કે, તે બંને ચાતુર્માસના જ્ઞાનગર્ભિત વ્યાખ્યાનોને હું પુસ્તકારૂઢ કરાવવા જેટલી સમર્થતાવાળો ન હતો. ત્યાર પછી તો લગભગ પ્રતિ ચાતુર્માસે ભગવતીસૂત્ર જ મારા માટે

આદરણીય બન્યું છે. સં. ૨૦૨૭ના મુંબઈ વિજયવલ્લભ ચોક (પાયધુની)ના નમિનાથના ઉપાશ્રયે, પરમપૂજ્ય, શાંતસ્વભાવી, પુણ્યાત્મા, જૈનાચાર્ય ૧૦૦૮ શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મ. તથા વિજય સુબોધસૂરીશ્વરજી મ. ( તે સમયે પંન્યાસજી )ની કૃપાદૃષ્ટિ માટે હું પાત્ર બન્યો અને ભગવતી સૂત્રના યોગોદ્વહનનો પ્રારંભ, આનંદ તથા ઉત્સાહ પૂર્વક થયો. તથા સં. ૨૦૨૮ના માગસર સુદિ ૩ના દિવસે આદીશ્વર ધર્મશાળામાં મને ગણિપદ પ્રાપ્ત થયું. તથા માગસર સુદિ ૬ બુધવાર તા. ૨૪ નવેંબર ૧૯૭૧ના મંગળ દિવસે પંન્યાસપદનો હું હકદાર બન્યો. પરંતુ "लाभे लोभो वर्धते" આ ન્યાયાનુસારે યોગોદ્વહન થયા પછી તે આગમની સેવાથી વંચિત રહેવા ન પામું તે માટે આજે મારા હાથે યથાક્ષયોપમે તે સૂત્રની સેવા કરવા બદલ મને આનંદ શા માટે ન થાય ?

સાથોસાથ પૂર્વભવની કંઈક વિરાધના પણ હશે, જેથી આ ભવમાં આદેયનામકર્મનો અભાવ તથા અંતરાય કર્મની ભરમાર મારા ભાગ્યે લખાઈ ગયેલી હોવાથી કદાચ વર્તમાન કાળમાં મારા હાથે વિવેચન કરાયેલા. આ પુસ્તકો બહુ પ્રશંસાને ન પણ પામે. અથવા "નાના મોઢે મોટી વાત" જેવું પણ લાગે. તો પણ ભવિષ્યકાળમાં કોઈક માઈનો લાલ જન્મશે અને મારો પ્રયત્ન પ્રશંસનીય બનવા પામશે. તેમ છતાં પ્રારંભથી જ મારા પ્રયત્નની અનુમોદના કરનારા આચાર્યાદિ ભગવંતોના જે અભિપ્રાયો સાંપડ્યાં છે તેનાથી જ અનુમાન થાય છે કે મારો પ્રયત્ન સાવ નિષ્ફળ તો નથી જ ગયો. આ ચારે ભાગોમાં મૂળસૂત્રનો એકેય અક્ષર નથી માટે સદ્‌ગૃહસ્થો પણ અરિહંત પરમાત્માની વાણીનો લાભ મેળવીને ભાગ્યશાળી બની શકશે.

લેખક, ચિંતક તથા સૌને સીધી, સરળ અને સત્ય સલાહ દેવામાં ખ્યાતનામ શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા મારી સંયમયાત્રા માટે ધ્રુવના તારા જેવા હતાં. નમિનાથના ઉપાશ્રયે એક દિવસે સલાહ આપતાં તેમણે કહ્યું કે, "તમારા પઠન–પાઠનનો લાભ લેખન કાર્યમાં ઉતરે તો સમાજને ઘણો જ ફાયદો થશે." તેવી રીતે છોટી સાદડી મેવાડના શેઠશ્રી ચંદનમલજી નાગોરીએ ટકોર કરતાં એક કાગળમાં લખેલું કે– "નાની નાની પુસ્તિકાઓ ઉપર બાળચેષ્ટા કરવા કરતાં કંઈક વજનદાર સાહિત્યનું નિર્માણ થાય તો વધારે સારૂં રહેશે." મારા માટે આ બન્ને આદરણીય સદ્‌ગૃહસ્થોની સલાહ આદર કરવા યોગ્ય હતી. કેમ કે આ બન્નેનો આધ્યાત્મિક ઉપકાર મારા ઉપર નાનો સૂનો ન હતો. તેથી શુભ સંકલ્પ અને ગુરૂદેવોના સ્મરણપૂર્વક સર્વથા આકર, ગહન તથા ઘણાં સ્થળે મુશ્કેલીથી પ્રવેશ કરી શકાય તે વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ (ભગવતી સૂત્રની) સેવા કરવાનો દૃઢ નિશ્ચય કર્યો અને પ્રારંભેલું કાર્ય પૂર્ણ થયું. દુઃખ હોય તો એટલું જ છે કે તે બંને ઉપકારી ગૃહસ્થો આજે સ્વર્ગસ્થ છે.

'આદર્યા કાર્યો પણ અધુરા રહે' તેવી મોહમયી મુંબઈની ઉત્તેજક હવા, ધમાલીયું જીવન, ચોમાસાની જવાબદારી, અવિરત વ્યાખ્યાનોની પ્રવૃત્તિ, અસહાય જીવન છતાં પણ આ ભગીરથ કાર્ય હું પૂર્ણ કરી શકયો છું તેમાં હિતેચ્છુઓના આશીર્વાદ સિવાય બીજું કયુ કારણ હોઈ શકે? ભવિષ્યમાં પણ મારા શુભેચ્છુઓ પાસેથી આના સિવાય બીજી માંગણી નથી.

લેખન કાર્યમાં મૂળ સૂત્ર તથા ટીકાકાર પૂજ્ય શ્રી અભયદેવસૂરિજીનો શત–પ્રતિશત આશ્રય લેવામાં આવ્યો છે. આત્માની ખૂબ જ જાગૃતિપૂર્વક ભગવાન મહાવીરસ્વામીની

આગમીય વાણીને બાળજીવો પણ સમજી શકે અને પોતાના સ્વાધ્યાયમાં સ્થાન આપી શકે તેવી સાદી–સીધી અને ઘણા સ્થળે થોડા કે વધારે વિવેચનવાળી ભાષા જ પસંદ કરી છે. વિવેચન કરવાનો આશય તો એટલો જ છે કે–ચાર જ્ઞાનના માલિક શ્રી ગૌતમસ્વામીજીએ પૂછેલા પ્રશ્નોનો આશય તથા પરમાત્મા શ્રી મહાવીરસ્વામીજીએ આપેલા જવાબોનું રહસ્ય સૌને હૃદયંગમ થઈ શકે તેટલા પૂરતું જ છે. તેમ છતાં પણ મતિજ્ઞાનાવરણીય કે શ્રુતજ્ઞાનાવરણીય કર્મોના કારણે ક્યાંય ભૂલચૂક થઈ હોય તો હું ક્ષમાને પાત્ર છું.

છ શતક સુધી તો મારા ગુરૂદેવનું જે લખાણ હતું તેને જ વિસ્તૃત કર્યું છે, પછીથી સાતનાં શતકથી પૂર્ણાહૂતિ સુધી કેવળ મારૂ મતિજ્ઞાન જ કામે આવ્યું છે. તેમાં એકેય પ્રશ્ન છોડ્યો નથી, તેમ મને ખ્યાલ છે ત્યાં સુધી પ્રશ્નોના ક્રમનું ઉલ્લંઘન પણ કર્યું નથી. અમુક સ્થળે માનવીય દૃષ્ટિકોણથી જ વિવેચન કરાયું છે, જેથી તે તે વિષયો સરળ અને સુગમ બની શકે. ઘણા શતકો કે ઉદ્દેશાઓનો પ્રારંભ અને અંત ઉપક્રમ, પ્રારંભ, પ્રારભ્યતે કે નોંધ આદિ દ્વારા કર્યો છે. જેથી તે શતકોના સરળાર્થને સમજવામાં કઠિણતા નડવા પામે નહીં તથા કોઈક સ્થળે મૂળ અને ટીકાને અવલંબીને કે તેના ભાવ જાણીને પ્રશ્નોત્તરો ખોલ્યા છે, વધાર્યા છે, સંસ્કાર્યા છે. જેનો ખ્યાલ વાંચવાથી જ આવી શકશે.

આ પ્રસ્તુત ગ્રંથમાં પચ્ચીસમાં શતકને વિસ્તૃત કરતાં મને ઘણો જ આત્માનુભવ થયો છે, જે મારા માટે આશીર્વાદ સમાન બન્યો છે, તેમજ ૩૬૦ પ્રતિપક્ષી (પાખંડી)ઓ સાથે પણ બહુ જ મળી ગયો છું તેમ વાંચકોને લાગ્યા વિના નહીં રહે. મારો આત્મા કહે છે કે પ્રતિપક્ષી–પ્રતિવાદીને સમજ્યા

વિના સ્વતત્ત્વ સમજવું સરળ નથી હોતું. ત્યારે જ તો મહાપુરૂષો પણ કહી ગયા છે, 'હે પ્રભો! તમારા યથાર્થવાદને સમજવા માટે પૂર્વભૂમિકા રૂપે ઇશ્વરવાદ, ક્ષણિકવાદ, નાસ્તિકવાદ, મિથ્યાવાદ, જગત્કર્તૃત્વવાદ આદિવાદોની પરંપરા જ સહાયક બનવા પામી છે અન્યથા યથાર્થવાદને સમજવો હરહાલતમાં પણ બચ્ચાઓનો ખેલ નથી. પરમદયાળુ તીર્થંકર દેવોના અતિશયોનું વર્ણન કરતાં મને અનહદ આનંદ થયો છે. કોઈ પણ વિષયને મોઘમ, સંદિગ્ધ કે અધુરો રાખવાનો સ્વભાવ મારો ન હોવાથી અમુક અપવાદ છોડીને બધાય વિષયો યથામતિએ સ્પષ્ટ કરાયા છે. પુલકાદિ નિર્ગ્રંથોને તથા તપના મૂળ અને અવાંતર ભેદોને ખૂબ જ વિસ્તારથી વર્ણવ્યા છે. ઇત્યાદિ પ્રસંગોના વર્ણનમાં હું સર્વથા ઓતપ્રોત જ બનવા પામ્યો છું. તેનો આશય એટલો જ છે કે, આવનારા ભવોમાં પણ હું નાની ઉંમરમાં દીક્ષિત બનીને મારા આત્માને જ્ઞાનગંગામાં પવિત્ર કરી શકું.

સંઘના અત્યાગ્રહથી વિ. સં. ૨૦૩૫, ૨૦૩૬ના બે ચાતુર્માસો અંધેરી મુકામે ખૂબ જ ઉલ્લાસથી પૂર્ણ થયા. ટ્રસ્ટીઓ તથા ઉપાશ્રય સાનુકુળ હોવાથી આ પ્રસ્તુત ગ્રંથના લખાણનો પ્રારંભ અને અંત તથા બીજા ભાગનું હિન્દી પ્રકાશન પણ અહીં જ થયું છે. આ બંને ચોમાસા મારા માટે કર્મભૂમિ તરીકે હંમેશાના માટે મને ચિરસ્મરણીય રહેવા પામશે. સંઘના ટ્રસ્ટીઓની ઉદારતાથી આ ભાગનો તમામ ખર્ચ અંધેરીના જ્ઞાનખાતામાંથી થયો છે તે માટે સંઘના નાના મોટા ભાઈ–બહેનોને મારા ધન્યવાદ સાથે ધર્મલાભ છે.

ત્રિરંગી સમવસરણનો બ્લૉક પૂજ્યપાદ જૈનાચાર્ય ૧૦૦૮ દુર્લભસાગરસૂરીશ્વરજી મ. સા. તરફથી પ્રાપ્ત થતાં પુસ્તકનો

બાહ્યભાગ પણ સુંદરતમ બનવા પામ્યો છે.

પ્રેસના માલિક શ્રી ગીરધરલાલ શેઠનો તથા સમયે સમયે બીજા પ્રસંગોએ સહાયક થનારા મહાનુભાવોને શી રીતે ભૂલાય ?

મારૂં નિવેદન પૂર્ણ કરૂં તે પહેલા પરમદયાળુ પરમાત્માને મારી એક જ પ્રાર્થના છે કે—

एकेन्द्रियादिसंसारः प्राप्तो मयाऽप्यनेकशः ।
अधुना प्रार्थये देव ! न देयं तत्र जन्म मे ॥ १ ॥

ह्रासो भवतु मोहस्य मायायाः घातनं तथा ।
अनेक जन्म संस्काराः नश्यन्तु त्वत्प्रभावतः ॥ २ ॥

प्राप्नुयां शासनं जैनं वाणीं भागवतीं पुनः ।
चरणं देवदेवस्य भवान्तरेऽपि नैकशः ॥ ३ ॥

અંધેરી
શાંતાવાડી જૈન ઉપાશ્રય
સં. ૨૦૩૭ મહા વદ ૩
શનીવાર

પં. પૂર્ણાનંદવિજય
(કુમારશ્રમણ)



• ગ્રન્થ લેખક : ન્યા. વ્યા. કા. તીર્થ પંન્યાસશ્રી •



શ્રીમત્ પૂર્ણાનન્દવિજયજી મ. ( કુમાર શ્રમણ )
દીક્ષા : વિ. સં. ૧૯૯૪ માગશર શુદિ ૧૦, કરાંચી ( સિંધ )

ભગવતીસૂત્ર સાર-સંગ્રહ : ભાગ ચોથાની

# અનુક્રમણિકા


**શતક ૨૧, ૨૨, ૨૩** પેજ

પૂર્વભૂમિકા ૧

શાલિ આદિના મૂળમાં જીવો ક્યાંથી આવે છે ? ૬

**શતક ૨૪**

પૂર્વ ભૂમિકા ૧૬

નરકગતિના જીવો માટેની વિચારણા ૨૧

અસુરકુમારાદિ દેવોમાં જન્મ લેનારા કોણ ? ૨૪

પૃથ્વીકાયમાં જન્મ લેનારા કોણ ? ૨૬

અપ્કાયમાં ઉત્પાદ ૨૭

તેજસ્કાયમાં ઉત્પાદ ૨૭

વાયુકાયમાં ઉત્પાદ ૨૮

વનસ્પતિકાયમાં ઉત્પાદ ૨૮

એકેન્દ્રિય જીવોનો ઉત્પાદ ૨૯

પંચેન્દ્રિય તિર્યંચ ગતિમાં ઉત્પાદ ૨૯

મનુષ્યોમાં ઉત્પાદ ૩૦

**શતક ૨૫**

ઉપક્રમ

( શ્રેણિક રાજાની અને આજના સ્વતંત્ર ભારતની
રાજનીતિની વિચારણા ) ૩૨

યજ્ઞ કોને કહેવાય ? ૩૬

પેજ

લેશ્યાઓ માટેની વક્તવ્યતા ૪૦
જીવોના ભેદો કેટલા? ૪૧
જીવોમાં યોગનું અલ્પબહુત્વ કઈ રીતે છે? ૪૩
જૈન શાસનમાં જીવનું લક્ષણ ૪૫
એક સમયમાં ઉત્પન્ન થયેલા નારકો શું સમયોગી છે? ૪૭
યોગ કેટલા પ્રકારે છે? ૪૮
દ્રવ્યો કેટલા છે? અને તેના ભેદો કેટલા? ૫૨
જીવ દ્રવ્યના ભોગમાં અજીવો શું શીઘ્ર આવે છે? ૫૩
અસંખ્યાત લોકાકાશમાં અનંત દ્રવ્યો રહી શકે છે? ૫૪
ઔદારિક શરીરરૂપે સ્થિત કે અસ્થિત–
પુદ્ગલો ગ્રહણ થાય છે? ૫૪
સંસ્થાનો કેટલા પ્રકારે છે? ૫૬
શ્રેણિઓના પ્રકાર કેટલા છે? ૫૮
ગણિપિટક કેટલા પ્રકારે કહેવાયું છે? ૬૧
જીવોનું અલ્પબહુત્વ ૬૪
યુગ્મો કેટલા છે? ૬૫
જીવ અને અજીવના પર્યાયો કેટલા છે? ૬૭
આવલિકામાં સમયોની મર્યાદા કેટલી છે? ૬૯
નિગોદ કેટલા પ્રકારે છે? ૭૧
નિગ્રંથો કોણ? અને કેટલા પ્રકારે? ૭૨
ચારિત્ર મોહનીય કર્મની ભયાનકતા ૭૨
ચારિત્ર મોહનીયની નાટક લીલા ૭૪
પ્રજ્ઞાપના દ્વાર અને તેમની વક્તવ્યતા
(પુલાક, બકુશ, કુશીલ, નિર્ગ્રંથ તથા સ્નાતક
મુનિઓના દ્વારો વડે વિસ્તૃત વિચારણા) ૭૬થી૧૦૬

| શતક ૨૫-ઉદ્દેશો ૭ | પેજ |
|---|---|
| ઉપક્રમ | ૧૦૬ |
| સામાયિક સંયત | ૧૦૮ |
| આત્માનો ધર્મ કયો ? | ૧૦૮ |
| છેદોપ સ્થાપનીય ચારિત્ર | ૧૧૧ |
| પરિહારવિશુદ્ધ ચારિત્ર | ૧૧૧ |
| સૂક્ષ્મ સંપરાય ચારિત્ર | ૧૧૨ |
| યથાખ્યાત ચારિત્ર | |
| ( ૩૬ દ્વારો વડે સંયતોની વ્યાખ્યા છે. ) | ૧૧૨ |
| સંયતોની પ્રતિસેવનાદિ | ૧૨૦ |
| પ્રતિસેવનાના પ્રકારો કેટલા કહ્યાં છે ? | ૧૨૨ |
| દર્પની જુદી જુદી વ્યાખ્યાઓ | ૧૨૨ |
| આલોચના સમયે સેવાતા દશ દોષો | ૧૨૮ |
| ખરી આલોચના કોણ કરી શકે ? | ૧૩૦થી૧૪૩ |
| આલોચના આપનાર ગુરૂ કેવા હોવા જોઈએ. | ૧૪૩ |
| સાધુ સમાચારી કેટલા પ્રકારે કહી છે ? | ૧૪૫ |
| પ્રાયશ્ચિત કેટલા પ્રકારે કહેવાયું છે ? | ૧૪૮ થી ૧૫૭ |
| તપના મૂળ તથા અવાંતર ભેદો કેટલા ? | ૧૫૮ થી ૨૨૯ |
| ( બારે પ્રકારના તપનું વિસ્તૃત વ્યાખ્યાન પછી ધ્યાનના ભેદો નીચે પ્રમાણે જાણવા ) | |
| ધ્યાન આભ્યંતર તપ | ૧૮૦ |
| આર્તધ્યાન | ૧૮૦ |
| રૌદ્રધ્યાન | ૧૮૫ |
| માનવાવતારમાં રાક્ષસ હોતા હશે ? | ૧૮૯ |
| રાવણ કોણ હતો ? | ૧૯૦ |
| ત્યારે રાક્ષસ કોણ ? | ૧૯૧ |

| | પેજ |
|---|---|
| વેદને જૈનો શા માટે નથી માનતા | ૧૯૩ |
| રૌદ્રધ્યાન કેવી રીતે ઓળખાય? | ૧૯૫ |
| ધર્મધ્યાન | ૧૯૭ |
| શરીરની શુદ્ધિમાં આત્માની શુદ્ધિ કેમ નથી | ૨૦૧ |
| ધર્મધ્યાનના લક્ષણો કેટલા છે? અને કયાં છે? | ૨૦૭ |
| ધર્મધ્યાનનું આલંબન શું છે? | ૨૧૨ |
| ધર્મની અનુપ્રેક્ષા કેટલી છે? | ૨૧૩ |
| ત્રણે ધ્યાનના માલિક કોણ કોણ? | ૨૧૫ |
| આર્તધ્યાનના માલિક કોણ? | ૨૧૭ |
| રૌદ્રધ્યાનના માલિક કોણ? | ૨૧૮ |
| ધર્મધ્યાનના માલિક કોણ? | ૨૨૦ |
| શુક્લધ્યાનની દુર્લભતા શા માટે? | ૨૨૦ |
| શુક્લધ્યાનના ભેદો કેટલા? | ૨૨૧ |
| વ્યુત્સર્ગ નામે આભ્યંતર તપ એટલે શું? | ૨૨૮ |
| ભાવવ્યુત્સર્ગ કેટલા પ્રકારે છે? | ૨૨૯ |
| નારકો નરક ગતિમાં કેવી રીતે ઉત્પન્ન થાય? | ૨૩૦ |
| જીવોનું ગત્યંતર શી રીતે થાય? | ૨૩૧ |

## શતક ૨૬

| | |
|---|---|
| પ્રારભ્યતે | ૨૩૬ |
| શું જ્ઞાનાવરણીયાદિ કર્મો વર્તમાનમાં બંધાય છે? (વિવેચન ખૂબ જ સુંદર છે) | ૨૩૭ |
| અનંતરોપપપન્નક જીવો માટે | ૨૪૨ |
| પરંપરોપપન્નક જીવો માટે | ૨૪૩ |
| અનંતરાવગાઢ અને પરંપરાવગાઢ જીવો માટે | ૨૪૩ |
| અનંતર આહારક અને પરંપર આહારક માટે | ૨૪૬ |

પેજ

અનંતર પર્યાપ્તક અને પરંપર પર્યાપ્તક માટે ૨૪૬
ચરમ અને અચરમ જીવો માટે ૨૪૭

**શતક ૨૮**

જીવોએ કઈ ગતિમાં પાપકર્મોને ઉપાર્જન કર્યા હતાં? ૨૫૦

**શતક ૨૯**

પ્રશ્નોત્તરની પૂર્વભૂમિકા ૨૫૪
પ્રશ્નોનો આશય ૨૫૬
અનંતરોપપન્નક નારક બે પ્રકારના છે ૨૬૦

**શતક ૩૦**

શતકનો ઉપક્રમ ૨૬૧ થી ૩૧૨
( ૩૬૩ વાદીઓની ખૂબ વિસ્તારથી ચર્ચા )
ક્રિયાવાદીઓના મુખ્ય પ્રવર્તકો અને અખાડાઓ ૨૬૩
અક્રિયાવાદી ૨૬૫
ક્રિયાવાદી એટલે શું ? ૨૬૭
તેમના ૧૮૦ ભેદ શી રીતે પડ્યાં ? ૨૬૯
જીવાદિ તત્ત્વો કાળકૃત છે ૨૭૨
જીવાદિ તત્ત્વો નિયતિકૃત છે ૨૭૩
જીવાદિ તત્ત્વો સ્વભાવકૃત છે ૨૭૪
ઈશ્વરકૃત ૨૭૪
આત્મકૃત ૨૭૫
અજ્ઞાનવાદીઓ એટલે શું ? ૨૭૮
વૈનયિક એટલે શું ? ૨૭૯
જીવો શું ક્રિયાવાદીને માનનારા છે ? ૨૮૨

| | પેજ |
|---|---|
| ચારે ગતિના જીવો કઇ ગતિનું આયુષ્ય બાંધશે ? | ૨૮૩ |
| પ્રસ્તુત પ્રશ્નોની પશ્ચાદ્‌ભૂમિકા | |
| ( મહાવીરસ્વામી અને તેમનો સ્યાદ્વાદ ) | ૨૮૭ |
| એકાંત નિત્યમાં રહેલા દૂષણો | ૨૯૫ |
| જૈન શાસનની દૃષ્ટિએ દ્રવ્યોની વક્તવ્યતા | ૨૯૬ |
| એકાંત અનિત્યમાં દૂષણો | ૩૦૨ |
| દેવાધિદેવનું છેલ્લું ઉદ્‌બોધન | ૩૦૭ |

**શતક ૩૧**

| | |
|---|---|
| ક્ષુદ્રકૃત યુગ્માદિ પ્રકારે નારકોનું વર્ણન | ૩૧૩ |
| ક્ષુદ્રકૃત યુગ્મ નારકો કયાંથી આવીને ઉત્પન્ન થાય ? | ૩૧૫ |
| તિર્યંચો અને મનુષ્યો જ નરકમાં શા માટે ઉત્પન્ન થાય છે ? | ૩૧૫ |
| જીવોને માટે નરકભૂમિઓ નિયત કેમ ? | ૩૧૭ |
| પરિણામો જ કર્મબંધનમાં વૈચિત્ર્ય લાવનાર છે. | ૩૧૯ |
| તો પછી સ્ત્રીને મોક્ષ કેવી રીતે મળશે ? | ૩૨૪ |

**શતક ૩૩**

| | |
|---|---|
| ઉપક્રમ | |
| (જૈન મુનિઓ જ પૂર્ણ અહિંસક છે. તેની વ્યાખ્યાઓ) | ૩૩૦ |
| એકેન્દ્રિય જીવોના ભેદાનુભેદો | ૩૩૪ |
| જીવોને જાણવા માટેના પ્રકારો | |
| ( નિક્ષેપાદિ નવદ્વારોથી ચર્ચા ) | ૩૪૦ થી ૩૫૫ |
| અપ્‌કાય માટેની વક્તવ્યતા | ૩૪૯ |
| તેજસ્કાય માટેની વક્તવ્યતા | ૩૫૧ |
| વાયુકાય માટેની વક્તવ્યતા | ૩૫૧ |
| વનસ્પિતિકાય માટેની વક્તવ્યતા | ૩૫૨ |
| ત્યારે વનસ્પતિનો ઉપયોગ શી રીતે કરીશું ? | ૩૫૫ |

## શતક ૩૪


| | પેજ |
|---|---|
| ઉપક્રમ | ૩૬૦ થી ૩૬૧ |
| છદ્મસ્થ એટલે શું ? | ૩૬૧ |
| અતિશય એટલે શું ? | |
| ( ૩૪ અતિશયોનું વિશદવર્ણન ) | ૩૬૪ |
| ચાર અતિશય મૂળના | ૩૬૫ |
| ઓગણીશ દેવના કીધ | ૩૬૭ |
| જીવોનું સ્થળાંતર કેવી રીતે થશે ? | ૩૭૭ |
| પૃથ્વીકાયિકોની વક્તવ્યતા | ૩૭૯ |
| અપ્કાયિકો માટેની વક્તવ્યતા | ૩૮૦ |
| અગ્નિકાયિકો માટેની વક્તવ્યતા | ૩૮૧ |
| વનસ્પતિકાયિકોની વક્તવ્યતા | ૩૮૨ |
| પૃથ્વીકાયિક જીવોના સ્થાનો ક્યાં છે ? | ૩૮૯ |
| અપ્કાયિક જીવોના સ્વસ્થાનો | ૩૯૦ |
| અગ્નિ-વાયુ અને વનસ્પતિના સ્વસ્થાનો | ૩૯૩ |
| એકેન્દ્રિયોને કર્મ પ્રકૃતિઓ કેટલી હોય છે ? | ૩૯૪ |
| આ જીવો કેટલી કર્મ પ્રકૃતિઓને બાંધે ? | ૩૯૪ |
| સંયમ અને અસંયમ એટલે શું ? | ૩૯૫ |
| પૃથ્વીકાયિક જીવો કેટલી પ્રકૃતિઓના વેદક છે ? | ૩૯૯ |
| કઈ કઈ ગતિના જીવો એકેન્દ્રિયત્વ પ્રાપ્ત કરે છે ? | ૪૦૩ |
| તેમને સમુદ્ઘાતો કેટલા ? | ૪૦૪ |
| એકેન્દ્રિયોને કર્મબંધનની વિશેષ વક્તવ્યતા | ૪૦૪ |
| અનંતરોપપન્નક એકેન્દ્રિયોની વક્તવ્યતા | ૪૦૬ |
| પરંપરોપપન્નક એકેન્દ્રિયોની વક્તવ્યતા | ૪૦૮ |


## શતક ૩૫


| | |
|---|---|
| કૃતયુગ્માદિ રાશિ રૂપે એકેન્દ્રિયોની વક્તવ્યતા | ૪૧૨ |

| | પેજ |
|---|---|
| આ જીવો કઈ ગતિમાંથી આવે છે? | ૪૧૪ |
| અનંતરોપપન્નક એકેન્દ્રિયોની વક્તવ્યતા | ૪૧૭ |
| **શતક ૩૬** | |
| એકેન્દ્રિય જીવોની રાશિરૂપે વક્તવ્યતા | ૪૨૨ |
| તેઇન્દ્રિય જીવોની વક્તવ્યતા | ૪૨૫ |
| **શતક ૩૯** | |
| અસંજ્ઞી પંચેન્દ્રિય માટેની વક્તવ્યતા (તેમની હિંસા તથા અહિંસાની ચર્ચા) | ૪૩૦ |
| ભારતદેશની સ્વતંત્રતાના બેહાલ (જેમાં હુંડીઆમણના પાપે શું નથી થયું ? તેની ચર્ચા છે) | ૪૩૩ |
| અસંજ્ઞી એટલે શું ? | ૪૩૯ |
| **શતક ૪૦** | |
| કૃતયુગ્મ કૃતયુગ્મ સંજ્ઞી પંચેન્દ્રિયોની વક્તવ્યતા | ૪૪૪ |
| દીર્ઘકાલિકી સંજ્ઞા | ૪૪૫ |
| દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા | ૪૪૬ |
| પંચેન્દ્રિય જીવો શું કર્મોના બંધક છે? | ૪૪૭ |
| મોહકર્મની તીવ્રતા કેટલી ? | ૪૫૦ થી ૪૬૨ |
| મિથ્યાત્વ-મિથ્યાત્વી | ૪૬૨ |
| વ્યકૃત્વ મિથ્યાત્વ ચાર પ્રકારે છે? | ૪૬૩ |
| સમ્યક્ત્વ અને સમ્યક્ત્વી | ૪૬૪ |
| સંજ્ઞી પંચેન્દ્રિય જીવો જ્ઞાની છે? અજ્ઞાની છે? | ૪૬૫ |
| આત્માનો કુટુંબ પરિવાર કયો ? | ૪૬૭ |

| | પેજ |
| --- | --- |
| સમ્યગ્દષ્ટિ આત્માનો પરિવાર | ૪૬૮ |
| મિથ્યાત્વી આત્માનું કુટુંબ | ૪૭૧ |
| આ જીવોને યોગ કેટલા પ્રકારે કહ્યો છે? | ૪૭૪ |
| સંજ્ઞી પંચેન્દ્રિય જીવો વિરત, અવિરત, વિરતાવિરત છે? | ૪૭૮ |
| આ જીવો આહારાદિ સંજ્ઞાના ઉપયોગવાળા છે? | ૪૭૯ |
| પુરૂષવેદ કર્મ બાંધવાનું કર્મ | ૪૮૧ |
| સ્ત્રીવેદ કર્મ બાંધવાના લક્ષણો | ૪૮૪ |
| નપુંસકવેદ કર્મ બાંધવાના લક્ષણો | ૪૮૮ |
| સમ્યક્ત્વનો જબરદસ્ત પ્રભાવ | ૪૯૩ |
| શતકનો ઉપક્રમ | ૪૯૯ |
| રાશિ યુગ્મોની ચર્ચા | ૫૦૬ |
| કૃતયુગ્મ નારકો નરકમાં ક્યાંથી આવે છે? | ૫૦૬ |
| કેટલી સંખ્યામાં જીવો નરકમાં જાય? | ૫૦૭ |
| ઉત્પત્તિમાં અવિરત શા માટે? | ૫૦૯ |
| અવિરત જીવો લેશ્યાવાળા હોય છે? | ૫૧૪ |
| શતકની પશ્ચાદ્ભૂમિકા અને ગૌતમસ્વામીનું અંતેવાસિત્વ | ૫૧૬ |
| ભગવતી સૂત્રમાં શતકોની સંખ્યા કેટલી? | ૫૨૬ |
| પ્રસ્તુત ગ્રંથમાં પદોની સંખ્યા કેટલી? | ૫૨૭ |
| સંઘ સમુદ્રનો જય હો | ૫૩૦ |
| ગૌતમાદિ ગણધરોને વન્દના | ૫૩૧ |
| ગૌતમસ્વામીજી | ૫૩૨ |
| વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ(ભગવતી)ને વંદના | ૫૩૭ |
| વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ એટલે? | ૫૪૦ |

| | |
|---|---|
| | પેજ |
| દ્વાદશાંગ ગણિપિટકને નમસ્કાર | ૫૪૩ |
| શ્રુતદેવી મારા મતિઅજ્ઞાનને નાશ કરનાર થાઓ | ૫૪૮ |
| જ્ઞાનાવરણીય કર્મનો નાશ કરનાર કોણ ? | ૫૫૧ |
| પુસ્તકોમાં લખેલા અક્ષરો શું જડ ન કહેવાય ? | ૫૫૨ |
| યોગોદ્વહન માટે અન્તેવાસિત્વ જરૂરી છે | ૫૫૭ |
| પ્રશસ્તિ | ૫૬૧ |
| અભિપ્રાયો | ૫૬૨ થી ૫૭૨ |

# શુદ્ધિ પત્રક

| પેજ | લાઈન | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૩ | ૨૪ | સંસારનો | સંસારના |
| ૩ | ૨૫ | દ્રવ્ય | દ્રવ્યને |
| ૪૯ | ૧૬ | આત્મામાં જ | આત્મામાં જે |
| ૫૦ | ૧૩ | સત્પૂર્ણ | સત્યપૂર્ણ |
| ૫૮ | ૫ | કેવળજ્ઞાન | કેવળજ્ઞાની |
| ૬૩ | ૨૨ | कदी | कदा |
| ૬૩ | ૨૩ | ડય | ડયમ્ |
| ૬૭ | ૧૯ | પ્રમાણે લખ્યા | લખ્યા પ્રમાણે |
| ૬૯ | ૪ | અસંખ્યાત | સંખ્યાત |
| ૬૯ | ૫ | વાળો | વાળા |
| ૭૭ | ૧૩ | પાંચ ભે | પાંચ ભેદો |
| ૮૦ | ૨૧ | વળ | પરંતુ |
| ૮૪ | ૧૬ | વીત્ત | વીત |
| ૧૦૧ | ૧૮ | ટયું | ટક્યું |
| ૧૧૧ | ૧૯ | ધમ | ધર્મ |
| ૧૧૩ | ૭ | ક્ષય | ક્ષયોપશમ |
| ૧૧૭ | ૧૩ | સંપદ્ર | સંપદ્ |
| ૧૨૦ | ૧ | ખ્યાતને | ખ્યાત |
| ૧૨૨ | ૧૮ | કહ્યાં | કહ્યો |
| ૧૨૩ | ૯ | દેહદપ્ત | દેહદપ્ત |
| ૧૩૧ | ૩ | પિતાની | માતાની |
| ૧૩૧ | ૬ | તેવા | તેવી |
| ૧૩૧ | ૬ | પિતાથી | માતાથી |

| પેજ | લાઈન | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧૩૧ | ૧૪ | પોતાની માતા(Mother) | પોતાના પિતા(Father) |
| ૧૩૧ | ૧૫ | પતિવ્રત | પત્નીવ્રત |
| ૧૩૧ | ૧૩ | તેવી માતાની કુક્ષિથી | તેવા પિતાના ઘરે |
| ૧૩૧ | ૧૫ | જાતિ | કુળ |
| ૧૩૧ | ૧૫ | કુલ | જાતિ |
| ૧૩૩ | ૮ | અંધકારરૂપી | અજ્ઞાનરૂપી |
| ૧૪૫ | ૧ | સાવી | સ્રાવી |
| ૧૫૦ | ૩ | ૨૪ | ૨૭ |
| ૧૫૪ | ૯ | રહ્યુ | રહ્યાં |
| ૧૫૪ | ૧૮ | પદ્દોના | પદોના |
| ૧૭૪ | ૧૯ | આદ | આદિ |
| ૧૭૪ | ૨૪ | વ્યાધ | વ્યાધિ |
| ૧૭૬ | ૫ | જેમકે | તેમ |
| ૧૮૪ | ૭ | અતરય | અંતરાય |
| ૧૮૪ | ૧૭ | હાય | હાય |
| ૧૮૪ | ૨૫ | સ્વાદને | સ્વાદના |
| ૧૮૫ | ૧૩ | રૌદ્ર | રૌદ |
| ૧૮૭ | ૧૯ | મહાદ્દિ | મહાહિ |
| ૧૯૦ | ૧૧ | હતો જ | હતો, જે |
| ૧૯૮ | ૧૩ | માક્ષાય | મોક્ષાય |
| ૧૯૯ | ૯ | ધર્મમાં | ધર્મ |
| ૨૦૦ | ૧૮ | પરમાત્માઓની | પરમાત્માઓના |
| ૨૨૬ | ૫ | સામાન્ય | તીર્થંકર |
| ૨૩૮ | ૪ | દ્રવ્યનયની | દ્રવ્યત્વની |
| ૨૪૦ | ૧૩ | અને | આ |

| પેજ | લાઈન | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૨૫૪ | ૨૨ | શકર | શંકર |
| ૨૫૫ | ૨૪ | હુંદ્દણ | દદ્દણ |
| ૨૫૬ | ૨૪ | પ્રશ્નોના | પ્રશ્નોનો |
| ૨૬૫ | ૮ | ૧૧ | ૧૨ |
| ૨૬૭ | ૨ | કરનારા | ફરનારા |
| ૨૬૭ | ૧૯ | તો તે | તો, તે |
| ૨૮૮ | ૧૫ | મહાધીશો | મઠાધીશો |
| ૨૯૨ | ૧૫ | સંવાદ | • |
| ૩૦૨ | ૨૪ | ક્ષિણવનશ્વ | ક્ષણવિનશ્વર |
| ૩૧૩ | ૬ | કલ્પોજ | કલ્યોજ |
| ૩૧૬ | ૪ | स्वर्गवीश्वम्नंवो | स्वर्गं वा श्वभ वा |
| ૩૧૭ | ૭ | ક્ષુદ્દદ્દાર | ક્ષુદ્દદ્દાપર |
| ૩૧૭ | ૯ | કલ્પો | કલ્યો |
| ૩૫૭ | ૨૬ | મેસુબ | ઘેવર |
| ૩૭૫ | ૧૭ | બાદર | અપર્યાપ્ત |
| ૪૦૪ | ૨ | બીજાને | બીજાના |
| ૪૦૬ | ૮ | જીવે | જીવો |
| ૪૦૬ | ૧૧ | ચોથ | ચોથા |
| ૪૧૪ | ૨ | ગતિમાં | ગતિમાંથી |
| ૪૧૪ | ૬ | તિર્યંચગતિમાં | તિર્યંચગતિમાંથી |
| ૪૧૪ | ૧૯ | શકય | શકયો |
| ૪૧૫ | ૧૪ | વના | વિના |
| ૪૩૪ | ૧૦ | કુદરતા | કુદરત |
| ૪૫૨ | ૯ | अनतान् | अनंतान् |
| ૪૫૨ | ૧૦ | बधिनः | बंधिनः |

| પેજ | લાઈન | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૪૫૪ | ૧૯ | સંચિત | સંયમિત |
| ૪૫૮ | ૧૦ | ઉદ્દય | ઉદ્દિત |
| ૪૭૩ | ૨૪ | કુતો | કુદતો |
| ૪૭૪ | ૨૫ | આદારિક | ઔદારિક |
| ૪૭૮ | ૫ | ધાતુના | ધાતુને |
| ૫૨૧ | ૧ | अभिवाद | अभिवादनम् |
| ૫૨૨ | ૮ | प्रखत्वे | प्रहृवत्वे |
| ૫૨૪ | ૧ | આત્માને તે | આત્માને તો |
| ૫૨૪ | ૧૮ | આપશ્રીજી | આપશ્રીને |
| ૫૨૫ | ૧૦ | ઋણાનુબધને | ઋણાનુબંધને |
| ૫૨૫ | ૧૩ | આપશ્રી | ૦ |
| ૫૨૫ | ૧૫ | આપશ્રી | આપશ્રીની |
| ૫૨૬ | ૩ | સંસારના | સંસારની |
| ૫૩૧ | ૧૬ | અતેવાસી | અંતેવાસી |
| ૫૩૩ | ૨૫ | હતાશ | હતાશા |
| ૫૫૭ | ૧૯ | લેવી | લેવા |
| ૫૫૮ | ૧૭ | ગેલીકર્મ | માનકર્મ |
| ૫૫૯ | ૮ | બને | બનીને |
| ૫૬૧ | ૨૧ | સમીહિતે | સમીહિતં |
| ૫૭૨ | ૯ | પાંચમો | ચોથો |



જ્ઞાનલક્ષ્મીનિધાન શ્રી ગૌતમસ્વામીને નમઃ

નમો નમઃ શ્રી પ્રભુ ધર્મસૂરયે

# શ્રી ભગવતીસૂત્ર સાર સંગ્રહ

## ભાગ — ચોથો

### પૂર્વ ભૂમિકા :

દેવોની અલકાપુરી કે અમરાવતી સાથે સ્પર્ધા કરનારી મગધ દેશના રાજધાનીપદને શોભાવનારી ઇતિહાસ પ્રસિદ્ધ 'રાજગૃહી' નામની નગરી હતી. ગ્રામાનુગ્રામ વિહાર કરતા અને પોતાના ચરણકમળથી પૃથ્વીતલને પાવન કરનારા, દેવાધિદેવ, ચરમ તીર્થંકર, મહાવીરસ્વામી તે નગરીમાં પધાર્યા અને દેવોએ સમવસરણની રચના કરી, પૂર્વાભિમુખ ભગવંતના ચરણોમાં બાર પર્ષદા બેઠી છે. જેમાં મગધ દેશાધિપતિ, આવનારી ચોવીસીમાં તીર્થંકર થવાની લાયકાત ધરાવનારા શ્રેણિક મહારાજા બેઠા હતાં. અનેક ભાગ્યશાલિઓને જૈન શાસનના દ્વાર દેખાડનાર મગધદેશના મહામંત્રી શ્રી અભયકુમાર પણ વિનયાવનત થઈ યોગ્ય સ્થાને બેસી ગયા હતાં. સતીત્વ ધર્મ મૂર્દ્ધન્યા, અહિંસા-સંયમ અને તપ સ્વરૂપ જૈનશાસનના રંગે રંગાયેલી ચેલ્લણા રાણી બેઠા હતાં ત્યારે ગણધર પર્ષદામાં ભાવદયાના ભરેલા અને સૌ કોઇને સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ થાય તે માટે પરમાત્માને જૂદા જૂદા પ્રશ્નો પૂછનારા ૪૮ લબ્ધિઓના માલિક શ્રી ગૌતમસ્વામીજી આદિ ગણધરો બિરાજમાન

હતાં ત્યારે તે બાજુ લક્ષ્મીદેવીના લાડકવાયા શ્રી ધન્નાજી, શાલીભદ્રજી તથા પતિતકૂળમાં જન્મેલા, પંચ મહાવ્રતોથી દેદીપ્યમાન મેતારજમુનિ અને દલિતકૂળમાં જન્મ લેનારા શ્રા હરિકેશી મુનિરાજ મુનિધર્મમાં પૂર્ણરૂપે મસ્ત બનીને સમવસરણમાં શોભી રહ્યાં હતાં.

તે કાળે તે સમયે સમવસરણમાં બિરાજમાન થયેલા ભગવંત મહાવીરસ્વામીએ ફરમાવ્યું કે, હે ભાગ્યશાલિઓ! તમે સૌ તમારા જીવનમાં નવા નવા તત્વજ્ઞાનની પ્રાપ્તિ અર્થે હંમેશા જાગૃત રહેજો. કારણ કે સમ્યગ્જ્ઞાન જ આત્માની અમોઘશક્તિ હોવાથી અનાદિકાળથી સ્થાન જમાવીને બેઠેલા કામ, ક્રોધ, મદ, માયા, લોભ અને રાગદ્વેષાદિ અંતરંગ શત્રુઓની શક્તિ કમજોર પડશે અને તમારો આત્મા પોતાની અનંત શક્તિઓનો વિકાસ સાધતો આગળ ને આગળ વધશે. સાચો આત્મજ્ઞાની પ્રત્યેક દ્રવ્યો, ગુણો અને પર્યાયોનું યથાર્થ જ્ઞાન મેળવવાને માટે પ્રયત્ન કરે છે; કેમ કે, એકેય દ્રવ્ય, ગુણ તથા પર્યાય વિનાનો નથી તેમ ગુણ અને પર્યાયો દ્રવ્યથી અતિરિક્ત બીજે કયાંય રહી શકતા નથી. ગુણો દ્રવ્યના સહભાવી અને પર્યાયો ક્રમ ભાવી હોવાથી તારતમ્ય ભાવે ગુણો ઓછાવત્તા થઇ શકે છે જ્યારે પર્યાયોનો રૂપાંતર થતાં તે તે પર્યાયોના નામે દ્રવ્ય સંબોધાય છે, જેમ કે વનસ્પતિ દ્રવ્ય છે માટે લીમડા, આંબા, બાવળીયા, કમળ, ભાજીપાલા, શેવાળ આદિના પર્યાયોને છોડી બીજે કયાંય રહેતો નથી.

સુવર્ણ પણ બંગડી, વીંટી, કંદોરો, લગડી આદિ બીજા અસંખ્ય પર્યાયોમાં વિદ્યમાન હોય છે.

ખેતરમાં થતું 'રૂ' પણ ધોતી, ખમીસ, રૂમાલ, પેન્ટ, ગંજીફરાક આદિ પર્યાયોને લઈ તેની ઉપયોગિતા છે.

આકાશ જડ દ્રવ્ય હોવા છતાં પણ ઘટાકાશ, પટાકાશ આદિના પર્યાયોથી જ જાણી શકાય છે.

અને પરમાત્મા જેવો પરમાત્મા પણ સાકાર, નિરાકાર, સગુણ, નિર્ગુણ આદિ ગુણ પર્યાયોને કારણે સૌને માટે પૂજનીય, વંદનીય અને દર્શનીય બનવા પામે છે.

તેવી રીતે માનવ, બાળ, યુવા, વૃદ્ધ. દેવ, દેવી, ગાય, હાથી, બળદ, કબૂતર, કીડી, ઈયળ, માખી, મચ્છર, સર્પ, વિંછુ આદિ અનંતાનંત શરીર પર્યાયોને જાણ્યા વિના એકલા જીવદ્રવ્યને તમે ગોતતાં ગોતતાં અનંત ભવો કરીને થાકી જશો તો પણ કયાંય જોઇ શકો તેમ નથી. આ કારણે જ કોઇપણ દ્રવ્ય, તત્ત્વ કે પદાર્થ માત્રનું યથાર્થ જ્ઞાન મેળવવાને માટે તેના ગુણ પર્યાયોનું સર્વાંગીણ જ્ઞાન મૌલિક કારણ છે, તે વિના કોઈનું પણ વિપરીત જ્ઞાન–સંશયજ્ઞાન કે અજ્ઞાન મટવાનું નથી.

હે ગૌતમ! અનંત સંસારમાં દ્રવ્યો, સ્કંધો, પરમાણુઓ, જીવાત્માઓ તેમના કર્મો અને શુભાશુભ કર્મોના ભોગવટાઓ પણ અનંત છે. જેને ચર્મચક્ષુનો માલિક છદ્મસ્થ કોઇ કાળે જાણી શકવાનો નથી, કેમ કે આત્માની અનંતજ્ઞાન તથા દર્શનની શક્તિને અવરોધનારા જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અંતરાય અને મોહનીય કર્મોરૂપી ઘાતીકર્મો આત્માના એક એક પ્રદેશમાં પોતાની સત્તા જમાવીને બેઠા છે. કેવળજ્ઞાનની ભૂમિકાને પ્રાપ્ત કરેલો મહામાનવ જ યથાખ્યાત ચારિત્રવડે તે કર્મોને નિર્મૂળ કરે છે અને કેવળજ્ઞાનનો માલિક બને છે. જે આત્માનો મૂળ ખજાનો છે તે વડે જ સંસારનો પ્રત્યેક દ્રવ્ય પોતાના મૂળ સ્વભાવે યથાર્થ જાણી અને બીજાને

જણાવી શકાય છે. માટે તેનાથી અતિરિક્ત બીજું એકેય જ્ઞાન શુદ્ધ પૂર્ણ અને ચિરસ્થાયી નથી; માટે અનંતજ્ઞેય પદાર્થોને પ્રત્યક્ષ કરનારા કેવળી ભગવંતો જ દેવાધિદેવ છે, તીર્થંકર છે અને સર્વજ્ઞ છે. તેથી તેમના નિગ્રન્થ પ્રવચન પર શ્રદ્ધા રાખવી શ્રેયસ્કર છે.

બધાય શાસ્ત્રોનો અભ્યાસ કર્યા પછી નિષ્પક્ષ દૃષ્ટિએ કહેવું પડશે કે અરિહંતોના શ્રીમુખે પ્રકાશિત દ્વાદશાંગી જ સર્વશ્રેષ્ઠ આગમ છે. જેમાં સ્વર્ગ, નરક, તેમના આવાસો, વિમાનો, નિગોદથી લઇ ઇન્દ્ર સુધીના અનંત જીવો, તેમના કર્મો, ગતિઓ, આગતિઓ, સંસારનું પરિભ્રમણ ઉપરાંત પૃથ્વીકાયિકો, અપ્કાયિકો, અગ્નિકાયિકો, વાયુકાયિકો, વનસ્પતિ-કાયિકો અને ત્રસકાયિકોનું સ્પષ્ટ–વિશદ અને સાંગોપાંગ જ્ઞાન જોવા મળે છે. વનસ્પતિના મૂળમાં, સ્કંધમાં, છાલમાં, પુષ્પમાં અને ફળમાં કયો જીવ કયાંથી આવે છે? કયાં જશે? કેટલી સંખ્યામાં જીવો ત્યાં વિદ્યમાન છે? આ બધાયનું જ્ઞાન દ્વાદશાંગીમાં સ્પષ્ટ આલેખાયેલ છે. કદાચ કોઇ કહે કે–નરકના કીડા કે દેવલોકના વિમાનોનું જ્ઞાન જરૂરી ન હોવાથી તેની જાણકારીની શી આવશ્યકતા છે? કેવળ જરૂર પૂરતું જ જ્ઞાન થાય તે જરૂરી છે. પરંતુ તેમનું કહેવું યથાર્થ નથી કેમકે આપણો જીવ પૂર્વભવમાં અનંત ભવો કરી ચૂકયો છે. જ્યાં બીજા અનંત જીવો સાથે રાગાત્મક કે દ્વેષાત્મક સંબંધોથી જોડાયેલો હોવાથી કયો જીવ કયારે સ્મૃતિમાં આવશે? અથવા તેની સાથે બાંધેલા શુભાશુભ કર્મો કયા સ્થાને, સમયે તથા કેવી સ્થિતિમાં ભોગવવાના રહેશે? તે પોતે જ જાણતો ન હોય તો બીજાને જણાવવામાં શી રીતે સમર્થ બનશે?

આ કારણે કેવળીના પ્રરૂપેલા આગમ જ શ્રુતજ્ઞાન છે.

તેમાં ભગવતી સૂત્ર બધાય સૂત્રોમાં બૃહત્કાય, દેવઅધિષ્ઠિત હોવાથી પૂજ્યતમ છે. દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ, ચરણ-કરણાનુયોગ અને કથાનુયોગના જ્ઞાનનો સાગર છે. ચાર જ્ઞાનના માલિક ગૌતમસ્વામીજી પ્રશ્ન પૂછનારા છે અને કેવળજ્ઞાનના માલિક ભગવંત મહાવીરસ્વામી ઉત્તરદાતા છે.

## શતક : ૨૧-૨૨-૨૩

આ ત્રણે શતકોનો વિષય તુલ્ય હોવાથી તેમને સમ્મિલિત કર્યા છે. આમાં શાલિ, વ્રીહિ, ઘઉં આદિના ક્રમશઃ આઠ, છ અને પાંચ વર્ગ છે અને પ્રત્યેક વર્ગના મૂળ, કંદ, સ્કંધ, ત્વચા, શાખા, પ્રવાલ, પાંદડાં, પુષ્પ, ફળ અને બીજ નામે દશ દશ ઉદ્દેશા છે, તેથી ૨૧મા શતકના ૮૦ ઉદ્દેશા, ૨૨મા શતકના ૬૦ ઉદ્દેશા અને ૨૩મા શતકના ૫૦ ઉદ્દેશા છે.

આ બધાઓમાં ૧૧મા શતકના પહેલા ઉદ્દેશામાં વર્ણવાયેલા 'ઉત્પલ'ની જેમ ઉત્પાદ, અપહાર, અવગાહના, કર્મબંધક, વેદક, ઉદય, ઉદીરક, લેશ્યા દષ્ટિ, જ્ઞાન, યોગ, ઉપયોગ, ગંધાદિવર્ણ, ઉચ્છ્વાસ, આહારક, અનાહારક, વિરતાવિરત, ક્રિયા, બંધ, સંજ્ઞા, કષાય, વેદ, વેદ બંધકત્વ, સંજ્ઞી-અસંજ્ઞી, ઇન્દ્રિય, સ્થિતિ, ગમનાગમન, આહાર, સ્થિતિ, સમુદ્ઘાત, સમવહત્વ ઉદ્વર્તના, અનેક કે અનંતવાર જન્મવું, આ પ્રમાણે ૩૩ પ્રકારે વિચાર કરવાનો છે. જે પ્રજ્ઞાપના સૂત્રમાં વ્યુત્ક્રાંતિ પદમાં સવિશેષ હોવાથી તેમજ આ પુસ્તકના બીજા ભાગમાં ૧૧મા શતકના પહેલા ઉદ્દેશામાં વિસ્તારથી ચર્ચાયેલો વિષય હોવાથી ત્યાંથી જ જાણી લેવા ભલામણ છે.

# શતક ૨૧ : ઉદ્દેશો-૧

## શાલિ આદિના મૂળમાં જીવો ક્યાંથી આવે છે?

હે પ્રભો! શાલિ-વ્રીહિ-ઘઉં અને જવધાન્ય વિશેષની વનસ્પતિના મૂળમાં ઉત્પન્ન થનારો જીવ કઇ ગતિમાંથી આવે છે? જવાબમાં ભગવંતે ફરમાવ્યું કે હે ગૌતમ! તેના મૂળમાં આવનારો જીવ તિર્યંચ અને મનુષ્ય ગતિમાંથી આવીને જન્મે છે. યદ્યપિ દેવલોકના ભોગ વિલાસોમાં ચકનાચૂર બનેલા દેવોને પણ વનસ્પતિકાયમાં જન્મ લેવાનું ભાગ્યમાં લખાયેલું છે. તો પણ તેઓ મૂળ, કંદ, સ્કંધ, ત્વચા, શાખા, પ્રવાલ (કુંપલ) અને પાંદડારૂપ વનસ્પતિના જઘન્ય સ્થાનોમાં જન્મતા નથી અને પુષ્પ, ફળ તથા બીજરૂપે જન્મ ધારણ કરે છે. સારાંશ કે તિર્યંચ અને મનુષ્ય ગતિના જીવોને વનસ્પતિકાયના દશે સ્થાનોમાં જન્મ લેવા માટે દ્વાર ઉઘાડા છે.

જઘન્યથી એક-બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા કે અસંખ્યાતા જીવો એક સમયે મૂળરૂપે જન્મે છે. ત્યાં એટલા બધા જીવો છે કે તેમનો અપહાર અસંખ્ય ઉત્સર્પિણી કે અવસર્પિણી સુધી પ્રતિસમય અસંખ્યાત-સંખ્યાતમાં કરવામાં આવે તો પણ બધાય જીવો ત્યાંથી બહાર કાઢી શકાતા નથી. તેઓની જઘન્ય અવગાહના અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટથી બેથી નવ ધનુષ્યની છે. જ્ઞાનાવરણીયાદિ કર્મોના બાંધનારા, વેદનારા અને ઉદીર્ણા કરનારા છે સારાંશ કે તેઓને

ચારે સંજ્ઞા હોવાથી પ્રતિસમયે નવા કર્મોને બાંધે છે, જૂના કર્મોને ભોગવે છે અને મિથ્યાત્વી હોવાથી તેઓની ઉદીર્ણા પણ કરે છે. મિથ્યાત્વની હાજરીમાં કષાય, અવિરતિ તથા પ્રમાદ હોવાથી કર્મોના બંધક, વેદક અને ઉદીરક છે. કૃષ્ણ લેશ્યા, નીલ લેશ્યા અને કાપોત લેશ્યા હોવાથી એક વચનની અપેક્ષાએ અસંયોગીરૂપે ત્રણ ભાંગા અને બહુવચનની અપેક્ષાએ બધાયે જીવો કાં તો કૃષ્ણ લેશ્યાવાળા કાં તો નીલ લેશ્યાવાળા અને કાપોત લેશ્યાવાળા હોય છે. જ્યારે દ્વિક સંયોગે ૧૨ ભાંગા આ પ્રમાણે છે: એક જીવ કૃષ્ણ લેશ્યાનો, બીજો નીલ લેશ્યાનો, એક કૃષ્ણ અને બીજા જીવો નીલ લેશ્યાના, ઘણા જીવો નીલના એક કૃષ્ણનો, બધાય નીલના અને સામેવાળા પણ નીલના. આ પદ્ધતિએ બીજી લેશ્યાથી પણ ભાંગાની પના કરવી.

ત્રિક સંયોગે આઠ પ્રકારે જાણવા ૧-૧-૧, ૧-૧-૩, ૧-૩-૧, ૧-૩-૩, ૩-૧-૧, ૩-૧-૩, ૩-૩-૧, ૩-૩-૩, તાત્પર્ય આ છે. એક જીવ કૃષ્ણનો, બીજો નીલનો અને ત્રીજો કાપોતનો જાણવો. બીજામાં કૃષ્ણ નીલમાં એક એક અને કાપોતમાં ઘણા જીવો જાણવા. આ પ્રમાણે ત્રણ, ચાર, પાંચ, છ, સાત અને આઠ ભાંગા પણ કલ્પી લેવા.

મૂળના જીવો મિથ્યાદૃષ્ટિ, અજ્ઞાની, કાયયોગી તથા બન્ને ઉપયોગના હોય છે.

જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી અસંખ્યાત કાળ સુધી ત્યાં રહે છે.

ગમનાગમન એટલે શાલિ-વ્રીહિનો ત્યાગ કરી બીજે

સ્થળે જઇ પાછો પોતાના મૂળ સ્થાને આવે તે ગમનાગમન જઘન્યથી બે ભવ અને ઉત્કૃષ્ટથી અસંખ્યાત ભવ સુધી જાણવું. શેષ આહાર, સમુદ્દ્ઘાત, ઉદ્વર્તના આદિ દ્વારો બીજા ભાગમાંથી જાણી લેવા. વિશેષમાં સર્વે જીવો, પ્રાણો, ભૂતો પૂર્વકાળમાં અનેક કે અનંતવાર શાલિ આદિના મૂળરૂપે ઉત્પન્ન થયા છે.

**પહેલા વર્ગનો ૧ લો ઉદ્દેશો પૂર્ણ**

આ પ્રમાણે કંદ, સ્કંધ, ત્વચા, શાખા, પ્રવાલ, પાંદડાનો એક એક ઉદ્દેશો મૂળની માફક જાણવું. કેવળ પુષ્પમાં દેવગતિનો જીવ અવતાર લે છે તથા કૃષ્ણ-નીલ-કાપોત અને તેજોલેશ્યા હોય છે. અવગાહના અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટથી ૨ થી ૯ અંગુલ જાણવી. ફળ અને બીજનો ઉદ્દેશો પુષ્પની જેમ જાણવો.

**મૂળાદિ ૧૦ ઉદ્દેશા સાથે પહેલો વર્ગ પૂર્ણ**

બીજા વર્ગમાં-કલાય (વટાણા) મસુર, તલ, મગ, અડદ, વાલ (ઝાલર) કલથી આલિસંદક (ધાન્ય વિશેષ) સહિત અને પલિમંથક (કાળા ચણા) ઇત્યાદિકના મૂળાદિ ૧૦ ઉદ્દેશાઓ પહેલા વર્ગની જેમ જાણવા.

ત્રીજા વર્ગમાં-અલસી, કુસુંબ, કોદ્રવ, કાંગ, રાલ, તુવેર, કોદુસ, સણ, સરસવ, મૂળક બીજ ઈત્યાદિના મૂળાદિ ૧૦ ઉદ્દેશા પહેલાની જેમ જાણવા.

ચોથા વર્ગમાં–વાંસ, વેણુ, કનક, કર્કાવંશ, ચારૂવંશ, દંડા કુડા, વિમા, ચંડા, વેણુકા અને કલ્યાણીના દશ ઉદ્દેશા પહેલાની જેમ જાણવા. વિશેષમાં આ વનસ્પતિઓમાં કોઈ સ્થળે પણ દેવોનો ઉત્પાદ નથી અને લેશ્યા ત્રણ હોય છે.

પાંચમા વર્ગમાં શેલડી ઇક્ષુવાટિકા, વીરણ, ઇક્કડ, ભમાસ સુંઠ, શર, નેતર, તિમિર, સતપોરગ અને નડ આદિ વનસ્પતિ-ઓમાં મૂળાદિ ૧૦ ઉદ્દેશા ચોથા વર્ગની જેમ જાણવા. વિશેષમાં સ્કંધાદેશકમાં દેવોનો ઉત્પાદ માન્ય હોવાથી લેશ્યા ચાર છે.

છઠ્ઠા વર્ગમાં સેડિય, ભંડિય, દર્ભ, કોંતિય, દર્ભકુશ, પર્વક, પોઇદઇલ, અર્જુન, અષાઢક, રોહિતક, સમુ, વખીર, ભુસ, એરંડક, કુરૂકુંદ, કરકર, સુંઠ, વિભંગ, મધુવયણ, થુરગ, શિલ્પક આદિ વનસ્પતિઓમાં મૂળાદિ ૧૦ ઉદ્દેશા ચોથા વર્ગની જેમ જાણવા.

સાતમા વર્ગમાં અભ્રરૂહ, વાયણ, હરિતક, તાંદલજો, તૃણ, વત્થુલ, પોરક, માજરિક, ચિલ્લી, પાલક, દગપિપ્પલી, દવ્વી-દર્વી, સ્વસ્તિક શાકમંડુકી, મૂલક, સરસવ, અંબિલશાક અને જિયંતગ આદિના દશ ઉદ્દેશા ચોથા વર્ગની જેમ કહ્યાં છે.

આઠમા વર્ગમાં તુલસી, કૃષ્ણ, દરાલ, ફ્રણેજ્જા, અજ્જા, ચૂતાણા, ચોરા જીરા, દમણા, મરૂયા, ઈંદીવર, શતપુષ્પ આદિ વનસ્પતિઓના ૧૦ ઉદ્દેશા ચોથાની તુલ્ય જાણવા.

## 卐 શતક ૨૧મું સમાપ્ત 卐

## સમાપ્તિ વચનમ્

નવયુગ પ્રવર્તક, શાસ્ત્ર વિશારદ, જૈનાચાર્ય સ્વ. ૧૦૦૮ શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ, ભગવાન મહાવીરસ્વામીની ૭૪મી પાટે બિરાજમાન થઈને જૈન શાસન, જૈન સમાજ, તીર્થસ્થાનો, વિદ્યાક્ષેત્રો આદિની અભૂતપૂર્વ સેવા કરી પોતાનું નામ ઈતિહાસના પાને અમર કરી ગયા છે. તેમના પટ્ટપ્રભાવક, શાસનદીપક મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી મહારાજના શિષ્ય-રત્ન, ન્યાય-વ્યાકરણ-કાવ્યતીર્થ, પંન્યાસ શ્રી પૂર્ણાનંદ વિજયે (કુમારશ્રમણ) પોતાના મતિજ્ઞાનના વિકાસાર્થે ભવાંતરમાં પણ શ્રુતજ્ઞાનની પ્રાપ્ત્યર્થે દ્વાદશાંગીમાં સર્વશ્રેષ્ઠ વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ-ભગવતીસૂત્રના ૨૧મા શતકનું વિવેચન યથામતિએ કર્યું છે.

"શુભં ભૂયાત્ સર્વેષાં જીવાનામ્"
"સર્વે જીવા સ્વતત્વં જાનંતુતરામ્"



# શતક–૨૨મું

દસ ઉદ્દેશાનો પહેલો વર્ગ :–

આમાં તાલ, તમાલ, કેળા, કંદળી, તક્કલી, તેતેલી, સાલ, દેવદાર, સારગલ્લ, કેવડો, ચર્મવૃક્ષ, ગુંદરવૃક્ષ, હિંગુવૃક્ષ, લવંગ, સોપારી, ખજુરી અને નાળીયેર આદિના વૃક્ષોના મૂળાદિ દસ ઉદ્દેશા શાલિવર્ગના તુલ્ય છે. જઘન્ય સ્થિતિ અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ દશ હજાર વર્ષની છે. શેષ પાંચ ઉદ્દેશા કુંપલ, પાંદડા, પુષ્પ, ફળ અને બીજમાં દેવોનો ઉત્પાદ હોવાથી ચાર લેશ્યા જાણવી. અવગાહના મૂળ અને કંદની ૨ થી ૯ ધનુષ્ય. પુષ્પની ૨ થી ૯ હાથની, બીજની ૨ થી ૯ અંગુલની છે, જ્યારે જઘન્ય અવગાહના અંગુલના અસંખ્યાત ભાગે જાણવી.

**બીજો વર્ગ** :–જેમાં એક બીજ હોય તે લીમડો, આંબો, જાંબુ, કોશાબ, સાલ, અકોલ્લ, પીલુ, સેલુ, સલ્લકી મોથકી, માલુક, બકુલ, પલાશ, કરજ, પુત્રજીવક, અરિઠા, બહેડા, હરડે, ભિલામા, ઉલેભરિકા, ક્ષીરિણી, ધાવડી, ચારોલી, પૂતિનિંબ, સેણ્હય, પાસિય, સીસમ, બતસી, નાગકેસર, નાગવૃક્ષ, સેવન અને અશોક આદિના દસ ઉદ્દેશા તાડવૃક્ષની જેમ જાણવા.

**ત્રીજો વર્ગ** :—જેમાં અગસ્તિક, તિંદુક, બોર, કોઠી, અંબાડગ, બીજોરૂં, બિલ્વ આમલક, ફણસ, દાડમ, પીપલો, ઉંબરો, નડ, ન્યગ્રોધ, નંદિવૃક્ષ, પીપર, સતર, પ્લક્ષ, કાકોદુંબરી, કુસ્તુંભરી, દેવદાલી, તિલક, લકુચ, છત્રૌધ, શિરિષ, સપ્તપર્ણ, દધિપર્ણ, લોધ્રક, ધવ, ચંદન, અર્જુન, નીપ,

કુટજ અને કદંબ આદિના મૂળાદિ દસ ઉદ્દેશા તાડવર્ગની જેમ સમજવા.

ચોથો વર્ગ :–જેમાં વેંગણ, અલ્લઈ, પોંડઇ, ગંજ, પાટલા વાસી, એકોલ આદિના દસ ઉદ્દેશા વંશવર્ગની જેમ જાણવા.

પાંચમો વર્ગ :—જેમાં સિરિયક, નવમાલિકા, કોરેટક, બંધુજીવન, મણોજ્જા, નલિની, કુંદ, મહાજાતિના દસ ઉદ્દેશા શાલિવર્ગની જેમ જાણવા.

છઠ્ઠો વર્ગ :–જેમાં પૂસફલિકા, કાલિંગી, તુંબડી, ચીભડી એલ વાલુંકી, દધિફોલ્લઇ, કાકલી, લોકલી, અર્કબોંદી, આદિના દસ ઉદ્દેશા તાડવૃક્ષની જેમ જાણવા. વિશેષમાં તેના ફળોદેશકમાં ફળની જઘન્ય અવગાહના પૂર્વવત્ અને ઉત્કૃષ્ટ અવગાહના ૨ થી ૯ વર્ષની છે.

## 卐 શતક ૨૨મું સમાપ્ત 卐

## "સમાપ્તિ વચનમ્"

શાંત, દાંત અને ગંભીર જૈનાચાર્ય ૧૦૦૮ શ્રી વિજયધર્મસૂરીશ્વર મહારાજના અંતેવાસીઓ જેમાં ઇતિહાસ તત્ત્વ મહોદધિ જૈનાચાર્ય શ્રી વિજયેન્દ્રસૂરીશ્વરજી મહારાજ, તપોનિધિ, સત્ક્રિયાભિરુચિ જૈનાચાર્ય શ્રી વિજયભક્તિસૂરીશ્વરજી, ન્યાય વ્યાકરણ સાહિત્યના અઠંગ અભ્યાસી ઉપાધ્યાય શ્રી મંગળવિજયજી મ., અખંડ વ્યાખ્યાતૃ શક્તિધારક, શાસનદીપક, મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી મહારાજ, કલિકાલમાં હેમચન્દ્રસૂરિ જેવા ન્યાયવિશારદ, ન્યાયતીર્થ મુનિરાજ શ્રી ન્યાયવિજયજી મહારાજ, સંયમ અને તપોધર્મથી દેદીપ્યમાન, શાંતમૂર્તિ મુનિરાજ શ્રી જયંતવિજયજી મહારાજ આદિ શિષ્યો હતાં તેમાંથી મુનિશ્રી વિદ્યાવિજયજીના શિષ્ય વ્યાકરણાદિ પઠન–પાઠનશીલ, પંન્યાસ શ્રી પૂર્ણાનંદવિજય (કુમારશ્રમણ) પોતાના મતિજ્ઞાનના વિકાસાર્થે, શ્રુતજ્ઞાનની વૃદ્ધિ અર્થે ભગવતી સૂત્રનું વિવેચન યથામતિએ કર્યું છે જેમાંનું આ ૨૨મું શતક પૂર્ણ થાય છે.

"શુભં ભૂયાત્ સર્વેષાં જીવાનામ્"

"જૈનત્વં પ્રાપ્નુયુઃ સર્વે જીવાઃ"

# શતક-૨૩મું

**પહેલા વર્ગમાં :**-સાધારણ વનસ્પતિમાં ગણાતી આલુ બટાટા મૂળા, આદું, હળદર, કંડરિક, જીરૂં, ક્ષીરવિરાલી, કિટ્ઠી, કંદુ, કડસુ, મધુ, પયલઈ, મધુસિંગી, નિરૂણ, સર્પ-સુગંધા, છિન્ન રૂહા અને બીજરૂહા આદિ વૃક્ષોના મૂળાદિ દસ ઉદ્દેશા વંશવર્ગની જેમ જાણવા. વિશેષમાં તેમનું પરિમાણ જઘન્યથી એક સસયે એક-બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા, અસંખ્યાતા અને અનંત જીવો આવીને ઉપજે છે. અપહાર માટે જાણવાનું કે યદિ તે અનંત જીવો સમયે સમયે બહાર કાઢીએ તો અનંત ઉત્સર્પિણી અને અવસર્પિણી કાળે પણ બહાર કાઢી શકાતા નથી. આયુસ્થિતિ બંને પ્રકારે અંતર્મુહૂર્તની જાણવી.

**બીજા વર્ગમાં:**-લોહી, નીહુ, થીહુ, થિભગા, સિંહકર્ણી, સીઉંઢી અને મુસુંઢીના દસ ઉદ્દેશા ચાલુ વર્ગની જેમ પરંતુ અવગાહના તાડવર્ગની જેમ જાણવી.

**ત્રીજા વર્ગમાં :**-આય-કાય-કુહુણા, કુંદરૂક, ઉવ્વેહલિયા, સફા સેજ્જા, છત્રા, વંશાનિકા અને કુમારી આદિ ચાલુ વર્ગની જેમ જાણવી.

**ચોથા વર્ગમાં :**-પાઠા, મૃગવાલુંકી, મધુરસા, રાજવલ્લી; પદ્મા, મોઢરી, દંતી અને ચંડી આદિ વનસ્પતિઓ ચાલુ વર્ગની જેમ જાણવી.

**પાંચમા વર્ગમાં:**-મુદ્દગપર્ણી, જીવક, સરસવ, કરેણુક, કાકોલી, ક્ષીર, કાકોલી, ભંગી, ણહી, કૃમિરાશિ, ભદ્રમુસ્તા,

લાંગલી, પયોદ, હરેણુકા, કિણ્ગુા પાઉલ્લચ અને હઢ આદિનો વર્ગ ચાલુ વર્ગની જેમ છે.

## 卐 શતક—૨૩મું સમાપ્ત 卐

## "સમાપ્તિ વચનમ્"

શાસ્ત્ર વિશારદ જૈનાચાર્ય ૧૦૦૮ શ્રી વિજયધર્મસૂરીશ્વરજી (કાશીવાળા) મહારાજના પટ્ટપ્રભાવક, શાસનદીપક તથા ઐતિહાસિક સામાજિક ભગવતી સૂત્ર જેવા તાત્વિક અને આગમિક અને ધાર્મિક ગ્રંથોના મૌલિક સર્જક, સ્વ. મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી મહારાજના શિષ્ય, પંન્યાસ શ્રી પૂર્ણાનંદવિજયે (કુમારશ્રમણ) પોતાના મતિજ્ઞાનના વિકાસાર્થે ભવભવાંતરમાં પણ સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ થાય તે માટે ભગવતી સૂત્રનું ૨૩મું શતક પૂર્ણ કર્યું છે.

"શુભં ભૂયાત્ સર્વેષાં જીવાનામ્"
"અહિંસા સમારાધનીયા સર્વૈ:"

卐

# શતક–૨૪મું

## પૂર્વભૂમિકા :

ચક્ષુગોચર સ્થૂળ પદાર્થોનું વિવેચન અને ભાષણ સૌ કોઇને માટે સુગમ હોઈ શકે છે. પરંતુ જીવ માત્રની ગતિ, (કઈ ગતિમાંથી આવ્યો છે) આગતિ (આ ભવ પૂર્ણ કરી કઇ ગતિમાં જશે) છદ્મસ્થોને માટે સર્વથા પરોક્ષ હોવાથી તેનું વર્ણન તેમને માટે અશકય છે. તેમ છતાં પણ આ એક સત્ય હકિકત છે કે "अतति सततं गच्छतीति आत्मा" આ ન્યાયને અનુસારે જીવાત્મા કયાંય પણ એક સ્થાને સ્થિર રહી શકતો નથી. ચાહે તે ૩૩ સાગરોપમનો દેવ હોય, નારક હોય, તિર્યંચ હોય, માનવ હોય, ત્રણ પલ્યોપમનો યુગલિક હોય કે આકાશમાં ઉડનારા વિદ્યાધરો હોય, જંઘાચારણ મુનિઓ હોય, ચતુર્દશ પૂર્વના જ્ઞાતા કે ઉપશમ શ્રેણિને પ્રાપ્ત થયેલા મુનિઓ હોય, સૌને એક સ્થાનથી બીજા સ્થાને ગયા વિના ચાલે તેમ નથી. ચોરના હાથમાં હાથકડી પડ્યા પછી સૈનિકો તેને ગમે તે માર્ગે લઇ જઈ શકે છે, ત્યાં તે ચોરની ઇચ્છા મુદ્દલ કામે આવતી નથી, તેવી રીતે કાર્મણ શરીર (સૂક્ષ્મ શરીર)ના સહવાસી આત્માને કર્મરાજા ગમે ત્યાંથી ઉપાડીને બીજે ગમે ત્યાંય પટકી શકે છે. તે સમયે કોઈ પણ જીવની શક્તિ, બુદ્ધિ–વાચાલતા, હોશિયારી કે ભૌતિકવાદનું એક પણ સાધન કંઇ પણ કામે આવવાનું નથી. આ કારણે ઇચ્છાએ કે અનિચ્છાએ પણ જીવાત્માને ગન્યંતર કર્યા વિના છુટકો નથી.

જે ક્ષેત્રમાં, જે કાળમાં જે જીવો સાથે જેવા પ્રકારના શુભાશુભ કર્મોને ભોગવવાના હોય છે ત્યારે નખમાં પણ રોગ

ન હોય તો ય આંખના પલકારે માનવ મૃત્યુને પામે છે અને જ્યાં વેરઝેરની કે પ્રેમભાવની લેવડ-દેવડ કરવાની હોય ત્યાં તેને જવાની ફરજ પડે છે અને અનિચ્છાએ પણ જાય છે. ગત્યંતર કરતો જીવ પોતાના આ ભવના શણગારેલા તથા પોષેલા સ્થૂળ શરીરને તથા ઇન્દ્રિયોને તેમજ આ ભવની સંપૂર્ણ માયાને છોડી દે છે અને સૂક્ષ્મ શરીરના માધ્યમથી બીજા ભવનો સ્વીકાર કરે છે. એક ભવમાંથી બીજા ભવમાં જવાને માટે જૈન શાસનમાં આયુષ્ય કર્મ, નામ કર્મ અને આનુપૂર્વી નામકર્મની મર્યાદા છે; જેમકે મનુષ્યભવને પામેલો જ્યારે દુર્બુદ્ધિ, મિથ્યાચરણ, અસભ્ય વ્યવહાર કે અજ્ઞાનપૂર્વક પાપોનું સેવન મર્યાદાતીત કરે છે ત્યારે નરકગતિનું આયુષ્યકર્મ બાંધવાનું અનિવાર્ય હોય છે, ત્યારપછી તેની લેશ્યાઓમાં-કૃષ્ણત્વ, નીલત્વ અને કાપોતત્વની વૃદ્ધિ થતાં તે માનવ કૃષ્ણ લેશ્યા અને કાપોત્ લેશ્યાનો માલિક બને છે ત્યારે તેના મન, વચન અને કાયામાં વક્રતા અસંવાદિતા ઉપરાંત પોતાની જાતની બડાઈ અને પારકા ગુણિયલોની પણ નિંદામાં તે જીવ પાપ ભાવનાને કરતો નરકગતિ નામકર્મની ઉપાર્જના કરવી તેના ભાગ્યમાં શેષ રહે છે અને તે જ સમયે નરકાનુપૂર્વી કર્મ પણ બંધાય છે. આ પ્રમાણે આવતા ભવને માટે નરકગતિમાં જવાની પૂર્ણ તૈયારી કરીને બેઠેલો તે પાપકર્મી આત્મા જ્યારે મરણ પથારીએ પડ્યો હોય છે ત્યારે તેને જીવનમાં કરેલા પાપકર્મો,-આરંભો અને દુષ્ટાચરણોની યાદ આવે છે અને ભયગ્રસ્ત બને છે, તેથી અતિશય અને અનિવાર્ય મુંઝવણમાં સપડાઈ જતા મરણ સમયે સીધો સિદ્ધશિલા તરફ ભાગવા માંડે છે, પરન્તુ સર્વશક્તિસમ્પન્ન કર્મસત્તા હોવાથી તે જ સમયે પૂર્વોપાર્જિત આનુપૂર્વી નામકર્મનો ઉદય થાય છે અને ચોર જેમ સિપાઈના હાથે સપડાય તેમ તે ભાઈસા'બ

પણ નરકાનુપૂર્વીના સકંજામાં પડે છે અને નરકભૂમિ તરફ પ્રસ્થાન કરવાની ફરજ પડે છે. આ જ પદ્ધતિએ ચાર ગતિના મેદાન( પ્લે ગ્રાઉન્ડ )માં કર્મની બેડીમાં સપડાયેલો હોવાથી પરિભ્રમણ કરી રહ્યો છે અને જ્યાં સુધી કાર્મણ શરીરની સત્તામાં નજરબંધ છે ત્યાં સુધી તે જીવ કોઇ કાળે પરમાત્મ-પદને પ્રાપ્ત કરી શકવાનો નથી.

માન્યું કે જીવનો શુદ્ધ સ્વભાવ નિરંજન-નિરાકાર છે પરન્તુ ખાણમાંથી નીકળેલા હીરાના પત્થરની જેમ-અનંતાનંત કર્મોની જાળમાં સપડાયેલો હોવાથી તેનું શુદ્ધ સ્વરૂપ હીરાની જેમ સત્તામાં પડેલો હોવા છતાં પણ અત્યારે અકિંચિત્કર છે માટે ચારે ગતિનું પરિભ્રમણ કોઇનાથી પણ ટાળી શકાય તેમ નથી.

આત્મિક જ્ઞાન મેળવવા માટેની સિફારિશ-હિમાયત ભલામણ સૌ સૂત્રકારોએ પોતપોતાની મતિ અનુસારે કરી છે. પરંતુ આપણે જાણતા હોઇએ છીએ કે કોઇની સિફારિશથી પણ કોઇને આત્મજ્ઞાન થયું હોય તેવું એકેય કથાનક આપણા જાણવામાં નથી. જીવમાત્રને અનંતભવો સાથે, અનંતાનંત જીવો સાથે, પુદ્ગલ સ્કંધ કે પરમાણુ સાથેની માયા જબરદસ્ત વળગેલી છે. આવી પરિસ્થિતિમાં પરદ્રવ્યની જાણકારી લીધા વિના સ્વદ્રવ્યની જાણકારી અપવાદ સિવાય સૌને માટે અશક્ય રહી છે. તે માટે સંસારનું યથાર્થ સ્વરૂપ, જીવોના કર્મો, તેમની ગતિઓને જાણવાની આવશ્યકતા નકારી શકાતી નથી.

ભગવતી સૂત્રના ૨૪મા શતકમાં જ્ઞાનનો સાગર ઠલવાયો છે. જે વિષય ઇન્દ્રિયાતીત છે તેને અતીન્દ્રિય જ્ઞાની વિના બીજો કોઈ જાણી શકતો નથી તેથી ચારે ગતિમાં પરિભ્રમણ

કરનારાઓનું આટલું સૂક્ષ્મ જ્ઞાન બીજે ક્યાંય જોવા મળે તેમ નથી. આ કારણે જ સાચું તત્ત્વજ્ઞાન જ ઉપાદેય છે, પોતાના ઉપાદાનને શુદ્ધ કરવા માટેનું અમોઘ સાધન છે.

આ પ્રસ્તુત શતકમાં ઉદ્દેશા ૨૪ છે અને દંડકો પણ ૨૪ છે, જેમાં અનંતાનંત જીવો ગત્યંતર કરી રહ્યાં છે. તે સૌની સત્તા વિદ્યમાનતા "पुढो सत्ता" આ સૂત્રાનુસારે સર્વથા પૃથક પૃથક છે. ચાહે પછી કર્મોની બેડીમાં ફસાયેલા હોવાથી કોઈક સમયે એક જ પૌદ્‌ગલિક શરીરમાં સંખ્યાત, અસંખ્યાત કે અનંત જીવો એકત્ર થયા હોય અથવા એક શરીરમાં એક જ જીવ આરામથી રહેતો હોય કે "भोगायतन शरीरम्" આ ન્યાયથી એક મકાનમાં કુટુંબી તરીકે મળેલા ૪-૫-૧૦-૨૦ માણસો ભેગા થઈને રહેતા હોય, પરંતુ જૈન શાસનના અનુસારે સૌ જીવોને પોતપોતાના કર્મો સર્વથા નિરાળા હોવાથી તે કર્મોને ભોગવવા પૂરતા જ તે તે સ્થાનમાં (શરીરમાં) રહે છે અને તે ભોગવાઈ ગયા પછી સૌ જીવો પોતપોતાને રસ્તે પડે છે. એક જીવને બીજા જીવ સાથે કેવળ રાગાત્મક કે દ્વેષાત્મક નિયાણા(નિદાન)ના સંબંધો પૂર્ણ કર્યા સિવાય બીજો એકેય સંબંધ હોતો નથી. ત્યારે જ પૃથ્વીકાયમાં અનેક જીવો એક જ સ્થાનમાં જન્મેલા હોવા છતાં કર્મો સૌના જૂદા જૂદા હોવાથી કોદાળી મારનારો માનવ પૃથ્વીના એક ભાગમાં જ કોદાળી મારે છે અને ત્યાંના જીવો મરી જાય છે, ત્યારે જાણવાનું સરળ રહે છે કે, મારકને પૃથ્વીકાયના જે જીવો સાથે વૈરબંધન હતું તેટલા સ્થાનમાં જ તે કોદાળી મારે છે અને જીવો મરે છે. ત્યારે બીજી બાજુના જીવો સુરક્ષિત રહે છે. આંબાના ઝાડના એક બાજુમાં બાવળનું ઝાડ હોવાથી પવનના કારણે પાંદડાં વિંધાય છે. હવે કોઈ એમ

કહે કે આ બાવળનું ઝાડ આ બાજુ ઉભું છે તેના કરતાં બીજી બાજુ હોત તો વધારે સારૂ દેખાત, પરન્તુ કર્મસત્તા એમ કહે છે કે બાવળના કાંટાના જીવો સાથે આંબાના જે બાજુના પાંદડા વૈરભાવવાળા હોય છે, તેથી તે જીવોને હનન, તાડન, પીડન કરવા માટે બાવળનું ઝાડ પણ કોઇના પરિશ્રમ કે આશય વિના ત્યાં જ જન્મ્યું, મોટું થયું અને હવાના ઝકોરે આંબાના પાંદડાના જીવોને વિંધતો વિંધતો પોતાના વૈરનો બદલો લઇ રહ્યો છે, અને કોઇની પણ દયા વિનાના આંબાના પાંદડા પણ વૈરનું ઋણાનુબંધન ચૂકાવી રહ્યાં છે ઇત્યાદિક પ્રસંગોને જોઇએ તો જીવો ઉપર રહેલી કર્મસત્તાનું જોર કેટલુ બધું વ્યાપક છે તે સાફ સાફ જણાઇ આવે છે. પ્રત્યક્ષ દેખાતા સંસારના યથાર્થ સ્વરૂપને જોયા પછી જૈન શાસન કહે છે કે પ્રત્યેક જીવોને પોતપોતાના કર્મો જૂદા હોવાથી સૌને કર્મના નાચ નાચ્યા વિના છુટકો નથી, માટે સૌ જીવો પોતપોતાની સત્તામાં સર્વથા જૂદા છે. જેમની સંખ્યા અનંતાનંત છે. "પ્લે ગ્રાઉન્ડ"ના ફૂટબોલની જેમ કર્મરાજાની ઠોકર ખાઇને ચાર ગતિના ચોગાનમાં રખડપટ્ટી કરી રહ્યાં છે.

જે કેવળજ્ઞાનમાં એક પણ કર્માણુ શેષ રહેતો નથી, જેની ઉત્પત્તિમાં સૌથી પહેલા સમસ્તાવરણ સહિત મોહકર્મના મૂળીયા બળીને ખાખ થાય છે, ત્યારપછી આંખ પર બાંધેલા પાટા જેવુ જ્ઞાનાવરણીય કર્મ તથા દર્શનાવરણીય અને અંતરાય કર્મો ક્ષય થતાં આત્માની અનંત શક્તિઓ પ્રકાશિત થાય છે અને પૂરો સંસાર, અનંત દ્રવ્યો, તેના પર્યાયો પ્રત્યક્ષ થાય છે. તેવા કેવળજ્ઞાનના માલિક ભગવાન મહાવીર સ્વામી, ગૌતમસ્વામીના પૂછેલા પ્રશ્નોના ઉત્તર આપી રહ્યાં છે. જેનું

આપણે સૂત્રાનુક્રમે વિચાર કરીએ, જેમાં પ્રજ્ઞાપનાસૂત્રનું વ્યુત્ક્રાંતિપદ પૂર્ણરૂપે અવતરિત છે.

એક એક દંડકનો એક એક ઉદ્દેશો આ શતકમાં હોવાથી નીચે લખ્યા પ્રમાણે વીશ દ્વારોથી નિર્ણય કરવાનો છે. તે દ્વાર આ પ્રમાણે છે:—

(૧) ઉપપાત :–નરકમાં ઉત્પન્ન થનારા જીવો કઇ ગતિ-માંથી આવે છે?

(૨) પરિમાણ :–નરકાદિમાં ઉત્પન્ન થનારા જીવો કેટલા ઉત્પન્ન થાય છે?

(૩) સંહનન :–નારકાદિનું સંઘયણ કયું?

(૪) તેમની ઉંચાઇ (૫) સંસ્થાન–આકાર, (૬) લેશ્યા (૭) દષ્ટિજ્ઞાન, અજ્ઞાન, યોગ, ઉપયોગ, સંજ્ઞા, કષાય, ઇન્દ્રિય, સમુદ્‌ઘાત, વેદના, વેદ, આયુષ્ય, અધ્યવસાય, અનુબંધ (વિવક્ષિત પર્યાયોનું સાતત્ય) કાય સંબંધ–(અમુક કાયથી અન્ય કાયમાં અથવા તેની સમાન કાયામાં જઇને પુનઃ આવવું) આ પ્રમાણે પ્રત્યેકનો નિર્ણય કરવાનો છે.

## 卐શતક ૨૪માની પૂર્વભૂમિકા સમાપ્ત卐

# શતક ૨૪ : ઉદ્દેશો-૧

## નરક ગતિના જીવો માટેની વિચારણા :

હે પ્રભો ! નરક ગતિમાં ઉત્પન્ન થનારા જીવો કઈ ગતિમાંથી નીકળીને નરકભૂમિમાં જન્મ લે છે ?

જવાબમાં ભગવંતે કહ્યું કે-નરકગતિ અને દેવગતિને છોડી તિર્યંચ તથા મનુષ્ય ગતિમાંથી નીકળીને જીવો નરકમાં જન્મ લે છે. તિર્યંચ જીવોમાંથી પણ એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તીન ઇન્દ્રિય અને ચઉઇન્દ્રિયના જીવો નરકમાં ઉત્પન્ન થતાં નથી, પણ પંચેન્દ્રિય તિર્યંચના જીવો નરકમાં જન્મે છે. તે તિર્યંચો સંજ્ઞી હોય કે અસંજ્ઞી જલચર (પાણીમાં રહેનારા) સ્થળચર (પૃથ્વી પર ચાલનારા) ખેચર (આકાશમાં ઉડનારા) હાથેથી ચાલનારા નોળીયા, છાતીથી ચાલનારા સર્પો હોય સાથોસાથ પર્યાપ્તા હોય તે નરકમાં જન્મ લેનારા છે. પર્યાપ્ત અસંજ્ઞી તિર્યંચ યોનિકો રત્નપ્રભા એટલે પહેલી નરકભૂમિમાં જ જન્મ લેવાની યોગ્યતાવાળા છે. આગળની ભૂમિઓમાં જવાની તાકાત તેમનામાં નથી. જઘન્યથી દશ હજાર અને ઉત્કૃષ્ટથી એક હજાર યોજનની શરીર અવગાહના છે. આદિની ત્રણ લેશ્યા, મિથ્યાદૃષ્ટિ, મતિશ્રુત અજ્ઞાન, વચન તથા કાયયોગી, સાકાર નિરાકાર ઉપયોગી, આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ સંજ્ઞાવાળા, ચારે કષાય, પાંચે ઇન્દ્રિય, વેદના, મારણાંતિક સમુદ્ઘાત, સુખ-દુ:ખના અનુભવી, નપુંસકવેદી, અસંખ્યાત અધ્યવસાય જે પ્રશસ્ત અને અપ્રશસ્ત બંને પ્રકારના પંચેન્દ્રિય તિર્યંચ પર્યાયમાં જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી પૂર્વ કોટિ સુધી રહેનારા, ભવની અપેક્ષાએ બે ભવ અને કાળની અપેક્ષાએ

જઘન્યથી અન્તર્મુહૂર્ત અધિક દશ હજાર વર્ષ તથા ઉત્કૃષ્ટથી પૂર્વકોટિ અધિક પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ જાણવો. જેમકે તે જીવ પહેલાં અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ હતો, પછી રત્નપ્રભા નરકમાં ગયો, ત્યાંથી નીકળીને પાછો અસંજ્ઞી નહીં પણ સંજ્ઞિત્વને મેળવે છે તેથી ભવની અપેક્ષાએ બે ભવનો કાય સંબંધ જાણવો અને કાળથી જઘન્ય કાયસંવેધ (સંબંધ) અન્તર્મુહૂર્ત આયુષ્યસહિત નરકની દશ હજાર વર્ષની સ્થિતિ અને ઉત્કૃષ્ટથી અસંજ્ઞીના પૂર્વ કોટિવર્ષ પ્રમાણ ઉત્કૃષ્ટ આયુષ્ય સહિત રત્નપ્રભામાં પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ જાણવો.

આ પદ્ધતિના પ્રશ્નો ખૂબ વિસ્તારથી મૂળ પાઠમાંથી જાણી લેવા.

સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ સંબંધી પ્રશ્નો અને ઉત્તરો અસંજ્ઞીની જેમ જાણવા. જેમકે સંખ્યાત વર્ષના આયુષ્યવાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચો સાતે પૃથ્વીઓમાં જન્મે છે. તેમાં પહેલી નરકમાં જે ઉત્પન્ન થનારા છે તેમનું આયુષ્ય જઘન્યથી દશ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટથી સાગરોપમની મર્યાદા છે છ સંઘયણ અને શરીર પ્રમાણ જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટથી હજાર યોજન છે. છ સંસ્થાન, છ લેશ્યા, ત્રણ દૃષ્ટિ, ત્રણ અજ્ઞાન, ત્રણ જ્ઞાન, ત્રણ યોગ, પાંચ સમુદ્ઘાત આદિ પૂર્વની માફક જાણવું.

મનુષ્યાવતારમાંથી જે નરકમાં જવાવાળા હોય છે તે સંજ્ઞી મનુષ્યો, સંખ્યાતા વર્ષાયુવાળા, પર્યાપ્તા તથા સાતે નરકોના દ્વાર તેમના માટે ઉઘાડા છે. જઘન્યથી એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા મનુષ્યો નરકમાં ઉત્પન્ન થાય છે છ સંઘયણ, શરીર પ્રમાણ જઘન્ય અંગુલ પૃથકત્વ અને ઉત્કૃષ્ટથી

પાંચસો ધનુષ્ય પ્રમાણ તથા જે જીવો અવધિજ્ઞાન મનઃપર્યવજ્ઞાન અને આહારક શરીર પ્રાપ્ત કરી ત્યાંથી પડે છે અને નરકમાં જાય છે તેમને ચાર જ્ઞાન અને ત્રણ અજ્ઞાન વિકલ્પે જાણવા ( ચૂર્ણિકાર ) શેષ બધી બાબતો પ્રથમની જેમ જાણવી. સાતમી નરકે જનારા પ્રથમ સંઘયણવાળા જ હોય છે તથા સ્ત્રીવેદવાળા સાતમીએ નથી જતા.

શતક ચોવીસમાનો ઉદ્દેશો ૧ સમાપ્ત

# શતક ૨૪ : ઉદ્દેશો–૨

## અસુરકુમારાદિ દેવોમાં જન્મ લેનારા કોણ ?

હે ગૌતમ! ચારે ગતિઓમાંથી કેવળ મનુષ્ય અને તિર્યંચો અસુરકુમાર દેવલોકમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે. પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચો જે સંમૂર્ચ્છિમ છે તેમની ઉત્કૃષ્ટ આયુષ્ય મર્યાદા પૂર્વ કોટિ વર્ષની હોવાથી દેવાયુષ્ય તેટલી સંખ્યામાં જ બાંધે છે. તે કારણે જઘન્યથી દશ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગ ( પૂર્વ કોટિ વર્ષ ) ની સ્થિતિવાળા અસુરકુમારોમાં ઉત્પન્ન થાય છે. તે જીવો જઘન્યથી એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાત કે અસંખ્યાત સંખ્યામાં જન્મે છે. યદિ જઘન્યકાળની સ્થિતિવાળા હોય તો તેમના અધ્યવસાયો શુભ હોય છે. સંખ્યાત કે અસંખ્યાત વર્ષની મર્યાદાવાળા સંજ્ઞી જીવો અસુરકુમારમાં

જન્મે છે તેમાંથી અસંખ્યાત વર્ષાયુવાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચો જ્યારે અસુરકુમાર થાય છે ત્યારે જઘન્યથી દશહજાર અને ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમની સ્થિતિવાળા હોય છે. આ વાત ભોગભૂમિ(યુગલિકભૂમિ)ના તિર્યંચો માટે જાણવી અને અસંખ્યાત નહી પણ સંખ્યાત જીવોનો ઉત્પાદ જાણવો. વજ્રઋષભનારાચ સંઘયણવાળા શરીર અવગાહના જઘન્યથી ધનુઃ પૃથકત્વ અને ઉત્કૃષ્ટથી છ ગાઉનું જાણવું. સમચતુરસ્ર સંસ્થાન આદિની ચાર લેશ્યા, મિથ્યાદષ્ટિવાળા, ત્રણ યોગ, બે અજ્ઞાન, બે ઉપયોગ, ચાર સંજ્ઞા, ચાર કષાય, પાંચ ઇન્દ્રિય વેદના, મારણાંતિક સમુદ્ઘાત-બે વેદના. પુરૂષ અને સ્ત્રીવેદ આદિ યથાયોગ્ય જાણવા. સંખ્યેય અને અસંખ્યેય વર્ષાયુવાળા મનુષ્યો અસુરકુમારમાં અવતરે છે. શેષ વિગત મૂળસૂત્રથી જાણવી.

**શતક ચોવીસમાનો ઉદ્દેશો બીજો સમાપ્ત**

આ રીતે ભવનપતિના આઠ ભેદોના આઠ ઉદ્દેશા ઉપર પ્રમાણે જાણવા જે એક એક ઉદ્દેશે એક એક ભેદે પૂર્ણ થાય છે.

**૩ થી ૧૧ ઉદ્દેશા સમાપ્ત**

# શતક ૨૪ : ઉદ્દેશો ૧૨

## પૃથ્વીકાયમાં જન્મ લેનારા કોણ ?

હે પ્રભો ! જે જીવો આવનારા ભવે પૃથ્વીકાયમાં ઉત્પન્ન થવાની યોગ્યતાવાળા છે, તે કઈ ગતિમાંથી આવનારા છે ?

જવાબમાં ભગવંતે કહ્યું કે, કેવળ નરકગતિના જીવો પૃથ્વીકાયમાં અવતાર લેતા નથી, શેષ ત્રણે ગતિઓના જીવો પૃથ્વીકાયમાં જન્મ લે છે. યદિ તિર્યંચ ગતિમાંથી નીકળીને પૃથ્વીકાયમાં જન્મ લેતા હોય તો શું એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય કે પંચેન્દ્રિય તિર્યંચ ગતિમાંથી આવે છે ? એકેન્દ્રિયમાં પણ શું પૃથ્વીકાય, અપ્કાય, અગ્નિકાય, વાયુકાય કે વનસ્પતિકાયમાંથી આવે છે ? પૃથ્વીકાયમાં પણ શું સૂક્ષ્મ કે બાદરમાંથી આવે છે ? બાદરમાં પણ પર્યાપ્ત કે અપર્યાપ્ત જીવો પૃથ્વીકાયમાં જન્મતા હશે ?

જવાબમાં ભગવંતે કહ્યું કે હે ગૌતમ ! એકેન્દ્રિય જીવો યાવત્ વનસ્પતિકાયના જીવો સુધી જાણવું. સૂક્ષ્મ, બાદર, પ્રર્યાપ્તા અને અપર્યાપ્તા એકેન્દ્રિયો પૃથ્વીકાયત્વને પામી શકે છે. તેમનું જઘન્યથી એક અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી બાવીશ હજાર વર્ષનું આયુષ્ય છે. એક સમયમાં નદીના પ્રવાહની જેમ નિરંતર અસંખ્યાત જીવો જન્મે છે. છેલ્લું સંઘયણ આદિની ચાર લેશ્યા, મિથ્યાદૃષ્ટિ, અજ્ઞાની ( મતિ અને શ્રુત અજ્ઞાન ) કેવળ કાયયોગી, બંને ઉપયોગી, આહારાદિ ચારે સંજ્ઞા, કેવળ સ્પર્શેન્દ્રિય, કષાય, મારણાંતિક સમુદ્ઘાત, સાતાઅસાતા વેદના, નપુંસક વેદ, શુભાશુભ અધ્યવસાય, યદ્યપિ અધ્યવસાયે મનને અધીન હોય છે અને એકેન્દ્રિયોને મન હોતું નથી. છતાં

કેવળી વચન છે કે તેમને અધ્યવસાયો હોય છે. ભવની અપેક્ષાએ જઘન્યથી બે ભવ, અને ઉત્કૃષ્ટથી અસંખ્યાત કાળ સુધી પૃથ્વીકાયત્વમાં રહેવાનું છે. અવગાહના જઘન્ય તથા ઉત્કૃષ્ટથી આગળના અસંખ્યાતમા ભાગ જેટલી મસૂરકે ચંદ્ર જેવું તેમનું સંસ્થાન છે. શેષ મૂળસૂત્રથી જાણવું.

શતક ચોવીસમાનો ઉદ્દેશો ૧૨મો સમાપ્ત

# શતક ૨૪ : ઉદ્દેશો-૧૩મો

## અપ્કાયમાં ઉત્પાદ :

નારકોને છોડી બીજી ત્રણે ગતિઓના જીવો અપ્કાયમાં જન્મ લે છે. બાદર પર્યાપ્તા કે અપર્યાપ્તા પૃથ્વીકાયિકો પણ જન્મે છે. તેઓ જઘન્યથી એક અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી સાત હજારની સ્થિતિવાળા છે. શેષ પૃથ્વીકાયિકોની જેમ.

શતક ચોવીસમાનો ઉદ્દેશો તેરમો સમાપ્ત

# શતક ૨૪ : ઉદ્દેશો-૧૪મો

## તેજસ્કાયમાં ઉત્પાદ :

દેવગતિનો કોઈપણ દેવ તેજસ્કાય( અગ્નિકાય )માં જન્મતો નથી. આયુષ્ય મર્યાદા (સ્થિતિ) ત્રણ અહોરાત્રની છે. શેષ પૃથ્વીકાયિકોની જેમ.

શતક ચોવીસમાનો ઉદ્દેશો ચૌદમો સમાપ્ત

## શતક ૨૪ : ઉદ્દેશો ૧૫ મો

### વાયુકાયમાં ઉત્પાદ :

ચારે નિકાયનો એકેય દેવ વાયુકાયિક બનતો નથી.

**શતક ચોવીશમાનો ઉદ્દેશો ૧૫ મો સમાપ્ત**

## શતક ૨૪ : ઉદ્દેશો ૧૬ મો

### વનસ્પતિમાં ઉત્પાદ :

પૃથ્વીકાયની જેમ જાણવાની ભલામણ કરી છે. દેવોના જીવો પ્રતિસમયે અનંત સંખ્યામાં વનસ્પતિકાયમાં અવતાર જન્મ લે છે. સારાંશ કે પૃથ્વી, પાણી, અગ્નિ અને વાયુકાયના જીવો વનસ્પતિકાયમાં અસંખ્યાતની સંખ્યામાં જન્મે છે અને વનસ્પતિના જીવો ફરીથી વનસ્પતિમાં જન્મવાના હોય તો અનંતની સંખ્યામાં જન્મે છે, કેમકે શેષ ચાર કાયોના જીવો અસંખ્યાત છે જ્યારે વનસ્પતિ અનંત છે. ભવ અને કાળની ઉત્કૃષ્ટતાથી અનંતભવ અને અનંતકાળ જાણવું. આટલા લાંબા કાળ સુધી વનસ્પતિના જીવો વનસ્પતિમાં રહે છે અને ગમાગમ કરે છે. શેષ પૂર્વવત્

**નોંધ** :–મન, વચન અને કાયાથી મૈથુન, વિષય વિલાસ, દુરાચાર તથા વ્યભિચારમાં આસક્તિ, અસંખ્યાત જીવોની હત્યા ઉપરાંત મહામિથ્યાત્વ તથા માયાચારની અતિરિક્તતાના કારણે સમ્યક્ત્વ પામ્યા વિના કે તેનું વમન કર્યા પછી તે જીવો વનસ્પતિકાયના અંધકાર પૂર્ણ સ્થાનમાં જન્મે છે. જ્યાંથી તીર્થંકર પરમાત્માઓની અનંત ચોવીસી પૂર્ણ થયે છૂટકારો થાય છે.

વધારાનો ખૂલાસો પહેલાના ભાગોથી જાણવો.

**શતક ચોવીશમાંનો ઉદ્દેશો ૧૬ મો સમાપ્ત**

## શતક ૨૪ : ઉદ્દેશા ૧૭-૧૮-૧૯

### બેઇન્દ્રિય જીવોનો ઉત્પાદ :

હે ગૌતમ! નારક અને દેવોને છોડીને તિર્યંચ તથા મનુષ્યો પોતાનો ભવ પૂર્ણ કરી બેઇન્દ્રિય અવતારને પામે છે; એકેન્દ્રિયથી લઇને પંચેન્દ્રિય જીવો, એકેન્દ્રિયમાં સૂક્ષ્મ-બાદર-પર્યાપ્તા અને અપર્યાપ્તા જન્મે છે, જઘન્યથી એક અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી ૧૨ વર્ષની સ્થિતિવાળા છે. આ પ્રમાણે તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય જીવો માટે પણ જાણવું.

શતક ચોવીશમાના ઉદ્દેશા ૧૭-૧૮-૧૯ સમાપ્ત

## શતક ૨૪ : ઉદ્દેશા-૨૦મો

### પંચેન્દ્રિય તિર્યંચ ગતિમાં ઉત્પાદ :

ગૌતમસ્વામીના પ્રશ્નનો જવાબ ફરમાવતાં ભગવાન મહાવીરસ્વામીએ કહ્યું કે ચારે ગતિઓના જીવોને આવવાનું આ સ્થાન છે. મતલબ કે નરક, દેવ, મનુષ્ય અને તિર્યંચ ગતિના જીવો આયુષ્ય પૂર્ણ કરીને તિર્યંચ અવતારને પામે છે. સાતે નરક ભૂમિઓના નારકોનો ઉત્પાદ થાય છે. પહેલી નરક ભૂમિના નારકોની સ્થિતિ જઘન્યથી એક અન્ત મુંહૂર્તની અને ઉત્કૃષ્ટથી પૂર્વકોટિની જાણવી. જઘન્યથી એક-બે-ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાત અથવા અસંખ્યાત જન્મે છે; એકેન્દ્રિયના સૂક્ષ્મ-બાદર પર્યાપ્તા-અપર્યાપ્તા જીવોનો ઉત્પાદ અહીં છે.

દેવલોકમાં બીજા દેવલોક સુધીના દેવોનો જ ઉત્પાદ જાણવો. શેષ મૂળ સૂત્રથી જાણવું જે ખૂબ જ વિસ્તારથી વર્ણવાયો છે.

શતક ચોવીસમાનો ઉદ્દેશો ૨૦મો સમાપ્ત

# શતક ૨૪ : ઉદ્દેશા ૨૧-૨૨-૨૩-૨૪

## મનુષ્યોમાં ઉત્પાદ :

હે પ્રભો ! કઈ ગતિના જીવો મનુષ્ય ગતિમાં આવીને જન્મ ધારે છે? જવાબમાં ભગવંતે ફરમાવ્યું કે ચારે ગતિઓના જીવો માટે આ સ્થાન છે. નરકગતિની વક્તવ્યતામાં કેવળ સાતમી નરક ભૂમિના જીવો મનુષ્ય ગતિમાં આવતા નથી. "अहे सतम पुढवि नेरइएहिंतो णो उववज्झति" જ્યારે તત્ત્વાર્થ સૂત્રના ૩-૬ સૂત્રના ભાષ્યમાં "सम्यग्दर्शन सप्तम्योऽपीति" અર્થાત્ સાતમી નરકના નારકો મનુષ્ય જન્મને ધારે છે અને સમ્યગ્દર્શનને મેળવી શકે છે. આ પ્રમાણે આ બન્ને પાઠોનું રહસ્ય કેવળી ભગવંત જાણે.

રત્નપ્રભાના નારકો જઘન્યથી માસ પૃથકત્વ અને ઉત્કૃષ્ટથી એક પૂર્વ કોટિની સ્થિતિવાળા છે જઘન્યથી એક-બે-ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા જીવો મનુષ્યમાં જન્મે છે; કારણ કે નારક જીવો સંમૂર્ચ્છિમ મનુષ્યમાં જન્મતા નથી તથા ગર્ભજ મનુષ્યો સંખ્યાત જ હોય છે. કેવળ વાયુકાય અને અગ્નિકાયના જીવોને છોડી શેષ એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના જીવો મનુષ્ય ભવ પામે છે. ચારે નિકાયના દેવોનો ઉત્પાદ પણ મનુષ્યમાં જાણવો. ૨૨મો ઉદ્દેશો વાણવ્યંતર માટે, ૨૩મો જ્યોતિષ દેવો અને ૨૪મો ઉદ્દેશો વૈમાનિક માટેનો મૂળ સૂત્રથી જાણવું.

ચોવીશ ઉદ્દેશા સાથેનું ચોવીશમું શતક જે કેવળજ્ઞાની સિવાયના બીજા જ્ઞાનીઓ માટે સર્વથા અપ્રત્યક્ષ છે. ચારે ગતિઓના જીવોની ગતિ અને આગતિથી પરિપૂર્ણ છે.

જેનું જ્ઞાન જૈન શાસનથી બહાર બીજે કયાંય જોવા મળી શકે તેમ નથી આ કારણે જ.

દ્વાદશાંગી, દેવ, દાનવ-માનવ અને તેમના અધિપતિઓથી વંદનીય, નમસ્કરણીય, સત્કરણીય અને પૂજનીય છે. તથા સમ્યગ્જ્ઞાનના અભિલાષુકો માટે મનનીય, પઠનીય અને પરાવર્તનીય છે.

**શતક ચોવીશમાનો ઉદ્દેશો ચોવીશમો સમાપ્ત**

## 'સમાપ્તિ વચનમ્'

વિદ્વન્માન્ય, અનેક જીવોને સમ્યગ્જ્ઞાન, દર્શન અને ચારિત્રદાતા, ઉપરિયાલા આદિ તીર્થોના ઉદ્ધારક, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવના જ્ઞાતા, શાસ્ત્રવિશારદ, જૈનાચાર્ય, સ્વ. ૧૦૦૮ શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મ.ના શિષ્ય અનેક ગ્રંથોના લેખક, વક્તા, શાસન દીપક, સ્વ. મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી મ.ના શિષ્યરત્ન ન્યાયવ્યાકરણ કાવ્યતીર્થ, પંન્યાસપદ વિભૂષિત, મુનિશ્રી પૂર્ણાનંદવિજયે (કુમાર શ્રમણે) પોતાના સ્વાધ્યાયની રક્ષાને માટે મતિજ્ઞાનના વિકાસ માટે તથા ભવાંતરમાં પણ શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ સુલભ બને તે માટે ભગવતી સૂત્ર (વ્યાખ્યા-પ્રજ્ઞપ્તિ)ના ૨૪ ઉદ્દેશા સાથેનું ૨૪મું શતક વિક્રમ સંવત ૨૦૩૫ના ભાદરવા વદિ ૧૪ના દિવસે અંધેરીના ઉપાશ્રયે પૂર્ણ કરેલ છે.

"શુભં ભૂયાત્ સર્વેષાં જીવાનામ્
સર્વે જીવાજીવાદિજ્ઞાનં પ્રાપ્નયુઃ"

**卐 શતક ૨૪મું સમાપ્ત 卐**

# શતક ૨૫

## ઉપક્રમ

બાર ઉદ્દેશાઓથી પૂર્ણ પચીસમું આ પ્રસ્તુત શતક રાજગૃહી નગરીમાં ચર્ચાયું છે, જ્યાં દેવાધિદેવ ભગવાન મહાવીરસ્વામીના ચૌદ ચોમાસા થયા છે અને શેષ કાળમાં પણ ઘણીવાર પધારીને આખાય મગધદેશની રાજધાની રાજગૃહી નગરીને, વ્રત-નિયમ અને જુદા જુદા અભિગ્રહપૂર્વકના પચ્ચક્ખાણ વડે માનવ સમાજ ઉપર અમિત ઉપકાર કર્યો છે. આ દેશના રાજાધિરાજ અખંડ પ્રતાપી શ્રેણિક (બિંબીસાર) નામે રાજા હતો. રાજાની-રાજનીતિના સંપૂર્ણ ગુણોથી દીપતો તે રાજા સંધિ અને વિગ્રહમાં ભારે કાબેલ હતો તથા દેશની રક્ષા કરવામાં, પ્રજાને ન્યાયનીતિ અને સદાચાર સંપન્ન બનાવવામાં, દુષ્ટોને દંડ તથા સજ્જન-સાધુ સંત અને ધાર્મિક પંડિતોનું રક્ષણ કરવામાં રાજાએ કોઈ દિવસ પ્રમાદ કર્યો નથી.

જે દેશની રાજનીતિ. (કાનુન કાયદાઓ) પ્રજાના રક્ષણ માટે સ્થાપિત થયેલા ન્યાયાલયો, શિક્ષણાલયો અને સૈનિકોમાં કોઈ જાતે ઢીલાશ, પ્રમાદ કે કર્તવ્યભ્રષ્ટતાનો પ્રવેશ કરવા દેતી નથી, તે દેશ જ સદૈવ ઉન્નતિના સોપાનો સર કરે છે. કેમકે ન્યાયાલયોની પવિત્રતાથી દેશની આંતરિક શક્તિ બીજના ચન્દ્રની જેમ વધે છે અને પ્રજામાં સત્ય તથા સદાચારની મર્યાદાનું પાલન થાય છે. અન્યથા દેશમાં અંધાધુંધી, કર્તવ્યભ્રષ્ટતા, વૈર-વિરોધ રાજ્યના કર્મચારીઓમાં આપસી મનમુટાવ ઉપરાંત રાજાઓમાં, કર્મચારીઓમાં દેશને બરબાદ કરનારા સેંકડો દુર્ગુણો અને દુર્વ્યસનોનો પ્રવેશ સુલભ રહેશે.

શિક્ષણાલયોની અણિશુદ્ધ પવિત્રતાથી પ્રજાનું જનમાનસ તથા બાલક-બાલિકાઓનું યૌવન જીવન ઘડાય છે અને ભાવી નાગરિકોમાં પ્રજામાં તથા રાજ્ય સંચાલકોમાં પણ દેશની વફાદારીનું વર્ધન થાય છે, અન્યથા મશીન, ઉદ્યોગ, કારખાનાઓ દ્વારા વધેલા ભૌતિક પદાર્થોના ઉત્પાદનથી દેશની આઝાદી ટકી શકે તેમ નથી. કાળા સર્પના મુખમાંથી જેમ અમૃત નીકળતું નથી તેમ ભૌતિક સાધનોનું ઉત્પાદન ચાહે કરોડો રૂપીયાઓનું થાય-કે દેશની તીજોરી હુંડિયામણથી ભરાઈ જાય તો પણ દેશના શ્રીમંતોમાં, રાજનૈતિકોના જીવનમાં કોઈ કાળે પણ અમૃતતત્ત્વ અર્થાત્ દૈવી સંપત્તિનો વાસ થતો નથી, પરિણામે એક રાજનૈતિક બીજા રાજનૈતિકનો હાડવૈરી થશે, એક મીનીસ્ટર બીજા મીનીસ્ટરનો ગળામાર શત્રુ થશે અને પરિણામે શ્રીમંત વધારે શ્રીમંત બનીને દેશમાં વૈષમ્યવાદનો રાક્ષસ ઉભો કરશે.

અને સંરક્ષણાલયોની પવિત્રતાથી, દુષ્ટ કાર્યો કરવામાં, દુર્જનતાનો વ્યવહાર આચરવામાં અને હિંસા, જૂઠ, ચોરી, બદમાશીના માર્ગે જતી પ્રજામાં દંડનો ભય ઉત્પન્ન થતાં દેશની આઝાદીનું રક્ષણ થાય છે. જે દેશમાં સૈનિકોનું ગૌરવ સચવાય છે, તે દેશમાં વિગ્રહવાદ ભડકતો નથી. પરિણામે બેન બેટીઓનું, સજ્જન નાગરિકોનું અને પ્રજાની રક્ષા માટે સ્થાપન થયેલા તમામ કાર્યાલયોનું રક્ષણ થતાં તે રાજ્યતંત્રો વ્યવસ્થિત બનીને દેશની આબાદીનું કારણ બને છે.

પોતાના દેશનું વિધાન ( કાનુન કાયદાઓ ) પારકા દેશની સમાન બનાવવું તે ઘણીવાર અસંગત બને છે, તેમ સમજીને શ્રેણિક રાજાએ પોતાના દેશને, પ્રજાને તથા પ્રજાના રીતરિવાજોને અનુકૂળ બને તે પ્રમાણે બનાવ્યું અને તેને પળાવવામાં જ

પોતાનો ધર્મ માન્યો હતો; જેના કારણે મંત્રીઓ, સરસેનાપતિઓ, સૈનિકો, વ્યાપારીઓ વિદ્યાર્થિઓ, શિક્ષકો અને રાજ્ય કર્મચારીઓમાં ક્યાંય પણ મતભેદ કે મનભેદ થતો ન હતો, થતો હોય તો ટકતો ન હતો, માટે જ સૌ પોતાને દેશના સેવક માનીને ધાર્મિક વફાદારીપૂર્વક રાજાની તથા પ્રજાની જાહોજલાલીમાં ભાગીદાર બનતાં હતાં. શ્રેણિક રાજા પોતે દેશની આબાદીના રક્ષણમાં પૂર્ણ જાગૃત હોવાથી શાસનની ધુરા ક્યાંય શિથિલ પડવા ન પામે તેનું ધ્યાન રાખતા હતાં. આ કારણે જ શિક્ષણાલયો સરસ્વતી માતાના ધામ જેવા હોવાથી પ્રત્યેક વિદ્યાર્થી વિદ્યાધ્યયન સિવાય બીજી એકેય પંચાતમાં પડતો ન હતો. કારણ કે વિદ્યાર્થીજીવન જ આધ્યાત્મિક ઉન્નતિનું, સદાચારની પ્રગતિનું અને ગૃહસ્થાશ્રમ જીવનમાં દિવાળીના દીવા પ્રગટ કરાવવાનું મૌલિક કારણ છે, તેમ સમજીને પોતાના વિદ્યાગુરુઓના બહુમાનપૂર્વકના વિનયને જ સરસ્વતી માતાની કૃપાદૃષ્ટિનું ફળ માનનારા હતાં. ગણિતશાસ્ત્રમાં જોડ, બાદબાકી, ગુણાકાર અને ભાગાકાર હોય છે અને સૌથી પહેલાં શિક્ષકો જોડવાનું શિક્ષણ આપે છે. તેવી રીતે વિદ્યાર્થી જીવન જ જોડ જેવું છે. એટલે કે જીવનના સદ્‌ગુણોનું તથા વીર્યધનનું વર્ધન થાય તેવી રીતે તે જીવનને પવિત્ર બનાવવાનું ધ્યેય વિદ્યાર્થી જીવનને જ અનુકૂળ છે તેમ સમજીને મગધ દેશના શિક્ષણાલયો દેશના ઘડતરમાં મુખ્ય કારણરૂપ હતાં.

સૈનિકો અને સેનાપતિઓ એકમત થઈને દેશને ગુંડા તત્ત્વોથી કેમ બચાવવો? તે માટે જાગૃત હતાં. સામે દેખાતો કે અનુભવાતો ગુંડો, બદમાશ, ચોર, વ્યભિચારી, આદિને દંડ દેવામાં જ રાજધર્મ રહેલો છે. તે માટે રાજા તરફથી સૈનિકને આજ્ઞા હતી કે, દુષ્ટ માનવને સખત સજા કરવી અને સજ્જન તથા સ્ત્રીનું પૂર્ણ રક્ષણ કરવું.

ન્યાયાલયો ઈશ્વરના ધામ જેવા હોવાથી પ્રજા પૂર્ણરૂપે આબાદ હતી અને રાજનીતિ દેશને આબાદ કરવામાં સહાયક હતી. લાંચરૂશ્વત દ્વારા પ્રજાને હેરાન કરે તેવા કાયદાઓ ન હોવાના કારણે પ્રજા પૂર્ણ સુખી અને સંતોષી હતી, વ્યાપાર-નીતિમાં કોઈ વ્યાપારી ખરીદનારને હેરાન ન કરે તથા અનાજનો, કાપડનો, તેલ–ગોળ આદિ કોઈ પણ વસ્તુનો અભાવ ન દેખાડે તે માટે રાજા પોતે પોતાની સુખશાંતિને તિલાંજલી આપી ગુપ્તચરો પાસેથી જાણકારી મેળવનાર હતો. સારાંશ કે પ્રજા પાસેથી થોડું લઈને ઘણું ઘણું પ્રતિદાન કરનાર શ્રેણિક મહારાજાની બુદ્ધિ, પ્રતિભા, શૂરવીરતા તથા રાજનીતિપરાયણતા પ્રશંસાને પાત્ર હતી.

તે કાળે તે સમયે ભગવાન મહાવીરસ્વામીના અનન્ય ઉપાસક, વૈશાલી ગણતંત્રના અધિનાયક ચેટક (ચેડા) રાજાને જૈનત્વની પરમોપાસિકા, અહિંસા, સંયમ અને તપોધર્મના રંગે રંગાયેલી સાત પુત્રીઓ હતી. તેમાંથી એક 'ચેલ્લણા' જે શ્રેણિક રાજાની ધર્મપત્ની હતી, પોતાની કુશાગ્ર અને ધાર્મિક બુદ્ધિની સમજાવટથી તે શ્રેણિક રાજાને પણ મહાવીરસ્વામીના ચરણોમાં લાવવા માટે સમર્થ બનવા પામી અને રાજા પણ જૈનત્વપૂર્ણ જૈનધર્મનો રાગી બન્યો. તે રાજાના પાંચસો મંત્રીઓમાં અભયકુમાર પ્રધાનમંત્રી હતો, સદ્‌બુદ્ધિ અને સદ્‌વિવેક સમ્પન્ન તે મંત્રીએ મગધ દેશમાંથી અનિષ્ટ તત્ત્વોને નાબૂદ કરીને ધાર્મિક મર્યાદાઓની સ્થાપના કરી હતી.

તે કાળે તે સમયે દેવાધિદેવ ભગવાન મહાવીરસ્વામીએ ૧૪ ચાતુર્માસો આ ભૂમિ પર કરેલા હોવાથી, સર્વત્ર અહિંસા ધર્મનો ધ્વનિ, સંયમ ધર્મનો જય જયકાર અને તપોધર્મની ભેરી વાજતી ગાજતી રહેતી હતી. ફળ સ્વરૂપે શ્રીમંતાઈના

નશામાં જીવનયાપન કરનારા શ્રીમંતો, સત્તાના ઘમંડમાં મદમસ્ત બનેલા સત્તાધારીઓ, તથા કામદેવના ઝૂલણે ઝૂલતી રાજરાણીઓ શ્રીમંત પત્નીઓ, તેમની પુત્રીઓ, કુળવધુઓ, સંસારવાસનો ત્યાગ કરીને સંયમ પંથના મુસાફર બન્યા હતાં. આ પ્રમાણે વિશાળ મુનિ સંઘ, સાધ્વી સંઘ, અને અસંખ્યાત દેવ-દેવી, ઈન્દ્ર તથા ઇન્દ્રાણીઓની સેવાથી સેવિત ભગવાન મહાવીરસ્વામી રાજગૃહી નગરીમાં પધાર્યા છે.

## યજ્ઞ કોને કહેવાય ?

મનુષ્યાવતારમાં સદ્બુદ્ધિ તથા સદ્વિવેકના માધ્યમથી પુણ્ય પવિત્ર જીવનને સમાપ્ત કરી દેવલોકના સ્વામી બનેલા દેવો, દેવીઓ, ઇન્દ્રો અને ઇન્દ્રાણીઓ એ પુણ્ય કર્મ પ્રમાણે આર્થિક અને કામિક સંબંધી પૌદ્ગલિક લબ્ધિઓ, ઋદ્ધિઓ, શક્તિઓ અને મહાશક્તિઓ ઉપરાંત ઘણાં ઘણાં સુખસાધનો મેળવેલા હોવા છતાં પણ તેઓ વિવેકબુદ્ધિવાળા હોવાના કારણે સમજતા હતાં કે ' क्षिणेपुण्ये ' मर्त्यलोकं विशन्ति " આ ન્યાયે એક દિવસ અમારા માટે એવો પણ આવશે જેનાં કારણે ' આ અમારી અત્તરની વાવડીઓ દેવલોકના સુખો, દેવીઓના ભોગવિલાસો, ઉપરાંત કપુરની ગોટી જેવા અમારા શરીરો ફરીથી માતાની કુક્ષિરૂપી ગંદી કોટડીમાં ઉંધે માથે નવ મહિના સુધી કારાવાસને ભોગવનારા બનવા પામશે. જ્યાં મળ-મૂત્ર લોહી, ચરબી, કફ, પિત્ત, આદિ ગંદા પદાર્થો સિવાય બીજું કંઇ પણ નથી. માટે અરિહંતોના પંચ કલ્યાણકોમાં, નંદીશ્વર જેવા મહાતીર્થોમાં તેમજ મુનિધર્મ કે સાધ્વીધર્મની રક્ષા કરવામાં તેઓ પોતાનો ધર્મ સમજતા હોવાથી પુણ્યકર્મના વૈભવ

વિલાસોને ભાડુતી સુખ માનનારા હોય છે. તેથી તેઓ દેવાધિદેવ અરિહંત પરમાત્માઓની સેવામાં હાજર રહેતાં હોય છે. હાજરી પણ કોરીધાકોર જેવી નહીં પરંતુ તીર્થંકર પરમાત્માઓ જે જે રસ્તે પધારતા ત્યાંથી રસ્તામાં વિખરાયેલા કાંટા, કાંકરા પત્થરો આદિને દૂર કરી સુગંધી પાણીનું છંટકાવ કરતા હતાં અને તે પરમાત્માઓના ચરણ કમળો સુવર્ણ કમળ પર રહે તેવા કમળોની રચના કરતા. પોતાનું જીવન જે રીતે પવિત્ર બને તે રીતે કરવામાં ક્યાંય પણ આળસ, પ્રમાદને કરનારા ન હતાં; માટે જ પોતાની દેવદુંદુભીના નાદ વડે પ્રમાદમાં પોઢેલા માનવ સમાજને જાગૃત કરતા કહેતાં હતાં કે, હે માનવો! તમે પ્રમાદ અને નિદ્રાને ત્યાગો અને મોક્ષનગરીના સાર્થવાહ સમા દેવાધિદેવના સમવસરણમાં આવો અને સાચા ધર્મને, યજ્ઞને, ઓળખાવનારા તેમના ઉપદેશને શ્રદ્ધાપૂર્વક સાંભળો. એ યાદ રાખજો કે: પત્થર ઉપર સિંદુર મારી પના કે બીજા દ્રવ્યો વડે પૂજાયેલા કે પૂજેલાને દેવ માનીને તમે તમારી જીભ ઇંદ્રિયના ગુલામ બની ગમે તેટલા બકરા, ઘેટાં, કુકડા, પાડા અને બત્રીસ લક્ષણા માનવોને બલિદાનની વેદી પર ચડાવશો તેવા યજ્ઞો એકવાર નહીં પણ હજારવાર જુઠા છે, પાપ છે, મહા પાપ છે. તમે પ્રત્યક્ષ જુઓ છો કે તમારા તીક્ષ્ણ શસ્ત્ર દ્વારા કપાયેલા જાનવરોના રતિમાત્ર માંસને ખાવા માટે કોઇ પણ દેવતા આવતો નથી, માટે સમજવું સરળ છે કે કેવળ ઇન્દ્રિયોના ગુલામો વડે, માંસાહારના પક્ષાંધો વડે રાજસત્તા કે શ્રીમંતોના ગુલામ બનેલા પોથા પંડિતો વડે આવા પ્રકારના કુત્સિત, નિંદનીય, હિંસક અને દુરાચારવર્ધક યજ્ઞોની પ્રથાનો પ્રારંભ થયો છે. માટે હે માનવો! તમે સદ્બુદ્ધિના વારસદાર બનો, વિવેકનો દીપક તમારા હૈયામાં પ્રગટાવો, અને સમજો કે આવા હિંસક અને પાપોનો ફેલાવો

કરે તેવા યજ્ઞો તમને કોઈ કાળે મનુષ્ય શરીરમાં પણ દેવ બનાવી શકે તેમ નથી, તો પછી મર્યા પછી તમે દેવ શી રીતે બનશો? અને આવો ઉત્તમ મનુષ્યભવ પ્રાપ્ત કર્યા પછી યદિ તમે દૈવી સંપત્તિ ન મેળવી શક્યા તો ગીતા પણ તમને શી રીતે દેવ બનાવશે? પરિણામે તમારું મહાભારત કહે છે તેમ મરનારા પશુના શરીરમાં જેટલા રૂવાંટા છે તેટલા વર્ષો સુધી નરકના ખાડામાં પડીને યમદૂતોનો માર જ તમારા ભાગ્યમાં રહેશે.

યજ્ઞ શબ્દ 'યજ્' ધાતુથી બનેલો છે અને તેનો અર્થ દેવપૂજા, સંગતિકરણ અને દાન દેવામાં થાય છે. દેવપૂજા એટલે આપણા જીવનમાં હિંસા, હિંસકતા, બીજાઓનું મારણ, તાડન, તર્જન, પીડન આદિ હિંસકવૃત્તિ અને પ્રવૃત્તિ સમાપ્ત થાય અને દયા, અહિંસા આદિ દૈવી સંપતિના ગુણો વિકાસ પામે, વૃદ્ધિ પામે તે દેવપૂજા છે. સંગતિકરણ એટલે ૮૪ લાખ જીવાયોનિના જીવો સાથે મૈત્રી અને ધર્મભાવનાપૂર્વકનો વ્યવહાર કરવો. પરસ્પર આદાનપ્રદાન કરીને માનવ-પશુ-પક્ષી આદિ નાનામોટા જાનવરોના મિત્ર બનીને સૌનું રક્ષણ કરે તે મિત્ર કહેવાય છે, તથા 'દાન'નો અર્થ છે કે તમારી પાસે જે કંઇ હોય તે બીજાને આપવું, જેથી માનવ સમાજમાં વૈષમ્યવાદની ઉત્પત્તિ અને વૃદ્ધિ થવા ન પામે, કારણ કે વૈષમ્યવાદ હિંસકનું લક્ષણ છે અને સામ્યવાદ અહિંસક છે. એક માનવ બીજા માનવને આપે અને બીજો ત્રીજાને આપે તો હિંસા, જૂઠ, ચોરી, મૈથુન અને પરિગ્રહના પાપો પોતાની મેળે જ કમજોર થતાં માનવ, બીજા માનવનો મિત્ર બનશે. તીર્થંકર પરમાત્માઓએ કહ્યું કે આવો યજ્ઞ જ શ્રેષ્ઠ યજ્ઞ છે.

ગૌતમગોત્ર જેવા પવિત્ર ગોત્રમાં જન્મેલા, સાત હાથના

ઉંચા શરીરવાળા, ચૌદ વિદ્યાના પારંગત, ઇન્દ્રભૂતિ નામે પ્રથમ ગણધર હતાં. જે પોતાના મનઃપર્યવજ્ઞાન વડે સમવસરણમાં બેઠેલાઓના મનના પર્યાયોને જાણીને ભગવાન મહાવીરસ્વામીને પ્રશ્નો કરતાં હતાં.

આ શતકમાં બાર ઉદ્દેશા નીચે પ્રમાણે છે.

(૧) પહેલા ઉદ્દેશામાં લેશ્યા સંબંધી વિચાર છે.

(૨) બીજામાં દ્રવ્યોની વક્તવ્યતા છે.

(૩) ત્રીજામાં સંસ્થાનોની વાત છે.

(૪) ચોથા ઉદ્દેશામાં કૃતયુગ્માદિ પદાર્થોનું વિવરણ છે.

(૫) પાંચમામાં પર્યાયો માટેનું કથન છે.

(૬) પુલાક આદિ પાંચે નિગ્રન્થો સંબંધી વિચાર કર્યો છે.

(૭) સામાયિકાદિ સંયતોની વિચારણા છે.

(૮) નારકાદિનું વક્તવ્ય છે.

(૯–૧૦) ભવ્ય અને અભવ્યના ઉદ્દેશા છે.

(૧૧) સમ્યગ્દૃષ્ટિ નારકો માટે વિચાર કરાયો છે.

(૧૨) મિથ્યાદૃષ્ટિ માટે છે.

# શતક ૨૫ : ઉદ્દેશો–૧

## લેશ્યાઓ માટેની વક્તવ્યતા :

હે પ્રભો ! લેશ્યાઓ કેટલી કહી છે ?

જવાબમાં ભગવંતે છ લેશ્યા ફરમાવી છે. તે આ પ્રમાણે : કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા, કાપોતલેશ્યા, તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને શુક્લલેશ્યા. આ પ્રકરણને પ્રજ્ઞાપના સૂત્રના ૧૭મા લેશ્યા પદના બીજા ઉદ્દેશા દ્વારા જાણી લેવાની ભલામણ કરી છે. અલ્પ બહુત્વ પણ ત્યાંથી જાણવું. દેવો તથા દેવીઓને પરસ્પર કઈ લેશ્યા કોનાથી અલ્પ અને બહુ છે, ત્યાં સુધી આ પ્રકરણ જાણવું.

નૈરયિકોને ( નરકના જીવોને ) પહેલાની ત્રણ લેશ્યા, તિર્યંચોને છ લેશ્યા, એકેન્દ્રિયોને ચાર લેશ્યા, પૃથ્વીકાયિક, અપ્કાયિક અને વનસ્પતિકાયિકોને ચાર લેશ્યા, જ્યારે અગ્નિ-કાયિક, વાયુકાયિક, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચતુરિન્દ્રિય જીવોને નારકની જેમ જાણવા. સંમૂર્ચ્છિમ ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિયોને છ લેશ્યા દેવોને છ લેશ્યા, દેવીઓને ચાર લેશ્યા, વૈમાનિકોને તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને શુક્લલેશ્યા નામે ત્રણ લેશ્યા છે.

શુક્લલેશ્યાના સ્વામીઓ સૌથી થોડા છે. તેનાથી પદ્મ લેશ્યાવાળા સંખ્યાત ગુણા છે. તેનાથી તેજો લેશ્યાવાળા સંખ્યાત ગુણા છે. તેનાથી લેશ્યા વિનાના સિદ્ધ જીવો અનંત ગુણા છે. તેનાથી કાપોત લેશ્યાવાળા અનંત ગુણા નીલ લેશ્યાવાળા વિશેષાધિક જાણવા અને કૃષ્ણ લેશ્યાના માલિકો તેનાથી પણ વિશેષાધિક છે. શેષ વર્ણન પહેલા ભાગમાં વિસ્તારથી ચર્ચાયુ છે.

ભગવતી સૂત્રના પહેલા શતકમાં લેશ્યાઓ કહેવાઈ છે. તો અહીં ફરીથી શા માટે ? જવાબમાં જાણવાનું કે આગળના પ્રશ્નમાં સંસારવર્તી જીવોના ૧૪ પ્રકારમાં તેમનામાં રહેલા યોગનું અલ્પબહુત્વ કહેવાશે. તેથી તેના સંબંધને લઇ લેશ્યાઓનું અલ્પબહુત્વ કહેવાયું છે.

## જીવોના ભેદો કેટલા ?

હે પ્રભો ! જીવો કેટલા પ્રકારે કહ્યાં છે ?

હે ગૌતમ ! ૧૪ રાજલોક પ્રમાણ આ સંસારમાં રહેલા અનંતાનંત જીવો ૧૪ પ્રકારના છે. એટલે કે ૧૪ ભેદોમાં અનંતાનંત જીવોનો સમાવેશ થાય છે. તે આ પ્રમાણે :– ( ૧ ) સૂક્ષ્મ અપર્યાપ્ત એકેન્દ્રિય ( ૨ ) સૂક્ષ્મ પર્યાપ્ત એકેન્દ્રિય ( ૩ ) બાદર અપર્યાપ્તક એકેન્દ્રિય ( ૪ ) બાદર પર્યાપ્તક, ( ૫ ) બેઇન્દ્રિય અપર્યાપ્તક, ( ૬ ) બેઈન્દ્રિય પર્યાપ્તક, આ પ્રમાણે તેઈન્દ્રિય, ચતુરિન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિય તથા સંજ્ઞી પંચેન્દ્રિયના પર્યાપ્તક અને અપર્યાપ્તક ભેદે ૧૪ ભેદ થાય છે. જે નવતત્ત્વની ચોથી ગાથામાં પણ વર્ણિત છે.

एगेंदिय सुहुमियरा, सन्नियर पणिंदिया य सबितिचउ ।
अपज्जता पज्जता, कमेण चउदस जियट्ठाणा ॥

જીવ માત્રને શરીરાદિ પ્રાપ્ત કરવા માટે જૈન શાસનમાં નામકર્મની મર્યાદા છે. તે શુભ અને અશુભ બે પ્રકારે છે. ગત ભવોમાં મહાભયંકર પાપકર્મોના કારણે ઉપાર્જિત સૂક્ષ્મ નામકર્મ જ્યારે ઉદયમાં આવે છે, ત્યારે જીવને સૂક્ષ્મ શરીરની પ્રાપ્તિ થાય છે. અહીં સૂક્ષ્મ આપેક્ષિક નહીં પરન્તુ સ્વાભાવિક સમજવું. જેથી ઘણા જીવોના ઘણા શરીરો ભેગા થયે છતે પણ

કોઇને દેખવામાં આવતા નથી, સ્પર્શમાં આવતા નથી, તેમજ તેમનો ઘાત શસ્ત્રાદિ વડે પણ થતો નથી તેમજ તેઓથી પણ કોઇનો ઘાત થતો નથી. ૧૪ રાજલોક સંસારમાં સૂક્ષ્મ નામકર્મવાળા જીવો કાજલની ડબીમાં રહેલા કાજલની જેમ વ્યાપ્ત બનીને રહેલા છે. લોકાકાશમાં ચાહે પછી રાજાનો રાજમહેલ હોય, શ્રીમંતોનો રંગમહેલ હોય, સાધુ મહારાજોનો ઉપાશ્રય હોય કે, ગૃહસ્થોનો બાથરૂમ કે રસોઈઘર હોય, દુકાન-હાટ-હવેલી હોય, સારાંશ કે કોઈપણ જગ્યા એવી નથી કે જ્યાં સૂક્ષ્મ જીવો ઠાંસી ઠાંસીને ભરેલા ન હોય. તેમ છતાં પણ તેઓ કોઇને દેખાતા નથી, સ્પર્શાતા નથી અને બળતા અગ્નિમાંથી પણ તેઓ સુખે પસાર થઇ શકે છે. આ જીવોની હત્યા કેવળ માનસિક અશુભ અધ્યવસાયોને જ આધીન છે. પૃથ્વી, અપ્, અગ્નિ, વાયુ અને વનસ્પતિ આ પાંચે એકેન્દ્રિય જીવોને જ સૂક્ષ્મ શરીરની પ્રાપ્તિ થાય છે. છદ્મસ્થોની ચક્ષુઓથી સર્વથા અદૃશ્ય જીવરાશિઓ જે અનંત સંખ્યામાં છે તે કેવળ જ્ઞાનીઓના કેવળજ્ઞાનમાં જ દૃશ્ય બને છે. માટે શ્રદ્ધાગમ્ય તત્ત્વને શ્રદ્ધાથી જ માનવું શ્રેયસ્કર છે.

બાદર જીવરાશિ બાદર નામકર્મને આધીન હોવા છતાં પણ કેટલાય બાદર જીવો સામાન્યતઃ ચક્ષુગોચર હોતા નથી કેવળ સ્પર્શ માત્રથી જ તેઓ કલ્પી શકાતા હોય છે. સૂક્ષ્મ નામ· કર્મમાં પ્રબળ પાપકર્મની પ્રધાનતા છે અને બાદર નામકર્મમાં તરતમ જોગે પુણ્યકર્મની પ્રધાનતા છે. પૃથ્વી, અપ્, તેજ, વાયુ અને વનસ્પતિના જીવો બાદર નામ કર્મના કારણે બાદર પણ હોય છે, તથા વિકલેન્દ્રિયો (બે-ત્રણ-ચાર ઇન્દ્રિયવાળા) પણ બાદર છે. જે ચૌદ રાજલોકમાં વ્યાપ્ત નથી પણ અમુક નિયત ભાગમાં જ તેમની વિદ્યમાનતા છે. તેમનું છેદન, ભેદન,

મારણ-તાડન, તર્જન, હનન આદિ મન-વચન અને કાયાથી થઈ શકે છે. આ કારણે જ અરિહંતોનું કથિત સંયમસ્થાન સર્વોત્કૃષ્ટ હોવાથી અહિંસા ધર્મની પૂર્ણ આરાધના કરવામાં શ્રેષ્ઠ અને અદ્વિતીય છે.

## જીવોમાં યોગનું અલ્પબહુત્વ કઈ રીતે છે ?

હે પ્રભો! ઉપર બતાવેલા ૧૪ પ્રકારના જીવોમાં યોગ વિષયક અલ્પ બહુત્વની વ્યવસ્થા શી છે?

જવાબમાં પરમાત્માએ ફરમાવ્યું કે હે ગૌતમ! જઘન્ય અને ઉત્કૃષ્ટથી કયા જીવમાં કોનાથી યોગનું અલ્પત્વ છે અને બહુત્વ છે તે આ પ્રમાણે જાણવું.

(૧) સૂક્ષ્મ અપર્યાપ્તક એકેન્દ્રિય જીવોમાં યોગનું અલ્પત્વ જઘન્યથી સૌથી થોડું છે.

(૨) બાદર અપર્યાપ્તક જીવોમાં યોગ તેનાથી અસંખ્યેય ગુણા છે.

(૩) બેઇન્દ્રિય અપર્યાપ્તક જીવોમાં તેનાથી અસંખ્યેય ગુણા છે.

(૪) તેઇન્દ્રિય જીવોમાં તેનાથી અસંખ્યેય ગુણા જાણવું.

(૫) ચતુરિન્દ્રિય જીવોમાં તેનાથી અસંખ્યેય ગુણા જાણવું.

(૬) તેનાથી અસંજ્ઞી પંચેન્દ્રિય અપર્યાપ્તક અસંખ્યેય ગુણા જાણવું.

(૭) સંજ્ઞી પંચેન્દ્રિય અપર્યાપ્તકનું તેનાથી અસંખ્યેય ગુણા જાણવું.

(૮) સૂક્ષ્મ એકેન્દ્રિય પર્યાપ્તકનો જઘન્ય યોગ અસંખ્યેય ગુણ છે.

(૯) બાદર પર્યાપ્તક એકેન્દ્રિયનો તેનાથી અસંખ્યેય ગુણા છે.

(૧૦) સૂક્ષ્મ અપર્યાપ્તક એકેન્દ્રિયનો ઉત્કૃષ્ટયોગ અસંખ્યેય ગુણા જાણવો.

(૧૧) તેનાથી બાદર અપર્યાપ્તક એકેન્દ્રિયનો ઉત્કૃષ્ટથી અસંખ્યેય ગુણા છે.

(૧૨) સૂક્ષ્મ પર્યાપ્તક એકેન્દ્રિયનો ઉત્કૃષ્ટ યોગ અસંખ્યેય ગુણા છે.

(૧૩) બાદર પર્યાપ્તક એકેન્દ્રિયનો ઉત્કૃષ્ટયોગથી અસંખ્યેય ગુણા છે.

૧૪) બેઇન્દ્રિય પર્યાપ્તકનો જઘન્ય યોગ તેનાથી અસંખ્યેય ગુણા છે.

(૧૫) તેઇન્દ્રિય પર્યાપ્તકનો જઘન્ય યોગ તેનાથી અસંખ્યેય ગુણા છે.

(૧૬) ચઉરીન્દ્રિય પર્યાપ્તકનો જઘન્યયોગ અસંખ્યેય ગુણા છે.

(૧૭) અસંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તક જઘન્યથી અસંખ્યેય ગુણા છે.

(૧૮) સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તકનો જઘન્ય યોગ તેનાથી અસંખ્યેય ગુણા છે.

(૧૯) બેઇન્દ્રિય અપર્યાપ્તક ઉત્કૃષ્ટથી અસંખ્યેય ગુણા છે.

(૨૦) તેઇન્દ્રિય અપર્યાપ્તક ઉત્કૃષ્ટથી અસંખ્યેય ગુણા છે.

(૨૧) ચઉરિન્દ્રિય અપર્યાપ્તક ઉત્કૃષ્ટથી અસંખ્યેય ગુણા.

(૨૨) અસંજ્ઞી પંચેન્દ્રિય અપર્યાપ્તક ઉત્કૃષ્ટથી અસંખ્યેય ગુણા.

(૨૩) સંજ્ઞી પંચેન્દ્રિય અપર્યાપ્તક ઉત્કૃષ્ટથી અસંખ્યેય ગુણા.

(૨૪) બેઇન્દ્રિય પર્યાપ્તક ઉત્કૃષ્ટથી અસંખ્યેય ગુણા છે.

(૨૫) તેઇન્દ્રિય પર્યાપ્તક ઉત્કૃષ્ટથી અસંખ્યેય ગુણા છે.

(૨૬) ચઉરિન્દ્રિય પર્યાપ્તક ઉત્કૃષ્ટથી અસંખ્યેય ગુણા.

(૨૭) અસંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તક ઉત્કૃષ્ટથી અસંખ્યેય ગુણા.

(૨૮) સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તક ઉત્કૃષ્ટથી અસંખ્યેય ગુણા.

ઉપર પ્રમાણે ક્રમશઃ એક એકથી અસંખ્યેય ગુણા વધારે જાણવા. જઘન્યથી સર્વથા અલ્પ યોગ સૂક્ષ્મ અપર્યાપ્તક એકેન્દ્રિયનો છે અને ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ યોગ સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તકોનું જાણવું.

## જૈન શાસનમાં જીવનું લક્ષણ :

પ્રસ્તુત પ્રશ્ન વીર્યના નિર્ણય માટે હોવાથી અને વીર્ય (પરાક્રમ) જીવનું જ લક્ષણ હોવાથી જીવાત્માને છોડી વીર્ય બીજે ક્યાંય રહેતું નથી. "યત્ર યત્ર જીવઃ તત્ર તત્ર વીર્યમ્" જ્યાં જ્યાં જીવ છે ત્યાં ત્યાં વીર્ય હોય જ છે. અને વીર્યની ચેષ્ટા જ્યાં દેખાય તે જીવ જ છે. કેમકે લક્ષણ પોતાના લક્ષ્યને છોડીને બીજે સ્થળે રહેતું નથી, માટે વીર્ય તેનું લક્ષણ છે. તેથી જીવનો નિર્ણય વીર્યના લક્ષણથી જ થાય છે. પ્રાણ વિનાના મડદામાં વીર્ય જોવાતું નથી અને પ્રયત્ન વિશેષથી પણ મડદા આદિ જડ પદાર્થોમાં વીર્ય દાખલ કરાતું નથી.

આત્મામાં ચાલવાનું, ફરવાનું, ખાવાનું, પીવાનું, ઊઠવાનું, બેસવાનું અને સુવાનું આદિ જે પરિસ્પંદ દેખાય છે તે વીર્ય–એટલે વીર્યાંતરાયના કર્મના ક્ષયોપશમને આભારી છે, જે આત્માનું સ્વતત્વ–સ્વભાવ છે. તેમ છતાં આ વીર્ય કોઇપણ જીવમાં એક સમાન હોતું નથી, માટે જ સૌ જીવોમાં સૌ કરતાં વિશેષ કે અલ્પ ફેરફાર સ્પષ્ટ દેખાઈ આવે છે, જે પૂર્વમાં ઉપાર્જિત વીર્યાન્તરાય કર્મને આભારી છે. વીર્ય આત્માની શક્તિ વિશેષ છે તો તેનો અવરોધક વીર્યાંતરાય કર્મ છે. જેનાથી હજારો મનસુબા કરનાર જીવને એકેય કાર્યમાં સફળતા મળતી નથી. કર્મોના વાદળાએ આવે છે, વૃદ્ધિ પામે છે અને ખસી પણ જાય છે. તેથી કોઈ જીવમાં વીર્ય (પરાક્રમ) એક પૈસા જેટલું હોય તો વીર્યાંતરાય કર્મ ૯૯ પૈસા જેટલું પણ દેખાય છે. જ્યારે બીજા જીવમાં ૯૯ પૈસા જેટલું વીર્ય છે તો એક પૈસા જેટલું વીર્યાંતરાય કર્મ પણ દેખાય છે. સમયે સમયે આ બંને તત્ત્વની હાનિ વૃદ્ધિ થતી હોય છે. આજનો મડદાલ, આળસુ અને લમણે હાથ દઇ બેસનારો આવતી કાલે પુરુષાર્થી, ચાલાક અને બળવાન બનીને કોઇનાથી ગાંજ્યો જતો નથી. ઇત્યાદિક કાર્યમાં વીર્યાંતરાય કર્મ અને તેનો ક્ષયોપશમ જ મુખ્ય કારણ છે. સૂક્ષ્મ અપર્યાપ્તક એકેન્દ્રિય જીવને મહાપાપનો ઉદય વર્તતો હોવાથી પાપજન્ય સૂક્ષ્મ નામકર્મ, અપર્યાપ્તક નામકર્મ અને એકેન્દ્રિય જાતિ નામકર્મનો ઉદય વધારે પડતો હોવાથી તેમનામાં વીર્યાંતરાય કર્મનો પણ તીવ્રોદય વર્તતો હોય છે. જ્યારે સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તક ભાગ્યશાળી જીવ યદિ સદ્‌ગુરુ સેવી છે, ઇન્દ્રિય તથા મનને સ્વાધીન કરનાર છે, તો તેમને વીર્યાંતરાય કર્મનો ક્ષયોપશમ ૯૯ પૈસા જેટલો ઉદયમાં વર્તતો હોય છે અને સંભવ છે કે

વીર્યાંતરાય કર્મનો સર્વથા ક્ષય કરવા માટે પણ સમર્થ બની શકે છે.

તે કર્મનો સર્વથા ક્ષય થયા પછી સિદ્ધના જીવો વીર્ય વિનાના થઈ જતા હશે? તેની શંકા કોઈએ કરવી નહીં; કેમકે અનંતવીર્ય(અનંત શક્તિ)નો અવરોધ કર્મ જે વીર્યાંતરાય હતો તેનો સમૂળ નાશ જ્યારે થાય ત્યારે તે આત્મા અનંત-વીર્યનો માલિક બને છે.

## એક સમયમાં ઉત્પન્ન થયેલા નારકો શું સમયોગી છે?

હે પ્રભો! ઋજુગતિથી કે વિગ્રહગતિથી એક સમયમાં ઉત્પન્ન થયેલા બે નારકો (નારક જીવો) શું સમાન યોગવાળા અથવા વિષમ યોગવાળા થાય છે?

જવાબમાં ભગવંતે ફરમાવ્યું કે હે ગૌતમ! નરકગતિમાં ઉત્પન્ન થનારા નારકો આહારક અને અનાહારક બે જાતના હોય છે. ઋજુગતિથી ઉત્પન્ન થયેલા હોવાથી તે આહારક છે અને વક્રગતિવાળા એકાદ સમયને માટે પણ અનાહારક છે. તે અનાહારક નારક કરતાં આહારક નારક અધિક યોગવાળો છે અને બંને યદિ ઋજુ ગતિવાળા છે કે વક્ર ગતિવાળા છે તો તેઓ સમાનયોગી છે. અહીં પણ યોગનો અર્થ વીર્યાન્તરાય કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થતું આત્માનું પરિસ્પંદન, કંપન સમજવું. આહારક નારકના પુદ્ગલોનો ઉપચય થયો હોવાથી અને અનાહારકને ન થયો હોવાથી બંનેની ચેષ્ટામાં હીનત્વ કે અધિકત્વ અનુભવાય છે, વ્યવહારમાં પણ અનુભવાય છે કે આપણા પેટમાં ચા, નાસ્તો, પુરી, પકોડી, મિષ્ટાન્નની સાથોસાથ ભાવનગરી ફાફડા, પાપડી, ચવાણું, ગાંઠીયા વગેરે પદાર્થો

પડ્યાં હોય અને ત્યાર પછી ચોપાટી કે કાંકરીયા તલાવની સફર કરવા નીકળ્યા હોય તો ચાલવામાં, બેસવામાં, સમુદ્રની મસ્તી જોવાની કે મંડળી સાથે ગપ્પા મારવામાં આનંદનો વધારો થશે, જે ભૂખ્યા પેટે કે દીવેલ પીધા મોઢે ફરનારા કરતાં ઘણો વધારે હોય છે, કેમકે સર્વત્ર આહાર પાણીની જ માયા છે. બે ચાર કલાક સુધી ભૂખ્યા પેટે આહાર ન પડ્યો હોય ત્યારે આપણા હાથપગ પણ નિષ્ક્રિય જેવા થઈ જાય છે. આંખે અંધારા આવે છે, કાનમાં બહેરાશ આવે છે, ત્યારે જ કહેવું પડ્યું છે ને,

"ભૂખ રાંડ ભૂંડી, આંખ જાય ઊંડી;
પગ થાય પાણી અને આસું આવે તાણી."

આમ છતાં પણ જે ભાગ્યશાળીઓએ સંયમની આરાધના કરી છે, આત્માના વિજેતા બન્યા છે, તેઓને આહાર સંજ્ઞા નામની જીવતી ડાકણ કાંઈ પણ કરી શકતી નથી. તેમના પેટમાં આહાર હોય કે ન હોય અથવા છતે સાધને જ્ઞાનપૂર્વક ઉપવાસ, એકાસણ કે આયંબીલ કરનારા સંયમી જીવો બે બે કલાક સુધી ઊભા રહીને ધ્યાન કરી શકે છે અને સૌની સાથે મિઠાશભર્યો વ્યવહાર આચરી શકે છે.

નારકો માટે પ્રશ્ન હોવા છતાં ભગવતી સૂત્રકાર પોતે જ ચોવીસ દંડકોના જીવોમાં આહારક અને અનાહારકના કારણે યોગોમાં હીનતા, અધિકતા કે સમાનતા સમજી લેવા માટે ભલામણ કરે છે.

## યોગ કેટલા પ્રકારે છે?

હે પ્રભો! આપશ્રીના શાસનમાં યોગો કેટલા કહેવાયા છે?

હે ગૌતમ ! મારાથી પૂર્વવર્તી તીર્થંકરોએ અને હું પણ યોગોને પંદર પ્રકારે કહું છું, તે નીચે પ્રમાણે છે :

### મનોયોગ-૪

(૧) સત્ય મનોયોગ
(૨) અસત્ય મનોયોગ
(૩) સત્યા મૃષાયોગ
(૪) અસત્યા મૃષાયોગ

### વચનયોગ-૪

(૫) સત્ય વચનયોગ
(૬) અસત્ય વચનયોગ
(૭) સત્યા મૃષા વચનયોગ
(૮) અસત્યા મૃષા વચનયોગ

### કાયયોગ ૭

(૯) ઔદારિક શરીર યોગ
(૧૦) ઔદારિક મિશ્ર શરીર યોગ
(૧૧) વૈક્રિય કાય યોગ
(૧૨) વૈક્રિય મિશ્ર કાય યોગ
(૧૩) આહારક કાય યોગ
(૧૪) આહારક મિશ્ર કાય યોગ
(૧૫) કાર્મણ શરીર યોગ

આ સૂત્રમાં અને આનાથી પહેલાના બન્ને સૂત્રોમાં યોગનો અર્થ મન-વચન-કાયા કરવાનો નથી, પણ વીર્યાંતરાય કર્મના ક્ષયોપશમને લઇ આત્મામાં જ સૂક્ષ્મ ( ન કલ્પી શકાય તેવા ) કે બાદર ( કલ્પી શકાય તેવા ) પરિસ્પંદ, સ્ફૂરણ, કંપન, હુલન કે ચલન આદિ જે વિવિધ પ્રકારની ચેષ્ટાઓ થાય છે તે અર્થમાં યોગ શબ્દ વ્યવહૃત થયેલો છે. સંસારી આત્મા પોતાના મન વડે, વચન વડે અને શરીર વડે જ વ્યવહાર કરવા સમર્થ બને છે. આ કારણે મનના ચાર યોગ, વચનના ચાર યોગ અને કાયાના સાત યોગ કહેવાયા છે.

સંગ્રહ નયના અનુસારે "एगे आया" હોવા છતાં

વ્યવહારનયાનુસારે આત્મા અનંતાનંત છે અને પ્રત્યેક આત્મા પોતપોતાના કર્મોના કારણે પરાધીન હોવાથી કોઈની પણ માનસિક, વાચિક કે કાયિક ચેષ્ટાઓ બીજા કોઈથી મેળ ખાતી હોતી નથી, કેમકે સૌ જીવોમાં રહેલા જ્ઞાનાવરણીયાદિ કર્મોની અનંત વર્ગણા અપેક્ષાકૃત બીજા જીવોથી સંખ્યાત-અસંખ્યાત ભાગે હીન પણ હોય છે જ્યારે સંખ્યાતા કે અસંખ્યાત ગુણા વધારે પણ હોય છે, તેવી સ્થિતિમાં જ્ઞાનાવરણીય કર્મનો ભારી આત્મા આંખે બાંધેલા પાટાવાળા મનુષ્યની જેમ ખાવા, પીવા, ઊઠવા, બેસવા કે બોલવા આદિની ક્રિયાઓમાં અજ્ઞાનપૂર્વક, મિથ્યાજ્ઞાનપૂર્વક કે સંશયપૂર્વક વર્તતો હોવાથી તેની બધીય ચેષ્ટાઓ અસભ્ય, નિંદનીય અને અવિશ્વસનીય બનવા પામે છે. જ્યારે જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમના માલિકની માનસિક, વાચિક અને કાયિક ચેષ્ટાઓ સત્પૂર્ણ, દયામય, સભ્ય, અહિંસાત્મક અને વૈરવિરોધ વિનાની હોય છે. મોહકર્મના ભારી આત્માઓ મદિરાપાનના નશાની જેમ મોહકર્મના નશામાં બેભાન, બેધ્યાન, બેરહિમ, બેઈમાન, બેઈજ્જત અને બેશરમ બનીને ક્રોધાંધ, ગર્વાંધ, માયાંધ, લોભાંધ અને કામાંધ બને છે અને પૂરા સંસારને બગાડવા માટેના પ્રયત્નોમાં મસ્ત હોય છે. જ્યારે સંયમ દ્વારા પ્રાપ્ત થયેલી મોક્ષ પુરુષાર્થની શક્તિના સ્વામિઓ સંસારને અમૃતમય બનાવવાની ચેષ્ટાઓ કરી રહ્યાં છે. આ પ્રમાણે કર્મોના કારણે જીવોની ચેષ્ટાઓ કોઈની પણ એક સમાન નથી. પ્રસ્તુત પ્રશ્નનો સરળાર્થ આ છે કે : પન્દર યોગોમાંથી કયો યોગ કોનાથી અલ્પ છે, વધારે છે, અને સમાન છે, જે મૂળ સૂત્રમાં જ સ્પષ્ટ હોવાથી તેની વિગત નીચે પ્રમાણે છે.

(૧) સૌથી જઘન્ય યોગ કાર્મણ શરીર કાયયોગનો છે.

(૨) તેનાથી ઔદારિક મિશ્ર કાયયોગ અસંખ્યેય ગુણા વધારે છે.

(૩) તેનાથી વૈક્રિય મિશ્ર કાયયોગ અસંખ્યેય ગુણા છે.

(૪) આનાથી ઔદારિક શરીર કાયયોગ અસંખ્યેય ગુણા છે.

(૫) આનાથી વૈક્રિય કાયયોગ જઘન્યથી અસંખ્યેય ગુણા છે.

(૬) તેનાથી કાર્મણુ શરીરના ઉત્કૃષ્ટ યોગ અસંખ્યેય ગુણા છે.

(૭) તેનાથી આહારક મિશ્ર જઘન્ય અસંખ્યેય ગુણા છે.

(૮) તેનાથી આહારક મિશ્ર ઉત્કૃષ્ટથી અસંખ્યેય ગુણા છે.

(૯) ઔદારિક અને વૈક્રિય મિશ્ર ઉત્કૃષ્ટથી અસંખ્યેય ગુણા અને તુલ્ય છે.

(૧૦) તેનાથી અસત્યામૃષા અને મનોયોગ જઘન્યથી અસંખ્યેય ગુણા છે.

(૧૧) આહારક શરીર જઘન્યથી અસંખ્યેય ગુણા છે.

(૧૨) શેષ ત્રણે મનોયોગ, ચારે વચનયોગ જઘન્યથી અસંખ્યેય ગુણા અને તુલ્ય છે.

(૧૩) આહારક શરીરના ઉત્કૃષ્ટ યોગ અસંખ્યેય ગુણા છે.

(૧૪) ઔદારિક, વૈક્રિય, ચારે મનોયોગ, ચારે વચનયોગ ઉત્કૃષ્ટથી અસંખ્યેય ગુણા અને પરસ્પર સમાન છે.

આ પંદર યોગોની વ્યાખ્યા પહેલાના ભાગોમાં ચર્ચાઈ ગઇ છે અથવા દંડક પ્રકરણથી જાણી લેવી.

**શતક પચીસમાના ઉદ્દેશા ૧લો સમાપ્ત**

# શતક ૨૫ : ઉદ્દેશો–૨

## દ્રવ્યો કેટલા છે? અને તેના ભેદો કેટલા છે?

હે પ્રભો! જૈન શાસનમાં દ્રવ્યો કેટલા પ્રકારના કહેવાયા છે? જવાબમાં ભગવંતે કહ્યું કે હે ગૌતમ! મારા શાસનમાં દ્રવ્યો બે જાતના છે: (૧) જીવ દ્રવ્ય (૨) અજીવ દ્રવ્ય. અજીવદ્રવ્ય રૂપી અને અરૂપીના ભેદે બે પ્રકારના છે. તેમાં જે અરૂપી અજીવ દ્રવ્ય છે તે નીચે લખ્યા અનુસારે દશ પ્રકારે છે. (૧) ધર્માસ્તિકાય, (૨) તેનો દેશ (૩) અને પ્રદેશ. આ પ્રમાણે અધર્માસ્તિકાય તથા આકાશાસ્તિકાયના ત્રણ ત્રણ ભેદ જાણવા. એટલે નવ ભેદ થયા અને કાળ નામે દશમો ભેદ જાણવો. રૂપી દ્રવ્યો સ્કંધ, સ્કંધદેશ, સ્કંધ પ્રદેશ અને પરમાણુરૂપે ચાર પ્રકારના છે. તે દ્રવ્ય, સંખ્યાત અસંખ્યાત નથી પણ અનંત છે, યાવત્ દશ પ્રદેશિક, સંખ્યાત પ્રદેશિક, અસંખ્યાત પ્રદેશિક અને અનંત પ્રદેશિક સ્કંધો પણ અનંતા છે, માટે મારા શાસનમાં પુદ્ગલો અનંત હોવાથી અજીવ દ્રવ્યો પણ અનંતા કહેવાયા છે. જીવદ્રવ્યો પણ અનંત છે, કેમકે સંસારમાં રહેલા પૃથ્વીકાયિકો, અપ્કાયિકો, અગ્નિકાયિકો અને વાયુકાયિકો અસંખ્યાત પ્રમાણમાં છે. જયારે વનસ્પતિકાયિક જીવો અનંત છે, માટે જીવ દ્રવ્યો પણ અનંતા કહેવાયા છે.

નોંધ:–સંસારમાં જીવ અને અજીવ રૂપે દ્રવ્યો બે જ છે, શેષ પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, બંધ, નિર્જરા અને મોક્ષ આદિ સાતે તત્વોનો સમાવેશ જીવ અને અજીવમાં થઇ જતો હોવાથી બે તત્વ જ મુખ્ય છે. અનાદિકાળથી બંનેનું

મિશ્રણ જ સંસાર છે. બૌદ્ધ દર્શનના ચાર તત્વો, નૈયાયિકોના ૧૬ દ્રવ્યો, સાંખ્યના ૨૫ તત્વો, વૈશેષિકના છ તત્વો, મિમાંસકોના બે તત્વો અને ચાર્વાકના પાંચ તત્વોનો સમાવેશ જીવ તથા અજીવ તત્વમાં થઈ જાય છે. આ કારણે જૈન શાસન માન્ય જીવ અને અજીવ દ્રવ્યો જ દ્રવ્યરૂપે કહેવાય છે.

દ્રવ્ય એટલે શું ? તેનું લક્ષણ શું ? ગુણ પર્યાયો શું ? આદિનું વર્ણન પહેલા તથા બીજા ભાગમાં ક્યાંય સંક્ષેપથી ક્યાંય વિસ્તારથી કરાઈ ગયું છે.

## જીવ દ્રવ્યના પરિભોગમાં અજીવો શું શીઘ્ર આવે છે ?

હે પ્રભો ! જીવ માત્રના પરિભોગમાં (ઉપયોગમાં) અજીવ દ્રવ્યો શું શીઘ્રતાથી આવે છે ? તથા અજીવ દ્રવ્યોના પરિભોગમાં જીવ દ્રવ્યો શું શીઘ્ર આવે છે ?

---

જવાબમાં દેવાધિદેવ પરમાત્મા શ્રી મહાવીરસ્વામીએ ફરમાવ્યું કે હે ગૌતમ ! જીવ દ્રવ્યોના પરિભોગમાં અજીવ દ્રવ્યો શીઘ્ર આવે છે, પરંતુ અજીવ દ્રવ્યોના પરિભોગમાં જીવ દ્રવ્યો શીઘ્રતાથી આવતાં નથી, કારણમાં કહેવાયું છે કે જીવ દ્રવ્યો સર્વતંત્ર સ્વતંત્ર, કર્તા અને ભોક્તા હોવાથી પોતાની જ કર્તૃત્વશક્તિ વડે પોતાને ઉપયોગમાં આવે તેવા અજીવ દ્રવ્યોને શીઘ્રતાથી સ્વીકારે છે, ગ્રહણ કરે છે. અને તૈજસ નામે સૂક્ષ્મ શરીર વડે તેને પચાવે છે. ત્યાર પછી સારસાર પુદ્ગલોથી ઔદારિક વૈક્રિય અને આહારક શરીરની રચના કરે છે એટલે તે અજીવ દ્રવ્યોનો પોતાના શુભાશુભ કર્મોના ભોગને યોગ્ય શરીરની રચના માટે ગ્રહણ કરે છે

ત્યાર પછી સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય ચક્ષુરિન્દ્રિય, શ્રોત્રેન્દ્રિય, મનોયોગ, વચનયોગ, કાયયોગ, શ્વાસોશ્વાસ આદિનું નિર્માણ કરે છે, કેમકે પૂર્વભવીય કર્મોને ભોગવવાને માટે શરીર અને ઇન્દ્રિયો જ મુખ્ય નિમિત કારણ છે, માટે હું કહું છું કે જીવો અજીવોને ગ્રહણ કરે છે. ગૌતમ! તેમ છતાં જીવના ભોગને સહાયક બનેલા અજીવો ક્યારેય પણ જીવ સ્વરૂપે બનતા નથી. તેમ જીવોનું ભોક્તૃત્વ અને અજીવોનું ભોગ્યત્વ પણ પરિવર્તિત થતું નથી.

નરકમાં રહેલા નારક જીવો પણ અજીવ દ્રવ્યોને ગ્રહણ કરીને વૈક્રિય, તૈજસ્ અને કાર્મણ શરીર યાવત્ પાંચે ઇન્દ્રિયોની રચના કરે છે. આ પ્રમાણે વૈમાનિક દેવો સુધી બધાય દંડકો માટે જાણી લેવું. કેવળ જે જીવોને જેટલી ઇન્દ્રિયો હોય તેટલી કહેવી.

## અસંખ્યાત લોકાકાશમાં અનંત દ્રવ્યો રહી શકે છે?

હે પ્રભો! અસંખ્યેય પ્રદેશાત્મક લોકાકાશમાં અનંતજીવો અને પુદ્ગલોનું અવસ્થાન (રહેવાપણું) શું ઉચિત છે?

જવાબમાં ભગવંતે ફરમાવ્યું કે ષટ્દ્રવ્યાત્મક લોકાકાશ અસંખ્યાત પ્રદેશવાળો હોવા છતાં પણ એક કમરામાં સેંકડો દીવાઓનો પ્રકાશ જેમ સમાઈ જાય છે તેમ આકાશમાં અનંત જીવો અને પુદ્ગલો સમાઈ શકે છે. લોકાકાશના એક પ્રદેશમાં અનંત દ્રવ્યોનો ચય અને ઉપચય માન્ય હોવાથી રૂકાવટ ન હોય તો છ એ દિશામાંથી દ્રવ્યો આવીને ભેગા થાય છે અને રૂકાવટ હોય તો ત્રણ, ચાર કે પાંચ દિશાઓથી આવે છે અને પાછા છૂટા પડે છે.

## ઔદારિક શરીર રૂપે સ્થિત કે અસ્થિત પુદ્ગલો શું ગ્રહણ થાય છે ?

હે પ્રભો ! પોતાનું ઔદારિક શરીર ગ્રહણ કરવા માટે જીવ શું સ્થિત પુદ્ગલોને ગ્રહણ કરે છે કે અસ્થિતને ?

જવાબમાં ભગવંતે ફરમાવ્યું કે હે ગૌતમ ! ઔદારિક શરીરરૂપે ગ્રહણ કરાતાં પુદ્ગલો સ્થિત પણ હોય છે અને અસ્થિત પણ હોય છે. જીવ જે આકાશ પ્રદેશમાં રહેલો હોય તેટલા ક્ષેત્રમાં રહેલા પુદ્ગલો સ્થિત કહેવાય છે અને બહારના ક્ષેત્રમાં રહેલા અસ્થિત જાણવા. આત્મા ઔદારિક શરીરને યોગ્ય તે પુદ્ગલોને પોતાની આત્મશક્તિ વિશેષ વડે ખેંચીને ગ્રહણ કરે છે, અથવા ગતિ વિના દ્રવ્યો સ્થિત છે અને શેષ અસ્થિત છે. દ્રવ્યથી અનંત પ્રદેશવાળા, ક્ષેત્રથી લોકના અસંખ્યાત પ્રદેશમાં પુદ્ગલોને રૂકાવટ ન આવે તો છએ દિશામાંથી આવેલા અને રૂકાવટ આવે ચાર કે પાંચ દિશામાંથી આવેલા પુદ્ગલોને ગ્રહણ કરે છે.

વૈક્રિય શરીર માટે વિશેષ જાણવાનું કે પંચેન્દ્રિય મનુષ્યો ઉપયોગપૂર્વક વૈક્રિય શરીરને રચનારા છે. તેઓ ત્રસ નાડીની વચ્ચે જ સ્થિત છે અતઃ છએ દિશાઓથી આવેલા પુદ્ગલોને ગ્રહણ કરનાર છે. શેષ વર્ણન મૂળસૂત્રથી જાણવું.

**શતક પચીસમાનો ઉદ્દેશો ૨જો સમાપ્ત**

# શતક ૨૫ : ઉદ્દેશો–૩

## સંસ્થાનો કેટલા પ્રકારે છે ?

હે પ્રભો ! પુદ્ગલોના આકાર વિશેષ સંસ્થાનો કેટલા પ્રકારે કહેવાયા છે ?

જવાબમાં પરમાત્માએ ફરમાવ્યું કે હે ગૌતમ ! પુદ્ગલ માત્ર આકાર વિશેષથી જ વિશેષિત હોય છે, માટે મેં તે સંસ્થાનોને છ પ્રકારે કહ્યાં છે.

(૧) પરિમંડળ સંસ્થાન—વચમાં પોલાણવાળો ગોળ આકાર, જેમ બંગડીમાં હોય તેવા આકાર–સંસ્થાનને પરિમંડળ કહે છે.

(૨) વૃત—કુંભારના ચાકડાની જેમ એટલે કે અંદરમાં પોલાણ વિનાના ગોળાકાર સંસ્થાનને વૃત કહેવાય છે.

(૩) ત્ર્યસ્ર—શિંઘાડાના જેવા ત્રણ ખુણીઆ પુદ્ગલ સ્કંધો ત્ર્યસ્ર છે.

(૪) ચતુરસ્ર—પાટ પાટલાની જેમ ચારે ખુણા બરોબર હોય છે.

(૫) આયત—દંડાની જેમ લાંબા સંસ્થાનને આયત કહેવાય છે.

(૬) અનિત્થં—ઉપરના પાંચ આકારથી રહિત જે હોય તે અનિત્થ છે.

ઉપર પ્રમાણેના છ એ સંસ્થાનોનો વિચાર દ્રવ્યરૂપ અર્થનો આશ્રય કરીને કરવાનો છે, પરમાત્માએ કહ્યું કે આ

બધાય સંસ્થાનો અનંત છે. આ જ રીતે પ્રદેશાર્થ રૂપે કે ઉભય રૂપે પણ અનંત છે.

અલ્પબહુત્વના જવાબમાં કહેવાયું કે પરિમંડળ સંસ્થાન જઘન્યથી વીશ પ્રદેશમાં અવગાહનાવાળું હોવાથી અને બીજા સંસ્થાનો કરતાં ઘણા પ્રદેશોમાં અવગાહનાવાળુ હોવાથી આ સંસ્થાન સૌથી અલ્પ છે. અને વૃત, ચતુરસ્ર, ત્ર્યસ્ર તથા આયત સંસ્થાન ક્રમશઃ પાંચ, ચાર, ત્રણ અને બે પ્રદેશાવગાહી હોવાથી બહુતર છે, માટે સંખ્યાત ગણા છે. આજ પદ્ધતિએ રત્નપ્રભાથી લઇને વૈમાનિક તથા સિદ્ધશિલા સુધીની હકીકત પૂર્વવત્ જાણવી.

છ એ દ્રવ્યોમાં પુદ્ગલરૂપી હોવાના કારણે તે જુદા જુદા આકારથી વિશેષિત જ હોય છે. મતલબ કે આકાર વિનાનું પુદ્ગલ હોતું નથી, તે આકારો પણ શુભ કે અશુભ બે પ્રકારના હોય છે. પછી ચાહે તે આકાશના વાદળા હોય, ભીતનું ચિત્રામણ હોય કે મૂર્તિવિશેષ હોય તેને તમારી આંખથી જોશો તો જુદા જુદા આકારો ચોક્કસ દેખાઇ આવશે. તેમાં પણ સારા આકારો, જેવા કે હાથી, ઘોડા, દેવ, માનવ, શણગારેલી સ્ત્રી આદિના આકાર દેખાય તો તે સારા ફળ આપનારા છે અને બીભત્સ, ભયાનક કે ઘૃણિત, રાક્ષસ, ભૂત, પિશાચ આદિના આકારો માનવને અશુભ ફળ આપે છે. માટે જે રૂમમાં કે દુકાનની ગાદી પર બેઠા હોય અને સામે કોઇ ખરાબ આકાર દેખાય તો સૌથી પહેલા તે આકારને બદલાવી નખાવજો. જેથી તમે અશુભ ફળમાંથી ઉગરી જવા ભાગ્યશાળી બનવા પામશો. બીહામણા સ્વપ્નો જેમ અશુભ ફળ આપ્યા વિના રહેતા નથી તેમ પુદ્ગલોના બીહામણા આકારો પણ અશુભ ફળ જરૂર આપશે. આ કારણે જ જ્યાં આપણી બેઠક

છે, તેની સામે જ સારા ચિત્રો રાખવા તે સારા તથા શુભને માટે થશે.

## શ્રેણિઓના પ્રકાર કેટલા છે ?

જવાબમાં ભગવંતે કહ્યું કે હે ગૌતમ ! ચરાચર સંસારને જાણવાને માટે કેવળજ્ઞાન સિવાય બીજો એકેય જ્ઞાની સમર્થ બની શકતો નથી. કેમકે પ્રત્યક્ષ દેખાતા પદાર્થોમાં પણ પંડિતો મહા પંડિતોનું ઐકમત્ય નથી, ત્યારે જ સંસારની એકેય ચર્ચાનો અંત આવતો નથી, વિવાદ મટતો નથી, વિરોધ ઘટતો નથી, કષાય કલેશ તૂટતો નથી, દ્વેષ છુટતો નથી, માયા બંધન છેદાતું નથી, તો પછી પરોક્ષ પદાર્થોનું જ્ઞાન મેળવવાને માટે શી રીતે સમર્થ બની શકશે ?

આજના કલ્પી લીધેલા સંસારનું ક્ષેત્રફળ ભલે આપણે માપીને બેઠા હોઇએ કે મનુષ્યોની સંખ્યાના આંકડા ગણી લીધા હોય તેથી કરીને તે પૂર્ણ જ્ઞાની છે તેમ માનવાની ભૂલ ક્યારે પણ કરશો નહીં. કારણ કે કેવળજ્ઞાનીઓના કેવળજ્ઞાનમાં અસંખ્યાત દ્વીપો, અસંખ્યાત સમુદ્રો, અનંત પુદ્ગલ સ્કંધો અને અનંત જીવરાશિઓ પ્રત્યક્ષ દેખાઈ રહ્યાં છે. એક સમય તે હતો પંડિતોને જે સંસાર પ્રત્યક્ષ છે તેના પ્રત્યે લોકો શ્રદ્ધાન્વિત હતા. પરન્તુ શિવરાજ ઋષિને મર્યાદિત અવધિજ્ઞાન થયું અને સાત દ્વીપ અને સાત સમુદ્રો પ્રત્યક્ષ થયા ત્યારે તેમના જ્ઞાનથી મોહિત બનેલી જનતા તે બાબતમાં શ્રદ્ધાપૂર્ણ બની પરન્તુ ભગવાન મહાવીરસ્વામીના શાસનને પામ્યા પછી તે જ શિવરાજ ઋષિને ઉત્પન્ન થયેલા કેવળજ્ઞાન અને કેવળદર્શનમાં અસંખ્યાત દ્વીપો અને સમુદ્રો દેખાયા અને તે ઋષિએ પોતાના શ્રી મુખેથી જ્યારે કહ્યું કે મને સાત દ્વીપ અને સમુદ્રનું જ્ઞાન થયું

હતું તે મિથ્યા હતું, પરંતુ હવે મને અસંખ્ય દ્વીપો અને સમુદ્રો સર્વથા સ્પષ્ટ દેખાઈ રહ્યાં છે. સારાંશ કે અસંખ્યાત સમુદ્રોમાંથી હજી એક સમુદ્રને પણ આજના વૈજ્ઞાનિકો પાર કરી શકયા નથી. એક દ્વીપમાંથી બીજા દ્વીપમાં જઇ શકયા નથી. ભરતક્ષેત્રમાં જ રહેલા વૈતાઢ્ય પર્વતને પણ શોધી શકયા નથી તો કેટલાય ક્ષેત્રો અને પર્વતો પછીથી આવનારા મેરુ-પર્વતને શી રીતે જોઈ શકશે? મતલબ કે છદ્મસ્થોની શક્તિની બહારના પદાર્થો પણ અસંખ્યાતા છે. આવી સ્થિતિમાં જીવોની ગતિ, આગતિ જે છદ્મસ્થોને માટે સર્વથા અપ્રત્યક્ષ છે. તેનું જ્ઞાન મેળવવું તે શકય શી રીતે બનશે? માટે સંસારના ઘણા પદાર્થો જાણવાને માટે કેવળજ્ઞાનીના કેવળજ્ઞાન પ્રત્યે શ્રદ્ધા રાખ્યા વિના બીજો માર્ગ નથી.

છ એ દ્રવ્યોમાં જીવો અને પુદ્ગલો જ ગતિશીલ પદાર્થો છે. તેમાંથી જીવોની ગતિ સ્વાભાવિકી હોવા છતાં પણ કર્મ-પ્રેરિત છે. અને પુદ્ગલોની ગતિ પરપ્રેરિત જ હોય છે. કારણ કે તે જડ છે. અહીં ગતિનો અર્થ એક સ્થાનથી બીજા સ્થાનમાં અને એક ભવમાંથી બીજા ભવમાં જવું તે છે. મર્યા પછી તે જીવ કયાં ગયો? કેવી રીતે ગયો? કયા સાધનોથી ગયો? આ બધાય પ્રશ્નોમાં બીજા દર્શનો પ્રાયઃ મૌન રહ્યાં છે અથવા ન પ્રષ્ટવ્યં ન પ્રષ્ટવ્યં કહીને વેગળા રહ્યાં છે ત્યારે જૈનશાસને બધાય પ્રશ્નોને શંકારહિત કર્યા છે. માટે જ 'द्वादशांगी विशाला' બધાય શાસ્ત્રોમાં દ્વાદશાંગી શાસ્ત્ર જ વિશાલ, સ્પષ્ટ અને સર્વગ્રાહ્ય છે.

ઉપરના પ્રશ્નોના જવાબ આપતાં ભગવાન મહાવીરસ્વામીએ ફરમાવ્યું કે હે ગૌતમ! તે જીવો જ્યારે ભવાંતર કરે છે ત્યારે તેમને આકાશની શ્રેણિઓનું અવલંબન સર્વથા અનિવાર્ય

હોવાથી તે દ્વારા ગતિ કરે છે, જે શ્રેણિઓ સાતની સંખ્યામાં છે.

( ૧ ) ઋજવાયાતા—ઋજુ એટલે સરળ અને આયાત એટલે દીર્ઘ. આ શ્રેણિનો આશ્રય કરીને જીવ ઉર્ધ્વલોકમાંથી અધોલોકમાં અને અધોલોકમાંથી ઉર્ધ્વલોકમાં સરળતાથી પ્રયાણ કરી શકે છે. નકશામાં જેમ પૂર્વથી પશ્ચિમ કે ઉત્તરથી દક્ષિણ સુધીની રેખાંશની રેખાઓ હોય છે તેમ આકાશમાં પણ રેખાઓ છે. જેના અવલંબે જ જીવની ગતિ–આગતિ થાય છે.

(૨) એક બાજુ વાંકી—જીવ માત્ર પહેલા સરળ ગતિથી ગમન કરે છે, પરંતુ ગન્તવ્ય સ્થાન તે શ્રેણિમાં ન આવતું હોય તો આગળ જઈને વક્ર (વળાંક) લેવાનું સર્વથા અનિવાર્ય છે. અને જીવ કર્મસત્તાને આધીન હોવાથી તે પ્રમાણે વળાંક લે છે.

(૩) બે બાજુ વક્ર—આના કારણે જીવને બે વળાંક લેવાના હોય છે એટલે કે ગન્તવ્ય સ્થળે પહોંચવાને માટે બે વાર વક્રગતિ કરે છે. આ શ્રેણિનો માલિક ઉર્ધ્વલોકની અગ્નિદિશાથી અધોલોકની વાયવી દિશામાં ઉત્પન્ન થનારાને હોય છે. પ્રથમ સમયે આગ્નેયી દિશાથી તિર્ચ્છો નૈઋતિ દિશામાં જાય છે, ત્યાંથી બીજા સમયે તિર્ચ્છો વાયવી દિશામાં જાય છે. આ ત્રણ સમયની ગતિ ત્રસ નાડીમાં અથવા તેનાથી બહારના ભાગમાં હોય છે.

(૪) એકતઃખા–ત્રસ નાડીના વામપાર્શ્વાદિ ભાગથી ત્રસ નાડીમાં પ્રવેશ કરે અને ફરીથી ત્રસ નાડી દ્વારા જઈને તેના વામ ભાગમાં ઉત્પન્ન થાય છે, તે એકતઃખા શ્રેણિ કહેવાય છે. કેમકે તેની એક બાજુ લોક નાડી સિવાયનો આકાશ આવેલો છે.

(૫) બન્ને બાજુખા-જે જે શ્રેણિથી ત્રસ નાડીની બહાર તેના વામપાર્શ્વાદિ ભાગથી પ્રવેશ કરીને તથા એ જ ત્રસ નાડીથી જઈને તેના જ દક્ષિણ પાર્શ્વ વગેરે સ્થાનમાં ઉત્પન્ન થાય છે.

(૬) ચક્રવાલ શ્રેણી-જેનાથી પરમાણું વગેરે ગોળ ગોળ ભ્રમણ કરી ઉત્પન્ન થાય છે.

(૭) અર્ધ ચક્રવાલ શ્રેણિ-આધી ગોળ હોય તે.

આ બધી વાતો ૨૪ દંડકો માટે જાણવી.

શેષ મૂળ સૂત્ર અને ટીકાથી જાણી લેવી.

યદ્યપિ કર્મથી પ્રેરિત થઈને જીવ પોતાની શક્તિથી જ ગતિશીલ હોય છે. આકાશ કે તેની શ્રેણિઓ જીવને ગતિ કરાવી શકતી નથી પરંતુ કેવળ સહાયકરૂપે જ બને છે. પાણીમાં માછલાની ગતિમાં માછલા પોતે જ ગતિ કરનારા છે. પાણી કેવળ સહાયક છે. તેવી રીતે એક ભવથી બીજા ભવમાં જવા માટે આકાશની શ્રેણિઓ સહાયક જ છે.

## હે પ્રભો ! ગણિપિટક કેટલા પ્રકારે કહેવાયું છે?

જવાબમાં ભગવાન મહાવીરસ્વામીએ ફરમાવ્યું કે, હે ગૌતમ ! મારા શાસનમાં ગણિપિટક બાર પ્રકારે કહેવાયું છે. આને જ દ્વાદશાંગી કહે છે. આમાં ગણીનો અર્થ આચાર્ય અને પિટક એટલે પેટી (મંજૂષા) જે આચારાંગ સૂત્રથી લઈ દૃષ્ટિ-વાદ સુધીના બારની સંખ્યામાં બધાય આગમો જાણવા. આચારાંગ સૂત્રના વિષય માટે ફરમાવતાં કહ્યું કે નવા શિષ્યને સૌથી પહેલા મૂળ સૂત્રો પછી તેના અર્થો કરાવવા, પછી નિર્યુક્તિ મિશ્ર અર્થ કહેવો અને ત્યાર પછી સૂત્રનું સંપૂર્ણ

રહસ્ય સમજાવવું જેથી શિષ્ય સ્થિર થાય છે. કારણ કે અનુક્રમથી કરાયેલા અભ્યાસને શિષ્ય ગ્રહણ કરે છે.

નોંધ :–મનુષ્યના શરીરમાં મસ્તક, મુખ, બાહુ, સાથળ, વક્ષસ્થળ, ઉદર આદિ બાર અંગો છે. તેમ દ્વાદશાંગીમાં પણ બાર અંગો છે. જે તીર્થંકરોની પ્રરૂપિત છે અને ગણધર ભગવંતો જ તેની રચના કરે છે અને આંગલી રેખા–નખ આદિ ઉપાંગ છે જેની રચના બહુશ્રુતો કરે છે. ઘાતી કર્મોનો સમૂળ નાશ થતાં કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે અને તીર્થંકર નામકર્મનો ઉદય થતાં જ દેવો દ્વારા સ્થાપિત સમવસરણમાં બિરાજમાન થાય છે. પુણ્યકર્મની ચરમ સીમા ત્યાં પૂર્ણ થાય છે. અને તેના કારણે ચાર મૂળ અતિશયો, ઓગણીશ દેવોના કરેલા અને કર્મક્ષય પછી અગ્યાર અતિશયો આમ બધાય ૩૪ અતિશયોથી આકૃષ્ટ થઈને અગણિત માનવ સમુદાય સમવસરણમાં આવે છે. અને સૌથી પહેલા ગણધરોની સ્થાપના કરે છે. ત્યાર પછી સાધુ, સાધ્વી, શ્રાવક–શ્રાવિકા રૂપ ચતુર્વિધ સંઘની સ્થાપના કરે છે, તે સમયે ઉત્પાદ અને વ્યયરૂપ પર્યાયાત્મક અને ધ્રૌવ્યરૂપ દ્રવ્યાત્મકની આ પેલી દેશનાને ગણધર ભગવંતો પોતાની લબ્ધિ વિશેષથી દ્વાદશાંગીમાં શબ્દરૂપે ગૂંથે છે.

અત્યાર સુધી સાધારણ માનવ કે પંડિત વિશેષના કાનમાં જે તત્ત્વજ્ઞાન કોઈ કાળે આવ્યું નથી તે તત્ત્વો, ચર્ચાઓ, હેતુઓ, તર્કો, ઉદાહરણોથી પરિપૂર્ણ દ્વાદશાંગી છે.

જીવ જ શિવ છે, નર જ નારાયણ છે, અને આત્મા જ પરમાત્મા છે, આ શબ્દો બોલવામાં તો નાનો બાલુડો, તથા અઢાર વિદ્યાના જ્ઞાતા, અષ્ટાંગ નિમિતના જાણનારા, મંત્ર–

જંત્રથી આકાશના દેવ દેવીઓને પણ ભૂમિ પર ઉતારનારા પંડિતો-મહાપંડિતો પણ ચપટી વગાડતા બોલી જાય છે. પણ... પણ જીવમાં શિવ, નરમાંથી નારાયણ કે આત્મામાંથી પરમાત્મા થવામાં દ્વાદશાંગીના પ્રથમ અંગ આચારાંગ સૂત્રનું ક્રિયાત્મક જ્ઞાન જીવનમાં ઉતાર્યા વિના શિવ નારાયણ કે પરમાત્મા શી રીતે થવાશે ? દોરા-ધાગા-મંત્ર-જંત્ર-ટીલા-ટપકા કે પીતાંબરો પહેરવાથી શિવ થવાનું સર્વથા અશકય છે. આવી પરિસ્થિતિમાં નવા પાપના દ્વાર બંધ કરી જૂના પાપોને ખંખેરવા માટે અને તેના વિધિ વિધાનો જાણવાને માટે દ્વાદશાંગી સિવાય બીજુ એકેય સાધન નથી. આવી શુદ્ધ, નિષ્પક્ષ અને રામબાણ જેવી આર્થિક પ્રરૂપણા અરિહંત વિના બીજો કોઇ કરી શકતો નથી, કેમકે જૂઠ, પ્રપંચ આદિનું મૂળ કારણ મોહકર્મ છે. તેને સર્વથા નિર્મૂલ કર્યા વિના જ્ઞાનાવરણીયાદિ કર્મોનો ક્ષય થતો નથી. અરિહંત શબ્દનો અર્થ જ બતાવી આપે છે કે ભાવશત્રુરૂપ કામ-ક્રોધાદિ જેમનાં ક્ષય થયા હોય તે અરિહંત છે. આવા અરિહંત ભગવાન મહાવીરસ્વામી જ છે. તેમનાં શ્રી મુખે પ્રસારિત વાણીની પ્રશંસા દેવોએ પણ કરી છે. તે આ પ્રમાણે....

" अर्हद्वक्त्रप्रसूता गणधररचिता द्वादशांगी विशाला ।
चित्रा बह्वर्थयुक्ता मुनिगणवृषभैर्धारिता बुद्धिमद्भिः ।।
मोक्षाग्रद्वारभूता व्रतचरणफला ज्ञेयभावप्रदीपा ।
सेव्या पूज्या च चिन्त्या नहि भवतिकदी मोहमायासुबद्धैः "

( परिवर्तितोऽयमया )

## જીવોનું અલ્પબહુત્વ

બધાય જીવોમાં મનુષ્યના જીવો સૌથી થોડા છે, તેનાથી અસંખ્યાત ગુણા નારક છે, દેવો તેનાથી અસંખ્યાત ગુણા છે. સિદ્ધના જીવો તેનાથી અનંત ગુણા છે અને તિર્યંચના જીવો તેમનાથી પણ અનંત ગુણા વધારે છે.

શતક ૨૫ ઉદ્દેશો ૩ સમાપ્ત

# શતક ૨૫ : ઉદ્દેશો ૪

## યુગ્મો કેટલા છે ?

જવાબમાં ભગવંતે કહ્યું કે હે ગૌતમ ! અઢારમા શતકના ચોથા ઉદ્દેશામાં કહ્યાં પ્રમાણે કૃતયુગ્મ, ત્ર્યોજયુગ્મ, દ્વાપરયુગ્મ અને કલ્પોજયુગ્મ નામે ચાર યુગ્મો જાણવા. અહીં યુગ્મ એ સંખ્યાવાચક શબ્દ છે. જે સંખ્યામાંથી ચારનો ભાગ દેતા શેષ ચાર રહે તે કૃત યુગ્મ રાશિ કહેવાય છે. જેમ આઠ, બાર, સોળ ને ચારે ભાંગતા શેષ ચાર રહેવા પામે છે. આ પ્રમાણે ચારે ભાંગતા ત્રણ શેષ રહે તે ત્ર્યોજ રાશિ છે. જેમ સાત ને ચારે ભાંગતા શેષ ત્રણ રહે છે, તથા ચારે ભાંગતા શેષ બે રહે તે દ્વાપર યુગ્મ કહેવાય છે. જેમ છની સંખ્યાને ચારે ભાંગતા શેષ બે જ રહે છે. તથા ચારે ભાંગતા શેષ એક રહે તે કલ્પોજ યુગ્મ કહેવાય છે. જેમ પાંચમાંથી ચારને બાદ કરતાં શેષ એક રહે છે.

આ ચારે યુગ્મોમાંથી નારક કયા યુગ્મમાં છે ?

જવાબમાં કહેવાયું છે કે તે નરકગતિના નારક જીવો ચારે યુગ્મવાળા હોય છે. યાવત્ પૃથ્વીકાયિકો, અપ્કાયિકો, તેજસ્કાયિકો અને વાયુકાયિક એકેન્દ્રિયો પણ ચારે યુગ્મવાળા છે. વનસ્પતિમાં બીજી ગતિમાંથી આવીને એક-બે કે ત્રણ જીવોનો ઉત્પાત મનાયો છે તેથી કોઇક સમયે વનસ્પતિકાયિકો કૃતયુગ્મ છે. યાવત્ કલ્પોજ યુગ્મવાળા પણ છે. બેઇન્દ્રિય જીવોથી યાવત્ વૈમાનિક દેવ સુધીમાં ચારે યુગ્મ જાણવા. સિદ્ધના જીવો વનસ્પતિકાયિકોની જેમ કોઈક સમયે કૃતયુગ્મ યાવત્ કલ્પોજ યુગ્મવાળા પણ જાણવા.

દ્રવ્યો છ પ્રકારના છે : ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને કાળ. આદિના ત્રણે દ્રવ્યો સંખ્યામાં એક એક હોવાથી તે કલ્પોજ યુગ્મ છે. જીવાસ્તિકાયિકો અનંત હોવાથી કૃતયુગ્મ છે. જ્યારે પુદ્ગલાસ્તિકાયમાં સમયે સમયે સંઘાત અને ભેદ થવાના કારણે ચારે યુગ્મ છે. કાળદ્રવ્ય અનંત હોવાથી કૃતયુગ્મ છે. છ એ દ્રવ્યો પોતાના પ્રદેશોને લઈને કૃતયુગ્મ છે.

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય દ્રવ્યરૂપે એક સમાન હોવા છતાં જીવદ્રવ્યની અપેક્ષાએ અલ્પ છે. આ ત્રણેથી જીવાસ્તિકાય અનંતગુણા વધારે છે. તથા પુદ્ગલાસ્તિકાય અને કાળદ્રવ્ય ઉત્તરોત્તર અનંતગુણા વધારે છે. ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય અસંખ્યાત પ્રદેશવાળો હોવાથી આકાશના અસંખ્યાત પ્રદેશમાં અવગાઢ છે. લોકાકાશ અસંખ્યાત પ્રદેશી છે. સાતે નરક ભૂમિઓ પણ અસંખ્યાત પ્રદેશાવગાઢ જાણવી. યાવત્ સિદ્ધશિલા પણ અસંખ્યાત પ્રદેશાવગાઢ છે. આ પદ્ધતિના પ્રશ્નો અને ઉત્તરો ચર્ચ્યા છે. પરમાણુઓ માટે પણ ખૂબ જ વિસ્તારથી ચર્ચ્યા છે, જે મૂળ સૂત્રથી અને ટીકાથી જાણી લેવી.

**શતક પચીસમાનો ઉદ્દેશો ૪ સમાપ્ત**

# શતક ૨૫ : ઉદ્દેશો–૫

## જીવ અને અજીવના પર્યાયો કેટલા છે?

હે પ્રભો! પર્યાયોની સંખ્યા કેટલી કહેવાય છે?

જવાબમાં ભગવંતે કહ્યું કે, હે ગૌતમ! જીવ પર્યાય અને અજીવ પર્યાય રૂપે, પર્યાયો પર્યવો, ગુણો, ધર્મો બે પ્રકારના છે. જીવના જે ધર્મો છે તે જીવ પર્યાય છે, કેમકે પર્યવ–પર્યાય–ગુણ તથા ધર્મ એક જ અર્થને બતાવનારા છે. શેષ વિગત પ્રજ્ઞાપના સૂત્રનું પાંચમું પદ જોવા માટેની ભલામણ છે. ત્યાં આ પ્રમાણે કહેવાયું છે કે વનસ્પતિ તથા સિદ્ધના જીવો અનંત હોવાથી જીવ પર્યાયો અનંત છે અને શેષ બધીય જીવ રાશી અસંખ્યાત–અસંખ્યાત પ્રમાણમાં છે. નારક જીવોના પ્રશ્નમાં યદ્યપિ નારક અસંખ્યાતા જ છે, તો પણ તેના પર્યાયો અનંત છે.

પર્યાયોના સ્વામી નારક જ્યાં અસંખ્યાતા જ હોય તો તેના પર્યાયો અનંત શી રીતે થશે? જવાબમાં કહેવાયું કે દ્રવ્યાર્થ અને પ્રદેશાર્થરૂપે નારક જીવો તુલ્ય છે, કેમકે એક નારક બીજા નારક સાથે દ્રવ્યથી તુલ્ય છે અને પ્રદેશો સૌને અસંખ્યાત હોવાથી તે રૂપે પણ તુલ્ય છે. જ્યારે અવગાહના (શરીરની હીનાધિકતા)ની અપેક્ષાએ જ નારકના પર્યાયો નીચે પ્રમાણે લખ્યા અનંત રહેશે. જેમકે એક નારક બીજા નારકની અપેક્ષાએ કદાચ( સ્યાત્ )હીન હોય, કદાચ અધિક હોય અને કદાચ તુલ્ય હોય, રત્નપ્રભાના નારકોના ભવધારણીય(સ્વાભાવિક) શરીરની અવગાહના જઘન્યથી અંગુલનાં અસંખ્યાતમા ભાગે છે અને ઉત્કૃષ્ટથી સાત ધનુષ્ય, ત્રણ હાથ અને છ અંગુલની છે. હવે

આગળ આગળ બમણા(ડબલ) કરતાં સાતમી નરકના નારકોની અવગાહના જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ છે અને ઉત્કૃષ્ટથી પાંચસો ધનુષ્યની કહી છે. આવી સ્થિતિમાં એક નારક બીજા નારકથી શરીરમાં હીન હોય તો અસંખ્યાતમા ભાગે કે સંખ્યાતમા ભાગે હીન હોય, અસંખ્યાત ગુણો હીન હોય કે સંખ્યાત ગુણ હીન હોય. અને કદાચ અધિક હોય તો અસંખ્યાતમે, સંખ્યાતમે ભાગે અસંખ્યાત ગુણે કે સંખ્યાત ગુણે અધિક હોય છે. ઉદાહરણ તરીકે એક નારકની ઉંચાઈ બરાબર પાંચસો ધનુષ્યની છે, જયારે બીજાની અંગુલના અસંખ્યાતમા ભાગ હીન પાંચસો ધનુષ્યની છે. અંગુલનો અસંખ્યાતમો ભાગ પાંચસો ધનુષ્યના અસંખ્યાતમા ભાગ પ્રમાણે છે. તેથી એક નારક બીજા નારકથી અસંખ્યાત ભાગ હીન થયો અને બીજો અસંખ્યાત ભાગ અધિક થયો. પાંચસો ધનુષ્યની ઉંચાઈવાળા નારકથી બીજો નારક બે, ત્રણ, ચાર, પાંચ ધનુષ્યની ઓછી ઉંચાઈવાળો હોય છે ત્યારે તે નારક બીજાથી સંખ્યાત ભાગ હીન અને બીજો સંખ્યાતમો ભાગ અધિક થશે. એક નારક ૧૨૫ ધનુષ્યની ઉંચાઈવાળો છે અને બીજો પાંચસો ધનુષ્યવાળો છે, તો પહેલાથી બીજો ચાર ગુણો વધારે થયો હોવાથી સંખ્યાત ગુણ અધિક થયો અને પહેલો સંખ્યાત ગુણ હીન થયો. અપર્યાપ્ત અવસ્થામાં અંગુલના અસંખ્યાત ભાગની અવગાહનાવાળો નારક પાંચસો ધનુષ્યની અવગાહનાવાળા કરતાં અસંખ્યાત ગુણ હીન થયો અને બીજો અસંખ્યાત ગુણ અધિક છે. આ પદ્ધતિએ આયુષ્ય મર્યાદા, વર્ણાદિની મર્યાદા વગેરેમાં અનુમાન લગાવીને નિર્ણય કરવો.

## હે પ્રભો ! આવલિકામાં સમયોની મર્યાદા કેટલી કહી છે ?

જવાબમાં ભગવંતે કહ્યું કે :–હે ગૌતમ ! એક આવલિકામાં અસંખ્યાત સમય જાણવો, નહી કે અસંખ્યાત કે અનંત સમય, તથા ૪૪૪૬ ૨૪૫૮/૩૭૭૩ આવલિકાવાળો એક શ્વાસોશ્વાસમાં પણ સમયોની સંખ્યા અસંખ્યાતની જાણવી. સાત પ્રાણના સ્તોકમાં પણ અસંખ્યાત સમય તથા લવ, મુહૂર્ત, અહોરાત્ર, પક્ષ માસ, ઋતુ, અયન, વર્ષ, યુગ, સો હજાર લાખ વર્ષ તથા પૂર્વાંગ, પૂર્વ, ત્રુટિતાંગ ઉત્પલ, પદ્માંગ, પદ્મ, નલિનાંગ, નલિન, અચ્છ નિપૂરાંગ, અચ્છ નિપૂર, અપૂતાંગ, અપૂત, નયુતાંગ, નયુત, પ્રયુતાંગ, પ્રયુત, ચૂલિકાંગ, ચૂલિકા, શીર્ષ પ્રહેલિકાંગ, શીર્ષ પ્રહેલિકા, જે ઉત્તરોત્તર વધારે છે. પૂર્વ સુધીનું કોષ્ઠક પહેલા અને બીજા ભાગથી જાણવું. આગળનું કોષ્ઠક નીચે પ્રમાણે.

૮૪ લાખ વર્ષ પ્રમાણનો=૧ પૂર્વાંગ જાણવો. આગળ પણ આ પ્રમાણે જ.

૮૪ લાખ પૂર્વાંગ પ્રમાણનો=૧ પૂર્વ (વર્ષ સંખ્યા ૭૦,૫૬,૦૦૦૦૦૦૦૦૦૦, આટલી સંખ્યા પ્રમાણનો ૧ પૂર્વ થાય છે). ઋષભદેવ ભગવંતને આવા ૮૪ લાખ પૂર્વનું આયુષ્ય હતું.

૮૪ લાખ પૂર્વ=૧ ત્રુટિતાંગ, ૮૪ લાખ ત્રુટિતાંગ=૧ ત્રુટિત.

૮૪ લાખ ત્રુટિત=૧ અટટાંગ, ૮૪ લાખ અટટાંગ=૧ અટટ.

૮૪ લાખ અટટ=૧ અવવાંગ, ૮૪ લાખ અવવાંગ=૧ અવવ.

૮૪ લાખ અવવ=૧ હૂહૂકાંગ, ૮૪ લાખ હૂહૂકાંગ=૧ હૂહૂક.

૮૪ લાખ હૂહૂક=૧ ઉત્પલાંગ, ૮૪ લાખ ઉત્પલાંગ=૧ ઉત્પલ.
૮૪ લાખ ઉત્પલ=૧ પદ્માંગ, ૮૪ લાખ પદ્માંગ=૧ પદ્મ.
૮૪ લાખ પદ્મ=૧ નલિનતાંગ, ૮૪ લાખ નલિનતાંગ=૧ નલિન.
૮૪ લાખ નલિન=૧ અર્થનિપૂરાંગ,
૮૪ લાખ અર્થનિપૂરાંગ=૧ અર્થનિપૂર.
૮૪ લાખ અર્થનિપૂર=૧ અચુતાંગ,
૮૪ લાખ અચુતાંગ=૧ અચુત.
૮૪ લાખ અચુત=૧ નચુતાંગ, ૮૪ લાખ નચુતાંગ=૧ નચુત.
૮૪ લાખ નચુત=૧ પ્રચુતાંગ, ૮૪ લાખ પ્રચુતાંગ=૧ પ્રચુત.
૮૪ લાખ પ્રચુત=૧ ચૂલિતાંગ, ૮૪ લાખ ચૂલિતાંગ=૧ ચૂલિતા.
૮૪ લાખ ચૂલિતા-૧ શીર્ષ પ્રહેલિકાંગ,
૮૪ લાખ પ્રહેલિકાંગ=૧ શીર્ષ પ્રહેલિકા.

અહીં સુધી આંકડાની ગણી શકાય તે સંખ્યેય કાળ છે. તે પછીનો કાળ અસંખ્યાત છે જે ગણી શકાતો નથી.

જૈન શાસન કહે છે કે આ સંખ્યાત કાળમાં સમયોનું પ્રમાણ અસંખ્યાત જ સમજવું, અનંતનું નહીં. સારાંશ કે એક આવલિકામાં અસંખ્યાત સમય જ જાણવો. હવે આપણને થશે કે આ અસંખ્યાત સમય કેવો? તે જાણવા માટે લોકપ્રકાશ અને કર્મગ્રન્થોનો અભ્યાસ કરવો જરૂરી છે. પલ્યોપમ, સાગરોપમ, ઉત્સર્પિણી અને અવસર્પિણી જેવા લાંબા અને ઉપમેય કાળ માટે પણ અનંત નહીં કિન્તુ અસંખ્યાત સમય જ જાણવા. જ્યારે પુદ્ગલ પરાવર્તનમાં અનંત સમયની ભાવના જાણવી.

આપણા જીવાત્માએ આ પ્રમાણેના કેટલાક પુદ્ગલ પરાવર્તનો ભૂતકાળમાં પૂર્ણ કર્યાં છે. એટલે કે ન ગણાય તેટલા પુદ્ગલ પરાવર્તનોના લાંબા કાળ સુધી આપણે રખડપટ્ટી કરી ચૂકયાં છીએ. પરંતુ જૈન શાસનને પામી શકયા નથી અને પામ્યા હોઇશું તો આરાધી શકયા નથી તથા હજી પણ એટલે કે આ વર્તમાન મનુષ્યભવમાં જો જૈનશાસનને ઓળખી શકયા નથી તો ભવિષ્યકાળમાં કયાં સુધી રખડીશું તે ભગવાન જાણે કેમકે સ્થાવરયોનિમાંથી ત્રસયોનીને પ્રાપ્ત કર્યા પછી તેની મર્યાદા (૨૦૦૦) બે હજાર સાગરોપમની છે. આ કાળ દરમ્યાન યદિ આ જીવ મુક્ત ન બન્યો તો ફરીથી સ્થાવર યોનિને મેળવ્યા વિના છૂટકો નથી. ત્યાં કેટલાય કાળચક્ર પૂર્ણ થયે પણ બહાર નીકળવાનું શકય નથી.

બહુવચનનો આશ્રય કરીને બધીય આવલિકાઓમાં કોઈક સમયે અસંખ્યાત સમય અને કોઈક સમયે અનંત સમયની ભજના જાણવી.

## નિગોદ કેટલા પ્રકારે છે?

હે પ્રભો! નિગોદના કેટલા પ્રકારો કહ્યાં છે?

જવાબમાં ભગવંતે કહ્યું કે હે ગૌતમ! નિગોદ અને નિગોદ જીવો રૂપે નિગોદના બે પ્રકાર છે તે સૂક્ષ્મ અને બાદર પણ હોય છે. પહેલા ભાગમાં તેનું વર્ણન કરાઇ ગયું છે. તથા સૂત્રકારે પોતે જીવાભિગમની પ્રથમ પ્રતિપતિના બીજા ઉદ્દેશાથી જાણવાની ભલામણ કરી છે. આ પ્રમાણે ભાવોનું વર્ણન પણ પહેલા અને બીજા ભાગથી જાણવું.

**શતક પચ્ચીસમાનો ઉદ્દેશો ૫ મો સમાપ્ત**

# શતક ૨૫ : ઉદ્દેશો-૬

## નિર્ગ્રંથો કોણ? અને કેટલા પ્રકારે?

હે પ્રભો! જૈન શાસનમાં નિર્ગ્રંથોના ભેદો કેટલા છે?

જવાબમાં ભગવંતે ફરમાવ્યું કે હે ગૌતમ! [૧] પુલાક, [૨] બકુશ, [૩] કુશીલ, [૪] નિર્ગ્રંથ અને [૫] સ્નાતકના ભેદે મારા મુનિઓ પાંચ પ્રકારના કહેવામાં આવ્યા છે.

## ચારિત્ર મોહનીય કર્મની ભયાનકતા

અનાદિકાળથી પ્રવાહ રૂપે ૭૦ કોડાકોડી સાગરોપમની સ્થિતિવાળું મોહકર્મ-મદિરાના પાન જેવું હોવાથી આત્માના અસ્તિત્વનું તથા શુદ્ધિકરણનું સમ્યગ્જ્ઞાન થવા દેતું નથી. તેના બે ભેદ છે. (૧) મિથ્યાત્વ મોહકર્મ, (૨) ચારિત્ર મોહકર્મ. આમાંથી પહેલા કર્મના કારણે પોતાના આત્માના અસ્તિત્વનું જ ભાન થતું નથી અને જ્યાં સુધી કોઈને પણ પોતાના અસ્તિત્વનું જ ભાન ન થાય ત્યાં સુધી "આંધળી દળે અને કૂતરૂં ચાટી જાય" તેવી સ્થિતિ તે જીવાત્માની થાય છે. સમ્યગ્દર્શન નહી થવા દેવામાં અનંતાનુબંધી ચારે કષાયો અને મિથ્યાત્વની ત્રણે પ્રકૃતિઓ મૂળ કારણ છે. સંસારની રખડપટ્ટી કરતા જ્યારે ત્યારે આત્મામાં અનિવૃત પુરુષાર્થબળની પ્રાપ્તિ થાય છે ત્યારે સાતે કર્મપ્રકૃતિઓના વાદળા ખસવા માંડે છે અને જ્યારે ખસી જાય ત્યારે જીવાત્માને સર્વથા અદ્વિતીય ભૂખ્યા માણસને ઘેવરની, તરસ્યા માણસને ઠંડા પાણીની, નગ્ન માણસને ગરમ કપડાની ઉપમાને ધારણ કરતું સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે. સાથોસાથ મારો આત્મા છે, અનંતશક્તિનો માલિક છે, પરમાત્મા છે,

પુણ્ય-પાપ છે, આશ્રવ બંધ છે, સંવર નિર્જરા છે અને સંપૂર્ણ કર્મોનો ક્ષય થયા પછી મોક્ષ છે. કર્મોના બંધનથી આત્મા પોતે જ બંધાય છે અને પોતે જ કર્મપિંજરથી મુક્ત થાય છે આવું સમ્યગ્જ્ઞાન પણ પ્રાપ્ત થાય છે.

એકલું જ્ઞાન થવું તે જૂદી વાત છે અને તે જ્ઞાનને જીવનના અણુઅણુમાં ઉતારીને આત્માને લાગેલા મોહકર્મને મારી ભગાડવું કે તેને શક્તિહીન કરી દેવું તે બીજી વાત છે, માટે સમ્યગ્દર્શન કે સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ થયે છતે પણ ચારિત્ર-મોહનીય કર્મના કારણે પોતાના આત્માને શુદ્ધ-શુદ્ધતર અને શુદ્ધતમ બનાવવા માટે તે બેધ્યાન જ રહે છે. પરંતુ કદાચ કોઈક સમયે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ સમયે પાછો મિથ્યાત્વ તરફ ન જાય અને આગળ વધવા માટેની ભાવનામાં વધારો થાય તો શેષ રહેલા અંતઃકોડાકોડી કર્મોમાંથી કેટલાય પલ્યોપમના પલ્યોપમ જેટલા કર્મોના વાદળાઓને શિથિલ કરતો અને મોક્ષાભિલાષિણી પુરુષાર્થશક્તિ વડે ખસેડી દેતો તે જીવાત્મા સંપૂર્ણ જીવહિંસાનો ત્યાગ કરતો, કરાવતો તથા મૃષાવાદ, ચૌર્ય, મૈથુન અને પરિગ્રહનો ત્યાગ ત્રિવિધે કરતો તે ભાગ્યશાળી ચારિત્ર, દીક્ષા, સંયમ-સર્વવિરતિધર્મનો સ્વીકાર કરે છે. તે સમયે ગુરુદેવના ચરણોમાં મન, વચન તથા કાયાનું સમર્પણ કરતો, ત્યાગ, તપ અને સ્વાધ્યાયમાં આગળ ને આગળ વધવામાં તેને આનંદ થાય છે. પરન્તુ ભૂલવું ન જોઈએ કે ચારિત્રના ઉદયકાળમાં કે તેની આરાધનાકાળમાં તે સાધક ગમે તેવો તપસ્વી, મહાતપસ્વી, જ્ઞાની, મહાજ્ઞાની, પરિષહોનો વિજેતા કે સમતાપ્રધાન બન્યો હોય તો પણ સત્તાસ્થાને બેઠેલું, બેસાડેલું, પોષાયેલું અને નિકાચિત કે અનિકાચિત રૂપે સ્થાન પામેલું ચારિત્ર મોહનીય કર્મ નાગના ફૂફાડાની જેમ પોતાની

સંપૂર્ણ તાકાત લગાડીને ચારિત્રધારીને એકાગ્ર થવા દેતો નથી, સ્થિરતા લાવવા દેતો નથી અને પોતાના લંગોટિયા મિત્ર જેવા જ્ઞાનાવરણીય( મતિ જ્ઞાનાવરણીય )નો સાથ મેળવીને ચારિત્રધારીને સારી રીતે ચલાયમાન કરી દે છે. આ પ્રમાણે આત્મામાં ચારિત્રોદય અને ચારિત્ર મોહનીય કર્મના ધિંગાણા જોરદાર ચાલે છે અને આત્માના આ રણમેદાનમાં કોઈક સમયે ચારિત્રોદય જીતે છે ત્યારે સાધક તપસ્વી, મૌની તથા જિતેન્દ્રિય બને છે. પણ બીજી ક્ષણે ચારિત્ર મોહનીયનો હુમલો જોરદાર થતાં તે તપસ્વી પારણાના મોહમાં, મૌન તોડવામાં અને ઇન્દ્રિયોને પોષવાના ખ્યાલોમાં ફસાઈ જતો તે મોટામાં મોટી ભૂલ ખાઈ જાય છે.

આ બધી બાબતોનો ખ્યાલ રાખીને જ કેવળજ્ઞાની પરમાત્માએ મુનિરાજોના પાંચ ભેદ પાડ્યા છે. કેમકે " मामेकं शरणं व्रज " આ સિદ્ધાન્ત જૈન શાસનને સ્વીકાર્ય નથી; કારણ કે આત્મા પોતાની મેળે જ કર્મોથી બંધાય છે અને પોતાની મેળે જ મુક્ત થાય છે. બીજા કોઈની પણ શક્તિ, ચક્રવર્તીનું સૈન્ય કે ઈન્દ્ર મહારાજની એકેય મંત્રશક્તિ પણ રતિમાત્ર કામે લાગતી નથી, પરન્તુ સાધક પોતે માસખમણ કે નવકારશીના પ્રત્યાખ્યાનમાં, ગુરુવૈયાવચ્ચમાં, કે સ્વાધ્યાયમાં ચારિત્રોદયી બનશે તો ચોક્કસ કલ્યાણનો માર્ગ પામશે, અન્યથા આન્તર જીવનમાં ચારિત્ર મોહનીય કર્મ ગીલ્લી દડાંની રમત રમતો હશે તો સાધકને પતનાભિમુખી બન્યા વિના બીજો માર્ગ નથી.

## ચારિત્રમોહની નાટકલીલા :

સમ્યગ્જ્ઞાનની શિક્ષા ગ્રહણ કરી શિક્ષિત થયા પછી કેવળ-જ્ઞાનના માલિક બનવાની ભાવનાથી દીક્ષિત થનારા બધાય

મુનિરાજો એક સમાન હોવા છતાં પ્રમાદવશ વિચિત્ર અને વિવિધ પ્રકારની સ્ખલનાના કારણે જ ચારિત્ર પાલનમાં ફરક પડી જાય છે. મુસાફરી કરતાં આપણે સૌ જાણીએ છીએ કે બધાઓની ચાલ એક સમાન હોતી નથી. કેટલીકવાર દુબળા-પાતળા માણસ પાછળ રહી જાય છે અને જાડીયારામો ચાલવામાં સારી સ્ફૂર્તિવાળા હોય છે. જ્યારે ક્યાંક તેનાથી વિપરીત દેખાય છે, મોજીલા માનવોની ચાલ જોવા જેવી હોય છે. આ પ્રમાણે ચારિત્ર મોહનીય કર્મનો ઉદયકાળ પણ વિચિત્ર હોવાથી ઘણાઓની સ્ખલના પ્રત્યક્ષ દેખાય છે. બીજાઓની હજાર પ્રયત્ન કર્યે પણ નથી દેખાતી. કેટલાક ઉત્તર ગુણના પાકા હિમાયતી પણ મૂળગુણના પાકા વિરાધક, જ્યારે બીજાઓ મૂળગુણની શ્રદ્ધાવાળા પણ ઉત્તરગુણના પાલનમાં આંખ મિંચામણા કરનારા, કોઈક બહારના વ્યવહાર પૂરતા પાકા અને નિશ્ચયનયે જ્ઞાનથી ઢીલા તથા ચારિત્ર અને દર્શનથી પણ ઢીલા હોય છે. ઈત્યાદિ પ્રસંગોમાં ચારિત્ર મોહનીય નામે છદ્મવેષી નટરાજનો જ પ્રત્યક્ષ ચમત્કાર સ્પષ્ટ દેખાઈ રહ્યો છે, જ્યારે નટરાજનું નાટક સાધકના ખાનગી જીવનમાં ખેલાય છે, ત્યારે એક બાજુ જ્ઞાનાવરણીય, બીજી બાજુ દર્શનાવરણીય, ત્રીજી બાજુ અશાતાવેદનીય, ચોથી તરફ વીર્યાંતરાય અને પાંચમી તરફ તે નટરાજના ચેલાચાપટ જેવા પુરુષવેદ, સ્ત્રીવેદ, નપુંસકવેદ, હાસ્ય રતિ, ભય, શોક, આદિ પણ બેફામ રીતે નાટકમાં ભાગ લઈને સાધકને ક્યાંયનો પણ રહેવા દેતો નથી. આ નાટક મંડળી ભાવસંયમ, ભાવલિંગ, ભાવસાધુતાના કટ્ટર વૈરી હોય છે. આવી સ્થિતિમાં સાધક પાસે વૈરાગ્ય-રાજાનો એકેય સૈનિક ન હોય તો તે સંયમધારીની કઈ દશા થશે? કેવા બેહાલ થશે? અને ભયંકરમાં ભયંકર પાપકર્મોની ઉપાર્જના તથા અસાતાવેદનીય કર્મના ખજાના ભર્યા વિના બીજો માર્ગ

કયો ? જ્યારે સાધક ગુરુકુળવાસી હોય, તપસ્વી હોય, સ્વાધ્યાયી હોય અને ગુરુદેવની આંખો સામે જ રહેનારો હોય ત્યારે તે મંડળીની અસર ઉપર પ્રમાણે નથી થતી અને સાધક બીજના ચંદ્રની જેમ પોતાની જ્ઞાનશક્તિ વડે ચારિત્રની શુદ્ધ આરાધનામાં આગળ ને આગળ વધતો જાય છે. આ કારણે જ મુનિધર્મના સાધકના પાંચ ભેદ આરાધના અને વિરાધનાની અપેક્ષાએ પાડ્યા છે.

આ પ્રસ્તુત પ્રશ્નમાં પાંચે પ્રકારના મુનિઓની ૩૬ પ્રકારે વિચારણા ખૂબ જ વિસ્તારથી કરવામાં આવી છે. તે આ પ્રમાણે (૧) પ્રજ્ઞાપના દ્વાર, (૨) વેદદ્વાર, (૩) રાગ, (૪) કલ્પ, (૫) ચારિત્ર, (૬) પ્રતિસેવના, (૭) જ્ઞાનદ્વાર, (૮) તીર્થદ્વાર, (૯) લિંગદ્વાર, (૧૦) શરીરદ્વાર, (૧૧) ક્ષેત્રદ્વાર, (૧૨) કાળદ્વાર, (૧૩) ગતિદ્વાર, (૧૪) સંયમદ્વાર, (૧૫) સંનિકર્ષદ્વાર, (૧૬) યોગદ્વાર, (૧૭) ઉપયોગ, (૧૮) કષાય, (૧૯) લેશ્યા, (૨૦) પરિણામ, (૨૧) બંધ, (૨૨) વેદકર્મનું વેદન, (૨૩) ઉદીરણા, (૨૪) ઉપસંપદા, (૨૫) સંજ્ઞા, (૨૬) આહાર, (૨૭) ભવ, (૨૮) આકર્ષક, (૨૯) કાળમાન, (૩૦) અંતર, (૩૧) સમુદ્ઘાત, (૩૨) ક્ષેત્રદ્વાર, (૩૩) સ્પર્શનાદ્વાર, (૩૪) ભાવદ્વાર, (૩૫) પરિમાણદ્વાર અને (૩૬) અલ્પબહુત્વદ્વાર.

ઉપર પ્રમાણેના છત્રીસ દ્વારો વડે પાંચે પ્રકારના નિર્ગ્રંથોનો નિર્ણય કરવાનો છે. જે ખાસ જાણવા લાયક હોવાથી સૂત્ર અને ટીકાના આધારે તેને વિચારીશું.

**(૧) પ્રજ્ઞાપના દ્વાર અને તેમની વક્તવ્યતા :–**હે પ્રભો ! પુલાક મુનિના કેટલા ભેદ છે ?

જવાબમાં ભગવંતે ફરમાવ્યું કે હે ગૌતમ ! તેમને

પાંચ ભેદે વર્ણાવ્યા છે, તે આ પ્રમાણે (૧) જ્ઞાન પુલાક, (૨) દર્શન પુલાક, (૩) ચારિત્ર પુલાક, (૪) લિંગ પુલાક, અને (૫) યથાસૂક્ષ્મ પુલાક છે. પુલાક એટલે નિસ્સાર ધાન્યના કણ જે ધાન્યના દાણા ઉપર ઉપરથી સારા દેખાય પણ અંદરથી સાર વિનાના હોય છે, તેવી રીતે પુલાક મુનિ પણ જાણવો. ચારિત્રધારી હોવા છતાં સંયમના જે દૂષણો છે, તે વડે ભાવ-સંયમને જેઓ અસાર બનાવી દે છે.

પુલાક સંયમી બે ભેદે છે. (૧) લબ્ધિપુલાક, (૨) પ્રતિ-સેવના પુલાક, ચતુર્વિધ સંઘની સેવા માટે કે તેના ઉપર આવેલી આપત્તિને ટાળવાને માટે ચક્રવર્તીના સૈન્યને તથા ચક્રવર્તીને પણ નાશ કરવાની શક્તિ વિશેષ લબ્ધિપુલાક મુનિને વરેલી હોય છે. જ્યારે પ્રતિસેવના મુનિને આશ્રય કરી, ગૌતમસ્વામીના પૂછેલા પ્રશ્નના જવાબમાં તે મુનિના પાંચ ભેદ કહેવામાં આવ્યા છે તે આ પ્રમાણે :—

(૧) જ્ઞાનપુલાકઃ—સારો જ્ઞાનવાન મુનિ પણ ચારિત્ર-મોહનીય કર્મથી ઉત્પન્ન થયેલા મોહ તથા દર્શનાવરણીય કર્મના કારણે પ્રાપ્ત થયેલી નિદ્રા આદિને લઈ પ્રમાદવશ બને છે અને પોતાના પૂર્વભવના પુણ્યોદયે મેળવેલા ક્ષયોપશમને મલિન, દૂષિત તથા સ્ખલિત કરે છે.

(૨) દર્શન પુલાકઃ—સ્વાધ્યાયનો પ્રમાદી સાધક ધીમેધીમે મિથ્યાત્વ મોહનીય તરફ પ્રસ્થાન કરી સમ્યગ્દર્શનને, ભક્તિને–ઉપાસનાને તથા શ્રદ્ધાને પણ દૂષિત કરે છે.

(૩) ચારિત્ર પુલાકઃ—દર્શન તથા જ્ઞાન પ્રત્યે સ્ખલિત થયા પછી પોતાની આરાધનાને તથા ક્રિયાકાંડને પણ દૂષિત કરનારો હોય છે.

(૪) લિંગ પુલાકઃ—એટલે કારણ વિના પણ અન્ય લિંગ (વેષ)ને ધારણ કરે છે.

(૫) યથા સૂક્ષ્મ પુલાકઃ—ધીમે ધીમે મનથી અકલ્પિત અર્થાત્ જેનું સેવન ચારિત્રને માટે અયોગ્ય છે, તેના પ્રત્યે આકર્ષાઈને ગુપ્ત રીતે તેનું સેવન કરે છે.

## બકુશ નિર્ગ્રન્થ

અશુદ્ધ અને અશુભ અધ્યવસાયોના કારણે પોતાના ચારિત્રને જે ચિત્ર વિચિત્ર કરે છે, તે બકુશ કહેવાય છે. જે ઉપકરણ બકુશ અને શરીર બકુશ ભેદે બે પ્રકારના છે.

(૧) નવા પાપોને રોકવા માટે અને નિર્જરા તત્ત્વોની આરાધના માટે જે ઉપકરણો સ્વીકાર્યા હતાં, ચારિત્ર મોહનીય કર્મના ઉદયે સાધક પોતાના સંયમની શુદ્ધિનો ખ્યાલ ન રાખતાં તે ઉપકરણોને જ સુંદર ઉજળા અને ઝગમગતા રાખવામાં તન્મય બને છે તે ઉપકરણ બકુશ છે.

(૨) શરીરને તથા હાથ, પગ, મુખ, નખ આદિ અવયવોને સાફસુફ રાખવાની કાળજીવાળો શરીર બકુશ કહેવાય છે.

યદ્યપિ આત્મકલ્યાણની ઉત્કટ ભાવના છે, મોક્ષનું રટણ છે, સીમંધરસ્વામીનું ધ્યાન છે તેમ છતાં પણ સાધકની જ્ઞાનોપાસના કમજોર હોવાથી ચારિત્ર મોહનીયને ઉપશમિત કરવા પ્રત્યે પ્રયત્ન કરી શકાયો નથી. આ કારણે જ બકુશમુનિના પણ પાંચ ભેદ પડે છે.

[૧] આભોગ બકુશ :–આ ભેદમાં રહેલો સાધક મુનિ સમજે છે કે " उपक्रियते संयमः येन स उपकरणम् " આ પરિ-

ભાષાએ સંયમને શુદ્ધ કરવા માટે જ ઉપકરણો છે. તેમ છતાં મોહવશ ઉપકરણો શોભે તેવા ઉજળા રાખવામાં ધ્યાન પરસ્ત છે.

[૨] અનાભોગ બકુશ :–મુનિ દીક્ષિત થયા પછી પણ સમજતો નથી કે ઓઘો, ડંડાસન, પુંજણી વગેરેનો ઉપયોગ શા માટે કરવાનો ? તેથી દોષોનું સેવન કરે, વર્ધન કરે તે અનાભોગ બકુશ છે.

[૩] સંવૃત બકુશ :–મુનિ પોતાના ચારિત્ર પાલન માટે દશ પ્રકારના પ્રત્યાખ્યાન સ્વરૂપ ઉતર ગુણોથી યુક્ત હોવા છતાં પણ કોઈને ખબર પડવા ન દે તેવી રીતે ગુપ્ત રહીને દોષોનું સેવન કર્યા કરે છે.

[૪] ત્રીજા નંબરથી વિપરીત જાણવો.

[૫] યથા સૂક્ષ્મ બકુશ મુનિ શરીરના અવયવોને વિના કારણે પણ સાફ રાખવામાં મસ્ત રહે છે.

## કુશીલ નિર્ગ્રંથ

कुत्सितं शीलं चरित्रं यस्य स कुशीलः જેમનું ચારિત્ર કે તેની આરાધના કુત્સિત એટલે સમ્યક્ પ્રકારે ન હોય તે કુશીલ કહેવાય છે. તેમના બે ભેદ છે, (૧) પ્રતિસેવના કુશીલ, (૨) કષાયકુશીલ.

પહેલામાં ઉત્તર ગુણોની વિરાધના સમજવી એટલે કે મૂળ ગુણોની રક્ષા માટે જ ઉત્તરગુણોની આરાધના અનિવાર્ય હોવા છતાં જે સાધક તે ગુણોને વિરાધ્યા કરે છે તે પ્રતિ-સેવના કુશીલ છે અને બીજામાં સંજ્વલ કષાયોની ઉદીર્ણા કરવાથી દોષો લાગે છે તે કષાય કુશીલ કહેવાય છે. પ્રતિસેવના

કુશીલ પાંચ પ્રકારે છે. તે આ પ્રમાણે [૧] જ્ઞાન પ્રતિસેવના કુશીલ, [૨] દર્શન પ્રતિસેવના કુશીલ, [૩] ચારિત્ર પ્રતિસેવના કુશીલ, [૪] લિંગ પ્રતિસેવના કુશીલ, [૫] યથાસૂક્ષ્મ પ્રતિસેવના કુશીલ.

(૧) જેઓ પ્રમાદી મોહી અને સંસાર તથા સંસારીઓની ખટપટમાં પડીને નવું ભણવાનું છોડી દે છે અને જુનું સંભારે નહી, પોતાના સ્વાર્થ કે અહં પોષણ માટે તથા જીવિકાની લાલસાએ મેળવેલા સમ્યગ્જ્ઞાનને વાક્છટા દ્વારા દૂષિત કરે તે પ્રતિસેવના કુશીલ.

(૨) સમ્યગ્દર્શનની શુદ્ધિ પ્રત્યે બેદરકાર રહીને આત્માને મલિન કરવામાં પ્રયત્નશીલ રહે તે દર્શન પ્રતિસેવના કુશીલ જાણવો.

(૩) જેનાથી ચારિત્રની આરાધના શિથિલ બને તે ચારિત્ર પ્રતિસેવના કુશીલ જાણવો.

(૪) જૈનત્વ સાધક મુનિ લિંગથી અતિરિક્ત લિંગો પ્રત્યે રાગ રાખવો તે લિંગ પ્રતિસેવના કુશીલ છે.

(૫) બીજાઓ દ્વારા કરાતી પોતાની પ્રશંસાને સાંભળવામાં અથવા પોતાની પ્રશંસા થાય તે પ્રમાણે ઉદીર્ણા કરવી તે યથા સૂક્ષ્મ પ્રતિસેવના કુશીલ છે.

કષાય કુશીલ પણ ઉપર પ્રમાણે જ પાંચ ભેદે સંપન્ન છે. કેવળ વિશેષતા એટલી જ કે, જે સાધક પોતાને પ્રાપ્ત થયેલા જ્ઞાન-દર્શન તથા લિંગ(વેષ)નો કષાય પ્રવૃતિમાં ઉપયોગ કરે તે દર્શન-જ્ઞાન અને લિંગ કષાય જાણવા. તથા કષાયાધીન થઇને બીજાઓને શાપ આપે તે ચારિત્ર કષાય કુશીલ છે. તથા માનસિક જીવનમાં કષાયોની વૃતિ તથા પ્રવૃતિને મર્યાદિત ન કરવી તે યથાસૂક્ષ્મ કષાય કુશિલ કહેવાય છે.

## નિર્ગ્રન્થ મુનિ

જે સાધક મોહનીય કર્મથી રહિત હોય, કર્મોની ગ્રન્થિઓ જેમણે લગભગ શિથિલ કરી દીધી છે, કર્મપિંજરમાંથી છુટવાની ચરમ સીમા જેમણે પ્રાપ્ત કરી છે. અથવા બાહ્ય અને આભ્યંતર પરિગ્રહની ગ્રન્થિઓને જેમણે તોડી નાખી છે તે નિર્ગ્રન્થ મુનિ કહેવાય છે, જેમના પાંચ ભેદ છે.

પ્રથમ સમયવર્તી, અપ્રથમ સમયવર્તી, ચરમ સમયવર્તી, અચરમ સમયવર્તી અને યથાસૂક્ષ્મ નિર્ગ્રન્થ.

ઉપશાંત મોહ નામના ૧૧ મે ગુણસ્થાનકે તથા ક્ષીણમોહ નામે ૧૨ મે ગુણસ્થાનકે વર્તમાન મુનિ નિર્ગ્રન્થ બને છે. તેમાં ૧૧ મે ગુણસ્થાને કષાયોનો ઉપશમ થતો હોવાથી તે મુનિ નિર્ગ્રન્થ છે. કષાયોને ઉપશાંત કરવાનો વિધિ તથા ક્રમ આ પ્રમાણે છે. સાધક સૌથી પહેલા અનંતાનુબંધી ક્રોધ, માન, માયા અને લોભને ઉપશાંત કરે. ત્યાર પછી ક્રમશઃ ત્રણ મિથ્યાત્વ પ્રકૃતિ, નપુંસક વેદ. સ્ત્રી વેદ, હાસ્યાદિષટ્ક, પુરુષ વેદ, અપ્રત્યાખ્યાની, તથા પ્રત્યાખ્યાની ક્રોધ, સંજ્વલન ક્રોધ, અપ્રત્યાખ્યાન તથા પ્રત્યાખ્યાન માયા, સંજ્વલન માયા, અપ્રત્યાખ્યાન પ્રત્યાખ્યાન લોભ છેવટે સંજ્વલન લોભ. આ અનુક્રમે મોહ કર્મનો સંપૂર્ણ ઉપશમ કરવામાં આવે છે. ત્યારપછી ચરમ શરીરી હોય તો આગળ વધીને ૧૨મા ગુણસ્થાનકે મોહકર્મનો સમૂળ નાશ થયા પછી આ સ્થાનકના અંતિમ સમયે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાયકર્મોનો સર્વથા ક્ષય થવાના સમયે તેરમું ગુણસ્થાનક પ્રાપ્ત થાય છે જે કેવળીનું છે.

૧૧-૧૨ મા ગુણસ્થાનકે રહેતા સાધકો વીતરાગ ખરા

પણ છદ્મસ્થ વીતરાગ કહેવાય છે, જે અન્તર્મુહૂર્ત કાળ પ્રમાણ છે. તેના પ્રથમ સમયમાં વર્તમાન હોય તે પ્રથમ સમય નિર્ગ્રન્થ કહેવાય છે. બાકીના સમયમાં વર્તમાન હોય તે અપ્રથમ સમય નિર્ગ્રન્થ છે, તેવી રીતે ઉપશાંત અને ક્ષીણમોહના ચરમ સમયમાં વર્તમાન હોય તે ચરમસમય નિર્ગ્રન્થ, બાકીના સમયમાં વર્તમાન હોય તે અચરમ નિર્ગ્રન્થ છે અને સમયની વિવક્ષા વિનાનો યથાસૂક્ષ્મ નિર્ગ્રન્થ જાણવો.

## સ્નાતક મુનિ

જે પુણ્યશાલિઓએ કેવળજ્ઞાન પ્રાપ્ત કરી લીધું હોય તે સ્નાતક છે, તેમના પાંચ ભેદ છે.

( ૧ ) અચ્છવી–જે કાયયોગ રહિત હોય.

( ૨ ) અશબલ–દોષ રહિત વિશુદ્ધ ચારિત્રવાન હોય.

( ૩ ) અકર્માંશ–ઘાતીકર્મ રહિત હોય.

( ૪ ) સંશુદ્ધ–કેવળી હોય.

( ૫ ) અપારસ્રાવી–કર્મબંધન તૂટી ગયા હોય.

લગભગ સૌનો અર્થ એક જ છે. માટે શક્ર–પુરંદર શબ્દોની જેમ કેવળ શબ્દ નયથી કરેલા ભેદ જાણવા.

( ૨ ) વેદ દ્વાર :–પુલાક મુનિઓ શું સવેદક હોય છે? કે અવેદક હોય છે? જવાબમાં કહેવાયું કે પુલાક મુનિઓ સવેદક જ હોય છે, વેદ કર્મના ઉદય વિનાના હોતા નથી. આ પ્રમાણે બકુશ મુનિ અને પ્રતિસેવના કુશીલ મુનિઓને માટે પણ જાણવું. કેમકે આ ત્રણે મુનિઓ ઉપશમ શ્રેણી

કે ક્ષપક શ્રેણી માંડવાની યોગ્યતા વિનાના હોય છે. પુલાક મુનિને પુરુષવેદ અથવા નપુંસકનો જ ઉદય હોય છે. કેમકે સ્ત્રીને પુલાક લબ્ધિ હોતી નથી તેથી સ્ત્રીવેદ પુલાકને નથી, નપુંસક વેદમાં પણ જે કૃત્રિમ એટલે શસ્ત્રાદિના ઘાતથી કે કોઈના શાપથી, પુરુષલિંગ કપાઈ. છેદાઈ ગયું હોય તે નપુંસકોનું અહીં ગ્રહણ છે. પરન્તુ પૂર્વભવના મહાપાપી જીવનમાં ઉપાર્જન કરેલા અને આ ભવમાં ઉદયમાં આવેલા નપુંસક વેદના માલિકોને ગ્રહણ કર્યા નથી, કેમકે તેવા નપુંસકોને દીક્ષા પણ દેવાતી નથી એટલે કે સંયમ પાળવામાં તેમની પાસે યોગ્યતા ન હોવાને કારણે દીક્ષાને પણ યોગ્ય નથી તો પુલાક લબ્ધિની વાત જ ક્યાં રહી ? બકુશ મુનિ અને પ્રતિસેવના કુશીલ મુનિ ત્રણે વેદ કર્મોના ઉદયવાળા હોઈ શકે છે. એટલે કે આ બન્ને મુનિએ પુરુષ હશે તો પુરુષ વેદવાળા, સ્ત્રી હશે તો સ્ત્રી વેદવાળા અને કૃત્રિમ નપુંસકો હશે તો નપુંસક વેદ કર્મના ઉદયવાળા પણ જાણવા.

કષાય કુશીલ મુનિ સવેદક અને અવેદક પણ હોય છે. સવેદક હોય ત્યારે છઠ્ઠે પ્રમત ગુણસ્થાનકે, સાતમે અપ્રમત ગુણસ્થાનકે અને આઠમે અપૂર્વકરણ ગુણસ્થાનકે વેદોદય જાણવો, ત્યાર પછી નવમે અનિવૃત્તિબાદર ગુણસ્થાનકે, દશમે સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાનકે વેદ મોહનીય કર્મ ઉપશાંત કે ક્ષીણ થાય ત્યારે તે મુનિએ વેદકર્મના ઉદયવાળા ન હોવાના કારણે તેઓને અવેદક કહ્યાં છે. સવેદક હોય તો ત્રણે વેદ જાણવા અને નિર્ગ્રંથ મુનિએ તથા સ્નાતક મુનિએ નિશ્ચયે અવેદક જ હોય છે.

કૃત્રિમ-અકૃત્રિમ નપુંસકોનું વર્ણન પહેલા ભાગથી જાણવું અને ત્રણે વેદોનું વર્ણન બીજા ભાગથી જાણવું.

સત્તામાં રહેલું વેદ મોહનીયકર્મ જ્યારે ઉદયમાં આવવાનું હોય છે ત્યારે પુરુષને સ્ત્રી તથા સ્ત્રીને પુરૂષ અને નપુંસકને પુરૂષ તથા સ્ત્રીના શરીરોની પ્રાપ્તિ, સહવાસ, તેમની સાથે વાર્તાલાપ, હાસ્ય, આદાન પ્રદાન, સંકેત; આદિની અનુકુળતા મળતા મુનિ ચલાયમાન થયા વિના રહેતો નથી. કેમકે તે કર્મને દબાવી દેવા માટેનું સ્વાધ્યાય બળ, તપશ્ચર્યા બળ કે ગુરુ સાન્નિધ્યનું બળ આંતરિક જીવનમાંથી પલાયન થઈ ગયું હોય છે. વેદના તીવ્રોદયે કે ઉદીર્ણા કરીને ઉદયમાં લાવેલું તે કર્મ પ્રચ્છન્નપણે મુનિને સતાવ્યા વિના રહેતું નથી. તેથી ઉત્તમ નિમિત્તો પણ તે મુનિને માટે કેવળ વ્યવહાર રૂપે જ રહેવા પામે છે. આ કારણે જ બંને શ્રેણિઓ માંડવા માટે અને તે દ્વારા કેવળજ્ઞાનના દ્વાર સુધી પહોંચવા માટેની યોગ્યતા તેમના ભાગ્યમાં રહેતી નથી.

( ૨ ) રાગદ્વાર :–પુલાક બકુશ અને કુશીલ મુનિઓ રાગવાળા હોય છે, પરંતુ રાગ વિનાના ( विशेषेण इत :– गतः रागः यस्मात् स वीत्तरागः ) વીતરાગ હોતા નથી. જ્યારે નિર્ગ્રંથ અને સ્નાતક મુનિઓ વીતરાગ હોય છે. ૧૧–૧૨મે ગુણસ્થાનકે રહેલા છદ્મસ્થ વીતરાગો હોય છે, જ્યારે કેવળજ્ઞાન થયા પછી ક્ષીણ કષાય વીતરાગ અવસ્થાના માલિક બને છે.

સંસારવર્તી જીવમાત્રને પોતાના સકંજામાં લેનારો આ રાગ મોહરાજાનો મોટામાં મોટો સૈનિક છે. ત્યારે જ તો દશમા ગુણસ્થાનક સુધી પહોંચેલા મહાતપસ્વી, જ્ઞાની, ધ્યાની મુનિઓ પણ રાગને આધીન થતા વાર લાગતી નથી, અગ્યારમા ગુણસ્થાનકે રહેલા મુનિઓ ભલે વીતરાગ કહેવાય પણ એકાદ સમયના પ્રમાદને કારણે પાછા નીચે ઉતરવાનો પ્રારંભ કર્યા વિના રહેતા નથી. માટે જ ઉપશમ શ્રેણિમાં સત્તામાં પડેલી

પ્રકૃતિઓનો વિશ્વાસ કરવા લાયક નથી, જ્યારે ક્ષપક શ્રેણિમાં સ્થિત મુનિને રાગનો ભય મુદ્દલ રહેતો નથી. ૧૧-૧૨ મે ગુણઠાણે રહેલા મુનિઓ યદ્યપિ વીતરાગ છે, તો પણ તેમનામાં છદ્મસ્થપણું રહેલું હોવાથી તે છદ્મસ્થ વીતરાગ કહેવાય છે : તથા કર્મોની કુટિલતાના કારણે અગ્યારમા ગુણઠાણાના માલિકનું પ્રસ્થાન પણ કદાચ સંસાર તરફ થઈ શકે છે. જ્યારે બારમા ગુણઠાણાના માલિકનું પ્રસ્થાન કેવળજ્ઞાન તરફ હોય છે.

**( ૪ ) કલ્પદ્વાર** :-કલ્પસૂત્રમાં આવતા આચેલક્યાદિ દશ જાતના કલ્પો( આચારો )માં પ્રથમ અને ચરમ તીર્થંકરના મુનિઓને કલ્પની મર્યાદા નિશ્ચિત હોવાથી તે કલ્પસ્થિત કહેવાય છે. મધ્યના બાવીશ તીર્થંકરના મુનિઓ કદાચ કલ્પમાં હોય, કદાચ ન પણ હોય. આમાં પણ પુલાક મુનિઓ હોય છે. યાવત્ સ્નાતકો પણ હોય છે.

પુલાક મુનિ સ્થવિર કલ્પી છે.

બકુશ અને પ્રતિસેવના કુશીલ જીત કલ્પી અને સ્થવિર કલ્પી છે, પણ કલ્પાતીત નથી.

કષાય કુશીલ મુનિ, જીત કલ્પી-સ્થવિર કલ્પી અને કલ્પાતીત પણ જાણવા. કેમકે છદ્મસ્થ તીર્થંકર સકષાયી હોવા છતાં કલ્પાતીત પણ છે.

નિર્ગ્રન્થ અને સ્નાતકો કલ્પાતીત હોય છે.

**( ૫ ) ચારિત્રદ્વાર** :-પુલાક, બકુશ અને પ્રતિસેવના કુશીલ મુનિઓ કેવળ સામાયિક અને છેદોપસ્થાપનીય ચારિત્રમાં હોય છે. પણ પરિહાર વિશુદ્ધ, સૂક્ષ્મ સંપરાય કે યથાખ્યાત ચારિત્ર તેમના ભાગ્યમાં હોતું નથી.

કષાય કુશીલ મુનિ યથાખ્યાત ચારિત્રમાં હોતા નથી માટે પહેલાના ચાર ચારિત્રોના તેઓ માલિક હોય છે, નિર્ગ્રંથ અને સ્નાતક મુનિઓને યથાખ્યાત ચારિત્ર જ હોય છે.

**( ૬ ) પ્રતિસેવના દ્વાર** :–સંજ્વલન કષાયના ઉદયથી સંયમની વિરાધના કરનારને પ્રતિસેવક કહેવાય છે. પુલાકમુનિ પ્રતિસેવક હોય છે અને મૂળ ગુણ ઉત્તર ગુણની વિરાધના કરે છે. મૂળ ગુણમાં એકાદ આશ્રવનો તથા ઉત્તરગુણ–દશવિધ પ્રત્યાખ્યાનમાંથી એકાદનો વિરાધક જાણવો પ્રતિસેવના કુશીલને ઉપર પ્રમાણે જાણવો બકુશમુનિ ઉત્તરગુણનો વિરાધક હોય છે, જ્યારે કષાયકુશીલ, નિર્ગ્રંથ અને સ્નાતક મુનિઓ વિરાધક નથી પણ આરાધક હોય છે.

**(૭) જ્ઞાનદ્વાર** :–પુલાક–બકુશ અને પ્રતિસેવના કુશીલ બે કે ત્રણ જ્ઞાનના માલિક હોય છે. બે હોય તો મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન. ત્રણ જ્ઞાનમાં અવધિજ્ઞાન વધારે જાણવું. કષાય કુશીલ મુનિને, મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન. મતિ શ્રુત અને અવધિજ્ઞાન, મતિ શ્રુત અને મનઃપર્યવ તથા ચાર જ્ઞાન હોય તો મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ જાણવા. નિર્ગ્રંથને પણ ઉપર પ્રમાણે જાણવા. જ્યારે સ્નાતકને આદિના ચાર જ્ઞાન હોતા નથી પણ કેવળજ્ઞાન એક જ હોય છે.

**( ૮ ) શ્રુતદ્વાર** :–પુલાકમુનિ જઘન્યથી નવમા પૂર્વની ત્રીજી આચાર વસ્તુ સુધી ભણે છે. અને ઉત્કૃષ્ટથી નવપૂર્વ સંપૂર્ણ.

બકુશ જઘન્યથી અષ્ટપ્રવચન માતા સુધી અને ઉત્કૃષ્ટથી દશપૂર્વ સુધીનો અભ્યાસ કરે છે. પ્રતિસેવના કુશીલ પણ આ પ્રમાણે જાણવો. (ચારિત્રના પાલનમાં પાંચ સમિતિ, ત્રણ

ગુપ્તિ મુખ્ય હોવાથી અષ્ટપ્રવચન માતાનું જ્ઞાન જરૂરી છે.) કષાય કુશીલ અને નિર્ગ્રન્થ જઘન્યથી અષ્ટ પ્રવચન માતા સુધી તથા ઉત્કૃષ્ટથી ચૌદ પૂર્વનો જ્ઞાતા જાણવો. જ્યારે સ્નાતક અરિહંત પરમાત્મા શ્રુત રહિત છે, કેમકે કેવળજ્ઞાનની વિદ્યમાનતામાં પહેલાના ક્ષાયોપશમિક જ્ઞાનોની સમાપ્તિ થાય છે. એટલે કે તેમની આવશ્યકતા રહેતી નથી.

(૯) **તીર્થદ્વાર** :-પુલાક-બકુશ અને પ્રતિસેવના કુશીલ મુનિઓ તીર્થની વિદ્યમાનતામાં જ હોય છે. જ્યારે કષાય કુશીલ મુનિ તીર્થમાં અને અતીર્થમાં પણ હોય છે. અહિં અતીર્થના બે અર્થ જાણવા.

(૧) કષાય કુશીલ તીર્થંકર છદ્મસ્થ અવસ્થામાં રહે ત્યારે તે અપેક્ષાથી અતીર્થ.

(૨) તીર્થના વિચ્છેદ થયા પછી અન્ય ચારિત્રવાન જે કષાય કુશીલ હોય. આ પ્રમાણે નિર્ગ્રન્થ અને સ્નાતકને પણ જાણવા. જેમ મરૂદેવી માતા અતીર્થ સ્નાતક હતાં. ઋષભદેવની તીર્થ સ્થાપના પહેલા અતીર્થ કાળ હતો અને મરૂદેવી માતાએ કેવળજ્ઞાન મેળવ્યું છે. જ્યારે જમ્બુસ્વામી તીર્થકાળમાં કેવળજ્ઞાની બન્યા છે. કેમકે તેમના કેવળજ્ઞાનના સમયે ભગવાન મહાવીરસ્વામીનું શાસન હતું, આજે પણ છે અને પાંચમા આરાના અંત સુધી રહેશે.

(૧૦) **લિંગદ્વાર** :-પુલાકથી લઈ સ્નાતક સુધીના મુનિઓ, દ્રવ્યલિંગથી, સ્વલિંગ, અન્ય લિંગ કે ગૃહસ્થ લિંગમાં પણ હોય છે તથા ભાવલિંગની અપેક્ષાએ સ્વલિંગમાં જ હોય છે. ગૃહસ્થ કે અન્ય લિંગે નથી હોતા. અહિં લિંગ એટલે વેષ જાણવું.

જે દ્રવ્ય અને ભાવને આશ્રયી બે પ્રકારનું છે: તેમાં જ્ઞાનાદિ ભાવલિંગ છે, જે અરિહંતોને હોવાથી સ્વલિંગ છે.

દ્રવ્યલિંગ સ્વ અને પરના ભેદથી બે પ્રકારનું છે. તેમાં રજોહરણાદિનું દ્રવ્યથી સ્વલિંગ જાણવું. જ્યારે પરલિંગના બે ભેદ છે: કુતીર્થિક લિંગ અને ગૃહસ્થલિંગ. પુલાક મુનિને ત્રણે પ્રકારનું દ્રવ્યલિંગ હોય છે, કેમકે ચારિત્રના પરિણામને દ્રવ્ય-લિંગની અપેક્ષા નથી હોતી.

**(૧૧) શરીરદ્વાર**:–પુલાક મુનિ ઔદારિક–કાર્મણ અને તૈજસ્ શરીરમાં હોય છે. નિર્ગ્રન્થ અને સ્નાતક પણ આ પ્રમાણે જાણવા. બકુશ અને પ્રતિસેવના કુશીલ ત્રણ તથા આહારક શરીર છોડીને ચાર શરીરમાં પણ જાણવા. કષાય કુશીલ ત્રણ, ચાર અને પાંચ શરીરમાં પણ હોય છે.

**(૧૨) ક્ષેત્રદ્વાર**:–પુલાક મુનિ જન્મ અને સદ્ભાવને અપેક્ષી કર્મભૂમિમાં હોય છે, અકર્મભૂમિમાં નથી હોતા. કેમકે જન્મ એટલે ઉત્પત્તિ અને સદ્ભાવ એટલે ચારિત્ર કર્મ-ભૂમિમાં જ હોય છે, અકર્મભૂમિ એટલે ભોગભૂમિમાં જન્મે-લાઓના ભાગ્યમાં ચારિત્ર હોતું નથી, તેવી રીતે પુલાક લબ્ધિ-સમ્પન્ન મુનિનું સંહરણ થતું નથી.

શેષ મુનિઓ જન્મ તથા સદ્ભાવની અપેક્ષાએ કર્મભૂમિ તથા અકર્મભૂમિમાં પણ યથાશક્ય હોઈ શકે છે.

**(૧૩) કાળદ્વાર**:-પુલાક મુનિ ઉત્સર્પિણી, અવસર્પિણી તથા નોઉત્સર્પિણી અને નોઅવસર્પિણી આ ત્રણે કાળમાં હોય છે. ભરત તથા ઐરાવતમાં ઉત્સર્પિણી અને અવસર્પિણી કાળ છે, જ્યારે મહાવિદેહ ક્ષેત્ર અને હૈમવતાદિ ક્ષેત્રોમાં નોઅવસર્પિણી

અને નોઉત્સર્પિણી કાળ છે. તે પુલાક મુનિ અવસર્પિણી કાળમાં સુષમા સુષમા કાળે (પ્રથમ આરામાં) તથા સુષમા નામે બીજા આરામાં જન્મતો નથી, પણ ત્રીજા અને ચોથા આરામાં જન્મે છે, પણ પાંચમા આરામાં જન્મતો નથી. જ્યારે ચારિત્રની અપેક્ષાએ ત્રીજા, ચોથા અને પાંચમા આરામાં હોય છે. ચોથા આરામાં જન્મેલો હોય તો પાંચમા આરામાં ચારિત્ર હોય છે.

ઉત્સર્પિણી કાળમાં બીજા, ત્રીજા અને ચોથા આરામાં જન્મ્યો હોય, તેમાં બીજા આરાના અંતમાં જન્મ્યો હોય અને ત્રીજામાં ચારિત્ર સ્વીકાર કરે. ત્રીજા અને ચોથા આરામાં જન્મ અને ચારિત્ર બન્ને હોય છે. મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ તથા ચારિત્રની અપેક્ષાએ બન્નેનો સદ્ભાવ જાણવો. અહીં સુષમા સુષમા (પ્રથમ આરો) જેવો કાળ મહાવિદેહ ક્ષેત્રમાં આવેલા દેવકુરૂ તથા ઉત્તરકુરૂમાં હોય છે. બીજા આરા જેવો કાળ (સુષમા) હરિવર્ષ અને રમ્યક્ક્ષેત્રમાં હોય છે. ત્રીજા આરા જેવો કાળ હિમવત અને હૈરણ્યવત ક્ષેત્રમાં અને દુષમ સુષમા એટલે ચોથા આરા જેવો સમય મહાવિદેહ ક્ષેત્રમાં હોય છે.

બકુશ મુનિ અવસર્પિણી અને ઉત્સર્પિણી કાળે હોય છે, અવસર્પિણીમાં હોય તો ત્રીજા, ચોથા, પાંચમાં આરામાં જાણવા અને ઉત્સર્પિણીમાં હોય તો જન્મની અપેક્ષા પુલાકવત્ અને ચારિત્રની અપેક્ષાએ પાંચમે, છઠ્ઠે આરે નથી હોતા. શેષ પુલાકવત્ સંહરણની અપેક્ષાએ કોઇ પણ કાળમાં હોય.

(૧૪) ગતિદ્વાર :-મૃત્યુ પામીને પુલાકમુનિ જઘન્યથી સૌધર્મ દેવલોક અને ઉત્કૃષ્ટથી સહસ્રાર દેવલોકમાં જન્મે છે. બકુશ ઉત્કૃષ્ટથી અચ્યુત કલ્પમાં જન્મે છે, પ્રતિસેવના કુશીલ પણ આ પ્રમાણે જ જાણવા. કષાયકુશીલની ગતિ પુલાકની જેમ

જાણવી, પરંતુ ભવનપતિ, વ્યંતર અને જ્યોતિષમાં તેમનો ઉત્પાદ નથી. કષાય કુશીલ ઉત્કૃષ્ટથી અનુતર વિમાનમાં જન્મે છે, જ્યારે સ્નાતકો સિદ્ધશિલામાં બિરાજમાન થાય છે.

પુલાક મુનિ યદિ સંયમની વિરાધના ન કરે તો ઈન્દ્ર, સામાનિક દેવ કે ત્રાયસ્ત્રિંશ દેવ થાય છે. લોકપાલરૂપે પણ જન્મે છે પણ અહમિન્દ્રરૂપે જન્મતો નથી અને સંયમની વિરાધના કરી હોય તો વૈમાનિક દેવ બનતો નથી પણ ભવનપતિ, વ્યંતર કે જ્યોતિષ બનવા પામે છે, બકુશ અને પ્રતિસેવના કુશીલ માટે પણ જાણવું, કષાય કુશીલ મુનિ વિરાધક હોય તો પૂર્વવત્ જાણવું. નિર્ગ્રંથો લોકપાલ રૂપે બનતા નથી. દેવલોકને પામતો પુલાક જઘન્યથી બે થી નવ પલ્યોપમ અને ઉત્કૃષ્ટથી ૧૮ સાગરોપમની તથા બકુશની ઉત્કૃષ્ટ સ્થિતિ ૨૨ સાગરોપમ, કષાયકુશીલ ૩૩ સાગારોપમ જ્યારે નિર્ગ્રંથ જઘન્ય અને ઉત્કૃષ્ટથી ૩૩ સાગરોપમ સ્થિતિવાળા જાણવા.

(૧૫) **સંયમદ્વાર** :–પુલાક–બકુશ–પ્રતિસેવના કુશીલ અને કષાય કુશીલને સંયમસ્થાનો અસંખ્યાત છે. નિર્ગ્રંથ અને સ્નાતકને કેવળ એક જ સંયમ સ્થાન છે. આ કારણે જ સૌથી થોડા સંયમ સ્થાનો નિર્ગ્રંથ અને સ્નાતકને છે. સ્નાતક કેવળી હોવાના કારણે મોહકર્મ સર્વથા નિર્મૂળ થઈ ગયેલો છે, તેથી તેઓ સંયમમાં સર્વથા અને સર્વદા સ્થિર જ છે. નિર્ગ્રંથો યદ્યપિ ઉપશમિત છે તો પણ મોહ નામના કાળા નાગને લગભગ નિર્વિષ કરી દીધેલો હોવાથી શુદ્ધ સ્ફટિક જેવો તેમનો સંયમ હોય છે. માટે જ તેમને ચડઉતર કરવાની રહેતી નથી. જ્યારે શેષ મુનિઓનો મોહકર્મ ક્ષયોપશમ વિશેષણથી વિશેષિત હોય છે અથવા ક્ષાયિક સમ્યક્ત્વી હોય તો પણ ચારિત્રની ક્ષાયિક અવસ્થા તેમને પ્રાપ્ત કરેલી ન હોવાથી એક સમયે સંયમની

સાધક પ્રકૃતિઓ ઉદયમાં હોય છે, જ્યારે બીજા સમયે તેની બાધક પ્રકૃતિઓનો ઉદય પણ નકારી શકાતો નથી. આત્માના પ્રદેશો પર જ્યારે ચારિત્રોદય અને ચારિત્ર મોહનીનો ઉદય પરસ્પર રણમેદાને ચડ્યા હોય ત્યારે સ્વાભાવિક છે કે એકની અલ્પાંશે પણ જીત અને બીજાની પીછેહઠ થાય છે. આ પ્રમાણે જ્ઞાનોદય અને જ્ઞાનાવરણીયોદય આદિ કર્મોની સાધક બાધક પ્રકૃતિઓ જાણી લેવી. આ પરિસ્થિતિને ખ્યાલમાં રાખ્યા પછી સંયમના ઉપકરણો અને બાહ્યાનુષ્ઠાનો સૌ મુનિઓના એક સમાન હોવા છતાં પણ આન્તરિક અધ્યવસાયો કર્મોના કારણે કોઇના પણ સમાન હોઇ શકતા નથી, માટે જ શુદ્ધિ કે અશુદ્ધિ ઓછીવતી હોય તે બનવાજોગ છે. આનું જ નામ સંયમસ્થાન છે. જે અસંખ્યાત છે, જેમ કે એક સાધકમાં સંયમની અશુદ્ધિ એક પૈસા જેટલી હોય, બીજામાં બે પૈસા જેટલી, ત્રીજામાં ત્રણ પૈસા જેટલી, જ્યારે કોઇકમાં જ્ઞાનાવરણીયાદિ કર્મોના તીવ્રોદયે ૯૯ પૈસા જેટલી પણ અશુદ્ધિ હોઇ શકે છે. તે જ પ્રમાણે એકમાં સંયમની શુદ્ધિ એક પૈસા જેટલી, કોઇકમાં ૯૯ પૈસા જેટલી કે ૧૦૦ પૈસા જેટલી પણ હોઇ શકે છે. આજે એક સાધકમાં ૯૯ પૈસા જેટલી અશુદ્ધિ હોય તો આવતી કાલે અશુદ્ધિના સ્થાને ૯૯ પૈસા જેટલી શુદ્ધિની સંભાવના છે. અને એક સમય એવો પણ આવે છે કે આજનો ચાર ટાઇમ ખાનારો, પ્રમાદી-મોહી આળસુ આવતી કાલે નિર્ગ્રન્થ પણ બને અને કેવળજ્ઞાન મેળવીને સ્નાતક પણ બની શકે છે, જ્યારે બીજો સાધક અગ્યારમે ગુણસ્થાનકે ચડતા ચડી જાય છે. ચૌદ પૂર્વનો જ્ઞાતા પણ બની શકે છે પરંતુ ચારિત્ર-મોહનીય કર્મના કારણે એક એક પૈસા જેટલો નીચે પડતાં ઠેઠ પહેલા પગથિયે પણ પધરામણી કરી બેસે છે. આ બધા-ઓમાં સાધક અને બાધક પ્રકૃતિઓના ચમત્કાર સૌને પ્રત્યક્ષ

અનુભવાય છે. આ કારણે કોઇ પણ મુનિની કે કોઇ પણ સંઘાડાની ભર્ત્સના, હીલના, અપમાન કે તિરસ્કાર કરવો તે નિંદનીય કર્મ છે. વ્યવહાર નયે કદાચ સારા દેખાતા સાધકો પણ આન્તર જીવનમાં કષાય કલેશના ગીલ્લી દંડા જ રમતા હોય છે. જ્ઞાન સાધનાને બદલે દ્રવ્ય સાધના, સંયમના બહાને પોતાના માન મરતબાની આરાધના કરતા હોય છે, ત્યારે જાણવું જોઇએ કે સંયમ સ્થાનોને કેવળ આત્મા સાથે જ સંબંધ છે. નિર્ગ્રન્થ અને સ્નાતકોના સંયમ સ્થાનો સૌથી થોડા છે. તેનાથી પુલાકને અસંખ્યાત ગુણા છે. બકુશને તેનાથી પણ અસંખ્યાત ગુણા છે. તેનાથી પ્રતિસેવનાને અસંખ્યાત ગુણા અને સૌથી વધારે સંયમસ્થાનો કષાય કુશીલના હોય છે.

(૧૬) સંનિકર્ષ દ્વાર :–પુલાક મુનિને સ્વસ્થાન સંનિકર્ષ પોતાના જાતિય ચારિત્ર પર્યાયો એટલે કે એક પુલાક, બીજા પુલાકના ચારિત્ર પર્યાયની અપેક્ષાએ કદાચ હીન હોય, કદાચ તુલ્ય હોય અને કદાચ અધિક પણ હોઇ શકે છે. હીન હોય તો અનંત ભાગે હીન, અસંખ્યાત ભાગે હીન, સંખ્યાત ભાગે હીન, સંખ્યાતગુણા હીન, અસંખ્યાત ગુણે હીન હોય છે. યદિ અધિક હોય અનંત ભાગ અધિક, અસંખ્યાત ભાગ અધિક, સંખ્યાત ભાગ અધિક, સંખ્યાત ગુણ અધિક, અસંખ્યાત ગુણ અધિક અને અનંત ગુણા અધિક હોય છે. સ્વ એટલે પોતાના સજાતીય સ્થાન એટલે પર્યાયોનો આશ્રય. સારાંશ કે પુલાકાદિને પુલાકાદિનું સંનિકર્ષ–સંયોજન તે સ્વસ્થાન સંનિકર્ષ કહેવાય છે. જે પુલાક મુનિના આત્મિક અધ્યવસાયોના કારણે સંયમ-સ્થાનો વિશુદ્ધ નથી હોતા, તે શુદ્ધ પર્યાયવાળા બીજા મુનિથી હીન કહેવાય છે તથા પર્યાયો હીન હોવાના કારણે મુનિ પણ

હિન કહેવાશે. જેમનાં પર્યાયો સમાન હોય છે તે પરસ્પર તુલ્ય બને છે. અને હીનથી શુદ્ધ પર્યાયવાળો મુનિ અધિક કહેવાય છે.

બાહ્ય વેષ અને ક્રિયાકાંડ સૌના એક સમાન હોવા છતાં, આન્તરિક જીવનની શુદ્ધતા, શુદ્ધતરતા કે હીનતા તથા હીનતરતા બીજાઓને માટે સર્વથા અલક્ષ્ય ભલે રહેતી હોય તો પણ ચારિત્રમોહનીય કર્મનો ઉદય સૌ જીવોને ભિન્ન ભિન્ન હોવાથી સમયે સમયે બદલાતા અધ્યવસાયોના કારણે જ ભાવલિંગી મુનિ પણ શુદ્ધ અને અશુદ્ધ બને છે. તે અશુદ્ધતા કોઈ મુનિની બીજાની અપેક્ષાએ અનંતમા ભાગ જેટલી, કોઈની અસંખ્યાતમા ભાગ જેટલી, કોઈની સંખ્યાતમા ભાગ જેટલી હીન હોય, જ્યારે કોઈની બીજા મુનિની અપેક્ષાએ અનંતગુણા, કોઈની અસંખ્યાત ગુણા, જ્યારે કોઈની સંખ્યાત ગુણા જેટલી હીન હોય ત્યારે તે મુનિ ષટ્સ્થાનક પતિત કહેવાય છે, એટલે અનંત ભાગ, અસંખ્યાત ભાગ, સંખ્યાત ભાગ, અનંત ગુણ, અસંખ્યાત ગુણ અને સંખ્યાત ગુણ હીન જાણવો.

પુલાક મુનિ પોતાના ચારિત્ર પર્યાયો વડે બકુશ મુનિના પરસ્થાન સંનિકર્ષ એટલે વિજાતીય ચારિત્ર પર્યાયોની અપેક્ષાએ અનંતગુણહીન હોય છે. આ પ્રમાણે પ્રતિસેવના કુશીલ અને કષાય કુશીલ માટે પણ જાણવું. તે જેમ સજાતીય પર્યાયની અપેક્ષાએ ષટ્સ્થાનક પતિત જ જાણવો. પુલાક બીજા પુલાકનો સજાતીય છે અને બકુશનો વિજાતીય છે તેમ સર્વત્ર જાણવું.

પુલાક અને કષાય કુશીલ મુનિના સર્વ જઘન્ય સંયમસ્થાન સૌથી નીચા છે. ત્યાંથી તે બંને સાથે સાથે અસંખ્ય સંયમ સ્થાન સુધી જાય છે. કેમ કે બન્નેના અધ્યવસાયો ત્યાં સુધી તુલ્ય હોય છે. પરંતુ તે બન્નેમાંથી પુલાક મુનિ હીન

પરિણામી હોવાથી આગળના સંયમસ્થાનોમાં તે જઇ શકતો નથી. આ કારણે તે ત્યાં જ અટકી જાય છે. ત્યાર પછી એકલો પડેલો કષાય કુશીલ અસંખ્ય સંયમસ્થાન સુધી જાય છે. અને પ્રતિસેવના કુશીલ તથા બકુશ મુનિનો સથવારો મળતાં તે ત્રણે અસંખ્ય સંયમ સ્થાન સુધી જાય છે. પણ બકુશ મુનિ આગળ ચાલવા માટે સમર્થ બની શકતો નથી માટે અટકી પડે છે. અને પ્રતિસેવના કુશીલ તથા ચારિત્ર કુશીલ મુનિ બંને સાથે મળીને આગળ વધે છે અને અસંખ્ય સ્થાન સુધી ગયા પછી દીવામાંથી તેલ ખૂટતા જેમ દીવો વિશ્રામ લે છે તેમ પ્રતિસેવના કુશીલ તે સ્થાને અટકી જાય છે. તો પણ કષાય કુશીલ થોડી ઘણી હિંમત કરીને એકલો જ આગળ વધે છે અને અસંખ્યાત સંયમ સ્થાન સુધી ગયા પછી તેની હિંમત પણ હાથતાલી દઇને ખતમ થાય છે. એટલે કે પુલાક, બકુશ અને પ્રતિસેવના કુશીલને હરાવીને જે સ્થાને આવ્યા હતાં ત્યાંથી આગળ વધવા માટે તે ભાઇને પોતાના ઉત્પન્ન કરેલા, વધારેલા, પોષેલા, પંપાળેલા કષાયો જ તેના દુશ્મન બનીને આગળ વધવા દેતા નથી ત્યારે આ બધાઓના ખેલ તમાસા જોયા પછી નિર્ગ્રંથ અને સ્નાતક કમર કસીને તૈયાર થાય છે અને "अब्भुट्ठिओमि आराहणाए" આ મંત્રનો જાપ કરી નિર્ભયપણે આગળને આગળ વધતાં તે બન્ને એક જ સંયમસ્થાનોને પ્રાપ્ત કરીને અનાદિકાળની રખડપટ્ટી કરતાં લાગેલા થાકને તેવી રીતે ઉતારી દે છે કે ફરીથી તે બિચારો થાક જ થાકી જાય છે અને હંમેશાને માટે છુટો પડે છે.

આ કારણે નિર્ગ્રંથ મુનિના સંયમ સ્થાનથી પુલાક અનંત-ગુણા હીન છે. બકુશ મુનિ પુલાકના ચારિત્ર પર્યાયોથી અનંત-

ગુણા અધિક છે. જ્યારે પુલાક, બકુશથી હીન-તુલ્ય અને અધિક છે. પ્રતિસેવના અને કષાયકુશીલથી બકુશ હીન છે. બકુશ, બીજા બકુશના સ્રજાતીય પર્યાયોથી હીન-તુલ્ય અને અધિક પણ હોય છે. હીનમાં ષટ્સ્થાનક પતિત જાણવા.

નિર્ગ્રન્થ અને સ્નાતકથી બકુશ અનંતગુણા હીન છે.

નિર્ગ્રન્થ બીજા નિર્ગ્રન્થના સજાતીય પર્યાયે તુલ્ય છે.

પુલાક અને કષાય કુશીલના જઘન્ય ચારિત્રપર્યાયો અનંતગુણા છે, તેનાથી બકુશ અને પ્રતિસેવના કુશીલના જઘન્ય પર્યાયો તુલ્ય અને અનંતગુણા છે, તેનાથી બકુશના ઉત્કૃષ્ટ પર્યાયો અનંતગુણા છે, તેનાથી પ્રતિસેવના કુશીલ અનંતગુણા, તેનાથી કષાય કુશીલના ચારિત્રપર્યાયો અનંતગુણા અને નિર્ગ્રન્થ તથા સ્નાતકના પર્યાયો અનંતાગુણા જાણવા.

(૧૭) યોગદ્વાર :–બધાય મુનિઓ મનોયોગી, વચનયોગી અને કાયયોગી હોય છે. સ્નાતક યદિ સયોગી અવસ્થામાં છે તો ત્રણે યોગ જાણવા, તેવી રીતે ઉપયોગ પણ બન્ને જાણવા.

(૧૮) કષાયદ્વાર :–કષાય કર્મોનો ઉપશમ કે ક્ષયોપશમ નહિ કરેલો હોવાથી પુલાક, બકુશ અને પ્રતિસેવના કુશીલને ક્રોધ, માન, માયા અને લોભરૂપી ચારે કષાયો હોય છે. કષાયકુશીલને સંજ્વલન કષાય ચારે હોય છે. કદાચ ત્રણ હોય તો માન-માયા અને લોભ, બે હોય તો માયા અને લોભ અને કદાચ એક જ કષાય હોય તો લોભ જાણવો. ઉપશમ કે ક્ષપક શ્રેણિમાં સંજ્વલન ક્રોધનો ઉપશમ કે ક્ષય થાય ત્યારે ત્રણ કષાયો માન કષાયનો ઉપશમ કે ક્ષય થતાં માયા અને લોભ શેષ રહે છે. અને સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાનકે કેવળ લોભ જ

શેષ રહે છે. નિર્ગ્રન્થ ઉપશાંત કષાયી પણ હોય અને ક્ષીણ કષાયી પણ હોય છે. જ્યારે સ્નાતક ક્ષીણ કષાયી જ હોય છે. આનાથી આપણે જાણી શકીએ છીએ કષાયો કેટલા ભયંકર અને કેવળજ્ઞાનના બાધક હોય છે. જેનું વિવરણ ત્રીજા ભાગથી જાણવું.

(૧૯) **લેશ્યાદ્વાર** :–પુલાક, બકુશ અને પ્રતિસેવના કુશીલ મુનિઓને તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને શુકલલેશ્યા હોય છે. કષાય કુશીલને છએ લેશ્યા જાણવી. નિર્ગ્રન્થને શુકલલેશ્યા તથા સ્નાતકને પરમ શુદ્ધ લેશ્યા જાણવી.

( ૨૦ ) **પરિણામ દ્વાર** : ચારિત્ર પર્યાયોના પરિણામ ઘટે છે? વધે છે? સ્થિર રહે છે?

જવાબમાં ભગવંતે કહ્યું કે ગૌતમ! પુલાક–બકુશ–પ્રતિસેવના કુશીલ અને કષાય કુશીલ મુનિઓના પરિણામો વધે પણ છે, ઘટે પણ છે અને સ્થિર પણ રહે છે. કેમકે ચારિત્રમોહનીય કર્મના ઉદયકાળની ખૂબ જ વિચિત્રતા હોવાના કારણે સાધકને નિમિત્તો, સહવાસો અને સહવાસિઓના કારણે કષાયજન્ય અશુભ પરિસ્થિતિનું સર્જન થતાં સાધકના ચારિત્રપર્યાયો ઘટતાં જાય છે તે પ્રમાણે સારા નિમિત્તો અને સહવાસોની પ્રાપ્તિ થતાં પર્યાયો વધે પણ છે અને કોઈક સમયે પર્યાયો ઘટતાં પણ નથી, વધતાં પણ નથી પણ સ્થિર રહેવા પામે છે, જ્યારે નિર્ગ્રન્થ મુનિના પરિણામો વધતા રહે છે અથવા સ્થિર પણ રહે છે પરન્તુ ઘટતા નથી. કેમ કે તે પુણ્યશાલિઓએ પોતાના પુરુષાર્થ દ્વારા મોહને, કષાયને તથા કષાયોના નિમિત્તોને પણ તેવી રીતે ઉપશમિત કે ક્ષય કર્યા હોય છે. જે કારણે તેમના પરિણામો પડતા નથી. કદાચ મોહકર્મના પ્રબલ ઉદયથી તેમના પરિણામોની હાનિ થાય એટલે કે પરિણામોથી પડે તો

તે મુનિ નિર્ગ્રન્થપદથી પતિત થઇને કષાયકુશીલ કહેવાશે. સ્નાતક મુનિને હીયમાન પરિણામોની નિમિત્તતા સર્વથા ક્ષીણ થઇ ગયેલી હોવાથી તેમના પરિણામો હીન થતા નથી.

પુલાક-બકુશ અને કુશીલ મુનિ યદિ પરિણામોમાં વધે તો જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી અન્તર્મુહૂર્ત સુધી વધતા પરિણામવાળો હોય છે. કેમકે ચારિત્રની આરાધનામાં જ્યારે મસ્તી આવે છે ત્યારે પરિણામોની ધારા વધતી હોય છે. પરન્તુ ચારિત્રમોહનીય કર્મ અને તેના ચુનંદા સૈનિકો પ્રતિસમયે શસ્ત્ર સામગ્રી તૈયાર કરીને જ બેઠેલા હોય છે, જ્યાં સાધકને સમય જેટલો પ્રમાદ થયો કે કષાયો જોરદાર હુમલો કરે છે. અને સાધકને પાછો પોતાની છાવણીમાં લાવી મૂકે છે. સારાંશ કે કષાયોનો બાધ થતા એક સમય કહેવાયો છે અને કષાયનો બાધ ન નડે તો ઉત્કૃષ્ટથી અન્તર્મુહૂર્ત સુધીનો ચડતા પરિણામોનો અનુભવ થાય છે. તથા સ્થિર પરિણામ જઘન્યથી એક સમય કહેવાયો છે અને ઉત્કૃષ્ટથી સાત સમય જાણવા. નિર્ગ્રન્થને જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી પણ તેટલો જ સમય વધતા પરિણામનો જાણવો, તથા સ્થિર પરિણામનો જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત સુધીનો કહ્યો છે.

કેવળી સ્નાતકને જઘન્ય અને ઉત્કૃષ્ટથી વધતા પરિણામ અન્તર્મુહૂર્તના કહ્યાં છે, કેમ કે શૈલેશી અવસ્થામાં વર્ધમાન પરિણામ અન્તર્મુહૂર્તના પ્રમાણના જ હોય છે કેવળજ્ઞાનની ઉત્પત્તિ પછી અન્તર્મુહૂર્ત સુધી અવસ્થિત પરિણામવાળો થઇને શૈલેશી સ્વીકારે તે અપેક્ષાએ તેમને અવસ્થિત કાળ જઘન્યથી અન્તર્મુહૂર્ત પ્રમાણ કહ્યો છે. જ્યારે ઉત્કૃષ્ટથી કાંઈક ન્યૂન પૂર્વકોટિ કાળ હોય છે, કેમ કે પૂર્વ કોટિવાળા પુરુષને

જન્મથી નવ વર્ષ થયા પછી કેવળજ્ઞાન ઉપજે છે, તેની નવ વર્ષ ન્યૂન પૂર્વકોટિ વર્ષ પર્યંત અવસ્થિત પરિણામવાળો થઈને શૈલેશી અવસ્થા સુધી વિહરે છે. શૈલેશીમાં વર્ધમાન પરિણામવાળો હોય છે.

(૨૧) **બંધદ્વાર** :–પુલાક મુનિને કેવળ આયુષ્યકર્મના બંધનની યોગ્યતા નહી હોવાથી શેષ સાતે કર્મોની પ્રકૃતિઓનું બંધન કરે છે. બકુશ મુનિ કદાચ આયુષ્યનું બંધન કરે તો આઠે કર્મોનું અન્યથા સાતે કર્મોનું બંધન કરે છે. પ્રતિસેવના કુશીલ માટે પણ બકુશની જેમ જાણવું. કષાયકુશીલ મુનિ સાત આઠ કે છ કર્મોનું બંધન કરે છે, સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકે આયુષ્ય બંધાતું નથી. કેમ કે તેનું બંધન અપ્રમત ગુણસ્થાનક સુધી જ હોય છે; માટે આયુષ્ય વિના સાત કર્મોને બાંધે છે. સૂક્ષ્મસંપરાયે બાદર કષાયનું બંધન નથી માટે આયુષ્ય અને મોહ સિવાય છ કર્મો બાંધે છે. અન્યથા આઠે કર્મોને પણ બાંધે છે. નિર્ગ્રંથ મુનિ યોગના કારણે જ કેવળ વેદનીય કર્મને બાંધે છે, જ્યારે સ્નાતક અયોગી ગુણ સ્થાનકે બંધ હેતુઓના અભાવ હોવાથી અબંધક છે, અને સયોગી હોય તો કેવળ સાતા વેદનીય કર્મને બાંધે છે.

(૨૨) **વેદદ્વાર** :–પુલાક, બકુશ, પ્રતિસેવના કુશીલ અને કષાય કુશીલ આ ચારે જાતના મુનિઓને આઠે કર્મોનો ઉદય વર્તતો હોવાથી તે કર્મોનો રસાનુભવ રૂપ કર્મવિપાકના ઉદયને ભોગવનારા છે. નિર્ગ્રંથ મુનિને મોહનો ઉપશમ થવાથી સાતે કર્મોને વેદનારા છે. જ્યારે સ્નાતકને ચાર અઘાતી કર્મો જ વેદવાના છે.

(૨૩) **ઉદીરણાદ્વાર** :–પુલાક મુનિ આયુષ્ય અને વેદનીય વિનાની છ કર્મોની પ્રકૃતિઓને ઉદીરે છે.

બકુશ તથા પ્રતિસેવના કુશીલ સાત-આઠ તથા આયુષ્ય અને વેદનીય વિનાની છ પ્રકૃતિઓને ઉદીરે છે.

કષાયકુશીલ મુનિ સાત-આઠ-છ તથા આયુષ્ય, વેદનીય અને મોહ વિનાની પાંચ કર્મોની ઉદીરણા કરે છે.

નિર્ગ્રન્થ આયુષ્ય-વેદનીય અને મોહ વિનાની પાંચ તથા નામ અને ગોત્રને ઉદીરતો બે પ્રકૃતિઓનો ઉદીરક જાણવો.

સ્નાતક પણ કદાચ ઉદીરક હોય તો નામ તથા ગોત્રનો જાણવો.

(૨૪) ઉપસંપત્હાનદ્વાર :-જે પ્રાપ્ત થયું હતું તેનો ત્યાગ કરવો તે ઉપસંપત્હાન કહેવાય છે. ગૃહસ્થાશ્રમમાંથી નીકળીને મુનિવેષ મળવો તે ભાગ્યની વાત છે અને ટકાવી રાખવું તે મહાભાગ્યની વાત છે. અન્યથા પ્રાપ્ત થયેલું ખોવાઈ પણ જાય છે. પુલાક મુનિ યદિ પુલાકત્વનો ત્યાગ કરે તો કષાય-કુશીલતા અને અસંયતત્વને પ્રાપ્ત કરે છે. બકુશ યદિ બકુશત્વને છોડે તો પ્રતિસેવના કુશીલત્વ, કષાય કુશીલત્વ, અસંયમત્વ અથવા દેશવિરતિત્વને પામે છે, તે આ પમાણે છે: અધ્યવસાયોમાં આગળ વધે તો કુશીલપણું પામે, મરણ પામે તો દેવ બને છે, જ્યાં અસંયમ છે અને નીચે પડે તો દેશ-વિરતિ શ્રાવક બને છે. તાત્પર્ય કે તે દ્રવ્યલિંગે સાધુ છે અને ચર્મચક્ષુના માલિકોને માટે છઠ્ઠા ગુણઠાણાનો માલિક છે. જ્યારે ભાવલિંગે તે શ્રાવકત્વને પામતો હોવાથી પાંચમા ગુણ-ઠાણાનો માલિક બને છે. કષાયકુશીલ પોતાના સ્થાનને છોડે અને અધ્યવસાયોથી નીચે ઉતરે તો બકુશત્વ કે પુલાકત્વને પામે છે. મરણ પામે તો દેવત્વ અથવા શ્રાવકત્વ અને ઉપર ચડે તો નિર્ગ્રન્થ અવસ્થાને પણ પામે છે. નિર્ગ્રન્થને માટે

જાણવાનું કે ઉપશમ શ્રેણિથી નીચે પટકાય તો કષાય કુશીલતા, મરણ પામે તો દેવત્વ જ્યાં દેશવિરતિ નથી; શ્રેણિથી પડ્યા પછી તત્કાળ દેશવિરતિ ન પામે પણ કષાયકુશીલ બન્યા પછી દેશવિર્તિ બને છે.

જ્યારે સ્નાતક સિદ્ધિગતિને પામે છે.

**( ૨૫ ) સંજ્ઞાદ્વાર :**–આહાર, ભય, મૈથુન અને પરિગ્રહાદિમાં જેમને આસક્તિ રહેલી હોય તે સંજ્ઞોપયુક્ત કહેવાય છે, અને જે અનાસક્ત હોય તે નોસંજ્ઞોપયુક્ત છે. અસાતાવેદનીયની શાંતિ માટે આહાર લેવો જરૂરી હોવા છતાં તેમાં રહેલી આસક્તિનો માલિક સંજ્ઞોપયુક્ત છે, તથા આહાર કર્યે છતે પણ જેને આસક્તિ નથી તે નોસંજ્ઞોપયુક્ત કહેવાશે. પુલાક મુનિ–સ્નાતક મુનિ અને નિર્ગ્રન્થ મુનિ નોસંજ્ઞોપયુક્ત છે. માન્યું કે નિર્ગ્રન્થ અને સ્નાતક વીતરાગ હોવાથી આહારાદિમાં આસક્તિ વિનાના હોય તે સ્વાભાવિક છે. પરન્તુ પુલાક મુનિ સરાગ હોવાથી આસક્તિ વિનાનો શી રીતે હોઇ શકે ? શંકાના નિવારણાર્થે કહેવાયું છે કે સરાગ અવસ્થામાં પણ અનાસક્તપણું નકારી શકાતું નથી, માટે પુલાક મુનિ પણ જ્ઞાનપ્રધાન ઉપયોગવાળા હોવાથી નોસંજ્ઞોપયુક્ત છે, આહારાદિ સંજ્ઞામાં ઉપયોગ રહિત એટલે કે આસક્તિ વિનાના જાણવા.

બકુશ–પ્રતિસેવના કુશીલ અને કષાયકુશીલ મુનિઓ આહારાદિમાં આસક્તિવાળા અને અનાસક્તિવાળા પણ હોય છે.

**( ૨૬ ) આહારદ્વાર :**–વિગ્રહ ગતિના કારણે અનાહારકત્વ સમજવાનું છે. આ કારણે પુલાક અને નિર્ગ્રન્થ મુનિને વિગ્રહગતિના કારણનો અભાવ હોવાથી તેઓ આહારક એટલે આહાર કરવાવાળા હોય છે, પણ અનાહારક નથી હોતા. જ્યારે સ્નાતક

કેવળીને સમુદ્ઘાતના ત્રીજા, ચોથા અને પાંચમા સમયમાં તથા અયોગિ અવસ્થામાં અનાહારકત્વ હોય છે. શેષ સમયમાં કેવળીઓ પણ આહારક છે; કેમકે તે જ્ઞાન થયા પછી પણ શેષ રહેલા ચાર અઘાતી કર્મમાં વેદનીય કર્મ પણ શેષ રહેલું છે. માન્યું કે તે તાકાત વિનાનો છે તો પણ કર્મ તે કર્મ છે માટે તે કર્મના ઉદયે કેવળીઓને પણ આહાર લેવો અનિવાર્ય છે. આહાર કેવળજ્ઞાનનો બાધક હોઈ શકે નહિ કેમકે આપણે સૌ પ્રત્યક્ષ અનુભવીએ છીએ કે આહાર લીધા પછી જ ભણવાનો, આવૃત્તિ કરવાનો, બોલવાનો, લખવાનો, વિચારવાનો કે કોઈપણ પ્રવૃત્તિ કરવાનો ઉત્સાહ વધે છે પણ ઘટતો નથી. ઉલટું આહારના અભાવમાં શરીર અને તેનું આખુય તંત્ર શિથિલ, મડદાલ અને નિષ્ક્રિય પણ બને છે. માન્યું કે કેવળ-જ્ઞાનીને શરીર અને ઇંદ્રિયો અકિંચિત્કર છે તો પણ જ્યાં સુધી તે શરીરધારી છે ત્યાં સુધી શરીરનું કામ શરીર જ કરશે, જે અઘાતી કર્મને આધીન છે. કેવળજ્ઞાનીને પણ તે કર્મો જ્યારે વિદ્યમાન હોય તો વેદનીય કર્મને શાંત કરવા માટે આહાર ગ્રહણ કરે તો કોઈપણ જાતનો બાધ દેખાતો નથી. કેવળજ્ઞાનીઓનું શરીર કેવળજ્ઞાનના આધારે ટક્યું નથી. પણ તેમાં રહેલા લોહીના આધારે ટક્યું છે અને લોહી આહારના આધારે છે. ત્યારે જ તો મહાવીરસ્વામીના પહેલા નંબરના શિષ્યાભાસ ગોશાળાની તેજોલેશ્યાના કારણે ઉષ્ણતા વધી છે અને છ છ મહિના સુધી ઝાડામાં લોહી પડવાના કારણે શરીર સાવ ધોવાઇ જતાં રેવતી શ્રાવિકાએ વહોરાવેલા બીજોરાપાકના આહારથી શરીર પાછું તેજસ્વી બની ગયું હતું, માટે જ કહેવાયું છે કે આહારને અને કેવળજ્ઞાનને બારમો ચંદ્રમા નથી. આ વાત સાચી છે કે તેમનો આહાર કેવળ નામ માત્રનો છે કેમકે ઉંચ ગતિએ અને નીચ ગતિએ

જનારાના આહારમાં આજે પણ આકાશ પાતાળ જેટલો તફાવત છે. તો પછી કેવળજ્ઞાનીને આહાર સંજ્ઞા સર્વથા નાબુદ થઈ જવાના કારણે આહાર લેવામાં તેમને મોહકર્મના ઉદયની કે ઉદીર્ણા કરવાની કલ્પના પણ સર્વથા હાસ્યાસ્પદ છે, શાસ્ત્રવિરુદ્ધ છે કે સંપ્રદાયના વૈરના કારણે છે. છદ્મસ્થાવસ્થામાં પણ મહાવીરસ્વામીએ નિર્જલ ઉપવાસ છ મહિના સુધીના કર્યાં નથી કર્યા? તો પછી કેવળજ્ઞાન થયા પછી આહાર પ્રતિદિવસ કેમ નહીં કરતા હોય? આ શંકા પણ નિરર્થક છે, કેમકે આહારની અભિલાષા મોહકર્મને આધીન છે જ નહી પણ વેદનીય કર્મને આધીન છે, અને તે કર્મ કેવળજ્ઞાનીને પણ છે જ. જે આપણને સૌને માન્ય છે. પ્રત્યેક પ્રવૃત્તિ મોહજન્ય જ હોય છે; એવું માની લેવાની ભૂલમાં અજ્ઞાનતા સ્પષ્ટ દેખાઈ રહી છે, કેમકે આજે પણ ઘણા પુણ્યશાલીઓની પ્રવૃત્તિ વૈરાગ્યમય દેખાઈ રહી છે અને સફળતા કે નિષ્ફળતામાં ઉદાસીન છે. શ્વેતાંબર મુનિના વસ્ત્ર પરિધાનમાં મોહ કે તજ્જન્ય મૂર્છાની કલ્પના કરવી તે પણ સમુચિત નથી. કેમકે દિગંબર–મુનિ નગ્ન રહેવા છતાં પણ પોતાના સંપ્રદાયનો કદાગ્રહી હોય કે દિગંબર ધર્મનો જ પક્ષપાતી હોય તો આ કદાગ્રહ કે પક્ષપાત શું આભ્યંતર પરિગ્રહ નથી? અને નગ્નવાસી હોવા છતાં આભ્યંતર પરિગ્રહનો માલિક શું કેવળજ્ઞાન મેળવી શકશે?

અરિહંતોના શાસન રંગમાં રંગાયેલા ભાગ્યશાળી ગૃહસ્થો પણ પોતાના ઘરમાં ઘી, તેલ, ગોળ, સાકર આદિ પદાર્થો અખૂટ ભરેલા હોવા છતાં પણ મહિનાઓ ઉપર મહિનાઓના આયંબીલ કરી રહ્યાં છે અને આયંબીલમાં ચાર–પાંચ કે સાત દ્રવ્યોથી વધારે લેવાવાળા પણ નથી. પત્ની, મેવા, મિષ્ટાન્ન ઉપરાંત પોતાનું શરીર સશક્ત હોવા છતાં અખંડ

શિયળ પાળી રહ્યાં છે, અથવા મહિનામાં બે-ત્રણ રાત્રિ છોડી ૨૭-૨૮ રાત્રિઓના બ્રહ્મચર્ય પાળી રહ્યાં છે. ઘરમાં લાખો રૂપીયા છે પણ મુનિધર્મના અનુકરણરૂપ પોતાના પગમાં ચંપલ-બુટ વગેરે કંઇ પણ પહેરતા નથી ઇત્યાદિ પ્રસંગોમાં જ્યારે ગૃહસ્થો પણ આટલા બધા વૈરાગી દેખાતા હોય તો મુનિઓના વૈરાગ્ય-ત્યાગ કે તપની વાત શી કરવાની હોય? અને કેવળજ્ઞાની તો સર્વથા નિર્મોહી હોવાથી આહાર કર્યે છતે પણ તેમનું કેવળજ્ઞાન સર્વથા સુરક્ષિત જ રહેવાનું છે ઇત્યલં વિસ્તરેણ.

**(૨૭) ભવદ્વાર**:-પુલાક મુનિ જઘન્યથી એક ભવમાં પુલાક થઇ કષાયકુશીલતાદિ અન્ય કોઇ સંયતપણાને એક કે અનેકવાર તે ભવમાં, બીજા ભવમાં પામીને સિદ્ધ થાય છે, અને ઉત્કૃષ્ટથી દેવાદિભવવડે અન્તરિત ત્રણ ભવ સુધી પુલાકત્વને પામે છે.

બકુશ-પ્રતિસેવના કુશીલ અને કષાય કુશીલને જઘન્યથી એક અને ઉત્કૃષ્ટથી આઠ ભવ ગ્રહણ થાય છે. નિર્ગ્રન્થ મુનિને પુલાકવત્ જાણવા. ખાસ સમજવાનું કે એક ભવમાં બકુશત્વ પામીને ભવિષ્યમાં બકુશપણું પામ્યા વિના સિદ્ધ થાય છે. તે કારણથી બકુશને જઘન્યથી એક ભવ અને ઉત્કૃષ્ટથી આઠ ભવ કહ્યાં છે. કેમકે ઉત્કૃષ્ટપણે આઠ ભવ સુધી ચારિત્રની પ્રાપ્તિ થાય છે. તેમાં કોઇક આઠ ભવો બકુશપણાવડે અને તેમાં છેલ્લો ભવ સકષાયાદિ બકુશત્વથી પૂરો કરે છે, જ્યારે બીજો મુનિ પ્રતિસેવના કુશીલત્વાદિ યુક્ત બકુશપણાથી પૂર્ણ કરે છે.

સ્નાતકને એક ભવ ગ્રહણ થાય છે.

**(૨૮) આકર્ષદ્વાર**:-આકર્ષનો અર્થ ચારિત્રના પરિણામ સમજવા.

પુલાકને જઘન્યથી એક અને ઉત્કૃષ્ટથી ત્રણ આકર્ષ જાણવા. બકુશને જઘન્યથી એક, ઉત્કૃષ્ટથી ૨૦૦ થી ૯૦૦ સુધી, નિર્ગ્રન્થને જઘન્યથી એક અને ઉત્કૃષ્ટથી યદિ બે વાર ઉપશમશ્રેણિ કરે તો બે આકર્ષ, સ્નાતકને એક આકર્ષ જાણવો.

(૨૯) કાળદ્વાર :–પુલાક જઘન્યથી અને ઉત્કૃષ્ટથી અન્તર્મુહૂર્ત સુધી રહે છે. કેમકે તે મુનિ અન્તર્મુહૂર્ત પૂર્ણ થયા પહેલા મરતો નથી અને પડતો પણ નથી. બકુશ પ્રતિસેવનાકુશીલ અને કષાયકુશીલ મુનિ જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી કાંઈક ન્યૂન પૂર્વકોટિ વર્ષ સુધી રહે છે, કેમકે બકુશને ચારિત્રાન્તર તરત જ મૃત્યુ સંભવે છે, માટે એક સમય અને ઉત્કૃષ્ટે પૂર્વકોટિ વર્ષનો આયુષ્યવાળો આઠ વર્ષ પછી ચારિત્ર લે છે, તેથી આઠ વર્ષ ઓછા પૂર્વકોટિ વર્ષ કહેવાયા છે.

નિર્ગ્રન્થ જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી અન્તર્મુહૂર્ત. સ્નાતક મુનિ બન્ને રીતે કાંઇક ન્યૂન પૂર્વકોટિ વર્ષ સુધી રહે છે.

(૩૦) અન્તરદ્વાર :–પુલાક મુનિને જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી અનંતકાળનું અંતર જાણવું. કાળથી અનંત ઉત્સર્પિણી અને અવસર્પિણી, તથા ક્ષેત્રથી કાંઇક ન્યૂન અપાર્ધ પુદ્ગલ પરાવર્તનું અંતર જાણવું. યાવત્ નિર્ગ્રન્થ સુધી.

(૩૧) સમુદ્‌ઘાતદ્વાર ;—પુલાકને વેદના, કષાય અને મારણાન્તિક સમુદ્‌ઘાતો કહ્યાં છે, સંજ્વલન કષાયનો ઉદય હોવાથી કષાય સમુદ્‌ઘાત હોઈ શકે છે અને મરણ સમુદ્‌ઘાતથી નિવૃત્ત થયા પછી પુલાકને કષાયકુશીલત્વાદિરૂપ પરિણામ થતાં મૃત્યુ પામે છે.

બકુશ અને પ્રતિસેવના કુશીલને વેદનાથી તૈજસ સુધીના પાંચ સમુદ્‌ઘાતો જાણવા.

કષાયકુશીલને છ સમુદ્‌ઘાત માનવા.

નિર્ગ્રન્થને સમુદ્‌ઘાત નથી.

કેવળી સ્નાતકને એક જ કેવળી સમુદ્‌ઘાત છે.

( ૩૨ ) ક્ષેત્રદ્વાર :-પુલાકથી નિર્ગ્રન્થ સુધીના મુનિઓ લોકના અસંખ્યાતમા ભાગમાં રહે છે. સ્નાતકો પણ શરીરથી લોકના અસંખ્યાત ભાગમાં જાણવા અને સમુદ્‌ઘાત સમયે સંપૂર્ણ લોકમાં જાણવા.

( ૩૩ ) સ્પર્શનદ્વારને-અવગાહનાની જેમ જાણવું.

( ૩૪ ) ભાવદ્વાર :-પુલાકથી કષાયકુશીલ સુધી ક્ષાયોપશમિક ભાવ કહ્યો છે.

નિર્ગ્રન્થો ઔપશમિક અથવા ક્ષાયિક ભાવમાં જાણવાં.

સ્નાતકો કેવળ ક્ષાયિક ભાવમાં જ હોય છે.

( ૩૫ ) પરિણામદ્વાર :-પ્રતિપદ્યમાન ( તત્કાળ જે પુલાક થયો હોય ) જઘન્યથી એક, બે કે ત્રણ હોય છે અને ઉત્કૃષ્ટથી ૨૦૦ થી ૯૦૦ સુધી જાણવા.

પૂર્વ પ્રતિપન્ન જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી બે હજાર થી નવ હજાર સુધી જાણવા.

( ૩૬ ) અલ્પ બહુત્વ દ્વાર :-નિર્ગ્રન્થો સૌથી થોડા.

પુલાકો તેનાથી સંખ્યાત ગુણા.

સ્નાતકો તેનાથી સંખ્યાત ગુણા.

બકુશોને પણ સ્નાતકો કરતા સંખ્યાત ગુણા જાણવા.

પ્રતિસેવના કુશીલો તેનાથી સંખ્યાત ગુણા.

અને કષાય કુશીલો તેનાથી પણ સંખ્યાત ગુણા કહ્યાં છે.

આ પ્રમાણે સૌના હૃદયને પવિત્ર કરાવનારૂં, ચારિત્રમાં શુદ્ધિ અપાવનારૂં અને મંગળ પ્રભાતે મંગળ દેનારૂં આ પચીસમું શતક અને તેનો છઠ્ઠો ઉદ્દેશો પૂર્ણ કર્યો છે.

શતક પચીસમાનો ઉદ્દેશો ૬ સમાપ્ત

# શતક ૨૫ : ઉદ્દેશો–૭

## ઉપક્રમ :

પચીસમા શતકનો પ્રસ્તુત સાતમો ઉદ્દેશો સંયતોને માટે છે, જે 'સમ્' ઉપસર્ગપૂર્વક 'યમ' ધાતુને ભૂતકૃદંતનો 'क्त' પ્રત્યય લગાડવાથી સંયત શબ્દ બન્યો છે, જેનો અર્થ સમ્યગ્-જ્ઞાન દ્વારા જેમણે પાપવ્યાપારોને છોડી દીધા છે, મન તથા ઇન્દ્રિયોના વેગને ઠંડો કર્યો છે, કષાયવૃત્તિ અને પ્રવૃત્તિને કાબૂમાં લીધી છે, સંસારમાર્ગથી નિવૃત્ત થયા છે અને પાંચ સમિતિ તથા ત્રણ ગુપ્તિમાં લયલીન બનીને અહિંસા–સંયમ અને તપોધર્મમય જૈનત્વની સુંદર આરાધના કરે છે તે સંયત–મુનિ–સાધુ અને નિર્ગ્રન્થ આદિ શબ્દોથી સંબોધાય છે.

યદ્યપિ સંસારભરના બધાય સમાજો ઉપર ધાર્મિક નિયંત્રણ કરનાર સાધુસંસ્થા વિદ્યમાન હોય છે. પરંતુ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવ અનુસાર આજે પણ જૈન મુનિઓ દ્રવ્ય અને ભાવથી સંયમિત છે, ત્યાગી છે, નિર્મોહી અને મર્યાદિત છે, ગૃહસ્થોની માયાજાળથી સર્વથા પર છે. પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ ઉપરાંત બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચતુરિન્દ્રિય તથા પંચેન્દ્રિય જીવોની હત્યાથી મન-વચન અને કાયાપૂર્વક કરણ-કરાવણ તથા અનુમોદનથી પણ સર્વથા દૂર છે, ચારે પ્રકારના કષાયોથી તથા પાંચે ઇન્દ્રિયોના ત્રેવીશ વિષયોથી વિમુક્ત છે. જે માનસિક અશુભ અધ્યવસાયાત્મક પ્રવૃત્તિથી દંડાય તે મનદંડ, વચનની માયામૃષાવાદાત્મક પ્રવૃત્તિથી દંડાય તે વચનદંડ અને હિંસાત્મક પ્રવૃત્તિથી દંડાય તે શરીરદંડ. આ પ્રમાણેના ત્રણે દંડથી જે સર્વથા વિરક્ત છે તે જૈન મુનિ છે, શ્રમણ છે, સંયત છે. આવા મુનિઓ મનથી પવિત્ર હોવાના કારણે તેમને નદી, તળાવ કે નળ નીચે બેસીને સ્નાન કરવાનું નથી, મોઢું કે હાથપગ ધોવાના નથી. ફળફૂલ કે બીજી એકેય વનસ્પતિનો સ્પર્શ પણ કરવાનો નથી. સંપૂર્ણ ભિક્ષાવૃત્તિથી નિર્વાહ કરનારા હોવાથી ચૂલા-ચોકા-રસોઈ કે ભોજન પાણીને પોતાના હાથે કરવાનું કંઈ પણ પ્રયોજન નથી. ભિક્ષા માંગતા પણ કોઇને ય ભારભૂત ન બનવું તે જ તેમનો મુદ્રાલેખ છે, ચાહે માવડી હોય, બહેન હોય કે ગૃહસ્થાશ્રમની ભૂતપૂર્વની ગૃહિણી (સ્ત્રી) હોય તેનો સ્પર્શ પણ જૈન મુનિને ત્યાજ્ય છે, આત્મધ્યાની હોવાથી પંખો તથા પ્રકાશનો ઉપયોગ પણ કરતા નથી.

આવી પરિસ્થિતિમાં પણ ભૂતપૂર્વના અનેક ભવોના પ્રારબ્ધ કર્મો તેમના આત્મપ્રદેશોમાં રહેલા હોવાથી જ્યારે જ્યારે કર્મોનો ઉદય આવતો હોય ત્યારે આત્મશુદ્ધિ જે

પ્રમાણમાં જોઈએ તે થતી નથી; માટે જ સંયત અવસ્થા સમાન હોવા છતાં પણ તેના પાલનમાં ભિન્નતા હોવાના કારણે તેમના ભેદો પડે છે. આ પ્રસ્તુત ઉદ્દેશો કેવળ સંયતોની વિચારણા માટે જ છે. આનાથી પહેલાના ઉદ્દેશામાં જેમ પુલાકાદિ મુનિઓની ૩૬ પ્રકારે વિચારણા કરી છે તેમ સામાયિકાદિ પાંચ પ્રકારના સંયમમાં રહેનારા સંયમધારીઓની પણ ૩૬ પ્રકારે વિચારણા કરીશું તે નીચે મુજબ.

(૧) પ્રજ્ઞાપનાદ્વારઃ–હે પ્રભો ! સંયમની આરાધના કરનારા સંયતો કેટલા પ્રકારે છે ? જવાબમાં ભગવંતે ફરમાવ્યું કે હે ગૌતમ ! [૧] સામાયિક સંયત, [૨] છેદોપસ્થાપનીય સંયત, [૩] પરિહાર વિશુદ્ધ સંયત, [૪] સૂક્ષ્મસંપરાય સંયત, [૫] યથાખ્યાત સંયત રૂપે સંયતો, સંયમધારીઓ, મુનિઓ સમિતિ ગુપ્તિ ધર્મના પાલકોના પાંચ ભેદ આરાધના વિશેષના કારણે કહ્યા છે. હવે ક્રમશઃ તેમનો અર્થ અને ભેદાનુભેદ કહેવાય છે. સૌથી પ્રથમ સંયતોનો ભાવાર્થ જાણી લઈએ.

## સામાયિક સંયત

સામાયિકની આરાધના કરનારા મુનિને સામાયિક સંયત જાણવા, યદ્યપિ અણુવ્રતધારી શ્રાવકનાં બાર વ્રતોમાં નવમું વ્રત સામાયિકનું છે. તે અહિ લેવાનું નથી. પરંતુ સર્વવિરતિરૂપ સામાયિક ચારિત્ર જે મુનિઓનું ખાસ આદરણીય અને જાવજજીવનું છે તે લેવાનું છે.

## આત્માનો ધર્મ કયો ?

ઉતરાધ્યયન સૂત્રમાં ‘ वत्थु सहावो धम्मो ’ એટલે કે વસ્તુના સ્વભાવને જ ધર્મ કહ્યો છે, તો આત્માનો ધર્મ શો ?

જવાબમાં જાણવાનું કે જેની સેવના કરતાં એટલે કે જે ક્રિયાઓ કરતાં આત્માની સ્વાભાવિકતામાં વક્રતા, લુચ્ચાઈ, માયામૃષાવાદિતા આદિ દુર્ગુણો( દુસ્ત્યાજ્ય દૂષણો )નો પ્રવેશ થવા ન પામે તે જ આત્માનો ધર્મ હોઇ શકે છે અને તે સમતા, સમ, શમ, તિતિક્ષા આદિ જ આત્માના ધર્મને અનુકૂળ તત્ત્વો છે. કેમકે તેમની આરાધના ( સેવના ) માટે આત્માને કંઇપણ પ્રયત્ન કરવાનો રહેતો નથી, તથા તેની પાછળ આત્માને હાનિ, દુઃખ, શોક, સંતાપ, આધિ, વ્યાધિ કે ઉપાધિ આદિ મોહરાજાના સૈનિકોનો રતિમાત્ર ભય રહેતો નથી, જ્યારે હિંસા, જૂઠ, ચૌર્યકર્મ, મૈથુન અને પરિગ્રહ જે આત્માના ધર્મો છે જ નહી ત્યારે જ તો તે પાપોના સેવન માટે પ્રયત્ન, પરિશ્રમ, વ્યૂહ રચના, ક્રૂરતા, નિર્દયતા અને કષાય, કલેશ આદિ શારીરિક, વાચિક, કે માનસિક વ્યાપાર કરવા જ પડે છે અને છેવટે આત્માનું અધઃપતન કરાવીને ચોરાશીના ચક્રમાં કે નવાણુંના ફેરામાં પટકી પાડે છે. આ કારણે હિંસાની, જૂઠની, દુરાચારની કે પરિગ્રહની પ્રવૃત્તિઓ આત્માનો ધર્મ હોઇ શકે તેમ નથી, જ્યારે સમતાની આરાધનામાં આત્મા બિલકુલ સ્વસ્થ જ રહે છે અને ઉર્ધ્વગતિનો માલિક બને છે.

આ કારણથી 'સમ' એ આત્માનો ધર્મ છે, તેનો 'આય' એટલે લાભ કરાવે અથવા પ્રયત્ન વિશેષ વડે આત્મા સમતાપ્રધાન બને તે 'સમાય' અને સ્વાર્થિક 'ઈકણ્' પ્રત્યય લગાડવાથી સામાયિક કહેવાય છે. અનાદિકાળથી કે અનાદિકાળના સંસારમાં જીવાત્માને પોતાના મૌલિક ધર્મ 'સમતા'ની સેવના કરવી હતી, પરન્તુ મોહમાયાના જબરદસ્ત કુસંસ્કારોના કારણે સમતાની વિરુદ્ધ 'તામસ'ની ઉપાસનામાં અનેકાનેક મનુષ્યાવતારો બરબાદ કર્યા છે. તેમજ 'GOD' અર્થાત્ પરમાત્માને

આરાધવા હતાં તેના કરતાં તેનાથી વિરુદ્ધ ' DOG એટલે પાશવિક જીવન જીવીને જીવનધનનું સર્વથા દેવાળું કાઢયું છે. અનાદિ કાળના સંસારમાં માનવ અવતાર અનંતીવાર પ્રાપ્ત કર્યો છે, પણ તે બધાય અવતારોમાં "દીવો લઈ કુવે પડ્યો ધિક્કાર છે મુજને ખરે" આ ન્યાયે બેકાર ગયા છે.

આ ચાલુ ભવમાં તેમ ન થાય તે માટે પ્રબલ પુરુષાર્થ વડે સદ્‌બુદ્ધિ અને સદ્વિવેકનો માલિક બનેલો તે જીવાત્મા પોતાના જીવનમાં સદ્‌ગુરુઓની ઉપાસના કરશે. હજાર કામ છોડીને પણ તેમના વ્યાખ્યાનો સાંભળશે. ઘરમાં પણ જેના વાંચનથી આચાર–વિચાર અને ઉચ્ચાર શુદ્ધ થાય તેવા પુસ્તકોનું વાંચન કરશે અને તે દ્વારા થયેલા જ્ઞાન વડે કરવા, કરાવવા અને અનુમોદના રૂપે પાપમાર્ગોને છોડી દે છે. બસ ! આનું જ નામ સામાયિકવ્રત છે જે ઉત્કૃષ્ટતમ ધર્મ છે, કેમકે અનંત ભવોની માયાથી છુટકારો મેળવવાને માટે બે માર્ગ છે તેમાંથી એક માર્ગ છે નવા પાપોના દ્વાર બંધ કરવા અને જૂના પાપોને તપશ્ચર્યાથી ધોઈ નાખવા. કપડા પર મેલ લાગતા વાર લાગતી નથી પણ તેને ધોવામાં વાર લાગે છે અને પરિશ્રમ પણ ઠીક ઠીક લેવો પડે છે, તેવી રીતે હિંસા–જૂઠ–ચોરી–બદમાશીનું સેવન કરતાં વાર લાગતી નથી પણ તેના સંસ્કારોને નેસ્તનાબૂદ કરવા માટે આત્મિક જીવનમાં જબરદસ્ત પુરુષાર્થ કરવો પડે છે આમાંથી એક પુરુષાર્થી તે છે જે બધાય પાપોના દ્વાર એક સાથે અથવા થોડા વર્ષોની સાધના કર્યા પછી બંધ કરે છે, જે સામયિક સંયત કહેવાય છે, જેના બે ભેદ છે.

(૧) ઈત્વરિક (થોડા સમય માટે) (૨) યાવત્કથિક (જીવન પર્યંત) ચારિત્ર ગ્રહણ કર્યા પછી ભવિષ્યમાં જેમને છેદોપસ્થાપનીય ગ્રહણ કરવાનું છે તે ઇત્વરિક સંયત છે અને સામાયિક-

ચારિત્ર લીધા પછી જેમને છેદોપસ્થાપનીય લેવાની આવશ્યકતા નથી તે યાવત્કથિક છે જે વચલા બાવીશ તીર્થંકરોના શાસનમાં હોય છે.

## છેદોપસ્થાપનીય ચારિત્ર :

સાતિચાર અને નિરતિચાર રૂપે બે ભેદે જાણવા.

છેલ્લા અને પહેલા તીર્થંકરના મુનિઓનો સંયમ સાતિચાર હોવાથી કાચી દીક્ષા દરમ્યાન લાગેલા અતિચારોની શુદ્ધિ કરીને પાંચ મહાવ્રત સ્વીકાર કરવા માટે છેદોપસ્થાપનીય એટલે વડી દીક્ષા લેવામાં આવે છે. જ્યારે બાવીશ તીર્થંકરોના મુનિઓનો સંયમ નિરતિચાર હોય છે. અથવા પાર્શ્વનાથ પરમાત્માના મુનિઓને નિરતિચાર હોવાના કારણે મહાવીર શાસનમાં આવતા કેવળ પાંચ મહાવ્રત ઉચ્ચારવાના હોય છે.

વડી દીક્ષા લીધા પછી પણ યદિ મૂળવ્રતો અતિચરિત બને અને ખ્યાલ આવે તો તે પુણ્યશાલી સાધક પોતાના દીક્ષા પર્યાયોનો છેદ કરાવીને ગુરુ પાસે વ્રતોની આલોચના કરી શુદ્ધ થાય છે.

## પરિહાર વિશુદ્ધ ચારિત્ર :

નિર્વિશમાનક અને નિર્વિષ્ટકાયિક રૂપે બે ભેદ છે.

જે મુનિ પાંચ મહાવ્રત રૂપ તથા ઉત્તમોત્તમ ધર્મને મન, વચન તથા કાયાથી પાળતો અમુક પ્રકારનો તપ વિશેષ કરે તે આ સંયત છે, તેનો વિધિ નીચે પ્રમાણે જાણવો :-

પોતાના ગુરુની આજ્ઞા લઇને સ્થવિરકલ્પી ગચ્છમાંથી નવની સંખ્યામાં મુનિઓ ગચ્છ બહાર નીકળી કેવળી પાસે, ગણધર પાસે કે પહેલા જેમણે આ તપ કર્યું છે તેમની પાસે જઇને આ કલ્પ અંગીકાર કરે છે. તેમાં નવ સાધુઓમાંથી ચાર સાધુ છ માસ સુધી તપ કરે, બીજા ચાર મુનિઓ તેમની સેવા ( વૈયાવચ્ચ ) કરે અને એક મુનિ વાચનાચાર્ય બને, છ મહિને તપ પૂર્ણ થયે, વૈયાવચ્ચ કરનારા મુનિઓ તપ કરે અને તપ પૂર્ણ કરેલા મુનિઓ તેમની વૈયાવચ્ચ કરે, ત્યારપછી વાચનાચાર્ય તપ કરે અને બીજા વૈયાવચ્ચ કરે, આ પ્રમાણે ૧૮ માસે પરિહાર કલ્પનો તપ પૂર્ણ કરી પાછા ગુરુ પાસે આવે. આ તપ કરનારા નિર્વિશમાનક કહેવાય છે અને તપશ્ચર્યા પૂર્ણ થયા પછી તે નિર્વિષ્ટકાયિક રૂપે આલેખાય છે.

( નવતત્ત્વ મહેસાણા ૩૨ મી ગાથા )

## સૂક્ષ્મ સંપરાય ચારિત્ર :

આના પણ બે ભેદ નીચે પ્રમાણે જાણવા.

( ૧ ) સંક્લિશ્યમાનક–એટલે ઉપશમ શ્રેણિથી પડતો મુનિ.

( ૨ ) વિશુદ્ધયમાનક–એટલે ઉપશમ કે ક્ષપક શ્રેણિ પર આગળ વધતો મુનિ.

## યથાખ્યાત ચારિત્ર :

છદ્મસ્થ અને કેવળી રૂપે બે પ્રકારે છે. મોહ કર્મને ઉપશાંત કે ક્ષીણ કરતો મુનિ છદ્મસ્થ કે જિન હોય તે યથાખ્યાત સંયત કહેવાય છે. પ્રરૂપણાદ્વાર પૂર્ણ.

( ૨ ) વેદદ્વાર :-સામાયિક અને છેદોપસ્થાપનીય, કષાય-કુશીલની જેમ વેદવાળા અને વેદ વિનાના પણ હોય છે. પરિહાર-વિશુદ્ધક મુનિને પુલાકની જેમ જાણવો.

સૂક્ષ્મ સંપરાય અને યથાખ્યાત સંયતને નિર્ગ્રન્થની તુલ્ય જાણવો.

સામાયિક સંયત નવમા ગુણસ્થાનક સુધી હોય છે અને વેદ મોહનીય કર્મનો ઉપશમ કે ક્ષય પણ નવમે ગુણસ્થાનકે થાય છે. આ કારણે સામાયિક સંયત નવમે ગુણઠાણે સવેદક જાણવો. સવેદ હોય તો ત્રણે વેદની સંભાવના છે અને અવેદ હોય તો ઉપશાંત કે ક્ષીણ વેદનો સ્વામી જાણવો. પરિહાર વિશુદ્ધક સંયત પુરુષ કે નપુંસક વેદવાળો જાણવો કેમકે સ્ત્રી (સાધ્વી) પરિહાર વિશુદ્ધક હોતી નથી.

(૩) રાગદ્વાર :—યથાખ્યાત સંયતો વીતરાગી જાણવા, શેષ સરાગી.

(૪) કલ્પદ્વાર :—સામાયિકસ્થ મુનિઓ, સ્થિત અને અસ્થિત કલ્પમાં હોય છે. છેદોપસ્થાપનીય અને પરિહાર-વિશુદ્ધકને માટે સ્થિત કલ્પ છે, શેષ પ્રથમવત્. સામાયિક સંયત કષાય કુશીલની જેમ તથા છેદોપસ્થાપનીય અને પરિહાર વિશુદ્ધક બકુશની જેમ જાણવા.

સામાયિક તથા છેદોપસ્થાપનીય સંયત, પુલાક, બકુશ, પ્રતિસેવના કુશીલ અને કષાય કુશીલ પણ હોય છે, પરંતુ નિર્ગ્રન્થ અને સ્નાતક હોતા નથી.

પરિહારવિશુદ્ધક તથા સૂક્ષ્મસંપરાયસંયતો કષાય-કુશીલ હોય છે પણ પુલાક, બકુશ, પ્રતિસેવન, નિર્ગ્રન્થ કે સ્નાતક હોતા નથી.

યથાખ્યાતસંયત નિર્ગ્રન્થ કે સ્નાતક તુલ્ય છે.

(૫) પ્રતિસેવનાદ્વાર :–સામાયિક અને છેદોપસ્થાપનીય, પ્રતિસેવક ( વિરાધક ) અને અપ્રતિસેવક પણ હોય છે, શેષ પુલાકવત્.

પરિહાર સંયત યાવત્ યથાખ્યાત સંયત અપ્રતિસેવક જાણવા.

(૬) જ્ઞાનદ્વાર :–યથાખ્યાત સંયતને ભજનાએ પાંચ જ્ઞાન, શેષ સંયતોને બે, ત્રણ, કે ચાર જ્ઞાન જાણવા.

(૭) શ્રુતદ્વાર :–સામાયિક અને છેદોપસ્થાપનીય જઘન્યથી અષ્ટ પ્રવચનમાતા સુધી ભણે છે, શેષ કષાયકુશીલની જેમ જાણવા.

પરિહાર વિશુદ્ધક, જઘન્યથી નવમા પૂર્વની ત્રીજી આચાર વસ્તુ અને ઉત્કૃષ્ટથી અપૂર્ણ દશ પૂર્વ સુધી, સૂક્ષ્મ સંપરાય મુનિને સામાયિક મુનિની જેમ જાણવા.

યથાખ્યાત સંયત જઘન્યથી અષ્ટ પ્રવચન માતા સુધી અને ઉત્કૃષ્ટથી ચૌદ પૂર્વ સુધી ભણે, અથવા કેવળી પણ હોય છે.

( ૮ ) તીર્થદ્વાર :–સામાયિકસંયત કષાયકુશીલવત, છેદોપસ્થાપનીય અને પરિહારવિશુદ્ધક પુલાકવત.

( ૯ ) લિંગદ્વાર :–સામાયિક અને છેદોપસ્થાપનીય સંયતો પુલાકની જેમ જાણવા. પરિહારવિશુદ્ધક, દ્રવ્ય અને ભાવલિંગને આશ્રયી સ્વલિંગમાં હોય છે, અન્ય લિંગમાં હોતા નથી.

(૧૦) શરીરદ્વાર :–સામાયિક તથા છેદોપસ્થાપનીય સંયતોને ત્રણ, ચાર કે પાંચ શરીર હોય છે. શેષ પુલાકવત્.

(૧૧) ક્ષેત્રદ્વાર :–સામાયિક અને છેદોપસ્થાપનીય જન્મ અને સદ્ભાવની અપેક્ષાએ બકુશની જેમ અકર્મભૂમિમાં થતા નથી.

પરિહારવિશુદ્ધક પુલાકવત્, શેષ સામાયિકવત્.

(૧૨) કાળદ્વાર :–પહેલા અને બીજા સંયતો બકુશવત્.

(૧૩) ગતિદ્વાર :–પહેલા અને બીજા સંયતો કષાય-કુશીલની પેઠે વૈમાનિક દેવ થાય છે, પરિહારવિશુદ્ધક પુલાકવત્ અને સૂક્ષ્મ સંપરાય સંયત નિર્ગ્રન્થની જેમ જાણવા.

(૧૪) સંયમસ્થાનદ્વાર :–યથાખ્યાત સંયતોને છોડી શેષ સંયતોના સંયમ સ્થાનો અસંખ્ય હોય છે.

સૂક્ષ્મ સંપરાયના સંયમસ્થાનો અસંખ્ય અને સ્થિતિ અન્તર્મુહૂર્તની છે.

યથાખ્યાત સંયમીનું સંયમસ્થાન એક જ જાણવું, માટે સૌથી અલ્પ છે. તેનાથી સૂક્ષ્મ સંપરાયના અન્તર્મુહૂર્ત પર્યંત રહેનારા હોવાથી અસંખ્યાત ગુણા છે, તેનાથી પરિહાર વિશુદ્ધક અસંખ્યગુણા અને આનાથી પહેલા અને બીજા સંયતોના સંયમસ્થાનો અસંખ્યગુણ છે અને પરસ્પર તુલ્ય છે.

(૧૫) સંનિકર્ષદ્વાર:–પાંચે પ્રકારના સંયતોના ચારિત્ર પર્યાયો અનંત છે.

સામાયિક સંયત, બીજા સામાયિક સંયતના સજાતીય પર્યાયની અપેક્ષાએ કદાચ હીન હોય, તુલ્ય હોય કે અધિક હોય,

હીનાધિકમાં ષટ્સ્થાનક પતિત જાણવા.

સામાયિક સંયત, છેદોપસ્થાપનીય સંયતના વિજાતીય ચારિત્ર પર્યાયના સંબંધની અપેક્ષાએ છ સ્થાન પતિત હીનાધિક જાણવા.

સામાયિક સંયત, સૂક્ષ્મ સંપરાયના ચારિત્ર પર્યાયોથી અનંતગુણ હીન હોય છે. યથાખ્યાત માટે પણ જાણી લેવું.

(૧૬) યોગદ્વારઃ–સૂક્ષ્મ સંપરાય સુધીના સંયતો પુલાકની જેમ સયોગી હોય છે, યથાખ્યાતને સ્નાતકવત્ જાણવા.

(૧૭) ઉપયોગ દ્વાર :–બધાય સંયતો સાકાર અને નિરાકાર ઉપયોગવાળા હોય છે, કેવળ સૂક્ષ્મ સંપરાય સંયતો તથા સ્વભાવને લઇ અનાકાર ઉપયોગવાળા હોતા નથી.

(૧૮) કષાયદ્વાર :–સામાયિક સંયત સકષાયી હોય છે. પરિહાર વિશુદ્ધક પુલાકની જેમ ચારે કષાયનો માલિક જાણવો. સૂક્ષ્મ સંપરાય સંયતને કેવળ લોભ જ શેષ રહ્યો હોય છે.

(૧૯) લેશ્યાદ્વાર :–સંયતો લેશ્યાવાળા જ હોય છે.

(૨૦) પરિણામદ્વાર :–પરિહાર વિશુદ્ધક સુધીના સંયતો પરિણામની અપેક્ષાએ પુલાકની જેમ જાણવા. સૂક્ષ્મ સંપરાયી શ્રેણિએ ચડે ત્યારે વર્ધમાન પરિણામવાળા જાણવા અને ઉતરે ત્યારે હીન પરિણામ હોય છે, સ્થિર પરિણામી નથી.

(૨૧) બંધદ્વાર :—આદિના ત્રણે સંયતો બકુશની પેઠે સાત કે આઠ કર્મ પ્રકૃતિઓને બાંધે છે. સૂક્ષ્મ સંપરાય સંયત આયુષ્ય અને મોહ વિનાની છ પ્રકૃતિઓ અને યથાખ્યાતને સ્નાતક તુલ્ય જાણવો.

(૨૨) વેદનદ્વાર :—આદિના ચારે સંયતો આઠે કર્મોના વિપાકને વેદનારા હોય છે. યથાખ્યાત સંયત છદ્મસ્થ હોય તો મોહ વિનાની સાત પ્રકૃતિઓને વેદે છે અને વીતરાગ હોય તો ચાર અઘાતી કર્મોને વેદે છે.

(૨૩) ઉદીરણાદ્વાર :—આદિના ચારે સંયતો સાત પ્રકૃતિઓને ઉદીરે છે. યથાખ્યાત સંયત પાંચ કે બેનો ઉદીરક અથવા અનુદીરક હોય છે.

પાંચની ઉદીર્ણા કરે તો આયુષ્ય-વેદનીય અને મોહ વિનાની શેષ જાણવી, બાકી વિગત નિર્ગ્રન્થની જેમ જાણવી.

સૂક્ષ્મ સંપરાયક આયુષ્ય અને વેદનીય વિનાની છ પ્રકૃતિઓ તથા આયુષ્ય, વેદનીય અને મોહનીય વિનાની પાંચ પ્રકૃતિઓ, આ પ્રમાણે પાંચ કે છનો ઉદીરક છે.

(૨૪) ઉપસંપદ્રહાન દ્વાર :—સામાયિક સંયતો યદિ સામાયિકત્વનો ત્યાગ કરી દે, અને આગળ વધે તો છેદોપસ્થાપનીય કે સૂક્ષ્મસંપરાયને પ્રાપ્ત કરે છે અને નીચે પડે તો અસંયમ કે દેશવિરતિને મેળવે છે. સામાયિકચારિત્રમાં મરણ પામે તો દેવલોક જ્યાં અસંયમ જ હોય છે. માટે જ કહેવાયું છે કે એક દિવસને માટે પણ ચારિત્રનો ઉદય થાય તો દેવગતિને પ્રાપ્ત કરાવે છે.

તથા અસ્વાધ્યાય, તપરહિતતા, ગુરૂકુળનો ત્યાગ આદિ નીચા સ્થાને જાય તો છઠ્ઠા ગુણઠાણાથી પડીને અસંયમ એટલે કે ચોથે કે પહેલે પણ જાય છે.

પરિહાર વિશુદ્ધક જો પોતાના સંયમને ત્યાગી દે અને ગચ્છમાં પ્રવેશ કરે તો છેદોપસ્થાપનીય સંયતત્વને પ્રાપ્ત કરે

છે અને દેવગતિમાં જાય તો અસંયમત્વ જ તેના ભાગ્યમાં રહે છે.

સૂક્ષ્મ સંપરાય સંયત શ્રેણિથી પડતા પોતાના સંયમનો ત્યાગ કરે તો તે પહેલા યદિ તે સામાયિક સંયત હશે તો તેને અને છેદોપસ્થાપનીય હોય તો તેને પ્રાપ્ત કરે છે અને ઉપર ચડે તો યથાખ્યાત સંયત પણ બને છે.

યથાખ્યાત સંયત પોતાના સંયમનો ત્યાગ કરે તો, સૂક્ષ્મ સંપરાય, અસંયમ કે સિદ્ધ ગતિને મેળવી શકે છે.

( ૨૫ ) સંજ્ઞાદ્વાર :–આહારાદિમાં આસક્ત હોય તે સંજ્ઞોપયુક્ત અને અનાસક્ત હોય તો નોસંજ્ઞોપયુક્ત જાણવા. આદિના ત્રણ સંયતોને બકુશની જેમ અને શેષ બન્નેને પુલાકવત્.

( ૨૬ ) આહારક દ્વાર :–આદિના ચારને પુલાકની જેમ અને યથાખ્યાતને સ્નાતકની જેમ જાણવા.

( ૨૭ ) ભવદ્વાર :–પહેલા અને બીજા ચારિત્રીઓ જઘન્યથી એક ભવ અને ઉત્કૃષ્ટથી આઠ ભવ ગ્રહણ કરે છે.

પરિહાર વિશુદ્ધક જઘન્યથી એક અને ઉત્કૃષ્ટથી ત્રણ ભવ કરે છે, યથાખ્યાત સુધી જાણવું.

( ૨૮ ) આકર્ષદ્વાર :–સામાયિક સંયત એક ભવમાં જઘન્યથી એકવાર અને ઉત્કૃષ્ટથી બસો થી નવસો સુધી સામાયિક સંયત તત્વને પ્રાપ્ત કરે છે. શેષ બકુશવત્ છેદોપસ્થાપનીય સંયત જઘન્યથી એક અને ઉત્કૃષ્ટથી બે થી નવ સુધી.

પરિહાર વિશુદ્ધક જઘન્યથી એકવાર અને ઉત્કૃષ્ટથી ત્રણવાર.

સૂક્ષ્મ સંપરાય સંયત જઘન્યથી એક તથા ઉત્કૃષ્ટથી એક ભવમાં ઉપશમ શ્રેણિનો બે વાર સંભવ હોવાથી અને પ્રત્યેકમાં

સંકલિશ્યમાન તથા વિશુદ્ધયમાન એમ બે બે ભેદે ચાર આકર્ષ જાણવા.

યથાખ્યાત સંયત જઘન્યથી એક અને ઉત્કૃષ્ટથી ઉપશમ શ્રેણિ બે વાર હોઈ શકે, તે કારણે બે આકર્ષ જાણવા.

( ૨૯ ) કાળદ્વાર :–સામાયિક સંયતનો જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી કાંઈક ન્યૂન (નવ વર્ષ ઓછા) પૂર્વ કોટિ સુધીનો કાળ સમજવો. છેદોપસ્થાપનીય માટે પણ તેમ જ જાણવું.

પરિહાર વિશુદ્ધકને જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી કાંઈક ન્યૂન ઓગણત્રીશ ( ૨૯ ) વર્ષ ઓછા પૂર્વકોટિ કાળ હોય છે.

યથાખ્યાતને સામાયિક સંયતની જેમ જાણવા.

**નોંધ** :–સામાયિક સંયમ સ્વીકાર્યા પછી તરત જ મરણ પામે તે અપેક્ષાએ જઘન્યથી એક સમયની સ્થિતિ કહી છે અને ઉત્કૃષ્ટ જે નવ વર્ષ ન્યૂન કહ્યાં છે તે ગર્ભમાં આવ્યાના સમયથી ગણવા અને જન્મદિવસથી ગણીએ તો આઠ વર્ષ ઓછા જાણવા.

પરિહાર વિશુદ્ધકને મરણની અપેક્ષાએ એક સમય અને ઉત્કૃષ્ટથી ઓગણત્રીશ વર્ષ ઓછા કહ્યાં છે તે પૂર્વકોટિ આયુષ્ય- વાળા કાંઇક ઓછા નવ વર્ષે દીક્ષા લે છે અને દીક્ષા પર્યાયના વીશ વર્ષ પૂરા થયે દૃષ્ટિવાદના અધ્યયનની અનુજ્ઞા પ્રાપ્ત થયે, પરિહાર વિશુદ્ધ ચારિત્રનો સ્વીકાર કરે છે, તેનું પ્રમાણ ૧૮ મહિનાનું છે અને તે જ પરિણામે આ જીવન પર્યંત તેનું પાલન કરે તે અપેક્ષાએ ઓગણત્રીશ વર્ષ ન્યૂનકોટિ વર્ષ સુધીનું પરિહાર વિશુદ્ધક સંયમ જાણવો.

યથાખ્યાતને સંયતને ઉપશમ અવસ્થામાં મરણની અપેક્ષાએ જઘન્યથી એક સમય જાણવો.

(૩૦) અન્તરદ્વાર :–(૩૧–૩૫) સામાયિક સંયતને અંતર સંબંધી પુલાકની જેમ જાણવો.

સમુદ્ઘાત કષાય કુશીલવત્, ક્ષેત્રદ્વાર પૂર્વવત્, સ્પર્શનાદ્વારને અવગાહના પ્રમાણે, યથાખ્યાતને ઔપશમિક કે ક્ષાયિક, ભાવ. શેષને કેવળ ક્ષાયોપશમિક ભાવ જાણવો. પરિણામદ્વાર મૂળસૂત્રથી જાણવું.

(૩૬) અલ્પ બહુત્વ :–સૂક્ષ્મ સંપરાય સંયતો સૌથી થોડા છે કેમકે તેમનો સમય થોડો છે. પરિહાર વિશુદ્ધક સંખ્યાત ગુણા છે. યથાખ્યાત સંયતો તેમનાથી પણ સંખ્યાત ગુણા જાણવા. છેદોપસ્થાપનીય તેનાથી સંખ્યાતગુણા અને સામયિકો તેનાથી સંખ્યાતગુણા જાણવા.

## સંયતોની પ્રતિસેવનાદિ :

(૧) સંયમધારીઓની પ્રતિસેવના

(૨) આલોચના દોષો

(૩) દોષોની આલોચના

(૪) આલોચના આપવા લાયક ગુરુ

(૫) સમાચારી

(૬) પ્રાયશ્ચિત

(૭) તપ

આ પ્રમાણે પ્રસ્તુત શતકના સાતમા ઉદ્દેશામાં ઉપરના સાત વિષયો માટેની વિશેષ માહિતી આપવામાં આવી છે.

છઠ્ઠા ઉદ્દેશામાં પુલાકાદિ મુનિઓને વર્ણવ્યા પછી અને સાતમા ઉદ્દેશામાં સામાયિકાદિ ભેદે તેમનું વિસ્તૃત વર્ણન કર્યા પછી હવે જાણવાનું રહે છે કે મુનિ વેષને સ્વીકાર્યા પછી તેઓ શું મોક્ષગમન કરી શકશે?

જવાબમાં મનાઈ ફરમાવવામાં આવી છે અને કહેવામાં આવ્યું છે કે મુનિધર્મને આત્મા સાથે સંબંધ હોવાથી જ્યાં સુધી દ્રવ્ય વેષમાં કરાતા અનુષ્ઠાનો આત્માની શુદ્ધિના ખ્યાલાતો વિનાના હોય છે ત્યાં સુધી નવા પાપોના દ્વાર બંધ થતા નથી અને જૂના પાપો ખંખેરાતા નથી. વ્યવહારનયમાં ખૂબ જ મસ્તાન અને કદાગ્રહી રહ્યા અને નિશ્ચયનયની જાણકારી કે આરાધના તરફ આંખ મિંચામણા કે સર્વથા ઉદાસીન રહ્યા. ફળ સ્વરૂપે આત્માની પરિણતિમાં મુદ્દલ ફરક પડ્યો નથી અને જ્યાં સુધી આત્માના અનાદિકાળના હિંસક સ્વભાવમાં, જૂની આદતોમાં, પાપ ચેષ્ટાઓમાં ફેરફાર કરવામાં ન આવે ત્યાં સુધી ગુણઠ્ઠાણાઓ ભાગ્યમાં રહેતા નથી. આ કારણે જ સંયમસ્થાનો એટલે સંયમધારીના અધ્યવસાયો અસંખ્યાતા કહેલા હોવાથી કોઈક સમયે શુદ્ધ અને શુભ પરિણામો આવતા હોય છે, પણ ટકી શકતા નથી. ટકાવ્યે છતે સ્થિર પણ રહેતા નથી. આ પ્રમાણે આત્મિક સ્થાનથી પતન પામતો મુનિ દ્રવ્યવેષમાં રહેવા છતાં પણ પોતાની જૂની આદતોમાં, પાપ ચેષ્ટાઓમાં ફેરફાર કરવામાં ન આવે ત્યાં સુધી ગુણઠાણાઓમાં આગળ વધતો નથી, તેવી પરિસ્થિતિમાં દ્રવ્યવેષ શી રીતે કલ્યાણ કરાવનાર બની શકશે? આટલી ભૂમિકા બાંધ્યા પછી હવે આપણે મૂળ સૂત્રાનુસારે તથા ટીકાનુસારે પ્રતિસેવના અર્થાત્ સંયમની વિરાધના કઈ રીતે થાય છે તે જોઈ લઈએ.

## પ્રતિસેવનાના પ્રકારો કેટલા કહ્યાં છે?

હે પ્રભો! ગ્રહણ કરેલા સંયમની વિરાધના (પ્રતિસેવા) કેટલા પ્રકારે કહેવામાં આવી છે?

જવાબમાં ભગવંતે તેના દશ ભેદો કહ્યાં છે તે આ પ્રમાણે:

(૧) દર્પ પ્રતિસેવા, (૨) પ્રમાદ પ્રતિસેવા, (૩) અનાભોગ પ્રતિસેવા, (૪) આતુર પ્રતિસેવા, (૫) આપત્પ્રતિસેવા, (૬) સંકીર્ણતા પ્રતિસેવા, (૭) આકસ્મિક પ્રતિસેવા, (૮) ભય પ્રતિસેવા અને (૯) ક્રોધ પ્રતિસેવા, (૧૦) વિમર્શ પ્રતિસેવા. ઉપર પ્રમાણેની દશ પ્રતિસેવાને જરા વિસ્તારથી જાણી લઈએ.

**(૧) દર્પ પ્રતિસેવા** :-દર્પ એટલે અભિમાન, ગર્વ, મદ, માન, અહંકાર આદિના કારણે સંયમની વિરાધના થાય છે. આત્મા સાથે અનાદિ કાળથી સંબંધિત દર્પ આત્માનો દોષ છે; અને સંયમ ગુણ છે જે બન્ને પરસ્પર હાડવૈરી હોવાથી દર્પનો ઉપાસક સંયમને આરાધી શકતો નથી અને સંયમના ખપી જીવને અભિમાન કે અહંકાર હોતો નથી. કદાચ સંજવલ માન ઉદિત થાય તો સમ્યગ્જ્ઞાનથી તેને પરાસ્ત કરી દેવામાં આવે છે. અન્યથા અનાદિ કાળનો સહચારી દર્પ જેને શાસ્ત્ર-કારોએ આઠ ફણાનો નાગ કહ્યો છે તેને સ્વાધીન કરવામાં ભલભલાઓએ હાર પણ ખાધી છે.

## દર્પની વ્યાખ્યાઓ :

मनस्विनीमानदलनोत्थो गर्व : (ઉતરા-૪૨૮)

પ્રશસ્ત મનના સ્વામિઓના માનને ખંડિત કરવાના કારણે

માનવના મનમાં અહંકાર-ગર્વનો જન્મ થાય છે, જેનાથી તેનું આન્તરમન વારંવાર ગણગણતું હોય છે કે 'મેં બીજાને કેવા હરાવી દીધા? તેમને ઉખેડી ફેંકવાની તાકાત મારા સિવાય બીજા કોની? બે પાંચ વર્ષમાં વીશ લાખ રૂપીયાની માયા ભેગી કરનાર છે કોઇ મારા જેવો? મારૂં રૂપ, વિજ્ઞાન, તેજ, ઓજ, યશજ એવા છે કે ભલભલાને પણ પાણી પીતા કરી દે છે. ઇત્યાદિ અસંખ્ય-પ્રસંગોમાં ફળતો ફાળતો અભિમાની સંયમને શી રીતે આરાધી શકવાનો હતો?

देहदप्तता, सौभाग्याद्यभिमानः, अब्रह्मणोऽष्टमंनाम ( પ્રશ્ન ૬૬ )

પૂર્વભવમાં આરાધન કરેલું શુભ શરીર નામ કર્મ, વર્ણ નામ કર્મ, શુભ અંગોપાંગ નામ કર્મ તથા વીર્યાંતરાય કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલી સ્ફૂર્તિના કારણે મેળવેલું મદમાતુ, રંગીલું શરીર, ચક્ષુદર્શનના કારણે મેળવેલી આંખોની સુંદરતા આદિના કારણે ઉત્પન્ન થયેલા માનથી પોતાના શરીરને પંપાળવામાં, તેને સુંદર બનાવવામાં, ઇન્દ્રિયોને પુષ્ટ કરવામાં, ઉજળા વસ્ત્રોથી શરીરને શણગારવામાં પોતાનું 'અહં' કામ કરી રહ્યો છે.

લાભાંતરાય, ભોગાંતરાય અને ઉપભોગાંતરાય કર્મના ક્ષયોપશમથી પ્રાપ્ત થયેલા સૌભાગ્યાદિમાં અભિમાન પ્રત્યક્ષ જોવાઇ રહ્યું છે.

અબ્રહ્મ( મૈથુન )ના જે ભેદો કહ્યાં છે, તેમના આઠમા ભેદમાં અભિમાનને પણ ગણાવ્યું છે, કેમકે મૈથુનના કુસંસ્કારોને યદિ મર્યાદામાં લેવામાં ન આવે તો તેના કારણે પોતાની મૈથુનશક્તિ પર માનવને અભિમાન બન્યુ રહે છે. માટે જ

અભિમાન, મૈથુનનો જનક છે; કેમકે અભિમાની માનવને– મૈથુનના સંસ્કારો ઉદ્દીરિત થવામાં વાર લાગતી નથી અથવા મૈથુનમાં મસ્ત બનેલાને અભિમાની બનવામાં કેટલી વાર? માટે જ મૈથુન કર્મના સંસ્કારો નેસ્તનાબૂદ થઇ શકતા નથી. આ ત્રણે કારણે પોષાયેલું અભિમાન સંયમની વિરાધના કરાવ્યા વિના રહેતું નથી.

दर्प्पिका या कारणमंतरेण प्रतिसेवा क्रियते सा (વ્યવહાર સૂ. ૪૭)

શરીર સારૂં હોય, જ્ઞાનબળ સારૂં હોય, તેમ છતાં પણ આન્તરિક જીવનની અમુક ખરાબીઓને લઇને અથવા જીવનમાં પોષાયેલી નબળી કડીઓના કારણે વિરાધનાનું કારણ ન હોય તો પણ તેવા સાધકની ગતિ વિરાધના તરફ જ હોય છે.

(૨) પ્રમાદ પ્રતિસેવા:-જેનાથી આત્મા પોતાનું કર્તવ્ય ચૂકે તે પ્રમાદ છે, જે આત્માનો કટ્ટર વૈરી છે. વ્રતધારી, નિયમધારી, પ્રતિજ્ઞાબદ્ધ અને સત્યનિષ્ઠો પણ પોતાના વ્રત નિયમ–પ્રતિજ્ઞા અને સત્યને છોડે છે. તેમાં પ્રચ્છન્નરૂપે પ્રમાદનો જ ચમત્કાર છે, આ કારણે જ દેવાધિદેવ ભગવાન મહાવીર-સ્વામીએ ગૌતમને કહ્યું કે, 'હે ગૌતમ! એક સમય માટે પણ પ્રમાદી બનીશ નહીં.'

શરાબપાન, અફીણ, ગાંજો, ભાંગ ઉપરાંત વધારે પડતો આહાર કરવાથી નશો આવે છે જે પ્રમાદ છે.

પાંચે ઇન્દ્રિયોના ૨૩ વિષયોની ચર્ચામાં મસ્ત બનેલો આત્મા વિષયી કહેવાય છે. કષાયોને વશ થયેલ આત્મા જ્યારે કિંકર્તવ્યમૂઢ બને છે, ત્યારે સામે ગુરુદેવ ઊભા હોય કે તપસ્વી હોય કે બહુમાનનીય વ્યક્તિ હોય, તેના પર ક્રોધ કર્યા વિના

તેમની જ્ઞાનસાધનામાં, તપસ્યામાં અહંકારવશ કંઈક પોતાને સવાયો બતાવ્યા વિના રહી શકતો નથી જે પ્રમાદ છે.

જેનાથી આત્માની ઘણી શક્તિઓ પ્રભાવહીન બને છે તે નિદ્રાને પણ પ્રમાદ કહ્યો છે એટલે કે તેના કારણે આત્મા ઘણી વાતોથી, ધ્યાનથી, સ્વાધ્યાયથી કે ગુરુદેવ દ્વારા દેવાતી વાંચનાથી પણ વંચિત રહેવા પામે છે. આહાર કરવાથી કે આહાર-વિહાર અને નિહારની મર્યાદાતીત અવસ્થાથી દર્શનાવરણીય કર્મના કારણે નિદ્રા આવે છે અને વધારે પડતો આહાર કરવાથી કે આહાર-વિહાર અને નિહારની મર્યાદાતીત અવસ્થાથી દર્શનાવરણીય કર્મની ઉદીરણા થાય છે, જેના કારણે સામાન્ય નિદ્રા પણ વધતા વધતા નિદ્રા નિદ્રા, પ્રચલા, પ્રચલા પ્રચલામાં ફેરવાઈ જતાં આત્માની હાડવૈરણ બને છે, જે પ્રમાદ છે.

વિકથા એટલે પોતાના આત્માની ચર્ચા વિચારણા કર્યા વિના પરદ્રવ્યની વિભાવદશાની કે પરધર્મની ચર્ચામાં આત્મા જ્યારે મસ્ત બને છે ત્યારે રાજકથા (રાજનૈતિક ચર્ચા), દેશ-કથા, જૂદા જૂદા ભોજન પાણીની કથા કે જૂદા જૂદા દેશની, રંગની કે યુવાનવયની સ્ત્રીઓની કથા સિવાય બીજી બધી વાતો તેના માટે ગૌણ બને છે.

ઉપર્યુક્ત પાંચે પ્રમાદના કારણે આત્મા પોતાના સંયમની વિરાધના કર્યા વિના રહી શકતો નથી.

**(૩) અનાભોગ પ્રતિસેવના :**-એટલે કે આત્મામાં સ્થાન જમાવીને બેઠેલા કુસંસ્કારો તથા ગંદુ સાહિત્ય, ચિત્ર કથા કે કાવ્યોથી વધારેલા જ્ઞાનને જ અજ્ઞાન કહેવામાં આવ્યું છે. અજ્ઞાન એટલે "कुत्सित दुराचारपूर्णं मोहमायावर्धकम् ज्ञानमज्ञानम्" સ્વભાવમાંથી પરભાવમાં, સ્વધર્મમાંથી પરધર્મમાં

અને સ્વદશામાંથી વિજાતીય દશામાં લઇ જનારૂં જ્ઞાન તે અજ્ઞાન જ છે. સમ્યગ્જ્ઞાનમાં યદિ અનંત શક્તિ છે તો મિથ્યા જ્ઞાનમાં પણ અનંત શક્તિ રહેલી જ છે. પોતાના પૂર્વભવના ઉપાર્જિત જ્ઞાનાવરણીય કર્મનો ઉદય જ્યારે તીવ્રરૂપે થાય છે ત્યારે આત્મામાં અજ્ઞાન–વિપરીત જ્ઞાન–મિથ્યા જ્ઞાન અને સંશય જ્ઞાનની હાજરી નકારી શકાતી નથી. તેમાં પણ યુવાનીની મદમાતી અવસ્થા, વિષયભોગોની લાલસા, કષાયોની અનુરાગિતા, શરીરની માયા આદિ મોહકર્મનો સહવાસ જેમ જેમ વધતો જાય છે તેમ તેમ જ્ઞાનાવરણીય કર્મની ઉદીરણા થતાં તે કર્મનો ઉદય તીવ્રતમ થઇ જાય છે. ફળસ્વરૂપે ૨૦–૨૦ ગાથાઓને ગોખવાની તાકાત ધરાવનારો પણ એકેય ગાથા નવી કરી શકતો નથી તથા ક્ષયોપશમના કારણે ગોખેલી ગાથાઓને પણ દિવસે દિવસે ભૂલતો જાય છે. તેથી અનાભોગ એટલે અજ્ઞાનવશે પડેલો ઉપયોગ વિનાનો આત્મા સંયમની વિરાધના કરનારો બનવા પામે છે.

(૪) **આતુર પ્રતિસેવા :**–એટલે કે ગ્લાન–બીમાર તથા અશક્ત અવસ્થાના પરિણામે સંયમની જે વિરાધના થાય તે આતુર પ્રતિસેવા કહેવાય છે. પૂર્વભવમાં સંયમ વ્રત–નિયમ–પ્રત્યાખ્યાન ( પચ્ચક્ખાણ ) આદિની કરેલી વિરાધનાના કારણે ઉપાર્જન કરેલું અસાતાવેદનીય કર્મ જ્યારે ઉદયમાં આવે છે, ત્યારે માનવ ( સાધક ) બીમાર–અશક્ત તથા ગ્લાન બને છે, તેમાં વળી જ્ઞાન સંજ્ઞા મજબુત ન હોય તો મોહનીય કર્મના તોફાનોને લઈ આહારાદિ સંજ્ઞા મર્યાદાથી બહાર થતાં ખાનપાન-રહેણીકરણી આદિનો વિવેકદીપક બુઝાઈ જવાના કે ઝાંખો પડી જવાના કારણે અશાતાવેદનીય કર્મની ઉદીરણા થતાં જ તે કર્મનો ઉદય પણ તીવ્રતમ બને છે. ફળસ્વરૂપે માણસ કોઇક

સમયે શરીરથી અશક્ત, બીજા સમયે માનસિક બિમારી, ત્રીજા સમયે વ્યાધિ અને ચોથા સમયે ઉપાધિઓના કારણે તે સાધકનું શરીરતંત્ર સર્વથા મડદાલ બને છે અને સંયમની વિરાધના તરફ આગળ ને આગળ વધતો જાય છે. માટે આતુર માણસ સંયમનો વિરાધક છે.

**(૫) આપત્પ્રતિસેવા** :-આપત્તિગ્રસ્ત મુનિ પણ સંયમનો વિરાધક બને છે, તેના નીચે મુજબ ચાર પ્રકાર છે:

(૧) દ્રવ્યાપત્તિ-મુનિને કલ્પે તેવો પ્રાસુક આહારપાણી ન મળે ત્યારે તેનું મન ચલચિત્ત થયા વિના રહેતું નથી અને ચલાયમાન સ્થિતિને સંયમ સાથે દોસ્તી હોતી નથી.

(૨) ક્ષેત્રાપત્તિ—વનવગડામાં અટવાઈ જવાના કે રસ્તો ભૂલી જવાના કારણે ચલચિત્તતા થાય તે ક્ષેત્રાપત્તિ કહેવાય છે.

(૩) કાળાપત્તિ-દુષ્કાળાદિના સમયે જે આપત્તિ વેઠવી પડે તે.

(૪) ભાવાપત્તિ—આધિ-વ્યાધિ અને ઉપાધિઓનો રાફડો ફાટ્યો હોય તે ભાવાપત્તિ કહેવાય છે.

**(૬) સંકીર્ણતા પ્રતિસેવા** :-સ્વપક્ષ કે પરપક્ષના મુનિઓનું કોઈક ટૂંકા સ્થાનમાં જ્યારે ભેગા થવાનું થાય છે ત્યારે અકળામણને લઈ માનસિક જીવન આર્ત્તધ્યાનમય બને છે, જે સંયમ વિરાધના છે.

**(૭) આકસ્મિક પ્રતિસેવા** :-ઇચ્છા નથી છતાં અકસ્માત્ ક્રિયા થઈ જાય છે. જેમકે અત્યારે ગુરુજી દેખતા નથી માટે શિષ્યે પોતાના પગ લાંબા કર્યા અને પછીથી ગુરુજી જોવામાં આવ્યા તો પણ પોતાના પગને સંકુચિત કરી શકતો નથી તે આકસ્મિક પ્રતિસેવા છે.

(૮) **ભય પ્રતિસેવા** :-હિંસા વગેરે સેવાઈ ગઈ અને શિષ્ય ભયગ્રસ્ત બન્યો. આ અવસ્થા જ સંયમની વિરાધક છે.

(૯) **ક્રોધ પ્રતિસેવના** :-એક મ્યાનમાં જેમ બે તલવાર રહી શકતી નથી તેમ સંયમ અને ક્રોધ પણ એકત્ર રહી શકતા નથી.

(૧૦) **વિમર્શ પ્રતિસેવના** :-શિષ્યની પરીક્ષા કરવા જતાં ગુરુદ્વારા જે વિરાધના થાય તે વિમર્શ પ્રતિસેવા કહેવાય છે.

## આલોચના સમયે સેવાતા દસ દોષો :

સમ્યગ્જ્ઞાનથી પરિપુષ્ટ નહિ થયેલા અધ્યવસાયોમાં બાહ્ય નિમિત્તો પણ ફેરફાર કરી શકવાને માટે સમર્થ બને છે, માટે જ ગવાયું છે કે "યોગ્ય સામગ્રી અભાવથી હીયમાન પરિણામ, અધ અધ પૂરવ યોગથી એહવો મનનો કામ" ત્યારે જ તો એક સમયના શુદ્ધ અધ્યવસાયો પણ બીજી ક્ષણે હીન–હીનતર અને હીનતમ બનવા પામે છે અને અત્યારના હીનઅધ્યવસાયો પણ સારા નિમિત્તો મળતાં શુદ્ધ શુદ્ધતર અને શુદ્ધતમ બનવામાં વાર લાગતી નથી. જ્યારે અધ્યવસાયો અશુદ્ધ બને છે ત્યારે શુભાનુષ્ઠાનોમાં કે શુદ્ધાનુષ્ઠાનોમાં આત્માની પરિણતિ લક્ષ્યને સિદ્ધ કરાવવા માટે લાયક રહેતી નથી. પાપોની, અતિચારોની આલોચના કરવી શુદ્ધતમ ક્રિયા છે પણ કોઈક સમયે સ્વાધ્યાયબળ કમજોર હોવાના કારણે આલોચનાના સમયે જ આત્માની પરિણતિ પણ કમજોર થવા પામે છે. એટલે કે આલોચના કરવી જ જોઇએ તેવી જ્ઞાનસંજ્ઞા સારામાં સારી હોવા છતાં પણ સમ્યક્ચારિત્રની આરાધના કમજોર હોવાથી આલોચનાના સમયે મનજીભાઈ હરામખોરી કર્યા વિના રહી શકે તેમ નથી ત્યારે આત્માની શુદ્ધિ માટે કરાતી

આલોચના પણ કમજોર હોવાથી વંધ્ય રહે છે. ભગવતી સૂત્ર-કાર આલોચનાના દસ. દોષો નીચે પ્રમાણે બતલાવે છે.

(૧) અકંપ્ય દોષ :-ગુરુદેવની સેવા તેવી રીતે કરૂં જેથી પ્રસન્ન થયેલા ગુરુજી મને થોડુ પ્રાયશ્ચિત આપશે તે અકંપ્ય નામે આલોચનાનો દોષ છે.

(૨) અનુમાન દોષ :-મારા અપરાધો ઘણા હોઈ શકે છે પણ તે બધાય જો ગુરુજીને કહેવામાં આવે તો પ્રાયશ્ચિત વધારે આપશે તેમ સમજીને થોડા અપરાધો જ જાહેર કરે, જેથી પ્રાયશ્ચિત થોડું મળશે, તેવી રીતનું અનુમાન સમજીને પોતે પોતાના જ અપરાધોની આલોચના કરી લે છે અને ગુરુજી પાસે થોડું પ્રાયશ્ચિત મેળવીને ગુરુજીને રાજી પણ કરી લે છે.

(૩) દૃષ્ટ દોષ :-જે અપરાધોને ગુરુજીએ જોઈ લીધા હોય તેની જ આલોચના કરી પ્રાયશ્ચિત સ્વીકારે. બાકીના જે દોષો ગુરુને ખ્યાલમાં નથી તેનું પ્રકાશન મોટા દંડના ભયથી કરતો નથી.

(૪) બાદર દોષ :-મોટા અતિચારો લાગ્યા હોય અને જેનું પ્રાયશ્ચિત થોડું આવે તેની જ આલોચના કરે શેષ ગુપ્ત રાખે.

(૫) સૂક્ષ્મ દોષ :-નાની નાની વાતો, અતિચારો, ભૂલો વારેવારે ગુરુને કરે, જેથી ગુરુના મનમાં તેમ થાય કે શિષ્ય જ્યારે પોતાની નાની વાતો પણ કરે છે ત્યારે મોટી ભૂલોને શા માટે છુપાવે ? તેમ સમજીને ગુરુને અંધારામાં રાખીને તેટલાની આલોચના કરે અને પ્રાયશ્ચિત સ્વીકારી રાજી થાય.

(૬) ગુપ્ત દોષ :-આલોચના લેવી છે પણ પાસે બેઠેલો

કોઈ સાંભળી ન જાય તેવી રીતે ગુરુની પાસે શરમથી ધીમું ધીમું બોલે અને પ્રાયશ્ચિત સ્વીકારે છે.

(૭) મોટા શબ્દો :–સૌ સાંભળે તે પ્રમાણે પોતાના અતિચારો કહે અને પ્રાયશ્ચિત સ્વીકાર કરે.

(૮) બહુજન :–આદતથી લાચાર બનેલા શિષ્યો એક જ અતિચારની આલોચના જૂદા જૂદા આચાર્યો પાસે કરે છે.

(૯) અવ્રત :–દંડ દેવા જેટલી લાયકાત ન ધરાવતા હોય તેમની પાસે અતિચારોની આલોચના કરે.

(૧૦) તત્સેવી :–જે અતિચારોનું પ્રાયશ્ચિત લેવાનું છે તે શિષ્ય તેવા આચાર્ય પાસે પ્રાયશ્ચિત લેવા જશે, જે પોતાના જેવા જ અતિચારો તે આચાર્ય કરતો હોય.

**નોંધ** :–ઉપર પ્રમાણેની આલોચના લેનારનું મન પ્રાયશ્ચિતમય નથી તે સ્પષ્ટ દેખાઇ રહ્યું છે. આ કારણે જ આલોચનાના દોષો કહેવાયા છે.

## ખરી આલોચના કોણ કરી શકે ?

હે પ્રભો ! ઉપરના સૂત્રમાં આલોચનાના દોષો બતાવ્યા છે તો પછી સાચી આલોચના કરનારો કોણ ? તેનામાં કયા ગુણો હોવા જોઇએ ?

જવાબમાં ભગવંતે કહ્યું કે, હે ગૌતમ ! નીચેના દસ પ્રકારના ભાગ્યશાળી જ સમ્યક્ પ્રકારે આલોચના–પ્રાયશ્ચિત કરવા માટે સમર્થ બને છે. કેમકે :–આલોચના આભ્યંતર તપ હોવાથી જે પુણ્યશાળી ગુરુકુળવાસી હોય, સ્વાધ્યાય પ્રેમી

હોય, પાપભીરૂતાવાળો હોય, તેઓ જ સાચા અર્થમાં આલોચના કરે છે, તે આ પ્રમાણે:–

( ૧ ) **ઉત્તમ જાતિ** :–જન્મ લેનાર સંતાનના પિતાની પરંપરામાં સત્ય, સદાચાર, બ્રહ્મચર્ય, ન્યાયપરાયણતા અને સાત્ત્વિકતા આદિ ગુણો સર્વાંશે કે અલ્પાંશે પણ રહ્યા હોય તેવા શુદ્ધ પિતાથી ઉત્પન્ન થયેલો બાળક ઉત્તમ જાતિનો કહેવાય છે. જે ગૃહસ્થવેષમાં રહ્યો હોય ત્યારે પણ અસત્કાર્યો, દુરાચારાદિ કરતો નથી તો પછી તેમના સંયમી જીવનમાં અપકૃત્યોની સંભાવના રહેતી નથી તેમ છતાં પણ ચારિત્ર-મોહનીય કર્મના કારણે અતિચારોની સંભાવના કદાચ દેખાય ત્યારે તે ઉત્તમ જાતિ સમ્પન્ન મુનિઓ પોતાના ગુરુને શુદ્ધ ભાવે તે તે અપરાધો–અતિચારો કહેશે અને ગુરુએ આપેલું પ્રાયશ્ચિત સ્વીકારીને રાજી થશે.

( ૨ ) **કુલ સમ્પન્ન** :–પોતાની માતા ( Mother ) અને તેમની પરંપરામાં એક પતિવ્રત, બ્રહ્મચર્ય સંસ્કાર, સત્યવાદિતા, હિત મિતાહાર અને મિતમિષ્ટભાષિતા આદિ ખાનદાનીજનક સંસ્કારો સચવાતા હોય તેવી માતાની કુક્ષિથી જન્મ લેનારો જાતક કુલસંપન્ન કહેવાય છે. પિતાની પરંપરા ને જાતિ તથા માતાની પરંપરાને કુલ કહેવાય છે. આવા ભાગ્ય-શાળીઓ સ્વભાવથી જ લજ્જાશીલ, વિનયી, વિવેકી અને વડિલોની આજ્ઞાને માનનારા હોય છે. તથા દીક્ષિત–સંયમધારી થયા પછી તો ગુરુચરણના પૂર્ણ રૂપે દાસ બનીને અતિચારોનું પ્રકાશન–પ્રાયશ્ચિત અને ફરીથી તે દોષોને ન કરવાનું સ્વીકારી પોતાના સંયમ જીવનને પ્રતિસમય શુદ્ધ કરનારા હોય છે.

( ૩ ) **વિનય સમ્પન્ન** :–જે સાધક વિનય ધર્મથી સમ્પન્ન

હોય તે સમ્યક્ રીત્યા આલોચના કર્યે છતે પોતાના સંયમ સ્થાનોને પવિત્ર કરનારો હોય છે.

"विशेषण–विशिष्ट मोक्ष पुरुषार्थ बलेन नयति–दूरीकरोति–अपनयति–अष्टविध कर्मजन्य कुसंस्कारान् इति विनयः" એટલે કે પોતાના પુરુષાર્થ વિશેષથી આઠે કર્મોથી ઉત્પન્ન થયેલા કુસંસ્કારોને પોતાના આત્મપ્રદેશોથી દૂર કરે તે વિનય કહેવાય છે, જે સર્વશ્રેષ્ઠ ધર્મ છે. આવો વિનયધર્મ "विनयो गुरुशुश्रूषा" (આવ. ૪૧૫) અર્થાત્ પંચ મહાવ્રતધારી, અષ્ટ પ્રવચનમાતાના પાલક, અને ષડ્જીવનિકાયના રક્ષક ગુરુદેવની બહુમાનપૂર્વકની સેવા કરનારો સાધક જ પ્રાપ્ત કરી શકે છે અને આરાધી શકે છે. ધર્મની માતા "धम्मस्स जणणी दया" દયા છે તો "धम्मस्स जणओ विनयो" ધર્મનો પિતા વિનય છે. દયા અને વિનયની આરાધનાથી સાધક પોતાની સાધનાને સફળ કરે છે. આવા શિષ્યને નંદીસૂત્રની શાસ્ત્રીય પરિભાષામાં 'વિનેય' કહ્યો છે. "गुरोर्निवेदितात्मा यो गुरुभावानुवर्तकः मुक्त्यर्थं चेष्ठते सो विनेयः" (પ્રજ્ઞા. ૧૬૩) સમય સમય પર લાગતા અતિચારોને સમ્યગ્બુદ્ધિથી પોતાના ગુરુને નિવેદન કરે તે વિનેય છે. પોતાના ગુરુની આજ્ઞાને જ પરમાત્માની આજ્ઞા માની પોતાનું જીવન અરિહંત પરમાત્માના શાસનને યોગ્ય બનાવે તે વિનેય છે, શિષ્ય છે. અને અરિહંતોનું શાસન એટલે જ કર્મોની નિર્જરા માટેનું સર્વશ્રેષ્ઠ શાસન.

**(૪) જ્ઞાન સમ્પન્ન** :–સમ્યગ્જ્ઞાનયુક્ત સાધક ચાહે અષ્ટપ્રવચન માતાનો જ જ્ઞાની હશે તો પણ પોતાના અતિચારોની આલોચના શુદ્ધ ભાવે કરી આત્માને મુક્ત બનાવે છે. ઠાણાંગ સૂત્રમાં સમ્યગ્જ્ઞાનને જ જ્ઞાન કહ્યું છે. જેનાથી પોતાના આત્માને યથાર્થરૂપે જાણે તે જ્ઞાન છે. જે જ્ઞાનમાં સમ્યક્ત્વ, યથાર્થત્વ,

સ્વ-પર પ્રકાશિતત્વ ન હોય તો નવ પૂર્વના જ્ઞાતાને કે લાખો કરોડો શ્લોકોના રચયિતાને પણ અજ્ઞાની કહ્યો છે. કેમકે અજ્ઞાનાવસ્થામાં રહેનારો માનવ પોતાની બુદ્ધિને, મનને, ઇન્દ્રિયોને કે શરીરને આત્મસાત્ અર્થાત્ આત્માને આધીન કરવામાં સમર્થ બની શકતો નથી; તેથી જ જૈનાગમમાં જ્ઞાનને શક્તિ કહી છે. જેના કારણે આત્મા ઓજસ્વી, તેજસ્વી, વર્ચસ્વી, યશસ્વી અને તપસ્વી બનવા પામે છે, માટે જ :—

અંધકારરૂપી અંધકારને નાશ કરનારૂં,
સત્ય અને સદાચારની મર્યાદામાં રાખનારૂં,
મોહ માયાદિ કર્મોની જાળને છેદનારૂં,
ઇંદ્રોથી અને સુરાસુર ગણોથી સેવાયેલું,
જન્મ, જરા, મૃત્યુ, શોક, સંતાપ, આધિ, વ્યાધિ અને
ઉપાધિથી માનવ માત્રને મુક્ત કરાવનારૂં તથા
આત્માને સુખ શાંતિ અને સમાધિ અપાવનારૂં સમ્યગ્જ્ઞાન જ છે.

આત્માના ઘણા ગુણોમાં સમ્યગ્જ્ઞાન જ સર્વશ્રેષ્ઠ છે અને પ્રધાન ગુણ છે, કેમકે :-સર્વે સદનુષ્ઠાનોના મૂળમાં સમ્યક્ શ્રદ્ધા હોય તો જ તે અનુષ્ઠાનો ફળદાયક બને છે અને તે શ્રદ્ધા-સમ્યક્ત્વ કે સમ્યગ્દર્શનના મૂળમાં પણ સમ્યગ્જ્ઞાન જ બિરાજમાન હોવાથી સમ્યગ્દર્શન પ્રતિસમયે શુદ્ધ બને છે, તેવી રીતે સમ્યક્ચારિત્રના મૂળમાં પણ જ્ઞાન જ પ્રકાશિત થઇને રહેલ છે.

આમ તો અક્ષરના અનંતમા ભાગનું ઉદ્ઘાટન તો નિગોદવર્તી જીવને પણ હોય છે પણ જેમ જેમ તે આત્મા અકામ નિર્જરાના બળે હળવો બનતો જાય છે તેમ તેમ જ્ઞાનની વૃદ્ધિ

પણ થતી હોવાથી અસ્પષ્ટરૂપે પણ અભક્ષ્ય, અપેયાદિ દુરાચારોને હેય સમજે છે અને ભક્ષ્યાદિ પદાર્થોનો વિવેક થતાં ઘણા કર્મો તૂટવાની અણી પર આવતાં જીવાત્માને સમ્યગ્દર્શનની ઉત્પત્તિ થાય છે, જે અરિહંત પરમાત્માના પ્રરૂપેલા જીવ-અજીવ-પુણ્ય-પાપ-આશ્રવ-સંવર-બંધ-નિર્જરા અને મોક્ષની શ્રદ્ધામય છે. પરંતુ ભૂલવું ન જોઈએ કે, 'જેમને અષ્ટ પ્રવચન માતા જેટલું પણ સમ્યગ્જ્ઞાન ન હોય તો સમમ્યગ્દર્શનના દીપકને બુઝાતા વાર લાગતી નથી તો પછી સમ્યક્ચારિત્ર કેવી રીતે ટકશે ? કેમકે ચારિત્રની માતા જ અષ્ટ પ્રવચન છે. માતાની ગેરહાજરીમાં પ્રથમ તો પુત્રની ઉત્પત્તિ થતી જ નથી.

મરીચિના જીવનમાં સમ્યગ્જ્ઞાનનો દીપક જેમ જેમ બુઝાતો ગયો તેમ તેમ ચારિત્રમોહનીય કર્મનું જોર વધતું ગયું અને પતન અવસ્થા ભાગ્યમાં શેષ રહી. આવી સ્થિતિમાં મિથ્યાદર્શન મોહે પણ જોરદાર હુમલો કર્યો અને ભગવાન મહાવીર સ્વામીનાં ત્રીજા ભવનો આત્મા મરીચિ સમ્યગ્દર્શનથી ભ્રષ્ટ થયો. ત્યાર પછી તો ૧૨ ભવો સુધી તેને ફરીથી પ્રાપ્ત કરી શકાયું નથી. આ કારણે જ સમ્યગ્દર્શન અને ચારિત્રની વચ્ચે જ્ઞાન રહેલું છે જે આત્માની અભૂતપૂર્વ શક્તિ છે. માટે જ્ઞાનસમ્પન્ન મુનિ પોતાના ગુરુ ચરણોમાં મન-વચન તથા કાયાનું સમર્પણ કરતો અતિચારોની આલોચના સમ્યક્ પ્રકારે કરવા સમર્થ બને છે.

(૫) દર્શન સંપન્ન :–દર્શન એટલે સમ્યગ્દર્શનથી પરિશુદ્ધ થયેલો સાધક પોતાના એકેય અપરાધને છુપાવ્યા વિના ગુરુને નિવેદન કરશે અને તેમનાથી મેળવેલું પ્રાયશ્ચિત પ્રસન્નચિત્તે પૂર્ણ કરશે.

મોહનીય કર્મની મહાભયંકર સાતે પ્રકૃતિઓ ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષય થયા પછી જ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે. તે પ્રકૃતિઓ આત્માની હાડવૈરણ હોવાથી અને જ્યાં સુધી તેનું જોર હોય છે ત્યાં સુધી સાધક ભદ્ર, સરળ, ઉદાર અને પરગજુ પણ બની શકતો નથી. કેમકે :–આમાં અનંતાનુબંધી એટલે અનંત ભવોને બગાડી મારે તેવા કષાયો અને આત્માની ઓળખાણ યથાર્થરૂપે ન થવા દે તેવું મિથ્યાત્વ મોહનીય અત્યંત તોફાને ચડેલો હોવાથી તેના માલિકના હાથ, પગ, આંખ, કાન, જીભ, મન, બુદ્ધિ અને જ્ઞાન પણ હિંસક, મહાહિંસક, અસત્યવાદ પૂર્ણ, ચૌર્યકર્મ પ્રધાન, મર્યાદાતીત મૈથુનકર્મી અને પરિગ્રહ નામના મહાગ્રહથી ગ્રસિત હોય છે, પરિણામે સંખ્યાત, અસંખ્યાત અને અનંત જીવો સાથે વેર–ઝેર-કષાય અને સ્વાર્થ સાધનાના વ્યવહારોને વધારતો તે સાધક સંસારનો વૈરી બનવા પામે છે.

જ્યારે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થતાં જ મહાભયંકર ચિકણા કર્મો અને હડહડતું વૈરમય જીવન નાશ પામે છે અને આત્મામાં અભૂતપૂર્વ નવો પ્રકાશ પથરાય છે. જેનાથી આત્માનું યથાર્થ સ્વરૂપ તથા જ્ઞાનાવરણીયાદિ કર્મોમાં રહેલી ભયંકરતા નાશ થતાં કે દબાઈ જતાં આત્મામાં રહેલું અનાદિકાળનું અજ્ઞાન અદૃશ્ય થાય છે ત્યારે સમ્યગ્જ્ઞાનનો દીપક પ્રગટતાં કાષાયિક અને વૈષયિક જીવન જે મર્યાદાતીત હતું તે મર્યાદિત બને છે, તથા પરપદાર્થોની, પરધર્મોની કે વિભાવ દશાની નાબૂદી થાય છે.

સડક ઉપર ઊભા રહેલા માનવને પ્રત્યેક બિલ્ડીંગ કે ઝાડ ઉંચા–નીચા દેખાય છે, પણ તે જ માનવ બિલ્ડીંગના નવમે, દશમે માળે ચડીને ગામ તરફ નજર કરે છે, ત્યારે આખુંય ગામ અને ઝાડો એક સમાન દેખાવા લાગે છે. તેવી રીતે

જીવનમાં અનંતાનુબંધી કષાયોનું જોર હોય છે ત્યારે સંસાર-સૃષ્ટિમાં વિષમતાનું ભાન થાય છે અને સમ્યક્ત્વનો પ્રકાશ મળતાં જ પ્રત્યેક માનવમાં કંઈને કંઈ ગુણોનું જ અવલોકન થાય છે. અનંતાનુબંધી કષાયોનું કાતીલ ઝેર નાશ પામતાં માણસના જીવનમાં સમત્વ, ઉદારત્વ, ધીરત્વ, દાનરુચિત્વ, મૈત્રીભાવ અને કારૂણ્યભાવનો પ્રાદુર્ભાવ થાય છે તથા કર્મોના કારણે પાપી, નિર્ધન, કષાયી, વિષયી માનવો પ્રત્યે ઉપેક્ષા-ભાવ જન્મ લે છે. સમ્યક્ત્વનું તેજ યદિ જીવનમાં હોય તો માનવ પોતાના ઉદિત કામ ક્રોધાદિને શમન કરે છે. સંસારના ભોગવિલાસોને ભોગવવા છતાં ઉદાસીન રહે છે, વૈરાગ્યપૂર્ણ જીવન જીવે છે તથા દીન-દુઃખી અને અનાથો પ્રત્યે દ્રવ્ય તથા ભાવ દયાળુ બને છે, જીવાદિ તત્ત્વો પ્રત્યે પૂર્ણ શ્રદ્ધાળુ બનીને આશ્રવ તથા બંધના માર્ગોને છોડી સંવર તથા નિર્જરાનો માર્ગ સ્વીકારે છે અથવા તેની ટ્રેઈનિંગ લે છે. આવી રીતે દર્શન સમ્પન્ન મુનિને એકેય પાપ અતિચાર, અપરાધ આદિ ગુરુથી છુપાવવાનું હોતું નથી.

**( ૬ ) ચારિત્ર સમ્પન્ન :**—સમ્યક્ચારિત્રમય મુનિરાજ કરેલા, કરાવેલા અને અનુમોદેલા પાપોનું આલોચન શુદ્ધ રીતે કરીને પોતાને ભારથી મુક્ત બનાવે છે. જ્ઞાનની જેમ ચારિત્ર પણ આત્માનો ગુણ હોવાથી નિગોદના જીવોને પણ ચારિત્ર નકારી શકાતું નથી; માટે અકામ નિર્જરાના યોગે આત્મા જેમ જેમ હળવો થાય છે તેમ તેમ તેનો ચારિત્ર ગુણ વધતો જાય છે. સામાન્ય રીતે અમુક કરવું અને અમુક ન કરવું તેટલા પ્રમાણમાં જ ચારિત્રનો અર્થ લેવાય છે, પરંતુ સમ્યગ્દર્શનથી પરિશુદ્ધ થયેલું જ્ઞાન જેમ જેમ વધે છે તેમ તેમ ચારિત્રનો યથાર્થત્વ ખ્યાલમાં આવે છે અને પૂર્વભવનો આરાધક આત્મા

અથવા આ ભવનો પાકો નિશ્ચયબળી આત્મા સર્વવિરતિ ચારિત્રનો સ્વીકાર કરીને પોતાને નિર્મળ બનાવે છે....

"ચય તે આઠ કર્મનો સંચયરિક્ત કરે જે તેહ,
ચારિત્ર નામ નિરૂક્તે ભાખ્યું તે વંદુ ગુણગેહ રે....ભવિયા૦"

સચિત એટલે કે ભવભવાંતરમાં મોહ માયાને વશ બનીને ઉપાર્જન કરેલા કર્મોને આત્મપ્રદેશથી ખંખેરી નંખાય તે ચારિત્ર કહેવાય છે, અથવા ચારિત્ર ક્રિયા છે. જે ક્રિયાવડે આત્મા નવા પાપોને રોકે અને જૂના પાપોને ધોઈ નાખે તે ચારિત્ર છે.

આત્મકલ્યાણ, મુક્તિની પ્રાપ્તિ, કેવળજ્ઞાનની સિદ્ધિ કે કર્મપિંજરથી સર્વથા મુક્ત થવામાં બે તત્ત્વની જ પરમાવશ્યકતા સૌને સ્વીકાર્ય છે. નવા પાપોના દ્વાર બંધ કરવા અને જૂના પાપોને નિર્જરિત કરવા તે માટે દર્શનજ્ઞાનની આરાધના નવા પાપોના દ્વાર બંધ કરાવે છે જ્યારે ચારિત્રધર્મની આરાધના જૂના પાપોને ધોવડાવી નાખીને આત્માને પોતાનું પરમ લક્ષ્ય (મોક્ષ) પ્રાપ્ત કરાવવામાં પૂર્ણ સમર્થ બને છે. માટે જ કહેવાયું છે કે-સમ્યગ્દર્શનરૂપી ઢાલ, જ્ઞાનરૂપી તલવાર અને ચારિત્રરૂપી કવચ (બખતર) જેની પાસે હોય તેને પોતાનું અંતિમ ઈષ્ટ સિદ્ધ કરવામાં કેટલી વાર ?

અનુભવસિદ્ધ શાસ્ત્રવચન છે કે "પ્રથમ જ્ઞાન ને પછી અહિંસા શ્રી સિદ્ધાંતે ભાખ્યું, જ્ઞાનને વંદો જ્ઞાન મ નિંદો, જ્ઞાનીએ શિવસુખ ચાખીયું રે....ભવિકા" સારાંશ કે ચરાચર સંસારમાં અનંતાનંત જીવો, તેના પ્રદેશો, ગુણો તથા પર્યાયોનું જ્ઞાન પ્રથમ થવું જોઈએ. ત્યાર પછી તે જ્ઞાન શ્રદ્ધામાં ઉતારવું અને આચરણમાં લાવવું તેનું નામ આત્મકલ્યાણ છે. જૈન

શાસને જીવોની ઉત્પતિનું સૂક્ષ્માતિસૂક્ષ્મ જ્ઞાન સંસારને આપ્યું છે, માટે કોઇપણ જીવની હત્યા ન થવા પામે તે જ ચારિત્ર છે, જેના બે પ્રકાર છે.

(૧) સર્વવિરતિ ચારિત્ર, (૨) દેશવિરતિ ચારિત્ર. જેનું સંક્ષેપ અને વિસ્તારથી વર્ણન ૧-૨-૩ ભાગમાં કરવામાં આવ્યું છે. પ્રસ્તુત પ્રશ્નમાં સર્વવિરતિ ચારિત્રની વાત હોવાથી તેવો મોક્ષેચ્છુ મુનિ થયેલા અપરાધોને, અતિચારોને, ભૂલોને પોતાના ગુરુ પાસે શા માટે છુપાવશે? આલોચના કરવામાં અને પ્રાયશ્ચિત લેવામાં શિથિલ પણ શી રીતે બનશે? સારાંશ કે શરમ કે સંકોચ રાખ્યા વિના તે પુણ્યશાલી મુનિરાજો પ્રાયશ્ચિત લેવાવાળા હોય છે.

**નોંધ** :–રાજા મહારાજા યાવત્ ભરત, સગર, સનતકુમાર જેવા ચક્રવર્તીઓ સમ્યગ્જ્ઞાનપૂર્વક છ ખંડનું રાજપાટ, તથા ૬૪ હજાર સ્ત્રીઓની માયાને લાત મારીને પણ ચારિત્ર ગ્રહણ કરે છે. શાલીભદ્ર જેવા, અતૂટ લક્ષ્મી વૈભવને તથા ૩૨ પદ્મિની સ્ત્રીઓને ઠોકર મારી ચારિત્ર લે છે અને પોતાનું કલ્યાણ સાધે છે. વિજયશેઠ અને વિજયાશેઠાણી જે શ્રીમંત પુત્ર હતાં, શારીરિક શક્તિસંપન્ન હતાં, ઘરમાં મેવા, મિષ્ટાન્ન ખાનારા હતાં છતાં આજીવન એટલે પરણ્યા પછીની પહેલી રાતથી જ અખંડ નૈષ્ઠિક અને સર્વથા અદ્વિતીય બ્રહ્મચર્યધર્મ (ચારિત્રધર્મ)ને પાળવા માટે સમર્થ બની શક્યા છે.

રાજીમતી-ચંદનબાળા જેવી રાજકુમારિકાઓ કામદેવના સંપૂર્ણ નશાને ઉતારીને દીક્ષિત થઇ છે. સારાંશ કે જ્ઞાનમાત્રાપૂર્વક વૈરાગ્યમય બનીને દીક્ષા સ્વીકારનારા રંકથી રાજા સુધીના અસંખ્ય કથાનકો શાસ્ત્રમાં સંગ્રહાયેલા છે.

**(૭) ક્ષમાધર્મસમ્પન્ન :** ક્ષમાપ્રધાન મુનિઓ જ પાપોના આલોચક હોવાથી આત્મકલ્યાણના માલિક બને છે. ક્રોધ કષાય આત્માનો કટ્ટર વૈરી છે અને ક્ષમા એ મુનિરાજનો પરમધર્મ છે. જ્યારે દર્શન-જ્ઞાન અને ચારિત્રની આરાધના જીવનના રોમેરોમમાં થાય છે, ત્યારે અનાદિકાળના કષાયોનો વેગ ધીમો પડે છે, બહુ જ ધીમો પડે છે, અથવા ક્ષય પામવા જેવી સ્થિતિમાં મુકાઈ જાય છે ત્યારે મુનિ ક્ષમામય બને છે. 'क्षमा वीरस्य भूषणम्' એટલે કે આત્માથી વીર બનેલા ભાગ્યશાલીનું ભૂષણ ક્ષમા છે, ત્યારે જ તો પાપ શિરોમણિ પાલક મંત્રી દ્વારા ઘાણીમાં પીલાતા મુનિઓ, સોમિલ દ્વિજે તત્કાળ લોચ કરેલા માથા પર માટીની બાંધેલી પાળમાં ભરેલા ખેરના લાકડાના અંગારાથી ગજસુકુમાલ મુનિ, સોની વડે માથા પર પાણીમાં ભીંજાયેલી ચામડાની દોરડી વડે ઘોરાતિઘોર પરિષહ સહન કરનારા મેતારજ મુનિ, સંગમદેવ અને ચંડકૌશિક આદિના જીવલેણ હુમલાને આત્મ સંયમ વડે સહન કરનારા દયાના સાગર મહાવીરસ્વામી, તેવી રીતે સર્વથા એકાન્ત સ્થાનમાં ભોગવિલાસની માંગણી કરનારાની સામે પોતાના નૈષ્ઠિક બ્રહ્મચર્યધર્મથી માનસિક દૃષ્ટિએ પણ ચલાયમાન ન થનારા રાજીમતિ સાધ્વીજી મહારાજ તથા જે રંગમહેલમાં બાર વર્ષ સુધી સ્વૈચ્છિક ભોગવિલાસો ભોગવ્યા હતાં તેવા એકાંત સ્થાનમાં, વિજળીના ચમકારા જેવી કોશા વેશ્યા સર્વથા અનુકુળ હોવા છતાં પણ પોતાના સંયમસ્થાનથી પતિત ન થનારા સ્થૂલિભદ્ર મુનિજી આદિના દૃષ્ટાંતો હંમેશાને માટે આદરણીય અને સ્મરણીય છે. આ બધાં કારણોને લઈને, અહિંસાદિ ધર્મની આરાધના કરવાથી ઉત્પન્ન થયેલી વીરતા જ ક્ષમાધર્મની જનેતા છે. આવો ક્ષમાધર્મ જેમને પ્રાપ્ત થયો હોય તે કદાપિ વૈરનો બદલો વૈરથી, ક્રોધનો બદલો ક્રોધથી, પ્રપંચનો

બદલો પ્રપંચથી અને શેતાનનો બદલો શેતાનીથી લેનારા કે દેનારા હોતા નથી.

એક રાતમાં વીશની સંખ્યામાં જીવલેણ હુમલા અને છ છ મહિના સુધી આહાર પાણીમાં અન્તરાય ભોગવનારા ભગવાન મહાવીરસ્વામીને પરિષહ સમય દરમ્યાન રતિ માત્ર ખેદ થયો નથી પરંતુ જ્યારે સંગમના ઉપસર્ગો શાંત થયા ત્યારે દયાની ચરમસીમાએ પહોંચેલા પરમાત્મા મહાવીરસ્વામીની આંખો દયાથી છલકાઇ ગઇ હતી.

આ બિચારો 'મારા નિમિત્તે અધોગામી થશે' તેના અધઃપતનમાં હું કારણ બન્યો આવી ભાવદયા ભગવાન મહાવીરસ્વામીને છોડી બીજે ક્યાંય રહેતી હશે ? તેનું એકેય કથાનક ક્યાંય પણ વાંચ્યું નથી, સાંભળ્યું નથી. પર્વતની એકાંત ગુફામાં વિષય વાસનાની માંગણી કરતા રહનેમિથી હતપ્રભ થયા વિના દયાની મૂર્તિ જૈન સાધ્વી કહે છે કે 'દેવરિયા મુનિવર ધ્યાનમાં રહેજો'....માટે જ ભગવતી સૂત્રકારે કહ્યું કે વિવેકધર્મની પુત્રી ક્ષમા સાથે પાણિગ્રહણ કરનાર જૈન મુનિ જ પાપોની આલોચના કરી ઉત્તરોત્તર કલ્યાણને સાધે છે.

(૮) **દાન્ત** :–પાંચે ઇન્દ્રિયોને દમન કર્યા પછી આત્માધીન થયેલો મુનિ જ પોતાના પાપોનો આલોચક બને છે. એટલે કે પાપોની રજૂઆત ગુરુઓ પાસે કરીને પ્રાયશ્ચિત મેળવી શકે છે. અનુભવીઓ કહે છે કે–ગમે તેવી અને તેટલી પૌદ્ગલિક વસ્તુઓ મેળવવા, બીજાઓને માટે અશકય તેવા રણમેદાન રમવા, વૈષયિક સુખો માણવા, કષાયોના રંગરાગ ખેલવા, અને હજારો લાખો માનવોને મોતના ઘાટે ઉતારવા સરળ છે, પણ આત્મદમન કરવું અત્યન્ત કષ્ટસાધ્ય છે.

સંસારનો વિજેતા તેની હયાતી સુધી જ સ્મરણીય રહેશે જ્યારે આત્મવિજેતાઓ મર્યા પછી પણ સ્મરણીય, વન્દનીય અને પૂજનીય રહ્યાં છે.

સામેવાળા ઉપર ક્રોધ કરવાની ભૂમિકા તૈયાર છે છતાં ક્રોધ ન કરવો, અભિમાન આવે તેવા પૌદ્ગલિક સાધનોની વચ્ચે રહેવા છતાં માન, અભિમાન ( ગર્વ-ઘમંડ ) ન કરવું, લાખો માનવોની આંખમાં ધૂળ નાખવાની શક્તિ છે છતાં માયા પ્રપંચ ન સેવવા અને લાભાંતરાય કર્મનો ક્ષયોપશમ છે તો પણ લોભ અને પરિગ્રહ સંજ્ઞાને ભડકવા ન દેવી તે બચ્ચાઓનો ખેલ નથી. વારંવાર તમને ક્રોધ આવતો હોય, અહંકારની માત્રા વધતી હોય, માયાવશ બનવાના સંયોગો મળતા માયાધીન થવાતું હોય અને લોભ રાક્ષસના મુખમાં ફસાઇ ગયા હો તો સમજી લેજો કે આત્મસંયમથી તમે હજારો માઇલ દૂર છો અને અનંત સંસાર તરફ પ્રસ્થાન કરવાની તૈયારીમાં છો. સંસારને ટૂંકો કરવામાં ઘણા ઘણા સદનુષ્ઠાનો શાસ્ત્રોમાં સંગ્રહાયેલા છે પરન્તુ સર્વશ્રેષ્ઠ સાધન તો ઇન્દ્રિયોનું દમન જ કહેવાયું છે, ગવાયું છે અને અધ્યાત્મયોગીઓએ માન્ય રાખ્યું છે. માટે આધ્યાત્મિક જ્ઞાન મેળવવાનું, મેળવેલાને પચાવવાનું તથા મૈત્રીભાવ અને પ્રમોદભાવને વિકસાવવાનું મૌલિક કારણ ઇન્દ્રિયદમન જ છે.

શરીરરૂપી રથની સાથે ઘોડાઓની ઉપમાને ધારણ કરતી પાંચે ઇન્દ્રિયો લાગેલી છે. તેમના મોઢામાં જો તમે સમ્યગ્જ્ઞાનની લગામ ન નાખી શકયા તો તે ઇન્દ્રિયો ગમે ત્યારે પણ તોફાન કરીને તમને, તમારી બુદ્ધિને, જ્ઞાનને, મનને અને શરીરને પણ ઉંધે રસ્તે લઈ જશે તેની ખબર તમને પડશે કે કેમ ? તે પરમાત્મા જાણે.

અત્યારે તમે સંજ્વલન કષાયોના માલિક હશો તો પણ ઇન્દ્રિયાધીન રહ્યાં તો ગમે ત્યારે પણ તે સંજ્વલન કષાયો અનંતાનુબંધીમાં પરિવર્તિત થશે તેની ખબર પણ રહેશે નહીં. માટે મહાન પુણ્યોદયે અને આત્માની અદમ્ય પુરૂષાર્થશક્તિ-વડે જ્યારે અનંતાનુબંધી અપ્રત્યાખ્યાની અને પ્રત્યાખ્યાની કષાયોને દબાવી દીધા છે અને સંજ્વલન કષાયો શેષ રહ્યાં છે તો શેષ રહેલા કષાયોને પણ પાતળા કરવા માટે ઇન્દ્રિયદમન સિવાય બીજો એકેય મંત્ર, તંત્ર કામે આવી શકશે નહીં. આવી સ્થિતિમાં તે સાધક ભાગ્યશાળી છે જેમને ઇન્દ્રિયોના દમનને જ સંયમશુદ્ધિનું કારણ માન્યું હશે.

( ૯ ) **અમાયાવી** :-કષાયોમાં પણ 'માયા કષાય'ને નાગણની ઉપમા દેવામાં આવી છે. ક્રોધ-લોભ અને ગર્વ નર હોવાથી કદાચ સુસાધ્ય બને પણ વકરેલી, ભડકેલી, ભડકાવેલી માયાને વશ કરવી તે ભલભલા યોગિઓ અને તપસ્વિઓને માટે પણ કઠિન છે, તેમાં પણ મૃષાવાદનું મિશ્રણ કરી દેવામાં આવે તો માયા મૃષાવાદ ભયંકરમાં ભયંકર પાપસ્થાનક બનશે જેને વશ કરવામાં કાચી માટીનો બનેલો માનવ નિષ્ફળ નિવડ્યો છે.

મોક્ષમાર્ગ મેળવવાને માટેનું આદિ કારણ "અમાયા-વિત્વં" હોવાથી સૌ કોઈ તેની આરાધના કરે તે 'શ્રેયસ' છે. બાકી બધું પ્રેયસ છે જેની આરાધના અનંત ભવોમાં કરી છે. પરંતુ શ્રેયસની આરાધનામાં આ જીવ અત્યાર સુધી કાયર જ રહ્યો છે માટે જીવનને અમાયાવી બનાવવું હિતાવહ છે અને આવો સાધક જ ખરો આલોચક બનીને સેવાયેલાં પાપોનું પ્રાયશ્ચિત કરે છે, વર્તમાનકાળને સંવરે છે અને ભવિષ્યને માટે જાગૃત રહે છે.

**(૧૦) અપશ્ચાદનુતાપી** :-એટલે ગુરુમહારાજે ગમે તેટલો પ્રાયશ્ચિત કે દંડ આપ્યો હોય તેમાં રતિમાત્ર પણ પશ્ચાતાપ ન કરે તે જ ખરો સાધક છે.

## આલોચના આપનાર ગુરુ કેવા હોવા જોઈએ ?

આલોચના (પ્રાયશ્ચિત) લેનાર શિષ્ય કેવો હોવો જોઇએ ? તે વાત કહ્યાં પછી સૂત્રકાર સુધર્માસ્વામીજી પોતે જ આલોચના આપનાર ગુરુ કેવા હોવા જોઇએ ? તેનું વિવેચન કરતાં કહે છે કે બધાય શિષ્યો, શિષ્યાઓ, શ્રાવકો અને શ્રાવિકાઓને આલોચના આપનાર ગુરુમાં આઠ ગુણ હોવા સર્વથા અનિવાર્ય છે, તે આ પ્રમાણે :-

**(૧) આચારવાન્** :-પ્રાયશ્ચિત આપનાર ગુરુ પોતે પાંચ આચારોને બરાબર પાળનારા હોવા જોઇએ કેમકે ગુરુ શબ્દમાં રહેલો 'ગુ'નો અર્થ અંધકાર થાય છે અને 'રુ' શબ્દનો અર્થ અંધકારમાંથી બહાર કાઢનાર થાય છે. गु शब्दस्त्वंधकारः स्यात्, रु शब्दस्तन्निवारकः अक्षरद्वय संयोगेन गुरुरभिधीयते.

એટલે કે શિષ્યને અંધકારમાંથી બહાર લાવે તે ગુરુ છે. શિષ્ય ગમે તેવો હોય તો પણ ગુરુને માટે તે પુત્ર તુલ્ય છે, તે ભૂલોને પાત્ર છે, છદ્મસ્થ છે, દોષમય છે, કર્મોથી ભારી છે, માટે તેવા શિષ્યોને આત્મકલ્યાણાભિમુખી કરવા તે ગુરુદેવોની પરમ ફરજ છે.

બગડેલા શાક કે દાળને સુધારવા માટે અથવા તેને વધારે સ્વાદિષ્ટ બનાવવાને માટે કેરી-લીંબુ કે મરીનો આચાર(અથાણુ)જ કામ આવે છે, તે પ્રમાણે અનાદિકાળથી બગડેલા આત્માને

સુધારવાને માટે પાંચ પ્રકારના આચારની યોજના કરી છે. જેના સેવનથી આત્મા સુંદર, પવિત્ર અને સ્વચ્છ બને છે.

(૧) જ્ઞાનાચાર:–સમ્યગ્જ્ઞાનમય જીવન બનાવવું.

(૨) દર્શનાચાર:–શુદ્ધ શ્રદ્ધામય અવસ્થા પ્રાપ્ત કરવી.

(૩) ચારિત્રાચાર:–આચાર–વિચાર અને ઉચ્ચાર પવિત્ર બનાવવા.

(૪) તપાચાર:–શુદ્ધ તપશ્ચર્યામય જીવન રાખવું.

(૫) વીર્યાચાર:–શુદ્ધાનુષ્ઠાનોમાં પણ સ્ફૂર્તિ રાખવી.

(૧) ઉપર પ્રમાણેના આચારવંત ગુરુઓ જ પોતાના શિષ્યોને પણ આચારોમાં સ્થિર કરનારા થાય છે.

(૨) **આધારવાન્**:–આલોચના ગ્રાહક શિષ્યની બધી વાતો સાંભળે અને તેનું અવધારણ કરી યોગ્ય પ્રાયશ્ચિતનો નિર્ણય કરે.

(૩) **વ્યવહારવંત**:–આગમશ્રુત આદિ પાંચ પ્રકારના વ્યવહારનો જાણકાર ગુરુ કયા અપરાધનું પ્રાયશ્ચિત કેવું અને કેટલુ આપવું ? તે દ્રવ્ય–ક્ષેત્ર–કાળ અને ભાવ પ્રમાણે નિર્ણય કરે કેમકે એક સમાન અપરાધ કરનારને બધા સમયે એક સરખું પ્રાયશ્ચિત દેવાનું ન હોય.

(૪) **અપવ્રીડક**:–આલોચક કદાચ લજ્જાનો માર્યો પોતાના અપરાધો કહેતા શરમાય તો તેને મીઠા વચનોથી સમજાવી બુઝાવીને તેની શરમ તોડાવે અને પ્રાયશ્ચિત આપે.

(૫) **પ્રકુર્વક**:–શિષ્યોને અપરાધોનું પ્રાયશ્ચિત આપીને તેમનું ચારિત્ર શુદ્ધ કરાવવામાં સમર્થ હોય.

(૬) અપરિસ્રાવી :-પોતાના શિષ્યોના કે એક શિષ્યના અપરાધોને ગુપ્ત રાખવાની તાકાતવાળો હોય, અર્થાત્ એક બીજાના અતિચારો, ભૂલો-અપરાધોને બીજા સામે પ્રકટ કરનાર ન હોય, કેમકે પેટના ગંભીર હોય, સાગર જેવા ગંભીર હોય તે ગુરુ કહેવાય છે.

(૭) નિર્યાપક :-પ્રાયશ્ચિત લેવામાં અને પૂર્ણ કરવામાં અશક્ત શિષ્યને તેની શક્તિ પ્રમાણે જ પ્રાયશ્ચિત આપે.

(૮) અપાયદર્શી :-શિષ્યોને પરમ હિતબુદ્ધિથી સંયમના દૂષણો બતાવવા, નરકાદિનો ભય બતાવવો, જેથી તેઓ પ્રાયશ્ચિત લેવા તૈયાર થાય.

ઉપર પ્રમાણે પ્રાયશ્ચિત આપનાર ગુરુના આઠ ગુણો બતાવ્યા છે.

## સાધુ સમાચારી કેટલા પ્રકારે કહી છે ?

હે પ્રભો ! સમાચારીના કેટલા ભેદો છે ?

જવાબમાં ભગવંતે દસ ભેદ કહ્યાં છે તે આ પ્રમાણે:-

(૧) ઇચ્છાકાર સમાચારી :-પોતાનું કાર્ય હોય કે બીજા મુનિનું કાર્ય અને તે પોતાને કરવાનું હોય ત્યારે ભાષા પ્રયોગમાં 'ઇચ્છાકાર' શબ્દનો પ્રયોગ કરવો, જેનો સરળાર્થ, બળાત્કાર, બળજબરી કે દબાણ નથી પણ નમ્રતાનો ભાવ છે, જેમકે કૃપા કરી આપશ્રી મારૂં આટલું કાર્ય કરી આપો. અથવા આપશ્રીનું આ પડિલેહનાદિ કાર્ય કરવાની મને આજ્ઞા આપો. આ પ્રમાણે વૈયાવચ્ચની ભાવના રાખી નમ્રતાપૂર્વક ભાષા પ્રયોગ કરવો તે ઇચ્છાકાર કહેવાય છે. જૈન શાસનની પ્રતિક્રમણાદિક પાપ-મોચક અને દેવવંદનાદિક પ્રસાદપ્રાપક ક્રિયાઓનો પ્રારંભ

ઇચ્છાકારથી કરવામાં આવે છે. સાધકને જ્યારે પાપભીરૂતાની પ્રાપ્તિ થાય છે ત્યારે તે સાધક પોતાના કરેલા, કરાવેલા કે અનુમોદેલા પાપોના વિમોચન માટે કોઈની પણ બળજબરી વિના પોતે જ તૈયાર થાય છે અને ગુરુને કહે છે કે હે પ્રભો! હું આપશ્રીને વંદન કરવા ઇચ્છુ છું, હું પ્રતિક્રમણ કરવાની ઇચ્છાવાળો છુ. આપશ્રી મને આજ્ઞા આપો (સંદિસહ) અને હું મારા પાપોનું પ્રતિક્રમણ કરૂં અને ભવભવાંતરમાં પણ મને જૈન શાસનની પ્રાપ્તિ થાય, મારૂં સમ્યક્ત્વ શુદ્ધ બને, તે માટે અરિહંત પરમાત્માઓને હું વન્દન કરવા ઇચ્છું છું; માટે આપશ્રી આજ્ઞા આપો અને હું દેવવન્દનાદિક પવિત્ર અનુષ્ઠાનો કરનારો બનું. સંસારના પ્રત્યેક માનવને સ્વનું કે પરનું કાર્ય ચોક્કસ કરવાનું જ હોય છે. પછી ચાહે ફરજીયાત કરો કે મરજીયાત કરો. આપણે અનુભવીએ છીએ કે ફરજીયાત કાર્યો કરવામાં પણ કોઈકવાર દ્રવ્ય, ઈજ્જત કે માનમરતબાદિની પ્રાપ્તિ થાય છે. તો મરજીયાત કાર્યો કરવામાં આ ભવનો અને પરભવનો પણ લાભ કેમ ન થાય? પોતાના પુત્રાદિના ભરણપોષણ માટે જ્યારે માનવ મરજીયાત પરસેવો ઉતારે છે તો કરાયેલા પાપોનું નિકંદન કાઢવા માટે શા માટે પરસેવો ન ઉતારવો? સારાંશ કે ધાર્મિક કાર્યોને પણ મરજીયાત કરવા જેથી તે અનુષ્ઠાનો આપણને ફાયદાકારક બનશે, આત્માની શુદ્ધિ થશે. ગુરુઓનો આશીર્વાદ મળશે અને પરમાત્મા શ્રી અરિહંતદેવની, તથા તેમના શાસનની ભવોભવમાં પ્રાપ્તિ થશે, જે ઉત્તમમાં ઉત્તમ લાભ છે. અન્યથા તે અનુષ્ઠાનો ફરજીયાત કરવા ગયા તો પ્રતિક્રમણમાં ઉંઘ આવશે, માળા હાથમાંથી પડી જશે, ભણવામાં બગાસા આવશે, સ્વાધ્યાયનો પ્રેમ મટી જશે અને પરિણામે ગુરુઓના આશીર્વાદથી હજારો માઇલ દૂર રહેવાનું ભાગ્યમાં લખાશે.

(૨) મિથ્યાકાર સમાચારી :–સ્વનું કે પરનું કાર્ય કરતાં કદાચ કંઇ ભૂલ થઇ ગઈ હોય તો હાથ જોડીને કહેવું કે.... આ મારી ભૂલ છે અથવા આમ થવામાં હું નિમિત્ત બન્યો છું, માટે મને માફ કરો. આ પ્રમાણે મિચ્છામિ દુક્કડં દેવાની આદત રાખવી, પરંતુ ગુરુઓની કે નાના મોટા મુનિઓની સામે ઉલ્લંઠ ઉદ્ધત, ઉચ્છૃંખલ કે અસભ્ય ભાષા પૂર્વક પોતાની ભૂલને છુપાવવાને માટે અપશબ્દો બોલવા ન જોઇએ. ગુરુમહારાજ સાથે કે બીજા કોઇ સાધક સાથે વારંવાર 'મિથ્યા મે દુષ્કૃતમ્' શબ્દનો પ્રયોગ કરવો એ અત્યંત હિતાવહ માર્ગ છે. ગુરુમહારાજ પણ છદ્મસ્થ હોવાથી કોઈક સમયે ઉતાવળથી અથવા બીજા કામમાં વ્યસ્ત હોવાના કારણે ગેર-સમજુતિથી પણ કંઈક કહે તો તે સમયે શિષ્યે ઉતાવળથી કે ક્રોધથી ગુરુમહારાજને ઉતારી પાડવાનું મહાપાપ (અપ્રતિ-કરણીય પાપ) કોઇ કાળે ન કરવું પણ માફી માંગવી, જ્યારે ગુરુજી શાંત પડે ત્યારે વસ્તુની યથાર્થતા કહેવી.

( ૩ ) તથાકાર સમાચારી :–વાચના કે સ્વાધ્યાય કરાવતાં ગુરુને તથાકાર ભાષામાં કહેવું કે આપશ્રી ફરમાવો છો તે તેમજ છે તથાકાર–તથેતિ–તહત્તિનો અર્થ એક જ છે.

( ૪ ) આવશ્યકી સમાચારી :–ગમે તે કારણે ઉપાશ્રયથી બહાર જવું હોય ત્યારે આવશ્યકી ( આવસ્સહિ ) ત્રણ વાર બોલવી અને ત્યારપછી ઉપાશ્રય છોડવો.

( ૫ ) નૈષેધિકી સમાચારી:–ગોચરી આદિનું બહારનું કામ પતાવીને પાછા ઉપાશ્રયમાં આવીએ ત્યારે નૈષેધિકી (નિસ્સિહિ) ત્રણવાર બોલવી પછી ઉપાશ્રયમાં પ્રવેશ કરવો.

( ૬ ) આપૃચ્છના સમાચારી :–" આ કામ હું કરૂં "

આ પ્રમાણે કોઈપણ કામ કરતાં પહેલાં ગુરુને, આચાર્યને અથવા બંનેની હાજરી ન હોય ત્યારે બીજા વડીલ મુનિને પૂછીને કામ કરવું.

(૭) પ્રતિપૃચ્છના સમાચારી :–અમુક કાર્યને માટે ગુરુએ પહેલા મનાઈ ફરમાવી, પરંતુ અગત્યનું કામ હોય ત્યારે ફરીથી ગુરુજીને પૂછવું અને તેમની રજા મેળવ્યા પછી કાર્યનો પ્રારંભ કરવો. મતલબ કે ગુરુને પૂછયા વિના કંઈપણ ન કરવું.

(૮) છેદના સમાચારી :–ગોચરી આપણે લઈ આવ્યા હોય, તેના માટે બીજા મુનિરાજોને આમંત્રણ આપવું અને આગ્રહપૂર્વક કહેવું કે 'આપશ્રી અમને લાભ આપો.'

(૯) નિમંત્રણ સમાચારી :-ગોચરી જતા પહેલા બીજા મુનિઓને પૂછવું કે 'આપશ્રીને માટે ગોચરી લાવું ?'

(૧૦) ઉપસંપત્ સમાચારી :–પોતાના જ્ઞાન, દર્શન અને ચારિત્રની પ્રાપ્તિ માટે, વૃદ્ધિ માટે અને શુદ્ધિ માટે બીજા આચાર્ય પાસે રહેવું પડે તો રહેવું અને તેમની આજ્ઞા માનવી તે ઉપસંપત્–ઉપસંપદા સમાચારી છે.

## પ્રાયશ્ચિત કેટલા પ્રકારે કહેવાયું છે ?

જવાબમાં ભગવંતે કહ્યું કે હે ગૌતમ ! મારા શાસનમાં પ્રાયશ્ચિત દશ પ્રકારનું છે. થયેલા પાપકર્મોનો નાશ કરે, કર્મમેલથી મલિન આત્માને પવિત્ર કરે, કરાયેલા અપરાધોની શુદ્ધિ કરાવે તે પ્રાયશ્ચિત કહેવાય છે. જે આત્માને પવિત્રતમ કરાવનાર આભ્યંતર તપનો પહેલો ભેદ છે. આત્મામાં જ્યારે અનિવૃત્તિકરણ રૂપ સર્વથા અભૂતપૂર્વ શક્તિ આવે છે, ત્યારે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે અને વિજળીનું બટન દબાવતા

જેમ અંધકારના તામસ પુદ્ગલો તૈજસ-પ્રકાશ કરનારા બની જાય છે, તેવી રીતે આત્મામાં રહેલું મિથ્યાજ્ઞાન પણ આંખના પલકારે સમ્યગ્જ્ઞાનમાં પરિણત થાય છે. તે સમયે યદિ આસન્ન ભવ્યતાનો પરિપાક થઈ ગયેલો હશે તો કરેલા કે કરાવેલા પાપોથી ખિન્ન થયેલો જીવાત્મા તે પાપોની શુદ્ધિને માટે તૈયાર થશે અને જેશ જેમ ગુરુ સમક્ષ પાપોનું પ્રકાશન થતું જશે તેમ તેમ, મોરના અવાજથી જેમ નાગરાજ પણ ફણાને સંકોચીને સ્થાન છોડવા માટે તૈયાર થાય છે, તેમ પાપની વર્ગણાઓ પણ આત્મપ્રદેશથી છુટવા માંડશે; કેમકે :-પુણ્ય કર્મોનું પ્રકાશન તો અભવ્ય પુરુષને પણ સુકર છે જ્યારે પાપોનું પ્રકાશન અને આલોચન કરવું આસન્ન ભવ્યને છોડીને બીજાને માટે લગભગ સુકર બનતું નથી. સમ્યગ્દર્શનની પ્રાપ્તિ પછી ચારિત્રોન્મુખી આત્માના પલ્યોપમના પલ્યોપમ જેટલા કર્મો જ્યારે તૂટે છે ત્યારે યાવત્ સર્વ વિરતિ ( સમિતિ-ગુપ્તિ ધર્મ ) નો સ્વીકાર કરે છે, તેવી પરિસ્થિતિમાં તેનો આત્મા પાપોની આલોચના માટે તૈયાર થાય તે સુસંગત છે.

અત્યંત દુરભવી તથા પાપકર્મી આત્માને કરેલા કે કરાવેલા પાપો જ્યારે પાપરૂપે લાગતા જ નથી તો પછી તેમનું આલોચન કે પ્રાયશ્ચિત તેમના માટે સુકર શી રીતે બનશે ? પાપકર્મ(હિંસા-જૂઠ-ચૌર્ય-મૈથુન અને પરિગ્રહ)માં પૂર્ણ રૂપે મસ્ત બનેલા કેટલાય માનવોને સમ્યગ્જ્ઞાનની એકેય પ્રવૃત્તિ કે સમ્યક્ચારિત્ર સમ્પન્ન મુનિનો સહવાસ પણ ગમવો અશક્ય બને છે, કારણ કે તેઓ પાપકર્મોની માયામાં એટલા બધા ગળેડુબ થયેલા છે, જેમાંથી પાછું હટવું તેમના માટે હરહાલતમાં પણ સુકર નથી.

હવે આપણે પ્રાયશ્ચિતના ભેદો જાણીએ.

(૧) આલોચનાર્હ પ્રાયશ્ચિત :–પ્રશસ્ત પુરૂષાર્થ વડે પ્રાણાતિપાતાદિ પાપોની સર્વવિરતિ સ્વીકાર કરેલા સાધકના આત્મપ્રદેશોમાં કર્મોની ૨૪ સત્તા સ્થાને પડેલી હોવાના કારણે, ગુરુકુળવાસી સાધકને પણ કોઇક સમયે જ્ઞાનાવરણીય કર્મનો હુમલો થતાં જૂદી જૂદી રીતે ઘણા પ્રસંગોમાં ભૂલો થવાની શકયતા રહેલી છે. મોહનીય કર્મના હુમલામાં આંખના પલકારા જેટલો પણ ક્રોધ–માન–માયા અને લોભ નકારી શકાતો નથી. તેમ અંતરાયકર્મના કારણે ચલ–વિચલ અવસ્થા પણ અવશ્યં ભાવિની છે. યદ્યપિ તે સાધકનો આત્મા સમ્યગદર્શન અને જ્ઞાનનો પ્રકાશ મેળવેલો છે, માટે પોતાના લીધેલા વ્રતોમાં કંઇક અને કયાંયથી પણ લાગેલા અતિચારોને ગુરુ સમક્ષ નિવેદન કરશે અને ફરીથી તેમનું સ્પર્શન ન થાય તેવી રીતે આત્માનું સંયમન કરશે તેથી આ પ્રાયશ્ચિત કેવળ આલોચના પૂરતું જ હોવાથી આલોચનાર્હ કહેવાય છે.

(૨) પ્રતિક્રમણાર્હ પ્રાયશ્ચિત :–કેટલાક અતિચારો તેવા પણ હોય છે કે જેમનું પ્રતિક્રમણ કરવાનું સર્વથા અનિવાર્ય છે. પ્રતિક્રમણ એટલે પ્રમાદ અને કષાય વશ બનીને સ્વભાવથી પરભાવમાં ગયેલો આત્મા અતિચારોનું "મિથ્યાદુષ્કૃત" આપીને તથા ફરીથી "अणागय पच्चक्खामि" ભવિષ્યમાં ન થાય તે રીતે દઢ નિશ્ચયી બનીને પાપોનું પ્રતિક્રમણ કરશે.

પ્રતિક્રમણ અર્થાત્ સર્વથા અદ્વિતીય, વિશિષ્ટતમ અમૃતાનુષ્ઠાન છે. જેમાં યમ–નિયમ–આસન–પ્રાણાયામ–પ્રત્યાહાર–ધ્યાન–ધારણા અને સમાધિ આદિ આઠે યોગોનો એકી સાથે સમાવેશ થઈ જાય છે, કેમકે તે તે યોગોને આરાધવાવાળા ભાગ્યશાળીના જીવનમાં જે પ્રારબ્ધ કર્મો પડ્યાં છે તેમનું નિરાસન કર્યા વિના યોગની સાધના સર્વથા વાંઝણી રહેવા

પામશે. જેમકે ગમે તેવા યમો સ્વીકાર્યા પછી પણ પ્રારબ્ધ-કર્મોના કારણે અતિચારોની સંભાવના અનિવાર્ય છે. તેવી પરિસ્થિતિમાં જો અતિચારોનું પ્રતિક્રમણ ન હોય તો યમોની ફળશ્રુતિ કેટલી? નિયમોનો અર્થ કેટલો? ગમે તેટલા પૂરક કુંભક કે રેચક રૂપ પ્રાણાયામની સફળતા કઈ? ગુપ્ત અને સૂક્ષ્મ મનથી સેવાયેલા કે સ્મૃતિમાં લાવેલા પાપોનું પ્રતિક્રમણ ન હોય તો બાહ્ય પ્રકારે ઇંદ્રિયોના દમનનો અર્થ કયો? એકાદ વિષયમાં ચિતને સ્થિર ભલે કરો પરન્તુ જ્યારે ગુપ્ત મન વાંદરાની જેમ કૂદકા મારશે ત્યારે તમારી ધારણા પુત્રવતી રહેશે? કે વાંઝણી? આંખોને બંધ કરીને બેઠા પછી પણ તમારૂં સૂક્ષ્મ મન ભોગવેલા ભોગોની સ્મૃતિમાં સરકી ગયું તો બિચારૂં ધ્યાન તમને યોગી શી રીતે બનાવશે? અને ધ્યેયનો કંઇક પ્રકાશ મેળવ્યા પછી પણ તમારૂં મન બીજા વિષયોના અંધકારમાં ફસાઇ ગયું તો તમારી સમાધિ પણ તમને માયામૃષાવાદી ન બનાવે તેની શું ખાતરી? આ કારણે જ કેવળજ્ઞાનના માલિકોએ પ્રતિક્રમણની યોજના સાર્થક કરી છે. આવો પવિત્રયોગ જેને મળી ગયો હોય તેને કુંડલીનીની જાગૃતિ કરવાની માથાકૂટ શા માટે કરવાની? પાપોનું પ્રતિક્રમણ ન હોય તો કદાચિત્ જાગૃત થયેલી કુંડલિની તમને અવળે રસ્તે ન લઈ જાય તેની ખાતરી કોણ આપશે? માટે પ્રતિક્રમણને છોડી બીજો કોઈ સાર્થક યોગ નથી. સારાંશ કે પ્રતિક્રમણ જ યોગ છે, ધ્યાન છે, સમાધિ છે, પ્રત્યાહાર છે, યમ તથા નિયમ છે. છેવટે આત્માને પરમાત્મા, જીવને શિવ તથા નરને નારાયણ બનાવનાર પ્રતિક્રમણ જ છે. જે કાંટા-કાંકરા-રેતી કે મોટા પત્થર વિનાનો સીધો અને સરળ માર્ગ છે. કેટલાક અતિચારોનું નિરાસન પ્રતિક્રમણથી થાય છે.

નોંધ :-ચોરી કે બદમાશી પકડાઈ જવાના કારણે જેલ (કારાવાસ)માં રહેલો માણસ બંધનમાં કહેવાશે અને જ્યારે તેની મુદત પૂર્ણ થશે કે જમાદારોને ખુશ કરશે તો કદાચ સમય પહેલા પણ મુક્ત થઈ શકશે. તે પ્રમાણે અનાદિકાળથી જીવાત્મા કર્મોની બેડીમાં જકડાયેલો હોવાથી કારાવાસ કરતાં પણ ભયંકર સંસારમાં પરિભ્રમણ કરી રહ્યો છે. કેટલીક વાર અગણિત નવા કર્મોને બાંધે છે અને થોડા કર્મોને નિર્જરે છે. જ્યારે બીજા સમયે વધારે કર્મોને નિર્જરે છે અને થોડા જ કર્મોને બાંધે છે. પરંતુ તે નિર્જરા સર્વથા કરી શકતો નથી અને જ્યાં સુધી કર્મ બેડી તૂટે નહીં ત્યાં સુધી મોક્ષ, મુક્તિ, કૈવલ્યધામ, આદિ અનંત સુખોના ધામને તે મેળવી શકતો નથી. તે કારણે સંસારના દુઃખો, રોગો, શોક, સંતાપ આદિથી પરેશાન થયેલો જીવ મોક્ષ મેળવવાની ઝંખના કરે તે સ્વાભાવિક છે, પરંતુ તેના માર્ગની ખબર ન હોય તો ઈષ્ટ સ્થાન મળે કેવી રીતે ?

તળાવમાં પાણી ગંદુ થઈ ગયું હોય અને તેને ખાલી કરવું કે કરાવવું હોય તો બે સિવાય ત્રીજો માર્ગ નથી જ. એક તો જે નાળામાંથી નવું પાણી આવતું હોય તેને બંધ કરાવો અને જૂના ગંદા પાણીને તળાવની બહાર કાઢી નાખવા માટે મશીનનો ઉપયોગ કરાવો, જેથી ઈષ્ટ સિદ્ધિ થતાં વાર લાગતી નથી. મશીન ગમે તેવું કિંમતી હોય પણ નવા પાણીને રોકવામાં ન આવે તો મશીન શું કરવાનું ? તેવી રીતે આત્માનું કલ્યાણ કરવાનું જ હોય તો સૌથી પહેલા નવા પાપોને સમજવા અને ત્યાગવાને માટે જ પ્રયત્ન કરવો સર્વથા અનિવાર્ય છે, ત્યાર પછી દ્રવ્ય અને ભાવ પ્રતિક્રમણથી જૂના પાપોને એક પછી એક દૂર કરતા જાઓ તો મોક્ષનો માર્ગ ટૂંકો થતાં

આજે કાલે કે પરમ દહાડે પણ તેની પ્રાપ્તિમાં ૩૩ કરોડ દેવો પણ વિઘ્ન કરી શકવા માટે સમર્થ બનવાના નથી.

( ૩ ) તદુભયાર્હ પ્રાયશ્ચિત :—જીવનના ગુપ્ત ભાગમાં કેટલાક અતિચારો–પાપો–પાપ ભાવનાઓ સત્તા સ્થાન જમાવીને બેઠેલા હોય છે; જેને નાબૂદ કરવા કે કરાવવાને માટે એકલા પ્રતિક્રમણથી કે આલોચનાથી પણ ચાલવાનું નથી, પરંતુ તે બન્નેની આવશ્યકતા રહેલી છે એટલે કે સૌથી પહેલા પાપોની આલોચના ગુરુ પાસે કરે, પોતાની ભૂલોનો મન–વચન અને કાયાથી ગુરુ પાસે એકરાર કરે અને પ્રતિક્રમણ કરતી વખતે જે સ્થાને તે પાપોનું ‘ મિથ્યાદુષ્કૃતમ્ ’ આપવાનું હોય ત્યાં આપીને પાપોથી હળવો થાય તે શ્રેષ્ઠમાર્ગ છે.

( ૪ ) વિવેકાર્હ પ્રાયશ્ચિત :–વિવેક એટલે ત્યાગ કરવો. ગોચરી પાણીએ જતાં ભૂલથી પણ કદાચ આધાકર્માદિ આહાર આવી ગયો હોય તો તેનો ત્યાગ કરવાથી આત્માનો સંયમ સચવાશે અને પાપ પ્રવૃત્તિનો અવરોધ થશે તથા મેળવેલા આહારપાણીનો ત્યાગ કરવાથી આહારાદિ સંજ્ઞાઓ મર્યાદામાં આવતાં ત્યાગધર્મમાં પણ ઉત્કૃષ્ટતા આવશે જે સ્વીકરણીય પ્રાયશ્ચિત છે.

( ૫ ) વ્યુત્સર્ગાર્હ પ્રાયશ્ચિત : ઉપરના પ્રાયશ્ચિતમાં તો કેવળ મેળવેલા પૌદ્ગલિક આહારનો જ ત્યાગ હતો જે સુકર છે; જ્યારે આમાં કાયા તથા મનની ચંચળતાનો ત્યાગ કરવાનો છે, જે જરા કષ્ટસાધ્ય છે. જેમકે અન્નત્થં સૂત્ર દ્વારા સાધકે પ્રતિજ્ઞા તો કરી, ‘ जाव अरिहंताणं भगवंताणं नमुक्कारेणं न पारेमि तावकायं ठाणेणं मोणेणं झाणेणं अप्पाणं वोसिरामि.

અર્થાત્ કાયોત્સર્ગ દ્વારા પાપોની આલોચના કે પરમાત્માનું

ધ્યાન શુદ્ધ થાય તે માટે લીધેલી પ્રતિજ્ઞા પ્રમાણે જ્યાં સુધી 'नमो अरिहताणं' શબ્દને બોલું નહિ ત્યાં સુધી કાય એટલે મારા શરીરને 'ठाणेणं' જ્યાં ઊભો છું કે બેઠો છું તે સ્થાન વડે 'मोणेणं' ઇન્દ્રિયોને તથા મનને મૌન કરવા વડે તથા 'झाणेणं' શુભ ધ્યાન વડે અથવા પાપોની આલોચના સિવાય બીજી કોઈપણ વાતને ધ્યાનમાં નહીં લાવવા વડે 'अप्पाणं' આત્માને તથા તેના વડે પ્રતિષ્ઠિત શરીરને, તેની માયાને વોસિરાવું છું. આ પ્રમાણેની પ્રતિજ્ઞા સારી રીતે ત્યારે જ પાળી શકાશે. જ્યારે કાયોત્સર્ગને માટે સ્થિર રહ્યા પછી 'लोगस्स' સૂત્ર વડે ચોવીસ તીર્થંકરોનું તથા નવકાર વડે પંચ પરમેષ્ઠિનું ધ્યાન ખૂબ જ ઉપયોગપૂર્વક કરવાનું રહેશે; ત્યારે જ આત્માના દોષોનું પરિમાર્જન થતાં આપણો આત્મા શુદ્ધિના માર્ગે પ્રસ્થાન માટે કટિબદ્ધ થશે. પરંતુ ધ્યાનથી યદિ ચલાયમાન થયા એટલે કે કાયોત્સર્ગ લીધા પછી આંખોના ડોળા ચારે બાજુ ફેરવતા ગયા તથા 'કર ઉપર તો માળા ફીરે, જીવ ફરે વનમાંહી, ચિતડું તો ચિઉદિસિએ ડોળે તિણે ભજને સિદ્ધિ નાંહી....'ની ઉક્તિ ચરિતાર્થ થયા વિના રહેવાની નથી, માટે ધ્યેયપટ્ટોના ધ્યાનમાં ઉપયોગ રાખવો તે આ પ્રાયશ્ચિતને આભારી છે.

( ૬ ) તપશ્ચર્યાર્હ પ્રાયશ્ચિત :–સંખ્યાત ભવોના કરેલા કર્મો આત્માના એક એક પ્રદેશ પર દૂધ અને સાકરની જેમ ઓતપ્રોત થયેલા છે. જેઓ એટલા બધા લાંબા કાળ સુધી આત્માની સાથે રહેનારા છે અને જીવોના કેટલાય ભવો પૂર્ણ થયે તે કર્મોનો ઉદય થયા વિના રહેતો નથી. વચ્ચે પલ્યોપમના પલ્યોપમ કે સાગરોપમના સાગરોપમ પૂરા થઇ જાય તો પણ તે કર્મો જીવને છોડતા નથી. ઇન્દ્રિયોને, કષાયોને વશ બનીને

રાગદ્વેષપૂર્વક જેની સાથે વૈર વધાર્યું હોય, મારકુટ કરી હોય, કોઈને કલંક કે આળ આપ્યું હોય, કોઇના બાળ બચ્ચાઓને ભૂખ્યા મારીને તેમના શ્રાપ માથા પર લીધા હોય, સ્વાર્થવશ કોઈના ઘર ભાંગ્યા હોય, પતિ-પત્નીને, સાસુ-વહુને, બાપ-બેટાને, આડોશી-પાડોશીને તથા છેવટે ગુરુ-શિષ્યોને પણ લડાવ્યા હોય કે વિયોગ કરાવ્યો હોય, મૈથુનાસક્ત બનીને કુંવારી-વિધવા કે આપણા પ્રત્યે ધર્મસ્નેહ રાખનારી સ્ત્રીઓને ફોસલાવીને તેમના શિયળ લૂંટ્યા હોય કે ઘરવાળીને રોવડાવીને પરસ્ત્રીગામી બન્યા હોય, અથવા વ્યાજવટાના લોભમાં બિચારા ગરીબોના ખેતર-મકાન પડાવી લીધા હોય ઇત્યાદિ પાપોની સેવના નિકાચિતરૂપે કરનારને આજના બાંધેલા કર્મો ૭૦ કોડાકોડિ સાગરોપમ સુધીના ગમે તે કાળમાં કે ગમે તે ભવમાં ઉદય આવશે. મહાવીરસ્વામીને કાનમાં ખીલા ઠોકાવ્યાનું કર્મ ૮૦ સાગરોપમ ઉપર કેટલાય વર્ષો વીત્યા પછી ઉદયમાં આવ્યું છે. અગ્નિશર્માની વૈર બેડીમાં ફસાયેલા ગુણસેન રાજાને કેટલાય સાગરોપમ વીતી ગયા પછી તેની જાળમાંથી મુક્ત થયા છે, અને મુક્ત થયા પછી જ કેવળજ્ઞાનના માલીક બન્યા છે નંદન મુનિના ભવમાં કેટલાય (૧૧,૮૦,૬૪૫) માસખમણો કર્યા પછી અને સત્યાવીશમા ભવમાં મહાવીરસ્વામીરૂપે સાડા બાર વર્ષની ઘોરાતિઘોર તપશ્ચર્યા કર્યા પછી જ્યારે ગોવાળીયાએ કાનમાં ખીલા ઠોકયા ત્યારે તેના વૈરની બેડીમાંથી છુટેલા મહાવીરસ્વામી કેવળજ્ઞાન મેળવવા માટે હકદાર બન્યા છે. કમઠની વૈર બેડીમાંથી પાર્શ્વનાથ ભગવાન કેટલાય સાગરોપમ પછી છુટવા પામ્યા છે? સારાંશ કે રાગદ્વેષમાં મસ્ત બનીને બાંધેલા વૈરઝેર તમને કેટલીય તીર્થંકર પરમાત્માઓની ચૌવીશીઓ પૂરી થયા વિના કેવળજ્ઞાનના માલીક બનવા દે તેમ નથી.

અત્યંત બલિષ્ઠ આ કર્મસત્તાનો હાડવૈરી શત્રુ કોઇ હોય તો તે તપશ્ચર્યા ધર્મ છે. અન્યથા ગમે તેટલા મંત્રો, જંત્રો, અનુષ્ઠાનો, દોરાધાગાઓ, એકાક્ષી નાળિયેરો, જમણા શંખો ઉપરાંત કામધેનુ કે ચિંતામણી રત્નો પણ તમને કર્મોની જાળમાંથી મુક્ત કરાવવા માટે સમર્થ બનવાના નથી. ખૂબ યાદ રાખજો કે પૈસાથી કદાચ પુણ્યના પોટલા બાંધીને બીજા ભવોમા દેવલોકના સુખો જ મેળવી શકશો પરન્તુ કરેલા, કરાયેલા પાપોને નિર્મૂળ કરવા માટે પૈસો કામે ન આવે પણ તપશ્ચર્યા જ કામે આવશે. કેટલાય અપરાધોના પ્રાયશ્ચિત તપશ્ચર્યાની અપેક્ષા રાખે છે. આ કારણે બાહ્યતપ તથા આભ્યંતર તપ કરનારો સાધક મનાયો છે. તેથી તેવા આહાર પાણી તથા ભાષા વ્યવહાર પણ સાધકે ન કરવા જોઇએ જેથી કર્મોની ઉદીરણા થવાનો પ્રસંગ આવે. યદ્યપિ આહાર લેવો અનિવાર્ય હોવા છતાં પણ 'નિર્વિકૃતિક' અર્થાત્ જેના સેવનથી ઇન્દ્રિયો અને મન સશક્ત બનવા પામે તેવો 'છ વિગઇ'વાળો આહાર વારંવાર કે વધારેવાર ન લેવો જોઇએ. ઘી, દૂધ, મલાઈ દહિં, ગોળ, સાકરથી મિશ્રિત ખોરાક, તળેલો ગરિષ્ઠ આહાર, મરચા, ખટાઈ અને જીભ ઇન્દ્રિય સંતુષ્ટ બને તેવો આહાર લેવો કે તેનો ભાવ રાખવો તે જાણી બુઝીને સૂતેલા અજગર જેવા કર્મોને પુનઃ ભડકાવવા જેવું થશે, અને ભડકાવી દીધેલી ઇન્દ્રિયો તથા મનને પુનઃ સંયમિત કરવામાં એકડાથી ઘુંટાવા જેવી પરિસ્થિતિ સર્જાતાં વાર લાગવાની નથી, માટે વધારે પડતો, નિર્વિકૃતિક એટલે વિગઈ વગરના આહારને પણ પ્રાયશ્ચિત કહ્યો છે જે ઉપેક્ષણીય નથી.

( ૭ ) છેદ પ્રાયશ્ચિત :–ચારિત્ર મોહનીય યાવત્ પુરુષને પુરુષવેદ તથા સ્રીને સ્રીવેદના જોરદાર હુમલાના સમયે સાધકની

જ્ઞાન સાધનાની વ્યૂહરચના કમજોર હોય અને ચારિત્રમાં શૈથિલ્ય કે તેના મૂળવ્રતમાં કંઈક ખામી આવી ગઈ હોય ત્યારે તેના દીક્ષાના અમુક પર્યાયોનો છેદ કરવાથી તે સાધક પાછો આરાધનાની સન્મુખ થઇ જાય છે. કેમકે પ્રત્યેક તંત્રને શક્તિશાળી રાખવાને માટે દંડનીતિ જ સબળ સાધન છે, માટે મોક્ષાભિલાષી સાધક ગુરુથી દેવાયેલા દંડને પણ સારા માટે ગણશે અને ફરીથી તેવી ભૂલો ન થાય તે માટે " अब्भुट्ठिओमि आराहणाए " એમ કહીને મન મારીને આરાધના તરફ આગળ વધતો સાધક કલ્યાણ પામશે.

(૮) મૂળાર્હ પ્રાયશ્ચિત :-ઉપરના પ્રાયશ્ચિત કરતાં આમાં વિશેષતા આટલી જ છે કે સાધકના પહેલાના મહાવ્રતોના પર્યાયોનો સમૂળ છેદ કરીને ફરીથી મહાવ્રતારોપણ કરાય છે.

(૯) અનવસ્થાપ્યાર્હ પ્રાયશ્ચિત :–વિશિષ્ટ પ્રકારનું અમુક તપ જ્યાં સુધી કરવામાં ન આવે ત્યાં સુધી મહાવ્રતોમાં કે મુનિવેષમાં તેમને ફરીથી સ્થાપી શકાતા નથી માટે અનવસ્થાને યોગ્ય હોવાથી અનવસ્થાપ્યાર્હ પ્રાયશ્ચિત કહેવાય છે.

(૧૦) પારાંચિતક પ્રાયશ્ચિત :-રાજાની રાણી, મહારાણી કે શિયળવતી સાધ્વીનું શિયળભંગ કરાઈ ગયો હોય ત્યારે સ્વગણનો ત્યાગ કરી જિનકલ્પીની જેમ મહાતપ કરવું તે આ પ્રાયશ્ચિત છે. જે મહાસત્વશાલી આચાર્યને છ મહિનાથી બાર વર્ષ પર્યંત કરવાનું હોય છે.

ઉપર પ્રમાણેના દશે પ્રાયશ્ચિતોમાંથી ઉપાધ્યાયને પ્રારંભથી નવ સંખ્યા સુધીના જ પ્રાયશ્ચિતો કહેવાયા છે જ્યારે મુનિને મૂળાર્હ સુધી જ જાણવા.

## તપના મૂળ તથા અવાંતર ભેદો કેટલા ?

હે પ્રભો ! આપશ્રીના શાસનમાં તપ કેટલા પ્રકારે કહેવાયું છે ? અને તેના ભેદો–અવાંતર ભેદો કેટલા છે ?

જવાબમાં દેવાધિદેવ ભગવંતે જે કહ્યું તે મૂળ સૂત્રાનુસારે જ આ પ્રમાણે જાણવું. બાહ્ય અને આભ્યંતર રૂપે તપના બે ભેદ છે, જે શરીરને તપાવે તે બાહ્યતપ અને આત્માને, કાર્મણ શરીરને, મનને, ઇન્દ્રિયોને અને બુદ્ધિ આદિને તપાવે તે આભ્યંતર તપ છે, જે સમ્યગ્દૃષ્ટિ સંપન્ન જ આરાધી શકે છે, તે બંનેના છ છ ભેદો નીચે પ્રમાણે છે :–

| બાહ્ય તપ | આભ્યંતર તપ |
|---|---|
| (૧) અનશન | પ્રાયશ્ચિત |
| (૨) ઉણોદરી | વિનય |
| (૩) ભિક્ષા ચર્યા | વૈયાવચ્ચ |
| (૪) રસત્યાગ | સ્વાધ્યાય |
| (૫) કાયક્લેશ | ધ્યાન |
| (૬) પ્રતિસંલીનતા | વ્યુત્સર્ગ |

હવે તેનો વિસ્તાર અને ભેદાનુભેદ નીચે પ્રમાણે જાણવા.

( ૧ ) અનશન :–ઇત્વર અને યાવત્કથિક રૂપે અનશનના બે ભેદ છે.

અમુક સમય પૂરતા ચતુર્થ, છઠ્ઠ, અઠ્ઠમ, દશમ, દ્વાદશ, ચતુર્દશ, અર્ધમાસિક, માસિક, બે માસિક, ત્રણ માસિક, યાવત્ છ મહિના સુધી તપ કરવું તે ઈત્વર અનશન છે. જેમાં ચાર ટાઇમનો આહાર છોડી દેવામાં આવે તે ચતુર્થ ભક્ત છે અને છ ટાઇમનું ભોજન છોડાય તે છઠ્ઠ છે. આ પ્રમાણે આગળ માટે પણ જાણવું.

જીવન પર્યંત આહાર છોડાય તે યાવત્કથિક અનશન છે. તેના (૧) પાદપોગમ (૨) ભક્ત પ્રત્યાખ્યાન એ ભેદ છે. પાદપોગમના પણ (૧) નિર્હારિમ (૨) અનિર્હારિમ નામે બે ભેદ છે.

(૧) નિર્હારિમ પાદપોગમ અનશન એટલે ઉપાશ્રયની અંદર રહીને જે અનશન(ઉપવાસ) કરવામાં આવે અને મર્યા પછી શરીરને અગ્નિ સંસ્કાર થાય તે નિર્હારિમ કહેવાય છે.

જ્યારે વનવગડામાં કે ગુફામાં અનશન કરવામાં આવે તથા જેનો અગ્નિ સંસ્કાર ન થાય તે અનિર્હારિમ છે. આ બન્ને ભેદો સેવા આદિ પ્રતિક્રિયા વિનાના છે. એટલે કે સમ્યગ્જ્ઞાન અને દર્શનથી પૂર્ણ થઈને ઝાડની માફક જ ઊભા ઊભા જીવન-પર્યંત રહેવું તે પાદોપગમન કહેવાય છે.

ભક્ત પ્રત્યાખ્યાનના પણ ઉપર પ્રમાણે જ બે ભેદ જાણવા. વિશેષમાં આ તપ સેવા પ્રતિક્રિયામય છે.

(૨) ઉણોદરી (અવમોદરિકા) :–જે દ્રવ્ય ઉણોદરી અને ભાવ ઉણોદરી રૂપે બે ભેદે છે. દ્રવ્ય ઉણોદરીના ઉપકરણદ્રવ્ય-ઉણોદરી અને ભક્તપાનઉણોદરી નામના બે ભેદ છે. પહેલામાં કેવળ એક જ વસ્ત્ર, એક જ પાત્ર અને બીજાઓ દ્વારા ત્યક્ત વસ્ત્ર પાત્ર સારાંશ કે ધર્મોપકરણોને પણ ઓછા પ્રમાણમાં અને ઉપયોગમાં આવે તેટલા જ રાખવા. જ્યારે ભક્ત પાન ઉણોદરી તપમાં આઠ કોળિયા સુધી જ આહાર લેવો તે અલ્પાહાર ઉણોદરી, બાર કોળિયા સુધી મધ્યમ ઉણોદરી. સારાંશ કે જ્ઞાનપૂર્વક પેટને ખાલી રાખવું તે દ્રવ્ય ઉણોદરી છે. ભાવ ઉણોદરીમાં કષાયો ઓછા કરવા, થાય તો વધારે ટકવા ન દેવા, બોલવાની ભાષા મિત–હિત અને પથ્ય વિશેષણવાળી

રાખવી. ઉંચા સાદે ન બોલવું તથા ક્રોધ કે ઇર્ષ્યામાં આવીને ન બોલવું તે ભાવઉણોદરી છે.

(૩) ભિક્ષાચર્યા :–અનેક પ્રકારે છે, જેને ઓપપાતિક સૂત્રથી જાણવાની ભલામણ કરવામાં આવી છે. દ્રવ્યાભિગ્રહ જે લેપવિષયક હોય છે અને એક વાર પાત્રમાં નખાય તેને દતિ કહે છે. સંખ્યાથી પણ દતિનું ગ્રહણ કરાય છે. આ અભિગ્રહમાં અમુક ચીજો અને અમુક ક્ષેત્રનો અભિગ્રહ કરાય છે. સારાંશ કે શુદ્ધ આહાર પાણી માટે અભિગ્રહ તથા દતિની સંખ્યાનો નિયમ રાખવો. અન્યત્ર વૃત્તિ સંક્ષેપ નામે કહેવાયું છે જેનો અર્થ થાય છે ખાવાની, પીવાની, હરવા ફરવાની, ઓઢવા પહેરવાની બધીય પ્રવૃત્તિઓનું નિયમન કરવું તે વૃત્તિ સંક્ષેપ છે.

(૪) રસત્યાગ :–ઔપપાતિક સૂત્રાનુસારે વિકૃતિજનક આહાર પાણી આદિનો ત્યાગ કરવો, વધારે પડતો કે વારંવાર સ્નિગ્ધ ભોજન ન કરવું અથવા તેનો નિયમ કરવો.

(૫) કાયક્લેશ :–એટલે કે કાયાને કલેશ દેવો તે કાયક્લેશ કહેવાય છે.

અનાદિકાળથી આજ સુધીની કાયાની માયા જીવાત્માને રહેલી છે, જેનાં કારણે આપણો વિકાસ આપણે સાધી શકયા નથી. સાધવા ગયા હોઈશું તો સફળતા મેળવી શકયા નથી. આ કારણે બાહ્યતપમાં કાયક્લેશ તપનો સરળાર્થ એટલો જ છે કે શરીરને ક્લેશ દેવો. તેના તોફાનને મર્યાદામાં લેવા માટે ઔપપાતિક સૂત્રમાં બતાવેલા ઉત્કટાસન, વીરાસન, પદ્માસન, અર્ધપદ્માસન આદિ આસનમાં બેસવું, અથવા પગના પંજા ઉપર બેસવું જ્યાં બન્ને નિતંબો એડીથી અધર રહે એટલે કે પંજા અધર રાખીને એડી પર બેસવાનું રાખવું સારાંશ કે

અનાદિકાળથી શરીરના ગુલામ બનેલા આ જીવાત્માએ શરીરને જેમ સુખ ઉપજે, મુલાયમ રહે, તેના દ્વારા પૌદ્ગલિક સુખોની માયા ભોગવવામાં રસ પડે તે માટે તેવા આસનોનો ઉપયોગ કર્યો છે અને આદતો પણ એવી પાડી છે, વધારી છે કે તે છોડી શકાતી નથી, પરંતુ આત્મકલ્યાણને માટે તેનો ત્યાગ કરવો અનિવાર્ય છે, માટે શરીરને ક્લેશ પડે તેવા વીરાસનાદિમાં બેસવાનો પ્રયત્ન કરવો. ધીમે ધીમે તે પ્રમાણે બેસવાથી જુની આદતો છૂટી જશે. લિંગ(જનનેન્દ્રિય)ની નીચે અને ગુદાની ઉપર જે નાડી (નસ) રહેલી છે તે વીર્યનાડી છે જે અત્યંત મુલાયમ છે. યદિ કમર ઝૂકાવીને સુખાસને બેસવાની આદત ન છોડી શકયા અથવા તેના માટે પ્રયત્ન પણ ન કરી શકયા તો તે નાડીનો વારંવાર આસન કે જમીન સાથે સ્પર્શ થતાં ઉત્પન્ન થયેલી ઉશ્કેરણીને રોકી શકાશે નહીં, જેના અભિશાપે ભોગવેલા ભોગોની મીઠી મધુરી સ્મૃતિઓને તમે રોકી શકશો નહી અને પરિણામે ગુરુકુળવાસમાં રહીને મનને સ્વાધીન કરવાનો થોડો ઘણો પ્રયત્ન કર્યો હતો તેના પર પાણી ફરશે અને મનની ચંચળતા વધતા "લેને ગઇ પૂત ઔર ખો આઇ ખસમ" જેવી દશા થશે. માટે મુનિરાજોના સાહચર્યથી કે અરિહંતોના પૂજન પછી થયેલી સાત્વિક ભાવનાથી આત્મકલ્યાણ માટે જીવ જ્યારે તૈયાર થઈ ગયો છે તો માળા ગણવાના સમયે, ધ્યાન ધરવાના સમયે, કાર્યોત્સર્ગ સમયે કે સ્વાધ્યાય સમયે કમરને ઝૂકવા ન દેતાં પણ ઊંચી રાખીને એટલે કે મેરૂદંડ જેમાં ઉંચો રહે તે પદ્માસનમાં બેસવું જેથી વીર્યનાડીનો સંઘર્ષ આસન સાથે થશે નહિ, ફળસ્વરૂપે મનજી ભાઈને સ્થિર થયા વિના છુટકો નથી, તે સિવાય મનને વશ કરવા માટે એકેય ઉપાય કોઈની પાસે છે જ નહીં. પરમાત્મા વીતરાગદેવની મૂર્તિ જે આસનમાં બિરાજમાન છે. સાધક

ભાગ્યશાળીએ પણ તેવી રીતે બેસવાની મહેનત કરવી જેથી શરીરનું તથા મનનું ચાંચલ્ય ઘટશે, સ્થૈર્ય વધશે, ધૈર્ય તમારો મદદગાર બનશે અને કાયાની માયા (જે જીવતી ડાકણ કરતાં ભૂંડી છે) ઘટશે અને આત્મા પોતાના વિકાસ માટે આગળ ને આગળ વધશે જે આદરણીય માર્ગ છે.

(૬) પ્રતિસંલીનતા બાહ્ય તપ :–આનો અર્થ ગોપવવું, છુપાવવું થાય છે. અનાદિકાળથી આ જીવાત્માએ શાસ્ત્રોના પાનાઓ જોયા છે, ગોખ્યા છે અને તેની ચર્ચામાં કેટલાય ભવો પૂર્ણ કર્યા છે, પરંતુ આત્મકલ્યાણનો પવિત્ર માર્ગ તે એકેય શાસ્ત્રમાંથી મેળવી શક્યો નથી. આ કારણે જ અજ્ઞાન અને ભ્રાંત મૃગ પોતાની નાભીમાં કસ્તુરી છે પણ તે જોઈ શકતો નથી, મેળવી શકતો નથી અને બહાર ભાગતો ભાગતો ફરે છે. તેવી રીતે આ જીવ હજુ સુધી પોતાની જાતને સમજી શક્યો નથી. જૈન શાસન સમજુતી આપતા ફરમાવે છે કે સંસારની ભૌતિક વસ્તુઓને ગોપવવી, છુપાવવી તે ઠીક નથી પણ જેનાથી તારો આત્મા ભારી થાય, દુર્ગતિનો ભોક્તા થાય અને અનંત સંસારમાં વધારે ને વધારે ડુબતો જાય તેવા પ્રયત્નો છોડીને પ્રતિસંલીનતા નામના બાહ્ય તપનો સ્વીકાર કર તેના ચાર ભેદ નીચે પ્રમાણે છે

(૧) ઇન્દ્રિય પ્રતિસંલીનતા :–જીવાત્માને સૂક્ષ્મ શરીર અને ઇંદ્રિયોનું સાહચર્ય અનાદિકાળનું છે અને જ્યાં તે બન્ને હોય ત્યાં સ્થૂળ શરીર અને ઇન્દ્રિયોની હાજરીને રોકી શકાતી નથી. તે બંને ઉપર પોતાનું આધિપત્ય જમાવનાર દ્રવ્ય અને ભાવમનની નજરકેદમાં આપણો આત્મા ફસાયેલો છે મન પૌદ્‌ગલિક હોવાના કારણે સંસારના પૌદ્‌ગલિક પદાર્થો પ્રત્યે આત્માને આકર્ષિત કરે છે અને અહિંસા

સંયમ તથા તપોધર્મના રંગથી રંગાયા વિનાનો આત્મા અનાદિકાળથી મન, ઇન્દ્રિયો અને શરીરનો ગુલામ બનેલો હોવાથી તેમના તાબે થવામાં વાર લાગતી નથી. આવી સ્થિતિમાં સદ્બુદ્ધિ અને સદ્વિવેકના પ્રકાશમાં આત્મા જો એકવાર આવી જાય તો તેને સત્ય જ્ઞાન થશે અને પોતાના પુરુષાર્થબળનો ઉપયોગ કરીને પોતાના મનમાંથી વૈષયિક, કાષાયિક અને વૈકારિક ભાવનાઓને તિલાંજલી દેવા માટે દૃઢપ્રતિજ્ઞ થશે. પરિણામે શરીર રૂપી રથ સાથે જોડાયેલા ઇન્દ્રિયો રૂપી પાંચે ઘોડાઓના મુખમાં સમ્યગ્જ્ઞાનની લગામ નાખીને ઇન્દ્રિયોના તોફાનોને શાંત કરવા ભાગ્યશાળી બનવા પામશે. સંલીનતા તપના પહેલા ભેદનો આશય એટલો જ છે કે ઇન્દ્રિયોને બેકાબૂ થવા ન દેવી, ગંદા માર્ગે જવા ન દેવી, તેમ થતાં અનાદિકાળથી ઇન્દ્રિયોની ગુલામી છુટવા પામશે, દેવાધિદેવ અરિહંત પરમાત્માને પ્રસન્ન કરવા માટે હજારો નિમિત્તો હશે પણ તે સૌમાં ઇન્દ્રિયોની ગુલામીનો ત્યાગ મોખરે છે.

( ૨ ) **કષાય પ્રતિસંલીનતા** :–એટલે કે કષાયોને, કષાય ભાવોને છેવટે જેનાથી કષાયો ભડકે તેવી પ્રવૃત્તિઓને મર્યાદામાં લેવી તે આ તપનો આશય છે. કષાયોની ઉત્પત્તિમાં પ્રગટ કે ગુપ્ત રીતે ઇન્દ્રિયોની ગુલામી જ કામ કરતી હોય છે. પૂર્વના પુણ્ય તથા પાપના કારણે ઇન્દ્રિયોના તેવીશ વિષયોની પ્રાપ્તિમાં અભિમાન કષાય અને અપ્રાપ્તિમાં ક્રોધ કષાય તમારા ઉપર સવાર થવા માટે તૈયાર બેઠો છે, તથા જ્યાં તે બન્ને હોય ત્યાં માયા અને લોભ તમારા પુણ્યકર્મોને, સત્કર્મોને તથા ખાનદાનીધર્મને ખતમ કરવા માટે તૈયાર છે. માટે આ બાહ્ય તપના બીજા ભેદનો આશય એટલો જ છે કે

કષાયો ભડકે તેવી પ્રવૃત્તિ કરવી નહિ. કષાયોના મૂળમાં પાંચ ઇન્દ્રિયો રહેલી છે અને તેમના મૂળમાં આહાર સંજ્ઞા, મૈથુન સંજ્ઞા, પરિગ્રહ સંજ્ઞા અને ભય સંજ્ઞા કામ કરી રહી હોય છે. પરન્તુ અરિહંત પરમાત્માની આજ્ઞાના પવિત્ર પ્રકાશમાં જ્યારે સમ્યગ્જ્ઞાનની સંજ્ઞા પ્રાપ્ત થાય છે ત્યારે ઉપરની ચારે સંજ્ઞા કાબૂમા આવે છે અને તેમ થતાં ઇન્દ્રિયોને સ્વાધીન કરવી સુગમ રહેશે, ત્યારપછી કષાય વિજેતા બનવામાં કેટલી વાર?

**( ૩ ) યોગ પ્રતિસંલીનતા :**–ઇન્દ્રિયોના બધાય વ્યાપારો મન, વચન અને કાયાને અધીન છે, જે યોગના નામે ઓળખાય છે. માણસ માત્ર યોગી થવાના, શક્તિઓનો ખજાનો વધારવાના, આકાશમાં ઉડવાના કે બીજા જીવનું ભલું ભૂંડુ કરવાના મનસુબા કરે છે, તે માટે સ્મશાનની રાખ ચોળે છે, જપમાળા ફેરવે છે, તપ કરે છે અને મંત્ર જંત્રનો સહારો પણ મેળવે છે, પરંતુ મન–વચન અને કાયાના વ્યાપારોને મર્યાદામાં લીધા વિના યોગી શી રીતે થવાશે? માટે જ જૈન શાસને કહ્યું કે બેમર્યાદ બનેલા પોતાના મનને, બેકાબૂ બનેલી જીભને, તથા પાપોના માર્ગે પ્રયાણ કરી ચૂકેલા શરીરને મર્યાદામાં લીધા વિના તમારી એકેય પ્રવૃત્તિ તમને ઉર્ધ્વગામી બનાવી શકે તેમ નથી.

માનસિક જીવનમાં ગંદા ભાવો, ઇર્ષ્યાપૂર્ણ અધ્યવસાયો, સ્વાર્થ–લોભ કે મોહવશ બનીને હિંસક ભાવોની વિદ્યમાનતાને મનનો અશુભ યોગ કહેવાય છે. અને પવિત્ર તથા સરળ વિચારો, સૌ જીવો પ્રત્યેની મૈત્રીભાવના, સ્વાર્થાદિનું બલિદાન દઇને સૌનું ભલું કરવાના ભાવને મનનો શુભયોગ કહેવાયો છે. આ પ્રમાણે હિંસક ભાષા, ઇર્ષ્યાળુ વચન, સ્વાર્થી ભાવનાપૂર્વક માયામૃષાવાદનો વ્યવહાર અશુભ વચનયોગ છે અને મીઠી

હિતકારી તથા પરિમિત ભાષાનો વ્યવહાર શુભ વચનયોગ છે. શરીરની ગંદી પ્રવૃત્તિઓ, કામુકી ચેષ્ટાઓ, ઉઠવા-બેસવા, સુવા અને ચાલવામાં જીવ હિંસા આદિ વ્યાપાર શરીરના અશુભ-યોગના કારણે બને છે. જ્યારે શરીર દ્વારા પરોપકારના કાર્યો પ્રશંસનીય તથા મહાપુરૂષોને શોભે તેવા કાર્યો તથા અહિંસા ધર્મ પ્રત્યેની સાવધાનીને શુભ કાયયોગ કહ્યો છે. આમાંથી અશુભ યોગોને યોગ પ્રતિસંલીનતા નામના તપવડે અવરોધવા અને મન-વચન તથા કાયાને શુભ કાર્યો પ્રત્યે જોડવા તે આ તપનો આશય છે.

(૪) **વિવિક્ત શયનાસન પ્રતિસંલીનતા** :-જે સ્થાનમાં પશુ-પંખી તથા નપુંસકો રહેતા હોય ત્યાં આસન રાખવું નહીં, બેસવું નહીં, ઉભા રહેવું નહીં, કેમકે પશુ-પંખીઓ અવિવેકી છે અને નપુંસકો અજ્ઞાન અને મોહકર્મથી ભારી બનેલા જીવો છે. તેમની ગમે તે સમયે અશુભ પ્રવૃત્તિ હોઈ શકે છે માટે તપોધર્મની આરાધના કરનારાઓએ પોતાનું મન ચલિત થાય તેવા સ્થાને ન બેસવું તે આ તપનો આશય છે. ઉપર પ્રમાણે ચાર ભેદે પ્રતિસંલીનતા તપ કહેવાયું છે જે બાહ્ય તપ છે.

આભ્યંતર તપ :-આના નીચે પ્રમાણે છ ભેદ છે.

(૧) પ્રાયશ્ચિત :-એટલે કે પાપોનું પ્રાયશ્ચિત કરવું, જેનું વર્ણન પહેલા કરાઈ ગયું છે.

(૨) વિનય તપ :-જૈન શાસનમાં વિનય તપ સાત પ્રકારે કહેવાયું છે.

(1) જ્ઞાન વિનયઃ-એટલે મહાપુણ્યોદયે પ્રાપ્ત થયેલા મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનને વધારવા માટે પ્રયત્ન કરવો, તેનું

બહુમાન કરવું, સમ્યગ્જ્ઞાનની તથા જ્ઞાનીની પ્રશંસા, ભક્તિ, વૈયાવચ્ચ કરવા, જૈન તત્ત્વોના મર્મને જાણવા તથા ક્ષયોપશમની પ્રાપ્તિમાં આત્માનો પુરૂષાર્થ કામ કરે છે માટે મેળવેલી જ્ઞાન માત્રાને ટકાવી રાખવી જોઇએ.

(2) **દર્શન વિનય** :–અરિહંત પરમાત્મા, તેમની મૂર્તિઓ, પંચ મહાવ્રતધારી સાધુ, સાધ્વી, તપસ્વી તથા જ્ઞાનીના સહવાસથી સમ્યગ્દર્શનની ઉત્પત્તિ થાય છે નિષ્કષાય જીવન, વૈકારિક ભાવની અનુત્પતિ તથા વૈર–ઝેર તથા ઇર્ષ્યાથી પૂર્ણ માનવોના સહવાસનો ત્યાગ કરવાથી દર્શનની વૃદ્ધિ થાય છે અને નમુત્થુણં–લોગસ્સાદિ સૂત્રોને ભાવપૂર્વક વારંવાર બોલવાથી સમ્યગ્દર્શનની શુદ્ધિ થાય છે.

આત્મિક શ્રદ્ધાપૂર્વક નવું ભણવાથી, ભણેલાને ન ભૂલવાથી, ગુરુઓના વ્યાખ્યાનો સાંભળવાથી તથા નવતત્ત્વને પુષ્ટ કરે તેવા પુસ્તકોનો સ્વાધ્યાય કરવાથી સમ્યગ્જ્ઞાન વધે છે, જેથી સમ્યગ્દર્શનની વિશેષ પ્રકારે શુદ્ધિ થાય છે. તેના કારણે વૃદ્ધિ પામતાં કે પામેલા શ્રુતજ્ઞાનથી જીવ માત્રને પાપોના ત્યાગની ભાવના રૂપ સમ્યક્ચારિત્રની પ્રાપ્તિ થાય છે અને કર્મક્લેશોથી પરિપૂર્ણ સંસારનો માર્ગ ટૂંકો થાય છે તથા મુક્તિનો માર્ગ હસ્તગત થાય છે. માટે એકાગ્ર ચિત્તવાળા થઇને અરિહંતોનું દ્રવ્ય તથા ભાવપૂજન કરવું, દેવવંદનાદિ શુદ્ધાનુષ્ઠાનમાં મન–વચન તથા કાયાને જોડી દેવા જેથી પરમાત્માઓના ગુણાનુવાદ કરતાં તમે પોતે જ ગુણી બનશો, સેવ્ય અને પૂજ્ય બનશો અને 'નમો અરિહંતાણં' પદને પ્રાપ્ત કરવાની યોગ્યતાવાળા થશો.

(3) **ચારિત્ર વિનય** :–નવા પાપોને, પાપ ભાવનાઓને,

આર્તધ્યાન-રૌદ્રધ્યાનને રોકાવી દેનાર સમ્યક્ચારિત્ર છે. જે સર્વવિરતિ અને દેશવિરતિ રૂપે બે પ્રકારનું છે. મહાપુણ્યોદયે જે જબરદસ્ત પુરૂષાર્થબળે મેળવેલા ચારિત્રને શુદ્ધ કરવાના ભાવ રાખવા, કદાચ અતિચાર લાગી જાય તો પ્રતિક્રમણથી તેમને શુદ્ધ કરવાં તે ચારિત્રવિનય છે. તથા શ્રાવકનાં ૨૭ ગુણો, માર્ગાનુસારીના ૩૫ ગુણો, બાર વ્રતો કે મહાવ્રતોને સ્વીકારવા માટે તૈયાર રહેવું અને યથાશકય તેને પાળવામાં આગ્રહી થવું તે કલ્યાણમાર્ગ છે.

(4) મનોવિનય :-આત્મા ચૈતન્ય સ્વરૂપી છે અને મન પૌદ્ગલિક એટલે પુદ્ગલોનું બનેલું અને તેમાં પોષાયેલું હોવાથી કર્મોના પુદ્ગલો ૧૮ પાપસ્થાનકોના પુદ્ગલો, આર્તધ્યાન અને રૌદ્રધ્યાનના પુદ્ગલો તરફ તેનું આકર્ષણ રહે, તેમાં રાચ્યું માચ્યું રહે તે સ્વાભાવિક છે. જે કર્મકલેશોને વધારે છે અને જીવાત્માને દુઃખોના ડુંગરાઓ વચ્ચે પટકી પાડે છે. પરન્તુ સમ્ગ્દર્શનની પ્રાપ્તિ થયા પછી પૌદ્ગલિક ભાવોનું જોર કમજોર પડે છે અને સાધક મનની ગુલામીનો ત્યાગ કરી પોતાના આત્મભાવમાં સ્થિર બને છે ત્યારે જ માનસિક જીવનમાં અરિહંતોનું શાસન ઉદ્ભવે છે અને જેમ જેમ શાસન પ્રત્યે રાગ વધે છે તેમ તેમ મનના તોફાનો શાંત બને છે, માટે મનને શુદ્ધ કરવા માટે અનિત્યાદિ બાર ભાવના તથા મૈત્રી, પ્રમોદ, કારૂણ્ય અને ઉપેક્ષા રૂપી ચાર ભાવનાએનું વારંવાર ચિંતવન કરવું અને જ્યારે મન કંઈક તોફાન કરે અથવા કષાય કલેશનું વાતાવરણ થાય ત્યારે અરિહંત પરમાત્માની મૂર્તિ સામે શાંત થઈને બેસી જવું અથવા ગુરુદેવોના ચરણોમાં કલાક બે કલાક બેસવું જેથી મન સ્વસ્થ બનવા પામશે.

(5) વચનવિનય :–૮૪ લાખ જીવાયોનીમાં ૫૨ લાખ જીવાયોનિનાં જીવોને જીભ ઇન્દ્રિય હોતી જ નથી માટે તેમને ભાષાના વ્યવહારનો પ્રસંગ રહેતો નથી. કેવળ ૩૨ લાખ જીવયોનીના જીવોને જીભ ઇન્દ્રિય મળેલી હોય છે. તેમાં પણ બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચતુરિન્દ્રિય અને તિર્યંચ પંચેન્દ્રિય જીવો જે ૧૦ લાખ જીવાયોનીમાં જન્મે છે, તેમને મળેલી જીભ પણ શા કામની? ગાય, ભેંસ, હાથી, સિંહ, વાઘ આદિ જીવો ગમે તેવા તાકાતવાળા હશે પણ ભાષાનો વ્યવહાર તેમના ભાગ્યમાં છે જ નહિ. શેષ ૨૨ લાખ જીવાયોનીમાંથી ૪ લાખ દેવતા અને ચાર લાખ નારકોને મળેલી જીભનો ઉપયોગ આપણા મૃત્યુલોકના સંસાર માટે શા કામનો? ત્યારે કેવળ ૧૪ લાખ મનુષ્યોને મળેલી જીભ ઇન્દ્રિય દ્વારા સંસારને નરકના કુંડ જેવો પણ બનાવી શકાય છે અને અમૃતકુંડનું પણ સર્જન કરી શકાય છે. આ બધો નિર્ણય માનવાવતારને મેળવેલા ભાગ્યશાળીએ કરવાનો છે કેમકે આખાય સંસારમાં વૈરઝેરની આગ લગાડવાને માટે સ્પર્શેન્દ્રિય, નાકઇન્દ્રિય, આંખ ઇન્દ્રિય કે કાન ઇન્દ્રિય સર્વથા અકિંચિત્કર છે. માટે જ સંસારનું સર્જન અને નાશ કેવળ જીભ ઇન્દ્રિય ઉપર જ નિર્ભર છે. તેથી સ્પર્શ, કાન અને નાક ઇન્દ્રિય પડદા વિનાની છે. આંખ ઇન્દ્રિય ઉપર કેવળ પાંપણનો એક જ પડદો છે, જ્યારે જીભ ઇન્દ્રિયને માટે દાંતની બત્રીસી અને બે હોઠની બે જેલ (કારાવાસ) છે. કુદરત પણ કેવી ફાટાબાઝ છે જેથી જીભ ઇન્દ્રિયને જેલ વિનાની રહેવા દીધી નથી, માટે દેવદુર્લભ મનુષ્યાવતાર મેળવ્યા પછી પોતાની જીભ દ્વારા કરાતો ભાષા-વ્યવહાર જૈન શાસનના, અહિંસા ધર્મના, સંયમના, સંયમીના પ્રચારમાં કરવો, તેમના માટે સારી ભાષા વાપરવી અને થોડો

આત્મસંયમ કરીને પણ જનતાને દેવ-ગુરુ અને ધર્મના રાગી બનાવવા.

(6) કાયવિનય :-અહો રાત્રિના ૨૪ કલાકમાંથી બે કલાકનો ટાઈમ પણ ધર્મની આરાધનામાં, સંયમની સેવનામાં, બ્રહ્મચર્યના પાલનમાં અને તેના પ્રચારમાં તથા સમાજ તથા સંઘની સેવામાં પસાર કરવો તેમજ ધર્માનુષ્ઠાનો પ્રમાદ વિનાના કરવા તે કાયવિનય છે. આનાથી પાપથી ભરેલું, પોષાયેલું શરીર મર્યાદિત, સંયમિત થશે.

(7) લોકોપચાર વિનય :-વ્યવહારની સાચવણીમાં વફાદારી, સભ્યતા અને સત્યતા જળવાઈ રહે તે માટે વડિલોનું બહુમાન, માતાપિતાનું સન્માન, આડોશી-પાડોશી સાથે ભદ્ર અને અહિંસક વ્યવહાર તથા સગા સ્નેહીઓ સાથે માયા વિનાનો પવિત્ર વ્યવહાર રાખવો તે લોકોપચાર વિનય છે.

ઉપર પ્રમાણેના સાતે પ્રકારના વિનય માટે ભગવતી સૂત્રકાર સ્વયં શું કહે છે તે જાણી લેવું અત્યંત હિતાવહ છે.

સૂત્રાનુસારે સાત પ્રકારનો વિનય :-

(૧) જ્ઞાન વિનય :-મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાનોનું બહૂમાનપૂર્વક વિનય કરવો. જ્ઞાન એ ગુણ છે, માટે જ અમૂર્ત છે, અરૂપી છે. એટલે કે શબ્દ, રસ, ગંધ અને સ્પર્શ વિનાનો છે, માટે તેની મૂર્તિ આકાર બની શકવાની નથી તો પછી તેનો વિનય શી રીતે કરવો? જવાબમાં કહેવાયું કે આત્માના કલ્યાણને માટે, તેના વિકાસને માટે સમ્યગ્જ્ઞાન મેળવવાના પ્રયત્નો કરવા અને જ્યાંથી પણ તેની પ્રાપ્તિ થાય તે માટે પ્રમાદ કે પૂર્વગ્રહ

વિના લાભ લેવો. આપણી શક્તિ કે પરિસ્થિતિ તેવા પ્રકારની હોય તો ભાષાના સ્તવનો, સજ્ઝાયો અને સ્તુતિઓ યાદ કરવી તથા સામાયિક દરમિયાન સ્વાધ્યાય કરવો તે જ્ઞાન વિનય છે.

(૨) દર્શન વિનય :–બે પ્રકારે છે. (૧) શુશ્રૂષણા વિનય, (૨) અનત્યાશાતના વિનય. પહેલો વિનય અનેક પ્રકારનો છે. જેમકે :–

सक्कारेइ :–જ્ઞાનીઓનો સત્કાર કરવો, બહુમાન કરવું, તેમની સેવા કરવી.

सम्माणेइ :–શુદ્ધ આહાર–પાણી–વસ્ત્ર અને ઔષધ આદિથી ગુરુઓનું સન્માન કરવું. ઇત્યાદિક વિષય ત્રીજા ભાગમાં ચર્ચાઈ ગયો છે.

બીજો ભેદ અનત્યાશાતના છે, જેના ૪૫ ભેદ છે. જે કર્મમાં આશાતના નથી તેને અનત્યાશાતના કહેવાય છે.

અરિહંત, આચાર્ય, ઉપાધ્યાય, સ્થવિર મુનિ, એક આચાર્યના સમુદાયરૂપ કુળ, પરસ્પર સાપેક્ષ અનેક સાધુઓનો સમૂહ, ચતુર્વિધ સંઘ, જેનાથી આત્માની તથા પરમાત્માની સાધના થાય તે સત્ક્રિયાની, એક સમાચારીવાળા સાધુની, મતિજ્ઞાનાદિ પાંચ જ્ઞાનની, અરિહંતે પ્રરૂપેલા ધર્મની, આ પ્રમાણે ઉપરના ૧૫ પદોની મન–વચન તથા કાયાથી આશાતના થવા દેવી નહીં. કદાચ એવું બને કે કોઇ ભાગ્યશાળી પોતાના ઘરમાં કે દુકાનમાં બેસીને કહે કે–ઉપરના ૧૫ ભેદોને હું શ્રદ્ધાથી માનું છું એટલે કે તેઓ પ્રત્યે મને શ્રદ્ધા છે. પરંતુ ભગવતી સૂત્ર કહે છે કે એકલી શ્રદ્ધા રાખ્યે કામ ચાલતું નથી, પરંતુ તેમની બહુમાનપૂર્વક ભક્તિ કરવી, ઉપાસના કરવી

અર્થાત્ અરિહંતોના ચૈત્યોમાં જવું, દર્શન-વંદન પૂજાદિ કરવા; આચાર્ય, ઉપાધ્યાય, સ્થવિરાદિ મુનિઓના ચરણોમાં જવું, તેમની દ્રવ્યથી અને ભાવથી ભક્તિ કરવી, ધર્મનો પ્રચાર જે રીતે થાય તે પ્રમાણે દ્રવ્યાદિનો વ્યય કરવો, મતિજ્ઞાનાદિ જ્ઞાનોને વધારવા માટે પ્રયત્નો કરવારૂપ ભક્તિના બીજા ૧૫ ભેદ થયા અને તેમની ભક્તિ કરી લીધા પછી તેમાં ઈતિશ્રી માનશો નહીં. પરંતુ મંદિરથી કે ઉપાશ્રયથી બહાર આવો ત્યારે અરિહંતની, ગુરુઓની તથા પ્રવચન આદિની પ્રશંસા, ગુણગાન કરતાં કરતાં સમય પસાર કરવો, એટલે કે દુકાન પર બેઠા હોઈએ તે સમયે પણ અરિહંતોના ધર્મની પ્રશંસા કરવી, તેમના માટે સારા શબ્દો બોલવા અને દુકાન સામેથી પરમાત્માનો વરઘોડો કે ગુરુ મહારાજનું સામૈયું થતું હોય તો ૧૦-૧૫ પગલા સુધી પણ તેમાં સમ્મિલિત થવું તે ૧૫ ભેદ થયા. આ પ્રમાણે ૧૫+૧૫+૧૫=૪૫ ભેદે અનત્યાશાતના નામનો વિનય જાણવો.

(૩) ચારિત્ર વિનય :-સામાયિકાદિ પાંચે સમ્યક્ચારિત્ર પ્રત્યે સદ્ભાવ રાખવો. આપણું જીવન પવિત્ર, સરળ, સમતાપ્રધાન અને દયાદાનમય બનવા પામે તે માટે પ્રયત્ન કરવો. કષાયનો ત્યાગ કરી સમતાભાવનો અભ્યાસ કરવો અને વધારવો તે ચારિત્ર વિનય છે.

(૪-૫-૬) મનોવિનય-વચોવિનય અને કાયવિનય :-

પ્રશસ્ત અને અપ્રશસ્ત રૂપે મનોવિનય બે પ્રકારનો કહ્યો છે. તેમાં પ્રશસ્તના સાત ભેદ નીચે લખ્યા પ્રમાણે જાણવા.

(૧) अपावए :-મનને પાપરહિત બનાવવું, પાપ ભાવનાથી મનને બચાવવું, ભોગવવા માટે ઉપસ્થિત થયેલા કે ભોગવાઈ ગયેલા પાપોની સ્મૃતિ ન કરવી.

(૨) असावज्जे :–સાવજ્જ એટલે પાપસહિત અને અસાવજ્જ એટલે પાપ જેમાં નથી. પહેલા ભેદમાં પાપરહિત મન કહેવાઈ ગયું છે માટે અહીં પાપનો સામાન્ય અર્થ ન કરતાં વિશેષ પ્રકારના પાપોથી રહિત થવું તે છે, એટલે કે સાવદ્ય વૃત્તિ, પ્રવૃત્તિ, આરંભ સમારંભ આદિ કાર્યોને આત્મ-સંયમ કે સ્વાધ્યાયબળ વડે મર્યાદામાં લેવા તે અસાવજ્જ કહેવાય છે.

(૩) अकिरीये :–શરીર આદિથી કરાતી ક્રિયાઓમાં અનાસક્ત રહેવાની ભાવના રાખવી.

(૪) निरुपक्केसे :–માનસિક જીવનમાં શોક–સંતાપ ન થાય તેવું મન બનાવવું. કદાચ કોઈ કારણે શોક–સંતાપ થઈ જાય તો સમજદારીપૂર્વક તેમનું નિરાસન કરવું એટલે કે, નિમિત્ત કારણોને લઈને શોક–સંતાપાદિ થાય તો તેને ટકવા ન દેવા.

(૫) अणण्हवकरे :–પ્રાણાતિપાતાદિ આશ્રવોથી રહિત રહેવું. જેથી મનની અપવિત્રતા ઘટશે અને પવિત્રતા ધીમે ધીમે વધશે.

(૬) अच्छविकरे :–સ્વ તથા પરને પીડાકારક જીવન ન બનાવવું, જેથી આર્તધ્યાન વિનાનું જીવન બનતાં મન, વચન અને કાયા પવિત્ર બનશે.

(૭) अभूयामि संकणे :–ભયરહિત જીવન જીવવું, એટલે કે કોઈ પણ ક્રિયાથી પોતાને ભય લાગે તેમજ આપણાથી બીજો માનવ ભયગ્રસ્ત બનવા પામે તેવા વ્યવહાર, વ્યાપાર, ભાષા આદિનો ત્યાગ કરવો. જેથી મનની પ્રસન્નતા વધશે,

ટકશે અને ધર્મધ્યાનની પ્રાપ્તિ થતાં મન પવિત્ર બનશે. ઉપર્યુક્ત સાતે પ્રકારના પ્રશસ્ત વિનયથી વિપરીત અપ્રશસ્ત મન પણ સાત પ્રકારે છે.

( १ ) पावए :-મનમાં પાપ, અસદાચાર તથા દુરાચારપૂર્ણ ગંદા ભાવો રાખવા અને વધારવા જેથી મન હમેશાં પાપમય બનવા પામશે, તેવી સ્થિતિમાં દુનિયાભરનો એકેય જાદુગર, મંત્રવાદી, તંત્રવાદી કે મેસમેરીઝમનો કરનારો પણ તમારા મનને કોઈ કાળે પવિત્ર કરી શકશે નહીં. મનની અપવિત્રતાના કારણે ઇન્દ્રિયોના ઘોડા હમેશાંને માટે બેકાબૂ ( કંટ્રોલ ઓફ ધી વે ) બનશે ત્યારે કષાયોને જીતવા તમારા માટે સાત આસમાનનું રાજ્ય લેવા જેટલું કઠણ બનશે. પરિણામે મર્યા પછી દુર્ગતિ, પરમાધામી, યમદૂતોના ડંડા જ ભાગ્યમાં રહેશે.

( २ ) सावज्जे :-જે વ્યાપારમાં ઢગલાબંધ જીવોનું હનન થાય, તાડન થાય, મારણ થાય, સંતાપન કે પીડન થાય તેવા સંરંભો, સમારંભો અને આરંભો કરવા જેથી મનને ગમે તેવા સમયે પણ પાપરહિત થવાનો અવસર જ પ્રાપ્ત ન થાય. કેમકે જ્યાં પરિગ્રહ વધારવાની ભાવના થઈ ત્યાં અનિચ્છાએ પણ પ્રતિસમયે પાપોની રાશિ પણ વધવા પામશે અને તેનાથી ભારી બનેલા આત્મામાં ચંચળતા, વક્રતા, સ્વાર્થાંધતા, માયાવિતા, માયામૃષાવાદિતા (પોલીટિકલ) વધશે, જેનાથી માનસિક જીવનમાં ધર્મની, સદાચારની ભાવના પણ અલવિદા લેશે અને માની લો કે તમારૂં પુણ્ય તમારો સાથીદાર બને અને તમે લાખો કરોડોની માયા ભેગી કરશો તો પૂજા-પાઠ, પ્રતિક્રમણ આદિ સદનુષ્ઠાનો તમારાથી રીસાઈ જશે. કદાચ વ્યવહારને સુંદર

બનાવવા માટે પૂજા–પાઠ કરશો તો પણ તમારા મનજીભાઈ તો તમારા વ્યાપારમાં, ઉઘરાણીમાં, વ્યાપાર વધારવામાં લાગેલા હશે, તેવી સ્થિતિમાં તમે પરમાત્મા સાથે એકતાન કઇ રીતે થશો ? તમને એકતાન કરનારો પણ કોણ હશે ? એટલા પર આવેલા મુનિરાજને શરમે ધરમે એકાદ રોટલી વહોરાવવાથી અતિરિક્ત તમે ગુરુઓ પાસે કેવી રીતે બેસશો ? ન બેસી શકયાં તો તમારા પાપોની ખ્યાલાત કરાવનારા કોણ ? અને તેમ થતાં મરણાસન્ન અવસ્થામાં તમારો જોડીદાર કોણ ? બેલી કોણ ? તે સમયે લાખો કરોડોની માયા જ તમને ડુબાવનારી બનશે ? તો તમારો ખાનદાન વંશ, ઉત્તમ જાતિમાં જન્મ, દેવગુરુની પ્રાપ્તિ આદિ મળેલા સાધનોનું દેવાળું નીકળતાં આવતા ભવમાં તિર્યંચ યોની મેળવી લીધી તો આ ભવની તમારી હોશીયારી જ તમને માર ખવડાવનારી બનશે તેનું શું ?

( ૩ ) सकिरीए :–પાપ અને સાવદ્ય ક્રિયાઓમાં મસ્ત બનેલાની શારીરિક ક્રિયાઓ જ જીવહત્યાને કરાવનારી બનવા પામે છે. કેમકે ધાર્મિક જીવન બનાવ્યા વિના શરીરાદિની ક્રિયાઓમાં અનાસક્તત્વ પ્રાપ્ત થતું જ નથી. તેવી સ્થિતિમાં તમારૂં ભોજનપાણી, ઊઠવું બેસવું, ચાલવું ફરવું આદ ક્રિયાઓમાંથી જૈન શાસનના પ્રાણ સમો ઉપયોગ તત્ત્વ સર્વથા સમાપ્ત થશે.

( ૪ ) सउवक्केसे :–પાપ, સાવદ્ય અને આરંભ સમારંભ આદિ પાપ ક્રિયાઓ દ્વારા ઉપાર્જન કરેલા પાપના ભારા જેના માથા પર હોય તે કોઇ કાળે પણ કલેશ, કંકાસ, આધિ વ્યાધ કે ઉપાધિથી મુક્ત હોતો નથી. આવી સ્થિતિમાં તેની પાસે સમ્યગ્-જ્ઞાનની એક પણ માત્રા નહીં હશે તો ફરી ફરી તે જીવ

કષાયની માયામાં ફસાશે અને પોતાના મનને ગંદુ બનાવશે, પરિણામે પૂર્વના પાપોથી જીવ કષાય ક્લેશ મેળવે છે અને કષાયોથી જીવ પાછો આરંભ સમારંભ કરે છે.

( ५ ) अण्हवकरे :-ક્રોધાંધ, મદાંધ, માયાંધ અને લોભાંધ માણસ પ્રાણાતિપાતાદિ આશ્રવ માર્ગમાં સપડાયા વિના રહેતો નથી, અને "आश्रवो भवहेतुः स्यात्" આશ્રવ સંસારના બીજોને મજબુત કરાવનાર, વધારનાર અને પરંપરાએ પણ દુઃખ દારિદ્રય શોક સંતાપ આદિની બક્ષીસ દેનાર બને છે.

( ६ ) छविकरे :-આશ્રવમાર્ગનો ઉપાસક સદૈવ સ્વ તથા પરનો પીડાકારક, હનનકારક, તાડનકારક અને સંસારનો વર્ધક હોય છે. પરહત્યા જેમ પાપ છે તેમ સ્વહત્યા એટલે વિષય કષાયમાં ફસાઈને પોતાના આત્માને વજનદાર બનાવનાર પોતાના આત્માની હત્યા કરનારો હોવાથી આત્મઘાતક બને છે. અને પરઘાતક કરતા સ્વઘાતક વધારે જોખમદાર છે. કેમકે પરઘાતક કદાચ વ્રતધારી પણ હોઈ શકે માટે કેવળ અતિચારોનો જ માલિક બને છે, જ્યારે આત્મઘાતક તો અનાચારી હોવાથી પાપોનું મિથ્યાકૃત દેવા જેટલી તૈયારી પણ તેમાં પ્રાયઃ હોતી નથી. પરિણામે તેનું મન અશુદ્ધ, હિંસક અને પાપાચરણમાં જ આસક્ત હોય છે.

(૭) भूयाभिसकणे :-આત્મઘાતક અને પરઘાતક પોતાના આત્માને તથા પારકાના આત્માને માટે હમેશાં ભયોત્પાદક જ હોય છે. ફળસ્વરૂપે પોતાની સત્તામાં પડેલી ભયસંજ્ઞામાં બે ગુણી, ચાર ગુણી, હજાર ગુણી વૃદ્ધિ થતાં તે જીવાત્માને ચારે બાજુ ભયની ભૂતાવળ જ દેખાતી હોય છે. તે કારણે તેઓ સુખેથી બેસી શકતા નથી, ખાઈ શકતા નથી, ઉંઘી શકતા

નથી, તો પછી પરમાત્માના પૂજનમાં, માળાના જાપમાં, સામાયિકાદિ અનુષ્ઠાનોમાંભય રહિતતા કેવી રીતે મેળવી શકવાના હતાં ?

ઉપર પ્રમાણે જેમ મનોવિનયના પ્રશસ્ત અને અપ્રશસ્ત સાત સાત ભેદ કહ્યાં છે. જેમકે–પ્રશસ્તકાય વિનયી આત્મા ઉપયોગપૂર્વક ગમનાગમન કરશે, બેસશે, પડખા બદલશે, બારણા આદિનું ઉલ્લંઘન કરશે, મોટા કે નાના ખાડાને ઉલ્લંઘશે અને ઈન્દ્રિયોને સારા પવિત્ર વિષયોમાં પ્રવર્તાવશે, જે પ્રશસ્તકાય વિનય છે. જ્યારે અપ્રશસ્તકાય વિનયવાળો માણસ તે બધીય ક્રિયાઓમાં ઉપયોગ વિનાનો રહેશે.

ભગવતી સૂત્રના આ પ્રસ્તુત સૂત્રને ખ્યાલમાં રાખીને દશવૈકાલિક સૂત્રની આ ગાથા બની છે.

"जयं चरे जयं चिट्ठे जयमासे जयं सये,
जय भुंज़तो भांसनो पावकम्मं न बंधइ."

ગુરુ પોતાના શિષ્યને કહે છે કે ઉપયોગપૂર્વક ચાલવું, ઉભા રહેવું, બેસવું, સૂવું, ખાવું અને બોલવું, જેથી પાપ-કર્મ બંધાતું નથી.

ચારિત્ર મોહનીય કર્મના ઉદયના કારણે કે ઉદીરણા કર-વાના કારણે સાધક ઉપયોગ વિનાનો થઈને ક્રિયાઓ કરશે, પરિણામે તેનું ચારિત્ર પ્રતિસમયે અતિચારવાળો બનીને ધીમે ધીમે સમ્યગ્દર્શનને પણ મલિન કરનારો રહેશે. આ કારણે જ સમ્યગ્દર્શની આત્મા પોતાના સમ્યક્ત્વને અતિચારોથી મુક્ત રાખવાને માટે વારંવાર

"आगमणे निग्गमणे, ठाणे चंकमणे अ अणाभोगे
अभियोगे अ निओगे पडिक्कमे देसिअं सव्वं."

આ ગાથા દ્વારા ઉપયોગ ન હોવાના કારણે, રાજા આદિના દબાણના કારણે, અથવા પરાધીનતાના કારણે મિથ્યાત્વપોષક સ્થાનમાં જવાથી, રહેવાથી, ફરવાથી આદિ ક્રિયાઓ દ્વારા સમ્યગ્દર્શનમાં જે દૂષણો લાગ્યા હોય તેને મિથ્યાદુષ્કૃત આપું છું. એટલે કે તે સ્થાનોથી પાછો ફરૂં છું.

(૭) લોકોપચાર વિનય :-નીચે લખ્યાનુસારે આના પણ સાત ભેદ છે.

(1) ગુરુ આદિ મહાપુરૂષોની પાસે જ રહેવું-બેસવું.

(2) ગુરુ ભગવંતોની ઇચ્છા પ્રમાણે જ જીવન બનાવવું.

(3) જ્ઞાનાદિ ટકી રહે તે નિમિત્તે જ આહાર પાણીનો ઉપયોગ કરવો.

(4) દર્શન-જ્ઞાન અને ચારિત્રદાતાનો ઉપકાર ભૂલવો નહીં.

(5) ગુરુદેવને પોતાના જીવનનું સમર્પણ કરવું, જેથી ભવિષ્યમાં પણ નવું જ્ઞાન મળતું રહે, જૂનાનું પરિવર્તન થાય.

(6) રોગાદિથી પીડિત-દુઃખિત સાધર્મિક મુનિરાજોને ઔષધ આદિ ઉપચરિત કરવા.

(7) જે સમયે જેવો અવસર આવી પડે તે પ્રમાણેની પ્રવૃત્તિમાં દત્તચિત્ત રહેવું અને આરાધ્ય ગુરુદેવના સઘળા કાર્યો અવસર પ્રમાણે કરવા.

વૈયાવચ્ચ આભ્યંતર તપ :—બહુમાનપૂર્વકની સેવાને વૈયાવચ્ચ કહેવામાં આવે છે, જે દસ પ્રકારે છે : આચાર્ય, ઉપાધ્યાય, (પંન્યાસ) સ્થવિર, તપસ્વી, ગ્લાન મુનિ, નૂતન મુનિ, સ્વગણનો મુનિ, પરસ્પર સાપેક્ષ અનેક સમુદાયના મુનિઓ,

ચતુર્વિધ સંઘ, સમાન સમાચારી. આ પ્રમાણે દસે પ્રકારના મુનિઓની સેવા કરવી. વૈયાવચ્ચનો બીજો અર્થ છે તેમના ઉપર કોઈક સમયે રોગાદિની, શત્રુ તરફથી, મિથ્યાત્વી તરફની આપત્તિ આવી પડે ત્યારે સંપૂર્ણ શક્તિ લગાડીને તેમને આપત્તિ મુક્ત કરવા તે વૈયાવચ્ચ છે. આચાર્યો સમાહિત હશે તો સંઘનું સંચાલન સારી રીતે કરી શકશે. ઉપાધ્યાયો ચિંતા-મુક્ત હશે તો સંઘને તથા મુનિઓને ઉત્તમ સ્વાધ્યાયનો લાભ મળશે. સ્થવિરો યદિ સારી રીતે ઉપચરિત હશે તો નૂતન મુનિઓ સ્થિર રહેવા પામશે તેમ જ આરાધકોને પોતાની આરાધનામાં એકાગ્રતા સધાશે. તપસ્વીઓ યદિ ખુશમિજાજમાં હશે તો તપશ્ચર્યા ધર્મવડે પોતાના આત્માની સાધના કરતાં સંઘમાં પણ તપશ્ચર્યાનો રંગ લગાડશે. ગ્લાન મુનિઓની આરાધનાથી તેઓ આર્તધ્યાન વિનાના થઈને પોતાના સંયમ-ધર્મમાં સ્થિર રહેશે.

નૂતન મુનિઓની ગૌચરી–પાણી આદિ વૈયાવચ્ચથી તેઓ સુસમાહિત થશે અને દીક્ષામાં આનંદી બનવા પામશે જેથી સંયમમાં સ્થૈર્ય વધશે.

પોતાના ટોળાના મુનિઓની વૈયાવચ્ચ કરવાથી પરસ્પર સંપ વધશે અને એકબીજાના સહાયક બનશે.

અનેક સમુદાયોના મુનિઓની સેવા, ભક્તિ અને વન્દન-વ્યવહાર કરવાથી આ મારા સાધર્મિક છે, અમે બધાય એક જ મહાવીરના સંતાનો છીએ તેવો ખ્યાલ આવતાં જ મૈત્રી-ભાવનાનો વિકાસ થશે.

ગુણીયલ મુનિઓની પ્રશંસા કરવાનો આનંદ આવશે. શરીરના કમજોર મુનિઓ પ્રત્યેની કરૂણતાથી તમારો સમ્યક્ત્વ-

ભાવ શુદ્ધ બનશે તથા એકાદ ભારે કર્મી મુનિને જોઈ ઉપેક્ષા-ભાવથી તમે ઘણા કષાય ક્લેશોથી બચી જશો.

સંઘની સેવા કરવી એટલે અઢીદ્વીપમાં રહેલા મુનિઓ સાથે મૈત્રીભાવ રાખવો. સાધ્વીઓ પણ આપણી જેમ પંચ મહાવ્રત પાળવાવાળી છે તેમ સમજીને તેમનું બહુમાન કરવું પણ તે સ્ત્રી છે તેમ સમજીને તેનો તિરસ્કાર, અપમાન કે કોઈક સમયે પણ તેમને ઉતારી પાડવા ન જોઈએ. શ્રાવકો પણ અરિહંત ધર્મના ઓછે વત્તે અંશે પણ આરાધક છે, માટે તેમનું વૈયાવચ્ચ એટલે ગૃહસ્થ છે તેમ સમજીને તેમને ઉતારી પાડવાથી મહાવીરસ્વામીનું શાસન કમજોર પડશે. 'સંઘ માંહે ગુણવંત તણી અનુબૃંહણા કરી" એટલે કે ગુણીયલ શ્રાવકોનું અપમાન-તિરસ્કાર તેમના પ્રત્યે અસમાન ભાવ રાખનાર મુનિને અતિચાર લાગે છે. અને શ્રાવિકાનું પણ બહુમાન કરવું એટલે કે આ શ્રાવિકા પોતાની શક્તિ પ્રમાણે વ્રત, નિયમ, પચ્ચક્ખાણ કરે છે, સાધુ સાધ્વીઓની ભક્તિ કરે છે. આ પ્રમાણે ચતુર્વિધ સંઘનું વૈયાવચ્ચ ઉત્તમ ધર્મ છે. તથા સમાન સમાચારી મુનિરાજોને જોઈને ખુશ થવું અને યદિ શકય હોય તો તેમને ગોચરી-પાણી લાવી આપવા અને ગોચરીના સમયે તેમને પણ સાદર આમંત્રણ આપવું.

ઉપર પ્રમાણે દસે પ્રકારના વૈયાવચ્ચની આરાધના મુક્તિને દેનાર છે.

**સ્વાધ્યાય આભ્યંતર તપ :-**

( ૧ ) ગુરુ મુખે શાસ્ત્રો ભણવા તે વાચના સ્વાધ્યાય.

( ૨ ) વિસ્મૃત વિષયને વારંવાર પૂછવો તે પ્રતિપૃચ્છના સ્વાધ્યાય.

( ૩ ) વારંવાર થયેલા પાઠની આવૃતિ કરવી તે પુનરાવર્તન સ્વાધ્યાય.

( ૪ ) શાસ્ત્રોના અર્થનું ચિંતન કરવું તે અનુપ્રેક્ષા સ્વાધ્યાય.

( ૫ ) ધર્મની કથા કરવી તે ધર્મકથા સ્વાધ્યાય છે.

ધ્યાન આભ્યંતર તપ :-

આભ્યંતર તપનો આ છેલ્લો ભેદ છે. મન, બુદ્ધિ યદિ અશુદ્ધ કે અશુભ રહ્યાં તો જીવનમાં દુર્ધ્યાન ( આર્તધ્યાન અને રૌદ્રધ્યાન ) અને તે યદિ પવિત્ર ભાવનાઓથી ભાવિત, તપ ત્યાગથી પરિપૂત, નિષ્કષાય, નિઃશલ્ય રહ્યા તે આત્મા સદ્ધ્યાન(ધર્મ અને શુક્લ)નો માલીક બનશે. આ કારણે ધ્યાનના ચાર ભેદ છે. ( ૧ ) આર્તધ્યાન, ( ૨ ) રૌદ્રધ્યાન, ( ૩ ) ધર્મધ્યાન, ( ૪ ) શુક્લધ્યાન. હવે આ ચારે ધ્યાનને ક્રમશઃ વિસ્તારથી જાણી લઇએ, જે અત્યંત ઉપાદેય વિષય છે.

આર્તધ્યાન :-આના નીચે પ્રમાણે ચાર ભેદ છે.

( ૧ ) પૂર્વભવના પુણ્યકર્મો ઓછા હોય ત્યારે માનવ માત્રને અણગમતા શબ્દો ગંધો-રસો અને સ્પર્શોની પ્રાપ્તિ થતાં માનવના મનમાં અકળામણ થાય છે, મુંઝવણ થાય છે. ત્યારે તેમાંથી છુટકારો મેળવવાને માટે તેઓ ગમે તેવા પ્રયત્નો મનથી-વચનથી અને કાયાથી કરે છે, તે આર્તધ્યાન છે. કેમકે અણગમતા પદાર્થોની હાજરીમાં પૂર્વભવનું પાપકર્મ કામ કરી રહ્યું છે અને જ્યાં સુધી તે કર્મોનું જોર છે ત્યાં સુધી ગમે તેવા ધમપછાડા કરીએ તો પણ તેનાથી મુક્ત થવાતું નથી.

( ૨ ) કદાચ પુણ્ય કર્મો સારા હોય અને મનગમતા શબ્દો, ગંધો, રસો અને સ્પર્શોની પ્રાપ્તિ થઇ જાય ત્યારે

પ્રસન્ન થયેલા માણસો મળેલા તે વિષયોને જીંદગી એટલે કે, અણગમતી ભોગ્ય તથા ઉપભોગ્ય વસ્તુઓનો સંયોગ તથા મનગમતી વસ્તુઓનો વિયોગ કોઈને ગમતો નથી તેથી અણગમતા પદાર્થોનો સંયોગ દૂર કરવા માટે અને મન ગમતી વસ્તુઓનો અભાવ ન થાય તે માટે હજારો પ્રકારના પ્રયત્નો કરતાં જીંદગી પૂર્ણ કરે છે. આવા આર્તધ્યાની માન-વોને ગુરુઓના વ્યાખ્યાનોમાં આવવાનો રસ નથી. તીર્થંકર પરમાત્માઓની આંખ સાથે આંખ મેળવવા જેટલો સમય નથી. ઘરમાં ધર્મના પુસ્તકો રાખીને ઘડી બેઘડી સ્વાધ્યાય કરવામાં તેઓ માનતા નથી. જપમાળામાં તેમને આનંદ આવતો નથી. પ્રભુભક્તિના સંગીતમાં બેસવા માટે તેઓ તૈયાર નથી. દાન પુણ્યને તેઓ ધતિંગ માને છે. પણ.... સાંભળવામાં આવે કે અમુક સ્થળે વાસક્ષેપ ક્ષેપક બિરાજમાન છે તો બધુય છોડીને માથું ઝૂકાવીને તથા સો બસો રૂપીયા ચરણોમાં મૂકીને પણ વાસક્ષેપ નખાવવા માટે તૈયાર છે. નાકોડાના ભેરૂજીને, વાલકેશ્વર કે નરોડાની પદ્માવતીને નાળીયેરની માળા બાંધવા માટે તેમના ગજવામાં પૈસા છે, દુનિયાભરના દેવીઓ દેવોને ધૂપ-દીપ કરવા માટે પણ તેઓ તૈયાર છે. આ બધાય આર્તધ્યાનના લક્ષણો છે કેમકે તેઓ કદિ સમજી શકવાના પણ નથી કે મનગમતી વસ્તુઓ મળવાના મૂળમાં પૂર્વભવનું પુણ્ય અને અણગમતી વસ્તુઓ મળવાના મૂળમાં પૂર્વભવનું પાપ કામ કરી રહ્યું છે. માટે તે પુણ્યને વધારવા માટે દેવગુરુ ધર્મનું આરાધન અને પાપથી મુક્ત થવામાં તપ, જપ, ધ્યાન, દાન પુણ્ય આદિ સત્કર્મોને કરવા સિવાય પુણ્ય સ્થિર રહેતું નથી અને પાપનો નાશ થતો નથી, પરંતુ અજ્ઞાનવશ બનેલા આત્માઓ અવળે રસ્તે ચઢીને ફાંફાં મારશે અને આર્તધ્યાનમાં જીવન પૂર્ણ કરશે.

(૩) રોગાદિની પ્રાપ્તિ થતાં તેનો નાશ કે વિયોગની ઇચ્છા કરતો માણસ સારા નરસા, હિંસક ઉપાયોની તપાસ કરવામાં જ દત્તચિત હોય છે. પરિગ્રહ વધારવાના રસિયા માનવો વ્યાપાર રોજગારમાં બધીય જાતના જૂઠ, પ્રપંચ, બનાવટી તોલ–માપ, વ્યાજના ગોટાળા, માલમાં ભેળસેળ આદિ પાપોને કરી પૈસો ભેગો કરે છે અને રોગિષ્ટ બને છે. તે રોગોને નાબૂદ કરવા માટે રસો–રસાયણો, વાજીકરણો, પંચેન્દ્રિય જીવોના કલેજા અને ચરબીથી બનેલી વિટામિન ગોળીઓનું ભક્ષણ કરશે અને આ પ્રમાણે પાપના પૈસાને ફરીથી પાપમાં નાખી કુદરતનો બેવડો માર ખાવા માટે તૈયાર રહેશે; પરંતુ નિર્દોષ–સર્વથા નિર્દોષ અને વ્યાપારમાં કરેલા પાપને ધોવડાવવા માટે પૂર્ણ સમર્થ ઉપવાસ, ઉણોદરી આદિ તપોધર્મની આરાધના કરવા તેઓ ક્યારે પણ તૈયાર થઈ શકે તેમ નથી. ફળ સ્વરૂપે 'હાથના કીધા હૈયે વાગ્યા' એ ન્યાયે હાથે કરીને ઉપાર્જિત કરેલા રોગ–શોક, વ્યાધિ–ઉપાધિ આદિને ભોગવનારા બનશે અને તેમની નાબૂદી કરવા માટે સર્વથા અવળા રસ્તા સ્વીકારીને જીવનને ધૂળધાણી કરશે, સત્કર્મોને ખાખ કરશે, ફળ સ્વરૂપે તેમના ભાગ્યમાં આર્ત્તધ્યાનનો આ ત્રીજો ભેદ જ શેષ રહેશે, જે તિર્યંચ ગતિ સિવાય બીજી સદ્‌ગતિને આપી શકે તેમ નથી. કેન્સર, ડાયાબીટીસ, બ્લડ પ્રેસર, હાર્ટએટેકમાં રીબાતા માનવોને અથવા હોસ્પીટલના ખાટલે મૃત્યુના ભયને પામી સીમાતીત મસ્ત બનેલાઓને તમે કદી જોયા છે? જોવાનો પ્રયત્ન કર્યો છે? દુઃખથી રીબાતા તેમના શબ્દો તમે સાંભળી શકયા છો? રોતા રોતા અને પડખા ફેરવતા ફેરવતાં તેઓ કહે છે કે :–અમારા પાપો, વ્યભિચારો, દુરાચારોએ અમને સર્વથા બરબાદ કર્યા છે, ગંદા મિત્રો, ગંદુ સાહિત્ય, નાટક સિનેમાઓ જોઈ જોઇ અમે

અમારા વીર્ય રાજાનો નાશ કર્યો, સર્વથા નાશ કર્યો અને આ ભયંકર અસાધ્ય રોગોમાં અમે જાણી બુઝીને ઘેરાઇ ગયા છીએ. હવે અમારૂં શું થશે ? અમને કોણ બચાવશે ? ડોકટરોને કાલાવાલા કરે છે પણ વીર્યશક્તિથી ખતમ થયેલા માનવોને ડોકટરો બિચારા શી રીતે બચાવશે ? આ પ્રમાણે ભયંકર આર્તધ્યાનમાં મરીને તથા મનુષ્ય જન્મની બાજી હારીને દુર્ગતિના શિકાર બને છે :

(૪) ભરજુવાનીની ગદ્ધા પચ્ચીસીની ઉમરમાં પાપપુણ્યનો ખ્યાલ કર્યા વિના, નાચનારીઓના, વારાંગનાઓના, અભિનેત્રીઓના સાંભળેલા સંગીતો, ગાયનો, તેમના પાયલ( ઝાંઝર )ના ઝણકાર ભરેલા શબ્દો, ટેસ્ટપૂર્વક ચાખેલા, ખાધેલા અને પેટ ભરીને આરોગેલા જૂદી જૂદી જાતની રસવતીઓના રસાસ્વાદ, તે ખોરાકને પચાવવા માટે હજારો રૂપીયા ખર્ચીને સેવેલા રસો, રસાયણો, તથા જીભને મજા આવે તેવા આઇસક્રીમો, દ્રાક્ષાસવો, શરાબની બોટલો, હીનાના, ગુલાબના ને કેવડાના સૂંઘેલા અત્તરો, હજારો લાખો રૂપીયાની પરવા કર્યા બિના માણેલા મનગમતી સ્ત્રીઓના સ્પર્શોના ભોગ વિલાસોનો વિયોગ થવા ન પામે, પોતાના સુખો આંખથી ઓઝલ થવા ન પામે, તે માટે જ પરમાત્માને, દેવદેવીઓને તથા સાધુસંતોને પ્રાર્થના કરતા કહેશે કે હે દેવ ! હે ગુરો ! મારા સુખોને કાયમ રાખજો, મારી શ્રીમંતાઇ આબાદ રાખજો, મને રોગરહિત બનાવજો. આ પ્રમાણે તેમના કાલાવાલા કરતો તે માનવ પોતાના સુખોને, સુખોના સાધનોને રતિમાત્ર વાંધો ન આવે તે માટે જ પ્રયત્નશીલ રહેશે અને આર્તધ્યાનમાં જીવન યાપન કરશે.

**આર્તધ્યાનના ચાર લક્ષણો :**–ભગવતી સૂત્રકારે આર્તધ્યાનથી ગ્રસ્ત બનેલા માનવને ઓળખવા માટે ચારની સંખ્યામાં લક્ષણો પણ બતાવી આપ્યા છે, તે આ પ્રમાણે :–

(૧) કર્મ સંજોગે ઈષ્ટ વસ્તુનો વિયોગ, અનિષ્ટનો સંયોગ અને પોતે મોહમાયામાં મસ્ત બનીને ભોગવેલા, ભોગવાતા ભોગવિલાસોને ભોગવવા માટે તૈયાર કરેલી વ્યક્તિનો અંતરાય જ્યારે નડે છે ત્યારે તે ભાઈના દેદાર જોવા જેવા થઈ જાય છે. તેઓ જોર જોરથી રડે છે. ખાવા–પીવા અને બોલવામાં ચલચિત્ત હોય છે. વારંવાર નિસાસા નાખતા મનોમન બોલતા હોય છે અથવા વિયોગાવસ્થા જ્યારે બેમર્યાદ બને છે ત્યારે જોર જોરથી પણ બોલતા કહે છે કે હે પ્રભો ! મને સુખી બનાવજે. મારા અંતરાયોને હટાવી લેજે. મારૂં ધન અને કામ કાયમ રહે તે માટે મારા પર દયા કરજે અથવા મારી જુવાની કાયમ રાખજે ઈત્યાદિ માટે વારંવાર આક્રંદન અને રોવાનું થાય તો સમજી લેજો કે આર્તધ્યાનનું લક્ષણ છે.

(૨) પોતાના દુઃખોને માટે વારંવાર શોક સંતાપ કરવો, ગ્લાનિમ્લાનિનો અનુભવ કરવો, હાથપીટ કરવી, બરાડા પાડીને વાતો કરવી ઈત્યાદિ લક્ષણો આર્તધ્યાનના સમજવા.

(૩) વાતે વાતે આંખોમાંથી આંસુ ટપકાવવા, લમણે હાથ દઈને મડદાલ થઈને બેસવાનાં, તે આર્તધ્યાનનું ત્રીજું લક્ષણ છે.

(૪) અને વારંવાર, એકલા પડે ત્યારે કે પોતાના મિત્રો પાસે પોતાનાથી ભોગવાયેલાના, ભોગવેલી મધુર રજનીઓના, માણેલી મીઠી મધુરી રાત્રિઓના, જીભને વશ થઈ હોટલોના રસાસ્વાદને, પૈસાની ગરમીમાં ભક્ષ્યાભક્ષ્યનો ખ્યાલ કર્યા

વિના રાત્રે બાર વાગ્યે ખાધેલા પાંઉભાજી, રસ્તા ઉપર ઉભા ઉભા ખાધેલા બટાકા વડા, દહીંવડા, પાણી બતાસા, અને ભેળસેળ આદિના સ્વાદોનો વિયોગ થતા રડે છે, નિસાસા નાખે છે; ત્યારે થર્મોમિટર લગાવી લેજો કે આ માનવ આર્ત-ધ્યાનના છેલ્લા પગથિયા પર આવી ચડ્યો છે અને તિર્યંચ અવતારને પામવાની તૈયારી કરી રહ્યો છે.

**રૌદ્રધ્યાન** :–આ ધ્યાનમાં મૃત્યુ પામતા માનવને નરક ગતિમાં જતાં રોકવાની તાકાત કોઈની પાસે નથી; કેમકે આ ધ્યાનના પરિણામે બીજા હજારો-લાખો જીવાત્માઓ સાથે વૈર બંધાયા વિના રહેતું નથી અને નિકાચિતરૂપે બંધાયેલા વૈર વિરોધને ભોગવવાને માટે નરકગતિ સિવાય બીજો કયો માર્ગ ? શાસ્ત્રાધારે આ ધ્યાનનું સ્વરૂપ આ પ્રમાણે છે :–

( १ ) रोद्रयतीति रौद्रं–रिपुजन महारण्यान्धकारादि तदर्शना-द्युद्भवो विकृताध्यवसायरूपो रसोऽपि रौद्रः ( અનુ. ૧૩૫ )

પ્રત્યેક પ્રસંગે જે બીજાને રોવડાવે તેને રૌદ્રધ્યાન કહેવાય છે. શત્રુઓની વચ્ચે રહેતા, વનવગડામાં ભટકતાં કે અંધકારા-દિમાં ફસાઈ જતાં માનવના મન વિકૃત બને, બિહામણા બને, તથા અત્યંત ભયગ્રસ્ત બનીને ચહેરા ઉપર રુદ્રતા આવે તે રૌદ્રધ્યાન છે.

( २ ) रोदयति–अतिदारुण तथा अश्रुणि मोचयतीति रौद्रम्
( અનુ. ૧૩૫ )

માનસિક, બૌદ્ધિક, વાચિક અને કાયિક વ્યાપારોમાં દુષ્ટ–અસદાચારી તથા ગંદુ તત્ત્વ હોવાના કારણે ચારે બાજુથી ભયભીત બનેલો જીવાત્મા અત્યંત દારુણરૂપે રોવે છે, બીજા-ઓને રોવડાવે છે અને વારંવાર આંસુ ટપકાવે છે તે રૌદ્ર-ધ્યાનના કારણે બને છે.

( ३ ) रौद्रमतिक्रूराध्यवसाय: ( દશ. ચૂ. ૧૪ )

હિંસા, જૂઠ, ચોરી, બદમાશી અને દ્રવ્યોપાર્જનમાં ગળે-ડુબ હોવાના કારણે માણસના અધ્યવસાયો સદૈવ ક્રૂર, અભદ્ર અને પાપીષ્ઠ બને છે તે રૌદ્રધ્યાનને આભારી છે.

( ४ ) भीषणाकारतया रौद्रः ( જ્ઞાતા. ૯૭ )

સંસારની મોહમાયામાં હદ વિનાનો મસ્તાન બનીને કામ-દેવની તથા પરિગ્રહની ઉપાસના જ જેને પ્યારી છે, તે માનવના મન, બુદ્ધિ, ઈન્દ્રિયો, ખાનપાન, રહેણીકરણી અને ભાષા વ્યવહાર અતીવ ભીષણ બનવા પામે છે એટલે કે બીજાઓને ભયંકર લાગે તેવી તેની પ્રવૃત્તિ બને છે તે રૌદ્રધ્યાન છે. હવે ભગવતી સૂત્રાનુસારે રૌદ્રધ્યાન કોને કહેવાય તે જોઈએ. જેના ચાર ભેદ છે.

(૧) હિંસાનુબંધી :–જે હિંસાત્મક ક્રિયાથી આત્મા પાપ-કર્મોથી બંધાય તે હિંસાનુબંધી છે. ભવભવાંતરના ક્રૂર અધ્ય-વસાયો વડે હજારો–લાખો અને કરોડો જીવો સાથે વૈરપૂર્વકનું ઋણાનુબંધન જ્યારે આ ભવમાં ઉદયમાં આવે છે ત્યારે માનવનું જીવન બીજા જીવોના ઘાતન, તાડન, મારણ, પીડન આદિની વૃત્તિઓ તથા પ્રવૃત્તિઓના સંસ્કારોથી વિકૃત બને છે અને સૌની સાથે વૈરઝેર વધારે છે, મારફાડ આદિ પણ કરે છે. સારાંશ કે આવા માણસો પરદ્રોહાત્મક હોવાના કારણે પ્રત્યેક પ્રસંગમાં પોતાના સ્વાર્થ સિવાય બીજું ગણિત તેમની પાસે હોતું નથી સ્વાર્થી જીવન જ હિંસક હોવાથી રૌદ્રધ્યાનમાં મગ્ન બનીને નરક ગતિના અતિથિ બને છે. આ ધ્યાનના માલીકો જ્યારે મૃત્યુશય્યા પર પડ્યાં હોય છે ત્યારે તેમની ભાષા તમે કોઈ દિવસે સાંભળી છે ? તેઓનો બકવાસ

આ પ્રમાણે હોય છે. દેખ બેટા! 'તૂં મારો સુપાત્ર પુત્ર હોય તો મહાવીરસ્વામીના સમવસરણમાં પગ મૂકીશ નહીં, તેમની વાણી સાંભળીશ નહીં. કેમકે મહાવીર એટલે આપણી ખાનદાનીનો પાકો દુશ્મન."

"અરે કાન્તિ! છેલ્લી મારી વાત સાંભળી લે, મારા મર્યા પછી બીજો વકીલ કરજે અને તારા કાકાને કારાવાસ ભેગો કરીને જંપજે. તેના ઘરનું પાણી પણ પીવાનું રાખીશ નહી."

"મરીને નરકમાં જાઉં તો ભલે જાઉં નરક મને કબુલ, કબુલ, કબુલ સાતવાર કબુલ પણ તારા તો ટાંટીયા કાપ્યા વિના નહીં રહું" ઈત્યાદિ આપણા જીવનના અસંખ્ય પ્રસંગોથી આપણે જાણી શકીએ છીએ કે રૌદ્રધ્યાન કેટલું ભયંકર છે.

(૨) મૃષાનુબંધી :–મૃષા–હિંસક, ઘાતક ઈર્ષ્યામય, દ્વેષપૂર્ણ, કઠોર, અસુયાત્મક, દ્રોહમયી–ભાષાવ્યવહારવડે પોતાના આત્માને નરકગતિ સાથે અનુબંધ કરાવે તે મૃષાનુબંધી રૌદ્રધ્યાન છે. મૃષા એટલે જૂઠાણું. નરકમાં જવાની લાયકાતવાળાઓના જીવન, ખાનપાન, વ્યાપાર, વ્યવહાર તથા લેવડદેવડ આદિ મૃષાવાદપૂર્ણ જ હોય છે, માટે કહેવાયું છે કે:-

"જૂઠ હી લેના, જૂઠ હી દેના, જૂઠ હી ભોજન જૂઠ ચલેના;
બોલ હી મધુર વચન જિમ મોરા, ખાઇ મહાદિ હૃદય કઠોરા."

(તુલસીદાસ)

મૃષાવાદીઓના જીવન મયૂર જેવા હોય છે, જે બહારથી મીઠા સુંદર લાગે તેવા અને પ્રસંગ આવે કાતીલ ઝેર જેવા હોય છે. શકુન શાસ્ત્રી કહે છે કે નાચતો મોર સામે મળે તો લક્ષ્મી, સુખ, શાંતિને આપનારો બને છે. પણ....પણ....ભૂલવું

ન જોઈએ કે તે સુંદરાકાર મયૂર (મોર) જ્યારે કોઈ મહાસર્પને પોતાની ચાંચમાં પકડીને તેને ચીરતો હોય છે, ચૂંથતો હોય અને ખાતો હોય છે ત્યારે આ દૃશ્ય જોયા પછી તમને લાગશે 'સંસારમાં મોર જેવો કઠણ હૃદયવાળો બીજો કોણ? તેવી રીતે મૃષાનુબંધી માનવો પણ જાણવા, જે બહારના સુંદર અને હૈયાના કોરા ધાકોર.

( ૩ ) સ્તેયાનુંબંધી :–સ્તેય એટલે ચોરી. આ કર્મને કરનારો સ્તેયાનુબંધી કહેવાય છે. નરકમાં જવાવાળા જીવનું આ ત્રીજું લક્ષણ છે. પૂર્વભવની ઉપાર્જિત કરેલી ચૌર્યકર્મની આદત મટવી કે મટાડવી તે બચ્ચાઓના ખેલ નથી. તેમના અધ્યવસાયો, હાથની ચાલાકી, બોલવાની કળા એટલે વાક્ચાતુરી, અને તોલવા–માપવાની કળા ધ્યાનથી જોવા જેવી હોય છે, તેઓ ધર્મના સૂક્ષ્મ સિદ્ધાંતોને, અહિંસાદિ વ્રતોને તથા અતિચારોને, સિદ્ધશિલાના માપને, મહાવિદેહ ક્ષેત્રની સીતા તથા સીતોદા નદીના ઊંડાણને, ઉત્સેધાંગુલ અને પ્રમાણાંગુલના અંતરને છેવટે સ્યાદ્વાદનય અને નિક્ષેપાના ભેદાનુભેદને સરળતાથી સમજી શકે છે, બીજાઓને સમજાવી શકે છે. સાથે કર્મોની પ્રકૃતિઓને, તેમની સત્તા–ઉદય–ઉદીર્ણાને આંગળીના ટેરવે ગણી શકાવે છે, પરંતુ પોતાના જીવનમાંથી ચૌર્યકર્મની આદતને હરહાલતમાં સુધારી શકતા નથી. તેમાં પણ ક્રૂરતાપૂર્વકની ચોરી મહાભયંકર હોવાથી રૌદ્રધ્યાનને ઉત્પન્ન કરાવનારી છે.

( ૪ ) સંરક્ષણાનુંબંધી રૌદ્રધ્યાન :–મળેલા કે મેળવેલા અર્થ અને કામના સાધનોને સુરક્ષિત રાખવામાં, તેમની વૃદ્ધિ કરવામાં, કામદેવ ભડકે બળે તેવા જુદા જુદા ઔષધ, ખાનપાન રસાયણ ગોતવામાં, તેમજ પરિગ્રહની માયાને ચારે બાજુથી વધારવામાં રાતદિવસ જેઓ રચ્યાં પચ્યાં છે, તે સંરક્ષણાનુંબંધી

રૌદ્રધ્યાનનું પરિણામ છે. આ ચારે પ્રકારના માનવો પોતાના માનવાવતારમાં માનવતા કે દૈવી તત્ત્વને આજીવન મેળવી શકતા નથી.

ઉત્તરાધ્યયન સૂત્રાનુસારે માનવતા–શ્રુતિ–શ્રદ્ધા અને પાપોના પરિહારરૂપ સંયમમાં વીર્યતા દુર્લભતમ છે. આ ચારે કારણોમાં પૂર્વ પૂર્વની હાજરીમાં જ ઉતરતત્ત્વની પ્રાપ્તિની સંભાવના છે. જેમકે પાપમાર્ગોના ત્યાગપૂર્વકની માનવતા યદિ પ્રાપ્ત ન થઈ હોય તો ધર્મશ્રવણ તેના ભાગ્યમાં ક્યાંથી આવશે? તે વિના ધર્મ તત્ત્વ પ્રત્યે શ્રદ્ધા ક્યાંથી લાવવાના? અને તે વિના આત્મ જીવનમાં સંયમ માટેની પરાક્રમિતા બુદ્ધદેવના શૂન્યવાદ જેવી જ રહેશેને? તેથી માનવતા પ્રાપ્ત કરવા માટે પાપ માર્ગોનો પરિહાર સર્વથા અનિવાર્ય છે. અન્યથા દાનવતા જ ભાગ્યમાં રહેશે.

## માનવાવતારમાં રાક્ષસ હોતા હશે?

ઈતિહાસ, પુરાણ, લોકવાર્તાઓ કે કાવ્યોમાં પણ આપણે સૌ વાંચતા સાંભળતા આવ્યા છીએ કે કાળારંગના, સિંઘડાવાળા, અઘોરી જેવા વાળ, દાંત, નખ, પગ અને હાથવાળા, અત્યન્ત ક્રૂર, નિર્દયી અને ભયાનકમાં ભયાનક રાક્ષસો સંસારમાં હોય છે. રામાયણ, મહાભારતકાળમાં રાક્ષસો હતાં, રામચન્દ્રજીની ધર્મપત્ની સીતાને રાક્ષસ ઉપાડી ગયો. ભીમ એક રાક્ષસની છોકરીને પરણ્યો અને તેનાથી ઘટોત્કચ નામે પુત્ર થયો ઈત્યાદિ વાતોમાંથી રાક્ષસોની વિદ્યમાનતામાં સૌ કોઈનું મન હકારાત્મક રૂપે સાક્ષી આપે છે. ત્યારે સંસારના યથાર્થ સ્વરૂપને પ્રરૂપિત કરનાર જૈન શાસન કહે છે કે રાક્ષસ માનવયોની નથી પણ દેવયોની છે. દેવ અને મનુષ્યો સાથે રહેતા નથી, પરણતા

નથી. કેમકે દેવયોનિનું શરીર માનવ શરીરને સર્વથા પ્રતિકૂળ હોય છે તેમજ માનવ કરતાં દેવનું પુણ્યકર્મ ઘણું હોવાથી બન્નેનું પરિણય ( લગ્ન ) બની શકતું નથી. બેશક ! પૂર્વભવની સંયમ આરાધનાના કારણે જબરદસ્ત પુણ્યકર્મને ઉપાર્જિત કરેલા મુનિઓ, મહામુનિઓ, તપસ્વીઓ, ચક્રવર્તીઓ, વાસુદેવો કે બીજા કોઈ ભાગ્યશાળીની સેવામાં રાક્ષસ, કિન્નર, ભૂત-પ્રેત આદિ યોનિના દેવો રહેતા હોય છે, તે બનવા જોગ છે. અથવા પૂર્વભવના અત્યધિક વૈરાનુબંધથી પ્રેરાઈને કોઇ રાક્ષસ-દેવ મનુષ્યને હેરાન પરેશાન કરે તે પણ શકય છે.

## રાવણ કોણ હતો ?

જૈન શાસનના અનુસારે રાવણ વિદ્યાધર હતો જ, ૩૫૩૫નો અવતાર હતો, હજારો પ્રકારની વિદ્યાઓનો સાધક હોવાથી તે વિદ્યાધર કહેવાયો છે અને શ્રાવકધર્મી પરમાર્હત જૈન હોવાથી અહિંસા ધર્મનો મહાન પ્રચારક હતો. પોતાની રાજ્યસત્તા દરમ્યાન સેંકડો, હજારો યજ્ઞકુંડોને શાન્ત કરાવ્યાં હતાં કેમકે તે સમયે "वेदविहिता हिंसा हिंसा न भवति' એટલે કે વેદોના મંત્રોચ્ચારપૂર્વક દેવદેવીઓની સામે સેંકડો, હજારોની સંખ્યામાં ઘેટા, બકરા, પાડા, ગાય, બળદ, કુકડા, આદિ મૂક પ્રાણીઓને તથા બત્રીસ લક્ષણવાળા બાળકોને બલિની વેદી પર ચડાવવામાં અને ક્રૂર રીતે મારી નાખવામાં આવતાં હતાં. તેમના માંસથી રાંધેલો આહાર જેમને પીરસવામાં આવતો હતો તેઓ આરામથી તેમનું ભોજન કરી મસ્ત બનતાં હતાં. ભવભૂતિના ઉત્તર રામચરિત્રમાં રામચંદ્રજીના પુત્ર લવ તથા કુશને જનોઈ દેવાનો અવસર હતો ત્યારે વાલ્મીકી ઋષિને ત્યાં બે રસોડા હતાં જેમાં એક માંસાહારનો હતો, અને બીજો શાકાહારનો. હજારોની સંખ્યામાં ઋષિઓ, મહર્ષિઓ, તેમના

પુત્રો ઉપરાંત બીજા માણસો પણ હતાં. વસિષ્ઠ આદિ મહર્ષિઓ માંસાહારના રસોડાના તથા જનક રાજર્ષિ જેવા શાકાહાર રસોડાના અતિથિ હતાં. આનાથી આપણે બરાબર જાણી શકીએ છીએ કે આ બધા મૂક પ્રાણીઓ યજ્ઞકુંડમાં મરાતા હતાં, તે હિંસક યજ્ઞકુંડોને સમજુતિપૂર્વક, તથા બળપૂર્વક રાજા રાવણે બંધ કરાવ્યા છે; માટે આવા અહિંસક રાવણ રાજાને રાક્ષસ શી રીતે કહેવાય ? તથાપિ રામાયણમાં તથા પુરાણોમાં રાવણનું ચિત્રણ રાક્ષસરૂપે કરાયું છે.

ભારત દેશના ક્રમશઃ થયેલા નૈતિક અધઃપતનમાં આ સંપ્રદાયવાદો, ધર્મવાદો કે ક્રિયાકાંડવાદો પણ મૌલિક કારણ બન્યા છે, તે એક કટુ સત્ય હકીકત છે. આ પ્રમાણે ધર્મના નામે, ક્રિયાકાંડોના નામે લડતી-ઝઘડતી ભારત દેશની પ્રજા કોઈ કાળે દેશના હિતને માટે પણ ભેગી થઈ શકી નથી, થઈ હોય તો મહા પંડિતોના વિરોધના અભિશાપે સંગઠિત થઈ નથી. આમ લડતી-લડાવતી, ઝઘડતી-ઝઘડાવતી દેશના ચારે આશ્રમો તથા ચારે વર્ણોની જનતા સર્વથા કમજોર થતી ગઈ. ફળ સ્વરૂપે ભારતની પ્રજા સુરા (શરાબ) સુંદરી (પરસ્ત્રી) અને શિકાર જેવા મહાભયંકર વ્યસનોમાં સપડાતી ગઈ અને પોતાના હાથે પોતાનું હીર-નૂર-તેજ-વર્ચસ્વ, યશ અને ઓજના હ્રાસ કરતી ગઈ.

## ત્યારે રાક્ષસ કોણ ?

આ તથ્યનો યથાર્થ નિર્ણય જૈન ધર્માનુયાયીઓની જેમ અહિંસાધર્મના પ્રેમી, દયાપૂર્ણ, મહાસંત તુલસીદાસજીએ પણ પોતાની રામાયણમાં કર્યો છે. તે આ પ્રમાણે :-

" પર દ્રોહી પર દાર રત, પર ધન પર અપવાદ;
તે નર પામર પાપમય, દેહ ધરે મનુજાદ. "

એટલે કે મનુષ્યાવતાર જેવા પવિત્ર જન્મને પામીને પાપ અને મોહબુદ્ધિથી પારકાનો દ્રોહ કરનાર, પરસ્ત્રીનું હરણ કરનાર, પરધન( પારકાના દ્રવ્ય ઉપર )ને પચાવી જનાર, કે પારકાની નિંદા કરનાર સિવાય બીજો રાક્ષસ કોણ? તુલસીદાસજી કહે છે કે પાપકર્મી આત્માઓ જ રાક્ષસ તુલ્ય કે રાક્ષસ જ છે. વકરેલો વાઘ, દીપડો, કાળો નાગ કે શિકારી પશુ માનવ સમાજનું જે નુકશાન કરે છે તેનાથી હજારો ગુણા નુકશાન કરનાર પાપકર્મી આત્મા છે જે આજે પણ આપણે પ્રત્યક્ષ અનુભવી રહ્યાં છીએ; માટે મનુષ્ય સૃષ્ટિમાં પાપી તથા ગુરુ વિનાનો આગુરવો રાક્ષસ છે. તેમાં પણ અગુરવો ( નગુરવો ) વધારે ખતરનાક હોવાથી જ કહેવાયું છે કે :–

" નગુરવો કોઈ મત મિલો, પાપી મીલો હજાર;
એક નગુરવા કારણે પાપી બને હજાર. "

અર્થાત્ જેના માથા ઉપર ગુરુ ન હોય તેવો નગુરવો, પંડિત હોય, મહાપંડિત હોય, સંન્યાસી હોય, રાજનૈતિક હોય, રાજ્ય સંચાલક હોય, શેઠ હોય કે શ્રીમંત હોય તે બધાય પોતાના વ્યક્તિત્વને માટે, કુટુંબને માટે, ગામને માટે, ધર્મને માટે, કે દેશને માટે પણ ઘણા જ ખતરનાક નીવડ્યાં છે, કેમકે તેમના આત્મા ઉપર કંટ્રોલ કરનાર કોઈ ન હોવાથી તેમને રૌદ્રધ્યાનમાં પ્રવેશ કરતાં વાર લાગતી નથી અને રૌદ્રધ્યાનનો માલિક જૂઠો છે, ચોર છે, દુરાચારી છે અને આખાય સંસારને ભૂખે મારી પોતે શ્રીમંત બનવાની ભાવનાવાળો હોવાથી બેશરમ છે માટે રાક્ષસ છે.

જ્યારે દૈવી સંપત્તિ સમ્પન્ન, વ્રતધારી હોવાથી અહિંસક, સત્યધર્મી, ચૌર્યકર્મ રહિત, પરસ્ત્રી ત્યાગી અને પરિગ્રહને પણ મર્યાદિત કરનાર હોવાથી સંસારનો મિત્ર છે, માટે દેવ છે.

## વેદને જૈનો શા માટે નથી માનતા?

આ સંસારમાં આદિ માનવ ઋષભદેવ થયા છે, જે ત્રણ જ્ઞાનથી યુક્ત, મહા તેજસ્વી, ઓજસ્વી અને અદ્વિતીય પરાક્રમી હોવાના કારણે માનવધર્મનો પ્રચાર અને તે સમયના બધાય યુગલિકોને માનવધર્મના ઝંડા નીચે લાવવાનું ભગીરથ કાર્ય કર્યું હતું. તેમને બધીય જાતની શિલ્પકળાઓ, ન્યાયનીતિઓ અને રાજધર્મ તથા પ્રજાધર્મનું શિક્ષણ આપ્યું હતું માટે સૌના પિતામહ જેવા હતાં. ભરત ચક્રવર્તી અને બાહુબલી, બ્રાહ્મી તથા સુંદરી આદી સંતાનો હતાં. સમય જતાં તે સંતાનોને અમુક અમુક દેશનું રાજ્ય આપી ભરત ચક્રવર્તીને અયોધ્યાનું રાજ્ય આપ્યું અને પોતે રાજપાટ, ધનવૈભવ, પુત્ર પુત્રીઓ આદિ પરિવારનો જ્ઞાનપૂર્વક અને સમજદારી-પૂર્વક સ્વેચ્છાએ ત્યાગ કર્યો અને આ દુનિયાના આદિ મુનિ થયા, ઘોર તપશ્ચર્યા કરીને કેવળજ્ઞાનના માલીક બન્યા તેથી આદિ તીર્થંકર, આદીશ્વર અને આદિનાથના નામે પ્રસિદ્ધ થયાં. સમવસરણમાં બિરાજમાન થઈને દેવ-દેવેન્દ્ર દેવીઓ, ઈન્દ્રાણીઓ તથા રાજા-મહારાજાઓને જે ઉપદેશ આપ્યો તેને ભરતરાજાએ શબ્દોમાં ગૂંથ્યો જે વેદના નામે પ્રસિદ્ધ થયો. જ્યાં સુધી તેમાં અહિંસાદિના મંત્રો હતાં ત્યાં સુધી તે વેદો સૌને માટે માન્ય રહ્યાં. સંસારમાં અહિંસાધર્મ અને તીર્થં-કરો જેમ અનાદિકાળથી છે, તેમ હિંસાકર્મ તથા તેના પ્રચારકો પણ અનાદિકાળના છે. જ્યારે જ્યારે તે હિંસક વર્ગનું જોર વધે છે ત્યારે સર્વત્ર હિંસાનું તાંડવ નૃત્ય દેખાવો દે છે અને

વેદમાં પણ હિંસાના મંત્રો પ્રવેશ કરે છે. કેમકે નિરામિષ ભોજન કરવાવાળા કરતાં માંસાહાર કરવાવાળાઓની સંખ્યા હમેશા વધારે જ હોય છે. ત્યારે જ તો વેદોનો આશ્રય કરી કલ્પિત દેવદેવીઓની આગળ બિચારા, નિરપરાધી મુંગા પ્રાણીઓની હત્યા વધવા પામી છે, જેમાં ઘેટાં–બકરાં–પાડા અને બળદોની હજારો લાખોની સંખ્યામાં ચીભડાની જેમ કાપી દેવામાં આવતાં હતાં, જે માંસાહારીઓને ઇષ્ટ હતું. ત્યાર પછી તો ધીમે ધીમે દેશના ખુણે ખુણે દેવ–દેવીઓને બિરાજમાન કરવામાં આવ્યા અને તેમની સામે તડફડતા, બેં બેં કરતા પશુઓને નિર્દય રીતે મારી નાખવામાં આવતાં.

દેશમાં આવી તંગ પરિસ્થિતિ હોવા છતાં પણ પંડિતોના જોર જુલ્મના કારણે કોઇને અવાજ કરવા જેવું પણ રહ્યું ન હતું. ત્યારે જૈનશાસને વેદને માનવાનો ઈન્કાર કર્યો. આજે પણ દયાનંદ સરસ્વતીના અનુયાયીઓ તથા વૈષ્ણવો પણ વેદને માનવા છતાં તેમાં રહેલાં હિંસક મંત્રોને માનતા નથી, આવી સ્થિતિમાં પણ તેઓ નાસ્તિક નથી કહેવાતા તો જૈનાનુયાયી-ઓને નાસ્તિક માનવામાં વૈદિકોએ ભયંકર ભૂલ ખાધી છે, પરિણામે આખોય દેશ બે સંસ્કૃતિમાં વિભાજિત થયો જેના કડવા ફળો દેશે સારી રીતે ભોગવ્યાં છે. ધર્મના નામે બિચારા મુંગા પ્રાણીઓને બે મોતે મારી નાખવા તે ધર્મ શી રીતે હોઇ શકે? દેવીઓની સામે બલિ ચડાવેલા પશુઓ દેવલોકમાં જાય છે. આ માન્યતામાં ભયંકર અજ્ઞાન જ કામ કરી રહ્યું છે. માળવાના મહારાજા ભર્તૃહરિએ ઠીક કહ્યું છે કે “યજ્ઞના કુંડમાં મરાતા પશુઓ યદિ સ્વર્ગ મેળવતા હોય તો સૌથી પહેલા પોતાના પરિજનોને જ હોમી દેવા જોઇએ.”

એકસીડન્ટમાં આવેલા જાનવરોને જ્યારે સડક પર તરફડતા

જોઇએ છીએ ત્યારે ભલભલાઓને પણ અરેરાટી થયા વિના રહેતી નથી તો પછી દયાદેવીના પૂજારીઓને જીવહિંસા પ્રત્યે નફરત ન આવે તે બને શી રીતે ?

માનવના જીવનમાં જ્યારે દોષ આવે છે અને વધે છે ત્યારે તે એટલો બધો હઠાગ્રહી બની જાય છે, જેના પરિણામે દેશનું રક્ષણ કરનારી, તથા જેના શરીરમાં ૩૩ કરોડ દેવોની સ્થાપના છે, તેવી માન્યતાને માનનારી સંસ્કૃતિએ ગાયના માંસનું વર્જન પણ કર્યું નથી. બ્રાહ્મણ સૂત્રો અને ખાસ કરી ભવભૂતિના ઉત્તર રામચરિત્રમાં ચોથો કે પાંચમો અધ્યાય જોવાથી ખબર પડશે કે દશરથ રાજાના કુળગુરુ વસિષ્ઠ જેવા મહા સંતે પણ ગાયના વાછરડાને 'મૂળા'ની જેમ આરોગ્યો છે.

આજથી ૨૫૦૦ વર્ષ પહેલાના ઇન્દ્રભૂતિ અગ્નિભૂતિ જેવા અકાટ્ય વિદ્વાનોને ભગવાન મહાવીરસ્વામીએ વેદમંત્રોનો આશ્રય લઇને જ તેમને શંકા વિનાના કર્યા છે. પરિણામે હિંસાના તાંડવનૃત્યથી ધ્રુજી ગયેલા હજારો, લાખો માનવોએ જીવહત્યા, માંસાહાર, શરાબપાન, વેશ્યાગમન તથા પરસ્ત્રી-ગમનનો સંર્વથા ત્યાગ કરીને અહિંસાધર્મના પૂર્ણ આરાધક બન્યા છે અને બીજા ભાગ્યશાળીઓ ગૃહસ્થાશ્રમમાં રહીને પણ માંસાહાર આદિનો ત્યાગ કરી 'શ્રેયસ્' ધર્મના આરાધક બન્યા છે.

## રૌદ્રધ્યાન કેવી રીતે ઓળખાય ?

આ ધ્યાનનો નિર્ણય કરવા માટે તેના પણ ચાર લક્ષણો બતાવવામાં આવ્યાં છે.

(૧) ઓસન્ન દોષ :–રૌદ્રધ્યાન થવાના ચાર કારણો

ઉપર જે બતાવ્યા છે તેમાંથી એકાદમાં મન પરોવી રાખવું તે આ ધ્યાનનું પહેલું લક્ષણ છે. જેમકે કોઇ જીવ હિંસાનુબંધી કાર્યોમાં તેના ચિંતવનમાં જીવન પૂર્ણ કરે છે, બીજો મૃષાનુબંધીમાં વ્યસ્ત બનીને જૂઠ–પ્રપંચ–કાવાદાવા, જૂઠી સાક્ષી, જૂઠા સોગન લેવા દેવામાં જીવનધનને બરબાદ કરે છે, ત્રીજો સ્તેયાનુબંધીમાં રચ્યો પચ્યો, ચોરની દોસ્તી, તેને સહાયતા, માલમાં ભેળસેળ, ખોટા વ્યાજ, જૂઠા તોલમાપ અને બીજા બધા પ્રકારના ચૌર્યકર્મમાં અહોરાત ગળેડુબ રહીને મનુષ્યાવતારથી ભ્રષ્ટ બને છે, ત્યારે ચોથો કોઈ માણસ હિંસાનુબંધી, સ્તેયાનુબંધી અને મૃષાનુબંધી પ્રત્યે બેદરકાર રહીને પોતાની ઇન્દ્રિયોનો ગુલામ બનીને વૃદ્ધાવસ્થા પર્યંત પણ સ્પર્શેન્દ્રિયના સુંવાળા મનગમતા, તથા મનગમતી સ્ત્રીના સ્પર્શોને છોડવા માટે સમર્થ બનતો નથી. જીભ ઇન્દ્રિયના ગુલામ બનીને ખારામીઠા, ચટપટા, તીખા તમતમતા ભોજન તથા પાનના સ્વાદો છોડવાની ભાવનાવાળો નથી હોતો. આંખ ઇન્દ્રિયની ગુલામીના કારણે અમુકને જોયા વિના કે સાંભળ્યા વિના તેને બીજે ક્યાંય આનંદ મળતો નથી. આ પ્રમાણે વિષયવાસનાનો પૂર્ણ ગુલામ હોય, રાત–દિવસ મૈથુનકર્મની વાસનામાં રચ્યો પચ્યો હોય, તેના જ વિચારો આવતા હોય કે ઉદીર્ણા કરીને વિષયવાસનાના જૂદા જૂદા પ્રકારોમાં કે ભોગવાયેલા ભોગોની સ્મૃતિમાં વિષયના કીડાની જેમ એકરસ થઇને જીવન પસાર કરતો માનવ ઓસન્ન દોષવાળો છે.

( ૨ ) બહુલ દોષ :–હિંસાનુબંધી આદિ ચારે દોષોમાં અત્યંત પ્રવૃત્તિવંત હોય એટલે કે હિંસા–જૂઠ ચોરી કે વિષયરક્ષણની પ્રવૃત્તિ સિવાય બીજે ક્યાંય તેનું મન–વચન–કાયા સારા કામમાં પ્રવૃત્તિવાળા હોતા નથી. એટલા, કલબ,

સિનેમા, મોજશોખ માટે ભમવું-રખડવું કે ક્યાંય લડાઈ-ઝઘડા કે ભાંજગડ હોય અથવા પરસ્ત્રીઓની ચર્ચા વિચારણા કે તેમના સહવાસની જગ્યા હોય તેવા સ્થળે તેમના પગ અને મન સદૈવ તૈયાર હોય છે, પરંતુ સમાજની સેવા હોય, દીન દુઃખી માટે ફંડફાળા કરવા થોડો સમય દેવો પડે કે વિધવા બહેનોના સંરક્ષણ માટે ગજવામાંથી કંઈક આપવું પડે તેવી એકેય પ્રવૃત્તિમાં તેમને રસ નથી, મુનિરાજોની સેવા, તેમના હાથ-પગ દબાવવા કે બામ ચોળવો હોય તો તેમાં આ ભાઈને જરાય રસ નથી. પરંતુ પંચોની જાજમ ઉપર મુનિરાજોની ચર્ચા, તેમના માટે કાયદા કાનુનોની દલીલો કરવી હોય તેમાં ઘરનો ધંધો છોડીને પણ પંચાત કરવામાં પૂરેપૂરો રસીયો હોય છે.

(૩) અજ્ઞાન દોષ :-તમામ શાસ્ત્રકારોએ અજ્ઞાનને મહાપાપ કહ્યું છે, કેમકે અઢારે પાપસ્થાનકોની પ્રવૃત્તિ કરાવનાર અજ્ઞાન છે. આમાં એટલી બધી શક્તિ છે કે માનવ કદાગ્રહી, મૂઢાગ્રહી અને પાકો જીદ્દી બનીને સમાજમાં કલેશ-કંકાસ ઉભા કરાવીને સર્વત્ર એક બીજાને વૈરવાળા કરી દે છે.

(૪) આમરણાંત દોષ :-મૃત્યુની છેલ્લી ક્ષણ સુધી પણ અમુક માનવો પાપના ધંધા, ખોટા વ્યાપારો, કોર્ટ કચેરીના કાવા દાવા, પરસ્ત્રીઓના સહવાસ આદિ કાર્યો છોડી શકતા નથી, બીજાઓને પણ છોડવા દેતા નથી. રૌદ્ર ધ્યાન સમાપ્ત.

( ૩ ) ધર્મધ્યાન :-પ્રતિદિવસ ધોવાતાં વસ્ત્રોને ઉજળા કરવામાં વધારે પરિશ્રમ પડતો નથી, પરન્તુ હલવાઇ, ઘાંચી આદિના મેલાદાટ વસ્ત્રોને ઉજળા કરવા અત્યંત કષ્ટસાધ્ય છે, તેવી રીતે આત્મ વસ્ત્ર પર, લાખો, કરોડો કે સંખ્યાત ભવોથી

લાગેલી પાપકર્મની ધૂળને ખંખેરવા માટે દેવ-ગુરુ અને ધર્મની આરાધના સિવાય બીજો એકેય માર્ગ નથી. લૌકિક અને લોકોત્તર રૂપે દેવના બે ભેદ છે. નાગકુમાર, બ્રહ્મદેવ, અસુર, રાક્ષસ, ગન્ધર્વ, કિન્નર, ભૂત, વ્યંતર, સૂર્ય, ચન્દ્ર, ગૃહ, નક્ષત્ર, તારા, ઘંટાકર્ણ, મણિભદ્ર અને ભેરૂજી આદિ અસંખ્યાત દેવો તથા પદ્માવતી, ચક્રેશ્વરી, અંબા, ચામુંડા, કાળી, મહાકાળી, કાલિકા, સીતલા, બહુચરા, ભવાની આદિ દેવીઓ લૌકીક દેવદેવીઓ છે. लोके भवाः लौकिकाः આ ન્યાયે તેમને પણ જન્મમરણના ચોરાશી ફેરા છે, ભવભવાંતરમાં રખડપટ્ટી છે, આ દેવો કોઈ પણ માનવના પાપોને, નાશ કરવા માટે અસમર્થ છે. માટે આત્મકલ્યાણને માટે આ દેવો આપણા ઉદ્ધારક બની શકતા નથી. જ્યારે લોકોત્તર દેવો तज्जयावाप्त માક્ષાય એટલે કે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, માયા આદિ જીવનના અંતરંગ શત્રુઓને સર્વથા નિર્મૂળ કરેલા હોઈને કેવળજ્ઞાનના માલિક બનીને સિદ્ધશિલાને પ્રાપ્ત થયેલા છે. આ કારણે જ લોકોત્તર અરિહંત પરમાત્માઓ જ માનવને પોતપોતાની યોગ્યતા પ્રમાણે કર્મપિંજરામાંથી મુક્ત કરાવી શકે છે.

પંચ મહાવ્રતોના પાલક, એકેન્દ્રિયાદિ જીવ માત્રના રક્ષક, મન-વચન તથા કાયાથી સંસારની પ્રપંચલીલાને સંયમિત કરનાર, સમિતિ ગુપ્તિ ધર્મના ધારક, મુનિરાજો જીવોને ધર્મ સમજાવી શકે છે અને પલાળી શકે છે. તેમજ દયાથી પરિપૂર્ણ-અહિંસા-સંયમ અને તપોમય જૈન ધર્મ જ વિષય કષાયને મર્યાદિત કરાવવામાં આરાધક માત્રને કર્મોથી છુટકારો આપવામાં સમર્થ છે. આ કારણે ઉપર પ્રમાણેના દેવ, ગુરુ અને ધર્મની સેવના જ માનવને આર્તધ્યાન તથા રૌદ્રધ્યાનથી

બચાવીને ધર્મધ્યાનમાં તલ્લીન કરવા માટે પૂર્ણ સમર્થ છે. જેનાં નીચે પ્રમાણે ચાર ભેદ છે.

(૧) આજ્ઞા વિચય :-કર્માણુઓથી સર્વથા મુક્ત થઈ કેવળજ્ઞાનના માલીક સયોગી, તીર્થંકર પરમાત્માઓની આજ્ઞાનું વિચય એટલે પર્યાલોચન-આલોચન કરવું તે આજ્ઞાવિચય નામે ધર્મધ્યાનનો પહેલો ભેદ છે. માનવ માત્ર મનઃકરણ, વચઃકરણ, કાયકરણ અને કર્મકરણનો માલીક હોવાથી તેના મન, વચન અને કાયા પ્રતિસમયે પ્રવૃત્તિવાળા જ હોય છે, પરન્તુ ધાર્મિકતા ( ધર્મમાં ચરતીતિ ધાર્મિકઃ ) પ્રાપ્ત થયા પછી થોડો વિચાર કરવામાં આવે તો તેની પ્રવૃત્તિમાંથી ગંદાપણું-વૈકારિક, તામસિક અને પૌદ્ગલિક ભાવનો ત્યાગ થઇ શકે છે; કેમકે જ્યાં સુધી જીવ, શુદ્ધ-સ્વરૂપી-નિરંજન-નિરાકાર અવસ્થાને પ્રાપ્ત થતો નથી, ત્યાં સુધી સદ્બુદ્ધિ તથા સદ્વિવેકપૂર્વક પોતાની પ્રવૃત્તિને તથા વૃત્તિને શુદ્ધ અને શુભ બનાવે તો સંસારના સંચાલનમાં પણ વાંધો આવતો નથી અને ઘણા નિરર્થક પાપોમાંથી બચાવ પણ થઇ જાય છે, માટે પ્રતિક્ષણે વિચાર કરવાનો પ્રયાસ કરવો કે મારૂં ખાનપાન, રહેણીકરણી, વ્યાપાર-વ્યવહાર આદિ પ્રવૃત્તિ તીર્થંકરોની આજ્ઞા પ્રમાણે છે ? અથવા નથી ? યદિ નથી તો પ્રયત્નપૂર્વક દેવાધિદેવ તીર્થંકર ભગવંતની આજ્ઞા સમજવી અને જીવનમાં ઉતારવા માટે જ પ્રયત્નો કરવા આનું નામ જ 'શ્રેય'ની સાધના છે કેમકે જૈનત્વ પ્રાપ્ત થાય તેનાથી બીજું શ્રેય કયું ?

સંસારભરના ગમે તેટલા અને તેવા પવિત્ર સદનુષ્ઠાનો હોય તે યદિ તીર્થંકર પરમાત્માની આજ્ઞાથી મુદ્રિત થયેલા હશે તો તે અનુષ્ઠાનોમાં પાપતત્ત્વનો પ્રવેશ અટકશે અને

સંવરત્વ આરાધિત થશે. આ કારણે જ શ્રાવકને યોગ્ય બધાય કર્તવ્યોમાં સૌથી પહેલા "मण्हजिणाणमाणं" જિનેશ્વરદેવની આજ્ઞા સૌ પહેલા સૌ કાર્યોમાં માનવાની રહેશે. કદાચ કોઇ ભાઈ કેવળ સ્તોત્રપાઠી જ હોય એટલે કે સ્તોત્રો બોલવાપૂર્વક કર્મોને નિર્જરિત કરવા માંગતો હોય તેને શિક્ષા આપતા આચાર્ય ભગવંતે કહ્યું કે સ્તોત્ર પાઠ કરતાં પણ આજ્ઞા સર્વશ્રેષ્ઠ છે.

"जइ इच्छह परमपयं, अहवा कीर्त्ति सुवित्थड भुवणे ।
ता तेल्लुक्कुद्धरणे जिणवयणे आयर कुणह ॥"

તારે યદિ પરમપદ–મોક્ષ–મુક્તિ–કેવળજ્ઞાન કે સીમંધરસ્વામીની આવશ્યકતા હોય, કીર્તિ અને યશ મેળવવા હોય તો જીવ માત્રનું કલ્યાણ કરાવનાર તીર્થંકર પરમાત્માઓની આજ્ઞાને માનવાનો આગ્રહ રાખજે.

"જો શિવસુંદરી વરવા હોંશ કરો, તો જિન આણા શિરે ધરો."

તમને યદિ શિવસુંદરીની ચાહના હોય તો સર્વ પ્રથમ મન–વચન અને કાયાથી કરાતા બધાય કાર્યોમાં જિનેશ્વર દેવની આજ્ઞાને મસ્તક પર ધારણ કરજો.

તીર્થંકર પરમાત્માઓની ધર્મની ચરમ સીમા ત્યાગ અને તપની સર્વાંશે કે અલ્પાંશે કરેલી આરાધનામાં સમાયેલી છે, કેમકે તપોધર્મની આરાધનાથી શરીર, મન, ઇન્દ્રિયો, બુદ્ધિ અને છેવટે આત્માની પણ શુદ્ધિ થાય છે. તે શુદ્ધિને ટકાવી રાખવા માટે તથા આત્માને સ્વભાવમાં, સ્વધર્મમાં કે આધ્યાત્મિક જ્ઞાનની ચરમ સીમાએ પહોંચાડવામાં બાહ્ય અને આભ્યંતર પરિગ્રહના ત્યાગધર્મથી અતિરિક્ત બીજો એકેય ધર્મ પૂર્ણ

રૂપે સમર્થ નથી. કારણમાં કહેવાયું છે કે–જે જે માર્ગથી નવા પાપો આવે તે માર્ગોનો ત્યાગ કરવો સર્વથા અનિવાર્ય હોવાથી તેના ત્યાગથી આત્માની શુદ્ધિ થશે, ટકશે, વધશે અને પરમાત્મપદ મેળવવાનો અધિકારી બનશે.

## શરીરની શુદ્ધિમાં આત્માની શુદ્ધિ કેમ નથી ?

કદાચ કોઈ કહે કે પવિત્રતમ ગંગા–યમુના–બાળબ્રહ્મચારિણી સરસ્વતી આદિ બીજી કોઈ નદીમાં શરીરનું સ્નાન કરી લેવાથી તેની શુદ્ધિ થતાં આત્માની પણ શુદ્ધિ થઈ જશે અર્થાત્ થઈ જાય છે, પણ આ માન્યતા સર્વથા ભૂલ ભરેલી છે, કેમકે શરીર પૌદ્ગલિક હોવાથી જડ છે અને આત્મા ચૈતન્ય છે. આ બન્ને દ્રવ્યોની દિશા જૂદી જૂદી હોવાના કારણે શરીરની શુદ્ધિ સાથે આત્માની શુદ્ધિની સંભાવના રહેતી જ નથી તથા ગંગામાં ગમે તેટલી વાર ડુબકી મારી લઈએ તો પણ શરીરનું ગંદાપણું કોઈ કાળે મટ્યું નથી અને મટવાનું નથી, કેમકે શરીરનું મળદ્વાર ગમે તેટલા પ્રયત્ન કર્યે છતે પણ પવિત્ર થવાનું નથી. દૂધ અને સાકરની જેમ આત્મા અને શરીર કર્મોના કારણે ભલે એકાકાર દેખાતા હોય તો પણ લોખંડના ગોળા અને અગ્નિ જેમ સર્વથા જૂદા છે તેમ આત્મા અને શરીર પણ સર્વથા જૂદા છે. માટે શરીરની શુદ્ધિમાં આત્માની શુદ્ધિ થતી નથી, કદાચ ચર્મચક્ષુથી કે પૂર્વગ્રહથી દેખાય તો યે તે શુદ્ધિ નથી પણ આભાસ છે. માટે શરીરનું સ્નાન આત્માની શુદ્ધિનું કારણ બનતું નથી. તે કારણે વ્યાસજી રચિત મહાભારતમાં કહેવાયું છે કે :–

" પાણી વડે કરાયેલું સ્નાન સ્નાન નથી, પરંતુ જે ભાગ્યશાળી પોતાની ઇન્દ્રિયોને સ્વાધીન કરે છે તે શુદ્ધ છે."

"પાંચે ઇન્દ્રિયોના વિષયોમાં અત્યાસક્તિ જ મનનો મેલ કહેવાય છે. માટે મેલ વિનાના થવાનો પ્રયત્ન કરવો તે મનની શુદ્ધિ છે. તેથી ધ્યાનથી પવિત્ર થયેલા જ્ઞાનરૂપી જળમાં જે સ્નાન કરશે તે પરમ ગતિ મેળવે છે. સ્મૃતિઓ પણ કહે છે કે "ब्रह्मचारी सदा शुद्धिः"

આત્માની શુદ્ધિ માટે શરીરશુદ્ધિ મૌલિક કારણ ન હોવા છતાં પણ ગૃહસ્થાશ્રમીને સ્નાન કર્યા વિના ચાલતું નથી; માટે સ્નાન કર્યા પછી અરિહંતોનું પૂજન તથા ધ્યાન કરવું જોઇએ જેથી સ્નાન સમયે પાણીના જીવોની થયેલી વિરાધના નાશ પામશે અને માનવતાને અહિંસા ધર્મનો રંગ લાગશે.

(૨) વિપાક વિચય ધર્મધ્યાનઃ–જ્યાં સુધી જીવાત્મા, શરીરથી સંબંધિત છે ત્યાં સુધી પૂર્વભવમાં કરેલા પાપાચાર, અભદ્ર વ્યવહાર, માયાચાર તથા મિથ્યાચારના માધ્યમથી રાગ-દ્વેષાત્મક ઋણાનુબંધન જે જે જીવો સાથે બાંધેલા છે તેમનો વિપાક–ફળાદેશ અર્થાત્ કરેલા કર્મોનો ભોગવટો કર્યા વિના છુટકો નથી. વિયોગ–દુઃખ–દારિદ્રય–શોક–સંતાપ આદિ, કરેલા પાપકર્મોનો વિપાક છે; માટે ભોગવ્યા વિના બીજો માર્ગ નથી. આવી પરિસ્થિતિમાં જ્યારે કર્મોના ફળો ભોગવવાના જ છે તો પછી સમ્યગ્જ્ઞાનપૂર્વક, સમજદારી અને સહનશીલતા કેળવીને ભોગવવામાં જ આત્માનું કલ્યાણ છે અને ભોગવાતા દુઃખો હળવા થશે, અન્યથા રોતા રોતા, રીબાતા રીબાતા તથા ક્રોધ સામે ક્રોધ, વૈર સામે વૈર, ભૂંડાઈની સામે ભૂંડાઈ આદિના અવળે રસ્તે ચડ્યાં તો જે જીવો આપણા શત્રુ બનીને આવ્યા છે તેમનો ઋણાનુબંધ તૂટશે નહી પણ વધશે, જે આવતા ભવોમાં પણ માર ખવડાવ્યા વિના રહેવાના નથી.

થોડીવારને માટે સમજો કે આ ભવ યદિ ક્રોધ કષાયમાં પૂર્ણ કર્યો અને ફળસ્વરૂપે નરકગતિ તિર્યંચ ગતિના હિંસક પશુ–પક્ષીના અવતારમાં ગયા તો પાપ કર્મોની માયા એટલી બધી વધી જશે જેથી તે જીવનાં હજારો–લાખો અવતારો બગડવા પામશે અને મનુષ્યાવતાર દુર્લભતમ બનશે.

સર્વે મહાપુરુષોએ, યોગીઓએ તથા શાસ્ત્રોએ મનુષ્ય-જન્મને શ્રેષ્ઠ કહ્યો છે, જેમાં સદ્‌બુદ્ધિ અને સદ્વિવેકની પ્રાપ્તિ સુલભ બનવા પામે છે. એકાંતમાં બેસી થોડો જ વિચાર કરી લેવામાં આવે તો માનવ હજારો વિઘ્નો, દુઃખો અને વિયોગો-માંથી પોતાની સ્વસ્થતા કેળવીને ધર્મધ્યાનના રસ્તે પોતાના મનને, વાળી શકવા માટે સમર્થ બની શકે છે. આ કારણે જ ધર્મધ્યાનનો બીજો ભેદ પ્રત્યેક જીવને સમ્યગ્‌જ્ઞાન આપતા કહે છે કે :–

ઓ માનવ ! આવી પડેલા દુઃખોમાં ધીરજ રાખજે.

વિયોગાવસ્થાને પરમાત્માનો આશીર્વાદ માનજે.

રોગ અને વ્યાધિમાં આત્માનું ઉત્થાન તથા વિકાસ માનજે.

બીજાના કરાયેલા અપમાનમાં તારી સહનશક્તિનો વધારો માનજે.

કૌટુંબિક અને પારસ્પરિક અસ્વસ્થતામાં સહિષ્ણુ બનવામાં સમ્યગ્‌જ્ઞાનની વૃદ્ધિ માનજે. ઉપર પ્રમાણે નિર્ણય કરીને જીવનનું ઘડતર કરવું શ્રેયસ્કર છે, જે વિપાક વિચયની ભાવનાને આધીન છે.

(૩) અપાય વિચય :–જીવન જીવવામાં જે અપાયો–

વિરોધો કે વિઘ્નો આવે છે, તેમાં રાગદ્વેષ, મોહ, માયા, ક્લેશ, કંકાસ આદિ મૂળ કારણ છે, તેમ સમજીને રાગદ્વેષાત્મક જીવનને બદલવાની ભાવના રાખવી અને પ્રત્યેક પ્રસંગને રાગદ્વેષમાં લઈ જવા કરતાં સરળ અને પવિત્ર માર્ગે લઈ જવા, જેથી મન અને બુદ્ધિનું સમાધાન થશે, જીવન સ્વસ્થ બનશે, ખરાબ પ્રસંગોમાં તમને વધારે હાનિ થશે નહિ અને તમારા જીવનમાં સરળતા અને કોમળતા હશે તો સંસારની ગમે તેવી વિકટ સમસ્યાઓથી તમે આબાદ બચી જશો. અન્યથા ગમે તેવા ધમપછાડા પણ તમને મદદ કરી શકશે નહિ, માટે સ્વાર્થી બનવા કરતાં પરમાર્થી બનવું, ક્રોધી બનવા કરતાં આનંદી બનવું જેથી તમે આર્તધ્યાન અને રૌદ્રધ્યાનથી બચી શકશો. ધર્મધ્યાનનો આ ત્રીજો ભેદ આપણને સમજણ આપે છે કે :- માનવ ! ગમે તેવા અને ગમે તેટલા વિઘ્નો આવે તેને ધર્મબુદ્ધિથી સમાધિત કરજે જેથી તારા બિરોધીઓ અને સંસારની માયા પણ સરળ બનશે. જેની પાસે કંઈક શક્તિ વિદ્યા કે સુંદરતા હશે તેનો જ બિરોધ કરનારા પગલે પગલે મળી આવશે. પણ રસ્તે ચાલતા ભીખમંગા, અનાથ કે રોગિષ્ટનો વિરોધ કરનારા કોઇ હોતા નથી. તેમ સમજીને તારૂં જીવન આનંદી, સરળ અને પવિત્ર હશે તો સંસારની વિકટ સમસ્યાઓ પણ સુસાધ્ય બનશે. સારાંશ કે તારી પવિત્રતા અને સિદ્ધાંતનિષ્ઠતા ઘણાઓને સારા માર્ગે લાવનારી બનશે. અન્યથા વિરોધની સામે વિરોધ કરવાથી તમારૂં જીવન કલુષિત બનશે જેથી તમારી બુદ્ધિ, જ્ઞાન અને વિજ્ઞાન પણ મલિન બનશે.

(૪) સંસ્થાન વિચય :-સંસારમાં રહેલા અસંખ્ય દ્વીપો, સમુદ્રો અને પર્વતો આદિનો વિચાર કરવો, જેથી સંસારની અનિત્યતા, અગાધતા, તથા અપાયતાનો ખ્યાલ આવશે અને

જીવનની બેમર્યાદ, આગમભ્રષ્ટ વિચારણામાં સમ્યક્ત્વનો પ્રવેશ થતાં ઘણા પ્રશ્નો સમાધિત થશે, જે તોફાને ચડેલા આર્તધ્યાન અને રૌદ્રધ્યાનને મર્યાદિત કર્યા વિના નહીં રહે.

જ્ઞાનાવરણીય કર્મના કારણે જ્ઞાન માત્રામાં વિપરીતતા, મિથ્યાત્વિતા કે સંશયિતા રહેલી જ હોય છે, જેનાથી પ્રત્યક્ષ દેખાતી વસ્તુઓનો નિર્ણય પણ યથાર્થ થઈ શકતો નથી, તો પછી પરોક્ષ પદાર્થનો નિર્ણય શી રીતે થશે ? તેથી પ્રત્યેક પ્રસંગને નિર્ણીત કરવા માટે શ્રુતિ(શાસ્ત્ર), યુક્તિ(તર્ક) અને અનુભૂતિ(અનુભવજ્ઞાન) આ ત્રણ માર્ગો છે. તે આ પ્રમાણે:

(૧) શ્રુતિ એટલે આગમશાસ્ત્રોમાં જે લખાયેલું છે, તેને તેવી રીતે જ માનવું તે શ્રુતિ છે. અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને પરિગ્રહના ત્યાગની અણિશુદ્ધ પ્રરૂપણા કરે તથા ધર્મ, સંપ્રદાય આદિના નામે પણ તે પાપોની સેવના કરવા માટે આજ્ઞા ન આપે તે જિનાગમ-જૈનશાસ્ત્ર કહેવાય છે, જેમાં નરકભૂમિ, નારક જીવો, દેવભૂમિ, દેવો તથા મનુષ્ય અને તિર્યંચોથી પૂર્ણ તથા દ્વીપ-સમુદ્ર, પર્વત, નદી, પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને વનસ્પતિથી વ્યાપ્ત તિર્ચ્છાલોકનું યથાર્થ વર્ણન છે, જેમાં પ્રરૂપિત સ્યાદ્વાદ, નયવાદ અને નિક્ષેપાવાદ માનવ માત્રને રાગદ્વેષ રહિત બનાવવા માટે પૂર્ણ સમર્થ છે; જેમાં ધર્મ, સમાજ, દેવ-દેવી કે પોતાની જીભ લાલસાના કારણે માંસાહાર, શરાબપાન, જુગાર, પરસ્ત્રીગમન, વેશ્યાગમન, શિકાર તથા ચૌર્યકર્મના આચરણ માટે કોઈને એટલે વ્યક્તિ વિશેષને માટે પણ અપવાદ નથી. તે જૈનાગમ કેવળી, તીર્થંકર પરમાત્માના પ્રરૂપક હોવાથી તેમાં વર્ણવેલી હકીકતોને સત્યરૂપે માનવી અને જે ન સમજાય તેમાં પોતાના મતિજ્ઞાન, શ્રુતજ્ઞાનની કમજોરી સમજવી.

જૈનાગમથી વ્યતિરિક્ત જેમાં યજ્ઞકર્મના માધ્યમથી દેવી-દેવોની સામે કલ્પિત મંત્રોચ્ચારણપૂર્વક એક, બે, સેંકડો, હજારો, બકરા, પાડા, ભેંસા, ભૂંડ, મુરઘા આદિ મૂક પ્રાણીઓનો ઘાત થાય, તેમનું બલિદાન લેવામાં આવે, તેમના લોહી અને માંસથી દેવી દેવોનું તર્પણ થાય, આ પ્રમાણે હિંસક કર્મને કથનારા શાસ્ત્રોને શી રીતે મનાય? તેવા મંત્રોથી આત્માનું કલ્યાણ કેવી રીતે થશે? માટે તે મિથ્યા શાસ્ત્રો છે, મંત્રો જૂઠા છે, અને દેવદેવીઓની કલ્પના માયામૃષાવાદપૂર્ણ છે, કેમકે જીવહત્યા પાપ જ છે તે કોઇ કાળે ધર્મ હોઇ શકે નહીં. આના અનુસંધાનમાં કદાચ કોઇ પંડિત તર્ક કરે કે જૈનાગમ યદિ શાસ્ત્ર હોય તો અમારા શાસ્ત્રોને શાસ્ત્ર તરીકે કેમ ન માનવા? જવાબમાં સમજાય કે ગમે તે નિમિત્તે પણ માનવની માનવતા પરવારી જાય, દયાદેવીની ક્રૂર મશ્કરી થાય તેવી ક્રૂરતાપૂર્વકની હત્યાનું પ્રતિપાદન કરનારા શાસ્ત્રો માનવનું કલ્યાણ શી રીતે કરશે? જે દેવદેવીઓના નામે હત્યા થાય છે, તેનું માંસ તે દેવો રતિમાત્ર પણ ખાતા નથી, જ્યારે તેનું ભક્ષણ કરનારા ઇન્દ્રિયાસક્ત, મૈથુનકર્માનુસક્ત અને પાપાસક્ત માનવો જ તે માંસને આરોગે છે. તે માટે જીવહત્યા, દેવ-દેવીઓની ભક્તિ નથી પણ તેમની ક્રૂર મશ્કરી છે. જેનાથી આત્માનું મનન થાય, અને આત્મા માટે શુદ્ધ આલંબન બને તે મંત્ર કહેવાય છે; પરંતુ આત્માને જીવહત્યાના પાપથી ભારે તથા મન અને ઇન્દ્રિયોને ભોગાસક્ત બનાવીને દુર્ગતિમાં ધકેલી મારે તે મંત્ર શા કામના?

પ્રત્યક્ષ પદાર્થો પણ એવાં છે જેમાં તર્ક લગાડવાથી કંઈ પણ અર્થ સરતો નથી તો પછી કેવળીગમ્ય પરોક્ષ તત્ત્વને તર્ક-અનુમાનથી શી રીતે સિદ્ધ કરાશે? માટે જ

'तर्कोऽप्रतिष्ठितः' કહેવાયું છે, કેમકે જે તર્કોથી વિતંડાવાદ વધે તથા સત્ય પ્રતિષ્ઠિત આત્માનો અનુભવ મિથ્યારૂપે કરાવે તેવા તર્કો અપ્રતિષ્ઠિત હોવાથી અમાન્ય છે. જૈનાગમમાં વર્ણિત પર્વતો, સમુદ્રો અને દ્વીપો જે કેવળીગમ્ય જ છે, જ્યાં માનવ એકેય સાધનથી પણ જઈ શકવા માટે સમર્થ બનતો નથી. આજનું વિજ્ઞાન પણ મર્યાદિત અને અધુરું છે, જે દક્ષિણાર્ધ ભરતક્ષેત્રને ઉલ્લંઘન કરી ઉત્તરાર્ધ ભરતમાં જઈ શકયો નથી, જવા માટે સમર્થ બની શકયો નથી, તો પછી ભરતક્ષેત્રથી બહાર તે કઇ રીતે જઈ શકશે? બે લાખ યોજન લવણ સમુદ્રને બધાય વૈજ્ઞાનિકો ભેગા મળીને તથા દુનિયાભરની સંપત્તિને હોમીને પણ જઇ શકવાના નથી. માટે સંસાર અગાધ છે, અસંખ્યાત દ્વીપ અને સમુદ્રોથી પરિપૂર્ણ છે. ધર્મધ્યાનનો આ ચોથો ભેદ સંસારના સંસ્થાનનું સ્વરુપ વિચારવા માટે આમંત્રણ આપતા ફરમાવે છે કે માનવ! તું યથાર્થ જ્ઞાન મેળવ અને સંસારના સ્વરુપને યથાર્થરૂપે જાણ જેથી તને કેવળી ભગવંતના જ્ઞાન પ્રત્યે પૂર્ણ વિશ્વાસ થશે.

## ધર્મધ્યાનના લક્ષણો કેટલા છે? અને કયા છે?

જવાબમાં ભગવંતે ધર્મધ્યાનના ચાર લક્ષણો ફરમાવ્યા છે. કોઈપણ લક્ષ્યની સિદ્ધિ લક્ષણ વડે જ થાય છે. અહીં ધર્મ-ધ્યાન એ લક્ષ્ય છે, કેમકે અમુક વ્યક્તિમાં કે આપણા જીવનમાં ધર્મધ્યાન છે કે નહીં તે જાણવાને માટે લક્ષણોની પ્રરૂપણા કરવી જ જોઇએ. આર્તધ્યાન અને રૌદ્રધ્યાન અને તેના લક્ષણો તો અનાદિકાળથી જીવમાત્રમાં વિદ્યમાન જ છે. જે સૌને પ્રત્યક્ષ જણાઇ આવે છે, જ્યારે સંસારના પરિભ્રમણમાં ધર્મધ્યાન

અત્યંત દુર્લભ છે, તે કારણે સૂત્રકારે લક્ષણો સૂચવ્યા છે તે આ પ્રમાણે છે.

( ૧ ) આજ્ઞારુચિ :–જે ભાગ્યશાળીઓને સ્વાભાવિક રીતે કે ગુરુના ઉપદેશ વડે કે સ્વાધ્યાય વડે અરિહંત પરમાત્માઓની આજ્ઞાને માનવામાં અને તે પ્રમાણે જીવનનું ઘડતર કરવામાં રુચિ–પ્રેમ આસકિત અને શ્રદ્ધા હોય તે ધર્મધ્યાનનું પહેલું લક્ષણ છે.

( ૨ ) નિસર્ગરુચિ :–નિસર્ગ એટલે સ્વભાવ, પોતાના આત્મસ્વભાવથી પાપકર્મોને મર્યાદિત કરવા માટે શ્રાવકના બાર વ્રતો અથવા તેમનો સંપૂર્ણ ત્યાગ કરવા માટે પાંચ મહાવ્રત સ્વીકાર કરીને સંસારની મોહ–માયામાંથી પોતાના આત્માને બચાવવાની ભાવના થાય, અથવા જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, બંધ, નિર્જરા અને મોક્ષ આ નવ તત્ત્વો છે તેવી શ્રદ્ધાને નિસર્ગરુચિ કહેવાય છે.

શરીરરૂપી ભાડાના મકાનમાં જીવ છે, જે ચૈતન્ય સ્વરૂપી, અજર, અમર છે તથા તેને કોઈ જાત નથી, ભાત નથી એટલે કે જીવ ઓસવાળ નથી, પોરવાલ નથી, વીસા કે દશાશ્રીમાળી નથી. કાળો નથી, ધોળો નથી, ઠીંગણો નથી કે લાંબો નથી, પુરુષ કે સ્ત્રી નથી, તે અનંત શક્તિનો માલિક જીવાત્મા કહેવાય છે.

આત્મા જેમાં રહેલો છે તે શરીર અજીવ હોવાથી જડ છે. પુદ્ગલોનું બનેલું હોવાથી પૌદ્ગલિક છે, માટે ઓસવાલ, પોરવાલ, મારવાડી, ગુજરાતી આદિના વિશેષણો શરીરના છે. શરીર માતાની કુક્ષિમાં બંધાય છે માટે જન્મે છે અને મરે છે; માટે શરીરને મરણ છે. શરીર સાથે લાગેલી પાંચ ઇન્દ્રિયો

પણ જડ છે, માટે તેમાં હ્રાસ અને વૃદ્ધિ થાય છે. તેવી રીતે મન પણ જડ છે.

પુણ્ય તત્ત્વ પણ જડ છે, આત્મામાં જ્યારે સદ્દબુદ્ધિ આવે છે અને સદ્વિવેકનો દીવડો પ્રકાશિત થાય છે ત્યારે આત્મા પોતે જ પુણ્યના કામો કરે છે અને તે કર્મો આત્માના પ્રદેશો સાથે એકરસ થઈને, તેના ઉદયકાળમાં જીવ સારા એટલે મનગમતા શબ્દો, રૂપો, ગંધો અને સ્પર્શોને મેળવે છે. તેમજ હાટ-હવેલી, પુત્ર પરિવાર તેને સારા મળે છે. જે કાર્યો કરવાથી જીવને આનંદ થાય, પ્રસન્નતા થાય, તેને પુણ્ય કાર્યો કહેવાય છે.

પાપ તત્ત્વ પણ જડ છે. આત્મા જ્યારે દુર્બુદ્ધિનો માલીક બને છે ત્યારે વિવેકનો દીવડો બુઝાઈ જતાં, હિંસા-જૂઠ-ચોરી, પરસ્ત્રીગમન-શરાબપાન, પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ, રાગ-દ્વેષ, અભ્યાખ્યાન, પૈશુન્ય, રતિ અરતિ, માયા મૃષાવાદ અને મિથ્યાત્વના નશામાં બેભાન બનીને પાપકાર્યો કરે છે અને તે કર્મોનો જ્યારે ઉદયકાળ આવે છે ત્યારે નીચ જાતિમાં, ગંદા ખાનદાનમાં જન્મે છે અને અણગમતા શબ્દો, રૂપો, રસો અને ગંધોને મેળવીને દુઃખ-શોક-સંતાપ, આક્રંદન, પરિતાપ આદિને ભોગવે છે. જે કાર્યો કરવાથી માણસને દુઃખ થાય, પસ્તાવું પડે, રોવાનું થાય તે પાપ કાર્યો છે. મતલબ કે આત્મા પોતે જ પાપકર્મો કરે છે અને ભોગવે છે.

આશ્રવ એટલે પુણ્ય અને પાપ કાર્યો વડે આત્મા જે કર્મોને બાંધે છે તે આશ્રવ છે. પાંચ ઇન્દ્રિયો, ચાર કષાયો, ત્રણ યોગો વડે જીવ આશ્રવનો માલીક બને છે અને અશુભ

કર્મોથી ભારે બને છે, તથા પુણ્ય કાર્યો વડે શુભ કાર્યોથી ભારે બને છે. શુભ કર્મો સોનાની બેડી અને અશુભ કર્મો લોખંડની બેડી જેવા છે. જેમાં જકડાયેલા આત્માઓ ક્યારેક દેવગતિમાં અને ક્યારેક નરકગતિમાં, ક્યારેક રૂપના અંબાર જેવા રાજા-મહારાજા-શ્રીમંત શાહુકારના રૂપમાં તો બીજા સમયે ગરીબ, દીન, અનાથના અવતારે દુઃખી બને છે. જીવાત્મા જ્યારે સદ્‌બુદ્ધિ કે દુર્બુદ્ધિના વશમાં રહે છે ત્યારે ચારે તરફથી કર્મોની ભરતી થાય છે અને જીવ તેમાં લપટાઈ જાય છે. અશુભ કર્મોનો ભોગવટો કરતો આત્મા યદિ સદ્‌બુદ્ધિવાળો હશે તો અશુભ કર્મોના ભોગવટામાં પણ શુભ કર્મોનું ઉપાર્જન કરશે અને શુભ કર્મોના ભોગવટામાં યદિ તે આત્મા દુર્બુદ્ધિ-વશ હશે તો શુભ કર્મોનું દેવાળું કાઢીને ફરીથી પાપકર્મોની ઉપાર્જના કરનારો બનશે.

સંવરધર્મની પ્રાપ્તિ થયે તે જીવાત્માને શુભાશુભ કર્મો અટકી જાય છે. દરવાજો બંધ હોય તો કોઈનો પ્રવેશ સુલભ નથી બનતો, તેમ સંવર એટલું ઢાકણું, તેની હાજરીમાં અંદરનો પદાર્થ બહાર અને બહારનો પદાર્થ અંદર આવતો નથી. તેવી રીતે મહાવ્રત, અણુવ્રત-અષ્ટ પ્રવચન માતા, બાર ભાવના આદિથી અશુભ કર્મોનો અવરોધ થતાં નવા પાપકર્મો બંધાતા નથી.

બંધઃ-આશ્રવ માત્ર શુભાશુભ કર્મોને ઉપાર્જન કરાવી આપશે, પણ તે કર્મોને આત્મા સાથે દૂધ અને સાકરની જેમ એકાકાર કરવાનું કામ બંધ તત્ત્વનું છે. ઉપાર્જન કરેલા કર્મો જ્યારે ઉદયમાં આવશે ત્યારે કયા સ્વભાવે આવશે? કેટલી મર્યાદામાં આવશે? ઉદયકાળમાં તીવ્રતા હશે કે મંદતા? કર્મોનો જથ્થો કેટલો હશે? એક કીલો ઘાસ પૃથ્વીના વધારે

પ્રદેશો રોકશે જ્યારે તેટલા જ વજનનું સોનું થોડા પ્રદેશોમાં સમાઈ જશે અને પારો તેના કરતાં પણ ઓછા પ્રદેશોમાં સમાઈ જશે. વજન બધાઓનું એક સમાન હોવા છતાં સૌના પ્રદેશો જુદા જુદા છે, તેવી રીતે કર્મોના પ્રદેશો પણ જાણવા.

નિર્જરા એટલે આત્મપ્રદેશો સાથે મિશ્રિત થયેલા શુભાશુભ કર્મોને બાળી નાખે, ખસેડી નાખે તેને નિર્જરા કહેવાય છે. સંવર તત્વ કેવળ તે તે કર્મોના માર્ગને જ અવરોધે છે. જ્યારે નિર્જરા સત્તામાં પડેલા કર્મોને સાફ કરવાનું કામ કરે છે. બાળવાનું કામ અગ્નિનું છે, પાણીનું નથી. તેવી રીતે બાર પ્રકારની તપશ્ચર્યાને અગ્નિની ઉપમા અપાય છે જે કર્મોને બાળીને ખાખ કરે છે.

મોક્ષ :–નિર્જરા તત્વથી જ્યારે પુણ્ય અને પાપના સંપૂર્ણ કર્મો ધોવાઈ જાય અને તેમનો એક પણ પરમાણુ આત્મા સાથે ન રહે ત્યારે જીવાત્મા સંસારથી મુક્ત થઈને મોક્ષને મેળવનારો બને છે. ઉપર પ્રમાણેના નવે તત્વોને શ્રદ્ધાથી માને તથા પાપ, આશ્રવ, બંધ અને અજીવનો ત્યાગ કરી પુણ્ય તથા સંવર નિર્જરાનો સ્વીકાર નિસર્ગ રુચિને આભારી છે. કરવાની રૂચિને નિસર્ગરૂચી કહેવાય છે.

( ૩ ) સૂત્રરુચિ :–પર જીવોની દયા પાળવા, તેમને અભયદાન દેવાં, પરોપકારાદિ તત્વોને આત્મસાત્ કરવાં તેમજ પોતાના આત્માનો વિકાસ થાય તે માટે જૈન સૂત્રોમાં કયો વિધિ છે ? જે સૂત્રોથી આત્માનો સત્ય, સદાચાર અને સંયમધર્મ સચવાય તેવા જૈનાગમના સૂત્રોને જાણવાની, ભણવાની, ભણેલા કે જાણેલાને જીવનમાં ઉતારવાની રૂચિને સૂત્રરુચિ કહેવાય છે.

( ૪ ) અવગાઢરુચિ :–દ્વાદશાંગીમાં સવિસ્તર અવગાહન ( પ્રવેશ ) કરીને જે તત્ત્વોને પ્રાપ્ત કરવાની રુચિ થાય અથવા પંચ મહાવ્રતધારી મુનિઓનું સામીપ્ય સાન્નિધ્ય કે તેમની નિશ્રા સ્વીકારીને તેમની પાસેથી સૂત્રો, અર્થો અને તેનો વિધિ આદિની જાણકારી લેવી તે અવગાઢરુચિ કહેવાય છે.

## ધર્મધ્યાનનું આલંબન શું છે ?

આલંબન એટલે ટેકો, જેનાથી પ્રાપ્ત થયેલું ધર્મધ્યાન આત્મામાં સ્થિર રહે તે આલંબન છે. સંસારના પ્રત્યેક કાર્યમાં સથવારાની એટલે બીજાના આલંબનની આવશ્યકતા નકારી શકાતી નથી. તો પછી ગુણસ્થાનકો એક પછી એક સર કરવા હોય અને પ્રાપ્ત થયેલા ધર્મધ્યાનને ટકાવી રાખવું હોય તે માટે આલંબનની આવશ્યકતા નથી તે શી રીતે કહેવાય ? ભગવંતે ચાર પ્રકારના આલંબન કહ્યાં છે.

( ૧ ) વાચના :–આત્માની પ્રબળ પુરુષાર્થશક્તિ વડે ક્ષયોપશમની પ્રાપ્તિ થાય છે અને જેમ જેમ તેની વૃદ્ધિ થાય છે તેમ તેમ ધર્મધ્યાન તરફ આત્માનું પ્રસ્થાન આગળ વધે છે, પરન્તુ ભૂલવું ન જોઈએ કે તે ક્ષયોપશમ આત્માની માલીકીનું ન હોવાના કારણે ઉપશમિત થયેલી કર્મપ્રકૃતિઓ ફરીથી પોતાનો ચમત્કાર બતાવી દેવા માટે ગમે ત્યારે પણ સમર્થ છે. તે માટે સાધક મહાપુરુષે વારંવાર આગમશાસ્રોનું પરિશીલન એટલે સ્વાધ્યાય કરવો, તેના અર્થોનું મનન કરવું, નિદિધ્યાસન કરવું; કેમકે સાધકને પોતાની સાધના માટે સ્વાધ્યાય જ શ્રેયસ્કર માર્ગ છે.

( ૨ ) પરિવર્તના :—કંઠસ્થ થયેલા આગમાદિશાસ્રો, પ્રકરણાદિ ગ્રંથો, મંગળકારક સ્તોત્રો અને પ્રાયશ્ચિત્ત માટે

મળેલી ગાથાઓની પુનઃપુનઃ આવૃતિ કરવી જેથી તેની વિસ્મૃતિ થવા ન પામે. આત્માની શક્તિ વડે પ્રાપ્ત કરેલા ક્ષયોપશમ દ્વારા જે શ્રુતજ્ઞાન મેળવેલું હોય તેની પ્રમાદવશ વિસ્મૃતિ કરવી તે જ્ઞાનાવરણીય કર્મબંધનનું જબરદસ્ત કારણ છે. માટે પ્રમાદનો ત્યાગ કરી ગોખેલી ગાથાઓનું પુનરાવર્તન કરવું.

(૩) પ્રતિપૃચ્છના :—આવૃતિ કરતાં આગમોના અર્થ ચિંતવનમાં ભૂલ જેવું દેખાય તો તેમના જ્ઞાતાઓને ફરીફરીથી પૂછવું જેથી અર્થની સંગતિ બની રહેવા પામે.

(૪) ધર્મકથા :—અજ્ઞાનમાં અથડાયેલા, મિથ્યાત્વથી ઘેરાયેલા, કષાયોથી પીડાયેલા, વિષય-વાસનામાં ફસાયેલા, શરીરની માયામાં ભાન ભૂલેલા, અર્થોપાર્જન તથા તેના રક્ષણમાં અવળે રસ્તે ચડી ગયેલા માનવોને જૈનત્વનું, જીવાદિ તત્ત્વોનું, વૈરાગ્યના માહાત્મ્યનું તથા સંસારની અસારતાનું રહસ્ય સમજાવવું તે ધર્મકથા છે.

## ધર્મની અનુપ્રેક્ષા કેટલી છે?

આત્માની અપૂર્વ શક્તિ વડે મેળવેલા ધર્મધ્યાનનું પુનઃ પુનઃ પર્યાલોચન કરવું એટલે કે જીવનની પ્રત્યેક ક્રિયાઓમાં ચાર પ્રકારની ભાવના ભાવવી તેને અનુપ્રેક્ષા કહેવાય છે. સારી રીતે ધોવાયેલાં વસ્ત્રને પણ ટીનોપાલ, નીલરંગ અને ઇસ્ત્રીની આવશ્યકતા રહેલી છે, બજારમાંથી ખરીદીને લાવેલા શાકમાંથી ચપ્પુ વડે અભક્ષ્ય તત્ત્વને દૂર કરીને ઘી-મસાલા આદિનો સંસ્કાર કરવો આવશ્યક છે, તેવી રીતે મહાપુણ્યોદયે મેળવેલા ધર્મધ્યાનને ટકાવી રાખવા અને વધારે દેદીપ્યમાન કરવા માટે ચાર ભાવનાઓને જીવનના અણુઅણુમાં ઉતારવી અત્યુત્તમ છે. તે આ પ્રમાણે છે :-

(૧) એકત્વાનુપ્રેક્ષા :–વારંવાર આત્માનું 'એકત્વ' એટલે કે "હુ" એકલો છું, મારૂં કોઇ નથી "एगोऽहं नत्थि मे कोइ" આ ભાવનાને ગુરુમંત્રની માફક ભાવવી, જેથી ચેતન કે અચેતન પરપદાર્થો પ્રત્યે રહેલી માયાને છોડવા માટે ખાતાં–પીતાં, ઊઠતાં–બેસતાં પોતાનામાં એકત્વની ભાવના સ્થિર થવા પામશે.

( ૨ ) અનિત્યાનુપ્રેક્ષા :–કાયા આદિ પદાર્થોની માયા મને અનાદિકાળથી વળગેલી છે, પરન્તુ તે પદાર્થો જ જ્યારે અનિત્ય, નાશવંત અને એક દિવસે આંખોથી અદૃશ્ય થવાવાળા હોવાથી તેમના પ્રત્યે રાખેલી, વધારેલી, પોષેલી, માયા મારા માટે શા કામની ? આત્મા અજર–અમર છે અને શરીર રોગ આદિનું ઘર છે તથા મૃત્યુના મુખમાં પ્રવેશ કરેલું છે. માટે ભાડાના મકાન જેવું શરીર જ્યારે મારૂં નથી, તો તેના કારણે લાગેલી બીજા જીવોની મોહ–માયા, મોહવાસના, કે શરીરાદિને શણગારવા માટે ભેગી કરેલી માયા પણ શા માટે કાયમ રહેશે ? કોણ કાયમ રાખશે ? તેત્રીશ કરોડ દેવ દેવીઓનું શરીર પણ નાશવંત છે તો મારા શરીરનો શો વિશ્વાસ ? તેમ સમજીને આંખે દેખાતા પદાર્થોમાં અનિત્યતાની ભાવના કરવી.

( ૩ ) અશરણાનુપ્રેક્ષા :–બીલાડીના મુખમાં પ્રવેશ કરેલા કબૂતરને, વાંદરાના હાથમાં સપડાઇ ગયેલા સર્પને, વાઘના પંજામાં ફસાયેલા સસલા આદિને મૃત્યુના મુખમાંથી કોણ બચાવી શકશે ? તેવી રીતે યમરાજથી મને બચાવનાર પણ કોઈ નથી, માટે હું અશરણ છું. આવા પ્રકારની ભાવના પ્રતિસમય ભાવવાથી સંસારનો મોહ ઘટશે. યમરાજને અતિથિ કહેવાનો આશય એટલો જ છે કે બીજા મહેમાનો તો આપણા આમંત્રણથી આપણે ત્યાં આવે છે, જ્યારે યમરાજ તો આમંત્રણ દીધા વિના જ નક્ષત્ર, યોગ, તિથિ, કરણ,

અમૃતસિદ્ધિ યોગ, રવિ યોગ કે મૃત્યુ-યમઘંટ યોગ આદિની પરવા કર્યા વિના જ ગમે ત્યારે પધારી શકવા માટે પૂર્ણ સમર્થ છે. પછી ચાહે તમે સ્ત્રીના સહવાસમાં હો, નોટોના બંડલોની વચ્ચે બેઠેલા હો, હીરા-મોતીના ડાબલાઓ બન્ને-બાજુ પડ્યા હોય, મિત્રોની સાથે ગપ્પામાં બેઠેલા હો કે બીજાઓની ભાંજગડમાં રચ્યા પચ્યા હો તો પણ યમરાજની સવારીને રોકવા માટે કોઈ પણ સમર્થ નથી.

(૪) સંસારાનુપ્રેક્ષા :-સંસારની ચારે ગતિઓમાં વારંવાર પરિભ્રમણ કરવાનું કારણ શું ? મનુષ્યભવના આંટા બેકાર શા કારણે જાય છે ? આવો વિચાર કરવાથી સંસારની અગાધતા, ભયંકરતા, ચારે ગતિઓના દુઃખો આદિનું કારણ ખ્યાલમાં આવશે, જેનાથી સંસારની ત્યાજ્યતા સમજાશે અને આત્મા-મન-બુદ્ધિ જૈનત્વને મેળવવાની ઝંખના કરશે.

## ત્રણે ધ્યાનોના માલિક કોણ કોણ ?

ધ્યાન શબ્દની ઉત્પત્તિ 'ધ્યૈ ચિન્તાયામ્' ધાતુથી થઈ હોવાથી ધ્યાન એટલે વિચારધારા-માનસિક વિચાર જે સંજ્ઞી જીવોને સ્પષ્ટ તથા અસંજ્ઞી જીવોને અસ્પષ્ટ હોય છે. મિથ્યાત્વ ગુણસ્થાનકે રહેતાં અનંતાનંત જીવાત્માઓને સત્તામાં રહેલા અનંતાનંત કર્મોની વર્ગણામાં અનંતાનુબંધી કષાયો તથા મિથ્યાત્વ મોહનીય કર્મનો ઉપશમ કે ક્ષયોપશમ કોઈ કાળે થયેલો હોતો નથી, તે કારણે તેમના માનસિક, વાચિક અને કાયિક વ્યાપારોમાં દુર્ધ્યાનની માત્રા વધારે પડતી હોવાથી તેમની પાસે તે દુર્ધ્યાનને કંટ્રોલમાં લાવવાની શક્તિ હોતી નથી તથા તેમને ધ્યાનની વ્યુત્પત્તિ કે સમજણ સમ્યક્ ન હોવાના કારણે તેમનું પ્રાણાયામાદિ ધ્યાન પાપોથી મુક્ત પણ કરાવી

શકતું નથી અને નવા આવનારા પાપોનો અવરોધ પણ કરી શકતો નથી. માટે પ્રસ્તુત આભ્યંતર તપના પ્રકરણમાં તે ધ્યાન માટેની ચિંતા ન કરતાં સમ્યક્ત્વ પ્રાપ્ત થયા પછીથી જે ધ્યાન થાય છે તેની આ વાત છે.

મિથ્યાત્વીની સત્તામાં પડેલા દર્શનમોહનીય અને ચારિત્ર-મોહનીય કર્મો કરતાં સમ્યક્ત્વ સમ્પન્ન આત્મામાં રહેલા તે કર્મોની વર્ગણા થોડી હોય છે, કારણ કે સમ્યક્ત્વની પ્રાપ્તિ થતાં જ કર્મોની ઘણી મોટી સત્તા સમાપ્ત થાય છે અને કેવળ કોડાકોડી સાગરોપમ જેટલી જ શેષ રહે છે. યદ્યપિ દર્શન-મોહનીય અને ચારિત્રમોહનીયનો ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમ થવાના કારણે તેની તાકાત મિથ્યાત્વીની પાસે રહેલા કર્મો કરતાં ઓછી હશે તો પણ દબાયેલો કે દબાઈ ગયેલો કાળો નાગ અવસરે ડંખ માર્યા વિના રહેતો નથી, તેવી રીતે ઉપશમિત તે કર્મો પણ સમ્યક્ચારિત્રની શુદ્ધ નદીના પાણીને ડોળાવી મારવા માટે સમર્થ હોવાથી સમ્યક્ચારિત્ર સમ્પન્ન મુનિને પણ કોઈક સમયે દુર્ધ્યાની અને બીજા સમયે સદ્ધ્યાની બનાવવા માટે પૂર્ણ સમર્થ હોય છે.

જે સંયમી પાસે સ્વાધ્યાયબળ, તપોબળ કે ભાવનાબળ મજબુત નહીં હશે, તેમને ભોગવેલા ભોગોની, ભોગ માટે ઉપસ્થિત ભોગ્યની, પરિગ્રહની, માયાની, સત્તા અને પ્રતિષ્ઠાના મિથ્યા ખ્યાલોની તથા વિષય-કષાય અને વિકથા આદિની માયા કોઈ કાળે ઓછી થવાની નથી. માટે તેમનું ધ્યાન સ્થિર રહેતું નથી, એકાગ્રતા સધાતી નથી, માયા મરતી નથી, સમતા સધાતી નથી, વિષય કષાય પ્રત્યેનું વૈરાગ્ય જામતું નથી અને ઇંદ્રિયોની ગુલામી મટતી નથી. આ કારણે જ ધ્યાનના માલીકો પણ જુદા જુદા હોય છે.

## આર્તધ્યાનના માલિક કોણ ?

જવાબમાં કહેવાયું છે કે સમ્યક્ત્વની પ્રાપ્તિ થયા પછી પણ જેઓ વ્રત વિનાના હોય તે, અવિરત, વ્રત સ્વીકારેલા દેશ વિરતિધર, મહાવ્રત સ્વીકારેલા પ્રમત સંયમી અર્થાત્ ચોથે, પાંચમે અને છઠ્ઠે ગુણસ્થાનકે રહેલા સાધકો આર્તધ્યાનના માલીકો બની શકે છે તથા સમ્યક્ત્વ અને વ્રત વિનાના જીવાત્માઓ આર્તધ્યાની જ છે.

સમ્યક્ત્વ પ્રાપ્ત થતાં અનંતાનુબંધી કષાયો ભલે ઉપશમિત, ક્ષયોપશમિત કે ક્ષપિત થઈ ગયા હોય તો પણ તેનો નાનો ભાઈ અપ્રત્યાખ્યાન કષાય જેના જીવનમાં જોરદાર પડયો હોય તે સાધક જાણવા છતાં પણ નિરર્થક પાપોનો ત્યાગ કરવા માટે સમર્થ બનતો નથી. તેવી સ્થિતિમાં તે કષાયના ઉદયકાળે તે સાધકને મનોજ્ઞ પદાર્થોની પ્રાપ્તિની ઇચ્છા, અમનોજ્ઞ પદાર્થોના વિયોગની ઈચ્છા, અસાત વેદના નાશની ઇચ્છા કે નિદાનગ્રસ્ત થવાની ઈચ્છારૂપ આર્તધ્યાન કાયમ રહે તે સ્વાભાવિક છે. પરંતુ સમ્યક્ત્વના કારણે કોઈક સમયે તે સાધકને શ્રદ્ધા, સંવેગ, નિર્વેદ આદિની વૃદ્ધિ થાય છે. ત્યારે શેષ રહેલા કોડા કોડી સાગરોપમના કર્મોમાંથી પલ્યોપમ જેટલા કર્મોની હાનિ (નાશ) થતાં અપ્રત્યાખ્યાન નામનો કષાય ઉપશમિત કે ક્ષયોપશમિત થાય છે, ત્યારે સાધકને નિરર્થક પાપોની નિવૃતિ રૂપ દેશવિરતિ ધર્મનો ઉદય થાય છે અને શ્રાવકધર્મના બાર વ્રત સ્વીકારે છે. તો પણ ત્રીજા નંબરનો પ્રત્યાખ્યાન નામના કષાયનો ઉદય તો ભાગ્યમાં રહેલો હોવાથી આર્તધ્યાન થતું રહે છે. આવી સ્થિતિમાં પણ કોઈક સમયે ડગમગતો અને કોઈક સમયે સ્વાધ્યાયમાં આગળ વધતો સાધક ગૃહસ્થાશ્રમની સંપૂર્ણ માયાને

છોડીને મહાવ્રત સ્વીકારી લે છે, પણ માયા જીવતી ડાકણ કરતાં વધારે ભૂંડી હોવાથી, યદ્યપિ અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની અને પ્રત્યાખ્યાની કષાયોને ભલે તાકાત વિનાના કરી દીધા હોય તો પણ હજુ જીવતા જાગતાં સંજ્વલન કષાય તે સાધકના જીવનની કસોટી પૂરેપૂરી કરી રહ્યાં હોય છે. તેથી તેમને પણ વળગેલી આર્તધ્યાનની માયા નકારી શકાતી નથી. એટલે કે છઠે ગુણસ્થાનકે બિરાજમાન હોવા છતાં કોઇક સમયે પાતળી મલમલ, જીણા ચોલપટ્ટા, કાશ્મીરી પશ્મીનો, સોનાની ફ્રેમના ચશ્મા અને ચાવી દેવામાં હાથને પણ પરિશ્રમ દેવો ન પડે તેવા ઘડિયાળો આદિ દ્રવ્યો પ્રત્યે માયાની ઉદીરણા કરવા વડે તે મહાપુરુષો પણ આર્તધ્યાનના માલીક બને છે કે તેમાં મૃત્યુ પામે તે સ્વાભાવિક છે. વિશેષમાં એટલું જાણવાનું કે યદિ તે સાધક ભાવ સંયમી હશે તો તેમને નિદાન એટલે નિયાણા બાંધવાનું આર્તધ્યાન હોતું નથી, કેમકે નિદાનગ્રસ્તના અને મહાવ્રતિતાને બારમો કે આઠમો ચંદ્ર છે, તેવી રીતે મહાવ્રત અને રૌદ્રધ્યાન પણ પરસ્પર વિરોધી હોવાથી મહાવ્રતીને રૌદ્રધ્યાન હોતું નથી.

## રૌદ્રધ્યાનના માલિક કોણ ?

જવાબમાં ભગવંતે ફરમાવ્યું કે પહેલા કહેલા ચારે પ્રકારના રૌદ્રધ્યાન વિરતિ વિનાના સમ્યક્ત્વીને તથા વ્રતધારી શ્રાવક( ગૃહસ્થ સાધક )ને હોય છે, કેમકે રાધાવેધની સમાન કોઇક સમયે આત્મામાં અપૂર્વ કરણ અને અનિવૃત કરણ( શક્તિ વિશેષ )નો સંચાર થાય છે અને સાતે કર્મપ્રકૃતિઓનો ક્ષય થતાં ક્ષાયિક–સમ્યક્ત્વ, ઉપશમ થતાં ઔપશમિક સમ્યક્ત્વ, અને ક્ષયોપશમ થતાં ક્ષાયોપશમિક સમ્યક્ત્વની પ્રાપ્તિ થયા પછી તે સાધકને આત્મશક્તિના વિકાસ સાધવામાં કાં તો ગુરુગમ

બરાબર ન મળ્યો હોય અથવા પોતાની તૈયારી આગળ વધવા માટેની ન હોય ત્યારે સાધક ત્યાં ને ત્યાં પડ્યો રહે છે. તેમ છતાં દેવ, ગુરુ, ધર્મને માને છે, પૂજે છે, તેમનો સત્કાર પણ કરે છે, તો પણ દેવ, ગુરુની સમાન થવા માટેના તેવા વ્રતો સ્વીકારવામાં તેને થોડો પણ ઉત્સાહ રહેતો નથી; માટે વ્રત વિનાના જીવનમાં પાપના માર્ગો બંધ ન થવાથી ગમે ત્યારે પણ હિંસા, જૂઠ, ચોરી અને બદમાશીના પાપો, બેમર્યાદ વિષયવાસના, તથા ક્રોધાદિ કષાયની વાસનામાં મસ્ત બનીને રૌદ્ર ધ્યાનનો માલીક બનવા માટે તેની પાસે અવકાશ રહેલો છે. માટે વ્રત વિનાનો માનવ પાપભીરૂતા રહિત હોવાથી પાપવાસનામાં રચ્યો પચ્યો રહેતા ગમે ત્યારે પણ રૌદ્રધ્યાનનો સ્પર્શ થતાં વાર લાગતી નથી.

સમ્યક્ત્વપૂર્વક બાર વ્રત લીધા પછી પણ તેના પાલનમાં જેવી જોઈએ તેવી જાગૃતિ ન હોવાથી આન્તરિક જીવનમાં પ્રમાદ, બેદરકારી વધે છે. ફળ સ્વરૂપે પોતાના લીધેલા વ્રતોની મર્યાદા, તેના અતિચારોના સેવનમાં બેધ્યાન અને સેવાઈ ગયેલા અતિચારોનું મિચ્છામિ દુક્કડં દેવા જેવી લાયકાત ન રહી હોય ત્યારે તે સાધક, અનંતાનુબંધી કષાયના ઉપશમ પછી સમ્યક્ત્વ અને અપ્રત્યાખ્યાની કષાયના ઉપશમથી વ્રતધારી બન્યો હતો. તે પુનઃ કષાયો તરફ આકર્ષાય છે અને તેવી લેશ્યાઓનું નિમિત મળતાં જ પાછો કૃષ્ણ લેશ્યા, નીલ લેશ્યા તથા કાપોત લેશ્યાનો માલીક બને છે. ત્યારે રૌદ્રધ્યાનનો માલીક બનવા કોણ રોકી શકવાનો હતો ? પરંતુ એટલું વિશેષ સમજવાનું કે વ્રત વિનાના માનવનું રૌદ્રધ્યાન નરકપ્રદ થશે જ્યારે વ્રતોમાં રહેલાનું રૌદ્રધ્યાન નરક દેવાવાળું બનતું નથી.

## ધર્મધ્યાનના માલીક કોણ કોણ ?

સાત, આઠ, નવ, દશ, અગ્યાર અને બારમે ગુણસ્થાનકે રહેનારા મુનિ વિશેષો જ ધર્મધ્યાનના અધિકારી બનવા પામે છે; કેમકે આર્તધ્યાન તથા રૌદ્રધ્યાનની મર્યાદા છઠ્ઠા ગુણ-સ્થાનકે સમાપ્ત થાય છે, માટે સાતમે અપ્રમત ગુણસ્થાનકે ધર્મધ્યાનની પ્રાપ્તિ સુલભ બને છે; તથા જ્યાં મોહ તથા કષાય સંપૂર્ણ ઉપશાંત થાય તે અગ્યારમે સંપૂર્ણ ક્ષય થાય તે બારમે ગુણસ્થાનકે પણ ધર્મધ્યાનની વિદ્યમાનતા છે. કેમકે અગ્યારમે અને બારમે ગુણઠાણે રહેનારા પુણ્ય પવિત્ર સાધકો યદ્યપિ કેવળજ્ઞાનની મર્યાદામાં આવી ચૂક્યા છે તો પણ હજુ છદ્મસ્થ છે.

વિશેષમાં જાણવાનું કે ચોથે પાંચમે અને છઠ્ઠે ગુણસ્થાનકે રહેનારા સાધકો યદિ કષાયવૃત્તિ-પ્રવૃત્તિ અને તેના પ્રકારોને સંયમિત કરે તો તેમને પણ ધર્મધ્યાનની પ્રાપ્તિ થવામાં વાંધો આવતો નથી અર્થાત્ તે ભાગ્યશાળીઓ પણ ધર્મધ્યાની બની શકે છે. મોહકર્મનો ઉપશમ પણ જૈનશાસનને માન્ય હોવાથી સાધક યદિ મોક્ષાભિલાષિણી પુરુષાર્થશક્તિનો વિકાસ સાધે અને સમ્યગ્જ્ઞાનપૂર્વકના કષાયોના સહવાસથી દૂર રહે તો ધર્મધ્યાનના માલીક બનવામાં તેમને કયાંયથી પણ અંતરાય નડતો નથી, માટે જ અરિહંત પરમાત્માઓનું શાસન પુરૂષાર્થને આધીન છે.

## શુકલધ્યાનની દુર્લભતા શા માટે ?

સાધકની સાધના જ્યાં સુધી પૂર્ણતા પ્રાપ્ત કરવાની ભૂમિકામાં પહોંચતી નથી ત્યાં સુધી શુક્લધ્યાનની પ્રાપ્તિ

શકય નથી. કષાયની તાકાત વિદ્યમાન હોય અથવા ગમે ત્યારે પણ સાધક કષાયાધીન બની શકતો હોય ત્યારે આ ધ્યાનની ભૂમિકા શી રીતે પ્રાપ્ત થશે? દશમે ગુણસ્થાનકે કષાયનો અણુ પ્રમાણ જેટલો જ ભાગ વિદ્યમાન હોય તો પણ સાધકને ગમે ત્યારે ખતરો ઉત્પન્ન કરી શકે છે, તો પછી જ્યાં કષાયોની પ્રચૂરતા હોય, ઉદીર્ણા હોય, કષાયી આત્માનો સહવાસ ગમતો હોય ત્યાં ધર્મધ્યાન પણ દુર્લભ બને છે, તો શુક્લધ્યાનની વાત કયાં કરવાની? આ બધા કારણોને લઈ જેઓ ચરમભવી હોય અને ૧૧-૧૨-૧૩-૧૪ આ અંતિમ ગુણસ્થાનકે પહોંચી ગયા હોય તે પુણ્યશાલીઓને જ આ ધ્યાન સુલભ બને છે. અગ્યારમા અને બારમા ગુણસ્થાનકનો માલિક યદ્યપિ વીતરાગ કહેવાય છે, તો પણ તે છદ્મસ્થ છે, તેમ છતાં કષાયો તેમના નિરસ અને અલ્પકાલીન સમયની મર્યાદાવાળા હોવાથી, સર્વથા તાકાત વિનાના હોય છે, માટે તે સાધકો જ આ ધ્યાનને સ્વાધીન કરવા માટે પૂર્ણ સમર્થ છે.

અત્યારે મહાવિદેહ ક્ષેત્રને છોડી ભરત-ઐરાવતના એકેય સાધકને આ ધ્યાનની પ્રાપ્તિ છે જ નહીં, તેથી મોક્ષના દ્વાર પણ તેમના માટે બંધ છે. કેમકે કેવળજ્ઞાન થયા વિના મોક્ષની પ્રાપ્તિ સર્વથા અશકય છે અને શુક્લધ્યાનમાં પ્રવેશ કર્યા વિના કેવળજ્ઞાનની પ્રાપ્તિ વ્યક્તિ વિશેષને માટે પણ હરહાલતમાં અશકય છે. આ ધ્યાનને પદ્માસન, ઉત્કટાસન, વીરાસન કે શીર્ષાસનાદિ તથા હીરા-મોતી તથા રૂદ્રાક્ષની માળા કે સર્પ-વાઘ-સિંહાદિથી ભયંકરતમ બનેલા વનવગડાનો સીધો સંબંધ નથી, માટે આ ધ્યાન દુલર્ભતમ બને છે.

## શુક્લધ્યાનના ભેદો કેટલા?

ભગવંતે ફરમાવ્યું કે, હે ગૌતમ! આ ધ્યાન ચાર પ્રકારનું છે.

(૧) પૃથક્ત્વવિતર્ક વિચાર, (૩) સૂક્ષ્મ ક્રિયા પ્રતિપાતિ,
(૨) એકત્વ વિતર્ક, (૪) વ્યુપરત ક્રિયા નિવૃતિ.

શુદ્ધ અને સર્વથા સફેદ સ્ફટિક પાસે લાલ-ગુલાબી કે શ્યામ પદાર્થો ભલે પડ્યાં હોય તો ય તેમના સહવાસથી તે સ્ફટિક કોઈ કાળે લાલ-ગુલાબી કે શ્યામ બનતું નથી અને લાખો દેવોના પ્રયત્ન પછી પણ તેની સ્વચ્છતા કે શુદ્ધતામાં ફેર પડતો નથી. તેવી રીતે શ્રેણીસમ્પન્ન આત્મા કે ચૌદ પૂર્વનો પૂર્ણ જ્ઞાતા પણ તેવા પ્રકારની સ્ટેજ(ભૂમિકા)માં પહોંચી ગયો હોય છે, જ્યાં સંસારના અનંત દ્રવ્યોની તેમના પર્યાયોની એકેય માયા તેમને સ્પર્શતી નથી. કષાય મોહના એક એક પરમાણુને સર્વથા નષ્ટ ભ્રષ્ટ કરવાની પૂર્ણ શક્તિ પ્રાપ્ત થયેલી હોવાથી, જેઓએ યથાખ્યાત નામના ચારિત્ર વડે શમ, સંવેગ, નિર્વેદ, આસ્તિકય અને અનુકમ્પાની ચરમ સીમા પ્રાપ્ત કરી લીધી હોય છે. પવનના સ્પર્શ વિનાનો દીપક જેમ પૂર્ણ સ્થિર રહે છે, તેવી રીતે પોતાના આત્માની અનંત શક્તિ વડે જેઓ આત્મામાં પૂર્ણ સ્થિર થઈ ચૂકયા હોય છે, તથા કાયાની સ્થૂલ કે સૂક્ષ્મ માયા સર્વથા નાશ પામી ગયા પછી, મન અને વચનની માયા પણ નેસ્ત નાબૂદ થઈ ગઈ હોય, તેવા મહાપુણ્ય-પવિત્ર, પરમારાધ્ય ભાગ્યશાળી જીવો જ શુક્લધ્યાનમાં પ્રવેશ કરી શકે છે અને જીવનનું છેલ્લું અને પવિત્ર લક્ષ્ય જે કેવળજ્ઞાન છે તેને મેળવી મુક્તિના ભોક્તા બનવાના અધિકારી બને છે. ઉપરના ચાર ભેદમાંથી પહેલાના બે ભેદ કેવળજ્ઞાન માટે અને પછીના બે ભેદ મુક્તિને મેળવી આપનારા છે.

ચારે ભેદોનો તાત્પર્યાર્થ.

(૧) **પૃથક્ત્વ વિતર્ક વિચાર**:-મન, વચન અને કાયાના ત્રણે યોગોના માલીક જે અગ્યારમે ગુણસ્થાનકે બિરાજમાન હોય તેમને જ આ ધ્યાન હોય છે. પરન્તુ તે ગુણસ્થાનક અચરમ શરીરી ઉપશમ શ્રેણીવાળાને માટે પતનસ્વભાવી પણ હોય છે, જેથી જેઓ આ ભવે જ મોક્ષ મેળવવાને પૂર્ણ લાયકાતવાળા હોય છે તેઓ યદ્યપિ પ્રારંભમાં ઉપશમ પદ્ધતિએ આગળ વધ્યા અને અગ્યારમા ગુણસ્થાનકથી પડ્યાં. પણ હાથીના ગંડસ્થળને ભેદવા માટે પૂર્ણ સમર્થ તે મહાપુરુષો આઠમે ગુણસ્થાનકે પહોંચી પાછા કમર કસીને કર્મરૂપી હાથીના ગંડસ્થળને ભેદવાને માટે ક્ષપકશ્રેણીએ આગળ વધે છે અને જ્યાં સુધી આ ત્રણે યોગોની વિદ્યમાનતા છે ત્યાં સુધી તેઓ શુક્લધ્યાનના પ્રથમ ભેદે જ રહે છે, કેમકે આગળ વધી શકવાને માટે હજી પૂર્ણ તૈયારી કરવા જેટલી સમર્થતા મેળવી શકયા નથી. યદ્યપિ કાર્મણ શરીરના સશક્ત વિકારો લગભગ સમાપ્ત થઈ ગયા હોવાથી ત્રણે યોગમાં રહેલી અને પોષાયેલી પાપોત્પાદકતા સર્વથા નષ્ટ થઇ ચૂકી હોય છે. તોપણ ગુંડો માણસ કોઈ કાળે સજ્જન કે મહાજન બની શકતો નથી. માટે જ તેઓ વિતર્ક અને વિચાર સહિત હોવાથી અર્થ-વ્યંજન અને યોગમાં પૂર્ણરૂપે નિસ્પંદન રહી શકતા નથી.

(૧) અર્થ-એટલે ધ્યાનના વિષયભૂત જે ધ્યેય હોય છે તે અર્થ કહેવાય છે, અને તે દ્રવ્યાત્મક તથા પર્યાયાત્મક જ હોય છે. કર્મોનો સમૂળ નાશ કરવા માટે તથા કેવળજ્ઞાનને પ્રાપ્ત કરવાની ચરમ સીમાએ પહોંચી જવા માટે પૂર્ણરૂપે સમર્થ બનેલા હોવા છતાં પણ નિષ્કંપનતાના અભાવે એક દ્રવ્યના ધ્યાનમાંથી બીજા દ્રવ્યના ધ્યાનમાં અને એક પર્યાયના ચિંતવનમાંથી બીજા પર્યાયના ચિંતવનમાં પલટાઇ જતાં વાર લાગતી નથી, તેને અર્થ સંક્રાંતિ કહેવાય છે.

( ૨ ) વ્યંજન એટલે શ્રુતજ્ઞાન છે, જેનાથી અર્થ વિશેષની અભિવ્યક્તિ થાય, તેવા એક શ્રુતવાકયમાંથી બીજામાં અને બીજામાંથી ત્રીજામાં જેઓ પલટાઇ જાય તેને વ્યંજન સંક્રાંતિ કહેવાય છે.

( ૩ ) યોગ એટલે મન–વચન અને કાયાના ત્રણે યોગમાં જે પલટાતા રહે તે યોગની સંક્રાંતિના કારણે બને છે.

ઉપર્યુક્ત ત્રણે કારણોથી સપૃથક્ત્વ, વિતર્કત્વ (શ્રુતજ્ઞાન) અને વિચારત્વ (સંક્રાંતિ–પરિવર્તના). આ ત્રણે વિષયનું ધ્યાન તે પહેલું ધ્યાન છે, જે ચૌદ પૂર્વના જ્ઞાતાને જ હોય છે, નહીં કે આચારાંગાદિના જ્ઞાતાને ચૌદ પૂર્વના અભાવમાં શુક્લધ્યાન નથી અને તેના અભાવમાં કેવળજ્ઞાન નથી. આ શાસ્ત્રપ્રમાણ સિદ્ધ વસ્તુ હોવા છતાં પણ મરૂદેવી માતા કે મારૂષ–માતુષ ( માસ્તુષ મુનિ ) આદિ મહામાનવો કેવળજ્ઞાનને મેળવી શકયા છે. તેઓ શુક્લધ્યાનના આધારે નહીં પણ ધર્મધ્યાનની ઉત્કૃષ્ટતમ આરાધનાના આધારે સમજવું, કેમકે તેઓ ચૌદ પૂર્વના જ્ઞાતા હતાં જ નહીં.

( મરૂદેવી માતા ગૃહસ્થ હોવાના કારણે ચૌદ પૂર્વના જ્ઞાનનો પ્રશ્ન રહેતો નથી અને મારતુષ મુનિને અક્ષરજ્ઞાન પણ આવડતું ન હતું તે દીવા જેવું સ્પષ્ટ છે.)

( ૨ ) એકત્વ વિતર્ક :–મોહકર્મ ક્ષીણ થઈ જવાથી બારમે ગુણસ્થાનકે વર્તતા ક્ષપકશ્રેણીએ આરૂઢ થયેલા મુનિને આ ધ્યાન હોય છે અને તે પણ ત્રણ યોગમાંથી કેવળ એક જ યોગમાં વર્તતો હોય ત્યારે. આ ધ્યાનમાં નિસ્પંદનતા ( સ્થિરતા ) વધી ગયેલી હોવાથી અર્થ વ્યંજન અને યોગની સંક્રાંતિનો સંભવ નથી, તથા બારમા ગુણસ્થાનકના અંતે મોહનીય કર્મ

ક્ષય થયે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાયરૂપ ઘાતી કર્મો સર્વથા નાબુદ થતાં તેરમા ગુણસ્થાનકે પદાર્પણ કરતો તે સાધક કેવળજ્ઞાનનો માલીક બને છે, જે બધાય જ્ઞાનોમાં સર્વોત્કૃષ્ટ જ્ઞાન છે. કર્મોના સમૂળ નાશ થયા પછી પ્રાપ્ત થયેલું હોવાથી તે જ્ઞાનનો એક પણ પ્રદેશ કોઈ કાળે પણ પ્રતિઘાતિ બનતું નથી, કે કોઈની શક્તિ વિશેષથી પણ તે જ્ઞાન પર ફરીથી આવરણ આવતું નથી. આ કારણે જ ત્રણે લોકના દ્રવ્યો અને પ્રત્યેક દ્રવ્યના અનંત પર્યાયોને પ્રત્યક્ષ કરે છે, સર્વથા શુદ્ધ ક્ષાયિકભાવ, ક્ષાયિક દર્શન, અને ક્ષાયિક ચારિત્ર આદિ અનંત ભાંગે પ્રાપ્ત થાય છે. આવું જ્ઞાન સંસારવર્તી ચક્રવર્તી, વાસુદેવ, ઈન્દ્ર કે બ્રહ્મદેવને પણ હોતું નથી. માટે દ્રવ્ય અને ભાવદયાનો સાગર જેમના આન્તર હૃદયમાં ઉછાળા મારતો હોય તેવા ભાગ્યશાળીઓ પૂર્વભવના ત્રીજા ભવે તીર્થંકરગોત્ર બાંધ્યું હશે તો કેવળજ્ઞાન થયા પછી તીર્થંકર નામકર્મનો ઉદય થતાં તે તીર્થંકર કેવળી કહેવાશે. ત્યાર પછી તે સર્વે અતિશયોથી યુક્ત બને છે અને દેવ-દેવેન્દ્ર, ચક્રવર્તી, વાસુદેવ, બલદેવ આદિ નરરત્નોને પણ પૂજ્ય, ઉપાસ્ય, ધ્યેય, આદરણીય, વંદનીય અને સદૈવ સ્મરણીય બને છે અને સમવસરણમાં બિરાજમાન થઈને ચતુર્વિધ (તીર્થ) સંઘની સ્થાપના કરે છે. સંસારવર્તી જીવોને સમ્યગ્જ્ઞાનનો ઉપદેશ કરે છે જેનાથી તે જીવો પાપોથી, દુઃખોથી, અપરાધોથી મુક્ત બને છે.

જે સામાન્ય કેવળી છે, તે પોતાના આયુષ્યમાં આઠ વર્ષ ઓછા યાવત્ પૂર્વકોટી વર્ષ પર્યંત કેવળી પર્યાયમાં વિહરમાન થઈ ભવ્ય જીવોને પ્રતિબોધ કરે છે, અને તીર્થંકર પરમાત્માઓ મધ્યમ આયુષ્યવાળા હોવાથી કેવળજ્ઞાનમાં કંઈક

ઓછા એક લાખ પૂર્વ સુધી જ વિહરે છે. ૮૪ લાખને ૮૪ લાખ વડે ગુણાકાર કરતાં જે સંખ્યા આવે તેને ફરીથી એક કરોડથી ગુણતાં જે આંક આવે તે પૂર્વકોટિ કહેવાય છે. અને એક લાખથી ગુણતા એક લાખ પૂર્વવર્ષ કહેવાય છે. સારાંશ કે સામાન્ય કેવળીઓની કેવળજ્ઞાનની સ્થિતિ લાખ પૂર્વની જ હોય છે, ત્યારે જ તો ઋષભદેવ પરમાત્મા ૮૩ લાખ પૂર્વ ગૃહસ્થાશ્રમમાં રહ્યાં અને આયુષ્યના એક લાખ પૂર્વ શેષ રહ્યા ત્યારે સંયમ સ્વીકાર્યો છે. આ પ્રમાણે સીમંધરસ્વામી માટે જાણવું.

અતિશયોનું વર્ણન આગળ કરાશે.

**(૩) સૂક્ષ્મ ક્રિયા અપ્રતિપાતી શુકલ ધ્યાન :–** તેરમો ગુણઠાણો કેવળી ભગવંતોને માટેજ નિયત છે. જ્યારે આયુષ્યકર્મ અન્તર્મુહૂર્ત શેષ રહે અને કેવળી સમુદ્ઘાતથી નિવૃત્ત થઈ ચૂકયા હોય ત્યારે મન, વચન અને કાયાની સ્થૂળ ક્રિયાઓનો અવરોધ કરવા માટે આ ધ્યાનની પરમાવશ્યકતા છે, કારણ કે ત્રણે યોગોનો આત્મા સાથે અનાદિકાળનો સંબંધ રહેલો છે, તેને ધ્યાન વિશેષની પ્રક્રિયા વડે તોડ્યા વિના મુક્તિની પ્રાપ્તિ સુલભ બનતી નથી અને તે આધ્યાત્મિક વિકાસની ચરમ સીમા પ્રાપ્ત થયા વિના કોઈ કાળે તૂટે તેમ નથી. કેવળજ્ઞાનને મેળવવા માટે જેમ ઘાતી કર્મોનો ક્ષય અનિવાર્ય છે, તેમ મુક્તિના મહેલમાં જવા માટે મન, વચન તથા કાયાની સૂક્ષ્મ કે સ્થૂળ ક્રિયાઓનો અવરોધ તેરમા ગુણસ્થાકના અંતે થાય છે. તેની પ્રક્રિયા નીચે પ્રમાણે જાણવી.

કેવળી ભગવંત સહુ પહેલા પોતાના સૂક્ષ્મકાય યોગમાં સ્થિર થઈને સૌથી પહેલા મન અને વચનની સ્થૂળતાનો નિરોધ

એટલે તેમની બાદરતાને સમાપ્ત કરી સૂક્ષ્મ બનાવવાની ક્રિયા કરે છે, અર્થાત્ મન, વચનના સૂક્ષ્મ યોગમાં પોતે વિશેષ પ્રકારે સ્થિર થઈને કાયાના સ્થૂળ યોગને નામશેષ કરી તેને સૂક્ષ્મ કરે છે અને પછી કાયાની સૂક્ષ્મતાના આધારે મન, વચનની સૂક્ષ્મતા એટલે તેમના સૂક્ષ્મ યોગને દેશવટો આપીને મુક્તિદ્વારમાં આવવા માટેની પૂર્ણ લાયકાત મેળવવાને ભાગ્યશાળી બને છે.

નોંધ :-કેવળી ભગવંત કેવળી પર્યાયોમાં દેશોનપૂર્વકોટિ પ્રમાણ રહે છે અને આયુષ્યના ચરમ ચરણ એટલે અન્તર્મુહૂર્ત પ્રમાણ આયુષ્ય શેષ રહે ત્યારે ત્રીજા શુક્લધ્યાનનો પ્રારંભ કરે છે. આની વચ્ચેના કાળને ‘ ધ્યાનાન્તરિકા કાળ ’ કહેવાય છે, એટલે ધ્યાન વિનાનો કાળ તે ધ્યાનાન્તરિકા છે. યદ્યપિ તેમનાં યોગો અત્યંત વિશુદ્ધ-વિશુદ્ધતમ જ હોય છે. તો પણ મુક્તિમાં જવા માટેનુ ત્રીજું ધ્યાન તેમને માટે શેષ રહે છે. આયુષ્યકર્મની બેડી તોડવા માટે ધ્યાન કામે આવતું નથી, માટે તેટલો સમય યોગસ્થ રહેવાની ફરજ પડે છે. આયુષ્ય-કર્મના ભોગવટા સાથે ઉત્કૃષ્ટતમ પુણ્યકર્મના યોગે પ્રાપ્ત થયેલા તીર્થંકર નામકર્મને પણ નિર્જરિત કરવાનું રહે છે. સાથોસાથ ભાષાવર્ગણાને ખપાવ્યા વિના કે શાતાવેદનીય તથા યશોનામકર્મને પણ ભોગવ્યા વિના શી રીતે ચાલશે ? કેમકે કર્મસત્તા સર્વતંત્ર સ્વતંત્ર છે. આ કારણે જ તીર્થંકર દેવાધિદેવનો ત્રિકરણ યોગ શુદ્ધ માર્ગે પ્રવર્તમાન થઈને લાખો કરોડો માનવોને મિથ્યાત્વથી દૂર કરી સમ્યક્ત્વના પ્રકાશમાં લાવે છે, સંસારગર્તમાંથી બહાર લાવીને નિર્વાણપદના અનંત સુખ સાથે ભાઈબંધી કરાવે છે. જગત ઉપરનો આ ઉપકાર કોઈનાથી પણ શી રીતે ભૂલાય ? આ પ્રમાણે જગત કલ્યાણના

કામો કરી લીધા પછી જ્યારે આયુષ્યકર્મનો અંત નજીક આવે છે ત્યારે મદોન્મત હાથીના દંતશૂળવડે આકુળ–વ્યાકુળ બની સારી રીતે ઉશ્કેરાયેલો સિંહ કુદકો મારીને હાથીનું ગંડસ્થળ જે રીતે ચીરી નાખે છે તેવી રીતે અનંતકાળથી કર્મરૂપી હાથીથી સંસારના ચકરાવે ચડેલો માનવ જ્યારે તેના સકંજામાંથી છુટવા માગે છે ત્યારે શરીરના સ્થૂળ યોગને તથા મન–વચનના સ્થૂળ અને સૂક્ષ્મ યોગને સર્વથા સમાપ્ત કરે છે.

(૪) વ્યુપરતક્રિયા નિવૃત્તિ :–તેરમા ગુણસ્થાનકના અંતે થનારા છેલ્લા ચૌદમા ગુણસ્થાનકની મર્યાદા કેવળ પાંચ હ્રસ્વ અક્ષરો બોલાય તેટલી જ છે. તેટલા સમયમાં જ શેષ રહેલા સૂક્ષ્મ કાયયોગનો પણ અન્ત કરવા માટે પૂર્ણ તૈયારી કરી ચૂકેલા મહાપુરુષો પોતાના આત્માની સ્થિતિને ‘શૈલેશ’ એટલે મેરૂપર્વત જેવી સ્થિર અને નિશ્ચલ બનાવે છે. મોટા મોટા વાવાઝોડાથી કદાચ નાના ક્ષુલક પર્વતોને વાંધો આવતો હશે પણ “किं मन्दरादि शिखरं चलितं कदाचित्” મેરૂપર્વતને ચલાયમાન થતાં કોઈએ સાંભળ્યું છે? તેવી રીતે આત્મા શૈલેશીકરણ એટલે મેરૂપર્વતના જેવી સ્થિરતાનું અનુકરણ કરતો પાંચ હ્રસ્વાક્ષર બોલાય તેટલા સમયમાં જ સૂક્ષ્મ કાયનો વિચ્છેદ કરી અયોગી ગુણસ્થાનક પ્રાપ્ત કરી સિદ્ધશિલામાં વાસ કરે છે, એટલે કે અઘાતી કર્મોનો છેદ કરીને શરીરમુક્ત બને છે. આ પ્રમાણે આભ્યંતર તપનો ધ્યાનભેદ પૂર્ણ કર્યો.

## વ્યુત્સર્ગ નામે આભ્યંતર તપ એટલે શું ?

જવાબમાં ભગવંતે કહ્યું કે વ્યુત્સર્ગ એટલે ત્યાગ, અનાદિકાળથી ભોગ્ય પદાર્થો પ્રત્યે જે મોહ–માયા બંધાયેલી છે તેનો ત્યાગ કરવો, એટલે કે તેના ભોગવટાની આસક્તિ કે

અત્યાસક્તિને છોડવી, છોડવા માટે પ્રયત્ન કરવો, યથા સમય એક એક છોડતા જવું તે વ્યુત્સર્ગ તપ છે. જેના દ્રવ્ય વ્યુત્સર્ગ અને ભાવ વ્યુત્સર્ગ નામે બે ભેદ છે. દ્રવ્યના નીચે લખ્યા પ્રમાણે ચાર ભેદ જાણવા.

(૧) ગણવ્યુત્સર્ગ :-આધ્યાત્મિકતાના પગથિયા એક પછી એક સ્વાધીન કરવા અર્થે પરિહાર વિશુદ્ધિ કે જિન કલ્પની આચરણા માટે ગણ સમુદાયનો ત્યાગ કરવો.

( ૨ ) શરીરવ્યુત્સર્ગ:-શરીર પ્રત્યેની આસક્તિને ત્યાગવી.

( ૩ ) ઉપધિવ્યુત્સર્ગ:-અહિંસા, સંયમ અને તપોધર્મની આરાધના માટેના વસ્ત્ર, કામળી, પાત્ર, તરપણી, રજોહરણ આદિ સાધન પ્રત્યેની મોહ માયા છોડવી.

( ૪ ) ભોજન પાણી વ્યુત્સર્ગ:-સર્વથા અનિવાર્ય રૂપે ભોજન પાણી સ્વીકાર્ય હોવા છતાં પણ જીભ ઇન્દ્રિયની વાસનાને ઓછી કરવી.

## ભાવવ્યુત્સર્ગ કેટલા પ્રકારે છે ?

ભગવંતે નીચે લખ્યા પ્રમાણે ત્રણ પ્રકારે કહ્યાં છે.

( ૧ ) કષાય વ્યુત્સર્ગ:-સંસારની વૃદ્ધિ કરાવનારા ઇન્દ્રિય રૂપી ઘોડાઓને તોફાને ચડાવનાર ક્રોધ, માન, માયા, લોભ કષાયને મર્યાદિત કરવો.

( ૨ ) સંસાર વ્યુત્સર્ગ:-પાણી વલોવીને માખણની આશા રાખવા જેવી સંસારની માયાને ધીમે ધીમે સંકેલતા જવું.

( ૩ ) કર્મ વ્યુત્સર્ગ:-કર્મોને આવવાના માર્ગો બંધ કરવા.

**શતક પચીસમાનો ઉદ્દેશો ૭ મો સમાપ્ત**

# શતક ૨૫ : ઉદ્દેશો–૮

## નારકો નરકગતિમાં કેવી રીતે ઉત્પન્ન થાય ?

હે પ્રભો ! નરકગતિમાં જવાવાળો જીવ તે ગતિમાં કેવી રીતે જાય ?

જવાબમાં ભગવંતે કહ્યું કે હે ગૌતમ ! જેમ કોઈ કૂદકો મારનારો માણુસ જ્યાંથી કૂદકો મારવાનો છે તેના એક કિનારા પર આવીને કૂદવા માટે પ્રયત્ન વિશેષ કરી જ્યારે કૂદકો મારવાનો ઉત્સાહ પ્રગટે છે, ત્યારે કૂદકો મારીને સામે કિનારે પહોંચી જાય છે, તેવી રીતે મનુષ્ય કે તિર્યંચ ગતિમાંથી નરકમાં જવા માટે આયુષ્યકર્મ બાંધેલો જીવાત્મા પોતાના માનસિક જીવનમાં ' હું નરકમાં જાઉં છું, હું નરકમાં જાઉં છું " તેવા અધ્યવસાય વિશેષ ઉત્પન્ન કરીને કૂદનારાની જેમ નરકમાં પહોંચી જાય છે. જવાની ગતિ એટલી બધી ઝડપવાળી હોય છે કે છેવટે ત્રણ સમયમાં ત્યાં તે ચાલ્યો જાય છે.

નરક ભૂમિમાં જવાની લાયકાતવાળાને પોતાના ચાલુ અવતારમાં તેવા જ સહચારીઓ, મિત્રો, સગાઓ, કુટુંબીઓ, આડોશીપાડોશીઓ કે ભણુતર–ગણુતર, રહેણી–કરણી, વ્યાપાર–રોજગાર કે પુત્ર–પુત્રીઓ, માતા–પિતાઓ, ભાઈ–ભાભીઓ પણ તેવા જ મળશે, જેના કારણે નરકને યોગ્ય જ વાતાવરણ ઉભું થાય છે. કષાય કલેશમાં ૨૪ કલાક પૂરા થાય છે. આર્તધ્યાન–રૌદ્રધ્યાન ભાગ્યમાં શેષ રહે છે, ઈત્યાદિ કારણે જીવાત્માના–અધ્યવસાયો કૃષ્ણ લેશ્યા, નીલ લેશ્યા અને કાપોત લેશ્યાવાળા થઈને રૌદ્ર ધ્યાનમાં પ્રવેશ થતાં વાર લાગતી નથી અને તેમાં મૃત્યુને પામતો માણુસ નરકનો અતિથિ બને છે.

## જીવોનું ગત્યન્તર શી રીતે થાય છે ?

હે પ્રભો ! આ સંસારમાં પરિભ્રમણ કરતાં જીવને એક ભવમાંથી બીજા ભવમાં કયા કારણે જવાનું થાય છે ?

જવાબમાં ભગવંતે કહ્યું કે, હે ગૌતમ ! અનાદિકાળથી પ્રવાહબદ્ધ ચાલ્યા આવતાં જૈન શાસનમાં મારાથી પૂર્વે ઘણી ઘણી ચોવીસીઓ થઈ ગઈ છે. આવા જૈન શાસનમાં, રિશ્વત, લાંચ કે વ્યક્તિ વિશેષની શરમનો અભાવ હોવાથી ભવાંતર કરવામાં કોઈ પણ ઈશ્વરની, અવતારીની કે કોઈના શાપ કે આશીર્વાદની આવશ્યકતા મુદ્દલ રહેતી નથી; કેમકે નિરંજન-નિરાકાર શુદ્ધ સ્વરૂપી, ઇશ્વર, પરમાત્માને સંસારના સંચાલનમાં દખલગિરિ કરવા દેવી કે ઇશ્વર પોતે દખલગિરિ કરતો હોય તેમ માનવું તે ઇશ્વરીય તત્ત્વનું ઘોરાતિ ઘોર અપમાન છે, ક્રૂર મશ્કરી છે. અને તેમ થતાં ઇશ્વરીય તત્ત્વની ક્રૂર મશ્કરીના કારણે સંસારમાં માંસાહાર, શરાબપાન, ભાંગ, ગાંજો, અફીણ આદિના પાપો-દુર્વ્યસનો ઇશ્વરના નામે, કે તેમના કથિત શાસ્ત્રોને નામે પ્રચલિત થયા છે-વધ્યા છે. વિષ્ણુની રાસલીલાના અનુકરણ રૂપે, ધર્મના નામે રંગરાગ અને સ્ત્રીઓ સાથે નાચવાનું, કૂદવાનું તથા રાસડા-ગરબા ગાવાનું વધ્યું અને શંકરના નામે ભાંગ-ગાંજો, ચલમ કે હોકા આદિના અનિવર્તિત વ્યસનો વધ્યા, અને માનવ સમાજના પંડિતોએ તેના પર ધર્મની મહોર ( છાપ ) મારી દીધી, પછી તો ભગવાન નામે ચડાવી દીધેલા શાસ્ત્રોમાં શિકારકર્મ, જૂગારકર્મ, વેશ્યાગમન, માંસભોજન જેવા માનવતાને બગાડનારા પાપકર્મો વધ્યા અને માનવ સમાજે ધર્મના નામે તેનો સ્વીકાર કર્યો છે. આ બધા કર્તવ્યો નિરંજન-નિરાકાર ઇશ્વરના શી રીતે હોઇ શકે ?

ઉપર પ્રમાણેની પરિસ્થિતિમાં એક ભવનો ત્યાગ કરી

બીજા ભવમાં જવા માટે જૈનશાસનનું મંતવ્ય શું છે? તે જાણી લેવું શ્રેયસ્કર છે. કેમકે તત્ત્વદર્શી, યથાર્થવાદી અને સંસારના પ્રત્યેક ભાવોને પ્રત્યક્ષ કરનારા કેવળી ભગવંતની વાણી જ સત્યદર્શિની હોવાથી માનવના યથાર્થ જ્ઞાનમાં વધારો કરનારી છે.

સંસારનું સંચાલન ઇશ્વરાધીન નથી પણ કર્માધીન છે. કેમકે જીવની જેમ કર્મમાં પણ અનંત શક્તિ રહેલી છે, જેની સંખ્યા આઠની છે. તેમાં વિદ્યમાન આયુષ્ય કર્મને બેડી(હાથકડી)ની ઉપમા આપવામાં આવી છે. ચોર, બદમાસ કે જારકર્મ કરનારાના હાથમાં સિપાઇઓ બેડી નાખે છે અને તેનો એક છેડો પકડીને સિપાઈ તેને બીજી ચોકીમાં લઈ જાય છે, ત્યાં તે ચોકીની બેડી હાથમાં પડ્યાં પછી જ પહેલાની ચોકીની બેડી હાથમાંથી નીકળે છે. તેવી રીતે જીવને ચાલુ ભવની બેડી તૂટ્યા વિના કોઈ કાળે પણ બીજા ભવમાં જવાની તાકાત તેમાં નથી કે ૩૩ કરોડ દેવો પણ તે જીવને ત્યાંથી ખસેડવા માટે સમર્થ બનતાં નથી. સારાંશ કે આગામી ભવની આયુષ્યકર્મની બેડી બંધાયા વિના જીવનો ચાલુ ભવ છુટી શકે તેમ નથી. આ કારણે જ સાતમા માળાથી પડેલાઓને, દરિયામાં પડી ચૂકેલાઓને જીવતાં રહ્યાં હોય તે પ્રમાણે આપણે જાણીએ છીએ, માટે જીવો પોતાની શક્તિ વિશેષથી જ ગત્યન્તર કરે છે, પણ પારકાની શક્તિથી ગત્યન્તર કરતાં નથી. વૈમાનિક સુધીના બધાય જીવો માટે ઉપર પ્રમાણે જ પ્રક્રિયા છે. ત્રણ સમય અને એકેન્દ્રિય જીવોની ચાર સમયની વિગ્રહ ગતિ જાણવી.

**શતક પચીસમાનો ઉદ્દેશો ૮ સમાપ્ત**

卐

# શતક ૨૫: ઉદ્દેશા ૯-૧૦-૧૧-૧૨

આ ચારે ઉદ્દેશામાં ભવસિદ્ધિક, અભવસિદ્ધિક, સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ જીવો જ્યારે નરક ગતિમાં જાય છે ત્યારે ઉપર પ્રમાણે બતાવેલા ક્રમાનુસારે જ નરકમાં જાય છે.

(૧) ભવસિદ્ધિક :–મોક્ષમાં જવાની યોગ્યતાવાળા હોવા છતાં અથવા ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરીને ત્રીજા ભવે મોક્ષ મેળવવાની લાયકાતવાળા છતાં પણ નિકાચિત કરેલા નરક ગતિના કર્મોને કારણે તેમને પણ નરકમાં ગયા વિના બીજો માર્ગ નથી. દેવાધિદેવ ભગવાન મહાવીરસ્વામીનો આત્મા પોતાના સતાવીશ ભવોના અન્તવર્તી અઢારમા ભવે ત્રણ ખંડના રાજા વાસુદેવના અવતારમાંથી સાતમી નરકે ગયા છે. બ્રહ્મદત્ત અને સુભુમ ચક્રવર્તીઓ પણ નરકે ગયા છે. રાવણ જેવા પ્રતિવાસુદેવો પણ નરકે ગયા છે. અને રાવણરાજાના હાડકા ભાંગી નાખનારા લક્ષ્મણ જેવા વાસુદેવો પણ નરકે ગયા છે. મતલબ કે રાજ્ય ખટપટો, તીવ્ર વિષય વાસનાઓ, પરિગ્રહની અતીવ મૂર્છા આદિના કારણે નરક ગતિનું આયુષ્ય બંધાઈ ગયા પછી નરકમાં જવાનું જ રહે છે. કેમકે કર્મસત્તા બળવાન છે. આઠે કર્મોમાંથી સાત કર્મો પ્રતિ સમયે બંધાય છે અને આયુષ્ય કર્મ જીંદગીમાં એક જ વાર બંધાય છે. જે ભોગવ્યા વિના છુટકો નથી. ભવસિદ્ધિકો મોક્ષમાં જ જવાવાળા હોય છે. પણ મોક્ષમાં જવાના અનુષ્ઠાનો વિના મોક્ષગતિ પ્રાપ્ત નથી થતી અતિનિકાચિત નિયાણામાં ફસાયેલા જીવોને સમ્યક્ત્વનો લાભ પણ પ્રાયઃ કરી મળતો નથી, તો ચારિત્રના અણીશુદ્ધ અનુષ્ઠાનો તેના ભાગ્યમાં ક્યાંથી હોય !

( ૨ ) અભવસિદ્ધિકઃ–સંસારમાં ઘણા પદાર્થોનો સ્વભાવ દુરતિક્રમ હોવાના કારણે જેમ કોરડુ મગ ગમે તેટલા પ્રયત્નો પછી પણ ખાવા લાયક બનતા નથી, સૂર્યની હાજરીમાં પણ ઘુવડ પંખી આંધળો જ રહે છે, જ્યારે વરસાદ ગમે તેટલો પડે અને બધીય વનસ્પતિઓ લીલીછમ બને પણ કેરના ઝાડને પાંદડા ન ફૂટે કે બીલ્વને ચોથું પાંદડું ન જ આવે તો સૂર્ય કે વરસાદનો દોષ શી રીતે માની શકાય ? ત્યારે તેમના સ્વભાવનો જ દોષ સ્પષ્ટ દેખાય છે. તેવી રીતે અભવસિદ્ધિકો પણ મોક્ષ મેળવવાની યોગ્યતા મેળવી શકતા નથી. કદાચ દીક્ષા લઈને દેવલોકમાં જઈ શકે છે પણ દીક્ષિત થયા પછી શિક્ષિત થઈ શકતા ન હોવાથી ચારિત્રની આરાધનામાં કોરાધાકોર જ રહે છે, તેથી તેમને વારંવાર નરકમાં જવાનું શકય બને છે.

( ૩ ) સમ્યગ્‌દષ્ટિઃ–સમ્યક્‌ત્વ પ્રાપ્ત થયા પહેલા મોહ મિથ્યાત્વના કારણે નરકાયુષ્ય બંધાઈ ગયું હોય, અથવા સમ્યક્‌ ચારિત્રની આરાધના શકય ન બની હોય, અથવા ચારિત્રધારી બન્યા પછી પણ ચારિત્ર પાલનમાં શિથિલતા રહી હોય, ત્યારે નરકાયુષ્ય જ શેષ રહે છે.

મિથ્યાદષ્ટિ :–જેમનાં જીવનમાં સમ્યક્‌ત્વ, સદ્‌બુદ્ધિ અને સદ્વિવેકનો પ્રકાશ થયેલો ન હોવાથી હિંસા, જૂઠ, ચોરી, મૈથુન અને પરિગ્રહમાં જીવન યાપન કરનારા આ જીવાત્માઓને વેરનો બદલો લેવા માટે કે વેરની ભરપાઈ કરવા માટે નરકમાં જવાનું સુલભ બને છે.

**શતક પચીસમાનો ઉદ્દેશો ૧૨ સમાપ્ત**

## 'સમાપ્તિ વચનમ્'

અમરપતિ મહિત ચરમ જિનપતિ ચરણ યુગલ મધુકર, મદનમદશમન કુશલ, જિનવચનયમિત કર-ચરણ-નયન-રસન-હૃદયધર, અમિત મન-વચન બળ સહિત, વ્રત ચરણ ફલિત મતિયુત, કરણ વિજય સમવહુત અધરહિત, શાસ્ત્ર વિશારદ, જૈનાચાર્ય, ૧૦૦૮ શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ વીસમી શતાબ્દીના પ્રખર ચારિત્ર સમ્પન્ન, આન્તર રાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત મહાપુરુષ હતાં. તેમનાં ઘણાં શિષ્યોમાં શાસનદીપક મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી મ. વિદ્યાવ્યસંગી અને બ્રહ્મવ્રત-સંગી હોવાથી અહિંસા તથા સંયમના નિડર પ્રચારક હતાં. તેમના શિષ્ય ન્યાય, વ્યાકરણ કાવ્યતીર્થ પંન્યાસ પૂર્ણાનન્દવિજય (કુમાર શ્રમણે) પરમ પવિત્ર ભગવતી સૂત્ર સાર સંગ્રહના ચોથા ભાગમાં ૨૫ મા શતકને પોતાની યથામતિ તથા યથા-ક્ષયોપશમ વિવેચિત કર્યું છે.

'શુભં ભૂયાત્ સર્વેષાં જીવાનામ્.'
'નૈર્ગ્રન્થસારતત્ત્વં સર્વે જીવાઃ પ્રાપ્નુયુઃ'

## 卐 શતક ૨૫મું સમાપ્ત 卐

# શતક ૨૬ : ઉદ્દેશો–૧

## પ્રારભ્યતે

આ શતકના પ્રારંભમાં ચતુર્દશ પૂર્વની લબ્ધિના ધારક, ચાર જ્ઞાનથી દેદીપ્યમાન, દ્વાદશાંગીના રચયિતા તથા દેવાધિદેવ, ચરમ તીર્થંકર ભગવાન મહાવીરસ્વામીના સ્થાપન કરેલા ચતુર્વિધ સંઘના અધિપટ્ટપ્રભાવક, ગણધર શ્રી સુધર્માસ્વામી પોતે જ આ શતકના પ્રારંભમાં શ્રી શ્રુત દેવતાને નમસ્કાર કરે છે, કેમકે ભાવશ્રુત વંદનીય છે. તેમ તેને પ્રાપ્ત કરાવનાર દ્રવ્યશ્રુત પણ અવશ્યમેવ વન્દનીય-નમસ્કરણીય અને આદરણીય છે. તેથી દ્રવ્યશ્રુત અને તેની અધિષ્ઠાત્રી દેવી પણ સત્કરણીય છે, તેથી સારા કાર્યોમાં વિઘ્નો આવતા નથી.

આ શતકમાં અગ્યાર ઉદ્દેશા છે અને સામાન્ય તથા નારક આદિ ચોવીશ દંડકને આશ્રય કરી નીચે જણાવેલા અગ્યાર દ્વારો વડે વિચારણા કરવામાં આવી છે, તે દ્વારો આ પ્રમાણે છે.

( ૧ ) જીવો, ( ૨ ) લેશ્યાઓ, ( ૩ ) શુક્લ અને કૃષ્ણ પાક્ષિકો, ( ૪ ) દૃષ્ટિ, ( ૫ ) અજ્ઞાન, ( ૬ ) જ્ઞાન, ( ૭ ) સંજ્ઞા ( ૮ ) વેદ, ( ૯ ) કષાય, (૧૦) યોગ, (૧૧) ઉપયોગ.

સંસારવર્તી અનંતાનંત જીવોના ચાર પ્રકાર હોવાથી ગૌતમસ્વામીજી તત્સંબંધી જ પ્રશ્ન પૂછે છે કે, હે પ્રભો !

( ૧ ) જીવોએ ભૂતકાળમાં પાપકર્મ અને જ્ઞાનાવરણીયાદિ કર્મો શું બાંધ્યા છે ? વર્તમાનકાળમાં બાંધી રહ્યા છે ? અને ભવિષ્યકાળમાં પણ બાંધશે ?

( ૨ ) કેટલાક જીવોએ શું ભૂતકાળમાં પાપ બાંધ્યું છે? વર્તમાનકાળમાં બાંધી રહ્યાં છે? તો શું તે જીવો ભવિષ્યકાળમાં પણ પાપ બાંધશે?

( ૩ ) ભૂતકાળમાં પાપ બાંધ્યું હોય પણ વર્તમાનકાળમાં બાંધતો નથી તો શું ભવિષ્યકાળમાં તેઓ પાપકર્મ બાંધશે?

( ૪ ) કેટલાક જીવોએ ભૂતકાળમાં પાપ બાંધ્યું છે પણ વર્તમાનકાળમાં બાંધતા નથી, તેવી રીતે શું ભવિષ્યકાળમાં પણ નહીં બાંધે?

ઉપર પ્રમાણેના પ્રશ્નોથી જાણવાનું સરળ રહે છે કે આ જીવાત્માએ અનંતીવાર શરીર ધારણ કર્યું છે અને અનંતીવાર તે શરીરને મૂક્યું છે. આ રીતે અનંતીવારની આ ક્રિયામાં આત્મા એક જ છે ત્યારે જ તો સૌને પણ આવી શંકા થઇ શકે છે. ભૂતકાળમાં જે આત્માએ પાપકર્મો બાંધ્યા હોય તે વર્તમાનકાળમાં અને ભવિષ્યકાળમાં પાપકર્મોને બાંધે પણ છે અને બાંધતો નથી.

આ ફેરફાર અને તફાવત શા માટે? બધાય જીવો જ્યારે એક સમાન છે, તો પછી પાપકર્મોને બાંધવાની પ્રક્રિયામાં તેમના ભેદો શા માટે પડે છે? અને આ ભેદ પાડનારો કોણ? જવાબમાં અનંતજ્ઞાની ભગવાન મહાવીરસ્વામીએ ફરમાવ્યું કે, ગૌતમ! સંસારના કોઈપણ પ્રસંગ કે ઉપસ્થિત થતા પ્રશ્નને કેવળ સંગ્રહનયથી જ નિર્ણય કરવા જોઇએ તો માનવ પોતાના જ્ઞાનનો વિકાસ કદિ પણ સાધી શકતો નથી અને તે વિના સંસારને જોવાની કે જોયેલા સંસારનો યથાર્થ નિર્ણય કરવાની રાગદ્વેષ વિનાની કે ક્લેશ કંકાસ વિનાની કળા તેને હસ્તગત થવાની નથી, માટે સંગ્રહનયની વાત

ગમે તેટલી સાચી હોય તો પણ વ્યવહાર, નૈગમ કે એવંભૂત નયે તે વાત સાચી રહેતી નથી, કેમકે કોઇ પણ વાત ઉપર બીજા નયોને અંગૂઠો બતાવીને કેવળ સંગ્રહનયની છાપ બીજાને શા માટે માન્ય રહેશે? તેથી કેવળ દ્રવ્યનયની અપેક્ષા રાખીને બોલવાવાળો સંગ્રહનય તેમાં રહેલા પર્યાયો તરફ બેધ્યાન રહેશે તો સંગ્રહનય પોતે જ અપ્રમાણિક કે નયાભાસરૂપે સિદ્ધ થશે.

પઠિત તથા અપઠિત સૌને માટે પ્રત્યક્ષ આ સંસારમાં, જીવો, શરીરો, તેમના કર્મો, સ્વભાવો પણ એક બીજાથી અલ્પાંશે કે સર્વાંશે સર્વથા જૂદા જૂદા સ્પષ્ટ દેખાઈ રહ્યાં છે. આ બધી જૂદાઇમાં ઈશ્વરની લીલાની કલ્પના કરવી તે તો ઇશ્વરના ઇશ્વરતત્ત્વને ભરબજારમાં લીલામ કરવાં જેવું સિદ્ધ થશે, જે કોઇને પણ માન્ય નથી, માટે જૂદાઈનું કારણ તપાસવું તે ભણતર–ગણતરનું ફળ છે, કેમકે સાચુ ભણતર સંસારને સંવાદની બક્ષીસ અને મિથ્યા ભણતર વિવાદની બક્ષીસ આપનાર છે. આપણે સૌ અનાદિકાળથી વાતે વાતે વિવાદના કીડા બનીને ન કલ્પી શકાય તેટલા લડ્યા ઝઘડ્યા છીએ જેના કારણે સંસારને વિષમય બનાવવાના કારણભૂત થયાં છીએ. આ ભવે આવું ન થાય તે માટે સમ્યગ્જ્ઞાનને મેળવવાનું અને મેળવેલાને વધારવાનું જ શ્રેયસ્કર છે.

પાણીની ભરેલી ડોલમાં રાખોડી નાખીએ અને કલાક પછી પાણીને નીતારી લઈ ચાર માટલામાં ભરીએ તો પણ એક માટલાનું પાણી વધારે સ્વચ્છ, બીજાનું થોડું, ત્રીજાનું સાવ થોડું અને ચોથા માટલામાં રાખોડીવાળું જ પાણી રહેશે. તે પ્રમાણે પાપકર્મો રાખોડી જેવા છે અને આત્મા પાણી જેવો છે. અનાદિકાળથી તે બન્ને ભેગા છે અને સંસારની

નાટકશાળામાં જૂદા જૂદા નાટકોને કરતાં ભવભ્રમણ કરી રહ્યાં છે; માટે કર્મમેલના તારતમ્યના કારણે જીવો પણ ચાર ભાગમાં વહેંચાઈ ગયા છે. પ્રશ્નોના જવાબ ફરમાવતાં ભગવંતે કહ્યું કેઃ-

(૧) ઉપરના ચાર ભાંગામાંથી પહેલા ભાંગામાં અભવ્ય જીવોનો સમાવેશ થાય છે. કેમકે તેમના આત્મપ્રદેશોમાં રહેલા મિથ્યાત્વ મોહનીય અને અનંતાનુબંધી કષાયો કોઈ કાળે પણ ક્ષય પામતા નથી, દબાઈ જવાના નથી કે ઓછા થવાના નથી માટે તેઓએ ભૂતકાળમાં કર્મો બાંધ્યા છે, વર્તમાનકાળમાં બાંધી રહ્યાં છે અને ભવિષ્યકાળમાં પણ બાંધતા રહેશે.

(૨) બીજા ભાંગામાં ક્ષપક અવસ્થાને પ્રાપ્ત થયેલા જીવો છે, જેઓએ સમ્યક્ત્વપૂર્વક, સદ્‌ગુરૂ અને સત્‌શાસ્ત્રના માધ્યમથી પોતાની અદમ્ય પુરૂષાર્થ શક્તિવડે ભૂત અને વર્તમાનકાળમાં પાપ બાંધેલા હોવા છતાં પણ ભવિષ્યમાં તેઓ પાપકર્મોનો અવરોધ કરવા માટે સમર્થ બને છે. આત્મામાં જ્યારે ક્ષપક શક્તિનો પ્રાદુર્ભાવ થાય છે ત્યારે અનંતાનંત પાપકર્મોનો ઉત્પાદક અને વર્ધક મિથ્યાત્વ મોહનીય અને અનંતાનુબંધી આદિ કષાયોનો સમૂળ નાશ થતાં ભવિષ્યમાં પાપબંધન કરવાની યોગ્યતા તેમની સમાપ્ત થાય છે.

(૩) ઉપશમક જીવોનો ત્રીજો ભાંગો જાણવો. કેમકે સદ્‌વિચારણા અને સમ્યગ્‌જ્ઞાન પૂર્વકની શક્તિ તેમને પ્રાપ્ત થયેલી હોવાથી જેટલા કાળ પ્રમાણમાં ઉપશમની પ્રાપ્તિ થઇ હોય છે તેટલા સમયમાં તેઓના પાપકર્મો અટકી જાય છે. ભવિષ્યમાં યદ્યપિ પાપકર્મોને રોકવાની શક્તિ તેમની પાસે નથી તો પણ વર્તમાનકાળમાં પાપ રોકવાની શક્તિ તેમને પ્રાપ્ત થયેલી હોવાથી પાપોનો અવરોધ શકય બને છે. માનવ થોડો

જાગૃત બને તો જે જે માર્ગોથી પાપકર્મો આવતા હોય છે તે તે માર્ગોને થોડા થોડા કાળ માટે પણ રોકવાની ઇચ્છા કરે તો જીવનમાં કંઈ પણ વાંધો આવતો નથી. જૈનધર્મમાં સંવર અને સામાયિક ધર્મની આચરણા એટલા માટે જ છે, જેથી ઘડી–બેઘડી પણ માનવ પોતાના મન–ચક્ષુ–જીભ અને કાનને સંયમિત કરે તો પાપમાર્ગથી તેટલા સમય માટે બચી શકે છે.

(૪) ચોથા ભાંગામાં ક્ષીણ મોહકર્મી આત્માઓ છે. જેઓએ શક્તિસમ્પન્ન મોહકર્મને પણ પોતાની અનંત શક્તિ વડે સમૂળ નાશ કર્યો હોવાથી ભૂતકાળમાં પાપકર્મો બાંધ્યા હોય પણ વર્તમાનકાળમાં તથા ભવિષ્યકાળમાં તેઓના પાપ-માર્ગો સર્વથા બંધ થાય છે.

(૨) લેશ્યાદ્વાર :–લેશ્યાવાળા જીવોને ચારે ભાંગા જાણવા. કૃષ્ણ, નીલ, કાપોત, તેજ અને પદ્મ અને પાંચ લેશ્યાઓના માલિકોને પહેલાના બે ભાંગા કહ્યાં છે, કેમકે તેઓ ઉપશમ કે ક્ષયભાવ મેળવી શકવા માટે સમર્થ હોતા નથી. જ્યારે શુક્લલેશ્યાગત જીવને ચારે ભાંગા શક્ય બને છે, કેમકે તેમને ઉપશમ કે ક્ષયભાવની પ્રાપ્તિ સુલભ છે. લેશ્યારહિત માનવ વર્ત-માનકાળમાં પાપકર્મ બાંધતો નથી અને ભવિષ્યમાં બાંધશે નહીં.

(૩) પાક્ષિકદ્વાર :–૩૦ દિવસના મહિનામાં કૃષ્ણ અને શુક્લ નામના બે પક્ષો (પખવાડીઆ) હોય છે. ચંદ્રમાની કળાઓ ઘટતી જાય અને રાત્રિ અંધકારમય બને તે કૃષ્ણપક્ષ છે અને જેમાં ચંદ્રની કળાઓ ખીલતી જાય તે શુક્લપક્ષ છે. જેમાં રાત્રિ ઉજળી અને પ્રકાશવતી બનવા પામે છે. તેવી રીતે જીવાત્માઓમાં કેટલાક કૃષ્ણપાક્ષિક અને કેટલાક શુક્લ-પાક્ષિક હોય છે. સમ્યગ્દર્શનની પ્રાપ્તિ પહેલા એટલે કે સંસાર

પરિમિત ન બનતાં જેઓ હજી અર્ધ પુદ્ગલપરાવર્ત (ચરમાવર્ત)માં પ્રવેશી શક્યા નથી તે જીવો કૃષ્ણપાક્ષિક કહેવાય છે અને સમ્યક્ત્વના પ્રકાશમાં આવનારા જીવોનો સંસાર કેવળ અર્ધ પુદ્ગલપરાવર્ત જેટલો જ શેષ રહેવાથી તેમના ઘણા પાપો, પાપ પ્રકારો, તેની વૃત્તિઓ તથા પ્રવૃત્તિઓ મર્યાદામાં આવી જવાથી ભાવલબ્ધિ અને કાળલબ્ધિનો સમય પરિપાક થયે તે ભાગ્યશાળીને ઉપશમ કે ક્ષપક શ્રેણીની સહાયતા મળ્યે મુક્તિનગરમાં જવા માટેની લાયકાત પ્રાપ્ત થાય છે. તે શુક્લ પાક્ષિક કહેવાય છે. કૃષ્ણ પાક્ષિક જીવોને પ્રથમના બે ભાંગા અને શુક્લ પાક્ષિકને ચારે ભાંગા જાણવા.

(૪) દૃષ્ટિદ્વાર :-મિથ્યા અને મિશ્રદૃષ્ટિને પ્રથમના બે ભાંગા જાણવા અને સમ્યગ્દૃષ્ટિને ચારે ભાંગા જાણવા. કેમકે મિથ્યાત્વનો અંધકાર એટલો બધો ઘોરાતિઘોર હોય છે જેમાં અટવાયેલા જીવો મોહકર્મનો ઉદય, ઉપશમ કે ક્ષય કરવા જેટલા સમર્થ બની શકતા નથી; માટે તેમને પાછળના બે ભાંગા નથી.

(૫) જ્ઞાન-અજ્ઞાનદ્વાર :-પહેલાના ક્ષાયોપશમિક જ્ઞાનીને ચારે ભાંગા જાણવા. અજ્ઞાનીને પહેલાના બે ભાંગા અને કેવળજ્ઞાનીને છેલ્લો એક જ ભાંગો કહ્યો છે. અજ્ઞાનીનું અજ્ઞાન જ મોહનો ઉપશમ કે ક્ષય થવા દેતો નથી, માટે તેમને પહેલાના બે ભાંગા છે.

(૬) સંજ્ઞાદ્વાર :-અહીં આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ સંજ્ઞાનો સંગ્રહ હોવાથી જે જીવાત્માઓ આ ચારે સંજ્ઞામાં અત્યંત આસક્ત હોય તેમના ભાગ્યમાં મોહનો ઉપશમ કે ક્ષય ન હોવાથી આદિના બે ભાંગા જાણવા.

(૭) વેદદ્વાર :–વેદનો ઉદયકાળ જેટલા કાળ સુધી રહે ત્યાં સુધી તે જીવનો મોહકર્મ ભડકે બળતો હોવાથી મોહકર્મનો ઉપશમ કે ક્ષય સંભવિત બનતો નથી, તેથી તેમને પ્રથમના બે ભાંગા જાણવા. દશમે ગુણસ્થાનકે વેદ શાંત થવાથી ચારે ભાંગા હોય છે. કદાચ દશમાંથી પડે તો પાપબંધન કરનારો થાય છે. વેદ ત્રણ છે. પુરુષવેદ, સ્ત્રીવેદ અને નપુંસકવેદ. જે બીજા ભાંગામાં ચર્ચાઇ ગયો છે.

(૮) કષાયદ્વાર :–કષાયાત્માને તથા લોભ કષાયીને ચારે ભાંગા જાણવા. ક્રોધ, માન અને માયાના માલિકોને અબન્ધકત્વ અવસ્થા ન હોવાના કારણે પાપ કર્મોનું બંધન ચાલુ છે.

(૯–૧૦) યોગ–ઉપયોગદ્વાર :–મન, વચન અને કાયાના યોગીને તથા સાકાર કે નિરાકાર ઉપયોગીને ચારે ભાંગા હોય છે, જ્યારે યોગ વિનાના અયોગીને છેલ્લો ભાંગો જ જાણવો. સયોગી એટલે યોગવાળાઓ અભવ્ય-ભવ્ય વિશેષ, ઉપશમ કે ક્ષપક હોવાથી ચારે ભાંગા અનિવાર્ય છે.

નારકોને ઉપશમ કે ક્ષપક શ્રેણી ન હોવાથી તેમના બે ભાંગા જાણવા, તથા કૃષ્ણ, નીલ, કાપોત લેશ્યા, કૃષ્ણ કે શુક્લપાક્ષિક, ત્રણે દૃષ્ટિ, ત્રણે જ્ઞાન, અજ્ઞાની, ચારે સંજ્ઞા, નપુંસક વેદ, કષાય, સયોગી આદિમાં વર્તતા નારકો પહેલા અને બીજા ભાંગામાં સમાવિષ્ટ છે. અસુરકુમારો, તેજોલેશ્યા, પુરુષ સ્ત્રીવેદ વાળાઓને પણ બે ભાંગા, પૃથ્વીકાયિકો યાવત્ પંચેન્દ્રિય તિર્યંચ યોનિકોને પણ બે ભાંગા હોય છે. જ્ઞાનાવરણીય માટે જાણવાનું કે કષાયના ઉદયકાળમાં જીવ અબન્ધક ન હોવાથી તેમને બે ભાંગા નિરધાર્યા છે.

વેદનીય કર્મ માટે જાણવાનું કે અભવ્યને માટે પહેલો ભાંગો એટલે કે તેઓએ પહેલા વેદનીય બાંધ્યું હતું, હવે બાંધે છે અને ભવિષ્યમાં પણ બાંધશે, ભવ્ય નિર્વાણ પામશે માટે બીજો ભાંગો તેરમે ગુણસ્થાનકે પણ વેદનીયનો બંધ છે, માટે ત્રીજા ભાંગાનો સંભવ નથી, જ્યારે અયોગી કેવળીને ચોથો ભાંગો જાણવો. લેશ્યાની વિદ્યમાનતામાં ત્રીજો ભાંગો નથી, લેશ્યારહિત અયોગીને ચોથો ભાંગો, તેરમે શુક્લલેશ્યા હોવાથી શાતાવેદનીયનો બંધ છે :-

"શાતા બાંધે કેવળી રે મિતા, તેરમે પણ ગુણઠાણે."

આદિની પાંચ લેશ્યાવાળાઓને અયોગી અવસ્થા પ્રાપ્ત થતી નથી; માટે વેદનીય કર્મના અબંધક ન હોવાથી તેમને આદિના બે ભાંગા જાણવા. લેશ્યા રહિત જીવ શૈલેશી ગત કે સિદ્ધ હોય તો ચોથો ભાંગો જાણવો. આ પ્રમાણે આહારાદિ સંજ્ઞામાં આસક્તિ વિનાનો સંજ્ઞી, વેદ રહિત, અકષાયી તથા બન્ને ઉપયોગવાળાઓને ત્રીજો ભાંગો છોડી શેષ બીજા ત્રણ જાણવા.

અયોગીને છેલ્લો અને બીજા જીવોને પહેલો તથા બીજો ભાંગો જાણવો.

શતક છવીસમાનો ઉદ્દેશો ૧લો સમાપ્ત

# શતક ૨૬ : ઉદ્દેશો–૨

## અનંતરોપપન્નક જીવો માટે :

હે ગૌતમ! અનંતરોપપન્નક નારક, નરકભૂમિમાં તત્કાલ જ ઉત્પન્ન થયો હોય તે અનંતરોપપન્નક કહેવાય છે. તેમને પહેલાના બે ભાંગા જાણવા. આ નારકો અપર્યાપ્ત હોવાથી મિશ્રદૃષ્ટિ, મનોયોગ અને વચનયોગવાળા હોતા નથી. અસુરકુમારથી લઈ સ્તનિત દેવોની પણ અપર્યાપ્ત અવસ્થામાં જે પ્રથમ સમયમાં જ હોય છે તેમને પણ બે ભાંગા કહ્યાં છે. વિકલેન્દ્રિયોને વચનયોગનો અભાવ છે. પંચેન્દ્રિય, તિર્યંચ, અપર્યાપ્ત અવસ્થામાં મિશ્રદૃષ્ટિ, અવધિજ્ઞાન, વિભંગજ્ઞાન મનોયોગ અને વચનયોગ આ પાંચ પદો હોતા નથી. તેમજ અનંતરોપપન્નક મનુષ્યોને લેશ્યા, મિશ્રદૃષ્ટિ, મનઃપર્યવજ્ઞાન, કેવળજ્ઞાન, વિભંગજ્ઞાન, નોસંજ્ઞોપયોગ, અવેદક, અકષાયી, મનોયોગ, વચનયોગ અને અયોગિત્વ પદો હોતા નથી. નારકની જેમ વાણવ્યંતર, જ્યોતિષ અને વૈમાનિક દેવોને મિશ્રદૃષ્ટિ, મનોયોગ તથા વચનયોગ હોતા નથી. એકેન્દ્રિય જીવોને બધાય પદોમાં બે ભાંગા જાણવા.

શતક છવીસમાનો ઉદ્દેશો ૨જો સમાપ્ત

## શતક ૨૬ : ઉદ્દેશો—૩

### પરંપરોપપન્નક જીવો માટે :

હે ગૌતમ ! નરકગતિમાં ઉત્પન્ન થયે બે સમય અથવા તેનાથી વધારે સમયવાળાને પરંપરોપપન્નક નારક જાણવા તથા તેઓ બે ભાંગામાં હોય છે. કેમકે કેટલાક નારકોએ ભૂતકાળમાં પાપકર્મ તથા જ્ઞાનાવરણીયાદિ કર્મો બાંધ્યા હતાં, વર્તમાનમાં બાંધે છે અને ભવિષ્યકાળમાં પણ બાંધશે, જ્યારે કેટલાક ભવિષ્યકાળમાં નથી બાંધતા. શેષ પહેલા ઉદ્દેશાની જેમ જાણવા.

**શતક ૨૬ ઉદ્દેશો ૩જો સમાપ્ત**

## શતક ૨૬ : ઉદ્દેશા ૪—૫

### અનંતરાવગાઢ અને પરંપરાવગાઢ જીવો માટે :

હે ગૌતમ ! અનંતરાવગાઢ નારક એટલે એકેય સમયનો અંતર કર્યા વિના જ ઉત્પત્તિસ્થાને પહોંચી નરકભૂમિમાં અવસ્થિત અર્થાત્ સ્થિર રહે તેને અનંતરાવગાઢ જાણવા અને એક સમય પછીના સમયોમાં અવસ્થિત થનારા નારકો જેમને ઉત્પત્તિસ્થાને બે થી વધારે સમયો થઇ ગયા હોય તે પરંપરાવગાઢ કહેવાય છે.

સૂત્રક્રમાનુસારે તે બંને નારકો પહેલાના બે ભાંગામાં કહ્યાં છે.

**શતક છવીસમાના ઉદ્દેશા ૪—૫ સમાપ્ત**

## શતક ૨૬ : ઉદ્દેશા ૬-૭

### અનંતરઆહારક અને પરંપરઆહારક જીવો માટે :-

હે ગૌતમ! જે નારકો નરકભૂમિમાં ઉત્પત્તિના સમયે જ આહાર કરે છે, તે અનંતરાહારક અને પછીના સમયોમાં આહાર કરે તે પરંપરાહારક જાણવા. ઉપર્યુક્ત પ્રમાણે આ બન્નેને પ્રથમના બે ભાંગા જાણવા.

**શતક છવીશમાના ઉદ્દેશા ૬-૭ સમાપ્ત**

## શતક ૨૬ : ઉદ્દેશા ૮-૯

### અનંતરપર્યાપ્તક અને પરંપરપર્યાપ્તક માટે :-

હે ગૌતમ! પર્યાપ્ત અવસ્થા પ્રાપ્ત થયા પહેલાના સમયમાં જે નારક હોય તે અનંતરપર્યાપ્તક કહેવાય છે અને તે સિવાયના બીજા નારકો પરંપરપર્યાપ્તક છે. તે બન્નેને પહેલાના બે ભાંગા જાણવા.

**શતક છવીશમાના ઉદ્દેશા ૮-૯ સમાપ્ત**

# શતક ૨૬ : ઉદ્દેશા ૧૦–૧૧

## ચરમ અને અચરમ જીવો માટે :–

હે ગૌતમ! ચરમ એટલે છેલ્લો. જે ભાગ્યશાળીઓને આ નરક ગતિમાંથી નીકળીને ફરીથી નરકભૂમિમાં જવાનું નથી તે ચરમ નારક છે. તેનાથી વિપરીત્ત એટલે કે મોક્ષમાં જતા પહેલા ફરીથી એકાદવાર નરકભૂમિની યાત્રા કરી આવે તે અચરમ. જેમકે મહાવીરસ્વામીનો આત્મા અઢારમો વાસુદેવનો અવતાર પૂર્ણ કરી સાતમી નરકે ગયા તે અચરમ એટલા માટે હતું કે હજી ફરીથી એકવાર તેમના નિકાચિત કર્મોના દુર્ભાગ્યે એકવીશમા ભવે ચોથી નરકે જવાનું હતું, અને ચોથી નરકની સફર કરીને આવ્યા પછી ભગવાન મહાવીરસ્વામીને તે નરક ચરમ હતી; કેમકે અકુશલાનુબંધી પાપકર્મો બાંધવાની લાયકાત સર્વથા નાશ પામેલી હોવાથી ફરીથી તેમને નરકમાં જવાનું રહ્યું ન હતું. આ પ્રમાણે બન્ને નારકો માટે બે ભાંગા જ નિર્ધાર્યા છે.

જ્યારે અચરમ મનુષ્યને આદિના ત્રણ ભાંગા જાણવા. કેમકે, ચોથો ભાંગો વર્તમાનમાં પાપ ન બાંધે અને ભવિષ્યમાં પણ ન બાંધે તેનો સંભવ નથી; માટે ત્રણ ભાંગા છે. સલેશ્ય અચરમ મનુષ્ય તથા શુક્લ પાક્ષિક, સમ્યગ્દૃષ્ટિ, જ્ઞાની, મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, નોસંજ્ઞોપયુક્ત, વેદ, કષાય, લોભ કષાય, સયોગી ઉપયોગીને માટે પણ પૂર્વના ત્રણ ભાંગા જ માનવા, જ્યારે કેવળજ્ઞાની અને અયોગી અચરમ હોતા નથી. જ્ઞાનાવરણીયાદિ કર્મો માટે પણ પહેલાના બે ભાંગા.

પૃથ્વી, અપ્ અને વનસ્પતિકાયિકોને કેવળ ત્રીજો ભાંગો તે સમયે જ જાણવો. જ્યારે દેવનો જીવ આ ત્રણેમાં અવતરે અને અપર્યાપ્ત હોય, કેમકે તે સમયે તેમને તેજોલેશ્યાનો સદ્ભાવ છે.

શતક છવીશમાનો ઉદ્દેશો ૧૦-૧૧ સમાપ્ત

# શતક ૨૭મું

ગૌતમસ્વામીના પૂછવાથી ભગવંતે કહ્યું કે, હે ગૌતમ! આગળના શતકમાં જેમ કહ્યું તે પ્રમાણે આ શતક માટે પણ જાણવું, એટલે કે જીવોને ચારે ભાંગા હોય છે. સારાંશ કે આગળના શતકમાં પાપ બાંધવાનું અને આ શતકમાં પાપ કરવાનું કહ્યું છે. જીવ જે કંઇ કર્મોનું બંધન કરે છે તે સ્વયં-કૃત એટલે કે જીવકૃત જ છે, નહીં કે ઇશ્વર. કાળ, પ્રકૃતિ અને સ્વભાવ કૃત છે.

## ' સમાપ્તિ વચનમ્ '

પોતાની અદ્વિતીય પ્રતિભા વડે પૌર્વાત્ય અને પાશ્ચિમાત્ય મહાપંડિતોને સ્યાદ્વાદ, નયવાદ, પ્રમાણવાદ, નિક્ષેપાવાદનો અભ્યાસ કરાવનાર શાસ્ત્ર વિશારદ, જૈનાચાર્ય ૧૦૦૮ શ્રી વિજય-ધર્મસૂરીશ્વરજી મહારાજ જૈન શાસનને શુક્રના તારાની જેમ ઉજ્જવલિત કરવા માટે યશસ્વી બન્યા હતાં. તેમના શિષ્ય, શાસન દીપક, મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી મહારાજના શિષ્ય પઠન-પાઠનશીલ ન્યા. વ્યાકરણ-કાવ્યતીર્થ, પંન્યાસ શ્રી પૂર્ણાનંદવિજયે (કુમારશ્રમણ) પોતાના મતિજ્ઞાનના વિકાસ માટે, ભવભવાંતરમાં જૈન શાસનના સંસ્કાર પુનઃ પ્રાપ્ત થાય તે માટે ભગવતી સૂત્ર જેવા આગમીય ગ્રંથને પોતાની યથામતિએ ગુજરાતી ભાષામાં વિવેચિત કર્યો છે.

" શુભં ભૂયાત્ સર્વેષાં જીવાનામ્. "

## 卐 શતક ૨૭મું સમાપ્ત 卐

卐

# શતક ૨૮ : ઉદ્દેશક ૧ થી ૧૧

## જીવોએ કઈ ગતિમાં પાપકર્મોને ઉપાર્જન કર્યા હતાં ?

જ્ઞાતવ્ય દ્રવ્યો, તત્ત્વો, જીવોના કર્મો, તથા તે કર્મોના ભોગવટાના સ્થાનો પણ અનેકાનેક છે. જીવનમાં યદિ જિજ્ઞાસા હોય તો જ પદાર્થોનું યથાર્થત્વ જાણી શકાય છે. કેમકે જ્ઞાન અનંત છે તો તેના વિષયભૂત દ્રવ્યો પણ અનંત છે; તેથી સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કરવા માટે, પ્રાપ્ત થયેલાને વધારવા માટે, વધેલાને ટકાવવા માટે અને ટકાવેલાને સ્થિર કરવા માટે એટલે કે ધારણામાં પ્રવેશ કરાવવા માટે મૌલિક કારણ જિજ્ઞાસા છે. જે ભાગ્યશાળીઓને જિજ્ઞાસા જ ન હોય તેમનું શ્રુતજ્ઞાન શી રીતે વધશે ? અને મતિજ્ઞાનનો વિકાસ પણ શી રીતે સધાશે ? આ કારણે જ જિજ્ઞાસાને જ વધારે મહત્ત્વ આપવામાં આવ્યું છે.

ગૌતમસ્વામી ચાર જ્ઞાનના માલીક છે, કૃતકૃત્ય છે, લોકના અન્તે સ્થિત છે, તેમ છતાં પણ તેમનો એક એક રોમ, લોહીનું એક એક બિન્દુ ભાવદયાથી ભરેલું હોવાથી સમવસરણમાં આવેલા સૌ જીવોને સમજવામાં આવે અને સમજેલી વાતોને જીવનમાં ઉતારી શકે તેવા પવિત્રતમ આશયથી, વિનય અને વિવેકથી પરિપૂર્ણ બનીને પરમાત્માને પ્રદક્ષિણા કર્યા પછી પૂછે છે કે, હે દેવાધિદેવ ! ચાર ગતિરૂપ સંસારની કઈ ગતિમાં જીવોએ પાપકર્મો ઉપાર્જિત કર્યા હશે ? અને તે કર્મોના હેતુભૂત પાપક્રિયાઓનું આચરણ કર્યું હશે ?

જવાબમાં ભગવંતે ફરમાવ્યું કે હે ગૌતમ! જીવોએ નીચે બતાવેલા આઠ સ્થાનોમાં પાપકર્મો બાંધ્યા છે તે આ પ્રમાણે.

(૧) બધાય જીવો તિર્યંચ યોનીમાં હતાં ત્યારે પાપકર્મો બાંધ્યા છે.

(૨) તિર્યંચગતિમાં કે દેવગતિમાં બાંધ્યા હતાં.

(૩) તિર્યંચ અને નરકગતિમાં પાપકર્મો બાંધ્યા હતાં.

(૪) તિર્યંચ અને મનુષ્ય ગતિમાં પાપકર્મો બાંધ્યા હતાં.

(૫) તિર્યંચ ગતિ, નરકગતિ કે મનુષ્યગતિમાં બાંધ્યા હતાં.

(૬) તિર્યંચ ગતિ, નરકગતિ કે દેવગતિમાં બાંધ્યા હતાં.

(૭) તિર્યંચ ગતિ, મનુષ્યગતિ કે દેવગતિમાં બાંધ્યા હતાં.

(૮) અથવા ચારે ગતિઓમાં પાપકર્મો બાંધ્યા હતાં.

બધાય જીવોને પાપકર્મોને ઉપાર્જન કરવા માટે ઉપર્યુક્ત આઠ સ્થાનો કહ્યાં છે. તિર્યંચથી કેવળ બે કે ચાર પગવાળા પશુપંખીઓ જ લેવાના નથી, પરંતુ અનંત સંસારમાં રહેલા બધાય પૃથ્વીકાયિકો, અપ્‌કાયિકો, અગ્નિકાયિકો, વાયુકાયિકો, વનસ્પતિકાયિકો, સૂક્ષ્મ નિગોદ, બાદર નિગોદ, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચતુરિન્દ્રિય, જમીન પર ચાલનારા ગાય ભેંસ આદિ, આકાશમાં ઉડનારા કબૂતર, ચકલા વગેરે, છાતીથી ચાલનારા સર્પ વગેરે, હાથપર ચાલનારા નોળીયા આદિ જીવો તિર્યંચ ગતિવાળા હોવાથી તિર્યંચ કહેવાય છે. આ ગતિ જીવમાત્રની માતા સમાન એટલા માટે છે કે સૌ કોઈનું મૂળ સ્થાન જ તિર્યંચ યોની છે, કારણ કે અનંત સુખોના ભોક્તા, સિદ્ધ-શિલાના જીવો પણ સૌથી પહેલા તિર્યંચ હતાં. તેઓ સૂક્ષ્મ-

નિગોદમાં અનંતકાળચક્ર પૂર્ણ કરી બાદર નિગોદમાં આવ્યા પછી અનુક્રમે કોઈક સમયે આગળ વધતાં અને કોઈક સમયે પાછા પડતાં અને પુરૂષાર્થ વડે ફરીથી આગળ વધતાં તેઓએ સંસારનો અત કર્યો છે.

બીજી બધી ગતિઓના જીવાત્માઓ કરતાં તિર્યંચ ગતિના જીવો અનંતાનંત છે. તેમને ઉંચે-નીચે જવામાં બે માર્ગ છે. ઉત્ક્રાંતિ અને અપક્રાંતિ. આંબો, રાયણ, બોર, જામફળ, દાડમ, નારંગી કે ભાજીપાલાના જીવો કુહાડા, દાતરડા, છરી કે પત્થર આદીનો માર ખાશે, કપાશે, છેદાશે, બફાશે તો પણ તેઓ પ્રતિકાર કર્યા વિના બધુંય સહન કરે છે. તેમાં યદિ ભવિતવ્યતાનો યોગ સાંપડ્યો તો ઉત્ક્રાંતિ કરીને મરૂદેવી માતાની જેમ મનુષ્ય-ભવ મેળવીને મોક્ષ પણ મેળવી શકે છે. અને મનુષ્ય અવતાર મેળવ્યા પછી પણ રાગ-દ્વેષ, મોહ-માયા, લોભ-પ્રપંચ કે પરિગ્રહાદિની માયા યદિ વળગશે તો અપક્રાંતિ કરીને પાછા નીચા સ્થાનોમાં યાવત્ એકેન્દ્રિયાવતારને પણ મેળવી શકશે.

લેશ્યાવાળા, લેશ્યારહિત યાવત્ અનાકાર ઉપયોગવંતા જીવોએ ઉપરના આઠ સ્થાને પાપકર્મ બાંધ્યું હતું, જ્ઞાના-વરણીયાદિ કર્મોને ઉપાર્જવા માટે પણ આ જ સ્થાનો છે.

૨૪ દંડકોના જીવો માટે પણ જાણવું. અનંતરોપપન્નક, પરંપરોપપન્નક, અનંતરાવગાઢ, પરંપરાવગાઢ, અનંતરાહારક, પરંપરાહારક, તથા ચરમ કે અચરમ આદિ જીવો પણ ઉપર પ્રમાણે જાણવા. તથા જે જીવને જેટલી યોગ્યતા હોય તેટલું જાણવું. જેમકે અનંતરોપપન્નક નારકને મિશ્રદષ્ટિ, મનોયોગ અને વચનયોગ નથી. આ પ્રમાણે અન્યત્ર પણ ઘટાવી લેવું.

## આઠે ભાંગાની સમજણ :

બધાય જીવો પહેલા તિર્યંચ યોનિમાં હતાં ત્યારે ત્યાં ભૂતકાળમાં પાપકર્મની ઉપાર્જના કરી હતી. કેમકે આ યોનિને છોડ્યા વિના નરકાદિની પ્રાપ્તિ થતી નથી.

બધાય જીવો તિર્યંચમાં કે નરકમાં હતાં ત્યારે ત્યાં પાપકર્મની ઉપાર્જના કરી મનુષ્ય અને દેવયોનિમાં તેના વિપાકો ભોગવી રહ્યાં છે.

બધાય જીવો તિર્યંચમાં કે મનુષ્યમાં હતાં અને પાપ ઉપાર્જ્યા છે.

બધાય જીવો તિર્યંચ કે દેવમાં હતાં અને પાપકર્મોની ઉપાર્જના કરીને વિવક્ષિત યોનિમાં કર્મો ભોગવી રહ્યાં છે.

બધાય જીવો તિર્યંચ નરક કે દેવમાં હતાં ત્યારે....

અથવા બધાય જીવો ચારે ગતિમાં હતાં ત્યારે....

**શતક ૨૮માના ઉદ્દેશા ૧ થી ૧૧ સમાપ્ત**

### "સમાપ્તિ વચનમ્"

શાસ્ત્ર વિશારદ, જૈનાચાર્ય ૧૦૦૮ શ્રીમદ્ વિજયધર્મ-સૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન, શાસન દીપક, મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી મહારાજના શિષ્ય, ન્યાય-વ્યાકરણ-કાવ્ય-તીર્થ, પંન્યાસપદ વિભૂષિત, શ્રી પૂર્ણાનંદવિજય (કુમાર શ્રમણ) ગણીવર્યે પોતાના મતિજ્ઞાનના વિકાસાર્થે તથા ભવાંતરમાં પણ શ્રુતજ્ઞાનની સુલભતા રહે તે માટે દ્વાદશાંગીમાં સર્વશ્રેષ્ઠ ભગવતી સૂત્રસાર સંગ્રહનું ૨૮મું શતક વિવેચિત કર્યું છે.

"શુભં ભૂયાત્ સર્વેષાં જીવાનામ્."

## 卐 શતક ૨૮મું સમાપ્ત 卐

# શતક ૨૯ : ઉદ્દેશો-૧

## પ્રશ્નોત્તરની પૂર્વભૂમિકા :-

( ૧ ) સંસાર અનાદિ છે, કેમકે કોઇ કાળે જેની ઉત્પત્તિ થતી નથી તે અનાદિ કહેવાય છે, અને જેની ઉત્પત્તિ હોય તેની આદિ છે. ' સંસાર પહેલા હતો જ નહી, પછીથી કોઇએ બનાવ્યો ' આવી માન્યતા શાસ્ત્ર, તર્ક અને અનુભવથી માનવા લાયક ન હોવાથી અસત્ય બને છે, માટે સંસાર અનાદિ છે.

( ૨ ) સંસાર અનંત છે કેમકે તેનો અંત કોઈ કાળે કોઇની શક્તિ વિશેષથી પણ થઇ શકે તેમ નથી. બેશક ! કોઇનો પણ સ્થાનાંતર થવા માત્રથી તેનો નાશ થઈ જવાની કલ્પના કરવી તે સર્વથા અજ્ઞાનને આભારી છે. આજે પણ આપણે જોઈ શકીએ છીએ કે જે સ્થાન પર ગઇ કાલે સમુદ્ર લહેરાતો હતો અને તોફાન મચાવતો હતો ત્યાં આજે મોટી મોટી ઇમારતો ઉભી છે અને હજારો મોટરો દોડધામ કરી રહી છે, તેટલા માત્રથી સમુદ્રના નાશની કલ્પના શી રીતે કરાય ? કાળચક્રના પ્રભાવથી આજે ભરત અને ઐરાવત ક્ષેત્રમાં તીર્થંકર પરમાત્મા કે કેવળી ભગવંતો નથી, માટે સંસારભરમાં તેમની હયાતીનો અભાવ માનવા જઇએ તો કેવી દશા થાય ? કેમકે મહાવિદેહ ક્ષેત્રમાં આજે પણ હજારો, લાખો અને કરોડોની સંખ્યામાં કેવળજ્ઞાનીઓ છે અને વીશની સંખ્યામાં તીર્થંકર પરમાત્માઓ પણ વિદ્યમાન છે. તેથી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવના કારણે દ્રવ્ય તથા પર્યાયોના સ્થાનાંતર થવા માત્રથી શંકરના ડમરૂવાદે સંસારનો નાશ કર્યો તેમ માનવું સ્પષ્ટ રીતે ભૂલભરેલું છે. માટે ૩૩ કરોડ દેવો ભેગા મળીને

પણ સંસારનો અંત (નાશ) કરી શકવાના ન હોવાથી સંસારને અનંત કહ્યો છે.

(૩) ચૌદ રાજલોક પ્રમાણ બ્રહ્માંડમાં દ્રવ્યો (પદાર્થો) એક-બે કે ત્રણ નથી પણ અનંત દ્રવ્યો છે અને એકેક દ્રવ્યના પર્યાયો પણ અનંત છે જે પહેલા અને બીજા ભાગમાં વિસ્તારથી ચર્ચાઈ ગયા છે. આમ અનંતાનંત પર્યાયો અને ગુણોથી પૂર્ણ અનંત દ્રવ્યો સંસારમાં કોઈ કાળે નાશ થવાના નથી તેમ તેનાથી સંસાર રિક્ત પણ થવાનો નથી. તેમના પર્યાયાન્તર કે સ્થાનાંતર તો જૈન શાસનને પણ માન્ય છે. આજનો માનવ આવતી કાલે હાથી, દેડકો, કાગડો કે નરક ભૂમિનો કીડો પણ બની શકે છે. તેમ આજનો નારક જીવ આવતી કાલે તીર્થંકર પરમાત્મા, કેવળી, મહાવ્રતધારી કે રાજાધિરાજ પણ બની શકે છે. તેથી માનવ સમાજ નાશ થઈ ગયો તેમ માનવું બેહદ અજ્ઞાન છે. એક સમયે માનવનું શરીર પાંચસો ધનુષ્ય પ્રમાણ હતું, આજે આપણે સાતવેંતીયા છીએ અને છઠ્ઠા આરાના માનવો વેંતીયા શરીરમાં પહાડ, નદી કે નાળાના બીલોમાં રહેશે, તેથી માનવોના પર્યાયોનો નાશ કહી શકીએ પણ માનવજાતનો નાશ થયો કહેવામાં ભૂલ છે. આજનો અકાટ્ય વિદ્વાન-પંડિત-મહાપંડિત મસ્તિષ્કની કમજોરીને કારણે સાવ બુધ્ધુ બની શકે છે અને આજનો બુધ્ધુ કે નિરક્ષર આવતી કાલે સાક્ષર બની શકે, માટે તેના ગુણોનું પરિવર્તન માનવામાં વાંધો નથી. ગઈ કાલે માંડવગઢ, પાટણ તથા કૃષ્ણની દ્વારકા અને રાવણની લંકા જોઈને દેવોની અમરાવતી પણ લજ્જાળું થતી હતી. આજે તે શહેરો હટ્ટણપટ્ટણ થઈ ગયા છે અને ગઈ કાલે જ્યાં સમુદ્ર અને ખાડીઓ હતી ત્યાં માનવ માત્રને આકર્ષણ કરનારી મુંબઈ નગરી સૌને પોતાની સુંદરતાથી

લલકાર કરી રહી છે. આ અને આના જેવા પ્રત્યક્ષ દેખાતા કે અનુભવાતા ચિત્રામણોથી સંસારનો યથાર્થ નિર્ણય કરવામાં વાર લાગતી નથી.

(૪) સંસારમાં પરિભ્રમણ કરનારો જીવ જ્યારે અનાદિ-કાળનો છે તો પછી તે પરિભ્રમણમાં મૂળ કારણરૂપ કર્મો પણ અનાદિકાળના કેમ ન હોઇ શકે? એટલે કે જીવના અસંખ્ય પ્રદેશોમાં રહેલા કર્મો પણ અનાદિના છે અને શક્તિસમ્પન્ન છે. તેમ છતાં જીવાત્મા ચેતન હોવાથી અનાદિ છે અને તેને વળગેલા કર્મો જડ હોવાથી અને જીવ દ્વારા ઉપાર્જન કરેલા હોવાથી અંતવાળા છે, પણ પોતપોતાની સ્થિતિ (મર્યાદા) પૂર્ણ થયે તે કર્મો આત્માના પ્રદેશોથી છૂટા થાય છે અને ફરીથી નવા નવા કર્મો જીવને ચોંટતા જાય છે. આ કારણે પ્રવાહને લઇને કર્મોને પણ અનાદિકાળના કહ્યાં છે. આઠ રૂચક પ્રદેશોને છોડી આત્માના શેષ પ્રદેશો અને તેમાં પણ એક એક પ્રદેશે અનંત અનંત કર્મોની વર્ગણા (રાશિ) લાગેલી હોવાથી આત્મા પણ સ્વભાવે હળવો (અગુરૂ લઘુ) હોવા છતાં પણ કર્મોના ભારથી ખૂબ જ વજનદાર બનેલો છે.

પૂર્વોપાર્જિત કર્મોના ઉદયકાળમાં જીવનો સ્વભાવ ઘણા પ્રકારે વિચિત્ર બનતો હોવાથી ફરીથી નવા બંધાતા કર્મો પણ વિચિત્ર હોય છે, જેનાં કારણે જીવનો સ્વભાવ (અધ્યવસાય-પરિણામ-લેશ્યા) પણ સમયાંતરે બદલાયા વિના રહેતો નથી. આ પ્રમાણે તે કર્મોનો ઉદયકાળ પણ સૌ જીવોનો એકસમાન રહેતો નથી.

## પ્રશ્નોના આશય :

(૧) પોતપોતાના કરેલા કર્મોને ભોગવવાને માટે ઘણા જીવોનો પ્રારંભ અને અંતકાળ શું એક હોય છે?

(૨) કર્મોને ભોગવવાને માટે પ્રારંભ એક કાળે કરે અને તેમનો અંત શું ભિન્ન કાળે કરે છે?

(૩) કર્મોને ભોગવવાને માટે સમય જૂદો જૂદો હોય પણ તેમનો અંત શું એક કાળે કરે?

(૪) કર્મોને ભોગવવાને માટે પ્રારંભ પણ ભિન્નકાળે કરે અને અંત પણ ભિન્નકાળે કરે?

ઉપર પ્રમાણે પૂછાયેલા પ્રશ્નોનો સારાંશ એ છે કે ૧૪ રાજલોકમાં ગમે તે ક્ષેત્રમાં કે જુદા જુદા ક્ષેત્રમાં રહેલા જીવોને કરેલા કર્મોનો ભોગવટો કરવો સર્વથા અનિવાર્ય છે, માટે કર્મોના વિપાક( રસાનુભવ )નો પ્રારંભ કર્યા પછી જ તે કર્મો ફળ દેવાવાળા બને છે. અને તે વેદાયા પછી તેમનો અંત થાય છે. અર્થાત્ આત્મપ્રદેશોથી નિર્જરિત થાય છે. કદાચ અનિકાચિત કે સાધારણ નિકાચિત કરેલા કર્મો તપશ્ચર્યા રૂપી અગ્નિમાં પોતાના રસાનુભવનો ચમત્કાર જીવાત્માને બતાવ્યા વિના પણ નિર્જરિત થઈ શકે છે તો પણ તે કર્મોનો પ્રદેશાનુભવ તો કર્યા વિના છુટકો નથી જ.

પ્રશ્નોત્તરનો હાર્દ આ છે કે ઘણા જીવો પોતપોતાના કર્મોને ભોગવવાને માટેનો પ્રારંભ એક સમયે જ કરતા હોય છે અને તે કર્મો ભોગવાયા પછી તેનો અંત ( નિર્જરા ) પણ એક સમયે જ કરે છે, જેમકે મહાવિદેહ ક્ષેત્રના એક ગામમાં એક સ્ત્રીએ એક સમયે પુત્રને જન્મ આપ્યો અને તેનાથી બીજા સમયે તે સ્ત્રી પ્રસૂતિ વેદનાથી મુક્ત થઈ, જ્યારે જમ્બૂદ્વીપના ભરતક્ષેત્રમાં ખંભાતનગરના

એક ખેતરમાં એક ભેંસે પાડાને જન્મ દીધો અને બીજા સમયે પ્રસૂતિની વેદનાથી તે નિવૃત્ત થઈ છે. આ પ્રમાણે જૂદા જૂદા ક્ષેત્રમાં આ બન્ને જીવો એટલે કે મહાવિદેહ ક્ષેત્રની સ્ત્રી અને ખંભાતની ભેંસે એક જ સમયમાં પ્રસૂતિની વેદના ભોગવી છે અને બીજા સમયે વેદનીય કર્મનો અંત કર્યો છે. આ પ્રમાણે બીજા વિકલ્પો કલ્પી લેવા અને ઘટાવી લેવા. ત્રણે લોક અને ત્રણે કાળના જીવો, તેના કર્મો તથા વેદનાઓનો સાક્ષાત્કાર કરનાર કેવળજ્ઞાનના માલીક ભગવાન મહાવીરસ્વામીએ કહ્યું કે કેટલાક જીવોના :–

( ૧ ) કર્મભોગ અને નિર્જરાના સમય એક હોય છે.

( ૨ ) કર્મભોગનો સમય એક અને નિર્જરાનો સમય જૂદો છે.

( ૩ ) ભોગ સમય જૂદો અને નિર્જરાનો સમય એક છે.

( ૪ ) બન્ને જૂદા જૂદા હોય છે.

આ બધા તફાવતોમાં કારણ ફરમાવતાં ભગવંતે કહ્યું કે :–

( ૧ ) કેટલાક જીવો આયુષ્ય કર્મનો બંધ અને ભવાંતરની પ્રાપ્તિ એક સમયે જ કરે છે, માટે કર્મોને ભોગવવાનો પ્રારંભ અને અંત એક સમાન કહ્યો છે.

( ૨ ) આયુષ્ય કર્મનો બંધ એક સમયે અને ભવાંતરપ્રાપ્તિનો સમય જૂદો હોય ત્યારે કર્મભોગનો પ્રારંભ એક સમયે અને અંત જૂદા કાળે હોઈ શકે છે.

( ૩ ) આયુષ્ય બંધનો કાળ જૂદો અને ભવાંતરની પ્રાપ્તિ એક સાથે હોય છે ત્યારે કર્મોને ભોગવવાનો પ્રારંભ જૂદા જૂદા સમયે થશે અને કર્મોની નિર્જરા એક કાળે કરશે.

( ૪ ) બન્ને જૂદા જૂદા હોય ત્યારે પ્રારંભ અને અંત જૂદા જૂદા હોય છે. આ રીતે લેશ્યાવાળા જીવોને યાવત્ નારકથી લઈ વૈમાનિક દંડક સુધીના જીવોને જાણી લેવા. કર્મભોગ શુભ અને અશુભ બે પ્રકારનો જાણવો.

શતક ૨૯માનો ઉદ્દેશો ૧લો સમાપ્ત

# શતક ૨૯ : ઉદ્દેશો—૨

## અનંતરોપપન્નક નારક બે પ્રકારના છે :–

(૧) સમકાળે આયુષ્ય બાંધે અને સમકાળે ઉત્પન્ન થાય છે; માટે ભોગ અને નિર્જરાનો સમય પણ એક જ જાણવો.

(૨) બંધનો સમય એક અને નરકમાં ઉત્પત્તિ બીજા સમયે હોય ત્યારે પ્રારંભ અને અંતમાં પણ જૂદાઇ જાણવી.

**શતક ૨૯માનો ઉદ્દેશો ૨જો સમાપ્ત**

આ પ્રમાણે શેષ રહેલા પરંપરોપપન્નક, પરંપરાવગાઢ, અનંતરાવગાઢ, પરંપરાહારક, અનંતરાહારક, ચરમ અને અચરમ આદિ પદોના એક એક ઉદ્દેશાનો વિષય ઉપર પ્રમાણે જાણવો.

**શતક ૨૯માના ઉદ્દેશા ૩ થી ૧૧ સમાપ્ત**

## ' સમાપ્તિ વચનમ્ '

નવયુગ પ્રવર્તક, સમ્યગ્જ્ઞાન પ્રચારક, શાસ્ત્રવિશારદ, જૈનાચાર્ય ૧૦૦૮ શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મ.ના શિષ્ય શાસન દીપક, મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી મ.ના શિષ્ય, પંન્યાસ શ્રી પૂર્ણાનન્દવિજયે ( કુમારશ્રમણ ) ભગવતી સૂત્રનું ૨૯મું શતક પૂર્ણ કર્યું છે.

' ભદ્રં ભૂયાત્ સર્વેષાં જીવાનામ્. '

## 卐 શતક ૨૯મું સમાપ્ત 卐

# શતક ૩૦મું

## શતકનો ઉપક્રમ :

આ સંપૂર્ણ શતકમાં ક્રિયાવાદી, અક્રિયાવાદી, અજ્ઞાનવાદી અને વિનયવાદી માટેની સવિસ્તર ચર્ચા છે, જે ખાસ જાણવા જેવી હોવાથી અને ભારતદેશની ધર્માન્ધતાનો ભૂતકાલીન ઇતિહાસ બતાવનાર હોવાથી આપણે પણ વિસ્તારપૂર્વક તેની ચર્ચા કરીશું.

"ક્રિયા છે તેમ બોલનારો ક્રિયાવાદી."

"ક્રિયા નથી તેમ બોલનારો અક્રિયાવાદી."

"જ્ઞાન વિનાના જીવનું અસ્તિત્વ માનનારો અને તે પ્રમાણે બોલનારો અજ્ઞાનવાદી."

"નિશ્ચયાત્મકરૂપે વિનયથી જ મોક્ષને માનનારો તે વિનયવાદી છે."

શુક્રના તારાની જેમ ચમકનારા અને સૂર્યની જેમ મહા તેજસ્વી એવા કેવળજ્ઞાનના માલીક, દેવાધિદેવ, પતિતપાવન, ભગવાન મહાવીરસ્વામી પોતાના ચતુર્વિધ સંઘ સાથે જ્યારે [જે કાળે અને જે સમયે] ભારતભૂમિને પવિત્ર કરી રહ્યાં હતાં તેવા સમયે જ કમનસીબ ભારતભૂમિ નાનાં મોટાં પંડિતોની વાગ્જાળમાં તથા તેમની જોહુકમી ભરેલી પંડિતાઇમાં વહેંચાઇ ગઈ હતી. પરિણામે "पंडितः पंडित, ब्राह्मणो ब्राह्मणं, साधुः साधुं दृष्टवा श्वानवत् घूर्घूरायते" એટલે કે કલિકાળમાં એક પંડિત બીજા પંડિતને જોઇને, જનોઇ અને ટીલાટપકાને

ઇતિશ્રી માનનારો, એક બ્રાહ્મણ બીજા બ્રાહ્મણને જોઇને, તેમજ એક સંપ્રદાયના સાધુ બીજા સંપ્રદાયના કે પોતાના પક્ષમાં પોતાની સ્પર્ધા કરનાર બીજા સાધુને જોઇને પરસ્પર કૂતરાની જેમ ભસનારા હતાં, ઘૂરકનારા હતાં.

વફાદાર કૂતરામાં પોતાની જાત પ્રત્યે જ અસહિષ્ણુતાનો મોટામાં મોટો દોષ હોવાથી એક ગલીનું કૂતરું બીજી ગલીના કૂતરાનો વૈરી છે, અને જ્યારે તેઓ પરસ્પર ભસાભસ કરે છે ત્યારે તે ગલીમાં રહેનારા માણસોની નિંદ પણ હરામ થઇ જાય છે, શાંતિ જોખમાઈ જાય છે. તેવી રીતે કમનસીબ દેશના જે પંડિતો, બ્રાહ્મણો અને સાધુઓ પરસ્પર એક બીજાના શત્રુ હોય, વૈરી હોય, અને આંખ, કલમ કે દંડાથી લડનારા હોય તથા અધ્યાત્મના નામે, શાસ્ત્રોના નામે અને તેની એક એક પંક્તિના નામે, ક્રિયાકાંડોના નામે કૂતરાની જેમ એક બીજાપર હિંસાત્મક, ઇર્ષ્યાત્મક, દ્વેષાત્મક, દાવપેચ રમનારા હોય, સાથોસાથ રાજા મહારાજાઓની રાજ્યસત્તા અને શ્રીમંતોની શ્રીમંતાઈ પણ તેમાં સાથ પૂરે ત્યારે તે દેશ અને સમાજને ભાવ–અધ્યાત્મની પ્રાપ્તિ દ્વારા ઉન્નત કોણ બનાવશે ? કેવી રીતે બનાવશે ? ફળસ્વરૂપે હિંસાત્મક જીવનધારીની ભાષા પણ હિંસાત્મક બનવા પામે છે. તેથી પંડિતોની ભાષામાં કે ચર્ચામાં ક્યાંય પણ અપેક્ષાવાદ એટલે કે સામેવાળાની અપેક્ષા સમજીને પ્રત્યુત્તર આપવાની પદ્ધતિ લગભગ બુદ્ધદેવના શૂન્યવાદની સમાન બની ચૂકી હતી. આવી પરિસ્થિતિમાં ધર્મના નામે, દેવ–દેવીના નામે, સંપ્રદાયના પ્રવર્તકોના નામે, ટીલાટપકા જેવા ક્રિયાકાંડોના નામે, ભારતદેશની ગલીગલીએ વાગ્યુદ્ધો, જાહેર સભાઓ, એક બીજાને પરાસ્ત કરવાના દાવ-પેચો અને વ્યૂહરચનાઓ ઉપરાંત અવસર આવ્યે ડંડા–ડંડી

પણ થઇ જતી હોય તેને રોકનારો કોઇ ન હતો. કેમકે દેશના રાજાઓ અને શ્રીમંતો પણ જુદા જુદા અખાડાના ભગતરામો બનીને પોતપોતાના ગળામાં જુદી જુદી કંઠી પહેરી ચૂકયાં હતાં. આવી વિષમ પરિસ્થિતિમાં ચોમાસાના દેડકાઓની જેમ એક ટોળામાંથી બીજું ટોળું, એક સંઘાડામાંથી બીજો સંઘાડો, એક સંપ્રદાયમાંથી બીજો સંપ્રદાય ફૂટી નીકળે અથવા ધર્મના નામે કે ક્રિયાકાંડોના અભિશાપે પક્ષપલટાઓ થાય કે સંપ્રદાયના પાટીઆના રંગરોગાન બદલાય તેવી સ્વાભાવિક હકીકતો નકારી શકાય તેમ નથી.

દ્વાદશાંગીમાં સર્વશ્રેષ્ઠ ભગવતીસૂત્ર, આચારાંગસૂત્ર અને સૂત્રકૃતાંગ સૂત્રની સાક્ષીએ તે સમયે એક બીજાથી સર્વથા જુદા પડેલા અને એક બીજાને એક બીજા માટે રતિમાત્ર સ્નાનસૂતક પણ ન હતું તેવા કેવળ ક્રિયાવાદીઓના જ ૧૮૦ની સંખ્યામાં જુદા જુદા અખાડા હતા. તે એક એક અખાડાના પંડિતો, સાધુઓ, આચાર્યો બીજા અખાડાના પંડિતો, સાધુઓ અને આચાર્યો સામે વ્યૂહાત્મકરૂપે ડંડાડંડી કે વાગ્યુદ્ધ માટે પૂર્ણરૂપે તૈયાર થઇને જ બેઠા હતાં. કેવળ પરમ તારક ગુરુદેવના આદેશની રાહ જોવાઈ રહી હતી.

## ક્રિયાવાદીઓના મુખ્ય પ્રવર્તકો અને અખાડાઓ :

સંભવતઃ નીચે પ્રમાણેના ચાર પ્રવર્તકો મુખ્ય હતાં :

(૧) ત્રિદંડી અખાડો, (૨) કપિલ મુનિનો અખાડો, (૩) ઉલૂક મુનિનો અખાડો અને (૪) ગાર્ગ્ય ઋષિનો અખાડો. આ ચારે ક્રિયાવાદી હતાં. પરંતુ કાળક્રમે ચારમાંથી ૧૮૦ અખાડા થયાં.

( ૧ ) મહાવીરસ્વામીનો આત્મા પોતાના સત્તાવીશ ભવની અપેક્ષાએ ત્રીજા ભવમાં સંયમધર્મની ઉત્કૃષ્ટતમ આરાધનામાં અશક્ત હોવાના કારણે ત્રિદંડી ધર્મની પ્રરૂપણા અને સ્થાપના કરી હતી, તે ત્રિદંડીનો અખાડો.

( ૨ ) કપિલ મુનિનો અખાડો, કપિલ મુનિ કયા ? કદાચ સાંખ્યકારિકાનાં કર્તા હોય અથવા મરીચિ મુનિના શિષ્ય કપિલ મુનિ હોય ?

( ૩ ) ઉલૂક મુનિ જે જૈન મુનિના વેષમાં મિથ્યાભિમાની બનીને કેવળ બીજાઓની સભાને કુતર્કો વડે જીતવાના આશયથી, જીવ–અજીવ અને નોજીવની સ્થાપના કરી હતી.

( ૪ ) ગાર્ગ્યઋષિનો અખાડો :–આ પ્રમાણે ભારત ભૂમિની ઘણી કરૂણતાઓમાં દેશને બગાડનારી ખતરનાક કરૂણતા એ છે કે ધર્મના નામે, સિદ્ધાંતોના નામે તથા પરોક્ષ તત્ત્વોના નામે લડાઈ ઝઘડાં થતાં વાર લાગતી નથી. ઘણીવાર એવું પણ બને છે કે લડાવનારની જીભે મોક્ષની વાત હોય છે અને તેમના ટાંટીયા નરક તરફ હોય છે. આવા વિસંવાદી જીવનનાં માલીકોને ધર્મના નામે ઝેરના પ્યાલા પીવડાવવાની આવડત સારામાં સારી મળી ગઈ હોવાથી તેમના માટે સમાજના ભાગલા પાડવાનું કાર્ય " It is very easy " ઘણું જ સરળ બની જાય છે. પરંતુ ધર્મના નામે પડેલા ઝઘડાઓ મટાડવા અને સૌને એક જાજમ ( યુનીયન ) કે ઝંડા નીચે લાવવામાં સાગરોપમના સાગરોપમ જેટલો સમય હોમાઈ જાય તો પણ ધર્મના ઝઘડા મટી જતા નથી. મતનો સ્થાપક ભલે આજે કાલે કે બીજા ભવે પણ બદલાઈ જાય કે સિદ્ધશિલાનો વાસી બને તો પણ સ્થાપિત

મત તો વજ્રલેપ જેવો થઈ જાય છે. ત્રિદંડી અને મહાવીરસ્વામીનો આત્મા એક જ છે. પરંતુ વચ્ચે કેટલો લાંબો સમય પસાર થઇ ચૂકયો છે? હિસાબ જોડયો છે? સાંભળો ત્યારે ત્રીજા આરાના ચરમ ચરણમાં મરીચિ થયા પછી ચોથો આરો જે ૪૨ હજાર ન્યૂન એક કોડાકોડી સાગરોપમનો હતો, એટલે કે એક કરોડ સાગરોપમને એક કરોડ સાગરોપમથી ગુણાકાર કરો તે કોડાકોડી સાગરોપમ કહેવાય છે. વચ્ચે ૨૩ તીર્થંકરો, ૧૧ ચક્રવર્તીઓ, ૯ વાસુદેવ, ૯ પ્રતિવાસુદેવ અને ૯ બલદેવો થયા. મરીચિમુનિ પોતે ચોવીશમા તીર્થંકર બની ગયા અને મોક્ષમાં ગયા તોયે ત્રિદંડીનો મત આજે પણ ચાલુ જ છે.

**અક્રિયાવાદી**:–જે સમયે ક્રિયાવાદીઓના ૧૮૦ અખાડા હતાં તે જ સમયે અક્રિયાવાદીઓના પણ ૮૪ની સંખ્યામાં અખાડા વિદ્યમાન હતાં જેમાં કાંઠે વિદ્ધિ, કૌશિક અને કૌકલ મુનિના અખાડા જોરદાર હતાં. પક્ષ અને પ્રતિપક્ષ, માનવના કુત્સિત મસ્તિષ્કની ઉપજ છે. તેથી પક્ષાંતરો થયા વિના રહેતા નથી. ક્રિયાવાદીઓ હોય તો અક્રિયાવાદીઓ જન્મ્યા વિના રહી શકવાના છે? એક માનવ કહે છે કે જીવ છે, તરત બીજો કહેશે કે જીવ નથી જ. યદ્યપિ આવા પક્ષાંતરો પડવામાં ઈર્ષ્યા, હઠાગ્રહ કે વિરોધની ભાવના જ કામ કરે છે; પરંતુ ભૂલવું ન જોઈએ કે આ બધામાં મૌલિક કારણ અજ્ઞાન જ કામ કરી રહ્યું છે. સમ્યગ્જ્ઞાનની પક્કડ વિનાના માનવને માટે અજ્ઞાન એ ભયંકરમાં ભયંકર દુશ્મનનું કામ કરે છે. વિપરીતતા, સંશયિતા, અનધ્યવસિતા; આ ત્રણે અજ્ઞાનના જ પુત્રો છે. આમાંથી મોહરાજા ભડકે છે અને માનવ, બીજા માનવની સાથે નહી, પણ સામે બેસવાનો આગ્રહ કરે છે. ત્યારે સૌના

અખાડા જુદા પડે તે સ્વાભાવિક છે. વર્તમાનકાળના ભારત દેશમાં પણ આપણે પ્રત્યક્ષ જોઈ રહ્યાં છીએ કે બાપ ધોળી ટોપી પહેરે છે, બેટો લાલ ટોપી, ભાઈ પીળી ટોપી પહેરીને બતાવી આપે છે કે તમારા–મારા વિચારો જુદા છે.

એક ભાઇ પંડિત નહેરૂને પૂજે છે. બીજો ભાઈ ઇન્દિરા ગાંધીની આરતી ઉતારે છે. ત્રીજો ભાઈ ચરણસિંહનો ગુલામ. આ પાંચે માનવો ભલે સ્થૂલ મનથી તે તે વ્યક્તિઓના પૂજક રહ્યા પરન્તુ તેમના સુક્ષ્મ મન બીજી દિશામાં જ વિચારતા હોય છે. તેઓ ખાનગીમાં કહે પણ છે કે બગલાની પાંખ જેવી ખાદીના પહેરનારા કરતા તો બ્રિટિશરો લાખ વાર સારા હતાં. આમ છતાં પણ ઘણીવાર સૂક્ષ્મ મન કરતાં સ્થૂળ મન બાજી જીતી જાય છે અને પોતપોતાના અખાડા ચલાવવામાં જીવન પુરૂં કરે છે. આ અક્રિયાવાદીઓ પણ ક્રિયાવાદીઓના પૂર્ણ વૈરી, વિરોધી અને અવસર મળ્યે મારામારી કરવામાં પૂરેપૂરા સાવધાન હતાં. સામેવાળો મરી જાય તેની પરવા કોઇને પણ ન હતી. પણ મારા સિદ્ધાંતની વિરૂદ્ધ બોલનારને બરાબર મેથીપાક ખવડાવવો એજ તેમનો મુખ્ય ધર્મ હતો.

અજ્ઞાનવાદીઓના ૬૭ ની સંખ્યામાં અખાડાઓ કામ કરી રહ્યા હતાં; જેમાં જૈમિની, વસુ, બાદરાયણ, ચારાયણ પિપ્પલાદ આદિ હતાં.

જ્યારે વિશિષ્ટ, પારાશર, જાનુકર્ણ. વાલ્મીકી, રોમ, હર્ષ, વ્યાસ અને ઈલાપુત્ર આદિ વિનયવાદીઓના અખાડા ૩૨ ની સંખ્યામાં હતાં. આ ઉપરાંત ઈશ્વરવાદ, નિયતિવાદ, શૂન્યવાદ, વિજ્ઞાનવાદ આદિના જૂદા જૂદા અખાડાઓ તો ગલીએ ગલીએ

અને એટલે એટલે જોરશોરથી હારજીતની પ્રતિજ્ઞા લઈને કરનારા હતાં.

આ ચારે પ્રકારના મત મતાંતરોમાં તે સમયનો ભારત દેશ પૂર્ણ રૂપે ગળેડુબ હતો. રાજા, મહારાજાઓ પંડિતોની વાગ્જાલમાં ફસાયેલા હતાં અથવા પોતાના અર્થ અને કામદેવની ઉપાસનામાં જેમનો અખાડો અનુકુળ હોય તેમાં પોતાની મેમ્બરશીપ નોંધાવીને તેમની કંઠી ગળામાં ધારી લેતા હતાં. શ્રીમંતો પણ અર્થ અને કામના સેવક હોવાથી જેના પક્ષમાં લાડવા તે અમારો ધર્મ "જિસકે તડમેં લડ્ડુ ઉસકે તડમેં હમ" આ પ્રમાણે પંડિતો, રાજાઓ અને શ્રીમંતોના એકીકરણમાં પતિતો અને દલિતોને કયાંય પણ બોલવાનો કે મત દેવાનો અધિકાર હતો જ નહિ, જ્યારે જગદંબા સ્વરૂપ સ્ત્રીને તો પુરુષની દાસી બનીને રહ્યા વિના બીજો માર્ગ રહ્યો ન હતો. ગમે ત્યારે તેનું લીલામ થઈ જવાની શકયતા અને ગુલામડી બનીને ઢોરમાર સહન કરવાનો હતો, જેથી તે જગદંબા તે સમયે સર્વથા લાચાર બનીને જીવન યાપન કરનારી હતી. શિકાર, જુગાર, શરાબ, માંસાહાર, પરસ્ત્રીગમન, વેશ્યાગમન અને ચૌર્યકર્મ આદિના પાપો સર્વથા અમર્યાદિત હતાં. ત્યારે જ તો ત સમયનું સત્યસ્વરૂપ એક કવિએ આ પ્રમાણે આપ્યું છે.

अन्तर्शाक्ता बहिर्शैवाः सभामध्ये च वैष्णवाः ।
नाना रूपधराः कौलाः विचरन्ति महीतले ॥

## ક્રિયાવાદી એટલે શું ?

[ ૧ ] ક્રિયામાત્ર કર્તા વિના બનતી નથી અને તે કર્તા આત્મા સિવાય બીજો કોઇ નથી. બેશક ! ક્રિયાની નિષ્પત્તિમાં કર્મ, કરણ, હેતુ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણરૂપે

કોઈને કોઈ નિમિત્ત બનતા હોવા છતાં પણ ક્રિયાનો કારક તો આત્મા પોતે જ હોય છે, માટે આત્માના અસ્તિત્વને માનનારા આ ક્રિયાવાદીઓ છે.

[ ૨ ] ક્રિયા જ પ્રધાન છે, તેથી ક્રિયાના પ્રાધાન્યને માનનારા ક્રિયાવાદી કહેવાય છે.

[ ૩ ] અથવા જીવાદિ નવે તત્ત્વોના અસ્તિત્વને સ્વીકાર કરનારા ક્રિયાવાદી છે. ઉપર પ્રમાણેના ક્રિયાવાદીઓ જીવાદિ નવે તત્ત્વોને માને છે, પરન્તુ કદાગ્રહી હોવાથી સત્યસ્વરૂપ તે તત્ત્વોમાં પણ વિસંવાદિતા થયા વિના રહેતી નથી, અથવા નવતત્ત્વનો પાઠક [ માસ્ટર પંડિત ] પોતે જ તે તત્ત્વોનું યાથાર્થ્ય સમજેલો ન હોય, અર્ધદગ્ધ હોય તો તેમની પાસેના વિદ્યાર્થીઓ પણ વિસંવાદી અને હઠાગ્રહી બન્યા વિના રહેતા નથી. ફળસ્વરૂપે મૂળ ટોળામાંથી વિસંવાદિતાના કારણે એક પછી એક જુદા પડતા ગયા. પછી તો જુદા થવાની પણ પરંપરા ચાલે છે, ત્યારે જ એક મતમાંથી ૧૮૦ મતો, ટોળાઓ, પંથો, મંડળો પડ્યા છે, જે બધાય મહાવીરસ્વામીના સમયે પણ હાજર હતાં અને

" जीवाजीवा पुण्णं पावासव संवरोय निज्झरणा ।
बंधो मुक्खोय तहा नवतत्ता हुंति नायव्वा ॥ "

આ ગાથા સૌને કંઠસ્થ કરવી સર્વથા અનિવાર્ય હતી. ચાલતા ફરતા કે કામકાજ કરતાં પણ ગાથાના તત્ત્વો તેમની જીભ પર સદૈવ રટાતા રહેતા હતાં.

ઉપર પ્રમાણેના નવે તત્ત્વો પ્રત્યે શ્રદ્ધાળુ હોવા છતાં પણ તે તત્ત્વોના સત્ય સ્વરૂપને જાણવામાં સર્વથા એકાંતવાદી બનેલાઓને બીજાઓ સાથે વાતે વાતે વિરોધ કર્યા વિના ચાલતો

નથી. આ ન્યાયથી તેઓ કયાં કયાં અને કઈ રીતે જુદા પડતા ગયા તેને વિસ્તારથી જાણવાનો યથામતિએ પ્રયાસ કરીએ. આ ક્રિયાવાદીઓ નવ તત્ત્વને માનનારા હોવાથી પ્રાયઃ કરીને તેઓ સમ્યક્ત્વ સમ્પન્ન હોઈ શકે છે.

## તેમનાં ૧૮૦ ભેદ શી રીતે પડયાં?

મુળ તત્ત્વ નવ છે. તે આ પ્રમાણે :– જીવતત્ત્વ, અજીવતત્ત્વ, પુણ્યતત્ત્વ, પાપતત્ત્વ, આશ્રવતત્ત્વ, બંધતત્ત્વ, સંવરતત્ત્વ, નિર્જરાતત્ત્વ અને મોક્ષતત્ત્વ.

ઉપરના ૧૮૦ ક્રિયાવાદીઓને આ નવે તત્ત્વો માન્ય છે. શ્રદ્ધેય છે. માટે જ પ્રારંભકાળમાં કોઇને કંઇ પણ કહેવાપણું ન હોવાથી સૌનો ગુરુ એક જ હતો. મઠ એક જ હતો. પરંતુ હુંડા અવસર્પિણીના અભિશાપે શંકાઓ થતી ગઇ, સમાધાન થયા નહી અને રાગદ્વેષના ચક્રાવે અટવાઇ જઇને કોઇએ આ નવે તત્ત્વોને સ્વતઃ સિદ્ધ માન્યા જ્યારે બીજાએ પરતઃ સિદ્ધ માન્યા. અને માન્યતામાં કદાગ્રહ પ્રવેશતો ગયો. પરિણામે ૯×૨=૧૮ ભેદ પડી ગયા. બાવળનું બીજ બાવળને જ ઉત્પન્ન કરે તેમ કોઇએ આ ૧૮ ભેદોને નિત્ય માન્યા છે, જ્યારે બીજાએ અનિત્ય માન્યા. આ પ્રમાણે અમરવેલ જ્યારે વધવા માંડે છે ત્યારે આખાયે વૃક્ષને વ્યાપ્ત કરતાં વાર લાગતી નથી. તેવી રીતે ઉપરના ૩૬ ભેદોને માટે પણ કલહ વધ્યાં. ઝઘડા થયા, મારામારી થઈ અને તે ૩૬ ભેદ શું? કાલકૃત છે? નિયતિકૃત છે? સ્વભાવકૃત છે? ઇશ્વરકૃત છે? અથવા આત્મકૃત છે? આ પ્રમાણે પાંચ વિકલ્પોનો જન્મ થયો. તેના પર હઠાગ્રહ વધતો ગયો પછી તો પોતપોતાના મંતવ્યો પ્રમાણે પ્રવર્તકો જૂદા થયા, આચાર્યો જૂદા થયા, મુનિઓ જૂદા થયા અને તેમના

પક્ષાંધ બનીને ગૃહસ્થો પણ જુદા જુદા ટોળામાં ફસાઈ ગયા અને ૩૬ × ૫ = ૧૮૦ ભેદ જોતજોતામાં પ્રવર્તિત થઈ ગયા.

દેવાધિદેવ ભગવાન મહાવીરસ્વામીને કેવળજ્ઞાન થયા પછી પણ આ ૧૮૦ પાખંડીઓ ધર્મના નામે, સમ્યક્ત્વના નામે, જીવાદિ તત્ત્વોના સ્વરૂપને માટે લડતાં હતાં, ઝઘડતા હતાં અને ભારત દેશને "ત્રાહિ માં–ત્રાહિ માં" જેવી અવસ્થામાં લાવી મૂકયો હતો.

સ્વતઃ પરતઃ નિત્ય, અનિત્ય, કાળ, ક્ષણિક, નિયતિ ઇશ્વર, આત્મા આદિ શબ્દોના અર્થ જોઇ લઇએ. નવે તત્ત્વોની વિશદ વ્યાખ્યાઓ પહેલાના ભાગોમાં ચર્ચાઈ ગઈ છે; તેમ છતાં પણ તે નવ તત્ત્વને તત્ત્વાર્થ સૂત્ર, આર્હત્દર્શન–દીપિકા આદિ ગ્રંથોથી જાણી લેવું.

સ્વતઃ એટલે આત્મા પોતાના સ્વરૂપને લઇને વિદ્યમાન છે. પરંતુ હ્રસ્વત્વને જેમ દીર્ઘત્વની અને દીર્ઘત્વને હ્રસ્વત્વની અપેક્ષા રહેલી છે તેવી એકેય અપેક્ષા આત્માને માટે ઘટતી નથી, કેમકે આત્મા સ્વતઃ સિદ્ધ છે. પુણ્યપાપના ફળો ભોગવવાને માટે સર્વતંત્ર સ્વતંત્ર છે. જન્મ મરણમાં પણ કોઇની અપેક્ષા આત્માને માન્ય નથી.

નિત્ય એટલે આત્મા પોતે કોઇનાથી પણ ઉત્પન્ન થતો નથી, નાશ પામતો નથી. રૂપાંતર અર્થાત્ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય કે પુદ્ગલાસ્તિકાય આદિમાં ચારે નિકાયના દેવો યદિ પરિશ્રમ કરીને પોતાના સાગરોપમના સાગરોપમ આયુષ્યને સમાપ્ત કરી લે તો પણ પરિવર્તિત કરી શકે તેમ નથી; માટે આત્મા ભૂતકાળમાં પણ હતો,

વર્તમાનકાળમાં પણ છે અને ભાવિકાળમાં રહેશે, તેથી તેની નિત્યતા અને શાશ્વતતા અબાધ છે.

અનિત્ય આત્માને અનિત્ય માનનારા ક્ષણિકવાદીઓના અખાડાના સાધકો નિત્યવાદીઓને પડકાર ફેંકતા કહેતાં હતાં કે આત્મા કોઈ કાળે નિત્ય હતો જ નહીં. તમારો આ નિત્ય-વાદ એકવાર નહીં પણ હજારવાર જૂઠો છે. કેમકે સંસારમાં જે પદાર્થો આંખેથી દેખાય છે તે બધાય દીવાની જ્યોતની જેમ પ્રતિસમયે નશ્વર છે, ક્ષણિક છે; માટે આત્મા અનિત્ય છે. મિથ્યાત્વના જોરદાર હુમલાના કારણે તે સમયે દ્રવ્યમાત્રને એકાંતે નિત્ય અને એકાંતે અનિત્ય માનનારાઓના બે પક્ષોના રોજ રોજના લડાઈ ઝઘડા તથા વૈર વિરોધના અભિશાપે ભારત દેશના નાના મોટા સૌ કોઈ કિં કર્તવ્યમૂઢ હતાં. સાધારણ જનતા ત્રસ્ત હતી તેથી સમયે સમયે પોતાના હૈયાની વરાળ કાઢતી હતી કે જે ધર્મસિદ્ધાંત દેશને, સમાજને, શ્રીમંતોને, સત્તા-ધારીઓને વેરઝેરના ચક્રાવે ચડાવીને બરબાદ કરે, ખુનાખરાબી કરાવે, માનવતાનો સત્યાનાશ કરાવીને દાનવતા અપાવે, દેવ-તત્ત્વના બદલે અસુરત્વ તરફ લઈ જાય, તે ધર્મ કોઈના માટે શા કામનો ? પણ પંડિતોની પાંડિત્ય ગર્વિષ્ઠતા એટલી હદ સુધી પહોંચી ચૂકી હતી જેને રોકવા માટે કોઈનું પણ ભેજું અકિંચિત્કર હતું.

પરતઃ આના પક્ષાંધોનું કહેવું છે કે આત્માદિ તત્ત્વો સ્વતઃ સિદ્ધ નથી એટલે કે જીવની સિદ્ધિ પોતાને આધીન નથી જ, પણ પરતઃ એટલે કે પારકાને આધીન છે. આવી રીતે પરતઃ સિદ્ધિવાદીઓ ડંકાની ચોટ સાથે કહેતા હતાં કે આત્માદિ તત્ત્વોની સિદ્ધિ પરતઃ જ હોઈ શકે છે. જેમ મોસંબીથી બોર નાનું છે અને બોરથી મોસંબીનું દીર્ઘત્વ બોરની હ્રસ્વતાને

લઈને છે, તથા ઘટપટ મકાન આદિ પદાર્થો જડ છે. તો તે જડથી સર્વથા વિપરીત ચેતન સ્વરૂપે આત્મા હોવો જોઈએ. સારાંશ કે સંસારના પદાર્થોનો અનુભવ કર્યા પછી જ આત્મા તરફ લક્ષ્ય જાય છે. તેથી આત્માની સિદ્ધિ માટે જડ પદાર્થોની અપેક્ષા રહેલી જ છે. માટે આત્મા પરતઃ સિદ્ધ છે. આવી સ્થિતિમાં પણ કેટલાક પરવાદીઓ આત્માને નિત્ય તથા કેટલાક અનિત્ય માને છે. આ પ્રમાણે :–

( ૧ ) આત્મા સ્વતઃ નિત્ય જ છે.

( ૨ ) આત્મા સ્વતઃ અનિત્ય જ છે.

( ૩ ) આત્મા પરતઃ નિત્ય જ છે.

( ૪ ) આત્મા પરતઃ અનિત્ય જ છે.

એકલા જીવતત્ત્વના આ ચાર મતાંતરો થયા. તેવી રીતે અજીવતત્ત્વના સ્વતઃ, પરતઃ, નિત્ય અને અનિત્યરૂપે ચાર ભેદ જાણવા. યાવત્ મોક્ષ સુધી ૪×૯=૩૬.

## જીવાદિ તત્ત્વો કાળકૃત છે :

કાળવાદીઓનું મંતવ્ય છે કે જીવાદિ બધાય તત્ત્વો કાળકૃત છે એટલે કે જીવાદિ તત્ત્વો છે. તેમના વ્યાપારોનો અનુભવ કાળને લઈને જ થાય છે માટે તે કાળકૃત છે. દ્રવ્યમાત્રની સ્થિતિ, ઉત્પત્તિ અને પ્રલયમાં કાળનો જ પ્રત્યક્ષ પ્રભાવ છે. જીવોનું જન્મ–મરણ પણ કાળને આધીન છે. પ્રસૂતિના સમય પહેલાં ડોકટરોના કે નર્સોના હજાર પ્રયત્ન હોવા છતાં કોઈને પણ પ્રસૂતિ થતી નથી, થઈ નથી, થશે પણ નહીં. તેવી રીતે મરણ પણ ઇશ્વરાદિને આધીન નથી પણ કાળને આધીન છે. આંખેથી દૃશ્ય–અદૃશ્ય છતાં પણ એકસાથે ચિરકાળે કે તત્કાળમાં

પોતપોતાના ઠંડી, ગરમી અને વર્ષાઋતુમાં ક્યાંય ઇશ્વરાદિનો ચમત્કાર જોવાયો છે? અને જોવાતો હોય તો પોષ મહિને સખત ગરમી અને વૈશાખ મહિને સખત ઠંડી કેમ પડતી નથી? તથા દિવસ, માસ, વર્ષ, યુગ, પૂર્વ, પલ્યોપમ, સાગરોપમ, ઉત્સર્પિણી તથા અવસર્પિણી આદિમાં કાળનો પ્રત્યક્ષ પ્રભાવ સ્પષ્ટ દેખાય છે. સ્ત્રીને ઋતુકાળ આવ્યા વિના કોઇની તાકાત વિશેષથી પણ ગર્ભાધાન થયેલું સાંભળ્યું છે? પુરૂષ પ્રયત્નથી ઋતુકાળ લાવી શકાતો હોય તો બે વર્ષની બાલિકાને પણ ઋતુ કેમ નથી આવતું? માટે કાળની પ્રધાનતાને નકારી શકાય તેમ નથી.

## જીવાદિ તત્ત્વો નિયતિકૃત છે :

જીવાદિ તત્ત્વોને સ્વ-પર-નિત્ય અને અનિત્યરૂપે માનવા છતાં પણ ક્રિયાવાદીઓમાંથી જુદા પડેલા નિયતિવાદીઓ જોર-શોરથી પ્રતિજ્ઞાપૂર્વક કહે છે કે કોઈ પણ તત્ત્વ કાળકૃત હોતું જ નથી પરંતુ નિયતિને આધીન છે. પદાર્થો સર્વથા સ્વતંત્રરૂપે જે જે રૂપાંતરોમાં પરિવર્તિત થવાના હોય છે તેમાં પ્રયોજક-રૂપે જે કામ કરે તેને નિયતિ કહેવાય છે. આનો આશ્રય કર્યા વિના શુભ કે અશુભ પ્રાપ્તવ્ય અર્થ કોઇને પણ પ્રાપ્ત થયો નથી, થતો નથી અને થશે નહીં. જે થવાનું નથી તે હર-હાલતમાં પણ થતું નથી, જેમ ગધેડાંને શીંગ, અને જે થવાનું હોય તેનો નાશ કોઈ કરી શકતો નથી. ઋતુસ્નાતા સ્ત્રીને ગર્ભધારણ કરવાનો કાળ છે, પુરુષનો પુરુષાર્થ પણ વિદ્યમાન છે, છતાં પણ ગર્ભધારણ ન થવા દેવામાં આ નિયતિ સિવાય બીજું એકેય કારણ કોઇને દેખાતું હોય તો કહો. સારાંશ કે ૧૮૦ ભેદમાંથી નિયતિને કારણ માનનારાઓના ટોળા જૂદા

હતાં, તેમના મઠો જૂદા હતાં, ગુરુઓ જૂદા હતાં તો પછી ભગતડાઓ જૂદા હોય તેમાં શું નવાઈ?

## જીવાદિ તત્ત્વો સ્વભાવકૃત છે :-

સ્વભાવથી જ એટલે કે પદાર્થો પોતાની મેળે જ તથાતથા પરિણામોમાં પરિણત થઈ જાય છે, તેથી કાળને કે નિયતિને માનવાની આવશ્યકતા નથી, પણ સંસારનું સંચાલન જ સ્વભાવગત છે. અન્યથા બાવળના કાંટાઓ તીક્ષ્ણ શી રીતે થાય? મૃગ અને પક્ષીઓનાં રંગરૂપ જૂદા જૂદા વિચિત્ર સ્વરૂપે કોણે બનાવ્યા? કમળના પાંદડાઓમાં સુન્દરતા ક્યાંથી આવી? હરિણીઓની આંખોમાં આટલું સૌન્દર્ય કોણે મૂક્યું? મયૂરની પાંખો આટલી બધી રંગરગીલી કેમ? ખાનદાન માનવને વિનય વિવેકના પાઠો ક્યાંથી આવડ્યાં? ઇત્યાદિ પ્રસંગોમાં સ્વભાવ સિવાય બીજું કારણ કયું? પુરુષ હજાર પ્રયત્ન કરે તો પણ ઉપર્યુક્ત વસ્તુઓ સુંદર ન જ બનાવી શકે. ગર્ભધારણ કરવાનો સમય છે, પુરુષાર્થની અનુકૂળતા છે, નિયતિ પણ પ્રતિકૂળ નથી છતાં વાંઝણી સ્ત્રીને ગર્ભધારણ થવાનું છે જ નહીં માટે દુનિયાભરના મંત્રો, જંત્રો, ઉપાસનાઓ, વાસનિક્ષેપ કે કોઈના આશીર્વાદો પણ એકવાર નહિ પણ હજારોવાર નિષ્ફળ જાય છે. આ કારણે જ જીવાદિ તત્ત્વો કાળકૃત નથી, નિયતિકૃત નથી પણ સ્વભાવકૃત છે.

## ઈશ્વરકૃત :

એક મતમાંથી બીજા મતો ફૂટવાના હોય છે ત્યારે સૌની બુદ્ધિમાં :-

સામ્યભાવ મટે છે અને વૈષમ્યભાવ આવે છે.

હિતબુદ્ધિ ઘટતી જાય છે અને સ્વાર્થવૃત્તિ વધતી જાય છે.

સહનશક્તિ વિદાય લે છે અને રાગદ્વેષની માત્રા વધવા લાગે છે.

અપેક્ષા બુદ્ધિ અલવિદા લે છે અને એકાંત બુદ્ધિની પધરામણી થાય છે.

સમતા પ્રધાનતાના રીસામણા થાય છે અને તામસ પ્રધાનતાનો પ્રવેશ થાય છે.

હૃદય મંદિરમાંથી ઈશ્વર જાય છે અને અસુરદેવની પ્રતિષ્ઠા થાય છે.

ઇત્યાદિ કારણે જીવાદિ તત્ત્વો સ્વતઃ પરતઃ નિત્ય કે અનિત્ય ભલે રહ્યાં પણ તેમાં બધાયમાં ઇશ્વરનો હસ્તક્ષેપ અનિવાર્ય હોવાથી જીવની બધીય ક્રિયાઓ ઇશ્વરાધીન છે. એટલે જડ અને ચેતનમાં ઈશ્વરીય લીલાને નિર્વિવાદ માન્યા વિના ચાલે તેમ નથી. નાનું મોટું મકાન પણ કારીગર વિના બનતું નથી તો પછી આવડો મોટો સંસાર અને તેનું સંચાલન ઇશ્વર વિના થઈ શકે જ નહીં. તેઓ કહે છે કે 'જીવ અજ્ઞાન છે, પોતાના સુખ દુઃખ માટે પણ સમર્થ નથી ત્યારે જ ઇશ્વર તેને સ્વર્ગમાં કે નરકમાં ધકેલી મારે છે? એટલે કે ઇશ્વરની આજ્ઞા વિના પીપળાનું પાંદડું પણ ચાલતું નથી.

## આત્મકૃત :

જીવાદિ તત્ત્વો, કાળ, નિયતિ સ્વભાવ કે ઈશ્વરને અધીન નથી પણ આત્મકૃત છે. આ આત્મકૃતવાદીઓનું મન્તવ્ય છે

કે પૂરા સંસારમાં કેવળ એક આત્મા સિવાય બીજા એકેય પદાર્થની કલ્પના કરવી નરી અજ્ઞાનતા છે. ઉદાહરણ આપતા તેઓ કહે છે કે 'આકાશમાં ચન્દ્ર એકની જ સંખ્યામાં છે, પરન્તુ જુદા જુદા પાણીથી ભરેલા પાત્રોમાં તે જૂદો જૂદો દેખાય છે, તેવી રીતે સૌમાં આત્મા એક જ છે જે નવા નવા રૂપો ધારણ કરતો રહે છે.

ઉપર પ્રમાણે ક્રિયાવાદીઓના ૧૮૦ની સંખ્યાના અખાડાઓ આપણે જોઈ ગયા, જાણી ગયા, જે સૌ એકબીજાના સર્વથા વિરોધી, વૈરી અને વાતે વાતે લડતા ઝઘડતા ભારતભૂમિના માનવોને માટે અભિશાપરૂપે હતાં. જે દેશમાં, સમાજમાં ધર્મના નામે પાખંડ ચલાવનારાઓના ક્લેશ કંકાસ થતાં રહેતા હોય ત્યાં માનવ સમાજને શાંતિ અને સમાધિ આપનારો કોણ?

## અક્રિયાવાદીઓ એટલે શું?

હવે આપણે અક્રિયાવાદીઓને સમજવાનો પ્રયત્ન કરીએ, જે ૮૪ની સંખ્યામાં છે. આ બધાય અખાડાના અખાડાબાજો, જીવ, અજીવ, આશ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ આ સાતેય તત્ત્વોને નાસ્તિત્વ રૂપે માનનારા છે. તે સ્વતઃ નથી કે પરતઃ નથી માટે ૭×૨=૧૪ ભેદ થયા.

કાળ, યદૃચ્છા, નિયતિ, સ્વભાવ, ઈશ્વર અને આત્મકૃત આ છ પ્રકારે ૧૪×૬=૮૪ ભેદ થયાં.

આ વાદીઓનું કહેવું છે કે જીવ નથી, અજીવ નથી, આશ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ નામે સાતેય તત્ત્વો છે જ નહી. તે સ્વતઃ નથી અને પરતઃ નથી તથા કાળકૃત, યદૃચ્છાકૃત, નિયતિ કૃત, સ્વભાવકૃત, ઈશ્વરકૃત તથા આત્મકૃત

પણ નથી. આ કારણે જ જીવાજીવાદિના નાસ્તિત્વને માનનારા હોવાથી આ ૮૪ ટોળાના પ્રવર્તકો, અને તેમના મેમ્બરો નાસ્તિક અને મિથ્યાત્વી છે. આથી જીવાદિના નાસ્તિત્વને માન- નારા તેઓ કહે છે કે જીવાદિ નથી કેમકે તેને સિદ્ધ કરવા માટે તેનું એકેય લક્ષણ નથી જેના કારણે તેના અસ્તિત્વને માનવાની ફરજ પડે. તેથી લક્ષણ વિનાની લક્ષ્યની સિદ્ધિ કેવી રીતે કરી શકાશે? તથા જીવનું એકેય કાર્ય નિર્ણીત નથી કેમકે અણુથી પર્વતની સિદ્ધિ જેમ શકય નથી તેમ જેનું કાર્ય દૃષ્ટિગોચર થતું નથી તે જીવાદિ તત્ત્વોને માનવાની આવશ્યકતા રહેતી નથી. માટે આકાશ કુસુમની જેમ જેની સિદ્ધિ સ્વતઃથી ન થાય તેની પરતઃથી સિદ્ધિ માનવાનું કંઇ પણ કારણ નથી. કાળ, સ્વભાવ, નિયતિ, ઇશ્વર અને આત્મ- કૃતની વ્યાખ્યા કરાઇ ગઇ છે. કેવળ યદૃચ્છાની વ્યાખ્યા જાણી લઇએ.

યદૃચ્છા :—જેમાં ઇચ્છા વિના અર્થની પ્રાપ્તિ થાય તેને યદૃચ્છા કહે છે. આ વાદીઓનું કહેવું છે કે માનવોને સુખ દુઃખ આદિની જૂદા જૂદા પ્રકારની પ્રાપ્તિ સર્વથા અતર્કિત છે, કલ્પના વિનાની છે. જેમકે ઝાડની ડાળે કાગડો બેઠો હોય અને અકસ્માત ડાળ પડે તે સમયે કાગડાને ખબર નથી કે મારા બેસવાથી ડાળ પડી રહી છે, કે ડાળને પણ ખબર નથી કે હું કાગડા પર પડી રહી છું. આવા પ્રકારના યદૃચ્છાપૂર્વક થતાં કામમાં જનમાનસ કહે છે કે "કાગડા ને બેસવું ને ડાળનું પડવું થયું" તેવી રીતે 'અમે પિશાચો છીએ, વનમાં રહીએ છીએ, ઢોલ નગારાને અમે સ્પર્શ પણ કરતાં નથી છતાં પણ સંસારનો માનવ કહે છે કે વનવગડામાં પિશાચો ભેરી વગાડી રહ્યાં છે. આ પ્રમાણે જન્મવું–મરવું આદિ કાર્યો

યદચ્છાપૂર્વક જ થાય છે તેમાં કોઈની બુદ્ધિના બળની આવશ્યકતા નથી.

આ રીતે અક્રિયાવાદીઓના ૮૪ ભેદો થયાં.

## અજ્ઞાનવાદીઓ એટલે શું ?

આ મતવાદીઓ જીવાદિ નવ તત્ત્વોને તથા ઉત્પત્તિ નામે દશમા તત્ત્વને સદ્રૂપે, અસદ્રૂપે, સદસદ્રૂપે, અવક્તવ્યરૂપે, સદવક્તવ્યરૂપે, અસદવક્તવ્યરૂપે તથા સદસદવક્તવ્યરૂપે માનનારા હોતા નથી. તેઓ કહે છે કે જીવ સદ્રૂપે દેખાતો નથી, અસદ્રૂપે દેખાતો નથી. તેમ બીજા કોઇ પ્રકારે દેખાતો કે અનુભવાતો નથી, અથવા જીવાદિની જાણકારીનું પ્રયોજન પણ શું છે? જીવ છે તેની જાણકારીનું ફળ પણ શું છે? જીવ છે તેની જાણકારી કોઇએ કરી નથી અથવા જીવ તત્ત્વ જાણી લીધું તેથી શું થઈ જવાનું છે? તેવી રીતે જીવ નથી, આ વાતને કોઇએ જાણી નથી અથવા નહીં જાણવા માત્રથી તેને હાનિ પણ શું થઈ ગઈ? અને ભાવોની ઉત્પત્તિ થાય છે તે કોઇએ જાણી નથી અથવા જાણી લીધી હોય તો પણ શું? જીવ અતીન્દ્રિય હોવાથી કોઈની પાસે તેવું જ્ઞાન નથી, જેથી આત્માને જાણી શકાય. અથવા આત્માને સર્વગત, મૂર્ત જ્ઞાનાદિ ગુણોપેત સ્વરૂપે કે તેનાથી રહિત કોઇએ જાણી લીધો હોય તો પણ જાણનારને કયો ફાયદો? માટે પ્રત્યેક પ્રસંગનું અજ્ઞાન જ સર્વ શ્રેયસ્કર છે. આત્માને નિત્ય માનનારા અનિત્યવાદીઓના હાડવૈરી છે, અને અનિત્યવાદીઓ નિત્યવાદીઓના દુશ્મન છે. બન્નેના અખાડાઓમાં રોજ રોજ લડાઇઓ થાય, મારામારી થાય અને મધ્યમ વર્ગ બિચારો શૂન્યમનસ્ક થઇને પોતાનું જીવન દ્વિધામાં પસાર કરી રહ્યો છે. આ કારણે જ અજ્ઞાન સર્વ શ્રેયસ્કર છે.

કોઈ પણ જાતની ઇચ્છા વિના કરેલા કાર્યોમાં અપરાધ તુલ્ય હોય તો પણ તેનો દોષ થોડો જ મનાયો છે, જ્યારે તે જ કાર્યને મુનિ, પંન્યાસ, ઉપાધ્યાય કે આચાર્ય કરે તો તે કાર્યથી થતો દોષ પણ ઉત્તરોત્તર વધારે મનાયો છે એટલે કે મુનિની ભૂલ કરતાં પંન્યાસની ભૂલ વધારે મહત્ત્વની હોવાથી મુનિ કરતાં પંન્યાસ વધારે દંડનીય છે. તેના કરતાં ઉપાધ્યાયજી મહારાજ વધારે દંડને પાત્ર છે અને આચાર્યદેવોની ભૂલ સર્વથા અક્ષમ્ય હોવાથી વધારે દંડનીય બને છે. તથા તુલ્ય અપરાધમાં મુનિને જે પ્રાયશ્ચિત આવે તેના કરતાં પંન્યાસને વધારે, ઉપાધ્યાયને તેના કરતાં પણ વધારે છે અને આચાર્યદેવોને જબરદસ્ત પ્રાયશ્ચિત આવે છે. આ ન્યાયે જીવાદિ તત્ત્વોને જાણી લીધા પછી જે પાપ કરે તેના કરતાં અમારૂં અજ્ઞાન લાખ વાર સારૂં છે. આ પ્રમાણે જીવાદિ નવ તત્ત્વ ૯×૭ સદ્ આદિરૂપે સાત પ્રકારે ગણતાં=૬૩ ભેદ થયાં; અને ભાવોત્પતિ, સતી, અસતી, સદ્સતી અને અવક્તવ્યા ચાર પ્રકારે હોવાથી ૬૩+૪=૬૭ ભેદ અજ્ઞાનીઓના થયાં.

## વૈનયિક એટલે શું ?

ભારતભૂમિ પર જ્યારે ક્રિયાવાદી, અક્રિયાવાદી અને અજ્ઞાનવાદી જીવાદિ તત્ત્વને માટે જૂદા જૂદા પ્રકારે લડી રહ્યાં હતાં ત્યારે આ વૈનયિકવાદીઓ પણ ડંકાની ચોટ સાથે ભારતભૂમિના માનવોને સંબોધન કરતાં કહી રહ્યાં હતાં કે હે માનવો ! હે પંડિતો ! હે મહાપંડિતો ! થોડીવારને માટે તમે તમારી આંખ બંધ કરીને તથા છાતી ઉપર હાથ મૂકીને વિચારો તો ખરા કે, જીવાદિ તત્ત્વોને તમે જે રીતે માની રહ્યાં છો અને જે રૂપે નથી માનતા ઇત્યાદિ પ્રસંગોમાં લડાઇ ઝઘડા કરી

તમે તમારો નાશ શા માટે કરી રહ્યાં છો. ઉઠ્યાં ત્યારથી જીવાદિ પરોક્ષ તત્ત્વોની ચર્ચા, મારામારી આદિ કરીને તમારા દિવસો અને રાતો પસાર થઇ રહી છે, માટે અમારો વિનયધર્મ જેમાં કોઈ જાતનો વિખવાદ નથી, ચર્ચા નથી, મારામારી નથી લાખવાર સારો છે. આ પ્રમાણે આ વાદીઓ કેવળ વિનયવડે જ મોક્ષને માનનારા હોવાથી વૈનયિક કહેવાય છે.

પોતાના અખાડાના ધર્મ પ્રમાણે તેઓ સામે આવતા કે મળતાં દેવ, રાજા, મુનિ, માતા, પિતા કે જાનવરોને મન–વચન તથા કાયાદિ વડે નમસ્કાર કરતાં હતાં. આસનાદિ આપતાં હતાં, તેઓ માનતા હતાં કે વિનયથી જ જ્ઞાન–દર્શન, ચારિત્ર અને મોક્ષની પ્રાપ્તિ સુલભ બને છે. તેમ છતાં પણ તેમના ૩૨ ભેદો પડ્યાં હતાં. દેવ, રાજા, યતિ, જ્ઞાતિ, સ્થવિર, અધમ, માતા અને પિતા ૮ પ્રકારના વ્યક્તિઓનો, મનથી, વચનથી, કાયાથી અને દાનાદિ વડે વિનય કરવો. આ પ્રમાણે ૮×૪=૩૨ ભેદોમાં વૈનયિકો એક બીજાથી જુદા હતાં.

| | | |
|---|---|---|
| ઉપર પ્રમાણે | ક્રિયાવાદીઓના | ૧૮૦ ભેદ |
| | અક્રિયાવાદીઓના | ૮૪ ભેદ |
| | અજ્ઞાનવાદીઓના | ૬૭ ભેદ |
| | અને વૈનયિકોના | ૩૨ ભેદ |
| | | ૩૬૩ ભેદ થયા. |

ભગવાન મહાવીર સ્વામીના છદ્મસ્થ કાળમાં અને કેવળી કાળમાં પણ આ પાખંડીઓ હતાં. આ ઉપરાંત બીજા મત-વાદિઓ પણ હતાં. પંડિતોની પરસ્પરની વાદવિવાદની ચર્ચા-ઓથી ભારતભૂમિ પૂર્ણરૂપે ત્રસ્ત હતી, કેમકે જીવાદિ તત્ત્વોને

નહીં માનનારા અક્રિયાવાદીઓ અને તેમના અભિશાપે સાર્વત્રિક ફેલાયેલા અજ્ઞાનવાદીઓના કારણે માંસાહાર, શરાબપાન, પરસ્ત્રીગમન, વેશ્યાગમન, શિકાર આદિ મહાવ્યસનો દેશના પ્રત્યેક સ્થાને વ્યાપક બની ચૂકયાં હતાં, ત્યારે જ તો કાલ સૌકરિક આદિ કસાઈઓના કસાઈખાનામાં હજારોની સંખ્યામાં પાડાઓ, ગાયો, બકરાઓ, ઘેંટાઓ અને મરઘાઓની ક્રુર હત્યાએ દેશની આબાદીને જોખમમાં મૂકી દીધી હતી.

આવી પરિસ્થિતિમાં ભગવાન મહાવીરસ્વામીએ સ્યાદ્વાદ, અનેકાંતવાદનો આશ્રય કરીને પાંડિત્ય ગર્વિષ્ઠ પંડિતોને, મિથ્યાભિમાની મહાપંડિતોને, રાજનીતિના ઘમંડી રાજાઓને, સુરાપાનના ચક્રાવે ચડેલા શ્રીમંતોને પવિત્ર રસ્તે લાવી મૂકયાં હતાં.

આટલી પૂર્વ ભૂમિકા પછી હવે આપણે મૂળસૂત્રના આધારે વિચાર કરીએ.

# શતક ૩૦ : ઉદ્દેશો–૧

## જીવો શું ક્રિયા આદિને માનનારા છે ?

હે પ્રભો ! સમવસરણ ( જેમાં અનેક પ્રકારના પરિણામવાળા જીવો બેસે તે) એટલે મત મતાંતરો કેટલા કહ્યાં છે ?

જવાબમાં ભગવંતે કહ્યું કે :–હે ગૌતમ ! સમવસરણ ( મત મતાંતરો ) નીચે પ્રમાણે ચાર પ્રકારે કહ્યાં છે.

( ૧ ) ક્રિયાવાદી, ( ૨ ) અક્રિયાવાદી, ( ૩ ) અજ્ઞાનવાદી અને વૈનયિકવાદી. જીવોમાં બહુવચનનો આશ્રય કરી ભગવંતે ફરમાવ્યું કે હે ગૌતમ ! અનંતાનંત જીવોમાંથી કેટલાક ક્રિયાવાદી છે, કેટલાક અક્રિયાવાદી છે અને કેટલાક અજ્ઞાનવાદી છે અને કેટલાક વૈનયિકવાદી પણ છે. આ પ્રમાણે–

કૃષ્ણાદિ છ લેશ્યાના માલીકોના માટે પણ જાણવું. જ્યારે લેશ્યા વિનાના અયોગી ( ૧૪મા ગુણસ્થાનકે રહેલા ) અને સિદ્ધ ભગવંતોને કેવળ ક્રિયાવાદી જ જાણવા.

કૃષ્ણપાક્ષિક જીવોનો સંસાર ઘણો લાંબો હોવાથી તેઓ ક્રિયાવાદી હોતા નથી પણ અક્રિયાવાદી, અજ્ઞાનવાદી અને વિનયવાદી હોય છે.

શુક્લપાક્ષિક જીવો પરિમિત સંસારી હોવાથી કેટલાક ક્રિયાવાદી પણ છે યાવત્ ચારે પ્રકારે છે.

સમ્યગ્દૃષ્ટિ જીવો કેવળ ક્રિયાવાદી જ છે, જ્યારે મિથ્યાદૃષ્ટિ જીવો કૃષ્ણપાક્ષિકની જેમ જાણવા.

મિશ્રદૃષ્ટિ ( સમ્યગ્મિથ્યાદૃષ્ટિ ) અજ્ઞાનવાદી અને વિનયવાદી જાણવા.

પાંચે પ્રકારના સમ્યગ્જ્ઞાની કેવળ ક્રિયાવાદી જ જાણવા. જ્યારે ત્રણે પ્રકારના અજ્ઞાની જીવો કૃષ્ણપાક્ષિકની જેવા છે.

આહારાદિ ચારે સંજ્ઞામાં આસક્ત જીવો ચારે પ્રકારના છે અને અનાસક્ત ( નોસંજ્ઞોપયુક્ત ) કેવળ ક્રિયાવાદી જ હોય છે, કેમકે બધીય ક્રિયાઓમાં અનાસક્તત્વ સમ્યગ્દર્શન વિના શકય હોતું નથી.

ત્રણે વેદના માલીકો ચારે પ્રકારના છે અને વેદ રહિત પહેલા ભેદમાં જાણવા. આ પ્રમાણે સકષાયી અને અકષાયી, યોગી અને અયોગી તથા સાકાર અને અનાકાર ઉપયોગ-વાળાઓના ભેદ જાણવા. કાપોત લેશ્યા સુધીના નારકો ચારે પ્રકારના જાણવા. શેષ ઉપર પ્રમાણે યથાયોગ્ય જાણી લેવું.

પૃથ્વીકાયિકો મિથ્યાદૃષ્ટિ હોવાથી અક્રિયાવાદી અને અજ્ઞાનવાદી જ હોય છે. વિનયવાદને યોગ્ય પરિણામ ન હોવાથી તેઓ વિનયવાદી હોતા નથી. વચનનો અભાવ હોય છે તો પણ વાદના પરિણામોથી તેઓ મુક્ત નથી. આ પ્રમાણે યાવત્ ચાર ઇન્દ્રિય વાળા જીવો સુધી જાણવું.

પંચેન્દ્રિય તિર્યંચોથી લઈ વૈમાનિક દેવો સુધી ચારે પ્રકારના કલ્પી લેવા.

## ચારે પ્રકારના જીવો કઈ ગતિનું અયુષ્ય બાંધશે ?

હે પ્રભો ! જે ક્રિયાવાદી છે એટલે જીવાદિ નવ તત્ત્વોનો જાણકાર છે તે કઈ ગતિનું આયુષ્ય બાંધશે ?

જવાબમાં ભગવંતે ફરમાવ્યું કે હે ગૌતમ! જે નવ તત્ત્વોનો જ્ઞાતા છે તે ક્રિયાવાદીઓના ૧૮૦ પાખંડીઓમાંથી ગમે તે ટોળાનો હશે તો પણ દેવગતિ અને મનુષ્યગતિનું આયુષ્ય બાંધશે. પરમાત્મા દેવાધિદેવની સ્પષ્ટ વાણીથી આપણે જાણી શકીએ છીએ કે કેવળ શ્રદ્ધાની જ કેટલી બધી જબરદસ્ત તાકાત છે, જે કારણે તે જીવ નરકગતિમાં કે તિર્યંચ ગતિમાં જઈ શકતો નથી. ટોર્ચ(બેટરી)માં જે શેલ હોય છે તે ગમે તેટલો સુંદર હોય યદિ તેમાં પાવર ખતમ થઈ ગયો હશે તો તેને ફેંકવા સિવાય બીજો કયો માર્ગ? અને પાવર હશે તો શેલ પરનો કાગળ પણ ફાટી ગયો હશે તો તે સંગ્રહવા લાયક બનશે, એ જ પ્રમાણે શ્રદ્ધાની તાકાતને (Power) કહેવામાં આવ્યો છે, જેની વિદ્યમાનતામાં માનવના દુર્ગતિના દ્વાર બંધ થાય છે. આવી પરિસ્થિતિમાં સમ્યગ્જ્ઞાન અને ચારિત્રનું મિશ્રણ કરી લેવામાં આવે તો મુક્તિના દ્વારે પહોંચતા કેટલી વાર?

અજ્ઞાનવાદી, અક્રિયાવાદી અને વિનયવાદીને માટે ચારે ગતિઓના દ્વાર ખુલ્લા છે, એટલે કે તેઓ દુર્ગતિમાં પણ જવાની સામગ્રી ઉપાર્જી શકે છે, કેમકે અક્રિયાવાદિ આત્માદી તત્ત્વોને જાણી શકતો નથી અને જે પોતાના આત્માને જ જાણી શકતો નથી તે પાપોને તથા પાપના દ્વારોને શી રીતે જાણશે? ખાડાને ન જાણનારો આંધળો જેમ કૂવામાં પડી શકે છે તેવી રીતે નવ તત્ત્વનો અજ્ઞાન આત્મા પોતાની અજ્ઞાન દશામાં જે પાપાચરણો કરે છે તે એટલા બધા ભયંકર હોય છે જેનાથી એક પાપમાંથી બીજું અને બીજામાંથી ત્રીજું પાપ તેને વળગ્યા વિના રહેતું નથી.

અજ્ઞાનવાદીનો આત્મા જ તેમનો શત્રુ હોવાના કારણે

તેમના માટે ધર્મ-કર્મનો કંઈ પણ અર્થ છે જ નહીં. કારણ કે જેઓ પોતાના આત્માના જ શત્રુ બનીને બેઠા હોય તે પરમાત્માના પણ શત્રુ ન બને તેમાં શું નવાઈ? પૂરો સંસાર સૌને માટે પ્રત્યક્ષ જ છે.

વિનયવાદમાં પણ જ્યાં સુધી સમ્યગ્જ્ઞાન અને ચારિત્રનું મિશ્રણ ન થાય ત્યાં સુધી કોરાધાકોર જેવો વિનય આત્માનું ઉત્થાન શી રીતે કરાવશે, માટે જ આ ત્રણેને માટે ચારે ગતિ ઉઘાડી છે.

કૃષ્ણલેશ્યાનો માલિક યદિ ક્રિયાવાદી છે તો કેવળ આસ્તિકયના બળે તે મનુષ્યગતિનું આયુષ્ય બાંધશે, કેમકે કૃષ્ણલેશ્યા દેવગતિને આપતી નથી અને તે યદિ ક્રિયાવાદી નથી તો ચારે ગતિનું આયુષ્ય તે બાંધશે.

નીલ અને કાપોત લેશ્યા માટે પણ પૂર્વવત્ જાણવું.

તેજોલેશ્યાવાળો જીવ મનુષ્ય અને દેવ અને દેવમાં પણ વૈમાનિક દેવ બનશે, જ્યારે લેશ્યારહિત જીવો અયોગી હોવાથી તેમના માટે ચારે ગતિઓના દ્વાર બંધ છે.

તેજોલેશ્યાવાળા જીવો યદિ અક્રિયાવાદી, અજ્ઞાનવાદી અને વિનયવાદી હશે તો નરકને છોડી બીજી ગતિઓનું આયુષ્ય બાંધશે. આ પ્રમાણે પદ્મ અને શુક્લલેશ્યાવાળાઓને માટે પણ જાણવું કેમકે આ ત્રણે લેશ્યાઓમાં મરનારો જીવ નરક ગતિમાં જતો નથી.

કૃષ્ણપાક્ષિક, અક્રિયાવાદી, અજ્ઞાનવાદી અને વિનયવાદી ચારે ગતિનું આયુષ્ય બાંધે છે.

સમ્યગ્દષ્ટિ, ક્રિયાવાદી, જ્ઞાની, મતિજ્ઞાની, શ્રુત અને અવધિજ્ઞાની જીવો દેવ અને મનુષ્યનું આયુષ્ય બાંધે છે. મનઃપર્યવજ્ઞાની વૈમાનિક દેવનું આયુષ્ય બાંધનારો છે.

અજ્ઞાની, વિભંગજ્ઞાનીને કૃષ્ણપાક્ષિકની જેમ જાણવા.

નરકગતિના જીવો યદિ ક્રિયાવાદી હશે તો મનુષ્યનું આયુષ્ય બાંધશે અને તે યદિ અક્રિયાવાદી, વિનયવાદી કે અજ્ઞાનવાદી હશે તો તિર્યંચ તથા મનુષ્યગતિની ઉપાર્જના કરશે.

પૃથ્વીકાયિકો યદિ અક્રિયાવાદી કે અજ્ઞાનવાદી હશે તો તિર્યંચ અને મનુષ્યનું આયુષ્ય બાંધશે. તે જીવો ઇન્દ્રિયપ્રાપ્તિ પૂર્ણ થયા પહેલા જ તેજોલેશ્યાવાળા હોય તે સમયે આયુષ્ય બાંધતા નથી પણ ઇન્દ્રિયપ્રાપ્તિ પૂર્ણ થયે આયુષ્ય બાંધે છે.

ક્રિયાવાદી જીવો ભવસિદ્ધિક છે પણ અભવસિદ્ધિક નથી, જ્યારે અક્રિયાવાદી, અજ્ઞાનવાદી અને વિનયવાદી ભવસિદ્ધિક પણ હોય અને અભવસિદ્ધિક પણ હોય છે.

સલેશ્ય જીવો માટે પણ ઉપર પ્રમાણે જાણવું.

શતક ૩૦માનો ઉદ્દેશો ૧લો સમાપ્ત

卐

# શતક ૩૦ : ઉદ્દેશો—૨

તત્કાળ ઉત્પન્ન થયેલા નારકો ચારે પ્રકારના વાદી છે તથા ક્રિયાવાદી અનંતરોપપન્નક નારકો ભવસિદ્ધિક છે.

આ જ પ્રમાણે શેષ ત્રણ થી અગ્યાર ઉદ્દેશા મૂળ સૂત્રથી જાણવા.

આ શતકને પૂર્ણ કરીએ તે પહેલા ઉપર બતાવેલા ૩૬૩ મતમતાંતરોના વિષયમાં જૈન શાસન શું કહેવા માંગે છે? અને સ્યાદ્વાદ વિચાર દ્વારા તે સમયના કોલાહલને કઈ રીતે શાંત કરે છે તે જાણવું અગત્યનું હોવાથી હવે આપણે જીવ, નિત્ય, અનિત્ય, સ્યાદ્વાદ આદિના વિષયોને જૈન શાસન પ્રમાણે ચર્ચી લઈએ.

## પ્રસ્તુત પ્રશ્નોત્તરની પશ્ચાદ્ ભૂમિકા :

ઉપર પ્રમાણે તે સમયના ૩૬૩ પાખંડીઓના મન્તવ્યોને આપણે જાણી શકયા છીએ.

ક્રિયાવાદીઓ કહે છે કે જીવ છે, અજીવ છે, પુણ્ય, પાપ, આશ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ છે. આ જ વાતને અક્રિયાવાદીઓ કહે છે જીવ નથી, અજીવ નથી, યાવત્ મોક્ષ પણ નથી. જ્યારે પદાર્થના યથાર્થને જાણવા જેટલી ક્ષમતા હોતી નથી અથવા પૂર્વગ્રહના કારણે પણ જે સત્યાર્થ સમજી શકાતું નથી, તેના માટે વાતે વાતે, પંક્તિ પંક્તિએ વિવાદ જન્મે છે, વધે છે અને તેમાંથી " मुण्डे मुण्डे मतिर्भिन्ना " આ ન્યાયથી એક પંથમાંથી બીજો અને બીજામાંથી ત્રીજા

પંથનો જન્મ થાય છે, જે મૂળ મતથી સર્વથા જૂદો પડે છે. જીવ અજીવના અસ્તિત્વ કે નાસ્તિત્વમાંથી અજ્ઞાનવાદને જન્મ લેતા કેટલીવાર ? કારણ કે સંસારના શ્રીમંતોને, રાજાઓને, રાણીઓને, શેઠાણીઓને કે તેમના પુત્ર પુત્રીઓને ધર્મની મર્યાદા તથા સદ્વિચાર અને સદાચારની મર્યાદાઓ ગમતી ન હોવાના કારણે સ્વૈચ્છિક ખાનપાન, રહેણીકરણી આદિની અનુકૂળતા કરી આપે તેવા ટોળા કે ધર્મ પ્રત્યે તેમનું આકર્ષણ થાય તે સ્વાભાવિક છે.

અનાદિકાળનો જીવાત્મા, મોહ મિથ્યાત્વના નશામાં બેભાન, બેહાલ, બેમર્યાદ, બેશરમ, બેરહિમ, બેકરાર અને બેઇમાન બનેલો હોવાથી ધર્મની એકેય મર્યાદાને તે ન સમજી શકે, ન પાળી શકે તે માનવામાં આવે તેવી બેધડક સત્ય હકીકત છે. આવી પરિસ્થિતિમાં રાજા–મહારાજા તથા શ્રીમંત આદિને પોતાના ટોળામાં દાખલ કરવા માટે "સ્વયં નષ્ટઃ પરાન્ નાશયતિ" આ ન્યાયે તે મહાધીશો કહેતા હોય છે કે જીવ અજીવ નથી, પુણ્ય પાપ નથી, સ્વર્ગ નરક નથી માટે ખાઓ, પીઓ અને લહેર કરો. આખોય સંસાર તમારા માટે ભોગ્ય છે અને તમે ભોક્તા છો. આ પ્રમાણે ક્રિયાવાદી તથા અક્રિયાવાદીના અભિશાપે અજ્ઞાનવાદનું જોર વધીને તે ફૂલેફૂલે તે બનવાજોગ છે. ફળસ્વરૂપે સંસારને જુગાર, શિકાર, શરાબપાન, પરસ્ત્રીગમન, વેશ્યાગમન જેવા અનિષ્ટ તત્ત્વોની બક્ષીસ મળી, વધી અને ઘેર ઘેર વ્યાપક બની.

તે મહા પંડિતોને પોતાના પંથને પંપાળી પંપાળીને સ્થિર કરવાની ધૂનમાં એટલું પણ ધ્યાનમાં ન રહ્યું કે માનવની માનવતા જ યદિ પરિ સમાપ્ત થશે તો સંસારમાં એક બીજો

એક બીજાનો શત્રુ બનશે અને માનવજાતને કદરૂપી બનાવવાનું પાપ આપણા મસ્તકે ચોંટશે.

માનવ જ્યારે વિતંડાવાદ, વિવાદ કે રાગદ્વેષમય બને છે ત્યારે તેનું મતિજ્ઞાન અવિકસિત જ રહેવા પામે છે, તથા 'જીવ છે' આ સત્ય હકીકત હોવા છતાં પણ 'તે કેવો હશે? તેનું સ્વરૂપ શું? તે પરિણામી છે કે નિત્ય છે? તેનું ગત્યંતર થશે તો કેવી રીતે થશે? આ બધીય બાબતોની યથાર્થતા સુધી વિચાર કરવાનો અવસર તેમને રહેતો જ નથી, અથવા તો કદરૂપા મલીન મતિજ્ઞાનના ફળો જ હઠાગ્રહ છે, કદાગ્રહ છે, વિતંડાવાદ છે, અને રાગાંધતા કે દ્વેષાંધતા છે. આ પ્રમાણે ૩૬૩ મતોના પ્રવર્તકો, તેમના આચાર્યો, મુનિઓ, અને તે તે મતના ભગતડાઓ પાસે બીજા મતને હરાવવા સિવાય કે તેમને નિર્મૂળ કરવા સિવાય બીજી એકેય વાત તેમના ધ્યાનમાં રહી નથી.

તેમ છતાં પણ પરસ્પર લડીને-ઝઘડીને, મારી, મરીને અને માથા ફોડયા કે ફોડાવ્યા પછી તેઓ લગભગ શક્તિહીન બની ગયા હતાં. પારકી રૂપાળી કન્યાઓને કે સ્ત્રીઓને પોતાના ઘરમાં ગુલામ બનાવતાં શ્રીમંતો કે રાજાઓ જરૂર ખુશ થયા હશે, પરન્તુ કડવી તૂંબડીના બીમાંથી કડવા તૂંબડા જ જન્મે છે. તેવી રીતે પુરુષોના ખાનગી દુરાચારના અભિશાપે પોતાની જ બેન બેટીઓમાં ગુપ્ત વ્યભિચાર જોવાયો હશે ત્યારે પોતાના ગુપ્ત દુરાચાર માટે તેઓ પસ્તાવો કરવા લાગી ચૂકયા હતાં. દધિવાહન રાજાને શતાનીક રાજાએ હરાવ્યો તો તેને માલવાના રાજા ચંડપ્રદ્યોતે હરાવ્યો. જ્યારે કોણીકે પોતાની પ્રચંડ શક્તિ વડે તે વખતના બધાય રાજા મહારાજાઓના હાડકા ખોખરા કરી દીધા હતાં, ફળસ્વરૂપે વ્રતધારી-તપસ્વી

ચેડા મહારાજા( ભગવાન મહાવીરસ્વામીના મામા અને ગણ-તંત્રના અધિનાયક )ને પણ કિંકર્તવ્ય મૂઢ જેવી અવસ્થામાં પહોંચાડી દીધા હતાં. ઇતિહાસની સાક્ષીએ આપણે કહી શકીએ છીએ કે તે સમયે સૌ કોઈ એક બીજાના દુશ્મન હતાં માટે 'મત્સ્ય ગળાગળ' નો ન્યાય તાંડવનૃત્ય કરી રહ્યો હતો.

તેવા સમયે જ ક્ષત્રિયકુંડ નગરના સિદ્ધાર્થ રાજાની ત્રિશલા રાણીએ જોયેલા ૧૪ સ્વપ્નાઓની વાત જ્યારે બહાર આવી ત્યારે સૌ પોતપોતાના મનમાં આશ્વાસિત થયા કે આ સ્વપ્નાથી સૂચિત તીર્થંકર કે ચક્રવર્તી જ હોય છે પણ ચક્રવર્તીઓની ૧૨ની સંખ્યા પૂર્ણ થઈ ગયેલી હોવાથી સૌને થયું કે ત્રિશલારાણીનો પુત્ર ૨૪મો તીર્થંકર થશે, કેમકે પાર્શ્વનાથ પ્રભુના નિર્વાણ પછી ૨૪મા તીર્થંકર મહાવીરસ્વામી થશે તે વાત સૌના ખ્યાલમાં હતી. ચૈત્ર સુદિ ૧૩ના દિવસે રાણીજીએ પુત્રને જન્મ દીધો હતો અને ૬૪ ઇન્દ્રો તથા કરોડ કરોડ દેવદેવીઓ તત્કાળના જન્મેલા પ્રભુને મેરૂપર્વત પર લઈ જઇને અભિષિક્ત કર્યા ત્યારે સૌને પૂર્ણ વિશ્વાસ બેસી ગયો હતો કે આ બાળક આપણા સૌને માટે 'તિન્નાણં તારયાણં' અને 'મુત્તાણં મોઅગાણં' બનવા પામશે. પુત્રનું નામ વર્ધમાનકુમાર રાખવામાં આવ્યું જે આગળ જઇને પોતાની દિવ્યશક્તિ તથા ચાર મૂળાતિશયોવડે કેવળજ્ઞાન મેળવશે અને દેવાધિદેવ તીર્થંકર, સર્વજ્ઞ, ભગવાન મહાવીરસ્વામી તરીકે પ્રસિદ્ધિને મેળવશે. ૩૦ વર્ષની ભરજુવાનીમાં સંસારની તથા સંસારીઓની કફોડી અવસ્થા જોઇને વર્ધમાનકુમારે દીક્ષા લીધી અને ૧૨ાા વર્ષ સુધી અખંડ, ઘોરાતિઘોર, સર્વથા અદ્વિતીય, સમ્યક્ તપશ્ચર્યારૂપી અગ્નિમાં કર્મકલેશોને

બાળી નાખ્યા પછી કેવળજ્ઞાનના માલિક બન્યા અને સ્યાદ્વાદનો આશ્રય લઈને પદાર્થોની પ્રરૂપણા કરી છે.

તીર્થંકર પરમાત્માઓના ધર્મના પ્રાણ સમા અહિંસા, સંયમ અને તપ આ ત્રણે ધર્મો આકાશમાં રહેલા સૂર્ય અને ચન્દ્રની જેમ અનાદિકાળના અને અનંતકાળ સુધી રહેવાના હોવાથી શાશ્વત છે. અહિંસા ધર્મની સુરક્ષાને માટે પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન અને પરિગ્રહનો સર્વાંશે કે અલ્પાંશે ત્યાગ કરવો આવશ્યક છે. સંયમ ધર્મની આરાધના માટે ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત તથા તપોધર્મની સેવના માટે સમ્યક્ચારિત્રાન્તર્ગત બાર પ્રકારે સમ્યક્તપશ્ચર્યાનું વિધાન છે. આ ત્રણે ધર્મોમાં દુનિયાભરના બધાય ધર્મોનો સમાવેશ થઈ જાય છે. આનાથી વિપરીત અધર્મ છે.

જ્યારે સ્યાદ્વાદ ધર્મ નથી પણ એક બીજાની અપેક્ષા રાખીને કરાતો વચન વ્યવહાર સ્યાદ્વાદ છે. "અનંત ધર્માત્મક વસ્તુની સાપેક્ષ રીત્યા યો વચન વ્યવહારઃ સઃ સ્યાદ્વાદઃ" એટલે કે દ્રવ્ય માત્રમાં અનંત ધર્મો પ્રત્યક્ષગોચર હોવાથી બીજા કોઈપણ ધર્મનો (પર્યાયોના) અપલાપ કર્યા વિના ભાષાવ્યવહાર કરવો તે સ્યાદ્વાદ છે. આમાં બે પદ છે. "સ્યાત્ અને વાદ" સ્યાત્ અવ્યય હોવાથી તેનો અર્થ અમુક અપેક્ષાએ થાય છે અને વાદ એટલે બોલવું. ભાષા વ્યવહાર કરતી વખતે બોલવાવાળાનો, લખનારનો કે બીજા કોઈનો આશય સમજ્યા પછી ઉત્તર જવાબ આપવો જોઈએ; કેમકે દ્રવ્ય માત્રમાં સ્વઅપેક્ષાએ (અસ્તિત્વરૂપે) અને પર અપેક્ષાએ (નાસ્તિત્વ સ્વરૂપે) અનંત ધર્મો (પર્યાયો) વિદ્યમાન છે. આપણું મતિજ્ઞાન ટૂંકું હોવાથી અથવા મતિજ્ઞાનાવરણીય કર્મોનું

જોર હોવાથી કદાચ આપણી બુદ્ધિમાં અનંત ધર્મોનું પ્રત્યક્ષીકરણ ન થાય તેથી તે દ્રવ્યના ગુણો અને પર્યાયોનો નિષેધ કરવો તથા ભાષા વ્યવહાર બગાડવો તે જાણી બુઝીને કર્મ-કલેશોમાં ફસાવા જેવું છે. મધના વાટકામાં પડ્યા પછી અને લપટાયા પછી માખીને મર્યા વિના બહાર નીકળવું તે શક્ય જ નથી. તેવી જ રીતે કર્મ કલેશોમાં ફસાઈ ગયા પછી તેના પ્રત્યેની મિથ્યા પ્રતિષ્ઠાની માયામાં ફસાઈ જવા જેવું થશે. જ્યાંથી બહાર નીકળવું સર્વથા અશક્ય છે, કેમકે અનાદીકાળના કુસંસ્કારોના કારણે અપવાદ સિવાય માનવ માત્રને સત્યપ્રતિષ્ઠા કરતાં પણ મિથ્યાપ્રતિષ્ઠાની માયા જબરદસ્ત હોય છે. ત્યારે જ પોતાના મતાનુયાયીઓને આશીર્વાદ અને નિંદકોને શાપ દેવા માટે અવતારીઓને પણ જ્યારે મિથ્યાપ્રતિષ્ઠાની માયા નડતી હોય છે, ત્યારે આપણા જેવાઓની વાત કરવાનો કંઈપણ અર્થ નથી. માટે જ અધ્યાત્મમૂર્ધન્ય શ્રી હરિભદ્રસૂરિજીએ કહ્યું કે માનવવાદ, વિવાદ, સંવાદ, વિતંડાવાદ તથા છલ આદિનો ત્યાગ કરીને સંવાદને ગ્રહણ કરવાનું રાખજે. જેથી સંસારને પણ તારાથી અહિંસા અને સંયમની સારામાં સારી બક્ષીસ મળવા પામશે.

દર્શનશાસ્ત્ર કે તર્કશાસ્ત્રના ગ્રન્થો પ્રત્યક્ષ દેખાતા સંસારની સાથે યદિ સુસંગતિ સાધી શકતા નથી તો તે તર્કો અને દર્શનશાસ્ત્રો પણ અપ્રતિષ્ઠ હોવાના કારણે તેમાં ઉપાદિષ્ટ તત્ત્વો કેવળ બુદ્ધિની કસરત સિવાય બીજા શા કામે આવવાના છે? અને ધર્મશાસ્ત્રોને અભરાઈએ મૂકીને કેવળ તર્કવાદના જોરે ડંડાડંડી અને પરસ્પર વાગ્બાણો ફેંકીને એક બીજાના હાડવૈરી બનવાથી શો ફાયદો?

યદ્યપિ સંસારમાં દૃશ્યમાન અને અદૃશ્યમાન બન્ને પદાર્થો વિદ્યમાન છે. અદૃશ્યમાન પદાર્થ ભલે આપણી ચર્મચક્ષુએ જોવામાં ન આવે તો પણ તેના કાર્યો તો પ્રત્યક્ષ દેખાઇ રહ્યાં છે; માટે પૂર્વગ્રહને વચ્ચે લાવ્યા વિના તે પદાર્થોનો યથાર્થ નિર્ણય કરવામાં જ મનુષ્યઅવતારની સફળતા છે. તમામ ધર્મશાસ્ત્રોએ માનવાવતારને દેવદુર્લભ કહ્યો છે, કારણ કે દેવ અવતાર કેવળ ભોગી જ હોય છે, યોગી નથી હોતો, માટે ભોગાસક્ત દેવો કરતાં પણ માનવઅવતાર દુર્લભતમ છે.

મનુષ્ય બુદ્ધિશાળી છે અને બુદ્ધિ ઉભયગ્રાહિણી હોવાથી મિથ્યાત્વને તથા સમ્યક્તત્ત્વને પણ ગ્રહણ કરવા સમર્થ બને છે. આંખ બંધ કરીને થોડું વિચારવામાં આવે તો મિથ્યાત્વના ગ્રહણ કરતાં પણ સમ્યક્તત્ત્વનું ગ્રહણ આત્માને વધારે લાભદાયી છે અને તે પણ પોતપોતાના શાસ્ત્રોના આધારે નિર્ણય કરવા કરતાં પોતાની સમ્યગ્બુદ્ધિના આધારે કરવામાં આવે તો કંઇપણ નુકશાન નથી; કેમકે સંસારના દૃશ્યમાન અને અદૃશ્યમાન દ્રવ્યોના કાર્યો માનવ માત્રને પ્રત્યક્ષ અનુભૂયમાન છે. આત્મા પોતે ભલે અદૃશ્યમાન રહ્યો અને આપણી છદ્મઅવસ્થા દરમ્યાન ભલે અદૃશ્ય જ રહેવા પામે તેની ચિંતા કર્યા કરવા કરતાં તેના કાર્યો જે પ્રત્યક્ષ છે તેનો નિર્ણય યથાર્થ કરવો જોઇએ.

જડ અને ચેતનનું મિશ્રણ આ સંસાર, જેવા રૂપે છે તે રૂપે સૌને માટે પ્રત્યક્ષ છે, મતલબ કે સંસારમાં એકલા જડ પદાર્થો જ નથી કે એકલા ચેતન પદાર્થો પણ નથી, પણ ચૈતન્યસ્વરૂપ જીવને જન્મ લેવાનું સ્થાન જ જડ છે, માટે સંસારભરના નાના-મોટા જે જડ પદાર્થો છે તે બધાય જીવાશ્રિત છે અથવા જીવથી મૂકાયેલા છે અને સિદ્ધાત્માને

છોડીને જે જીવ છે તે નિયમા જડ વિનાનો નથી એટલે કે જડથી મિશ્રિત છે, માટે સંસારને, જીવોને, તેના કર્મોને તથા કર્મોના જૂદા જૂદા ફળાદેશોને જોયા પછી જ યદિ તત્ત્વનો નિર્ણય કરવામાં આવે તો તે નિર્ણય સત્ય સ્વરૂપવાળો હોવાથી પરસ્પર વૈરઝેર–ક્લેશ કે વિરોધ જે મિથ્યાજ્ઞાનના ફળો છે તેનો અવકાશ રહેતો નથી.

તે જડ અને ચેતન ચાહે દૃશ્યમાન હોય કે ન હોય તો પણ તેમને ગુણો છે અને પર્યાયો પણ છે. મતલબ કે કોઈ પણ દ્રવ્ય, ગુણ કે પર્યાય વિનાનો નથી. તેમ એકાંત નિત્ય નથી, અનિત્ય નથી પણ નિત્યાનિત્ય છે. હવે જ્યારે આત્મામાં રહેલા નિત્યત્વ કે અનિત્યત્વનો નિર્ણય કરવાનો હોય છે ત્યારે એકાંત-બુદ્ધિથી નિર્ણય કરવામાં કેટલું જોખમ રહેલું છે, તે વાતે વાતે થતાં લડાઈ–ઝઘડાઓથી જ સ્પષ્ટ થાય છે. માટે સ્યાદ્વાદ–અનેકાંત અને અપેક્ષા બુદ્ધિથી યદિ નિર્ણીયમાન તત્ત્વને જોઈએ તો પ્રત્યેક દ્રવ્યમાં ગુણ અને પર્યાય સર્વથા સાફ સાફ દેખાઈ રહ્યાં છે, તેથી પર્યાયો તરફ આંખમિંચામણા કરવાથી કેવળ દ્રવ્ય તત્ત્વનો નિર્ણય પણ અધુરો રહેવા પામશે; કેમકે જે દ્રવ્યનો નિર્ણય કરવાનો છે તે પર્યાય વિનાનો છે જ નહીં તેથી આત્મા નિત્ય છે પણ તે એકાંતે નિત્ય નથી. તેવી રીતે પર્યાયો તરફ દૃષ્ટિ કરીએ તો આત્મા અનિત્ય છે કારણ કે પર્યાયો અસ્થાયી છે. તેમ છતાં પણ તે એકાંતે અનિત્ય નથી, માટે પર્યાયાસ્તિક નયના અનુસારે આત્માને અનિત્ય કહેવામાં તથા દ્રવ્યાસ્તિકનયે નિત્ય કહેવામાં વાંધો નથી એટલે કે આ બન્ને ધર્મો ત્યાં વિદ્યમાન જ છે.

## એકાંત નિત્યમાં રહેલા દુષણો :

આત્મામાં સર્વથા એટલે કોઇનાથી, ક્યારેય પણ રતિ માત્ર ફેરફાર ન થાય તેવી રીતે નિત્ય માનવામાં આવે "अप्रच्युतानुत्पन्नस्थिरैक स्वरूप नित्यम्" આ ન્યાયસૂત્રથી તમારા સિદ્ધાંત પ્રમાણે આત્મામાં કોઇ પણ જાતનો રૂપાંતર બની શકે તેમ નથી. પરંતુ આવા પ્રકારનો એકાંતે નિત્ય પદાર્થ સંસારમાં કોઇએ જોયો નથી, જોવાતો નથી અને હજાર પ્રયત્ન કર્યા પછી પણ જોવાશે નહીં. તેવી રીતે એકેય પદાર્થ સર્વથા અનિત્ય પણ નથી, કેમકે આંખેથી દેખાયેલા પદાર્થનો નાશ કે અદૃશ્ય થયા પછી બીજારૂપે કે તે રૂપે પણ ન દેખાય તે અનિત્ય છે. પરન્તુ આવું કોઇ દિવસે બન્યું નથી અને ૩૩ કરોડ દેવ દેવીઓના પરિશ્રમથી પણ બનવાનું નથી.

આવી પરિસ્થિતિમાં કોઇપણ દ્રવ્યનો યથાર્થ નિર્ણય કરવો હોય ત્યારે તેમાં દ્રવ્યાસ્તિક અને પર્યાયાસ્તિક નયની બે દૃષ્ટિઓનો ઉપયોગ કરવો તે જ સમ્યગ્જ્ઞાન છે, જે સંસારભરના બધાય કર્મકલેશોને ઉપશમિત કરવા માટે પૂર્ણ સમર્થ છે. દ્રવ્યમાત્રમાં આ બંને દૃષ્ટિઓ વિદ્યમાન હોવા છતાં કેવળ અધુરા કે ભ્રમિત જ્ઞાનના કારણે પદાર્થને એક જ દૃષ્ટિથી જોવામાં પરસ્પરના વિરોધો કોઇકાળે મટવાના નથી, જેના કડવા ફળો માનવ સમાજ ભોગવી રહ્યો છે. એકાંત નિત્યવાદીઓના કટ્ટર દુશ્મનો અનિત્યવાદી છે અને એકાંતે અનિત્ય માનવાવાળા વાદીઓના હાડવૈરી નિત્યવાદી છે. જ્યારે પદાર્થમાત્ર એકાંતે નિત્ય પણ નથી અને અનિત્ય પણ નથી.

કેવળજ્ઞાનના સ્વામી ભગવાન મહાવીરસ્વામી સમવસરણમાં બિરાજમાન થઇને ચારે બાજુ બેઠેલી અન્ય મતાવલંબીઓની

પરિપર્ષદાને સંબોધીને કહ્યું કે હે પંડિતો! તમે તમારા કલ્પિત અને મન ઘડંત સિદ્ધાંતોના જોરે કષાયકલેશિત થઈને જેટલા પ્રમાણમાં કદરૂપા થયા છો તેના કરતાં માનવ સમાજને વધારે કદરૂપી અને મલીન બનાવવામાં તથા આખાય ભારત દેશને મન કલ્પિત સિદ્ધાંતોના તાંડવ નૃત્યમાં ફસાવવામાં દેશનો દ્રોહ જ કર્યો છે; માટે તમે તમારા હૈયાનો ઉપયોગ કરો અને પદાર્થમાં રહેલા અસલી તત્ત્વને સમજો.

## જૈન શાસનની દૃષ્ટિએ દ્રવ્યોની વકતવ્યતા :

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, કાળ અને જીવાસ્તિકાય આ છ દ્રવ્યોથી વ્યાપ્ત સંસાર છે. તેમાંથી જીવ ચેતન છે અને શેષ પાંચે દ્રવ્યો જડ છે, તેમજ પુદ્ગલને છોડી બાકી બધા અરૂપી છે. આ છએ દ્રવ્યો પોતપોતાના સ્વભાવમાં સર્વથા નિયત છે અર્થાત નિત્ય અને અવસ્થિત છે. આની ચર્ચા પહેલા ભાગમાં કરાઈ ગઈ છે. અહીં તો કેવળ જીવાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાયની જ વાતો કરવાની છે, કેમકે જીવ અને પુદ્ગલનો સંબંધ અનાદિકાળનો છે. જે કેવળજ્ઞાન થયા પછી સિદ્ધાવસ્થા પ્રાપ્ત થતાં છૂટી શકશે. આ દ્રવ્યોને 'સત્' કહેવાય છે. માટે જાણવાનું જરૂરી છે કે તે 'સત્' એટલે દ્રવ્યનું લક્ષણ શું છે? કારણ કે જેનું લક્ષણ લક્ષ્ય સાથે સંગત ન હોય તે તેનું લક્ષણ કોઈ કાળે બનતું નથી અને યથાર્થ લક્ષણ વિના સત્‌ની સિદ્ધિ થતી નથી.

જૈન શાસનમાં ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય (સ્થિરતા) આ ત્રણે દ્રવ્ય માત્રનું લક્ષણ છે અર્થાત્ તૃણથી લઈ આત્મા, આકાશ કે સિદ્ધશિલામાં બિરાજમાન પરમાત્માઓમાં પણ આ ત્રણે લક્ષણો વિદ્યમાન છે. અદૃશ્યમાન આકાશને પણ ઘટાકાશ,

પટાકાશરૂપે ઉત્પાદ અને વ્યય નકારી શકાતો નથી. તેવી રીતે એક દેવ પોતાના ચાલુ દેવલોકને છોડી મનુષ્યાવતારમાં આવ્યો અને ફરી પાછો તે જ જીવ મનુષ્યાવતારને છોડી નારક બન્યો. ઈત્યાદિ નૂતન ભવગ્રહણમાં ઉત્પાદ અને પહેલાના ભવનો ત્યાગ કરવામાં વ્યય (વિનાશ) આ પ્રમાણે આ ત્રણે અને પરંપરાએ અનંત ભવોના ઉત્પાદ અને વિનાશમાં આત્માની ધ્રુવતા સર્વથા પ્રત્યક્ષ દેખાઈ રહી છે. જીવને થતાં અનુભવજ્ઞાન અને સ્મરણ-જ્ઞાન જ તેની સાક્ષી આપે છે, કે આ જીવાત્મા આ ભવ પહેલાના તે તે ભવોમાં રહી આવ્યો છે. આ પ્રમાણે દેવત્વાદિ ભવોના પર્યાયોને છોડતો તથા મનુષ્યત્વાદિ ભવોના પર્યાયોને સ્વીકારતો આત્મા પહેલાના પર્યાયોના વ્યયમાં અને પછીના પર્યાયોના ઉત્પાદમાં બન્ને અવસરે દ્રવ્યરૂપે સ્થિર ( ધ્રૌવ્ય ) છે. જેમ સુવર્ણની કંઠીને ગળાવીને કંદોરો બનાવ્યો એટલે કંઠીનો વ્યય અને કંદોરાના ઉત્પાદમાં સુવર્ણત્વ પોતાના મૂળ દ્રવ્યમાં રંગથી અને વજનથી પણ કાયમ છે. આ પ્રમાણે બધાય દ્રવ્યોમાં ધ્રૌવ્ય, ઉત્પાદ અને વ્યયનું પ્રત્યક્ષીકરણ આબાલ ગોપાલને એક સમાન જ છે, માટે આત્મા આદિ પદાર્થોમાં ધ્રૌવ્ય અવસ્થાની જેમ ઉત્પાદ અને વ્યય અવસ્થા સ્વીકારવી જ જોઇએ; કેમકે આત્મામાં ધ્રૌવ્ય સ્વીકારવામાં આવે તો જ ઉત્પાદ તથા વ્યય સુસંગત રહેશે અને પ્રતિક્ષણે થતાં ઉત્પાદ અને વ્યયરૂપી કાર્યોથી જ આત્મા આદિ પદાર્થોની ધ્રુવતા સ્વીકાર્ય બનશે. અન્યથા ધ્રૌવ્ય વિનાના ઉત્પાદ અને વ્યય ગધેડાના સિંગની જેમ સાબીત થશે.

ગુણપર્યાય વિનાનું દ્રવ્ય કોઈ કાળે હોતું નથી તેમજ સંસારના વ્યવહારને માટે તે સર્વથા અકિંચિતકર હોવાથી વ્યવહારનીભાષા માટે ઉપયુક્ત બની શકે તેમ નથી, સંસારી

કે સિદ્ધશિલાના પરમાત્મા પણ પોતપોતાના ગુણ પર્યાય વિનાના જૈન આગમને માન્ય નથી. આકાશને પણ જીવ તથા પુદ્ગલને અવકાશ દેવાનો ગુણ છે અને ઘટાકાશ, પટાકાશ પર્યાયો છે, યાવત્ કાળદ્રવ્યને ભૂત, ભવિષ્ય અને વર્તમાનના વિશેષણો લગાડ્યા વિના છુટકો નથી. ઉદાહરણરૂપે જેમ કોઈએ કહ્યું કે, ઘડો છે, કંઠી છે, ખમીસ છે, મકાન છે અને મનુષ્ય આદિ છે. આવા શબ્દોના પ્રયોગમાં આપણું પૂર્વગ્રહ વિનાનું શુદ્ધ જ્ઞાન સમજણ આપે છે કે માટી, સુવર્ણ, તાંબુ, પીત્તળ આદિ દ્રવ્યનું બનેલું અને પાણી આદિ ભરવા માટે કામે આવે તેવા આકાર વિશેષને ઘડો કહેવાય છે. માટીના ઘડામાં માટી દ્રવ્ય સાક્ષાત્ છે કેમકે, કોઈપણ જાતના આકારને પામ્યા વિનાની માટીમાં પાણી ભરાતું નથી અને પીવાતું નથી, જ્યારે તે માટી કુંભારના હાથમાં આવે છે ત્યારે માટીને પ્રયોગ વિશેષથી ઘડાના આકારમાં લાવે છે, જે પાણી ભરવા અને પીવા માટે સૌને એટલે વાદીઓને, પ્રતિવાદીઓને, ક્ષણિકવાદી તથા નિત્યવાદીઓ ઉપરાંત 'જગન્મિથ્યા' માનનારાઓને પણ કામે આવે છે. આ પ્રમાણે માટી દ્રવ્ય, ઘડાના આકારને પામીને 'ઘડા' શબ્દે વ્યવહૃત થાય છે. અર્થાત્ પ્રત્યેક પદાર્થમાં દ્રવ્ય અને પર્યાય આ બન્ને રહેલા હોવાથી તે તે ભાષામાં ઉતારતી વખતે પણ ઘડો નિત્ય છે અને અનિત્ય પણ છે. નિત્ય એટલા માટે કે પર્યાયો બદલવા છતાં માટી આદિ દ્રવ્યો નાશ પામતા નથી અને અનિત્ય એટલા માટે કે ઘડો (માટી દ્રવ્યનો આકાર વિશેષ) કાયમ રહેવાનો નથી. સ્યાદ્વાદની ભાષામાં દ્રવ્યાસ્તિક નયે ઘડો નિત્ય છે અને પર્યાયાસ્તિક નયે ઘડો અનિત્ય છે. આ પ્રમાણે બીજા પણ આકારો જેમકે સુવર્ણનો કંઠી આકાર, રૂનું ખમીસ આકાર, પત્થર ચૂનાનો મકાન આકાર, જીવાત્માનો મનુષ્ય આકાર બદલાઈને ભવિષ્યમાં

જે જે આકારો લેશે ત્યારે ઘડાના બદલામાં ઠીકરી, ખમીસના બદલે રૂમાલ, કંઠીના બદલે કંદોરો, અને મનુષ્યના બદલે દેવ કહેવાશે. આ પ્રમાણે હજારો પર્યાયોમાં દ્રવ્ય ફરતું રહેશે તો પણ તેની ધ્રુવતાને વાંધો આવવાનો નથી અને પર્યાયો સ્થિર નથી, તે કારણે ઉત્પાદ અને વ્યયયુક્ત ધ્રૌવ્યનો સિદ્ધાંત જ સંસારવર્તી પદાર્થમાત્રનો યથાર્થ નિર્ણય કરાવવા માટે પૂર્ણ સમર્થ છે, કેમકે આવો કોઇ ધ્રૌવ્ય પદાર્થ છે જ નહીં જેનો ઉત્પાદ અને વ્યય થયો ન હોય, થતો ન હોય. જેમકે તમને માન્ય અવતારી પુરૂષ પહેલા રામાવતારને પામ્યા અને 'રામ' તરીકે પોતાનું કાર્ય પતાવીને ફરીથી જ્યારે સંસારને અવતારીની જરૂરત પડી ત્યારે રામે પોતે જ કૃષ્ણાવતાર ધારણ કર્યો. આ પ્રમાણે કૂર્માવતાર, શેષાવતાર, મત્સ્યાવતાર આદિમાં જન્મ લેવા છતાં પણ અવતારીનો આત્મા તમારા મત પ્રમાણે એક જ છે. સારાંશ કે અવતારીના આત્માની ધ્રુવતા કાયમ રહી અને સમયે પર્યાયો ( અવતારો ) બદલાતા ગયા. આ બધીય વસ્તુ શાસ્ત્રમાન્ય તથા પ્રત્યક્ષગમ્ય હોવા છતાં કોઈ પણ પદાર્થ કૂટસ્થ નિત્ય શી રીતે માની શકાય? અને તમારા ન્યાયસૂત્રમાં તેની પરિભાષા प्रतिनियतस्वरुपाच्युति रुपत्वं कौटस्थ्यम् આ પ્રમાણે કરવામાં આવી છે. એટલે કે પ્રતિનિયત અર્થાત નિર્ણીત કરેલા સ્વરૂપનું સર્વથા એટલે તેમાં કોઇપણ જાતનો ફેરફાર થયા વિના કાયમ રહેવું તે કૌટસ્થ્ય કહેવાય છે. પરંતુ સંસારના વ્યવહારને જોયા પછી આવું કૌટસ્થ્ય કોઇપણ પદાર્થમાં હોઇ શકે જ નહીં માટે દ્રવ્યમાત્રનું શુદ્ધ લક્ષણ ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય છે.

આત્માને એકાંત ધ્રૌવ્ય માનવાથી તે આત્માનો સ્વભાવ પણ નિર્ણીત કરેલા સ્વરૂપથી ફેરફાર ન થવાના કારણે

આત્માનો અવસ્થાભેદ અર્થાત્ સ્વર્ગ–મોક્ષરૂપ–ગત્યંતર કોઇ કાળે બનવા પામશે નહીં. મતલબ કે દેવનો જીવ દેવના અવતારમાં, મનુષ્યોનો જીવ મનુષ્યાવતારમાં અને નારકીય કીડો નરકાવતારમાં અનંતકાળ સુધી રહેવા પામશે, જે તમારા કથાનકોથી જ સર્વથા વિરૂદ્ધ હકીકત છે. જેમકે તમારા મતે જ બ્રહ્મા જેવા બ્રહ્મા પણ યુગે યુગે બદલાય છે, ઈન્દ્રપદે રહેલા ઈન્દ્રો પણ લાખો અને કરોડોની સંખ્યામાં જન્મ્યા અને ચલિત થયા, નારકીય કીડો પણ નારદ જેવા બાળબ્રહ્મચારીના દર્શનથી નરકમાંથી નીકળીને પોપટનું બચ્ચું થયું ત્યાં પણ સંત દર્શનથી ગાયના વાછરડા રૂપે થયો અને ત્યાંથી રાજાના કુંવરત્વને પામ્યો છે, ઈત્યાદિ દૃષ્ટાંતોથી બ્રહ્મા જેવો બ્રહ્મા પણ કૂટસ્થ નિત્ય રહ્યો નથી. ઇન્દ્રો પણ રહ્યાં નથી અને કીડાના કેટલાય અવતારો થયા, ત્યારે શું તમે જ તમારા સિદ્ધાંતોને ખોટા કરશો ? ઉપરની વાતને કલ્પિત અર્થાત્ સ્વર્ગ નરકના ભેદો કલ્પિત છે તેવું માનવા જતાં આત્માનો સ્વભાવ જ અસ્વીકાર્ય રહેતા આત્મા જેવો આત્મા જેના પર્યાય શબ્દો સંસારભરની બધીય ડિક્શનરીઓ( કોષો )માં આપેલા છે તે બધાય હંબક જ સિદ્ધ થશે, જેમકે સ્વભાવ વિનાનો પદાર્થ કોઈ કાળે હોતો નથી અને બધાય દ્રવ્યો પોતપોતાના સ્વભાવ સહિત દેખાય છે, અનુભવાય છે અને શાસ્ત્રોમાં ચર્ચાય છે. તેની લાખો કરોડોના શ્લોકોમાં વ્યાખ્યાઓ થાય છે તે બધી વાતો સર્વથા બેકાર થશે. આવી સ્થિતિમાં તમે કદાચ આટલી બધી ઉતાવળ ન કરશો અને આત્માના સ્વભાવને જ સ્વીકારશો તો તેના ઉત્પાદ અને વ્યયને માન્યા વિના છુટકો જ નથી અને તેમ થતાં તમારો એકાંત ધ્રૌવ્યત્વનો સિદ્ધાંત જ હવામાં ઉડી જશે; કેમકે આત્મા પોતે જ પોતપોતાના કરેલા કર્મોના કારણે ગત્યન્તર કરનારો છે માટે ગતિઓમાં ફરતાં અથડાતાં, આત્માની

ઉપલબ્ધિ સ્વતઃ સિદ્ધ છે; એટલે કે અરૂપી આત્મા પણ તે તે સ્વભાવના કારણે જૂદા જૂદા કાર્યો દ્વારા પ્રત્યક્ષ છે.

કદાચ હઠાગ્રહ-પૂર્વગ્રહ તથા મિથ્યાત્વવાસિત બુદ્ધિના કારણે ઉપરની બધી વાતોને તમે ભ્રાંત માનશો તો તેમાં પ્રમાણ શું આપશો? કેમકે કાર્યથી પ્રત્યક્ષ દેખાતા સંસારના અનંત જીવો, જૂદા જૂદા શરીરોમાં, જૂદા જૂદા આકારમાં, જૂદા જૂદા એકબીજાથી સર્વથા નિરાલા સુખ દુઃખોને ભોગવતા, કોઈ રીબાતા, કોઇ હસતાં, કોઈ પંડિત, કોઇ મૂર્ખ, કોઇ જનોઈધારી, કોઇ જનોઈ વિનાના, કોઈ બ્રાહ્મણ, કોઈ સંડાસને સાફ કરનારા, કોઈ ગાયને બચાવનારા, કોઈ મારનારા, કોઇ માંસાહારી, કોઈ શાકાહારી, કોઈ વેદવેદાંતને માનનારા, કોઇ તેને હંબક કહેનારા, કોઈક જનક, કોઈ જનેતા આદિ બધા આકારોમાં પ્રત્યક્ષ દેખાતા આત્માને ભ્રાંત કહેવામાં તમારી પાસે પ્રમાણ છે જ નહીં. આનાથી હતાશ થઇને એટલે કે આત્માને ભ્રાંત માનવામાં પ્રમાણ વિનાના તમે હતાશ થઇને કદાચ યોગીઓના જ્ઞાનને અભ્રાંત કહેશો, તો હે પંડિત રાજાઓ! જરા કાન દઇને સાંભળી લેજો કે તપશ્ચર્યા અને શુદ્ધ બ્રહ્મચર્યવડે શુદ્ધ જ્ઞાની બનેલા યોગીઓ શું કહે છે? તેઓએ ડંકાની ચોટ સાથે કહ્યું કે-જીવ છે, પુણ્ય છે, પાપ છે, કર્મ બંધન છે, મોક્ષ છે, પુણ્યાત્મા સ્વર્ગે જાય છે, પાપકર્મી નરકે જાય છે, જે એક કાળે સ્વર્ગમાં હતો તે જ ત્યાંથી ચ્યવીને મનુષ્ય બને છે અને ત્યાં ખોટા કાર્યો કરીને નરકમાં જાય છે. જે આત્મા દેવલોકમાં કપુરની ગોટી જેવી દેવીઓ સાથે રમણ કરતો હતો, અત્તરની વાવડીઓમાં સ્નાન કરતો હતો અને અમૃતનું ભોજન કરતો હતો, તે જ દેવ ત્યાંથી નીકળીને નરક ગતિમાં યમદૂતોના ડંડા ખાય છે, ગટરના પાણી જેવું પાણી

પીએ છે, વારંવાર છેદાય છે, ભેદાય છે અને કર્મોના ફળોને ભોગવતો સમય પસાર કરે છે. આ જ કારણને લઈ તમારા માન્ય, પૂજ્ય પતંજલી જેવા મહર્ષિએ પણ

"अहिंसा सत्यास्तेय ब्रह्मचर्यापरिग्रहाः यमाः"
"शौचसंतोषतपःस्वाध्यायेश्वर प्रणिधानानि नियमाः"

આ બન્ને સૂત્રો તમને આપી ગયા છે, જેનો ભાવાર્થ આ છે:

અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ આ પાંચ યમ છે, જેની આરાધના કરવાથી જીવાત્મા સદ્ગતિને પામે છે અને તેનાથી વિપરીત હિંસા, જૂઠ, ચોરી, મૈથુન અને પરિગ્રહના પાપોથી ભારી બનેલો આત્મા દુર્ગતિને પામે છે. શૌચ એટલે આત્માને પવિત્ર રાખવો, સંતોષ એટલે જેટલું મળ્યું છે તેમાં નિર્લોભભાવ રાખવો, તપ એટલે મન, વચન અને કાયાને પવિત્ર રાખવા, સ્વાધ્યાય એટલે આત્માનું ચિંતવન કરવું, અને પ્રણિધાન એટલે આત્માને જ પરમાત્મા બનાવવાને માટે ઈશ્વરની અષ્ટ પ્રકારે દ્રવ્ય અને ભાવપૂજા કરવી, આ નિયમો છે જેનાથી યમ સુરક્ષિત રહે છે, આ બધી વાતો આત્માને દ્રવ્યાસ્તિક નયે નિત્ય અને પર્યાયાસ્તિક નયે અનિત્ય માનવાથી જ સત્ય બનશે.

## એકાંત અનિત્યમાં દૂષણો :

આત્માને એકાન્ત અધ્રુવ માનવો તે પણ ઠીક નથી, કેમકે સંસારનો કોઈપણ પદાર્થ એકાન્તે (સર્વથા) ક્ષણિક હોય તેવું જ્ઞાન તથા અનુભવ પણ કોઈને થયો નથી, ત્યારે જ તો પાંચ પચ્ચીસ વર્ષ પહેલા કરેલી લેવડદેવડ, સુકૃત્યો અને દુષ્કૃત્યો આદિ આપણને યાદ રહેવા પામે છે. ક્ષણિવનશ્વ ર

આત્માને માનવા જતાં સંસારના બધાય વ્યવહારોમાં ગડબડ થયા વિના રહેવાની નથી અને ગડબડો કોઈ કાળે ગમે તેવા મૂછ પર લીંબું રાખનારાઓના મરવાથી પણ થઈ નથી તથા સંસારના દશ્યમાન પદાર્થો સર્વથા અદશ્ય થઇ ગયા હોય તેવું કોઇએ અનુભવ્યું નથી અને અનંતકાળ સુધી આવો અનુભવ કોઇને પણ થવાનો નથી, માટે સંસારને પ્રત્યક્ષ જોયા પછી તાર્કિક બન્યા હોઇએ તો આપણું અને સંસારનું ભલું થવામાં વાર લાગતી નથી. પરન્તુ ભારત દેશની મોટામાં મોટી કમજોરી અને કરૂણતા છે કે આ દેશના ગરીબો, અનપઢો, શુદ્રોનું સંગઠ્ઠન સધાય છે પણ પંડિત, મહાપંડિત, યોગી, મહાયોગી, શ્રીમંત અને સત્તાધારીઓનું એકીકરણ લગભગ અસંભવિત રહ્યું છે. અને આમ થવામાં વિપરીતજ્ઞાન, મિથ્યાજ્ઞાન, મિથ્યા-પ્રતિષ્ઠા, જાતિમદ, કુલમદ, જ્ઞાનમદ, ઐશ્વર્યમદ, બળમદ અને તપોમદ જ મુખ્ય કારણરૂપે બન્યા છે.

આત્મા આદિ પદાર્થોને એકાંતે અધ્રૌવ્ય માનવાથી ઉત્પાદ અને વ્યય કોના થશે ? એટલે કે દ્રવ્ય વિનાના તે બન્ને કયા આધારે થશે ? કારણ કે હેતુ વિના કોઇનો પણ ઉત્પાદ થતો નથી તેમ વ્યય પણ થતો નથી અને સંસારમાં વ્યય અને ઉત્પાદ તો થાય જ છે. ત્યારે ક્ષણિકવાદમાં જ્યારે દ્રવ્ય પોતેજ ક્ષણ-વિનશ્વર હોય ત્યારે ઉત્પાદ અને વ્યય કેવી રીતે થશે ? કેમકે દ્રવ્ય વિના ઉત્પાદ અને વ્યય છે જ નહીં. સારાંશ કે દ્રવ્ય વિના ઉત્પાદ અને વ્યય સ્વીકારતાં આત્માની એક અવસ્થામાંથી બીજી અવસ્થા નિર્હેતુક માનવી પડશે અથવા તે અવસ્થાઓ નિર્હેતુક સિદ્ધ થશે. પરિણામે હેતુ વિના જ ઉત્પાદ અને વ્યય યદિ માનવા ગયા તો સત્‌નો અભાવ અને અસત્‌ની પણ ઉત્પત્તિ થવાનો પ્રસંગ આવશે અથવા આત્માની હંમેશા

સદ્ભાવ અથવા અભાવની સ્થિતિ ઉભી થશે. કેમકે જેમ સત્‌ની ઉત્પતિમાં નિર્હેતુકતા છે તેમ અસત્‌ની ઉત્પતિમાં પણ નિર્હેતુકતા સમાન જ છે.

આ પ્રમાણે ધ્રૌવ્ય દ્રવ્યના અભાવમાં ઉત્પાદ અને વ્યય નિર્હેતુક માનતાં સંસારનો બધોય વ્યવહાર લુપ્ત થવાનો પ્રસંગ આવશે અને જે સૂત્રોથી, તર્કો અને અનુમાનોથી સંસારને કેવળ લડાઈ–ઝઘડા–વૈર–વિરોધની બક્ષીસ મળશે તો આગમશાસ્ત્રોની શાંતિ–સમાધિ આદિની વ્યાખ્યાઓનો અર્થ શો ?

ઉપરની દલીલોથી તમે ઉત્પાદ અને વ્યયને સહેતુક માનવા જશો તો એટલે કે ધ્રૌવ્યની વિદ્યમાનતામાં ઉત્પાદ અને વ્યય પણ સુસંગત છે; તો તમારા હાથે જ તમારો એકાંત અધ્રૌવ્ય (ક્ષણિકવાદ) સિદ્ધાંત મૃત્યુને પામ્યા વિના રહેવાનો નથી. કેમકે એક પછી એક બીજા ભાવની ઉત્પતિ માનતાં તે બંને પર્યાયો અર્થાત્ ઉત્પાદ અને વ્યયમાં અન્વયી અર્થાત્ બંનેનું અનુસંધાન કરનાર આત્માને પણ ધ્રૌવ્ય માન્યા વિના છૂટકો નથી; કેમકે અન્વયી આત્મા જ પોતાના એક પર્યાયને મૂકે છે અને બીજો પર્યાય સ્વીકાર કરે છે. આનાથી ઉત્પાદ અને વ્યયની એક સાથે જ સિદ્ધિ થાય છે, એટલે કે જે સમયે ઉત્પાદ થાય છે તે જ સમયે બીજા પર્યાયનો ઉત્પાદ થાય છે, જેમકે ત્રાજવાની દાંડી જે તરફ ઊંચી જશે તે જ સમયે બીજી તરફથી દાંડી નીચી થશે અને જે સમયે એક બાજુની દાંડી નીચી થશે તે જ સમયે બીજી તરફની દાંડી ઊંચી થશે. દાંડી એક બાજુથી ઊંચી થાય બીજી તરફ નીચી ન થાય તેવું કોઈ કાળે બનવાનું નથી, માટે આ બંનેનો સમય

એક જ છે. તેવી રીતે ધ્રૌવ્ય દ્રવ્યમાં ઉત્પાદ થાય અને વ્યય ન થાય, અથવા વ્યય હેતુ છે તો ઉત્પાદ ફળ છે, કારણ મળતાં કાર્ય (ફળ) થયા વિના રહેતું નથી.

હેતુથી ફળ અથવા સત્‌થી તેની અવસ્થાઓ સર્વથા ભિન્ન છે? કે અભિન્ન છે? આ તર્કજાળમાં ફસાવીને તમે વાત કરવા માંગતા હો તો તમારી સામે અનેક દોષો આવશે જેમાંથી તમારો છુટકારો થવો સરળ નથી. જેમકે હેતુથી ફળ સર્વથા ભિન્ન માનવામાં કોણ કોનું કારણ બનશે? કેમકે હેતુ અને ફળ તમે ભિન્ન માની રહ્યા છો! તેવી અવસ્થામાં ઉત્પાદ વ્યયનું કારણ બનશે કે વ્યય ઉત્પાદનું કારણ બનશે? તમારી પાસે એકેય જવાબ નથી. કદાચ તે બન્નેને અભિન્ન માનવા ગયા તો તે બન્ને એક જ સિદ્ધ થશે અર્થાત્ જે હેતુ છે તે જ ફળ છે અને જે ફળ છે તે જ હેતુ છે. આ સિવાય બીજા દૂષણોથી પણ છુટવું મુશ્કેલ છે. તથા દેવત્વાદિથી મનુષ્યત્વાદિમાં પણ વાંધો આવશે અને તેમ થતાં શાસ્ત્રોમાં બતાવેલા યમ નિયમ, તપ, પ્રાણાયામ આદિ સત્કાર્યોથી કયું ફળ મળશે? તેવી રીતે તમારા મત પ્રમાણે સમ્યગ્દષ્ટિ, સમ્યક્ સંકલ્પ, સમ્યગ્વાક્ આદિ તમારા બૌદ્ધ શાસનના સૂત્રો પણ નિરર્થક રહેશે અથવા વાણી વિલાસ પૂરતા જ સાબિત થશે; માટે એકાંત ધ્રૌવ્યમાં જે દૂષણો હતાં તે જ એકાન્ત અધ્રૌવ્યમાં આવ્યા વિના રહેવાના નથી.

તેથી સત્ માત્ર ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યયુક્ત જ માનવું વધારે સત્ય છે અને સંસારમાં આ બધાય પ્રત્યક્ષ અનુભવાય છે. જેમકે પાપકર્મી આત્મા નરકમાં ગયો અને આત્મામાં ધ્રૌવ્યત્વ હોવાથી મનુષ્ય અવતારમાં કરેલા પાપો નરકમાં તે જ આત્મા ભોગવી શકશે અને ધ્રૌવ્ય છે તો ઉત્પાદ અને વ્યય

તો આબાલ-ગોપાલ પ્રત્યક્ષ છે. સિદ્ધાંતો અને સૂત્રો તેવા હોવા જોઇએ જે સંસારના પ્રત્યેક વ્યવહાર સાથે કાર્ય કારણનો નિર્ણય કરી શકે અને વ્યવહારમાં કયાંય અસંગતિ પ્રવેશ કરવા ન પામે.

ઉપર પ્રમાણે આત્માને સર્વથા નિત્ય અને સર્વથા અનિત્ય માનવાવાળાઓને દયાના સાગર અરિહંત પરમાત્માએ કહ્યું કે, તર્કો જૂદી વસ્તુ છે, અને જે સંસારમાં આપણે સૌ પૂર્વ જન્મના કરેલા પાપ અને પુણ્યોને ભોગવી રહ્યાં છીએ તે સંસાર જૂદી વસ્તુ છે. તર્કસૂત્રો કે સિદ્ધાંત સૂત્રો જ્યારે સંસારની યથાર્થતા સાથે સંબંધિત થતા નથી ત્યારે જ સંસારની બેહાલ અવસ્થા ઉભી થાય છે. તર્કોના પાપે મહા-પંડિતોમાંથી નાના પંડિતોનું જોર વધે છે અને તેમાંથી ચોમાસાના દેડકાની જેમ પંડિતોની સંખ્યામાં વધારો થાય છે. સૌના વાજા જૂદા, મઠો જૂદા, શાસ્ત્રો જૂદા, ચેલા ચાપટ જૂદા અને ભગતરામો પણ જૂદા. પરિણામે તમારા જેવા શાસ્ત્રોની દુહાઇ દેવાવાળા પંડિતોની સામે લાખો કરોડો મૂંગા પ્રાણીઓને મારવામાં આવે તેમનું માંસ તમે આરામથી ખાઓ, તેને પચાવવા માટે શરાબ પાનની સહાયતા સ્વીકારો, ત્યારે વેશ્યાગમન, વ્યભિચાર, દુરાચાર, પાપાચરણની બોલબોલા વધે તેમાં શું આશ્ચર્ય ? અને એક પંડિત બીજા પંડિતનો, એક આચાર્ય બીજા આચાર્યનો, એક રાજા બીજા રાજાનો હાડ-વૈરી બનીને પોતાના વ્યક્તિત્વનો, સમાજનો અને દેશનો પણ દુશ્મન બનવા પામે છે. તમે ગમે તેવા અકાટ્ય, તર્કો, અનુમાનો, છલ, પ્રપંચ ઉભા કરશો તો પણ સંસારનું ચક્ર કોઈ કાળે બદલાવી શકાય તેમ નથી. માટે હઠાગ્રહ, કદાગ્રહ, મિથ્યા પ્રતિષ્ઠા તથા સંસારમાં વિજેતા બનવાની મિથ્યા લાલસાને તીલાંજલી

આપશો તો આંતર જીવનમાં સમ્યગ્જ્ઞાન યથાર્થ જ્ઞાન અને સ્વપરપ્રકાશ જ્ઞાનનો ભવ્ય પ્રકાશ મેળવવાની તક ઉભી થશે. અનાદિકાળથી મિથ્યાજ્ઞાન, અયથાર્થ જ્ઞાન અને સ્વપર નાશક જ્ઞાન તો મેળવતા જ આવ્યા છીએ, પરંતુ તે જ્ઞાન કુત્સિત જ્ઞાન હોવાથી કોઈને પણ અને ખાસ કરી સમ્યદૃષ્ટાઓને કોઈ કાળે પણ માન્ય બનતું નથી માટે તમે સ્યાદ્વાદને સમજો, અપેક્ષાવાદને સમજો અને સંસારના પ્રત્યેક પદાર્થમાં દ્રવ્યાસ્તિક અને પર્યાયાસ્તિક નયોની વિદ્યમાનતાને સમજો. જેથી તમારો ભાષાવ્યવહાર પણ સુંદર બનશે અને સંસારને અમૃત મળશે.

## દેવાધિદેવનું છેલ્લું ઉદ્બોધન !

આંખેથી દેખાતા કે ન દેખાતા પદાર્થો પર્યાયાત્મક હોવાના કારણે એક સમાન રહેતા નથી; માટે તેમાં ક્ષણે ક્ષણે અન્યત્વ-ભિન્નત્વ થયા કરે છે. ( અન્યત્વનો અર્થ સર્વથા નાશ નહીં પરંતુ રૂપાન્તર સમજવું ) કેમકે ચિતિ ( વૃદ્ધિ ) અપિચિતિ ( હ્રાસ ) અથવા ઉત્પાદ અને વ્યય બન્નેનો હમેશાં સદ્ભાવ રહેવાથી તે પદાર્થોમાં આકૃતિ એટલે આકાર વિશેષ રૂપ વ્યક્તિ અને જાતિ એટલે સામાન્ય નામના બન્ને ધર્મોનો સદૈવ ત્યાં વાસ રહેલો છે એટલે કે જે સમયે ઉત્પાદ થાય છે ત્યારે તે પદાર્થમાં સામાન્યત્વ અને વિશેષત્વની સ્થિતિ હોય છે, તે પ્રમાણે વ્યયમાં સમજવું; જેમકે સફેદ ટોપીને લાલ કરી એટલે સફેદ પર્યાયનો વ્યય અને લાલ પર્યાયનો ઉત્પાદ થયો અને વસ્ત્રની ધ્રુવતા કાયમ રહી, છતાં પણ નામ-જાતિ આદિના વિશેષણ લગાડ્યા વિના જે શબ્દ વ્યવહાર કરાય છે તે સામાન્ય છે, અને અમુક નામ, અમુક જાતિ, અમુક આકાર, આદિ વિશેષણપૂર્વક જે ભાષા વ્યવહાર થાય છે તે વિશેષ કહેવાય છે. સારાંશ કે પદાર્થ માત્રમાં તે બન્ને ધર્મો દૂધ અને સાકરની જેમ

સ્વતઃ રહેલા જ છે; માટે સમવાય સંબંધથી પદાર્થમાં સામાન્ય અને વિશેષની કલ્પના કરવી સર્વથા નિરર્થક અને નિષ્ફળ છે. સ્વતઃ સિદ્ધ વસ્તુમાં તર્કો લગાડવાનો અર્થ એટલો જ છે કે જાણી બુઝીને સંસારના કાવાદાવામાં ફસાઈને જીવન બરબાદ કરવાનું છે. ઘટમાં ઘટત્વ આ સામાન્ય સ્વતઃ સિદ્ધ હોઈને બિચારા–દયાપાત્ર તે સમવાયને વચ્ચે ઘસડીને લાવવાથી કયો ફાયદો છે ? તે પ્રમાણે માટીનો ઘડો આ વિશેષ છે. મનુષ્યત્વ આ સામાન્ય છે અને ક્ષત્રિય તે વિશેષ છે. ખમીસમાં વસ્ત્રત્વ સામાન્ય છે અને લાલ ખમીસ વિશેષ છે. કંદોરામાં સુવર્ણત્વ સામાન્ય છે અને આકારવિશેષ છે ઈત્યાદિ તૃણથી લઈને ઈન્દ્ર મહારાજ સુધીના બધાય પદાર્થોમાં સામાન્ય વિશેષ રહેલા જ છે. ઘડો તૂટ્યો અને ઠીકરા થયા તેમાં પણ માટીતત્વ સામાન્ય છે અને ઠીકરા વિશેષ છે.

આ પ્રમાણે પદાર્થમાત્રમાં સ્વભાવાનુસાર નરકાદિ ગતિઓના ભેદ અને સંસાર મોક્ષના ભેદ પણ સ્વતઃ સિદ્ધ છે. હિંસા આરંભ બહુ પરિગ્રહ આદિ નરકાદિ ગતિઓનું કારણ છે અને સમ્યક્ત્વાદિ મોક્ષનું કારણ છે. મનુષ્ય ગતિમાં રહેલો માનવ દુર્બુદ્ધિ વશ હિંસાદિ કાર્યોમાં જીવન પૂર્ણ કરશે તો ચાલુ પર્યાયનો ત્યાગ કરીને નરક તરફ પ્રસ્થાન કરવાનું ભાગ્યમાં રહેશે અને સમ્યક્ત્વાદિની આરાધના કરશે તો સિદ્ધશિલા તરફ પ્રસ્થાન કરવાનું રહેશે.

આ બધી વાતો તૃણથી લઈ ઈન્દ્રપદ સુધીના પદાર્થોમાં ઉત્પાદ–વ્યય અને ધ્રૌવ્ય આ ત્રણેને માનવાથી જ સિદ્ધ થશે, કેમકે–ઉત્પાદાદિરહિત વસ્તુને માનવાથી વસ્તુનો અભાવ જ સિદ્ધ રહેશે અને તેમ થતાં ગતિઓના ભેદ અને તેના કારણો જે તમારા શાસ્ત્રોમાં વર્ણવેલા છે તે નિરર્થક સાબીત થશે.

ઉપાદાનને માન્યા વિના કોઈ પણ પદાર્થમાં ઉત્પાદ અને વ્યય ઘટી શકવાના નથી. આંખથી દેખાતા પ્રત્યેક પદાર્થમાં ઉપાદાનને માનવું સર્વથા અનિવાર્ય છે; જેમકે માનવ શરીરમાં આત્મા એ ઉપાદાન છે, ઘટાદિમાં માટી ઉપાદાન છે, વનસ્પતિ આદિ કીડાઓમાં તે તે જીવો ઉપાદાન છે. સંસાર સંચાલનના આ મૌલિક તત્ત્વને જ યદિ માનવામાં ન આવે અથવા તેને એકાંત ધ્રૌવ્ય અને ક્ષણિક માનવામાં આવે તો આંખે દેખાતો અને આપણે જેનો અનુભવ પ્રતિસમય કરી રહ્યાં છીએ તે સંસાર કેવો દયનીય બનવા પામશે ? માટે જે રીતે સંસાર દેખાય છે અને અનુભવાય છે તેમાં ધ્રૌવ્ય-ઉત્પાદ અને વ્યયને માન્યા વિના બીજો કયો માર્ગ ?

મોક્ષ મેળવનારા જીવને સિદ્ધ પર્યાયનો ઉત્પાદ અને મનુષ્ય પર્યાયનો વ્યય તથા બન્નેમાં જીવની ધ્રુવતા માનવી જ રહી, માટે કેવળ ઉત્પાદ કે વ્યય જ નથી પણ તેમાં અન્વય તરીકે ધ્રૌવ્ય પણ સિદ્ધ છે અને આ ત્રણેનો સમાહિ તત્ત્વ-સહચારિત્વ પણ સમજી લેવું છે.

માટે જ આત્મા એકાંતે નિત્ય નથી, અનિત્ય નથી; પણ નિત્યાનિત્ય છે.

દ્રવ્ય પોતે સ્વઅપેક્ષાએ સત્ છે અને પર અપેક્ષાએ અસત્ છે.

ચેતન હોવાના કારણે આત્મા જડ શરીરથી ભિન્ન છે અને કર્મોપાધિના કારણે અભિન્ન હોવાથી આત્મામાં ભિન્નાભિન્નત્વ પણ છે.

ઉપર પ્રમાણેની વક્તવ્યતાના કારણે સમવસરણમાં બેઠેલા ઘણા માનવોએ ધર્મની યથાર્થતા સમજીને પોતાની જાતને,

મિથ્યાત્વને તથા વેષને પણ ત્યાગી દીધો અને દેવાધિદેવ ભગવાન મહાવીરસ્વામીના ચરણોમાં સમ્યકૃત્વી, મહાવ્રતધારી અને દેશવિરતિધારી બન્યા. મતમતાંતરોમાંથી ઘણાય ભાગ્યશાળીઓ જૈન શાસન સ્વીકારીને ધન્ય બન્યા છે.

અક્રિયાવાદી, અજ્ઞાનવાદી તથા વૈનયિકવાદીના મતને માનીને માંસાહાર, શરાબપાન તથા પરસ્ત્રીગમનમાં મસ્ત બનેલા ઘણા રાજાઓ, રાજપુત્રો, રાજરાણીઓ, તેમની પુત્રીઓ, શ્રીમંતો, શેઠાણીઓ અને તેમના પુત્ર-પુત્રીઓએ સંસારનો ત્યાગ કર્યો અને મહાવીર પ્રભુના અન્તેવાસી બન્યા.

ગૃહસ્થાશ્રમમાં રહીને પણ ઘણા રાજાઓએ તથા તેમના પરિવારોએ માંસાહારાદિનો ત્યાગ કર્યો અને શુદ્ધ વ્રતધારી બન્યા.

યજ્ઞોના કુંડો ઠંડા પડ્યાં, ગુલામી પ્રથાના માધ્યમથી વ્યભિચાર, દુરાચાર તથા કુકર્મોનો અંત આવ્યો.

ગલી ગલીના વાગ્યુદ્ધો અને મહાધીશોની ડંડાડંડી સમાપ્ત થઈ.

પંડિતો તથા મહાપંડિતોનું જોર સર્વથા કમજોર પડયું.

શ્રીમંતોનું વિલાસી જીવન વૈરાગ્યમાં પરિણમ્યું. તેમની પત્નીઓ તથા પુત્રીઓએ કામદેવની નિશાળનો ત્યાગ કર્યો અને ચંદનબાળાની અન્તેવાસિનીઓ બનીને જીવનને કૃતાર્થ કર્યું.

જાતિમદ અને કુળમદના મદાંધો મેતારજ મુનિ તથા હરિકેશી મુનિના ચરણોપાસક બન્યા અને મદાંધતા શિથિલ બની.

સર્વસ્વ ત્યાગને અપનાવેલી મૃગાવતી રાણીએ, કામદેવના નશામાં આંધળા બનેલા માલવાધિપતિ ચંડપ્રદ્યોત રાજાને

મહાવીરસ્વામીના ચરણોમાં ભાવ-શ્રાવક બનાવીને સંસારને રણમેદાનના ખપ્પરમાંથી બચાવી લેવાનો યશ મેળવવા માટે ભાગ્યશાલિની બન્યા.

ત્રણ દિવસની ભૂખ અને તરસથી ઉત્પન્ન થયેલી અસહ્ય વેદનાના રોષને સદ્વિવેક દ્વારા પોતામાં સમાવી લેનારી, ચંપા નગરીના દધિવાહન રાજાની પુત્રી ચંદનબાળા ગુલામી પ્રથાના પાપે શ્રીમંતોમાં તથા રાજાઓમાં મેલેરીયાના કીટાણુઓની જેમ ફેલાયેલા ગુપ્ત વ્યભિચારને સમાપ્ત કરાવવામાં મૌલિક કારણ બન્યા.

ધન્ના અને શાલીભદ્ર જેવા લક્ષ્મીના લાડકવાયાઓ શ્રીમંતાઇના નશામાંથી મુક્ત થઇને સંયમધર્મી બન્યા.

ઉદાયી રાજા, પ્રસન્નચંદ્ર રાજા અને અનાથીમુનિ જેવા રાજાઓ પોતાના રાજવૈભવને લાત મારીને વૈરાગ્યને પોષનાર મહાવીરસ્વામીના સંયમી વેષનો સ્વીકાર કરી કૃતકૃત્ય બન્યા છે.

ચાર બુદ્ધિના સ્વામી, પાંચસો મંત્રીઓના અધિનાયક અભયકુમાર જેવા જૈન શાસનના રક્ષક બન્યા.

ઇત્યાદિ અગણિત વ્યક્તિઓ અહિંસા-સંયમ અને તપોધર્મ સ્વરૂપ જૈન શાસનને સ્વીકારવા માટે ભાગ્યશાળી બની છે.

**શતક ૩૦માનો ઉદ્દેશો બીજો સમાપ્ત**

## 'સમાપ્તિ વચનમ્'

ચરમ તીર્થંકર દેવાધિદેવ શ્રી મહાવીરસ્વામીની ૭૪મી પાટને દ્રવ્ય તથા ભાવથી શોભાવનારા, સ્યાદ્વાદદૃષ્ટિ સમ્પન્ન, શાસ્ત્રવિશારદ, જૈનાચાર્ય ૧૦૦૮ શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મ.ના શિષ્યરત્ન, શાસન દીપક, મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી મ.ના શિષ્ય ન્યાય વ્યાકરણ કાવ્યતીર્થ, પંન્યાસપદ વિભૂષિત ગણિવર્ય શ્રી પૂર્ણાનંદવિજયે (કુમાર શ્રમણ) ભગવતી સૂત્રના ૩૦મા શતકને યથામતિએ વિવેચિત કર્યું છે તે સૌ કોઇના મતિજ્ઞાનના વિકાસ માટે થાઓ તેવી શુભેચ્છાપૂર્વક વિરામ પામું છું.

## 卐 શતક ૩૦મું સમાપ્ત 卐

# શતક ૩૧ : ઉદ્દેશો–૧

## ક્ષુદ્રકૃતયુગ્માદિ પ્રકારે નારકોનું વર્ણન :

હે પ્રભો ! ક્ષુદ્રયુગ્મો કેટલા કહેવાયા છે ?

જવાબમાં ભગવંતે કહ્યું કે હે ગૌતમ ! ક્ષુદ્રયુગ્મો ચાર પ્રકારના છે.

(૧) ક્ષુદ્રકૃતયુગ્મ.
(૨) ક્ષુદ્રત્ર્યોજયુગ્મ.
(૩) ક્ષુદ્રદ્વાપરયુગ્મ.
(૪) ક્ષુદ્રકલ્પોજયુગ્મ.

રાજગૃહી નગરીમાં ચતુર્વિધ સંઘ સાથે દેવાધિદેવ ભગવાન મહાવીરસ્વામી પધાર્યા છે. સમવસરણમાં બિરાજિત થયેલા પ્રભુને ગૌતમસ્વામીજીએ નમ્રતાપૂર્વક વંદન કરીને ઉપરના પ્રશ્નો પૂછ્યા છે અને પરમાત્માએ જવાબો આપ્યા છે. અહીં યુગ્મનો અર્થ સંખ્યાવાચક છે અને ક્ષુદ્રથી નાની સંખ્યા સમજવાની છે.

કલ્પેલી સંખ્યાને ચારથી ભાગ દેતા શેષ ચાર રહે તેને કૃતયુગ્મ કહેવાય છે, જેમકે ચાર, આઠ, બાર, સોળ.

ચારથી ભાગ દેતા શેષ ત્રણ રહે તે ત્ર્યોજ સંખ્યા છે, જેમકે સાત, અગ્યાર, પંદર.

શેષ બે રહે તેને દ્વાપર સંખ્યા જાણવી, જેમકે છ, દસ.

અને શેષ એક રહે તે કલ્પોજ કહેવાશે, જેમકે પાંચ, નવ, તેર આદિ.

## ક્ષુદ્રકૃતયુગ્મ નારકો ક્યાંથી આવીને ઉત્પન્ન થાય છે?

હે પ્રભો! ક્ષુદ્રકૃતયુગ્મ સંખ્યા સમ્પન્ન નારકો નરકભૂમિમાં ક્યાંથી એટલે કઈ ગતિનો ત્યાગ કરી નરકમાં જન્મે છે?

જવાબમાં ભગવંતે ફરમાવ્યું કે હે ગૌતમ! તેઓ પંચેન્દ્રિય તિર્યંચ યોનિ અને ગર્ભજ મનુષ્યોની યોનિમાંથી મરીને નરકભૂમિમાં આવે છે. એટલે કે દેવગતિ કે નરકગતિનો એકેય જીવ નરકભૂમિમાં આવતો નથી. કેમકે નરકગતિમાં રહેલા જીવને ફરીથી તત્કાળ નરકગતિનું આયુષ્ય બાંધવાનું કારણ હોતું નથી અને દેવગતિના દેવોને પણ નરક પ્રાયોગ્ય પાપકર્મો હોતા નથી, માટે નરકનો જીવ ચાલુ ભવથી સીધો બીજા જ ભવે પુનઃ નારક થતો નથી અને દેવલોકનો દેવ પણ સીધેસીધો નરકમાં જન્મતો નથી.

## તિર્યંચો અને મનુષ્યો જ નરકમાં શા માટે ઉત્પન્ન થાય છે?

જવાબમાં ભગવંતે ફરમાવ્યું કે પૂર્વભવના કરેલા પાપ કર્મોને લઈને મેળવેલા તિર્યંચાવતારમાં પ્રાયઃ કરીને અવિવેક, ખાનપાનાદિની પરાધીનતા તેમજ વિશિષ્ટ સમ્યગ્ બુદ્ધિનો અભાવ હોવાથી ભૂત–ભવિષ્યની વિચારણા તેમનામાં હોતી નથી. આ કારણે તે તિર્યંચો ગમે ત્યારે પણ પાપ કર્મોનું સેવન કરી નરકગતિને યોગ્ય કર્મો બાંધી શકે છે. કેટલાક હિંસક પંચેન્દ્રિય અવતારને પામેલા સિંહ, વાઘ, દીપડા, નાગ, નોળીયા, બીલાડી, કાગડા, ગીધ આદિ જાનવરોની હિંસકવૃત્તિ અને પ્રવૃત્તિ સહજ હોવાથી તેમને પરજીવોની હત્યા પણ સ્વાભાવિકી બને છે.

જીવ હત્યા ચાહે પેટ ભરવા માટે હોય કે મશ્કરી માટે હોય, હત્યા એ હત્યા જ રહે છે.

જ્યારે ૮૪ લાખ જીવાયોનિમાં શ્રેષ્ઠતમ મનુષ્યાવતાર હોવાથી તેમની શુભ કે અશુભ બધીય ક્રિયાઓ બુદ્ધિપૂર્વક જ હોય છે. જેના દુર્બુદ્ધિ અને સદ્બુદ્ધિરૂપે બે પ્રકાર છે. માનવના જીવનમાં મિથ્યાત્વનો અને મોહનો જબરદસ્ત હુમલો જ્યારે થાય છે ત્યારે તે કુબુદ્ધિનો માલિક બનીને હિંસા, જૂઠ, ચોરી, મૈથુન અને પરિગ્રહના પાપો પ્રત્યે પૂર્ણ આસક્ત બની અવસર આવ્યે તે તે પાપોને નિર્ધ્વંસ એટલે ક્રૂર પરિણામપૂર્વક આચરે છે. બેશક વ્યવહાર પૂરતા જ તેઓ ધર્મનો સ્વાંગ, ધાર્મિકતાનો ડોળ અને ભાષાનો પ્રયોગ સુંદર કરતા હોય છે; પરંતુ આન્તરિક જીવનમાં તેઓ સ્વાર્થાંધ, લોભાંધ, કામાંધ અને મદાંધ હોવાથી પોતાના સ્વાર્થ સિવાય બીજા એકેય સત્કાર્યમાં કે દીન, દુઃખી, અનાથ, બિમાર અને દરિદ્રોની સેવા, કે તેમના બાળબચ્ચાઓને વ્યાવહારિક શિક્ષણ દેવાના કાર્યોમાં તેઓને રસ હોતો નથી. પોતાના અર્થનો કે કામનો સ્વાર્થ સધાતો હોય ત્યાં દાન, શિયળ, તપ કે ભાવનો ઉપયોગ કરવામાં પાવરધા હોય છે અને તેની સાધના થયા પછી પાછા જેવા હતા તેવા ને તેવા કઠોર કટુભાષી બની જાય છે; કેમકે તેમના આત્મા ઉપર કુબુદ્ધિનો પડછાયો જોરદાર પડેલો છે. ફળસ્વરૂપે તેમની ભાષા, વ્યવહાર, વ્યાપાર, તોલ, માપ આદિમાં હિંસક-વૃત્તિ હોવાથી નરકગતિને યોગ્ય કર્મોનું બંધન તેમને સુલભ હોય છે. માટે જ તીર્થંકર પરમાત્માએ કહ્યું કે તિર્યંચો અને મનુષ્યો નરકમાં જવાની યોગ્યતાવાળા હોય છે.

ક્ષુદ્રકૃત યુગ્મ નારકો ચાર, આઠ, બાર, અથવા સંખ્યાત, અસંખ્યાતની સંખ્યામાં નરકમાં ઉત્પન્ન થાય છે. કૂદનારો

માણુસ જેમ કૂદકો મારી ગત્યંતર કરે છે, તેવી રીતે પોતાનો પૂર્વભવ છોડી નારકજીવો નરકભૂમિમાં આવે છે. પોતાના જ પ્રયોગથી ગતિ કરનારા છે.

'ईश्वर प्रेरितो गच्छेत् स्वर्गवीश्वभ्रंवी' આ ઉક્તિનું ખંડન ભગવતી સૂત્રથી થઈ જાય છે; જેમકે છેવટે ત્રણ સમયમાં જ નરકમાં જવાવાળો જીવ પોતાના જ પ્રયોગથી નરકમાં જાય છે.

નરક ભૂમિમાં જવા માટે ઇશ્વર કોઇને પાપબુદ્ધિ આપતો નથી પરંતુ માનવ પોતે જ પોતાના અશુભ અને અશુદ્ધ અધ્યવસાયો, દુષ્ટબુદ્ધિ, કુકર્મ, પરસ્ત્રીગમન, વેશ્યાગમન, શરાબપાન, માંસાહાર, ચોરી, જુગાર આદિના કારણે હજારો લાખો જીવજંતુઓ સાથે વૈરની ગાંઠમાં બંધાય છે અને નરકમાં જાય છે. तामसावै अधो गच्छन्ति આ સૂત્રે તામસિક અને રાજસિક સ્વભાવના માનવો નરકભૂમિને પ્રાપ્ત કરે છે. તે ભૂમિમાં જતા પહેલાં ચાલુ ભવનું આયુષ્ય ક્ષીણ થવાથી તરત જ નરકાયુષ્ય ઉદયમાં આવે છે અને નરકાનુપૂર્વી નામ કર્મની બેડી જીવાત્માના હાથમાં પડે છે. આ ચાલુ મનુષ્યભવમાં મોહમાયાથી પ્રેરિત થઇને શણગારેલ બંગલા, ફર્નીચર, મચ્છરદાની, પલંગ, સોફા, અને હીરામોતીની બગંડીઓથી સુશોભિત કરેલી પ્રાણપ્યારીઓ, લાડકવાયા પુત્રપુત્રીઓ, સગા-વ્હાલાઓ, વેવાઇઓ, વેવાઇ તથા વેવાણો, કાકા-કાકીઓ, મામા-મામીઓ, ભાઈ-ભાભીઓ, બ્હેન-બનેવીઓ, સાળા તથા સાળીઓ અને છેવટે માતા-પિતાઓને પણ રોવડાવીને જીવાત્મા એકલો જ નરક તરફ પ્રસ્થાન કરે છે. ઉપર પ્રમાણેનું કથન રત્નપ્રભા આદિ નરકમાં ઉત્પન્ન થવાવાળાઓને માટે પણ જાણવું. વિશેષમાં જે જીવો જેટલી નરક ભૂમિમાં જવાની યોગ્યતાવાળા હોય તેમને તે તે નરક કહેવી; જેમકે અસંજ્ઞી જીવોને માટે

પહેલી નરક જ માન્ય છે. સરીસૃપોને બીજી નરક, પક્ષીઓને ત્રીજી નરક, સિંહોને ચોથી નરક, કાળા નાગોને પાંચમી નરક, સ્ત્રીઓને છઠ્ઠી અને મૂછો ઉપર વટ મારનારા પુરૂષો અને માછલાઓને માટે સાતમી નરકના દ્વાર પણ ઉઘાડા છે.

ક્ષુદ્રત્ર્યોજ રાશિ પ્રમાણ નારકો એક સમયે ૩–૭–૧૧–૧૫ કે સંખ્યાત અસંખ્યાત પ્રમાણમાં નરકે જાય છે.

ક્ષુદ્રદ્વાર પર રાશિપ્રમાણના નારકો ૨–૬–૧૦ કે સંખ્યાત –અસંખ્યાત પ્રમાણમાં નરકે જાય છે.

ક્ષુદ્ર કલ્પોજ રાશિ પ્રમાણના નારકો ૧–૫–૯–૧૩ સંખ્યાત અસંખ્યાત રાશિમાં નરકે જાય છે.

## જીવોને માટે નરકભુમિઓ નિયત કેમ ?

જીવાત્માઓ બધાય એક સમાન હોવા છતાં અને પ્રાણી વધમાં નાના કે મોટા પ્રાણીઓ તથા તેમના પ્રાણો એક સમાન હોવા છતાં પણ અમુક જીવોને માટે અમુક જ નરકની વ્યવસ્થા કરવાનો આશય કર્યો છે ? એકેન્દ્રિય કે પંચેન્દ્રિય જીવ મૃત્યુને ઇચ્છતો નથી છતાં પ્રાણહત્યા કરનારો અશુભ આશયથી કરી રહ્યો હોય ત્યારે નરકગતિમાં ફેરફાર કેમ ? કાળો નાગ, સિંહ, વાઘ કે દીપડો માનવને મૃત્યુના કારણ બને છે અને મરનારો માનવ ઇચ્છતો નથી કે મને નાગ કરડે કે વાઘ–સિંહ મારૂં ભક્ષણ કરે, તેમ છતાં પણ કાળો નાગ કરડે છે અને માણસ મરે છે, વાઘ-સિંહ માણસનું લોહી માંસ ખાઈ જાય છે અને માણસ મરે છે. બન્ને સ્થિતિમાં વાઘ અને નાગ (સર્પ) મારક છે, તેમ છતાં સિંહાદિને માટે ચોથી નરકભૂમિ નિયત કેમ ? અને સર્પ પાંચમી નરકમાં શા કારણે જાય છે ?

પુરૂષ અને સ્ત્રી બંને મૈથુનકર્મમાં પૂર્ણ મસ્ત બનીને કામક્રીડા કરે છે તે સમયે પુરૂષને મૈથુનભાવ ઓછો હોય અને સ્ત્રીને વધારે હોય કે સ્ત્રીને ઓછો હોય અને પુરૂષને વધારે હોય તે કહેવું બરાબર નથી. બેથી નવ લાખ જીવોનું હનન કરવાનું પાપ પુરૂષને વધારે લાગતું હોય કે સ્ત્રીના અવાચ્ય સ્થાનમાં તે જીવોનું ઉત્પાદન થાય છે પરંતુ તેમનો મારક તો પુરૂષ છે તેથી સ્ત્રીને પાપ ઓછું લાગતું હશે? તેવી કલ્પના કરવી સર્વથા અજ્ઞાન છે; કેમકે જે ઉત્પાદક હોય તેને પણ જીવહત્યા લાગ્યા વિના રહેતી નથી, અથવા સ્ત્રીને કામની ઉત્પત્તિ આઠગણી વધારે અને પુરૂષને કામ ઓછો હોય છે તેથી પુરૂષને પાપ ઓછું લાગે તેવી માન્યતા જ મહા અજ્ઞાનને સૂચિત કરે છે; કેમકે સ્ત્રીના ગંદા સ્થાનમાં ઉત્પન્ન થયેલા જીવોને મારવાની ક્રિયામાં પુરૂષ અને તેની શક્તિ વિશેષ જ મુખ્ય કારણ બને છે, કારણ કે પુરૂષ ભોક્તા છે અને સ્ત્રીમાત્ર ભોગ્ય જ છે. તેમ છતાં પણ કેવળ ભોક્તાને જ વધારે પાપ લાગે તેવી કલ્પના પણ અસ્થાને છે. આવી પરિસ્થિતિ હોવા છતાં સ્ત્રી અને પુરૂષને નરકગતિની મર્યાદા જૂદી જૂદી કેમ? વ્યવહારદૃષ્ટિને લઈ સ્ત્રીને કામ આઠગણો છે તેમ કહેનારા ભલે કહે પણ સત્યતા શું છે? શું પુરૂષને કામ હોતો નથી? કે પુરૂષ પ્રધાનતાની મિથ્યા કલ્પનાએ પુરૂષને નિર્દોષ અને ઓછો ગુનેગાર સિદ્ધ કરવાનો આ પ્રયાસ છે? સ્ત્રીને યદિ કામ આઠગુણો વધારે હોય તો તેને પાપ પણ વધારે લાગવું જોઇએ. તેમ થતાં સ્ત્રીને સાતમી અને પુરૂષને છઠ્ઠી નરક કહેવી જોઇએ. પણ ભગવતી સૂત્ર પુરૂષને જ સાતમી નરક કહે છે અને સ્ત્રીને છઠ્ઠી નરક.

આ બધી વિગતોમાં અસલી તત્ત્વ શું છે તે જાણવાનો પ્રયાસ કરીએ.

# પરિણામો જ કર્મબંધનમાં વૈચિત્ર્ય લાવનાર છે.

૮૪ લાખ જીવાયોનિના અનંતાનંત જીવોની આત્મિક, માનસિક અને બૌદ્ધિક વિચારધારાઓ એક સમાન ન હોવાના કારણે કર્મોના બંધનમાં વૈચિત્ર્ય હોય તે બનવા જોગ છે અને જ્યારે બંધનમાં જ વિચિત્રતા હોય ત્યારે તે કર્મોના ફળો અને ફરીથી બંધાતા કર્મો પણ એક સમાન ક્યાંથી હોય?

તળાવ કે વાવડીમાં પાણી છે, પરંતુ તેને ઘેર ઘેર પહોંચતું કરવામાં નળની આવશ્યકતાને શી રીતે નકારાય? પરંતુ તેમાં યદિ કાટ કે ગંદકીના કારણે ખરાબી હશે તો સ્વચ્છ પાણી પણ ગંદુ, રોગિષ્ટ અને પીનારને હાનિકારક બનવા પામશે. તથા તે યદિ સ્વચ્છ હશે તો પાણી પણ શુદ્ધ, સ્વચ્છ અને સ્વાદુ રહેવા પામશે, તેવી રીતે સંસારમાં રહેલી આઠે કર્મોની વર્ગણાના પુદ્ગલો એક સમાન હોવા છતાં યદિ માનવનું મન, વચન અને કાયારૂપી ત્રણે નળો પાપપૂર્ણ હશે તો નવી બંધાતી કર્મોની વર્ગણામાં પણ અશુભત્વનો અને તે યદિ ધર્મમય હશે તો શુભત્વનો પ્રવેશ સુલભ રહેશે અર્થાત્ કર્મોના શુભાશુભ બંધનમાં માનવના મન, વચન અને કાયાના શુભાશુભ પરિણામો જ મુખ્ય કારણભૂત બને છે.

હિંસા, જૂઠ, ચોરી, મૈથુન અને પરિગ્રહના માધ્યમથી બંધાતા પાપોમાં બીજા બધાય પાપોનો સમાવેશ થઈ જાય છે. તે સમયે કષાયભાવની તીવ્રતા હોય, ઇન્દ્રિયોના તોફાનના કારણે આત્મા પરવશ બનેલો હોય. મન, વચન અને કાયામાં વક્રતા, વિસંવાદિતા અને નાપાક ચેષ્ટા હોય, ત્યારે આત્માની એકેય ક્રિયા શુભ રહેવા પામતી નથી, મતલબ કે તેની બધી

ક્રિયાઓમાં કષાયોની તથા વિષયોની તીવ્રતા જ મુખ્ય કામ કરતી હોય છે. કષાય ભાવોનો ઉદય કે ઉદીર્ણા સૌની એક સમાન હોતી નથી તેવી રીતે ઇન્દ્રિયોના તોફાનો પણ એક સમાન હોતા નથી માટે ઘણા જીવોની બાહ્ય ક્રિયા એક સમાન હોવા છતાં પણ નવા બંધાતા કર્મોમાં વૈવિધ્ય આવ્યા વિના રહેતું નથી. તે આ પ્રમાણે :—

( ૧ ) એક માણસ પાસે તલવાર, ધારીયું તથા બંદુક છે, સામેવાળાને મારવાનો ઈરાદો છે, શરીર તથા શસ્ત્રોનો ઉપયોગ કરવામાં સશક્ત છે, તો પણ તેના માનસિક વિચારોમાં જેવી જોઇએ તેવી ઉગ્રતા નથી, ઉશ્કેરાટ નથી તથા સામેવાળાને મારી નાખવો તેવી તીવ્ર ભાવના પણ નથી. આવી સ્થિતિમાં કદાચ શરીર અને શસ્ત્રનો ઉપયોગ કરી પણ લેશે તો એ કર્મનું બંધન મંદ રહેવા પામશે.

( ૨ ) બીજા માણસ પાસે શસ્ત્રાદિ નથી, કલમ નથી, પણ પરહત્યા, પરસ્ત્રીગમન, પાપાચરણ, માયાચરણ આદિના માનસિક વિચારોની અત્યુગ્રતા છે; માટે તેમનું કર્મબંધન તીવ્રતર રસવાળું, લાંબી મર્યાદાવાળું અને નિકાચિત થવા પામશે.

( ૩ ) એક વ્યક્તિ સામાવાળાને જાણીબુઝીને પોતાના વ્યૂહમાં ફસાવીને મારે છે, જ્યારે બીજી વ્યક્તિ સામાવાળાને મારવા ઈચ્છતી નથી છતાં પણ અજ્ઞાતભાવે સામેવાળો મરી જાય છે. આ બન્નેમાં પહેલી વ્યક્તિનું કર્મબંધ જોરદાર રહેશે અને બીજીનું શિથિલ, જે માફી માગવા માત્રથી પણ તૂટી જાય તેવું રહેશે.

( ૪ ) એક વ્યક્તિ મન-વચન અને કાયાથી શક્ત છે, તેની પાસે શસ્ત્રો પણ સારા છે તથા જાણીબુઝીને ઈરાદાપૂર્વક

સામેવાળા ઉપર ઘાત કરે છે, જ્યારે બીજી વ્યક્તિના મન-વચન અને કાયા મડદાલ છે, શક્તિહીન છે અને શસ્ત્રો પણ જોઈએ તેવા ઘાતક નથી અને સામેવાળાને મારવાના ભાવ પણ છે. આવી સ્થિતિમાં પહેલી વ્યક્તિના ભાગ્યમાં ભયંકર ચિકણા કર્મોનું બંધન રહેશે અને બીજી વ્યક્તિને કર્મબંધન ઢીલા રહેશે. આ પ્રમાણે ઉપરના બધાય કારણોને લઈ તેના ફળાદેશમાં વિચિત્રતા આવે તે સહજ સમજાય તેવી વાત છે.

ગત ભવમાં બાંધેલા જોરદાર મિથ્યાત્વ, પાપાસક્તિ અને દુરાચારમાં જીવન પૂર્ણ કરનારો માણસ ચાલુ ભવમાં તિર્યંચ કે સંમૂચ્છિમના અવતારને પામે છે, જ્યાં મનનો અભાવ હોવાથી તેમના દ્વારા સેવાતા પાપોમાં તથાપ્રકારની તીવ્રતા ન હોવાના કારણે જ તેઓ પહેલી નરકભૂમિથી આગળ જઈ શકતા નથી. કેમકે કૃષ્ણ લેશ્યાવાળા કરતાં નીલ લેશ્યામાં અને તેના કરતાં કાપોત લેશ્યામાં ઉગ્રતા ક્રમશઃ ઓછી હોય છે. તેમ છતાં કરાયેલા કે કરાતા પાપોમાં પાપની ભાવના હોવાથી તથા તેમની વિરતિનો અભાવ આદિ હોવાથી તેઓ પહેલી નરકભૂમિના જ માલિક બનવા પામે છે.

સરીસૃપ આદિ કીડાઓ પણ બીજાને ડંખે છે પણ તેમના ડંખમાં જેવી જોઈએ તેવી ઘાતકતા હોતી નથી, માટે બીજી નરકભૂમિથી આગળ જઈ શકતા નથી.

પક્ષીઓ હિંસક હોય છે પરંતુ તેમની હિંસકવૃત્તિ પ્રાકૃતિક હોવાથી બીજા જીવોનું હનનપૂર્વક ભક્ષણ કરવા છતાં પણ ત્રીજી નરકથી આગળ વધી શકતા નથી.

સિંહ-વાઘ પણ પોતાના પેટને માટે બીજા નાના-મોટા પંચેન્દ્રિય જીવોને મારે છે, તેમને ચૂંથે છે અને ટેસ્ટપૂર્વક

તેમનું માંસ અને લોહીનું પાન કરે છે. આમાં પણ પોતાની ભૂખ સંતોષવાનું જ કારણ છે. અથવા ભયગ્રસ્તતા પ્રાપ્ત થયા પછી પણ તેઓ હુમલો કરે છે તો પણ ચોથી નરકભૂમિથી આગળ જઈ શકતા નથી. જ્યારે તાકાતમાં સિંહ કરતાં સર્પ હીન હોય છે, પરંતુ તે બંનેમાં ફરક હોય તો એટલો જ કે સર્પના જીવનમાં ક્રૂરપણું વધારે હોય છે. ડંખ મારેલા માણસનું લોહી કે માંસ સર્પના મુખમાં આવતું નથી તેમ છતાં તે જેને જેને ડંખ મારે છે તેમાં કેવળ ક્રૂરતા સિવાય બીજું કારણ નથી, માટે જ કહેવાયું છે કે ક્રોધી માણસ કરતાં ક્રૂર માનવ હજારવાર ભયંકર છે. સિંહ ( વનરાજા ) તો પેટની ભૂખ સંતોષાઈ ગયા પછી બાર કલાક સુધી નિરાંતે ઉંઘી જાય છે. જ્યારે ક્રૂર સ્વભાવવાળો સર્પ તેવો નથી હોતો, માટે જ પોતાના પૂર્વભવના વૈરીને કે આ ભવના વૈરીને ગોતી ગોતી પોતાની દાઢમાં ફસાવે છે અને ડંખ મારી ભાગી જાય છે, અથવા તો બીજાના હાથે પકડાઈને વિના મોતે મરે છે; ગતભવમાં ક્રૂરતાપૂર્વકનું જીવન હોવાથી હજારોનો વૈરી બનેલો સર્પ પોતાના ચાલુ ભવમાં કેટલાય જીવોથી પોતાનું જીવન બચાવીને રહે છે તે તમે જાણો છો ? મયૂર ( મોર ) સર્પને જોઇ તેની પૂંછને પોતાની ચાંચમાં દબાવી આકાશમાં ઉડે છે અને ઘણા ઉંચેથી સર્પને પત્થર પર ફેંકે છે. કદાચ જીવતો રહે તો બીજીવાર પકડીને ઉંચેથી પટકે છે અને મર્યા પછી તેને ચીરીચીરીને ખાઇ જાય છે. વાંદરો ( Monkey ) સર્પને તેવી હુશીઆરીથી પકડે છે અને પોતે દૂર રહીને સર્પના મોઢાને પત્થર સાથે છુંદી મારે છે અને સર્પ બે મોતે મરે છે. નોળીયા અને સર્પની લડાઇને તમે જોઈ છે ? યદ્યપિ પોતાની પૂરી તાકાત લગાડીને સર્પ નોળીયાને મારવાનો પ્રયત્ન કરે છે, તો પણ નોળીયાથી સર્પને ચીરાઈ ગયા વિના છુટકો નથી, અને છેવટે

માણસો તો તેના વૈરી ખરા જ. તોફાન કરતાં સર્પને પાંચ-પચ્ચીસ માણસો ઘેરી લે છે અને ડંડેડંડે તેના ટૂકડે ટૂકડા ન થાય ત્યાં સુધી ડંડા ફટકારતા જ હોય છે. આનાથી માલુમ પડે છે કે સર્પનો અવતાર મર્યાદાતીત ક્રૂરતાનો પરિપાક છે અથવા ક્રોધી માણસ કારણે કે વિના કારણે હજારો માનવો સાથે ક્રોધ કરે છે અને તે ક્રોધ જ્યારે ક્રૂરતામાં બદલાય છે ત્યારે તેવી લેશ્યાના અભિલાષે સર્પનો અવતાર જ ભાગ્યમાં શેષ રહે છે. ત્યાં પૂર્વભવથી પ્રાપ્ત થયેલી ક્રૂરતાના કારણે અસંખ્ય જીવોનું ક્રૂરતાપૂર્વક હનન કરવાના કારણે જ સર્પને માટે પાંચમી નરકભૂમિ ભાગ્યમાં લખાયેલી છે.

હવે આપણે દેવદુર્લભ મનુષ્યાવતારને પામેલાની ચર્ચા કરી લઇએ : જેમાં પુરૂષ અને સ્ત્રીના બે ભેદ છે. તેમની સત્તામાં પુરૂષને પુરૂષવેદ અને સ્ત્રીને સ્ત્રીવેદ કર્મ રહેલા છે, તથા તે વેદકર્મને ભોગવવાને માટે પુરૂષને પુરૂષલિંગ (પુરૂષ-ચિહ્ન) તથા સ્ત્રીને સ્ત્રીલિંગ મળેલું હોય છે. તે બન્નેના માધ્યમથી સેવાતા મૈથુનકર્મ કરતાં પણ પુરૂષ કે સ્રીના આંતરિક જીવનમાં પુરૂષવેદનો અને સ્રીવેદનો તીવ્રોદય અથવા તે કર્મની ઉદીરણા જ મહાભયંકર પાપકર્મને બાંધવા માટેનુ મુખ્ય કારણ છે. મૈથુનકર્મને તો કેવળ શરીર સાથે જ સંબંધ છે જ્યારે વેદોદય કે તેની ઉદીરણાને દ્રવ્ય તથા ભાવ મન સાથે સીધેસીધો સંબંધ હોવાથી નવા કર્મોને બાંધવાનું કારણ બને છે. યદ્યપિ ઉદયમાં આવેલા કે ઉદીરણા દ્વારા ઉદયમાં લેવા-યેલા વેદોદયમાં રસોદય પુરૂષ અને સ્રીને એક સમાન હોવા છતાં બંનેની શક્તિમાં આકાશ-પાતાળ જેટલો ફરક હોવાથી પુણ્યકર્મના અભાવે સ્રી હરહાલતમાં પણ ભોગ્ય જ રહેવા પામે છે, તેથી તે પોતાના વેદોદયને શાંત કરવામાં સર્વથા

પરવશ છે. જ્યારે પુરૂષ પુણ્યકર્મી હોવાથી બંનેના વેદોદયને શાંત કરવાની શક્તિ ધરાવે છે, માટે પુરૂષ ભોક્તા છે. પ્રસ્તુત પ્રકરણ નરકનું હોવાથી પાપાનુબંધી પુણ્યનો ભોક્તા પણ મૈથુનકર્મના સમયે નિર્ધ્વંસ, નિર્દયી અને પાપબુદ્ધિ-પૂર્ણ હોવાથી તેની મૈથુનકર્મિતામાં પાશવિકતા રહેવા પામશે. જેથી પોતાની મૈથુનેચ્છાઓને પૂર્ણ કરવાની ભાવનાવાળો પુરૂષ પોતાની સ્ત્રીની, ગર્ભની, ગર્ભગત જીવની અને છેવટે પોતાના પુણ્યકર્મોની પણ પરવા કરી શકવા જેટલો સમર્થ હોતો નથી, માટે પુરુષને સાતમી નરક પણ ભાગ્યમાં રહે છે અને સ્ત્રીના પરિણામો પુરૂષ જેટલા ક્લિષ્ટ ન હોવાથી તથા મૈથુનના સાધન તથા અધિકરણનો અભાવ હોવાથી સ્ત્રીને છઠ્ઠી નરકની મર્યાદા કહી છે.

## તો પછી સ્ત્રીને મોક્ષ કેવી રીતે મળશે ?

મોક્ષ મેળવવા માટે સ્ત્રીને સ્ત્રી શરીર કે પુરુષને પુરુષ શરીર બાધક બનતું નથી, પરંતુ कृत्स्नकर्मक्षयो ही मोक्षः આ સૂત્રાનુંસારે માનવ શરીરને ધારણ કરી પોતાના પ્રબલ પુરૂષાર્થ વડે સંપૂર્ણ કર્મોનો ક્ષય કરનાર ચાહે સ્ત્રી હોય, પુરુષ હોય કે નપુંસક હોય મોક્ષ મેળવવાને લાયક બનશે. મોક્ષનો સમર્થ બાધક કોઈ હોય તો પુરૂષવેદ, સ્ત્રીવેદ અને નપુંસકવેદ જ મુખ્ય કારણભૂત છે.

આગને ભડકાવવા માટે કેરોસીન કે પેટ્રોલની જેમ કષાયરૂપી કાળા નાગોને તોફાને ચડાવવા માટે 'नोकषाय'નો જૈન શાસને સહેતુક સ્વીકાર કર્યો જ છે, તેમાં પણ વેદોદયની તાકાત અજબગજબની હોવાથી સાધકની સાધકતાને મોટામાં મોટો ખતરો હોય તો તે વેદોદયનો જ છે. જેની વિશદચર્ચા

બીજા ભાગમાં કરાયેલી છે. આ કારણે જ પુરૂષનો પુરૂષવેદ, સ્રીનો સ્રીવેદ, કે નપુંસકનો નપુંસકવેદ જ મોક્ષનો બાધક છે, પણ પુરૂષલિંગ, સ્રીલિંગ, કે નપુંસકલિંગ હરહાલતમાં પણ બાધક નથી જ.

પુરૂષ કે સ્રીને જ્યારે આધ્યાત્મિકતા પૂર્વકની તપશ્ચર્યા, ત્યાગ, સંયમ તથા સંવરધર્મની પ્રાપ્તિ થાય છે અને ઉત્તરોત્તર તેની સાધના આગળ વધે છે ત્યારે વેદોદયનો નશો શનૈઃ શનૈઃ ધીમો પડે છે અને નવમે ગુણઠાણે ચઢયા પછી તો વેદોદય ઠંડો પડે છે અને તેનું જોર લગભગ ખતમ થવાની અણી પર આવે છે અને કેવળજ્ઞાનના દ્વાર ઉઘડવાની તૈયારી થાય છે. માટે સ્રી ભલે તે ભવથી સાતમી નરકે ન જઈ શકતી હોય તો પણ કર્મોનો ક્ષય કરીને મોક્ષ મેળવી શકે છે.

ઉપર પ્રમાણેના વક્તવ્યથી જાણી શકીએ છીએ કે અરિહંત પરમાત્માઓની વાણીનું એક પણ સૂત્ર સ્રીને કેવળજ્ઞાન થતું અટકાવી શકે તે જોવામાં આવતું નથી. કેમકે કર્મોનું બંધન મિથ્યાત્વના કારણે છે, તેનો અવરોધ સંવરને અધીન છે જ્યારે કેવળજ્ઞાનની પ્રાપ્તિ નિર્જરા તત્ત્વને આભારી છે. મનુષ્ય કે સ્રીને માટે જૈનાગમ એક જ છે, સૂત્રો એક જ છે તેથી તે બંનેને જેમ કર્મોનું બંધન નિશ્ચિત છે તેમ કર્મોનો ક્ષય પણ નિશ્ચિત જ છે.

કદાચ તમે કહી શકશો કે સ્રીનું શરીર ગંદુ હોય છે તેમ સ્વાભાવિક રીતે ઇર્ષ્યા, અદેખાઇ, કલેશ તથા કંકાસ પણ તેમને વધારે હોવાથી સ્રીને મોક્ષ મળવો સરળ શી રીતે બનવા પામશે ? પરંતુ ભૂલી જવાનું નથી કે જે દોષો સ્રીને માટે સહજ છે તે પુરુષોને માટે પણ તેમજ છે. પુરુષોના

પણ મલદ્વાર, મુખ, નાક, કાન અને પરસેવો સ્ત્રીની જેમ ગંદા જ છે. તથા ઈર્ષ્યા અદેખાઇ અને છેવટે અનંતાનુબંધી કષાયો વગેરે પુરુષોને માટે કેવી રીતે નકારી શકાશે ? સારાંશ કે દોષોની કલ્પના બંનેમાં સમાન છે. આવી સ્થિતિમાં પુરુષ મોક્ષનો અધિકારી બને અને સ્ત્રી ન બને, તેવા પ્રકારનો પક્ષપાત તીર્થંકરોના શાસનમાં હોઈ શકતો નથી, માટે જન્મજાત દોષોને પુરુષની જેમ સ્ત્રી પણ હટાવી શકે છે. મરૂદેવી માતા, ચન્દનબાળા, રાજીમતી, દેવાનંદા, મલ્લીનાથ તીર્થંકર આદિ અગણિત સ્ત્રીઓ સ્ત્રીલિંગે જ મોક્ષ ગયા છે. બેશક ! વેદોદયમાં જેમ સ્ત્રીને મોક્ષ નથી તેમ તે વેદોદયમાં પુરુષ ચાહે જેસલમેરના રેગિસ્તાનમાં આતાપના સ્વીકારે કે હિમાલયમાં દેહ ગાળી નાખે તો પણ આ ભવમાં મોક્ષ મેળવી શકવાનો નથી.

**શતક ૩૧માનો ઉદ્દેશો પહેલો સમાપ્ત**



## શતક ૩૧ : ઉદ્દેશા ૨-૩-૪-૫-૬

ક્ષુદ્રકૃત યુગ્મ રાશિ પ્રમાણ કૃષ્ણ લેશ્યાના માલિકો આદિ સાતે નરકભૂમિ સુધીના નારકો માટે પણ પૂર્વવત્ જાણવું, સ્વપ્રયોગથી નરકે જવાય છે. ઉપપાત માટે પ્રજ્ઞાપના-સૂત્રથી જાણવું.

ક્ષુદ્રત્ર્યોજ રાશિ પ્રમાણ કૃષ્ણ લેશ્યાના નારકો તથા દ્વાપર અને કલ્પોજ રાશિ પ્રમાણના નારકોને પૂર્વવત્ જાણવા. ભવસિદ્ધિક નારકો તથા કૃષ્ણ લેશ્યાવાળા ભવસિદ્ધિકો માટે પણ પૂર્વવત્ જાણવું.

**શતક ૩૧માના ઉદ્દેશા ૨-૩-૪-૫-૬ સમાપ્ત**

## શતક ૩૧ : ઉદ્દેશા—૭ થી ૨૮

નીલ લેશ્યાના ભવસિદ્ધિકો ચારે યુગ્મમાં નીલલેશ્યાની જેમ.

કાપોત લેશ્યાના ચારે યુગ્મોના નારકો સામાન્ય રીતે કાપોત લેશ્યાવત્.

અભવસિદ્ધિકના ઉદ્દેશા ભવસિદ્ધિકવત્.

સમ્યગ્દષ્ટિ, મિથ્યાદૃષ્ટિ, કૃષ્ણપાક્ષિક, શુક્લપાક્ષિકના ઉદ્દેશા પણ પૂર્વવત્ જાણવા.

શેષ વર્ણન મૂળ સૂત્રથી જાણવું.

**શતક ૩૧માના ઉદ્દેશા ૭ થી ૨૮ સમાપ્ત**

## "સમાપ્તિ વચનમ્"

નૈષ્ઠિક બ્રહ્મચર્યની સાધનાથી, સર્વગ્રાહી સમ્યગ્જ્ઞાનના પ્રભાવથી, સ્યાદ્વાદ નયપ્રમાણ અને નિક્ષેપાઓ દ્વારા દીર્ઘદૃષ્ટિ સમ્પન્ન થયેલા હોવાથી, અહિંસા ધર્મને આત્મસાત્ કરવા દ્વારા સમન્વયદૃષ્ટિને પ્રાપ્ત કરેલ હોવાથી પાશ્ચિમાત્ય, પૌર્વાત્ય પંડિતો, મહાપંડિતોને પોતાના ચરણમાં બેસાડીને સમ્યગ્ દર્શન-જ્ઞાન તથા ચારિત્રનું પાન કરાવનારા, શાસ્ત્રવિશારદ, જૈનાચાર્ય, સ્વ. ૧૦૦૮ શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન, શાસનદીપક, મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી મ૦ના શિષ્ય ન્યાય-વ્યાકરણ-કાવ્યતીર્થ, પંન્યાસ શ્રી પૂર્ણાનંદવિજય (કુમાર શ્રમણ) મહારાજે પોતાના મતિજ્ઞાનના વિકાસાર્થે, ભવાંતરમાં પણ જૈન શાસનની પ્રાપ્ત્યર્થે ભગવતીસૂત્ર જેવા આગમસૂત્રનું ૩૧મું શતક પૂર્ણ કર્યું છે.

શુભં ભૂયાત્ સર્વેષાં જીવાનામ્.

શુભં ભૂયાત્, શિવં ભૂયાત્, કલ્યાણં સ્યાત્ પુનઃ પુનઃ ।
શ્રમણાનાં ગૃહસ્થાનાં, તુષ્ટિં પુષ્ટિં હિતં તથા ॥

## 卐 શતક ૩૧મું સમાપ્ત 卐

# શતક ૩૨ : ઉદ્દેશા ૧ થી ૨૮

આ શતકનો વિષય આનાથી પહેલાના શતક સમાન જ જાણવો.

હે ગૌતમ ! ક્ષુદ્રકૃતયુગ્મ રાશિવાળા નારકો, નરકગતિમાંથી બહાર નીકળીને સંખ્યાત વર્ષના આયુષ્યવાળા પર્યાપ્ત મનુષ્ય અને તિર્યંચયોનિમાં ઉત્પન્ન થાય છે. તેઓ એક સમયમાં ચાર, આઠ, બાર, સોલ ઉપરાંત સંખ્યાતા અસંખ્યાતા રાશિના જીવો ત્યાંથી સ્વપ્રયોગથી ઉદ્દ્વર્તે છે.

શેષ ઉદ્દ્વર્તના સાતે નારકોની જે પ્રમાણે કહી છે તે પ્રમાણે જાણવી તથા ત્ર્યોજયુગ્મ, દ્વાપરયુગ્મ અને ક્ષુદ્ર કલ્પોજયુગ્મ જીવોનું પણ જાણવું.

કૃષ્ણલેશ્યાવાળા ક્ષુદ્રકૃતયુગ્મરાશિવાળા નારકો પણ પૂર્વવત્.

**શતક ૩૨ના ઉદ્દેશા ૧ થી ૨૮ સમાપ્ત**

## "સમાપ્તિ વચનમ્"

શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય ઉપરિયાલાદિ તિર્થોદ્ધારક સ્વ. શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મ.ના શિષ્ય શાસનદીપક મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી મ.ના શિષ્ય પંન્યાસ શ્રી પૂર્ણાનન્દવિજયે (કુમાર શ્રમણ) પોતાના મતિજ્ઞાનના વિકાસાર્થે શ્રુતજ્ઞાનની વૃદ્ધયર્થે, તથા ભવપરંપરામાં પણ તે સમ્યગ્જ્ઞાનના સંસ્કારો પ્રાપ્ત થાય તે માટે પોતાની યથામતિએ શતક ૩૨મું વિવેચિત કર્યું છે.

"શુભં ભૂયાત્ સર્વેષાં જીવાનામ્ ।<br>
સર્વે જીવાઃ સમ્યગ્જ્ઞાનં પ્રાપ્નુયુઃ" ॥

## 卐 શતક ૩૨મું સમાપ્ત 卐

# શતક ૩૩ : ઉદ્દેશો-૧

## પહેલું એકેન્દ્રિય શતક

**ઉપક્રમ :**

પ્રત્યેક ધર્મસંપ્રદાયો જૂદા જૂદા નામે પણ જીવતત્ત્વને તથા દયાધર્મને માનનારા છે, પરંતુ જ્યાં સુધી જીવોના ભેદાનુભેદો, તેના પ્રકારો, તથા ઉત્પત્તિઓને જાણવામાં ન આવે ત્યાં સુધી તે જીવોની હત્યાથી શી રીતે બચાશે ? દયાધર્મ શી રીતે પળાશે ? એક જીવને બચાવવાનો ભાવ થયો અને બીજા જીવોને ન બચાવી શકયા તો જીવદયાની પૂર્ણતા ક્યાં રહી ? દયાધર્મ યદિ સાચો જ હોય તો જે જીવો ઉપર દયા કરવાની છે તે જીવોને જાણ્યા વિના બીજો માર્ગ કયો ? બેશક ! પૂર્ણ દયા પાળવી કદાચ શકય ન હોય તો પણ જીવોની જાણકારી હશે તો કોઈક અવસ્થા વિશેષમાં પણ જીવહત્યાના પાપોનું પ્રાયશ્ચિત કરવા જેટલી ભાવના થશે અને એક દિવસે તેટલી હત્યામાંથી બચવાને માટે પણ પ્રયત્ન કરશે. સારાંશ કે જીવોના ભેદો જાણવા અત્યંત આવશ્યક છે. કેમકે :—

બધાય જીવોના આકારો એકસરખા નથી. કર્મ વિશેષને લઈને કોઈક મનુષ્યાકારે છે, બીજો પશુના આકારે, ત્રીજો વળી કીડાના આકારે તો ચોથો જુદી જુદી જાતની વનસ્પતિ કે પૃથ્વી-પાણીના આકારે છે. આ પ્રમાણે સૌના શરીરો જુદા છે, આકારો જુદા છે, પુણ્ય-પાપ જુદા અને કર્મોના ભોગવટા પણ જુદા જુદા છે. સાથોસાથ વિષ્ટાના કીડાથી લઈ ઇન્દ્રલોકના ઇન્દ્રને પણ પોતપોતાનું જીવન સીમાતીત પ્યારૂં છે માટે કોઈ પણ જીવને બેમોતે મરવાની ઇચ્છા નથી.

ઉપર્યુક્ત પ્રમાણે જ્યારે નાના કે મોટા, પૃથ્વીના કે પાણીના, બકરાના કે ઘેટાના, વનસ્પતિના કે ફળ-ફૂલોના જીવો જીવવાની ઇચ્છા રાખનારા છે ત્યારે તેને મારનાર, કાપનાર, છુંદનાર, પીસનાર, બાફનાર અને છેવટે મરેલા કે મારેલા જાનવરોને ખાનારને પણ જીવહત્યાનું પાપ લાગ્યા વિના રહેવાનું નથી, અને એક પાપ બીજા પાપને આમંત્રણ આપનારૂં હોવાથી ઇન્દ્રિયગુલામને બીજા જીવની હત્યાનો કોઈક સમયે ખ્યાલ રહે છે અને કોઈક સમયે ખ્યાલ રહેતો પણ નથી; પરિણામે પાપકર્મોનો ભારો વધે છે અને આજનો માનવ, પંડિત, મહાપંડિત પણ આવતી કાલનો પૃથ્વીકાયિક જીવના અવતારને પામનારો બને છે, જળકાયિક બને છે. આ પ્રમાણે ચોરાશીના ફેરામાં કે નવાણુના ચક્રમાં ફસાઈ જવું પડે છે; જ્યાંથી લાખો કરોડો અવતાર પછી પણ ફરીથી મનુષ્યાવતાર મેળવી શકાતો નથી.

વૈદિક ધર્મે બકરા, ઘેટા, પાડા, યાવત્ બત્રીશ લક્ષણા બાળકને પણ મંત્રોચ્ચારપૂર્વક મારવાનું વિધાન કર્યું ત્યારે દયાત્મા બુદ્ધદેવે મોટા-મોટા પ્રાણીઓને બચાવવાને માટે રાજપાટનો ત્યાગ કર્યો, ઉગ્રતપનું સેવન કર્યું અને શક્તિ વિશેષ પ્રાપ્ત કર્યા પછી તે જ્ઞાનનો ઉપયોગ કર્યો અને ઘણા યજ્ઞકુંડો બંધ કરાવીને હજારો, લાખો અને કરોડોની સંખ્યામાં મૂંગા પ્રાણીઓને બચાવ્યા છે. તેટલા પ્રમાણમાં બુદ્ધદેવનું કાર્ય પ્રશંસનીય હોવા છતાં પણ સૂક્ષ્માતિસૂક્ષ્મ જીવરાશિ સુધી બૌદ્ધધર્મ પહોંચી શકવા માટે સમર્થ બન્યો નથી, ત્યારે જ તો ગૃહસ્થને ત્યાં રાંધેલા માંસને બુદ્ધદેવે પોતે પોતાના પાત્રમાં સ્વીકારી શક્યા છે, પરિણામે આજે પણ બૌદ્ધધર્મમાં માંસાહારને ભિક્ષામાં લેવાનો નિષેધ મનાયો નથી.

માન્યું કે બકરા, ઘેટા, કુકડા કે ભૂંડ આદિને આપણે પોતે માર્યા નથી તો પણ બીજા પાસે મરાવ્યા તો હશે જ ? અથવા માંસના ઉત્પાદનમાં સ્પષ્ટ રૂપે અનુમતિ ન હોય તો ગુપ્ત રૂપે પણ અનુમતિ વિના માંસનું ઉત્પાદન શી રીતે શક્ય બનશે ? માટે જીવહત્યા કરવી, બીજા પાસે કરાવવી અથવા સ્પષ્ટ રૂપે કરતા, કરાવતા ન હોઇએ પણ જીવ હત્યાથી ઉત્પાદિત થયેલા માંસમાં કે ચામડા આદિથી બનાવેલા બીજા પદાર્થોના ભોગવટામાં હત્યાની અનુમોદના શી રીતે નકારી શકાશે ? આ બધા કારણોને લઈ જીવ હત્યા પાપ જ છે.

આ બધા કારણોને લઇ માનવ સમાજ ત્રણ ભાગોમાં વહેંચાઈ ગયો છે. જે આ પ્રમાણે :—

( ૧ ) સમ્યગ્જ્ઞાનપૂર્વક સમ્પૂર્ણ જીવહત્યાને મન, વચન અને કાયાથી જેમણે છોડી દીધી છે તે મહામુનિઓ.

( ૨ ) જીવહત્યાદિ પાપોને સર્વથા ન છોડનારો પણ અમુક નિરર્થક પાપોને છોડે છે અને અમુક નથી છોડી શકતો માટે અહિંસા, ધર્મ અને દયા પ્રત્યે કાર્યાન્વિત પ્રેમ રાખનારો ગૃહસ્થ બીજા નંબરમાં આવે છે.

( ૩ ) અભવ્ય, દુર્ભવ્ય તથા મિથ્યાત્વયુક્ત મોહવાસના આદિના માલિકો, સાર્થક કે નિરર્થક એકેય પાપને છોડવાની ભાવનાવાળા હોતા નથી. ઉલટું રાતદિવસ પાપોની સેવનામાં, માંસાહારાદિ અભક્ષ્ય પદાર્થોના ભોજનમાં, શરાબપાનમાં, વેશ્યા કે પરસ્ત્રીના વિલાસોમાં, બેમર્યાદ આસક્ત બનીને તે તે પાપોને ઉત્સાહપૂર્વક કરે છે, બીજાઓ પાસે કરાવે છે અને તેવા માણસોનો જ સહવાસ કરે છે.

ઉપર પ્રમાણેના ત્રણે પ્રકારોમાં આપણે આજે પણ જોઇ શકીએ છીએ કે મહાવીરસ્વામીના શાસનને માનનારા સાધુ-સાધ્વીઓની કરણી અહિંસક છે, તેમનો ખોરાક અહિંસક છે, ભાષા અને વ્યવહાર અહિંસક છે. યદિ સંપૂર્ણરૂપે અહિંસા ન પાળી શકાતી હોય તો હડહડતા કલિયુગમાં તથા ભૌતિકવાદના સુંવાળા જમાનામાં પણ જૈન સાધુઓ તેવી સૂક્ષ્મ અહિંસાને શી રીતે પાળતા હશે? તેમના અનુયાયિઓ લક્ષાધિપતિ અને કરોડાધિપતિ હોવા છતાં પણ :-

(૧) જૈન સાધુ કોઈ દિવસે પણ મોટર, સાઇકલ, રેલગાડી, વિમાન, બળદગાડી આદિ વાહનમાં બેસતા નથી. ચામડાના બુટ-ચંપલ પહેરતા નથી અને પાદવિહાર કરી દેશના ખૂણેખૂણે વિચરી રહ્યાં છે.

(૨) લાખો કરોડોના દાનપુણ્યને કરાવનાર જૈન મુનિઓ મસ્તક, દાઢી, મૂછ પર ઉગેલા વાળોનું પોતાના હાથે લુંચન કરે છે.

(૩) બાગબગીચાઓમાં હરવા ફરવા છતાં પણ ત્યાં રહેલી એકેય નાની મોટી વનસ્પતિ, ફળ ફૂલ આદિનો સ્પર્શ પણ જૈન મુનિઓ કરતા નથી. ગેહુ-ચણા આદિ ધાન્યના દાણાપર કે ઝાડના પાંદડા, ડાળી આદિ પર પોતાનો પગ હરહાલતમાં પણ મૂકતા નથી.

(૪) ગરમ કર્યા વિનાના વાવડી, કુવા, નળ આદિના પાણીથી પગ ધોતા નથી, સ્નાન કરતા નથી, વસ્ત્રપ્રક્ષાલન કરતા નથી, કેમકે કાચાપાણીનો સ્પર્શ સર્વથા ત્યાજ્ય છે.

(૫) કોઇ પણ જાતના ફૂલોની માળા, કે અપવાદ પ્રાપ્ત થયે છતે પણ સીવેલા વસ્ત્રોનું પરિધાન કરતા નથી.

( ૬ ) પોતાના હાથે ચૂલાચોકા કરી રસોઈ પાણી કરતા નથી.

( ૭ ) નાની કે મોટી કોઇપણ બાલિકા, વિધવા આદિ સ્ત્રીને પોતાના પાદનો સ્પર્શ કરવા દેતા નથી.

( ૮ ) ભાંગ, ગાંજો, ચરસ આદિનું સેવન સર્વથા ત્યાજ્ય છે.

આ કારણે જ અહિંસાધર્મની આરાધના કષ્ટ સાધ્ય છતાં પણ સુલભ છે.

આ બધી બાબતો જાણ્યા કે સમજ્યા પછી જીવોના ભેદો જાણવા કેટલા જરૂરી છે? તે સહજ સમજી શકાય તેવી વાત છે. હવે આપણે ભગવતી સૂત્રાનુસારે તે તે જીવોને જાણીએ અને યથાશકય તે જીવોની હત્યામાંથી આપણે બચવા પામીએ તે જ ઈષ્ટ છે.

## એકેન્દ્રિય જીવોના ભેદાનુભેદો....

ગૌતમસ્વામીના પૂછવાથી ભગવાન મહાવીરસ્વામીએ ફરમાવ્યું કે, હે ગૌતમ! એકેન્દ્રિય, બેઇન્દ્રિય. તેઇન્દ્રિય, ચઉરીન્દ્રિય અને પંચેન્દ્રિયરૂપે જીવોના પાંચ ભેદ છે. ષટ્કાયના રૂપે જીવો છ પ્રકારના છે. ચારગતિરૂપે તે જીવો ચાર પ્રકારે છે, ત્રણ વેદની કલ્પનાએ જીવો ત્રણ પ્રકારના છે અને જીવત્વની અપેક્ષાએ જીવો એક જ ભેદવાળા છે. અને સ્થાવરત્રસરૂપે તે બે ભેદે પણ છે. પરંતુ અહીં એકેન્દ્રિયની વાત હોવાથી તેના ભેદાનુભેદો જાણીએ. જેના ૨૦ ભેદ છે, તે આ પ્રમાણે :-

( ૧ ) સૂક્ષ્મ અપર્યાપ્ત પૃથ્વીકાય.

( ૨ ) સૂક્ષ્મ પર્યાપ્ત પૃથ્વીકાય.

( ૩ ) બાદર અપર્યાપ્ત પૃથ્વીકાય.

( ૪ ) બાદર પર્યાપ્ત પૃથ્વીકાય.

પૃથ્વીરૂપે ઉત્પન્ન થનારા પૃથ્વીકાયના જીવોના આ ચાર ભેદ છે.

આજ પ્રમાણે પાણીકાય, અગ્નિકાય, વાયુકાય અને વનસ્પતિકાયના જીવો પણ ચાર ચાર ભેદે જાણવા. બધાય મળીને ૨૦ ભેદ થયા.

સૂક્ષ્મનામકર્મને લઇને તેઓ સૂક્ષ્મ છે.

બાદરનામકર્મને લઈને તેઓ બાદર છે.

અપર્યાપ્તનામકર્મને કારણે તેઓ અપર્યાપ્ત છે.

અને પર્યાપ્તનામકર્મને કારણે તેઓ પર્યાપ્ત છે.

આ એકેન્દ્રિય જીવો ચાહે ઉત્ક્રાન્તિ એટલે કે અવ્યવહાર રાશિમાંથી બહાર નીકળીને એકેન્દ્રિયાવતારે જન્મ્યા હોય કે અપક્રાન્તિ એટલે યાવત્ મનુષ્ય, રાજા, મહારાજા, રાણી, શેઠાણી તથા ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ કે પહેલા અને બીજા દેવલોકના દેવો વિષયવાસનાના પાપે, ક્રોધાદિ કષાયના અભિશાપે અથવા પરિગ્રહ અને આરંભના કારણે પોતાના પુણ્યનો તથા સત્કર્મોનું દેવાળું કાઢીને અપક્રાંતિ દ્વારા એકેન્દ્રિયાવતારે જન્મ્યા હોય તે બધાય જ્ઞાનાવરણીયાદિ આઠે કર્મોની બેડીમાં બંધાયેલા છે. એટલે કે સૂક્ષ્મ અપર્યાપ્તક જીવોથી લઇને ચોવીસે દંડકના જીવો જેમાં વૈમાનિકદેવો, અહમિન્દ્રદેવો, બ્રહ્મલોકના બ્રહ્મદેવો પણ આઠે કર્મોની હાથકડીમાં જકડાયેલા છે.

ગેહુ-ચણા આદિમાં જ્યાં સુધી 'બીજતત્ત્વ' હોય છે ત્યાં સુધી પૃથ્વી, પાણી, વાયુ અને તેજ આદિની સહાયતા મળતા જ તેમાંથી ફરીથી અંકુરોત્પત્તિ થાય છે તેવી રીતે ચોવીસે દંડકના જીવોમાં કર્મબીજ વિદ્યમાન હોવાના કારણે મોહ-માયા, મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને મનદંડ, વચનદંડ તથા કાયદંડના નિમિત્તો મળતા જ ફરી ફરી આ ચારે ગતિના જીવો પ્રતિસમયે આઠે કર્મોને કે સાતે કર્મોને બાંધનારા હોય છે, મતલબ કે તેમને જેમ જૂના કર્મો છે તેમ નવા કર્મો પણ બંધાતા હોય છે.

તેમને જ્યારે કર્મો છે અને નવા કર્મો પણ બાંધે છે તો તેઓ પૃથ્વીકાયના વિદ્યમાનભવમાં કેટલા કર્મો ભોગવતા હશે? જવાબમાં ભગવંતે ફરમાવ્યું કે, હે ગૌતમ! તેઓ પ્રતિસમયે નીચે લખ્યા પ્રમાણે ૧૪ કર્મોને ભોગવે છે :-

(૧) જ્ઞાનાવરણીય કર્મ, (૨) દર્શનાવરણીય કર્મ, (૩) વેદનીય કર્મ, (૪) મોહનીય કર્મ, (૫) નામ કર્મ, (૬) ગોત્ર કર્મ, (૭) આયુષ્ય કર્મ, (૮) અંતરાય કર્મ, (૯) શ્રોત્રેન્દ્રિયાવરણીય કર્મ, (૧૦) ચક્ષુરિન્દ્રિયાવરણીય કર્મ, (૧૧) ઘ્રાણેન્દ્રિયાવરણીય કર્મ, (૧૨) રસનેન્દ્રિયાવરણીય કર્મ, (૧૩) સ્ત્રીવેદ-આવરણીયકર્મ, (૧૪) પુરુષવેદ-આવરણીય કર્મ.

શ્રોત્રેન્દ્રિયાવરણાદિ કર્મોના કારણે પૃથ્વીકાયિક જીવોને દ્રવ્યેન્દ્રિયરૂપે કાન, નાક, આંખ અને જીભ આ ચારે ઇન્દ્રિયોનો સદંતર અભાવ હોવાથી તેમનો જીવનવ્યવહાર કેવળ સ્પર્શેન્દ્રિય દ્વારા જ પૂર્ણ થાય છે.

તેમને કાન ન હોવાથી, કોઇનું સંગીત, ગાયન કે કોઇના ઝાંઝરનો ઝણકાર સાંભળવાનો આનંદ તેમના ભાગ્યમાં નથી.

આંખનો અભાવ હોવાથી કંઈ પણ જોવાની મજા તેમને હોતી નથી.

નાકના અભાવમાં કંઈ પણ સૂંઘવાનો ટેસ્ટ તે શી રીતે માણવાના હતા? અને જીભ ન હોવાથી તે એકેન્દ્રિય જીવો અસંખ્યાત અથવા અનંત ઉત્સર્પિણી અને અવસર્પિણી સુધી, ભાવનગરની બદામ પુરી, સુરતની ઘારી, ખંભાતની સુતરફેણી, આબુની રાબડી, ખંભાતનો હલવો, ગાંઠીયા, પાપડી, આઇસ્ક્રીમ, ગુલાબજાંબુ, ચેવડો, ઓસામણ આદિ ફરસાણ કે મિષ્ટાન્ન તેમના ભાગ્યમાં છે જ નહી. તેવી રીતે પુરુષવેદનો સર્વથા અભાવ હોવાથી ઉપર બતાવ્યા પ્રમાણેના લાંબા કાળ સુધી કોઇપણ સ્ત્રીનો સહવાસ, મિઠી મશ્કરીઓ, આંખના ઇસારા કે ગંદી ચેષ્ટાઓ પણ તેમને નથી, કેવળ તેમના ભાગ્યમાં નપુંસકવેદ જ હોવાથી સંસારની રતિ માત્ર મજા તેમને નથી.

**શતક ૩૩માનો ઉદ્દેશો પહેલો સમાપ્ત**

# શતક ૩૩ : ઉદ્દેશા–૨ થી ૧૧

૩૩મા શતકના પ્રથમ એકેન્દ્રિય શતકના પહેલા ઉદ્દેશા પ્રમાણે જ નીચેના ઉદ્દેશા જાણવા.

(૨) અનંતરોપપન્નક એકેન્દ્રિયોનો બીજો ઉદ્દેશો જાણવો.

(૩) પરંપરોપપન્નક એકેન્દ્રિયો માટેનો ત્રીજો ઉદ્દેશો જાણવો.

(૪) અનંતરાવગાઢ એકેન્દ્રિયોનો ચોથો ઉદ્દેશો પૂર્ણ.

(૫) પરંપરાવગાઢ એકેન્દ્રિયોનો પાંચમો ઉદ્દેશો પૂર્ણ.

(૬) અનંતરાહારક એકેન્દ્રિયો માટે છઠ્ઠો ઉદ્દેશો.

(૭) પરંપરાહારક એકેન્દ્રિયોનો સાતમો ઉદ્દેશો પૂર્ણ.

(૮) અનંતરપર્યાપ્તક એકેન્દ્રિયોનો આઠમો ઉદ્દેશો.

(૯) પરંપરપર્યાપ્તક એકેન્દ્રિયોનો નવમો ઉદ્દેશો.

(૧૦) ચરમ એકેન્દ્રિયોની વિગતનો દશમો ઉદ્દેશો.

(૧૧) અચરમ એકેન્દ્રિયોનો અગ્યારમો ઉદ્દેશો.

**શતક ૩૩માના ઉદ્દેશા ૨ થી ૧૧ સમાપ્ત**

# શતક ૩૩ : ઉદ્દેશો—૧૨

## એકેન્દ્રિય શતક સંખ્યા ૨ થી ૮

કૃષ્ણ લેશ્યાના માલિક એકેન્દ્રિય જીવો માટે બીજું શતક.

નીલ લેશ્યાવાળા એકેન્દ્રિયો માટે ત્રીજું શતક.

કાપોત લેશ્યાના સ્વામી એકેન્દ્રિયોનું ચોથું શતક.

ભવસિદ્ધિક એકેન્દ્રિયો માટેનું પાંચમું શતક.

કૃષ્ણ લેશ્યાવાળા ભવસિદ્ધિકો માટે છઠ્ઠું શતક.

કાપોત લેશ્યાના ભવસિદ્ધિકો માટે સાતમું શતક.

નીલ લેશ્યાના ભવસિદ્ધિકોનું આઠમું શતક.

આ આઠે શતકોની વક્તવ્યતા પહેલા ઉદ્દેશાની જેમ જાણવી.

## એકેન્દ્રિય શતક સંખ્યા ૯ થી ૧૨

અભવસિદ્ધિકો માટે નવમું શતક.

કૃષ્ણ લેશ્યાના અભવસિદ્ધિકો માટે દશમું શતક.

નીલ લેશ્યાના અભવસિદ્ધિકો માટે અગ્યારમું શતક.

કાપોત લેશ્યાના અભવસિદ્ધિકો માટે બારમું શતક.

આ ચારે શતકો માટે પૂર્વવત્ જાણવું.

આ પ્રસ્તુત ૩૩મા શતકના અન્તર્ગત ૧૨ શતકોનો ક્રમ રાખ્યો છે અને પ્રત્યેક શતકના ૧૧–૧૧ ઉદ્દેશા પહેલાની જેમ સમજી લેવા.

આ શતકમાં કરાયેલા પૃથ્વીકાયિક જીવોના વર્ણનથી સ્પષ્ટ થાય છે કે પૃથ્વી જ જેમનું શરીર છે તે પૃથ્વીકાયના જીવો છે, તેમની સત્તા છે, સૂક્ષ્મ અને બાદરરૂપે તથા પર્યાપ્તા અને અપર્યાપ્તારૂપે પણ છે, તેમને આઠે કર્મો છે, પ્રતિક્ષણે નવા કર્મો બાંધે પણ છે અને ભોગવે પણ છે. આ પ્રકરણમાં ચૌદ પ્રકારે કર્મોનું વેદન કહ્યું છે તે મોટા પ્રકારે જાણવું.

અરિહંત પ્રરૂપિત આગમશાસ્ત્રથી જીવોની સિદ્ધિ શ્રદ્ધાગમ્ય હોવાથી માનવાલાયક છે. તો પણ આચારાંગ સૂત્રની નિર્યુક્તિ પ્રમાણે થોડીક ચર્ચા વધારે કરી લઈએ.

## જીવોને જાણવા માટેના પ્રકારો :

કોઈ પણ પદાર્થને સર્વાંગીણ જાણવા માટે અનેક પ્રકારે વિચાર કરવો પડે છે તથા જે ચર્મચક્ષુથી ગ્રાહ્ય નથી, આવો હઠાગ્રહ રાખવો પણ ઠીક નથી. કેમકે આપણા જ શરીરમાં લોહી, માંસ, હાડકા, ચરબી, મજ્જા, મેદ અને શુક્ર વગેરે ધાતુઓ રહેલા જ છે, છતાં કોઇને પણ પ્રત્યક્ષ નથી તોયે તેના અનેક પ્રકારે થતાં કાર્યો દ્વારા તે પરોક્ષ ધાતુઓને સત્યસ્વરૂપે માનવા જ પડે છે. પ્રત્યક્ષ દેખાતા સંસારમાં ઘણા પદાર્થો એવા પણ છે જે સર્વથા પ્રત્યક્ષ ન હોવા છતાં તેની વિદ્યમાનતામાં કોઇને પણ શંકા રહેતી નથી. કેટલીકવાર આંખે ભલે ન દેખાય તો પણ તેના કાર્યોને લઇને કારણોની સચ્ચાઈ પર વિશ્વાસ કર્યા વિના છુટકો નથી. આ કારણે જ પદાર્થ માત્રના નિર્ણયમાં જૈન શાસને ક્યાંય પણ પોતાની ઉદારતાને વાંધો આવવા દીધો નથી; કેમકે જૈન શાસન કેવળીભાષિત છે અને કેવળજ્ઞાન જ સર્વોત્કૃષ્ટ જ્ઞાન હોવાથી તેમાં સંસારનું એકેય જ્ઞેયતત્ત્વ અપ્રત્યક્ષ રહી શક્યું નથી. શિષ્ય, સાધક કે

ભાવુક જે રીતે સમજે તે રીતે જૈનશાસન તેમને સમજાવવા તૈયાર છે. 'ઇદં ન વ્યાકરણીયં, ન વ્યાકરણીયં' એમ કહીને જૈન શાસ્રને ક્યાંય પણ હાથ ઝાટકી દીધા નથી, પરંતુ પ્રત્યેક ક્ષેત્રમાં ઉંચુ માથુ રાખીને જૈન શાસને નિર્ણય લીધા છે અને સૂક્ષ્માતિસૂક્ષ્મ તત્ત્વજ્ઞાનની ભેટ સંસારને આપી છે; માટે જૈન શાસન અજોડ છે.

પૃથ્વીકાયિક જીવોનો નિર્ણય કરવા માટે નવ પ્રકાર બતાવવામાં આવ્યા છે.

ચાર નિક્ષેપા દ્વારા પદાર્થનો નિર્ણય કરવો.

પૃથ્વીકાયની પ્રરૂપણા કરવી.

લક્ષ્યને સિદ્ધ કરી આપે તે લક્ષણ કહેવું.

પરિમાણ–પૃથ્વીકાયિકો છે તો તેનું પરિમાણ કેટલું ?

ઉપભોગ–તે જીવો બીજાઓને માટે કઈ રીતે ઉપભોગમાં આવશે ?

શસ્ત્ર–તેમના નાશને માટે શસ્ત્ર કયું ?

વેદના–કર્મોની વેદના.

વધ–તેમનો વધ શી રીતે થાય ?

વધનિવૃત્તિ–તેમના વધની નિવૃત્તિ પણ થઇ શકતી હશે ?

ઉપર કહ્યા પ્રમાણે નવે પ્રકારોને સંક્ષેપ કે વિસ્તારથી જાણીએ.

(૧) નિક્ષેપદ્વાર :–નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવરૂપે નિક્ષેપાના ચાર ભેદ છે. કોઈપણ ચેતન કે અચેતન પદાર્થના નિર્ણય માટે ભિન્ન ભિન્ન પ્રકારે પ્રશ્નો કરવા અને તેના ઉત્તર

દેવા તે નિક્ષેપ (અનુયોગ) કહેવાય છે. ગુણોની અપેક્ષા રાખ્યા વિના કેવળ 'પૃથ્વીરાજ'ના નામની વ્યક્તિમાં પૃથ્વીના કે રાજાના ગુણો નથી, તો પણ નામનિક્ષેપથી તેને પૃથ્વીરાજ કહેવામાં અને નામે વ્યવહાર કરવામાં કોઇને પણ વાંધો આવતો નથી.

આ તસ્વીર પૃથ્વીરાજની છે. આમાં પણ ગુણોની અપેક્ષા નથી તો પણ સંસારમાં આનો વ્યવહાર રોકી શકાય તેમ નથી. આ બંનેમાં સ્થાપના નિક્ષેપની મહત્તા એટલી જ છે કે નામોચ્ચારમાં જે આનન્દની પ્રાપ્તિ થાય છે તેના કરતાં સ્થાપનામાં વિશેષ આનન્દ રહ્યો છે.

દ્રવ્યનિક્ષેપના બે ભેદ છે :–( ૧ ) આગમથી દ્રવ્યપૃથ્વીકાય, ( ૨ ) નોઆગમથી દ્રવ્યપૃથ્વીકાય.

પૃથ્વીતત્ત્વનો જ્ઞાતા હોવા છતાં તેમાં તે ઉપયોગવંત ન હોવાના કારણે તેનું જ્ઞાતૃત્વ ભાવશૂન્ય હોવાથી તે જ્ઞાતાદ્રવ્યથી પૃથ્વીકાયનો જ્ઞાતા છે. જ્યારે 'મૃતમુનિ'ના શરીરને જોઇને આપણે સૌ કહીએ છીએ કે આ મુનિ દ્રવ્યાનુયોગનો, આચારસંહિતાનો, કર્મગ્રન્થાદિ પ્રકરણોનો તથા પૃથ્વીકાયાદિના ભેદાનુભેદોનો સારો જ્ઞાતા હતો. યદ્યપિ અત્યારે આ મુનિ જીવરહિત છે, પણ ભૂતકાળમાં જ્ઞાતૃત્વધર્મમય હતો; માટે વ્યાવહારિકભાષા જૂઠી હોતી નથી, તેથી તે નોઆગમથી દ્રવ્ય-પૃથ્વીકાય કહેવાય છે અને ભાવનિક્ષેપ એટલે જે સમયે જે પદાર્થ બોલાય છે તે સમયે તે શબ્દનો યથાર્થભાવ તેમાં હોવો જોઇએ; જેમકે 'ભૂમિપતિ' ભૂમિનું રક્ષણ કરવાના સમયે ભૂમિપતિ અને અલંકારોથી શોભિત થઇને સિંહાસનપર બેઠેલો હોય ત્યારે રાજા શબ્દથી સંબોધિત થાય છે, તેવી રીતે અત્યારે

જે જીવાત્માએ પૃથ્વીના શરીરને ધારણ કરીને પોતાના ઉપાર્જિત કરેલા 'પૃથ્વીજાતિ નામકર્મ'ને ભોગવી રહ્યા હોય ત્યારે તે ભાવનિક્ષેપાએ ભાવપૃથ્વીકાય તરીકે સંબોધાશે

(૨) પ્રરૂપણાદ્વાર :-પદાર્થ માત્રના નિર્ણયમાં તેની પ્રરૂપણા તથા તેના પ્રકારો (ભેદો) પણ કહેવાના રહે છે, તો જ શિષ્યને પદાર્થની જાણકારી સુગમ રહે છે. જેમકે નૂતન શિષ્ય ગુરુને પૂછે છે કે હે ગુરુદેવ! પૃથ્વીરૂપ શરીરને આશ્રય કરી, શું પૃથ્વીકાયના જીવો છે? શિષ્યને જેમ પ્રશ્ન પૂછવાનો અધિકાર છે, તેમ ગુરુ મહારાજને જવાબ આપવાનો પણ પૂર્ણ અધિકાર હોવાથી, જવાબમાં ગુરુ મહારાજ ફરમાવે છે કે "संति पाणा पुढो सिया" એટલે કે પૃથ્વીનો આશ્રય કરી અંગૂલના અસંખ્યાતમા ભાગની અવગાહનાવાળા પૃથ્વી-કાયના જીવ છે અને તે બધાય જીવો પૃથક્ પૃથક્ છે, સચેતન છે તથા અનેક જીવોના આધારભૂત છે. ફરીથી શિષ્ય પૂછે છે, 'પૃથ્વી છે' તો તેના ભેદ કેટલા છે? જવાબમાં કહેવાયું કે-

दुविहा य पुढवि जीवा, सुहुमा तह बायरा लोगंमि ।
सुहुमा य सव्वलोए, दो चेव य बायर विहाणा ।। (११)

અર્થાત્ પૃથ્વીજાતિ નામકર્મના કારણે પૃથ્વીકાયમાં ઉત્પન્ન થયેલા જીવો સૂક્ષ્મ અને બાદર ભેદે બે પ્રકારના છે. અહીં સૂક્ષ્મ નામકર્મના ઉદયથી પ્રાપ્ત થયેલું સૂક્ષ્મત્વ અને બાદર નામકર્મના ઉદયથી બાદરત્વ જાણવું. જે સૂક્ષ્મ પૃથ્વીકાયિક જીવો છે તે કાજલની ડબીમાં ભરેલા કાજલની જેમ ચૌદ રાજલોક પ્રમાણ સંસારમાં એટલે સંસારના એકેય પ્રદેશને છોડ્યા વિના પૂર્ણરૂપે વ્યાપીને રહ્યાં છે. જ્યારે બાદર જીવોના મૂળ બે ભેદ છે: (૧) શ્લક્ષ્ણાપૃથ્વી, (૨) ખરપૃથ્વી.

તેમાં શ્લક્ષ્ણાપૃથ્વી પાંચ પ્રકારે છે અથવા સાત પ્રકારે છે. કાળી માટી, ભૂરી માટી, રાતી માટી, પીળી માટી, સફેદ માટી, ધૂળ જેવી માટી અને નદીમાં પૂર આવ્યા પછી કિનારા પર જે કાદવ હોય તે પનક માટી કહેવાય છે.

ખરપૃથ્વીના નીચે પ્રમાણે ૩૬ કે ૪૦ ભેદ જાણવા.

શુદ્ધ પૃથ્વી, શર્કરા પૃથ્વી, વાલુકા (રેતી), ઉપલ (પત્થર), શિલા ( દેવકુલપીઠાદિ બનાવવામાં ઉપયોગી પત્થર ), લવણ ( જેમાંથી મીઠું નમક આદિ નીકળે ), ઉષ ( ખારી જમીન ), લોખંડ, તાંબુ, કલાઈ, સીસુ, રૂપું, સોનું, હીરા, હરિતાલ, હિંગલોક, મનઃશીલા, પારો, અંજન ( સુરમાનો પત્થર ), પરવાલ, અબરખ, તન્મિશ્રિત માટી, ગોમેધક, રૂચક, અંક, સ્ફટિક, લોહિતાક્ષ, મરકત, મસારગલ્લ, ભુજમોચક, ઇન્દ્રનીલ, ચંદન, ગેરૂ, હંસગર્ભ, પુલક, સૌગન્ધિક, ચન્દ્રકાંત, વૈડુર્ય, જલકાંત અને સૂર્યકાંત.

આ બધા ખરપૃથ્વીના ભેદો છે, જેમાં અમુક ખારો છે, રત્નો છે, સારા અને સામાન્ય પત્થરો છે. તે બધાય પૃથ્વીના પેટાળમાંથી પ્રાપ્ત થાય છે.

પૃથ્વીકાયના જીવોને ઉત્પન્ન થવાના સાત લાખ સ્થાન ( સાત લાખ યોનિ ) છે. આનો અર્થ એ નથી કે આ જીવોની સંખ્યા સાત લાખની જ છે તેમ માનવાની ભૂલ કદાપિ ન કરવી, કારણ કે પૃથ્વીકાયના જીવોની સંખ્યા અસંખ્યાત છે, પરંતુ તેમને ઉત્પન્ન થવાના સ્થાનો( યોનિઓ )ની સંખ્યા સાત લાખની સમજવી. તે શી રીતે ? જવાબમાં જાણવાનું કે ઉત્પન્ન થવાનું સ્થાન પૌદ્ગલિક હોવાથી તેમાં વર્ણ-ગંધ-રસ અને સ્પર્શ હોય જ છે. વર્ણના પાંચ ભેદ, રસના પાંચ

ભેદ, ગંધના બે ભેદ અને સ્પર્શના ભેદ આઠ જાણવા. આ ચારેનું મિશ્રણ જ યોનિ કહેવાય છે; દાખલા તરીકે કૃષ્ણ વર્ણની વાત કરીએ તો તરતમ જોગે તે કેટલાય ભેદવાળું છે. ભ્રમર, અંગાર (કોલસો) કોયલ, જંગલી પાડો અને કાજલ આદિ કાળા વર્ણના છે, પરંતુ પરસ્પર એક બીજાથી કેટલાક કૃષ્ણવર્ણે હીન છે અને બીજા અધિક છે, હીન છે તો કોઈક સામેવાળાથી એક પૈસે હીન, બે પૈસે હીન અને કોઈ વળી ૯૯ પૈસે હીન છે. આનાથી વિરુદ્ધ અધિક જાણવા. પાંચે વર્ણો માટે પણ આ પ્રમાણે જાણવું. પાંચે વર્ણોના મિશ્રણમાં ગુલાબી ધૂસર (કંઈક સફેદ પડતું) ઈત્યાદિ વર્ણો થાય છે. વર્ણની જેમ રસ-ગંધ અને સ્પર્શ માટે પણ કલ્પી લેવું. હવે આપણે જાણીએ કે ઉત્પત્તિનું સ્થાન વર્ણાદિ ભેદને લઈ સંખ્યાત થશે. તે બધી સંવૃત યોનિ કહેવાશે. સચિત, અચિત કે મિશ્ર, શીત-ઉષ્ણ કે મિશ્ર બનશે. આમ એક બીજાનું એક બીજામાં તરતમ જોગે મિશ્રણ થતાં બધાયની સંખ્યા સાત લાખની થવા પામશે.

પર્યાપ્ત અને અપર્યાપ્ત રૂપે પણ પૃથ્વીકાયિકો બે પ્રકારના છે, તેમાં જે બાદર પૃથ્વીકાયિકોના ભેદો કહ્યાં છે તેમાં પર્યાપ્ત અને અપર્યાપ્તક બંને પ્રકારના જાણવા. સાત લાખ યોનિ પણ બરાબર જાણવી. પૃથ્વીકાયિકના એક પર્યાપ્તક જીવના આશ્રયે અપર્યાપ્તક જીવો અસંખ્યાત જાણવા. સૂક્ષ્મ જીવો પણ પર્યાપ્તક અને અપર્યાપ્તક બંને છે. વિશેષમાં અપર્યાપ્તકની નિશ્રામાં પર્યાપ્તકો અસંખ્યાત જાણવા.

વનસ્પતિનું જ્ઞાન જેમ વૃક્ષાદિથી થાય છે તેમ પૃથ્વી-કાયિકોની વિદ્યમાનતામાં પણ શ્રદ્ધા રાખવી. ગાય અને ઘોડામાં જીવાત્મા છે માટે તેઓ ચાલે છે, ફરે છે, ખાય છે, જીવે છે અને મરે છે. તેવી રીતે પૃથ્વીકાયિકો માટે પણ જાણવું.

આજ સુધી પૃથ્વીના પેટાલમાંથી ઢગલાબંધ પત્થરાઓ, શિલાઓ, માટી, હીરા, ગેરૂં, હિંગલોક, અભ્રક, લોખંડ, સીસું આદિ બહાર આવ્યા છે, તો પણ તેની ખાણોમાંથી તે તે પદાર્થો ખુટ્યા નથી. કેમકે અર્શ (મસા) જેમ માંસના અંકુરાઓને ઉત્પન્ન કરે છે, તેવી રીતે ખાણમાં રહેલા પત્થરો પણ સચેતન હોવાથી તેમનો વધારો પોતાની મેળે થતો જ રહે છે. દુનિયાભરની તીજોરીમાં ન તોલી શકાય. ન ગણી શકાય તેટલું સોનું-ચાંદી હીરા વગેરે રત્નો પડ્યા છે, જેનું ઉત્પાદન પૃથ્વીના પેટાલમાંથી થયું છે, છતાં પણ તેની ખાણોમાંથી હજુ પણ અઢળક સોનું, ચાંદી અને હીરા વગેરે નીકળતા જ રહે છે. આંખોને પણ ચક્કર ખવડાવે તેવી બિલ્ડીંગોમાં કેટલુય સીમેંટ વપરાયું છે તો પણ સીમેંટના પત્થરાઓ ખૂટ્યા નથી, કોલસા ખૂટ્યા નથી, લાખો કરોડો ટન લોખંડ-પોલાદની બનેલી રેલગાડીઓ, જહાજો, મોટરો, મોટી મોટી ફેકટરીઓને આપણે જોઈએ છીએ તો પણ જમીનમાં લોખંડ નીકળતું બંધ થયું નથી. નર્મદા સાબરમતી તથા દરિયાના પેટાલમાંથી કરોડોની સંખ્યામાં ટ્રકો ભરાય તેટલી રેત બહાર આવી છે તો પણ તે તે નદીઓમાં અને દરિયામાંથી રેત ઓછી થઈ નથી. ઇત્યાદિ પ્રત્યક્ષ ઉદાહરણોથી પૃથ્વીકાયના અસ્તિત્વને નકારી શકાય તેમ નથી.

( ૩ ) લક્ષણદ્વાર :-લક્ષ્યમાત્રની સિદ્ધિ લક્ષણાધીન હોવાથી પૃથ્વીકાયિકો છે, તો તેનું લક્ષણ શું ? એટલે કે પૃથ્વીમાં જીવ છે તેને જાણવા શી રીતે ? જવાબમાં ' उपयोगवत्वं जीवस्य लक्षणम् ' કહેવાયું છે, કારણ કે ઉપયોગની વિદ્યમાનતા અજીવ( જડ )માં કોઈ કાળે હોતી નથી, અન્યથા રેલગાડીના એન્જીનને આગળના પાટા ઉખડી ગયેલાની માહિતી કેમ ન પડે ? માટે ' यत्र यत्र જીવસ્તત્રતત્ર ઉપયોગઃ ' આ ન્યાયથી

ચૈતન્ય સ્વરૂપ પૃથ્વીકાયિકોને ઓળખવા માટે તેમનામાં ચૈતન્યાદિ ગુણો હોવા જોઈએ, ઓછાવત્તા હોય તે વાત જૂદી છે. આ જીવોમાં રહેલા લક્ષણો નીચે મુજબ છે.-

ઉપયોગ, યોગ, અધ્યવસાય, મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, અચક્ષુદર્શન, આઠે કર્મોનો ઉદય, લેશ્યા, શ્વાસોશ્વાસ, કષાય, અવ્યક્ત જ્ઞાન દર્શન ઉપયોગ, ઔદારિક-તન્મિશ્ર અને કાર્મણરૂપ કેવળ શરીરયોગ, વૃદ્ધ માણસને લાકડી જેમ આલંબન માટે છે તેવી રીતે તે જીવોને કાયયોગ સહાયક છે, અધ્યવસાય એટલે આત્માના સૂક્ષ્મ પરિણામો જાણવા, જે અલક્ષ્ય હોય છે. સાકાર અને નિરાકાર ઉપયોગના અન્તર્ગત રહેલા મતિઅજ્ઞાન અને શ્રુતઅજ્ઞાન પણ તેમને હોય છે. જ્ઞાનાવરણીયાદિ કર્મો તેમને છે, કૃષ્ણ, નીલ અને કાપોત લેશ્યાવાળા છે. દસ પ્રકારની સંજ્ઞાથી સંજ્ઞિત છે. શ્વાસોશ્વાસ અને કષાય સૂક્ષ્મ હોય છે. આ બધા લક્ષણો મનુષ્યની જેમ તે પૃથ્વીકાયિકોમાં પણ જાણવા.

પૃથ્વી સચિત્ત છે, યદ્યપિ વનસ્પતિનું ચૈતન્ય સ્પષ્ટ છે. જ્યારે પૃથ્વીકાયને અસ્પષ્ટ હોય છે. મનુષ્યના શરીરમાં હાડકા કઠણ હોવા છતાં સચિત્ત છે, તેમ હીરા-પ્રવાલ આદિ પૃથ્વીકાયિક જીવોના હાડકા છે. કેમકે શસ્ત્રાદિથી તેમાં રહેલા જીવો મૃત્યુ પામેલા હોવાથી શેષ હાડકા જ રહે છે.

(૪) પરિમાણદ્વાર :- પરિમાણ એટલે કોણ કોનાથી ઓછાવત્તા ચારે પ્રકારના પૃથ્વીકાયિકોમાં, બાદર પર્યાપ્ત પૃથ્વીકાયિકો થોડા છે.

તેનાથી બાદર અપર્યાપ્ત જીવો અસંખ્યાતગુણા વધારે છે.

સૂક્ષ્મ અપર્યાપ્તિક જીવો તેનાથી અસંખ્યાતગુણા અને સૂક્ષ્મપર્યાપ્ત પૃથ્વીકાયિકો તેનાથી અસંખ્યાતગુણા વધારે છે.

(૫) અવગાહનાદ્વાર :–બાદરપર્યાપ્ત પૃથ્વીકાયિક જીવો જે આકાશખંડમાં અવગાહિત છે, ત્યાં બીજા બાદર પર્યાપ્તક પૃથ્વીકાયિકો પણ અવગાહિત હોય છે. શેષ અપર્યાપ્તકો, પર્યાપ્તક નિશ્રામાં ઉત્પન્ન થયેલા હોવાથી પર્યાપ્તો સાથે તેઓ પણ અવગાહિત છે. જ્યારે સૂક્ષ્મ જીવો પૂરા લોકમાં અવગાહિત છે.

(૬) ઉપભોગ દ્વાર :–એક જીવ ઉપભોગ દ્વારા બીજા જીવનો ઉપગ્રહ કરનારો હોય છે તેથી પૃથ્વીકાયના જીવો મનુષ્યો માટે કઈ રીતે ઉપભોગમાં આવશે ? જવાબમાં કહેવાયું કે મનુષ્યાદિને ચાલવા માટે, ઉભા રહેવા માટે, બેસવા માટે પૃથ્વી જ કામે આવે છે. માટીના પુતળા, માટલા, મકાન, ઈંટ બનાવવા માટે પૃથ્વીનો ઉપયોગ થાય છે. પત્થર, ચૂનાના બંગલા, હવેલીઓ આદિના નિર્માણમાં પૃથ્વીકાયિકો જ છે. લઘુનીતિ, બડીનીતિ, કફ, થુંકને ફેંકવા માટે, ખેતી તથા તમારા ભોગ ઉપભોગના બધાય સાધનોને રાખવા માટે પૃથ્વીકાયનો ઉપભોગ થાય છે.

(૭) શસ્ત્રદ્વાર :–જીવાત્માને જન્મ છે તો મૃત્યુ પણ અવશ્ય છે, પછી ચાહે તો પોતાની મેળે હોય, સ્વજાતિથી હોય કે પરજાતિથી હોય. મર્યા વિના બીજો માર્ગ કોઈને માટે પણ નથી જ. પ્રસ્તુત પ્રશ્નના જવાબમાં ભગવંતે ફરમાવ્યું કે, હે ગૌતમ ! પૃથ્વીકાયિકોના હનન માટે દ્રવ્ય તથા ભાવરૂપે બે પ્રકારના શસ્ત્ર છે. તેમાં પણ દ્રવ્ય શસ્ત્ર, સ્વ અને પરભેદે બે પ્રકારનું છે. સ્વ એટલે પોતાની જાત જ પોતાના હનન માટે ઘાતક બને તે સ્વકાયશસ્ત્ર કહેવાય છે. જેમકે :— કાળી માટીમાં જન્મેલા પૃથ્વીકાયિકો પીળી, ધોળી કે ભૂરી માટીમાં જન્મેલા જીવોના ઘાતક બને છે. આ પ્રમાણે પીળી માટીના પૃથ્વીકાયિકો પણ કાળી માટીના જીવોના ઘાતક છે.

આ કારણને લઈ ગ્રામાન્તર કે દેશાન્તર કરતા જૈન મુનિઓને માટે ડંડાસનથી પગ સાફ કરવાનું વિધાન છે અને મુનિએ કે સાધ્વીજીઓ આજે પણ પોતાના પગને ડંડાસનથી સાફ કર્યા પછી બીજા ગામમાં પ્રવેશ કરે છે. પરકાયશસ્ત્ર એટલે પોતાની જાતથી અતિરિક્ત બીજા દ્વારા હનન થાય. જેમકે પાણી, કાદવ, કોદાળી, પાવડા, વિષ, જાનવર આદિનું ચાલવું, ગંદુ ફેકવું આદિ પરશસ્ત્ર છે અને વિરતિ વિનાનો અસંયમી ગમે ત્યારે પણ પૃથ્વીકાયિકોનો ઘાતક બની શકે છે તે ભાવશસ્ત્ર છે.

(૮) વેદનાદ્વાર-હાથ-પગ આદિ કાપવાથી મનુષ્યને જેમ વેદના થાય છે તેમ પૃથ્વીકાયના જીવોનું સ્વપરશસ્ત્ર વડે હનન કરવાથી તેમને પણ વેદના ચોક્કસ થાય છે અને પરજીવોને વેદના કરવી તે હિંસા છે.

(૯) વધદ્વાર-'પૃથ્વી જીવવાળી છે' આવું જ્ઞાન જેમને નથી તેવા અજ્ઞાનીઓ મોહવશ બનીને હાથ-પગ-શરીર આદિ ધોવા વડે પૃથ્વીકાયના તથા પૃથ્વીને આશ્રય કરી રહેલા બીજા ત્રસ જીવોને પણ મારનારા બને છે.

(૧૦) વિરતિદ્વાર-સમિતિગુપ્તિના ધારક, પંચ મહાવ્રતધારી મુનિરાજો જ પૃથ્વીકાયના જીવોના વધનો ત્યાગ કરવા માટે સમર્થ બનવા પામે છે.

## અપ્કાય માટેની વક્તવ્યતા :

સૂક્ષ્મ-બાદર-પર્યાપ્ત અને અપર્યાપ્ત રૂપે અપ્કાયિકો ચાર પ્રકારે છે. તેમાંથી બાદરના ભેદો આ પ્રમાણે છે.

શુદ્ધોદક-તળાવ, વાવડી, નદી અને સમુદ્ર આદિનું પાણી.

અવશ્યાય–રાત્રિના સમયમાં સ્નેહરૂપ જે પાણી પડે છે તે ઝાકલ.

હિમ–ઠંડી મોસમમાં હવાના કારણે જે પાણી કઠણ બને તે.

ધૂમિકાપાત–વાદળાઓના ગર્ભ સમયે સાંજે સવારે જે ધૂમસ પડે છે તે.

હરતનુ–વર્ષા કે શરદ્ઋતુમાં લીલી વનસ્પતિના પાંદડા પર જે બુંદ દેખાય છે તે.

આ ઉપરાંત કરા, ઉષ્ણ પાણી ( ગરમ પાણીના કુંડ ), ખારૂં પાણી, લવણ–ક્ષીરસમુદ્રાદિનું પાણી.

બાદર પૃથ્વીકાયિક પર્યાપ્ત કરતાં બાદર અપ્કાયિક પર્યાપ્તા જીવો અસંખ્યાતગુણા વધારે છે.

બાદર પૃથ્વીકાયિક અપર્યાપ્ત કરતાં બાદર અપ્કાય પર્યાપ્ત અસંખ્યાતગુણા છે.

સૂક્ષ્મ પૃથ્વીકાયિક અપર્યાપ્તથી સૂક્ષ્મ અપ્કાય અપર્યાપ્ત જીવો વિશેષ અધિક છે.

સૂક્ષ્મ પૃથ્વીકાય પર્યાપ્તથી સૂક્ષ્મ અપ્કાય પર્યાપ્ત જીવો વિશેષ છે.

અપ્કાયનો ઉપભોગ, સ્નાન, પાન, ધોવાનું તથા રસોઈ આદિ કાર્યોમાં પાણીનો ઉપભોગ થાય છે. શસ્ત્ર બે જાતના છે. સ્વકાય શસ્ત્ર અને પરકાય શસ્ત્ર.

નદીના પાણી માટે બીજી નદી તથા તળાવ આદિનું તથા એક કુવાના પાણી માટે બીજા કુવાનું પાણી સ્વકાય શસ્ત્ર છે. જ્યારે ગરમ કરવું, તેમાં કોઇનું મિશ્રણ કરવું વગેરે પરકાય શસ્ત્ર છે.

## તેજસ્કાય માટેની વક્તવ્યતા :

સૂક્ષ્મ, બાદર, પર્યાપ્તક અને અપર્યાપ્તક રૂપે ચાર ભેદ છે.

બાદર અગ્નિકાયના ભેદો જીવ વિચાર પ્રકરણથી જાણી લેવા.

યદિ કાળનો વ્યાઘાત ન હોય તો અઢીદ્વીપમાં રહે છે અને વ્યાઘાત હોય તો કેવળ પાંચ મહાવિદેહ ક્ષેત્રમાં રહે છે. જેમ અયોધ્યાનગરી પર ત્રીજા આરાના ચરમ ચરણે ઋષભદેવ રાજા હતાં ત્યારે અગ્નિની ઉત્પત્તિ થાય છે અને પાંચમા આરાના અંત સુધી રહેશે. ત્યારપછી ભરત અને ઐરાવત ક્ષેત્રમાંથી અગ્નિનો અભાવ થશે અને મહાવિદેહ ક્ષેત્રમાં ચોથો આરો જ હોવાથી ત્યાં બાદર અગ્નિકાયનો અભાવ ક્યારેય પણ નથી સૂક્ષ્મ અગ્નિકાય સર્વ લોકવ્યાપી છે.

અગ્નિમાં રહેલા પ્રકાશ અને ગરમીના માધ્યમથી તેમાં જીવોની સિદ્ધિ થાય છે, જેમકે :–શરીરમાં જીવાત્માની વિદ્યમાનતા હોય ત્યારે જ તાવની ગરમીનો અનુભવ થાય છે. મડદામાં ગરમી હોતી નથી. તે પ્રમાણે અગ્નિમાં રહેલો પ્રકાશ અને ગરમી જ જીવની સિદ્ધિ બતલાવી આપે છે અને જીવની વિદ્યમાનતામાં જ અંગારા ગરમ અને પ્રકાશ આપનારા રહેશે; અન્યથા રાખમાં પ્રકાશ કોઈએ જોયો નથી.

## વાયુકાય માટેની વક્તવ્યતા :

સૂક્ષ્મ, બાદર, પર્યાપ્તા અને અપર્યાપ્તા રૂપે ચાર ભેદ છે. બાદર વાયુકાય નીચે પ્રમાણે છે.

(1) ઉત્કલિકાવાયુ–તરંગોની જેમ જે રહી રહીને વાય તે આ વાયુ છે.

(2) મંડલિકાવાયુ–વંટોલીયા રૂપે જે વાય તે.

(3) ગુંજાવાયુ–અવાજ કરતો જે વાય.

(4) ઘનવાતવાયુ–બરફની શિલાની જેમ અત્યંત ઘનરૂપે હોય છે જે પૃથ્વી આદિના આધારરૂપે છે.

(5) મંદસ્તિમિતવાયુ–શીતકાળ આદિનો શુદ્ધ વાયુ.

આપણા શરીરે સ્પર્શ થતાં જેની જાણકારી અસંભવ નથી તે બાદરવાયુ છે. જેમ દેવોનું શરીર ચક્ષુગમ્ય નથી છતાં તેની વિદ્યમાનતા અને સચેતનતા સૌને માન્ય છે તેમ વાયુ પણ ભલે પ્રત્યક્ષ ન દેખાય તો પણ સ્પર્શથી અનુમનાય છે માટે સચેતન છે. શેષ પૃથ્વીકાયિકોની જેમ જાણવી.

## વનસ્પતિકાયિકો માટે વક્તવ્યતા :

સૂક્ષ્મ–બાદર–પર્યાપ્તા અને અપર્યાપ્તારૂપે ચાર ભેદ છે.

બાદર વનસ્પતિ સાધારણ અને પ્રત્યેકરૂપે બે પ્રકારની છે.

જેના એક શરીરમાં અનંત જીવો રહે તે સાધારણ, સૂક્ષ્મ વનસ્પતિકાય, અનંતકાય અને સૂક્ષ્મ નિગોદ કહેવાય છે.

અને એક શરીરમાં એક જીવ રહે તે પ્રત્યેક વનસ્પતિ છે. જેના બાર ભેદ છે:–વૃક્ષ, ગુચ્છ, ગુલ્મ, લતા, વેળ, પર્વ, ઘાસ, વલય, હરિતકી, ધાન્ય, જલરૂ અને ભૂમિસ્ફોટ. અથવા અગ્રબીજ, મૂળબીજ, સ્કંધબીજ, પર્વબીજ, બીજરૂહ અને તૃણ આદિ છ ભેદે પણ પ્રત્યેક વનસ્પતિ છે. માનવ શરીરને ખોરાક–પાણી ઉપરાંત ક્રોધ, માન, લજ્જા, જીવન અને મરણ છે. તેમ વનસ્પતિ સચેતન હોવાથી કુવા, વરસાદ આદિનું પાણી તથા જાંબુડા, આંબા, લીમડા, રાયણ આદિ વનસ્પતિઓ

ભરઉનાળામાં પણ પૃથ્વીના પેટાળમાંથી પાણીનું ગ્રહણ કરનારી છે. તેવી રીતે કોઇને ક્રોધ, કોઇને માન અને કોઇને લજ્જા પ્રત્યક્ષ દેખાય છે માટે જેમને આહાર-ભય-મૈથુન અને પરિગ્રહાદિ સંજ્ઞા હોય તે જીવ જ હોય છે.

પાંચે સ્થાવર યોનિક જીવોનો મનુષ્ય જાતિ પર ઉપકાર-પાંચે સ્થાવર જીવો માનવ જાતિને માટે કેટલા બધા ઉપયોગી અને ઉપકારક છે તેનો સ્પષ્ટ ખ્યાલ આપણને આવ્યા વિના રહેતો નથી. જેમકે-મકાનના નિર્માણમાં ઈંટ, ચૂનો, પત્થર, સીમેન્ટ અને માટીનો ઉપકાર છે. હીરા, પુખરાજ, સુવર્ણ, ચાંદી, તાંબુ, પીત્તળ આદિના વ્યાપારો વડે માનવ સમાજ શ્રીમંત બનીને અર્થ અને કામના ભોગવટા કરી રહ્યો છે. તેમના આભૂષણોથી માનવ પોતાનું શરીર શણગારી રહ્યો છે. આમાં બધાયમાં પૃથ્વીકાયનો ઉપકાર શી રીતે ભૂલી શકાશે ?

સ્નાન કરી શરીરને શણગારવા માટે, ઠંડા પીણા પીઇને હૈયું ઠંડું કરવા માટે, કપડાંઓને બગલાંની પાંખ જેવા કરવા માટે, મનગમતા ભોજનીયા, મિષ્ટાન્નો અને ફરસાણનો ટેસ્ટ લેવા માટે પાણી વિના શું કરશો ?

રસોઈ બનાવવામાં, ઠંડીથી બચવામાં અને ભયજનક અંધકારથી બચવાને માટે અગ્નિકાયનો ઉપયોગ કર્યા વિના બીજો માર્ગ કોઇની પાસે છે ?

ગરમી, પરસેવો અને થાક ઉતારવાને માટે ઠંડા હવા, પંખાની હવા વિના તમે એકેય મિનિટ ચલાવી શકશો ? ઝાડાને, પેશાબને, તથા સ્ત્રીની કુક્ષિમાં રહેલા તમારા લાડકવાયા સંતાનને સંસારના સ્ટેજ પર લાવવાને માટે અપાનવાયુની સેવાને કઈ રીતે ભૂલશો ?

પ્રતિક્ષણે લેવાતા અને મૂકાતા શ્વાસોશ્વાસ વડે આપણું જીવન સુખપૂર્ણ પસાર થઇ રહ્યું છે તેમાં મૌલિક કારણ પ્રાણ-વાયુ છે તે તમે નથી જાણતાં ? વધારે પડતી ગરમીથી આપણે જ્યારે મુંઝાઈ જઇએ છીએ ત્યારે તીજોરીમાં રહેલા હીરા-મોતીના આભૂષણો કે કિંમતી ગરમ કપડાઓ, મિષ્ઠાન્નો વગેરે કામ નથી આવતા પરંતુ કુદરતી ઠંડી હવા અથવા તે હવા ભાગ્યમાં ન હોય તો પંખાની હવા વિના શી રીતે જીવતા રહેવાશે? અને છેવટે મૃત્યુના સમયે ઓકસીજનની પણ આવશ્યકતા શી રીતે નકારી શકાશે ?

ઈત્યાદી પ્રસંગોમાં વાયુકાયનો અનહદ ઉપકાર પ્રત્યક્ષ દેખાય છે.

હવે વનસ્પતિકાયના અનહદ ઉપકારને જોઇ લઈએ.

મકાનના બારી–બારણા, પલંગ, સોફા, ટેબલ, ખુરસી, પાટ, પાટલા તથા જે વસ્ત્રોથી તમારા શરીરનું રક્ષણ થઈ રહ્યું છે તે સુતરાઉ વસ્ત્રોમાં વનસ્પતિનો ઉપકાર તે કોઈ પણ માણસ નકારી શકે તેમ છે ?

શરીરને ટકાવવા માટે જવ, ઘઉં, શાલી, વ્રીહિ, સાઠી, ચોખા, કોદરા, મણી ચણા, કાંગ, રાલક, તલ, મગ, અડદ, અલસી, કાળા ચણા, ત્રિપુટક, વાલ, મઠ, ચોળા, બરટ્ટિકા, મસૂર, તુવેર, કળથી, ધાણા અને ગોળ વટાણા રૂપે ચોવીસ પ્રકારના ધાન્ય છે જે વનસ્પતિની પેદાશ છે અને ઉપયોગ પણ સંર્વથા અનિવાર્ય છે તે શું તમે નથી જાણતાં ?

શરીરને પુષ્ટ કરવા માટે બદામ, પીસ્તા, ચારોલી, ખજૂર, ખારેક, અંજીર, ખસખસ, કાજુ આદિના ઉત્પાદન

માટે વનસ્પતિનો આભાર માન્યા વિના આપણી પાસે બીજો માર્ગ છે?

તમારા લોહીને સશક્ત રાખવા માટે નાળિયેર, જાંબૂ, આંબા, જામફળ, દાડમ, સીતાફળ, આમલા, ફનસ, નારંગી, મોસંબી, લીંબુ, પપૈયો, ટામેટા ઉપરાંત ભાજીપાલો, શાક, મરચા આદિના ઉપયોગમાં તમારા મનજીભાઈ રાજી થતાં નથી?

અને પેટ ભરીને ભોજનીયા કર્યા પછી લવીંગ, સોપારી, એલચી, તજ, વરિયાલી આદિ પદાર્થો તમે વનસ્પતિ વિના ક્યાંથી મેળવી શકશો? અને છેવટે હરડે, ઈસબગોલ, એરંડીયું આદિ પદાર્થો વધારે ખાવાની તમારી ભૂલોને સૂધરાવીને પેટને તથા શરીરને સ્વસ્થ કરવા દ્વારા તમારી સેવા કરવા માટે તૈયાર છે અને છેવટે મર્યા પછી શરીરને ખાખ કરવા માટે વનસ્પતિના લાકડા વિના શું કરશો?

## ત્યારે વનસ્પતિનો ઉપભોગ શી રીતે કરીશું?

પંચ મહાવ્રતને સ્વીકારનારા અને પાળનારા સાધુ-ભગવંતો અને સાધ્વીજી મહારાજો જ્યારથી સંયમિત દીક્ષિત થાય છે ત્યારથી પાપો કરવાનું, કરાવવાનું અને અનુમોદવાનું પણ મન-વચન અને કાયાથી છોડી દીધેલું હોવાથી તેમને માટે કોઈ પ્રશ્ન રહેતો નથી. પરંતુ જેઓ હજુ ગૃહસ્થાશ્રમના વેષમાં છે અને ધર્મપત્ની તથા પુત્ર પરિવારનો પરિગ્રહ લઈને બેઠા છે, તેમને માટે પાંચે સ્થાવર જીવોનો ઉપયોગ-ઉપભોગ કર્યા વિના બીજો માર્ગ નથી. તેમ છતાં પણ સમ્યક્ત્વના પ્રકાશમાં જ્યારે આત્માને પુણ્ય-પાપનો ખ્યાલ આવે છે ત્યારે આરંભ-સમારંભ કરવા પણ નથી અને કર્યા વિના ચાલતું પણ

નથી, માટે માનસિક જીવનમાં હજારો પ્રકારના વિચારો આવતા હોય છે અને જતા હોય છે, પરંતુ ઉપાશ્રયમાં આવીને ગુરુદેવોના વ્યાખ્યાનનું, અહિંસાધર્મનું કે દ્રવ્ય તથા ભાવદયા ધર્મનું શ્રવણ જેમ જેમ થતું જાય છે અને તેમાં રમણતા આવતી જાય છે, તેમ તેમ સમ્યગ્જ્ઞાનનો વિકાસ પણ થતો જાય છે. જેના કારણે પાપભીરુતા, દયાલુતા અને પરોપકારિતાની વૃદ્ધિ થતાં, સર્વથા અનિવાર્યને છોડી શેષ ભોગ્ય કે ઉપભોગ્ય વસ્તુઓનો ત્યાગ કરશે, તે ત્યાગનો અભ્યાસ કરશે અને જેમ બને તેમ તેને મર્યાદામાં મૂકશે. એટલે કે દિનપ્રતિદિન વાપરવામાં આવતા પદાર્થોની પણ મર્યાદા કરશે; કેમકે જે પદાર્થોને ઉપભોગમાં લેવાથી માણસનું શરીર, લોહી-માંસ, બુદ્ધિ અને ઉપભોગમાં લેવાથી માણસનું શરીર, લોહી, માંસ વીર્ય, બળ-બુદ્ધિ અને આધ્યાત્મિક જીવન બગડવા પામે તેવા પદાર્થોનો ત્યાગ કરવો એ જ શ્રેયસ્કર માર્ગ છે. બગડેલા શરીરમાં મન પણ બગડેલું રહેશે અને તેવા મનમાં આત્મા પણ અશક્ત મડદાલ અને કિંકર્ત્તવ્યમૂઢ રહેશે. ફળસ્વરૂપે અરિહંત પરમાત્માની ઓળખાણ તમે કયારે પણ કરી શકવાના નથી.

સંસારનો પ્રત્યેક માનવ આરોગ્યને જ ઇચ્છતો હોવાથી તેનામાં જેટલી સાચી કે ખોટી જાણકારી હશે તે પ્રમાણે આરોગ્ય( શરીરની તંદુરસ્તી )ને માટે પ્રયત્ન કરતો હોય છે. તથાપિ તે માનવ જ્યારે આહારસંજ્ઞામય બનીને ઇન્દ્રિયોનો ગુલામ બને છે ત્યારે તેના ખાનપાનમાં ફેરફાર થયા વિના રહેતો નથી અને ખાધેલા ખોરાકમાંથી વાયુ, પિત્ત અને કફનું નિર્માણ થાય છે જે શરીરના સંચાલનમાં અતીવ ઉપયોગી તત્ત્વો હોવાથી તે યદિ સરખાભાવે હોય તે ઇચ્છનીય છે, કેમકે શરીરનું સ્વાસ્થ્ય આ ત્રણેની સમાનતામાં જ રહેલું છે. અન્યથા ત્રણેમાં વિષમતા (ઓછાવત્તાપણું) થતાં વ્યાધિઓનો

ચક્કાવો કોઈ કાળે મટશે નહી. માટે જ્ઞાનની સમજણપૂર્વક તે ત્રણે ધાતુઓ સરખા ભાવે રહે તેવા અને તેટલા પદાર્થોનો પણ ઉપયોગ મર્યાદામાં કરવો અને પ્રકૃતિને પ્રતિકૂળ પદાર્થો ગમે તેવા સારા હોય તો પણ અવશ્ય છોડી દેવા કે છોડવા માટે પ્રયત્ન કરવો. જેમકે :-

શરીરમાં વાયુપ્રકૃતિ હોય કે ખાનપાનની મર્યાદાતીતતાને લઈ વાયુને ભડકાવી દીધો હોય તેવા સમયે જે વનસ્પતિ તીખી, કડવી, તુરી હોય તે છોડી દેવી જોઈએ. વધારે પડતી ચિંતા, ઉજાગરા, ક્રોધ, બકવાસ, વધારે પરિશ્રમ, મર્યાદાતીત સ્ત્રીસંગ ઉપરાંત ચણા, મઠ, વટાણા અને ઠંડો આહાર પણ છોડી દેવો જોઇએ.

જેમની પિત્તપ્રકૃતિ હોય અથવા પિત્તપ્રકોપ વધારે હોય તેઓએ વધારે પડતા ગરમ પદાર્થો, લાલ મરચા, વધારે પડતો ગોળ કે તેની વાનગીઓ, અડદ, કલથી, રીંગણા, લસણ તથા બાજરો છોડી દેવો જોઇએ. તે ઉપરાંત રોમેરોમ ઉભા થાય તેવો ક્રોધ, તમાકુ (છીંકણી, બીડી, સીગારેટ), તડકામાં કે અગ્નિ પાસે બેસવું, અનહદ પ્રાકૃતિક કે અપ્રાકૃતિક વીર્યનો કે રજનો ક્ષય કરવો, ગરમ પાણીથી સ્નાન કે માથા પર ગરમ પાણી નાખવું ઇત્યાદિ પ્રસંગોનો ત્યાગ કરવો તથા વાલ, અડદ, ખીચડી, મૂળા, કાકડી, ચીભડા, સરસુ તેલ, નમક અને હિંગ આદિ પદાર્થોનો ઉપયોગ અલ્પ માત્રામાં કરવો, જેથી પિત્તની ઉત્પત્તિ વધારે થશે નહીં.

કફનો ભરાવો જેમને વારંવાર થતો હોય તેઓએ અડદ, તલ, શેરડી, શેરડીનો રસ, ગોળ, અલસી, મિષ્ટાન, માંસ, માછલી, લાંબા સમયના રાખેલા ભાત, ખાટા રસના પદાર્થો, તળેલા પદાર્થો, ઘી-તેલના ભરેલા શીરો-લાપસી, મેસુબ આદિ,

બાસુંદી, પેંડા, ગુલાબ જાંબુ, રસગુલ્લા આદિ પદાર્થો ઉપરાંત બરફના ઠંડા પીણા, બરફ, આઈસ્ક્રીમ, વધારે પડતી ચા-કોફી આદિ પદાર્થોનો ત્યાગ કરવો શરીરની સુખાકારી માટે શ્રેયસ્કર છે.

વારંવાર અજીર્ણ, ખોરાકનો અપચો, ઝાડા, વમન, ઓડકાર, બગાસા ઉપરાંત જ્યારેને ત્યારે આંખોમાં નિદ્રાદેવીનો વાસ દેખાય તો સમજી લેજો કે તમારા શરીરમાં વાયુ-પિત્ત અને કફની વૃદ્ધિ થઈ રહી છે. આવી પરિસ્થિતિમાં અજીર્ણને ટાળવાના પ્રયત્નો સૌથી પહેલા કરવાના રહેશે. બે રોટલી ખાવાવાળાને પણ અજીર્ણની શકયતા નકારી શકાય તેમ નથી. અથવા જમવા ટાણે એક જ રોટી ખાનારા ઘણા શ્રીમંતોને બીજી સાઈડમાં ૨૫-૩૦ બદામ, ૩-૪ કેળા, મુઠ્ઠી ભરીને શીંગદાણા કે ચણા જોરગરમ, ઉપરાંત પાંઉભાજી અને શેર બજાર, સોના-ચાંદી કે હીરા બજારના નાકે ઉભા ઉભા દહીંવડા, બટેટાવડા, કચોરી, પાણીપુરીથી પેટ ભરીને સોફા ઉપર બિરાજમાન થનારાઓને અજીર્ણ શી રીતે મટશે ? અને ન મટે તો જુલાબ, વમન, છીંક અને બગાસામાં તેમને કોણ મુક્ત કરશે ? કેમકે "अजीर्ण प्रभवारोगाः" રોગમાત્ર અજીર્ણ-માંથી ઉત્પન્ન થાય છે.

ઉપરના બધાય પ્રસંગોની જાણકારી મેળવ્યા પછી આહાર-સંજ્ઞાને ધીમે ધીમે ઓછી કરવી, તેની લાલસા છોડી દેવી અને જેનાથી સ્વાસ્થ્ય બગડે તેવા ખોરાકોને મર્યાદામાં કરી લેવા, જેથી શરીર સ્વસ્થતા વધશે, મનજીભાઈ તાકાતવાળા થશે અને આત્મા નિર્મળ બનશે. માટે....

(૧) મનમાં પવિત્રભાવ રાખીને ભૂખ કરતાં ઓછું ખાવું જેથી પાચનશક્તિ સ્વસ્થ રહેશે.

(૨) ધર્મ પણ સચવાશે કેમકે જાણીબુઝીને ઇચ્છાઓનો અવરોધ કરવાથી સમ્યક્તપની આરાધના સુલભ થશે.

(૩) પરિગ્રહસંજ્ઞા મર્યાદિત થતાં તે તે ખાવાપીવાના પદાર્થો બીજાઓને સુલભ બનતા તમારામાં ભાવદયાની ઉત્પત્તિ થશે કેમકે નાના મોટા સૌને પેટ ભરવાનો હક છે.

## 卐 શતક ૩૩મું સમાપ્ત 卐



# શતક ૩૪ : ઉદ્દેશો–૧

## ઉપક્રમ :

આ શતકમાં એકેન્દ્રિય જીવો એક સ્થાનથી બીજે સ્થાને જાય ત્યારે તેમને કેટલો સમય લાગે? તે વિષયક પ્રશ્નો અને ઉત્તરો છે, જે સૂક્ષ્માતિસૂક્ષ્મ જ્ઞેય તત્ત્વ હોવાથી કેવળી ભગવંતો સિવાય બીજા કોઈપણ જાણવાને કે જોવાને માટે સમર્થ બનતા નથી.

ચક્ષુદર્શનના કારણે પ્રાપ્ત થયેલી આંખો ચાહે ગમે તેવા દૂરસ્થ પદાર્થોને પણ જોઇ શકતી હશે, પરંતુ ચક્ષુજ્ઞાનાવરણીય કર્મને લઈ મર્યાદાથી બહાર રહેલા પદાર્થોને જોવા માટે કોઈની પણ આંખ કામ આવી નથી, તો પછી ક્ષેત્રાંતરમાં રહેલા જીવો, તેમની ગતિઓ, આગતિઓ, તેમના કર્મો, કર્મોના ભુગતાનો તથા તે જીવો સ્થળાંતર કેવી રીતે, કેટલા સમયમાં કરે છે? આ જ્ઞેય તત્ત્વ ચક્ષુના વિષયથી બહારનું હોવાથી ગમે તેવો જ્ઞાની હોય તો પણ તે છદ્મસ્થ હોવાના કારણે કોઇકાળે જાણી શકવા માટે સમર્થ બનતો નથી. અથવા કોઇ પણ પદાર્થને જાણવાની ક્ષમતા હોવા છતાં પણ ચક્ષુરિન્દ્રિયની ક્ષેત્ર મર્યાદામાં યદિ તે પદાર્થ ન હોય તો તેને કોઇપણ કઇ રીતે જાણી શકશે? ભીંતની પાછળના પદાર્થો પણ જ્યાં સુધી ભીંતનું વ્યવધા ન હોય ત્યાં સુધી તે પદાર્થો અદૃશ્ય જ હોય છે. ચક્ષુરિન્દ્રિયમાં જે તેજ છે તેની પણ મર્યાદા છે, અન્યથા રેલગાડીના એન્જીનના જોરદાર પ્રકાશમાં તે આંખ અકિંચિત્કર શી રીતે બનતી હશે? જ્યારે ઓછા તેજમાં પ્રત્યેક માનવ

બરાબર જોઈ શકે છે, પરંતુ અંધકારમાં એકેય પદાર્થ ચક્ષુ-ગોચર હોતો નથી અને હિંસક પ્રાણીઓ રાતમાં આબાદ જોઈ શકે છે. પણ તે હિંસક જાનવરો કરતાં વધારે પુણ્ય ધરાવનારો માનવ જોઈ શકતો નથી. જે પદાર્થને જોવાની ક્ષમતા આંખમાં છે તે પદાર્થો જ આંખથી જોવાશે. આ બધી વાતોથી જાણવાનું સરળ બને છે કે આંખને પણ પોતાના વિષયને ગ્રહણ કરવામાં મર્યાદા રહેલી છે. અને તે મર્યાદા ચક્ષુદર્શનાવરણીય અને ચક્ષુજ્ઞાનાવરણીય કર્મથી અતિરિક્ત બીજી શી હોઇ શકે ?

છદ્મસ્થ પાસે ચક્ષુદર્શનાવરણીય અને ચક્ષુજ્ઞાનાવરણીય કર્મની સત્તા વિદ્યમાન હોય છે. છદ્મસ્થ કોણ ? તે શાસ્ત્રીય પદ્ધતિએ જોઇએ.

## છદ્મસ્થ એટલે શું ?

અત્યાર સુધીના ભગવતીસૂત્રમાં કેટલીયવાર 'છદ્મસ્થ' શબ્દનો પ્રયોગ થયો છે, પણ તેનો અર્થ શો છે ? તે જાણવાનું બાકી છે. આમાં છદ્મ અને સ્થ બે શબ્દનો સમાસ છે.

(1) छद्म-कर्म ( આવ૦ ૧૩૪ )

આવશ્યક સૂત્રમાં છદ્મનો અર્થ જ કર્મ છે. જેની સંખ્યા આઠની છે અને વિસ્તૃત વર્ણન પહેલા ભાગમાં અપાઈ ગયું છે.

(2) छद्म-आवरणम् ( ભગ૦ ૭)

ભગવતી સૂત્રના સાતમા સૂત્રમાં છદ્મનો અર્થ આવરણ કરાયો છે. આવરણ એટલે બીજાને ઢાંકી દેવું. પ્રસ્તુતમાં આત્માની અનંત જ્ઞાનશક્તિ, દર્શનશક્તિ, વીર્યશક્તિ અને અવ્યાબાધ સુખશક્તિનું જેનાથી આવરણ થાય, તે શક્તિઓ જેનાથી દબાઈ જાય, હણાઇ જાય, કમજોર થાય તે આવરણ છે.

" आत्मनोऽनन्तचतुष्टयम् वारयति-आवारयति छादयतीति आवरणम् " જ્યારે આચારાંગ સૂત્રમાં ઘાતી કર્મોને જ છદ્મ કહેવામાં આવ્યું છે.

આવો છદ્મભાવ જેની પાસે હોય તે છદ્મસ્થ છે.

(1) छद्मस्थोऽवधिज्ञानरहितः ( ભગ૦ ૬૬ )

(2) विशिष्टाऽवधिज्ञानविकलः ( પ્રજ્ઞા૦ ૩૦૩ )

જ્યાં સુધી જીવાત્માને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી તેનું જ્ઞાન અજ્ઞાન જ રહેવા પામે છે અને જે સમયે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે તે જ સમયે તેનું બધુંય અજ્ઞાન સમ્યગ્જ્ઞાનમાં પરિવર્તિત થાય છે. તેના ક્ષાયિક અને ક્ષાયોપશમિક રૂપે બે ભેદ છે. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાન ક્ષાયોપશમિક છે. ઇન્દ્રિય અને મનની અપેક્ષા રાખતું મતિ અને શ્રુતજ્ઞાન પરોક્ષ છે તથા પાંચે ઇન્દ્રિયો અને છઠ્ઠા મનની અપેક્ષા રાખ્યા વિના જ આત્માને જે જ્ઞાન થાય તે પ્રત્યક્ષ જ્ઞાન કહેવાય છે. જેના અવધિ અને મનઃપર્યવ બે ભેદ છે.

અવધિનો અર્થ જ મર્યાદા થાય છે તથા ક્ષયોપશમને આધીન હોવાથી.

કોઇને અવધિજ્ઞાન, પોતે જે ક્ષેત્રમાં રહેલો હોય તેટલી જ મર્યાદામાં રહેલા જીવો અને અજીવોને જાણી શકે છે.

કોઇને વધારે મર્યાદાવાળું થયું હોય તો સમુદ્રના પેટાળને કે દેવલોકના વિમાનોને કે નરકના નારક જીવોને પણ જાણી શકે છે.

કોઈને તત્કાળ જવાવાળું થયું હોય તો આંખના પલકારે નાશ પામે છે.

કોઈને લાંબા કાળ સુધી રહેવાવાળું હોય તો વધારે રહે છે.

કોઈને દેવ-નારક, દ્વીપ-સમુદ્ર આદિને પ્રત્યક્ષ કરનારૂં અવધિજ્ઞાન થયું પણ પરિણામોની વિચિત્રતાને લઈને તે જ્ઞાન ઘટતું પણ જાય છે.

જ્યારે કોઈને અવધિજ્ઞાન ટૂંકા ક્ષેત્રની મર્યાદાવાળું થયું હોય અને વધતાં વધતાં ખૂબ જ વિસ્તૃત થઈ જાય છે.

સારાંશ કે આ જ્ઞાન ક્ષાયોપશમિક હોવાથી કોઈને પણ કેવળજ્ઞાન અપાવી શકે તેમ નથી.

મનઃપર્યવજ્ઞાન દ્વારા અઢીદ્વીપના માનવોના મનપરિણામને જાણી શકાય છે. તો પણ તે જ્ઞાન ક્ષાયોપશમિક હોવાથી ભાડુતી છે, માટે વિજળીના ચમકારાની જેમ આવતા પણ વાર લાગતી નથી અને જતા પણ વાર નથી. આ કારણે જ આ બંને જ્ઞાનોના માલિકોને છદ્મસ્થ કહેવાયા છે.

આ પ્રસ્તુત સૂત્રમાં અવધિજ્ઞાન વિનાનો છદ્મસ્થ છે, જ્યારે છદ્મસ્થ હોવા છતાં તીર્થંકરને અવધિજ્ઞાન હોય છે અને દીક્ષા લીધા પછી મનઃપર્યવજ્ઞાનની વિદ્યમાનતા પણ હોય છે. દેવોને તથા નારકોને પણ અવધિજ્ઞાન છે, તથા છદ્મસ્થ પણ છે, ત્યારે અહીં અવધિજ્ઞાનથી પરમાવધિજ્ઞાન લેવાનું છે, કેમકે પરમાવધિ વિનાના અવધિજ્ઞાનનો વિશ્વાસ રાખી શકાય તેમ નથી, જ્યારે પરમાવધિજ્ઞાન, કેવળજ્ઞાનને પ્રાપ્ત કરાવ્યા વિના જતું નથી.

દેવાધિદેવ, ભગવાન મહાવીરસ્વામી જન્મથી જ ત્રણ જ્ઞાનવાળા હતાં અને દીક્ષા લીધા પછી મનઃપર્યવજ્ઞાન પ્રાપ્ત થયું, પણ ચારે જ્ઞાન ગમે તેટલાં શુદ્ધ હોય તો પણ કેવળજ્ઞાનની મર્યાદામાં આવવાનું શક્ય બનતું નથી, કારણ કે તે ક્ષાયોપશમિક જ્ઞાન છે. સંયમ માર્ગ સ્વીકાર્યા પછી ઘોરાતિઘોર તપશ્ચર્યા કરતાં ઘણા વર્ષો વ્યતીત થયા ત્યારે એક સમયે કડકડતી માહ મહિનાની ઠંડીમાં કાયોત્સર્ગ મુદ્રામાં ધ્યાનસ્થ પરમાત્માને, તેમના પૂર્વભવની કોઈ વૈરણ વ્યંતરી વિકરાલરૂપ ધારણ કરીને પોતાની જટાજુટમાં બરફ જેવું ઠંડુ પાણી ભરીને મહાવીર પ્રભુના શરીર ઉપર છાંટ્યું છે. કલ્પસૂત્ર કહે છે કે શીતોપસર્ગ એટલો બધો ભયંકર હતો કે તીર્થંકર જેવા તીર્થંકરને પણ કંઈક કઠિન લાગ્યો, પણ ધીર, વીર, ગંભીર તે પરમાત્માએ પોતાની અદમ્ય શક્તિ વડે સહન કર્યો અને પરમાવધિજ્ઞાન પ્રાપ્ત થયું હતું, જે કેવળજ્ઞાનની પૂર્ણ ભૂમિકા રૂપ છે, માટે જ છદ્મસ્થનો અર્થ કરતાં આચાર્ય ભગવંતોએ કહ્યું કે જ્યાં સુધી આ જ્ઞાન પ્રાપ્ત ન થાય ત્યાં સુધી તે સાધક છદ્મસ્થ છે.

(3) छद्मस्थः छद्मनि स्थितः छद्मस्थोऽनतिशायी (નિ.ચૂ.પ્ર. ૧૫૨)

(4) छद्मस्थ इह निरतिशय एव द्रष्टव्यः (ઠાણા ૫૦૬)

સમ્યગ્જ્ઞાન બે પ્રકારે છે.

(૧) સાતિશયજ્ઞાન, (૨) નિરતિશયજ્ઞાન. આમાંથી પહેલું જ્ઞાન કેવળીને અને બીજું જ્ઞાન છદ્મસ્થને હોય છે.

## અતિશય એટલે ?

'अधिशेते जयत्यनेनेति अतिशयः (અભિધાન કોશ) એટલે કે ઘાતીકર્મો સમૂળ નાશ થયા પછી આત્માની જે અનંત

શક્તિઓનો પ્રાદુર્ભાવ થાય છે, તેનાથી તે મહાપુરૂષોને, અન્યત્ર જોવા સાંભળવા કે વાંચવા પણ ન મળે તેવા અતિશયોની પ્રાપ્તિ થાય છે, જેના કારણે કરોડ કરોડ દેવો, દેવીઓ, ઈન્દ્રો, ઇન્દ્રાણિઓ તેમની સેવામાં પ્રતિસમય હાજર જ હોય છે. તો પછી મર્ત્યલોકના રાજાઓ, મહારાજાઓ, તેમની રાણીઓ, પુત્રીઓ, શેઠો, શેઠાણીઓ પણ તીર્થંકરોના અતિશયોમાં પોતાનું સર્વસ્વ અર્પણ કરી પોતાના આત્માનું કલ્યાણ સાધે, મહાવ્રત સ્વીકારે, શ્રાવક બને તેમાં શું આશ્ચર્ય ? સારાંશ કે તીર્થંકરો જન્મે ત્યારથી જ ચાર અતિશયોના માલિક હોય છે તે આ પ્રમાણે ।—

ચાર અતિશય મૂળના :-

( ૧ ) રાજા-મહારાજા-બલદેવ, ચક્રવર્તી, નાગકુમાર, વૈમાનિક દેવ, ઈન્દ્ર તથા ગણધર કરતાં ચડિયાતું શરીર તીર્થંકર પરમાત્માઓનું હોય છે, જે સર્વથા સ્વાભાવિક તથા પુણ્યકર્મની ચરમ સીમાનું ફળ છે, દ્રવ્ય તથા ભાવરોગ રહિત, પરસેવા વિનાનું તથા ચામડી આદિના મળ વિનાનું હોય છે.

( ૨ ) શ્વાસ આદિમાં કમળ જેવી સુગંધ હોય છે.

( ૩ ) લોહી ગાયના દૂધ જેવું અને માંસ દુર્ગંધ વિનાનું જાણવું.

( ૪ ) આહાર એટલે ખાવાનું તથા નીહાર (લઘુશંકા તથા બડીશંકા) ચર્મચક્ષુવાળાઓને માટે અદશ્ય હોય છે. કેવળ અવધિજ્ઞાનીઓને દશ્ય છે. આ ચારે અતિશયો જન્મતાં જ સાથે હોય છે.

• કર્મ ખપ્યાથી અગ્યાર :—

ઘાતી કર્મોની વિદ્યમાનતામાં જે અતિશયો અત્યાર સુધી સત્તામાં હોવા છતાં પણ અદૃશ્ય હતાં તે કર્મોનો સમૂળ નાશ થયા પછી ચરાચર સંસારને માટે દૃશ્ય બનવા પામે છે, તે આ પ્રમાણે.

( ૧ ) યોજન પ્રમાણ જમીન ઉપર રચાયેલા સમવસરણમાં પણ કરોડ કરોડ સંખ્યા પ્રમાણના દેવો, તિર્યંચો અને મનુષ્યોનો સમાવેશ કોઇને પણ બાધા પહોંચાડ્યા વિના થાય છે.

( ૨ ) યોજન પ્રમાણ સુધી પહોંચી શકે તે અર્ધમાગધી ભાષાને, દેવો, જૂદા જૂદા ભાષાભાષી મનુષ્યો તથા તિર્યંચો પણ સુખ રૂપે સમજી શકે છે.

( ૩ ) ભગવાનના મસ્તકની પાછળ સૂર્યના જેવું તેજસ્વી ભામંડળ હોય છે, જેમાં પ્રતિબિંબિત પ્રભુના મુખને કરોડો દેવો અને માનવો જોઈ શકે છે.

( ૪ ) પ્રત્યેક દિશામાં સવાસો સવાસો યોજન પ્રમાણ સુધીમાં જ્વરાદિ રોગો ઉત્પન્ન થતા નથી.

( ૫ ) પારસ્પરિક વૈર–વિરોધનું શમન થાય છે.

( ૬ ) ધાન્યને હાનિ કરે તેવી ઇતિ ( ઉંદરો, તીડ, પંખી આદિ ) થતાં નથી.

( ૭ ) મારી આદિ ઉપદ્રવો એટલે વ્યાપક રૂપે મરણાદિ થતાં નથી.

( ૮ ) અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ આદિનો ઉપદ્રવ બે મર્યાદ થતો નથી.

(૯) વૃષ્ટિનો અભાવ અર્થાત્ દુષ્કાળ વગેરે થતો નથી.
(૧૦) દુર્ભિક્ષ એટલે ભીક્ષાનો અભાવ વર્તાતો નથી.
(૧૧) દેશરી કે પરદેશથી ભયનો ઉત્પાત થતો નથી.

ઉપર પ્રમાણેના અગ્યાર અતિશયોના કારણે, જનમાનસ તીર્થંકર પરમાત્માઓના ચરણે નતમસ્તક બને છે, એટલે કે તેમના પુણ્યાતિશયમાં માનવ માત્ર પોતાની જાત, પાત, પંડિતાઈ, હુશીઆરીને દેશવટો આપે છે અને પરમાત્માના ચરણોમાં બેસીને અનાદિકાળના સંસારમાં કોઈ કાળે ન જોયેલી, સાંભળેલી, અનુભવેલી કે વિચારેલી અદ્ભુત પરિસ્થિતિનો અનુભવ કરે છે તથા સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થયા પછી જ્ઞાન અને ચારિત્રના પૂર્ણ રાગી બનીને કેવળજ્ઞાન મેળવવા માટે નશીબદાર બને છે.

ઓગણીશ દેવના કીધ.

સમ્યક્ત્વી હોય કે મિથ્યાત્વી હોય, મનુષ્ય હોય કે દેવ હોય તે બધાય, અપાયાપગમાતિશાયી, વચનાતિશાયી, પૂજાતિશાયી અને જ્ઞાનાતિશાયી કેવળી ભગવંતોને પોતાના અવધિજ્ઞાનવડે કે પ્રત્યક્ષરૂપે જ્યારે જુએ છે ત્યારે દેવોને તથા ઇન્દ્રોને પણ પોતાની દેવમાયા સર્વથા અસાર લાગે છે.

કપૂરની ગોટી જેવા રૂડા–રૂપાળા શરીરો પણ રોગગ્રસ્ત જેવા લાગે છે.

અત્તરની વાવડીઓ પણ વિજલીના ચમકારા જેવી અસ્થિર અને એક દિવસે છોડવી પડશે તેવુ લાગે છે.

અને પૂનમના ચાંદા જેવી, સુગંધના ખજાના જેવી, પરસેવાથી રહિત, સર્વથા સ્વાધીન તેવી દેવીઓ અને તેની સાથેના ભોગવિલાસો પણ અધઃપતન કરાવનારા લાગે છે.

ઉપર પ્રમાણે તે દેવો સંસારના અસલી સ્વરૂપનો જ્યારે નિર્ણય કરે છે ત્યારે તેમને લાગે છે કે સંસારને અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને સંતોષ આદિ તત્ત્વોની જ આવશ્યકતા છે. તે માટે તેઓ દેવમાયાનો મોહ છોડીને પણ અહિંસાના પૂર્ણ અવતારી, સત્ય સ્વરૂપ, બ્રહ્મનિષ્ઠ અને પરિગ્રહના પૂર્ણ ત્યાગી દેવાધિદેવ પરમાત્માઓની સેવા કરવાના બહાને તથા મોહઘેલા માનવ સમાજને મિથ્યાત્વમાંથી, અસત્યમાંથી, હિંસામાંથી, દુરાચારમાંથી બહાર લાવવા માટે જ જાણે અહિંસા–સંયમ તથા તપોધર્મના પ્રચારક ન હોય! તે પ્રમાણે તે તીર્થંકર પરમાત્માઓનો મહિમા વધારવા માટે, પોતાની વૈક્રિય લબ્ધિ વડે ઓગણીશ પ્રકારના અતિશયો કરે છે. જેથી માનવસમાજ જાગૃત બને, સમવસરણ તરફ આવવાનું આકર્ષણ થવા પામે અને વધવા પામે.

સંસાર દુઃખી છે, રોગી છે, મહારોગી છે, તેથી દયાવાસી બનેલા દેવો માનવસમાજની સેવા કરવા માટે જ જાણે તીર્થંકર પરમાત્માની સેવા કરતા હોય છે. કેમકે સંસારનો ઉદ્ધાર કરવા માટે એકેય રાજા, મહારાજા, ચક્રવર્તી, વાસુદેવ, બલદેવનું સૈન્ય પણ કોઈ દિવસે કામ આવ્યું નથી તથા શ્રીમંતોની શ્રીમંતાઈ, રૂપાળા માનવોનું રૂપાળુ શરીર અને સત્તાધારીઓની રાજસત્તા પણ માનવ સમાજને સુખી બનાવી શકી નથી. કેમકે સત્તાઓ કેવળ ભૌતિકવાદ સાથે જ મિત્રતા બાંધીને બેઠી હોય છે. તેવી સત્તાઓ સંસારના માનવોને અધ્યાત્મનું શાસન શી રીતે આપી શકવાની હતી? આ કારણે જ સંસારને સુખ–શાંતિ અને સમાધિ આપવા માટે અધ્યાત્મ યોગીઓ જ પૂર્ણ સફળ બને છે. આવા યોગી કેવળજ્ઞાની સિવાય બીજા કોઈ હોતા નથી. કેમકે :–

નામ અધ્યાત્મી, સ્થાપના અધ્યાત્મી અને દ્રવ્ય અધ્યાત્મી કેવળ લખલુટ પૈસો અપાવી શકશે, માન મરતબો વધારી શકશે, સંસારનું થોડું ભાડુતી ભલું કરાવી આપશે, કારણ કે તેઓ પોતે જ સુખ-શાંતિ તથા સમાધિથી અધુરા છે, સાવ અધુરા છે. તેથી ભાવઅધ્યાત્મની પ્રાપ્તિવાળા કેવળજ્ઞાનીની સેવા જ ખરી સેવા છે, તેમ સમજીને અરિહંત પરમાત્માનો મહિમા જન માનસમાં સ્થિત અને સ્થિર બનાવવાને માટે દેવો પ્રતિસમય પરમાત્માના ચરણોમાં સેવક-ભાવસેવક બનીને ઉભે પગે તૈયાર જ હોય છે. તથા અહિંસા-સંયમ તથા તપોધર્મના પ્રચારને જ આધ્યાત્મિક પ્રચાર માનીને પોતાની સંપૂર્ણ શક્તિ વડે અરિહંતોની સેવા કરે છે.

કોઈની પણ રાજ્યસત્તાને અધીન બન્યા વિના, લાલસા વિના, કે ઇન્દ્ર મહારાજને ખુશ કરવાના આશય વિના જ તીર્થંકર પરમાત્માઓના સેવક બને છે અને-

સંસારમાં રમાતા હિંસાના તાંડવ નૃત્યોને જોઈને,

વિષ્ટાના કીડાની જેમ, દુરાચારમાં ખદબદતા માનવોને જોઈને-

તથા ઇન્દ્રિયોની ભોગલાલસામાં જાનવરો કરતાં પણ નીચે ઉતરેલા માનવસમાજને જોઈને-

ત્રસ્ત બનેલા તે દેવો, સંસારના તે તે ભાવરોગોમાંથી માનવ સમાજને મુક્ત કરાવવાની પવિત્ર ભાવનાને વશ બની તથા અહિંસા, સંયમ અને તપોધર્મમાં પૂર્ણતાને પ્રાપ્ત કરેલા અરિહંતદેવના ઉપાસક બની તથા માનવ સમાજને પણ ઉપાસક બનાવવાના સારા ઈરાદાથી તે દેવો નીચે લખ્યા મુજબના અતિશયો કરે છે.

(૧) એ ધર્મચક્ર :–બારે પ્રકારના સૂર્યો કરતાં પણ વધારે પ્રકાશ દેનારા, લાખો ફૂલ લાઇટોને શરમાવનારા અને કરોડોની સંખ્યાના હીરાઓના પ્રકાશને પણ નિસ્તેજ કરાવનારા 'ધર્મચક્ર'ની વિકુર્વણા કરે છે. તે ચક્ર જાણે પ્રમાદની ઘોર નિદ્રામાં પોઢેલી માનવજાતને સંબોધન કરતાં કહી રહ્યું છે કે–હે માનવો ! આજ સુધી તમે જોહુકમી રાજ્યસત્તાના ચક્રને માનતા આવ્યા છો જે પરાધીનતાની બેડીનું લક્ષણ છે, માટે આત્માની સાચી સ્વતંત્રતા મેળવવી હોય અને ભવ રોગોને નાબૂદ કરવા હોય તો અરિહંત પરમાત્માના ધર્મચક્રને માન્ય કરીને સમવસરણમાં આવો.

(૨) બે ચામરા :–પૂર્ણ વિવેકથી આકાશમાં ચામરો વિંઝાઇ રહ્યાં છે, જેમની દાંડી સુવર્ણની છે અને સ્વયં અતિ ઉજ્જવળ છે જાણે મોહના નશામાં બેભાન બની બેહાલ થયેલા માનવોને સંબોધી રહ્યાં છે કે–હે માનવો ! અમે ઠેઠ નીચે સુધી તીર્થંકર પરમાત્માના ચરણોમાં ઝુકીને તેમના જ પ્રતાપે પાછા ઉર્ધ્વગતિવાળા બનવા પામીએ છીએ. તેવી રીતે અમારી જેમ જે ભાગ્યશાળીઓ આ પરમાત્માના ચરણે પોતાનું મસ્તક ઝુકાવશે, તેઓ ચોક્કસ સંસારની માયાબેડીમાંથી મુક્ત બનશે અને નિકટના ભવિષ્યમાં ઉર્ધ્વગતિ મેળવનારા બનશે. ખૂબ સમજી લેજો કે સંસારની સેવના દુર્ગતિદાયક છે અને અરિહંતોની દ્રવ્ય તથા ભાવપૂર્વકની આરાધના ઉર્ધ્વગતિને આપનારી છે.

(૩) બે સપાદપીઠ સિંહાસનઃ સ્ફટિક કરતાં વધારે ઉજ્જવલ પાદપીઠ સાથેનું સિંહાસન રચીને તે દેવો અબુદ્ધ માનવસૃષ્ટિને કહી રહ્યાં છે કે હે માનવો ! તમે દ્રવ્ય અને ભાવનિદ્રાને છોડો અને જુદા જુદા મણીઓથી દેદીપ્યમાન બનેલી કાંતિવડે

ચિત્ર વિચિત્ર બનેલા સિંહાસન પર બિરાજમાન થયેલા, માટે ઉદયાચલ પર ઉદય પામતા તેજસ્વી સૂર્યની જેમ ચમકતા તીર્થંકર પરમાત્માને તમે જુઓ તો તમને ખબર પડશે કે આવા અદ્વિતીય મહિમાને ધારણ કરનાર તીર્થંકર, અરિહંત પરમાત્મા સિવાય બીજો કોઈ માનવ, દેવ કે દેવેન્દ્ર પણ નથી.

(૪) બે છત્રત્રયં :-આકાશમાં ત્રણ છત્રોની વિકુર્વણા કરીને દેવો જાણે કહી રહ્યાં છે કે, હે ભાગ્યશાળીઓ! ચન્દ્રની જેમ ઉજ્જવલ અને સૂર્યના પ્રતાપ(તેજ)ને પણ અવરોધ કરનાર આ ત્રણે છત્રોની નીચે બિરાજમાન પરમાત્મા અરિહંતમાં જ જાણે ત્રણ જગતનું આધિપત્ય સમાયેલું છે, તેમ જાણીને તે પ્રભુની સેવા કરવાના બહાને તારાઓની સાથે ચન્દ્રમા પોતે મોતીઓનું રૂપ ધારણ કરીને કહી રહ્યો છે કે 'હે જગતના માનવો! તમે નિશ્ચયથી જાણી લેજો કે દ્રવ્ય તથા ભાવ અંધકારને નાશ કરવામાં અરિહંત પરમાત્મા સિવાય બીજો કોઈ પણ માનવ સમર્થ બની શકે તેમ નથી.

(૫) બે રત્નમયધ્વજ :-આકાશમાં રત્નમય ધ્વજ જે ઇન્દ્રધ્વજના નામે સંબોધાય છે, જેમાં જુદા જુદા રંગની ધ્વજાઓ લહેરાઈ રહી છે. ખાસ કરીને પંચ પરમેષ્ઠીની સ્મૃતિ કરાવનારા પાંચ રંગોની ધ્વજાઓ મુખ્ય છે.

(૧) અરિહંતદેવને સૂચિત કરાવનારી સફેદ ધ્વજાઓ છે.

(૨) સિદ્ધાત્માને સૂચિત કરાવનારી લાલ રંગની ધ્વજાઓ છે.

(૩) આચાર્ય ભગવંતને સૂચિત કરાવનારી પીળા રંગની ધ્વજાઓ.

(૪) ઉપાધ્યાયજીની સૂચક નીલા રંગની ધ્વજાઓ.

(૫) અને મુનિરાજનું સ્મરણ કરાવે તેવી કાળા રંગની ધ્વજાઓ છે. અથવા જૈનશાસને રુચિને સમ્યગ્દર્શન તરીકે ઓળખાવી છે અને સાહિત્યકારોએ તે રુચિને પીળા વર્ણની કહી છે. હરો રંગ સમ્યક્ ચારિત્રને સૂચિત કરે છે, કારણ કે–ચારિત્રની આરાધનાથી જ માનવનું જીવન હર્યુંભર્યું છે, એટલે કે આનન્દ મંગળને દેનાર ચારિત્ર છે અને સફેદ રંગથી સમ્યગ્જ્ઞાન સૂચિત થાય છે, કેમકે જ્ઞાન એ ઉજળું છે. આવી રીતે ઈન્દ્રધ્વજામાં રહેલી રંગબેરંગી ધજાઓ પંચપરમેષ્ઠી તથા જ્ઞાન, દર્શન અને ચારિત્રને સૂચવનારી છે.

(૬) સુવર્ણ કમળ :–તીર્થંકર પરમાત્માઓ જ્યાં વિહરતા હોય છે, ત્યાં દેવો સુવર્ણના નવ કમળોને મૂકે છે, તેમાંથી બે કમળો પર પરમાત્માના ચરણો પડે છે અને જે પાછળ રહેલા કમળો છે તેને દેવો આગળ આગળ લાવીને મૂકતા જાય છે.

(૭) સમવસરણમાં ત્રણ ગઢ :–ત્રણે લોકમાં વ્યાપ્ત થયેલા પરમાત્માના કાંતિ, પ્રતાપ અને યશને જાણે એકત્ર કરતાં હોય તેમ સમવસરણમાં દેવો ત્રણ ગઢની રચના કરે છે. તેમાં પહેલો ગઢ રત્નોનો, બીજો સુવર્ણનો, અને ત્રીજો રૂપાનો હોય છે. કાંતિનો રંગ લાલ રંગ જેવો, પ્રતાપનો રંગ અગ્નિ જેવો અને યશનો રંગ સફેદ હોય છે, માટે ગઢ પણ માણિક્ય, સુવર્ણ અને ચાંદીના હોય છે.

(૮) ચતુર્મુખ :–સમવસરણમાં બેઠેલી પર્ષદાને પોત· પોતાની સન્મુખ ભગવાન દેખાય તે માટે પૂર્વ દિશામાં પરમાત્મા સ્વયં બિરાજમાન હોય છે અને ત્રણે દિશાઓમાં, દેવો પરમાત્માના શરીર સદશ બીજા પ્રતિબિંબો મૂકે છે. ત્રણ

છત્ર પ્રત્યેક દિશાઓમાં હોય છે અને પ્રભુ જાણે ચારે મુખે દેશના આપે છે તેવી રીતનો અનુભવ શ્રોતાઓને થાય છે.

(૯) અશોક વૃક્ષ :-ચૈત્ય નામે અશોકવૃક્ષ, જે પ્રભુના શરીરથી બારગણું મોટું હોય છે, જેમાં છત્ર, ઘંટા, અને પતાકાઓ પણ હોય છે. સમવસરણની રચના સમયે દેવતાઓ આ વૃક્ષની રચના કરે છે. જેના નીચે પરમાત્મા અરિહંત દેવો બેસે છે અને ધર્મોપદેશ આપે છે. તે સમયે દેવો તેમાં રહેલી ઘંટડીઓના જોરદાર નાદ વડે, જાણે કહી રહ્યાં હોય છે કે-હે માનવો! તમે જે સંસારમાં રચ્યાપચ્યા છો તે કોઈકને આદિમાં, કોઇકને મધ્યમાં, અને કોઈકને છેવટે પણ આધિ, વ્યાધિ, ઉપાધિ, રોગ, શોક, સંતાપથી પરિપૂર્ણ છે; આ સત્ય હકિકતને તમે સમજો અને પરમાત્માના ચરણોનું શરણ સ્વીકારો જેથી સંસારના દુઃખો નાશ પામશે. જેવી રીતે આ એકેન્દ્રિયવૃક્ષ પ્રભુ શરણ સ્વીકાર કરીને અશોક અર્થાત્ શોક વિનાનો બનવા પામ્યો છે. આકાશમાં સૂર્યનો ઉદય થાય ત્યારે વૃક્ષો પણ વિકાસને પામતા હોય છે, તો પછી કેવળજ્ઞાનીઓની જ્ઞાન જ્યોતિ પ્રાપ્ત થતાં માનવોનો વિકાસ થાય તેમાં શું આશ્ચર્ય ?

(૧૦) અધોમુખી કાંટા :-જે સ્થળે કેવળી પરમાત્માઓ વિચરતા હોય છે ત્યાં રસ્તામાં રહેલા કાંટાઓ પણ નીચા મુખવાળા થઇને કોઇને પણ ઈજા કરતા નથી.

(૧૧) વૃક્ષો પણ નમ્ર બને છે :-જે જે સ્થળે પરમાત્મા વિચરતા હોય ત્યાંના વૃક્ષો પણ નમ્રતા ધારણ કરી જાણે પરમાત્માને નમ્રભાવે કહેતા હોય છે કે-હે પ્રભો ! ગતભવોમાં તમારા શાસનની વિરાધના કરવાના કારણે જ અમે પંચેન્દ્રિયથી ભ્રષ્ટ થઇને એકેન્દ્રિયત્વને પામ્યા છીએ. માટે આ અવતારમાં

પણ અમે આપશ્રીને મન, વચન અને કાયાથી એકાગ્ર થઈને ભાવપૂર્વક વન્દન-નમન કરીએ છીએ.

( ૧૨ ) દુંદુભિનાદ :–સમવસરણમાં બિરાજમાન થઈ પરમાત્મા જયારે નવતત્ત્વમયી દેશના આપે છે ત્યારે દેવો પોતાના દુંદુભિ નાદથી જગતના જીવોને જાણે નમ્રભાવે કહી રહ્યા છે કે–' હે ભાગ્યશાળીઓ ! તમે પ્રમાદને વશ બનીને અનંત ભવોને બગાડી ચૂકયા છો, માટે આ ભવમાં પ્રમાદનો ત્યાગ કરીને સમવસરણ તરફ પધારો અને પરમાત્માની દેશના એકાગ્રચિત્તે સાંભળો. યાદ રાખજો કે–આ ભવને પણ યદિ પ્રમાદવશ બગાડી દીધો તો ફરીથી આ સમવસરણ-દેવાધિદેવ, તેમની સંસાર તારિણી દેશના, તેમનું પાપનાશક મુખકમળ કયા ભવમાં જોવા મળશે તે કહેવું અત્યંત મુશ્કેલ છે, માટે મળેલી બાજીને હારશો નહી. અન્યથા ' દીવો લઈને કુવામાં પડવા જેવું થશે. '

( ૧૩ ) અનુકૂળ પવન :–યોજન સુધી વાયુ પણ અનુકૂળ શાંત, સુગંધી અને શીતળ થઈને પ્રભુની સેવા કરે છે.

( ૧૪ ) પક્ષીઓ પણ પ્રભુને પ્રદક્ષિણા આપે છે.

( ૧૫ ) પંચવર્ણી પુષ્પોની વૃષ્ટિ થાય છે.

( ૧૬ ) સુગંધી જળની વૃષ્ટિ થતાં રસ્તાની ધૂળ વગેરે કોઈને પણ પ્રતિકૂળ રહેતી નથી.

( ૧૭ ) સંયમ સ્વીકાર્યા પછી દાઢી આદિના વાળ પુનઃ ઉગતા નથી.

( ૧૮ ) જઘન્યથી ક્રોડ દેવો સેવામાં હાજર હોય છે.

( ૧૯ ) છએ ઋતુઓ પ્રભુને અનુકૂળ હોય છે.

ઉપર પ્રમાણે :—

૪ અતિશયો જન્મથી ઉદ્‌ભવેલા.

૧૧ કર્મ ક્ષય પછી ઉદ્‌ભવે છે અને

૧૯ દેવો કરે છે.

આ પ્રમાણે કેવળી તીર્થંકર સાતિશય હોવાથી દેવાધિદેવ પરમાત્મા છે. જ્યારે છદ્મસ્થને જ્ઞાનાવરણીયાદિ કર્મોના કારણે અતિશયો આવૃત હોવાથી સંસારના બધાય પદાર્થો અને એકેક દ્રવ્યના અનંત પર્યાયોને જાણી શકવાને સમર્થ બનતા નથી. અને સાતિશયી, કેવળી, સર્વજ્ઞ, તીર્થંકર પરમાત્મા જ સંસારના યથાર્થ સ્વરૂપને જાણી શકે છે અને તે જ પ્રમાણે ઉપદેશી શકે છે.

જૈન શાસનમાં અને ખાસ કરી આ પ્રસ્તુત શતકમાં એકેન્દ્રિય જીવોની ચર્ચા છે, તેના ભેદો આ પ્રમાણે છે.

પૃથ્વીકાય, અપ્‌કાય, અગ્નિકાય, વાયુકાય અને વનસ્પતિકાય રૂપે એકેન્દ્રિય જીવના મૂળ પાંચ ભેદ છે. તેમાં એકેકના સૂક્ષ્મ અને બાદર આ બંનેના પર્યાપ્ત અને અપર્યાપ્ત મતલબ કે સૂક્ષ્મ જીવો પર્યાપ્ત પણ હોય છે અને બાદર પણ હોય છે. તેવી રીતે બાદર પણ જાણવા. આ પ્રમાણે ૫ × ૪ = ૨૦ ભેદ જાણવા.

(૧) અપર્યાપ્તસૂક્ષ્મ પૃથ્વીકાય, અપ્‌કાય, અગ્નિકાય, વાયુકાય, વનસ્પતિકાય.

(૨) પર્યાપ્તસૂક્ષ્મ પૃથ્વી, અપ્‌, અગ્નિ, વાયુ અને વનસ્પતિકાય.

(૩) અપર્યાપ્તબાદર પૃથ્વી, અપ્‌, અગ્નિ, વાયુ અને વનસ્પતિકાય.

(૪) પર્યાપ્તબાદર પૃથ્વી, અપ્, અગ્નિ, વાયુ અને વનસ્પતિકાય.

આમાંથી સૂક્ષ્મ જીવોને કેવળી પરમાત્મા જ જ્ઞાન વડે જોઇ શકે છે. જ્યારે બાદર નામ કર્મને લઇને બાદરત્વને પ્રાપ્ત થયેલા હોવા છતાં, તેમાંથી પણ કેટલાક બાદર જીવો એટલા બધા સૂક્ષ્મ હોય છે જે ચર્મચક્ષુગમ્ય હોતા નથી પણ તેઓ જ્યારે સંખ્યાતા ભેગા મળે છે ત્યારે કદાચ તેમની વિદ્યમાનતાનો ખ્યાલ આવે છે અને જે ચક્ષુગમ્ય બાદર જીવો છે તે સૌને માટે પ્રત્યક્ષ જ છે.

સૂક્ષ્મ નામકર્મના કારણે પૃથ્વી, અપ, અગ્નિ, વાયુ અને વનસ્પતિના જીવો ચૌદ રાજલોકમાં પૂર્ણરૂપે વ્યાપ્ત હોવાથી સાતમી નરકના એક ખુણામાં પણ તેમની સત્તા હોઈ શકે છે અને દેવલોકના દેવવિમાનોમાં પણ રહેલા હોય છે.

કાજલની • ડબ્બીમાં રહેલું કાજલ જેમ ઠાંસી ઠાંસીને ભરેલું હોય છે, તેવી રીતે આ સૂક્ષ્મ જીવો પૂરા બ્રહ્માંડમાં ઠાંસી ઠાંસીને ભરેલા છે. જીવ અરૂપી અને તેમનું શરીર સૂક્ષ્મ હોવાથી તેઓ અછેદ્ય, અભેદ્ય, અદાહ્ય અર્થાત્ કોઈનાથી છેદાતા નથી, ભેદાતા નથી અને બાળ્યા બળતા નથી, પરંતુ તેમની હત્યા કેવળ માનવના માનસિક વિચારોને જ અધીન છે; કેમકે અસંયમિત એટલે વિરતિ વિનાનો પ્રત્યાખ્યાન વિનાનો જીવાત્મા હિંસક જ હોય છે. તથા આ સૂક્ષ્મ જીવો પણ વિરતિ વિનાના હોવાથી પ્રતિસમયે સાત કે આઠ કર્મોને બાંધનારા છે.

જીવો ચાહે સૂક્ષ્મ હોય કે બાદર હોય તો પણ તેમને જન્મ અને મરણ પણ છે. માન્યું કે તેમનું આયુષ્યકર્મ બહુ જ ટૂંકું હોવાથી આંખના પલકારે જન્મે છે અને મરે છે જેને છદ્મસ્થ માણસ જાણી શકતો નથી.

આ શતકમાં રહેલા પ્રશ્નો અને ઉત્તરોનો ભાવ એવો છે કે જન્મ લીધા પછી મરનારો જીવ મારણાંતિક સમુદ્ઘાત વડે મરે છે અને એકથી ચાર સમય સુધીની મર્યાદામાં બીજા સ્થળે જન્મ ધારે છે, તે :–

( ૧ ) ત્યાં કઇ રીતે જતો હશે ?

( ૨ ) તેમની ગતિ કેવી ?

( ૩ ) અને કઈ ગતિથી કેટલા સમયમાં બીજા સ્થળે જન્મે છે.

ઉપરની બધી વાતો જ્ઞાનાવરણીયાદિ ચારે ઘાતીકર્મોમાં રહેનાર છદ્મસ્થ શી રીતે જાણી શકવાનો હતો ? માટે ઉત્પન્ન થયેલા કેવળજ્ઞાન અને કેવળદર્શનના સ્વામી મહાવીરસ્વામી પોતે જ કહી રહ્યાં છે કે–હે ગૌતમ ! મેં શ્રેણિઓને સાતની સંખ્યામાં કહી છે, એટલે કે મારા વડે આકાશમાં રહેલી સાત શ્રેણિઓનું પ્રતિપાદન કરાયું છે. આ સૂત્રમાં ‘ મેં કહ્યું છે, મારાથી કહેવાયું છે ’ આનો સરળાર્થ એ છે કે ચર્મચક્ષુને સર્વથા અદૃશ્ય આ શ્રેણિઓ હોવાથી તેને કેવળી સિવાય બીજો કોઇ જાણી શકે નહી તો પછી તેનું પ્રતિપાદન કરવાની વાત જ ક્યાં રહી ?

જીવોનું સ્થળાંતર કેવી રીતે થશે ?

એક ભવનો ત્યાગ કરી મરણ પામતા જીવાત્માને આંખના પલકારે જ એક સ્થાનથી બીજા સ્થાને, એક ભવથી બીજા ભવે જવાનું સર્વથા અનિવાર્ય હોવાથી ‘ अतति सततं गच्छतीति आत्मा ’ આ વ્યાખ્યાનુસાર એક સ્થળે જ જીવાત્માને કદી પણ રહેવાનું હોતું નથી.

જે સ્થાનથી જીવ મર્યો, પાછો તે જ જીવ ત્યાં જ ઉત્પન્ન થતો હશે ? અથવા વારંવાર જન્મીને મરીને ફરીફરીથી જીવ ત્યાં જ જન્મતો હશે ? આવા પ્રકારનું વિધાન જૈન શાસનને માન્ય નથી. આંબાના ઝાડનું પાંદડુ પાનખર મોસમમાં ખરી પડે છે. પછી ઝાડને નવી કુંપળ આવે છે તેનું પાંદડું બને છે, તેમાં નવા પાંદડાના પહેલાના ખરી ગયેલા પાંદડાનો જીવ પણ હોઇ શકે છે અથવા બીજો જીવ પણ હોઈ શકે છે, તથા ખરી ગયેલા પાંદડાનો જીવ સો ગાઉ દૂરના આંબાના ઝાડે, પાંદડા રૂપે પણ ઉત્પન્ન થઇ શકે છે અથવા આંબલીના ઝાડે, પાંદડે, થડે, શાખાએ કે આંબલીના 'બી' રૂપે પણ જન્મી શકે છે. એતદ્વિષયમાં કારણ ફરમાવતાં ભગવંતે કહ્યું કે, 'જીવાત્માને અનંત કર્મોની વર્ગણા વળગેલી હોવાથી હજારો, લાખો અને કરોડો જીવોની સાથે "ઋણાનુબંધ" એટલે કે જૂદા જૂદા જીવોની સાથે કરેલી મારકાટ, વૈરવિરોધ, છેદન, ભેદન આદિ કર્મોની માયાને ભોગવવાની હોવાથી જે સમયે, મિનિટે કે સેકંડે જેની સાથે ઋણાનુબંધ ચૂકાવવાનું હશે, તેને ત્યાં જ જન્મ્યા વિના બીજો માર્ગ નથી.

આવી પરિસ્થિતિમાં પ્રશ્ન થશે કે નરકનો જીવ પોતાની મેળે ફરીથી નરક ભૂમિમાં કે ત્યાં કોઇક સ્થાને એકેન્દ્રિય રૂપે બનવા માંગતો નથી. પરંતુ સમજવાનું કે જન્મ-મરણમાં જીવાત્માની ઇચ્છા કયાંય પણ કામે આવતી નથી. પરંતુ તે તે ગતિના આનુપુર્વી નામકર્મ જે યમરાજનું કામ કરે છે, તે, જીવાત્માને પોતાના કબજામાં લઇને જીવની અનિચ્છા હોવા છતાં પણ જીવને ત્યાં પટકી પાડે છે, એટલે કે જીવને ત્યાં પટકાઇ ગયા વિના છુટકો નથી.

આવી પરિસ્થિતિમાં જૈન શાસને જ આકાશમાં શ્રેણિઓની

કલ્પના સાર્થક કરી છે, કેમકે કોઈક જીવને જન્મ અને મરણ એક જ સમયમાં હોય છે, બીજાને બે સમયમાં, ત્રીજાને ત્રણ સમયમાં, ત્યારે અમુક સ્થાને જવા માટે છેવટે ચાર સમય પણ લાગે છે, કારણ કે ગન્તવ્યસ્થાન યદિ આકાશની સમ શ્રેણિમાં હોય તો એક સ્થાનથી મરવાનું અને બીજા સ્થાને જન્મવાનું એક જ સમયમાં પતી જાય છે. પરંતુ ગન્તવ્યસ્થાને જવામાં એક વળાંક લેવો પડતો હોય તો એટલે કે આકાશની જે શ્રેણિમાં જીવ મરે અને ગન્તવ્યસ્થાન કદાચ તે શ્રેણિમાં ન હોય તો વળાંક લેવા સિવાય બીજો માર્ગ નથી, અને કોઈ સમયે બે વળાંક પણ લેવા પડે છે. માટે સમશ્રેણિએ જતાં જીવને એક સમય, એક વળાંકે બે સમય અને બે વળાંકે ત્રણ સમય લે છે. શ્રેણિઓનું વર્ણન પહેલા કરાઈ ગયું છે.

## પૃથ્વીકાયિકોની વક્તવ્યતા

અપર્યાપ્તક સૂક્ષ્મ પૃથ્વીકાયિક જીવ જે અત્યારે રત્નપ્રભા નામની પહેલી નરક ભૂમિના પૂર્વ દિશાના અંતિમ ભાગે રહેલો છે, તે મારણાંતિક સમુદ્ઘાત કરીને, તે પૃથ્વીના પશ્ચિમ દિશાના અંતિમ ભાગમાં સૂક્ષ્મ પર્યાપ્તક પૃથ્વીકાયમાં ઉત્પન્ન થવાની યોગ્યતાવાળો છે. તેની સમય મર્યાદા એક સમયથી ત્રણ સમય સુધીની જાણવી.

અપર્યાપ્તક સૂક્ષ્મ પૃથ્વીકાયિક જીવ રત્નપ્રભાના પૂર્વ દિશાના અંતિમ ભાગમાંથી મરીને પહેલી પૃથ્વીના પશ્ચિમ દિશાના છેલ્લા સ્થાને અપર્યાપ્તક બાદર પૃથ્વીકાયમાં ઉત્પન્ન થવામાં સમયપ્રમાણ પૂર્વવત્.

અપર્યાપ્તક સૂક્ષ્મ પૃથ્વીકાયિક રત્નપ્રભાના પૂર્વ દિશાના

અન્તિમભાગે મરીને તે પૃથ્વીના પશ્ચિમ દિશાના છેલ્લા સ્થાને પર્યાપ્તક બાદર પૃથ્વીકાયમાં જન્મવા માટે સમયની મર્યાદા પૂર્વવત્.

અપર્યાપ્તક સૂક્ષ્મ પૃથ્વીકાયિક પહેલી નરકના પૂર્વદિશામાં મરીને ફરીથી પશ્ચિમ દિશાના છેલ્લા સ્થાને અપર્યાપ્તક સૂક્ષ્મ પૃથ્વીકાયમાં જન્મે ત્યારે સમયમર્યાદા. પૂર્વવત્.

આ પ્રમાણે સૂક્ષ્મ અપર્યાપ્ત પૃથ્વીકાયિકોના ચાર આલાપક કહ્યાં.

## અપ્કાયિકો માટેની વકતવ્યતા

અપર્યાપ્તક સૂક્ષ્મ અપ્કાયિક જીવો રત્નપ્રભાના પૂર્વ દિશાના છેલ્લા ભાગમાં મરણ સમુદ્ઘાતથી મરીને તે નરકના પશ્ચિમ દિશાના છેલ્લા ભાગે અપર્યાપ્ત સૂક્ષ્મ અપ્કાયિક રૂપે જન્મવાને યોગ્ય જીવો યાવત્ ત્રણ સમયે ગન્તવ્યસ્થાને આવી જાય છે.

અપર્યાપ્તક સૂક્ષ્મ અપ્કાયિક જીવો રત્નપ્રભાના પૂર્વ દિશાના છેલ્લા ભાગથી રત્નપ્રભાના પશ્ચિમ દિશામાં ઉત્પન્ન થવાવાળા પર્યાપ્તક સૂક્ષ્મ અપ્કાયિકોને પણ પ્રથમથી યાવત્ ત્રણ સમય લાગશે.

અપર્યાપ્તક સૂક્ષ્મ અપ્કાયિકો પહેલી પૃથ્વીના પૂર્વ દિશામાંથી મરીને તે પૃથ્વીના જ પશ્ચિમ દિશાના અંતિમ ભાગે ઉત્પન્ન થનારા અપર્યાપ્ત બાદર અપ્કાયિકો તથા પર્યાપ્ત બાદર અપ્કાયિકો પણ યાવત્ ત્રણ સમયમાં ગન્તવ્યસ્થાને પહોંચી જાય છે.

( અપ્કાયિકોના ચાર આલાપકો થયા )

## અગ્નિકાયિકોની વક્તવ્યતા :

અપર્યાપ્ત સૂક્ષ્મ તેજસ્કાયિક જીવો પહેલી નરકના પૂર્વ દિશામાં મરણ પામીને તે પૃથ્વીના પશ્ચિમ દિશામાં અપર્યાપ્ત સૂક્ષ્મ તેજસ્કાયના અવતારે જન્મે ત્યારે યાવત્ ત્રણ સમય જાણવા.

અપર્યાપ્તક સૂક્ષ્મ તેજસ્કાયિકો પહેલી નરકમાં પૂર્વદિશામાં મરીને તે પૃથ્વીના પશ્ચિમ દિશામાં જન્મ લેનારા પર્યાપ્ત તેજસ્કાયિકોને પણ યાવત્ ત્રણ સમય જાણવા.

આ બે આલાપકો સૂક્ષ્મ અગ્નિના કહ્યા; કારણ કે બાદર અગ્નિ નરકભૂમિમાં હોતો નથી પરંતુ મનુષ્યલોકમાં તેની વિદ્યમાનતા હોવાથી

અપર્યાપ્તક સૂક્ષ્મ પૃથ્વીકાયિક રત્નપ્રભાના પૂર્વદિશામાં મરીને મનુષ્યલોકમાં અપર્યાપ્ત બાદર અગ્નિકાય તરીકે જન્મે ત્યારે યાવત્ ત્રણ સમય જાણવા.

અપર્યાપ્તક સૂક્ષ્મ પૃથ્વીકાયિકો રત્નપ્રભાની પૂર્વ દિશામાં મરીને મનુષ્યલોકમાં પર્યાપ્ત બાદર અગ્નિકાયમાં જન્મવામાં યાવત્ ત્રણ સમય જાણવા.

( આ પ્રમાણે અગ્નિકાયિકોના ચાર આલાપકો થયા. )

## વાયુકાયિકોની વક્તવ્યતા :

અપર્યાપ્તક સૂક્ષ્મ વાયુકાયિક જીવો રત્નપ્રભાની પૂર્વ-દિશાના ચરમાંતે મારણાંતિક સમુદ્ઘાત કરી, પશ્ચિમ દિશાના ચરમાંતે અપર્યાપ્તક સૂક્ષ્મ વાયુયિક રૂપે જન્મે ત્યારે યાવત્ ત્રણ સમયની મર્યાદા કહી છે.

અપર્યાપ્તક સૂક્ષ્મ વાયુકાયિક પહેલી પૃથ્વીના પૂર્વ-ભાગમાં મરીને પશ્ચિમ ભાગે પર્યાપ્તક સૂક્ષ્મ વાયુકાયિક તરીકે જન્મે ત્યારે સમય મર્યાદા પૂર્વવત્.

આ પ્રમાણે અપર્યાપ્ત બાદર કે પર્યાપ્ત બાદર વાયુકાયિક તરીકે જન્મવામાં પણ યાવત્ ત્રણ સમયની મર્યાદા જાણવી.

## વનસ્પતિકાયિકો માટેની વક્તવ્યતા :

અપર્યાપ્તક સૂક્ષ્મ વનસ્પતિકાયિક જીવો રત્નપ્રભા નારકીની પૂર્વ દિશામાં મારણાંતિક સમુદ્ઘાત કરીને મરણ પામે અને રત્નપ્રભાની પશ્ચિમ દિશાના ચરમાંતે :–

અપર્યાપ્તક સૂક્ષ્મ વનસ્પતિકાયિક રૂપે.

પર્યાપ્તક સૂક્ષ્મ વનસ્પતિકાયિક રૂપે.

અપર્યાપ્તક બાદર વનસ્પતિકાયિક રૂપે.

પર્યાપ્તક બાદર વનસ્પતિકાયિક રૂપે.

જન્મ લેવામાં એક–બે કે ત્રણ સમયની મર્યાદા જાણવી.

ઉપર પમાણે પૃથ્વીકાય, અપ્કાય, તેજસ્કાય, વાયુકાય અને વનસ્પતિકાય આદિ પાંચે સ્થાવરોના સૂક્ષ્મ બાદર પર્યાપ્ત અને અપર્યાપ્ત રૂપે ૨૦ સ્થાનકો થયા.

ઉપરના વિવેચનમાં અપર્યાપ્ત પાંચે સ્થાવરોની વક્તવ્યતા કહી છે, એટલે કે રત્નપ્રભા નામની પહેલી નરકભૂમિની પૂર્વ-દિશાના ચરમ વિભાગમાંથી અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયનો જીવ યદી તે નરકના પશ્ચિમ દિશાના ચરમાંતે સૂક્ષ્મરૂપે, બાદરરૂપે, પર્યાપ્તરૂપે, કે અપર્યાપ્તરૂપે જન્મે તેનાં ચાર સ્થાન અને પાંચ સ્થાવરોના ૪ × ૫=૨૦ સ્થાન થયા.

આ જ પ્રમાણે પર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિક, અપૂકાયિક, અગ્નિકાયિક, વાયુકાયિક અને વનસ્પતિકાયિક જીવો રત્નપ્રભાના પૂર્વ દિશાના ચરમાંતથી નીકળીને તે જ પૃથ્વીના પશ્ચિમ દિશાના ચરમાંતે જન્મે તેના પણ પહેલાની જેમ ૨૦ ભેદ જાણવા. ૨૦+૨૦=૪૦.

અપર્યાપ્ત બાદર પૃથ્વીકાયિક, અપૂકાયિક, અગ્નિકાયિક, વાયુકાયિક અને વનસ્પતિકાયિકના ઉપર પ્રમાણે ૨૦ ભેદ મેળવતાં ૪૦+૨૦=૬૦.

પર્યાપ્ત બાદર પૃથ્વીકાયિકાદિ રત્નપ્રભાના પૂર્વદિશાના ચરમાંતથી નીકળીને પશ્ચિમ દિશાના ચરમાંતે જન્મતા ૬૦+૨૦=૮૦ સ્થાનો જાણવા.

ઉપરની પદ્ધતિ પ્રમાણે પર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિકો, પર્યાપ્ત બાદર પૃથ્વીકાયિકો પણ પહેલી નરકના પૂર્વભાગમાં માંથી સમુદ્ઘાત કરીને પશ્ચિમના અંત ભાગમાં જન્મવાના હોય તે માટે પણ યાવત્ ત્રણ સમયની મર્યાદા જાણવી. પછી ચાહે તે સૂક્ષ્મ, બાદર, પર્યાપ્ત કે અપર્યાપ્ત અપૂકાયમાં, વાયુકાયમાં કે વનસ્પતિકાયમાં જન્મે, મનુષ્યલોકમાં બાદર પર્યાપ્ત કે અપર્યાપ્ત અગ્નિકાયે જન્મે, અથવા નરકાદિમાં સૂક્ષ્મરૂપે જન્મે સૌને માટે યાવત્ ત્રણ સમયની મર્યાદા છે.

ચારે પ્રકારના અપૂકાયિકો, બે પ્રકારના તેજસ્કાયિકો, ચારે પ્રકારના વાયુકાયિકો કે વનસ્પતિકાયિકો ગમે ત્યાં ચારે પ્રકારે જન્મ ધારણ કરે તો પણ યાવત્ ત્રણ સમયની મર્યાદા જાણવી.

રત્નપ્રભાના પૂર્વભાગમાં મારણાંતિક સમુદ્ઘાત કરી શર્કરાપ્રભાના પશ્ચિમમાં કે શર્કરાપ્રભાથી મરીને રત્નપ્રભામાં જન્મે તો પણ પૂર્વવત્.

સમયક્ષેત્ર એટલે મનુષ્યલોકમાં રહેલા પર્યાપ્ત કે અપર્યાપ્ત બાદર તેજસ્કાયિક જીવો મરણ સમુદ્‌ઘાત કરીને મર્યા પછી સાતે નરક ભૂમિમાં, ચારે પ્રકારના પૃથ્વીકાયમાં, બે પ્રકારના અગ્નિકાયમાં, ચારે પ્રકારના વાયુકાયમાં, અને વનસ્પતિકાયમાં જન્મે તો મર્યાદા ત્રણ સમયની છે.

જ્યારે અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિક જીવો અધોલોકની ત્રસનાડીથી બહાર રહીને મરણ સમુદ્‌ઘાતથી મરે અને અપર્યાપ્ત સૂક્ષ્મ, પર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિક અને તેજસ્કાયિક રૂપે ઉર્ધ્વલોકની ત્રસનાડીથી બહાર જન્મે તો યાવત્ ચાર સમયો પણ કહ્યાં છે.

અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિકો અધોલોકની ત્રસ નાડીથી બહારના ક્ષેત્રમાં મારણાંતિક સમુદ્‌ઘાતથી મરી મનુષ્યલોકમાં અપર્યાપ્ત બાદર કે પર્યાપ્ત બાદર અગ્નિકાય રૂપે જન્મે તો યાવત્ ત્રણ સમય.

અપર્યાપ્ત બાદર તેજસ્કાયિકો મનુષ્યક્ષેત્રમાં મરણ સમુદ્‌ઘાત કરી ઉર્ધ્વલોક ક્ષેત્રની ત્રસ નાડીથી બહાર અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિક રૂપે જન્મવામાં પણ યાવત્ ત્રણ સમય જાણવા.

પર્યાપ્ત બાદર તેજસ્કાયિકો માટે પણ પૂર્વવત્.

અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિકો લોકના પૂર્વ ચરમાંતમાં મરીને લોકના પૂર્વ ચરમાંતમાં સૂક્ષ્મ પૃથ્વીકાયિક તરીકે જન્મવામાં યાવત્ ત્રણ સમય.

વિશેષમાં ઉત્તરના ચરમાંતે મરણ પામીને પશ્ચિમ ચરમાંતમાં જન્મ લેવાવાળાઓને માટે એક સમયની ગતિ નથી.

નોંધ :—એકેન્દ્રિય જીવોના ઉત્પાદમાં કેટલા સમય લાગે ? તે માટેની જ વક્તવ્યતા હોવાથી આપણે જોઇ શકયા છીએ

કે કોઈનું પણ જન્મવું તેના પોતાના જ જે સમયે જે જીવ સાથેનો સંબંધ ભોગવવાનો હોય છે અને તે સામેવાળો જીવ અત્યારે જે સ્થળે જન્મેલો હોય છે ત્યાં (તે સ્થાને જ) જન્મ લેવા સિવાય બીજો માર્ગ નથી. ૭૦ કોડાકોડી સાગરોપમનો પ્રવાહબદ્ધ મોહકર્મ છે, જેના કારણે જીવાત્માના આંતર જીવનમાં બીજા જીવો સાથે બંધાયેલા વૈર-વિરોધ-ઈર્ષ્યા-હાસ્ય -મશ્કરી-મારપીટ-લેણદારી-દેવાદારી આદિના સંસ્કારો સ્થાયી થઈને રહેલા છે અને જ્યારે તેનો ઉદયકાળ આવે છે ત્યારે ત્યારે ત્યાં ત્યાં જન્મ લેવો સર્વથા અનિવાર્ય છે. જેમકે માણસ તરસ્યો છે, નદી ખૂબ જોરથી વહી રહી છે. તે ભાઈને પાણી પીવું છે અને પીવા માટે નદીના કિનારે બે-ત્રણ કે ચાર પાંચ સ્થળે ઉઠબેઠ કરે છે. પણ તરસ હોવા છતાં પણ પાણી પીધું નથી. પરંતુ જે સમયે પાણીકાયના જે જીવો પોતાના ભોગમાં આવવાના છે, તે પાણીને જોતાં જ લોટો ભરશે અને પાણી સાથે પાણીકાયના જીવોથી તૃપ્તિ માણશે. આવું પણ બની શકે છે કે-જે જળકાયના જીવોથી અત્યારે તે ભાઈ તૃપ્તિ માણે છે, તે જ જીવો થોડા સમય પહેલા પૃથ્વીકાયાદિરૂપે રહેલા હશે અને ત્યાંથી મરણ પામીને અપૂકાયિકરૂપે અવતરીને પોતાનું વૈર ચૂકવવાને માટે જ્યારે સમય પાકી ગયો હોય છે ત્યારે નદી, નાળા, નળ, કુવા, વાવડી કે વરસાદ આદિમાં અપૂકાયિકરૂપે જન્મશે અને પોતાનું ઋણ પૂર્ણ કરશે. માટે જ એકેન્દ્રિય જીવોનું રૂપાંતર થતું રહે છે. આમાં કર્મસત્તા જ બળવાન છે.

હજારોની સંખ્યામાં આંબાના ફળો પડ્યાં છે, પણ ખરીદી કરનારને અમુક જ આંબા પસંદ કેમ પડ્યાં? બીજા ફળો ખરાબ છે એમ તો કહી શકાય નહીં. ત્યારે જ માનવું જ રહ્યું

કે, જે આંબાના જીવો જે સમયે જે ભોક્તાના ભોગ્ય હશે, તે આંબા તેના જ હાથે પડશે. અને ભોક્તા ( ખાનાર ) પણ પહેલા તો આંબાની સુવાસથી હરખાઇને રાજી રાજી થશે. પછી તે રાગ જ્યારે દ્વેષમાં પરિણત થશે ત્યારે ઠંડા પાણીની ડોલમાં તેમને નાંખશે, થોડીવાર પછી તે ડોલમાંથી એક એકને બહાર કાઢીને મુલાયમ હાથે અને જોરદાર હાથે તે આંબાઓને મસળી મસળીને નરમ કરશે. તેની રગેરગમાંથી રસ કાઢશે. અને હરખાતો હરખાતો તે રસને તે અત્યાસક્તિપૂર્વક આરોગવા બેસશે અને પોતાનું ઋણ તે જીવો સાથેનું પૂર્ણ કરશે. જ્યારે આંબાના જીવો પોતાનું વૈરનું ઋણ ચૂકવીને છુટા પડશે અને પોતાનો ભવ પૂર્ણ કરીને બીજા નવા અવતારને ગ્રહણ કરશે.

એક થાળીમાં ૮-૧૦ આંબાના ટૂકડા પડ્યાં છે, પણ તમારા નશીબમાં તો તેટલા જ ટૂકડા આવશે કે જેના તમે આજના દિવસ માટે ભોક્તા છો ! માટે જ વૃદ્ધ પુરુષો કહે છે 'ગેહુંના દાણા દાણા પર ખાનારનું નામ લખાઈ ગયેલું હોવાથી તમારા ભાણામાં આવેલી એ રોટલી જેના તમે અત્યાર સમય પૂરતા ભોક્તા છો અને એ રોટલી પ્રમાણના ગેહુંના દાણા તમારા માટે ભોગ્ય છે તેથી પચાસ રોટલીના થોકડામાંથી તમારા નશીબની જ એ રોટલી તમને મળશે અને તે દિવસ પૂરતી તમારી ભૂખ મટી જશે. આ કારણે પૃથ્વીકાયિક કે અપ્કાયિક જીવો મનુષ્યલોકમાં અગ્નિકાયરૂપે બનશે અને વાયુકાયિક જીવોનું ભક્ષણરૂપ કાર્ય પૂર્ણ કરી તથા પોતાની તૈજસ ગરમીમાં બીજાઓનું હનન કરશે અને રસોઇના પાક દ્વારા બીજાઓને તૃપ્ત કરશે.

સારાંશ કે આ સૃષ્ટિના સંચાલનમાં પોતપોતાના કરેલા કર્મો જ કામ કરી રહ્યાં છે, માટે જ એક જીવ ભોક્તા છે

અને બીજો ભોગ્ય બને છે. એક ઘાતક અને બીજા ઘાત્ય છે. એક માર મારે છે, ગાળો ભાંડે છે, અને બીજો સહનશીલ બને છે. આ પ્રમાણે સંસારના અનંત જીવો તમારી આંખને પ્રત્યક્ષ છે, જેમાં સૌના કર્મો જૂદા, ફળો જુદા, રૂપ અને સ્વભાવ જુદા, સંસ્કારો અને સ્વભાવો જુદા, આંખોના રંગો, જીભની કડવાશ, અને હૈયાના ભાવો જુદા, કોઈના જોવા પૂરતા સારા, બીજાના ખરાબ, કોઈ જીવ આપણી આંખને ગમે છે, બીજો નથી ગમતો, કોઈની સાથે રહેવામાં, બેસવામાં ગમે છે, જ્યારે બીજાની સાથે ક્લેશ થતા વાર લાગતી નથી. એકના હૈયામાંથી અમૃત નીકળશે જ્યારે બીજાના હૈયામાંથી ઝેરનું વમન થશે, એક આપીને, બીજો લઈને, ત્રીજો ઠગીને, ચોથો ઠગાવીને રાજી થશે. કેટલાક જીવો બીજાના પગે ચગદાઈને મરે છે, કોઈક મોટરગાડી નીચે આવીને મરે છે. કોઈક માખી, મચ્છર, માંકણ, ઉંદરા આદિ વિષયુક્ત દવાથી મારે છે. જ્યારે બીજો ભાવદયાથી સૌને બચાવે છે. એક દૂધનો વાટકો પીવડાવે છે, બીજો પીવે છે, જ્યારે ત્રીજો ઝેરનો વાટકો પીવડાવે છે.

સાકરટેટી, કારેલા, કંકોડા, પપૈયા અને આંબાના જીવોની છાલને એક માણસ ઉતારે છે, ટૂકડા કરે છે અને બીજો સ્વાદપૂર્વક ખાય છે. એકના હાથે એકનો એકસીડંટ થાય છે, બીજો તેને હોસ્પીટલમાં લઈ જાય છે અને ડૅાકટર જીવિતદાન આપે છે. આ પ્રમાણે અને આના જેવા બીજા પ્રકારે આખોય સંસાર આપણી સામે છે. આમ થવાનું કારણ શું ? તેને શોધવું જ સમ્યગ્જ્ઞાન કહેવાય છે, બાકી બધુંય મિથ્યાજ્ઞાન છે. આપણે સમ્યગ્જ્ઞાન મેળવીને પરમાત્મપદના આરાધક બનીએ, ત્યારે જ આપણને એક બીજા નાના મોટા જીવોને બચાવવાના ભાવ ઉત્પન્ન થશે અને જીવમાત્રના મિત્ર બનતા વાર લાગશે નહીં.

શાસ્ત્રકારોએ કહ્યું કે પૂરું બ્રહ્માંડ નિશાળરૂપે છે. 'તમારી આંખમાં યદિ નિશાળીયાપણું હશે તો તમને અભૂતપૂર્વ અનુભવજ્ઞાન મળશે, જેનાથી તૃપ્ત થઈને અનંતાનંત જીવો સાથે તમારે મૈત્રી થશે, વધશે અને સમાધિની પ્રાપ્તિ થશે.

## પૃથ્વીકાયિક આદિ જીવોના સ્થાનો ક્યાં છે ?

હે દેવાધિદેવ ભગવંત! બાદર પૃથ્વીકાયિક જીવોના સ્વસ્થાનો ક્યાં ક્યાં છે? એટલે કે તે જીવો સ્વસ્થાનની અપેક્ષાએ ક્યાં ક્યાં રહે છે?

જવાબમાં ભગવંતે કહ્યું કે હે ગૌતમ! બાદર પર્યાપ્તક પૃથ્વીકાયિક જીવો રત્નપ્રભા પહેલી નરકથી લઈ તમસ્તમા આદિ સાતે નરક પૃથ્વીમાં અને ઈષત્પ્રાગ્ભારા (સિદ્ધશિલા) પૃથ્વીમાં આમ આઠે પૃથ્વીઓમાં તેમના સ્થાનો છે. રત્નપ્રભા પૃથ્વી એક લાખ એંશી હજાર યોજનની જાડાઈવાળી છે, તેમાં બાદર પૃથ્વીકાયિકો છે યાવત્ સિદ્ધશિલામાં પણ તે જીવો છે. તે ઉપરાંત અધોલોકમાં નીચે પ્રમાણે જાણવા.

(1) પાતાલ કળશા :–મેરૂપર્વતની ચારે દિશામાં જમ્બૂદ્વીપની વેદિકાથી લવણસમુદ્રમાં ૯૫૦૦૦ યોજન અંદર ગયા પછી ચારે દિશામાં ચાર પાતાલકળશા છે. તેમની ઠીકરી જ ૧૦૦૦ યોજનની જાડાઈવાળી છે અને મુખનો ભાગ ૧૦૦૦૦ યોજન છે. ચારે દિશાના ચારે કળશાનું વચલું વચલું અન્તર, એક લાખ સત્તાવીશ હજાર એક સો સીતેર (૧૨૭૧૭૦) યોજનનું છે. આ કળશાઓનું નામ વડવામુખ, કેયૂપ, યૂપ અને ઈશ્વર છે. તેમના અધિપતિ પલ્યોપમના આયુષ્યવાળા,

કાળ, મહાકાળ, વેલંબ અને પ્રભંજન નામે અનુક્રમે દેવો છે. એક એક કળશના ત્રણ ભાગ કરતાં પહેલા 33333 યોજન તૃતીયાંશમાં કેવળ વાયુકાયિકો અર્થાત્ વાયુ જ છે, વચલા તૃતીયાંશમાં વાયુકાયિકો અને અપ્કાયિકો છે, એટલે પાણી અને હવા સાથે છે, જ્યારે ઉપરના તૃતીયાંશમાં કેવળ પાણી જ છે. અહોરાતના ૨૪ કલાક દરમ્યાન બે વાર પ્રાકૃતિક રીતે વાયુકાય ઉછાળા મારે છે અને પાતાલ કળશાઓનું પાણી લવણસમુદ્રમાં ઠલવાય છે તેને ભરતી કહેવાય છે. દિવસમાં બે વાર ભરતી આવે છે. ઠલવાતા પાણીની પાછળ વાયુનો જબરજસ્ત ધક્કો લાગવાથી સમુદ્રની ભરતી ભારે તોફાનવાળી છે. તેવા સમયે ૧૭૪૦૦૦ નાગકુમાર દેવો બંને હાથ પહોળા કરીને ધસમસતા ભરતીના પાણીને રોકી રાખવાનો પ્રયત્ન કરે માટે ભરતી મર્યાદા બહાર જતી નથી. દિવસમાં બબ્બેવાર લાખોની સંખ્યામાં દેવો શા માટે આટલો પ્રયત્ન કરે છે? જવાબમાં કહેવાયું છે કે:-ભારતદેશ અને ઐરાવતદેશમાં અહિંસા, સંયમ અને તપોધર્મની આરાધના કરનાર, મહાવ્રતધારી, દેશવિરતિધરો, સાધ્વીજી મહારાજો, શિયળસમ્પન્ન પુણ્યાત્માઓ, તપસ્વીઓ, તીર્થસ્થાનો આદિના પુણ્યપ્રભાવે જ દેવો સમુદ્રને મર્યાદામાં રાખે છે. આ પાતાળકળશાઓ પોતે પૃથ્વીકાયિકો છે.

(2) ભવન:-પહેલી નરકભૂમિની જાડાઈમાંથી ઉપર નીચે એક એક હજાર યોજન છોડી શેષભૂમિમાં ભવનપતિ દેવોના ભવનો છે, જે પૃથ્વીકાયિકો છે.

(3) ભવનપ્રસ્તર:-ભવનપતિ દેવોના ભવનો વચ્ચેની જમીનને ભવન પ્રસ્તર કહેવાય છે, જેમાં પૃથ્વીકાયિકો જન્મે છે.

(4) નરક:-એટલે છુટાછુટા નરકાવાસો.

(5) નરકપ્રસ્તરઃ-નરકાવાસીઓની વચ્ચેની જમીન.

(6) નરકાવલીઃ-પંક્તિબદ્ધ નરકાવાસો.

(7) ઉર્ધ્વલોકમાં સૌધર્મલોકથી અચ્યુત નામના બાર દેવલોકમાં, વિમાન એટલે છુટાછુટા ગ્રૈવેયક વિમાનોમાં, વિમાન પંક્તિઓમાં, તેના વચ્ચેની જમીનમાં પૃથ્વીકાયિકો છે.

(8) તિરછાલોકમાંઃ-ટંકોમાં, સિદ્ધાયતનાદિ કૂટોમાં, શિખરવાળા અને શિખર વિનાના પર્વતોમાં, કચ્છ આદિ વિજયોમાં, વિદ્યુત્પ્રભા આદિ વૃક્ષસ્કાર પર્વતોમાં, ભરત આદિ ક્ષેત્રોમાં, હિમવાન આદિ પર્વતોમાં, વેળાઓમાં એટલે સમુદ્ર આદિના પાણીની રમણભૂમિમાં, ભરતી સમયે પાણીની ભૂમિમાં, જંબૂદ્વીપની જગતી આદિ વેદિકાઓમાં, વિજયાદિ દ્વારોમાં, તોરણોમાં, તેમજ બધાય દ્વીપ તથા સમુદ્રમાં બાદર પર્યાપ્ત પૃથ્વીકાયિક જીવોના સ્વસ્થાન છે. એટલે કે ઉપરના સ્થાનોમાં પૃથ્વીકાયના જીવો છે. તેમ છતાં પણ તે જીવોને લોકના અસંખ્યાતમા ભાગમાં જ જાણવા. ઉપપાત અને સમુદ્દ્ઘાતની અપેક્ષાએ પણ લોકના અસંખ્યાત ભાગે જ બાદરપૃથ્વીકાયિકો છે. જ્યારે અપર્યાપ્ત બાદર પૃથ્વીકાયિકો ઉપપાત અને સમુદ્દ્ઘાતને લઇ સર્વલોકમાં છે, પણ સ્વસ્થાનની અપેક્ષાએ લોકના અસંખ્યાતમા ભાગમાં જાણવા.

સૂક્ષ્મ પર્યાપ્ત કે અપર્યાપ્ત પૃથ્વીકાયિકો ઉપપાત, સમુદ્દ્ઘાત અને સ્વસ્થાનથી લોકવ્યાપી છે.

## અપ્કાયિક જીવોના સ્વસ્થાનો :

હે ગૌતમ ! બાદર પર્યાપ્ત અપ્કાયિકો (પાણીના જીવો) સ્વસ્થાને લઈ સાત ઘનોદધિમાં, સાત ઘનોદધિ વલયોમાં, અધોલોકમાં, પાતાલકળશોમાં, ભવનોમાં, ભવનપ્રસ્તરોમાં, ઉર્ધ્વલોકમાં,

કલ્પોમાં, વિમાનોમાં, વિમાનાવલિકાઓમાં, વિમાનપ્રસ્તરોમાં, તળાવ, નદી, હ્રદ, વાવડી, પુષ્કરિણી, દીર્ઘિકા, ગુંજાલિકા, સરોવર, સરોવરપંક્તિ, સરઃસરઃપંક્તિ, બિલ, બિલપંક્તિ, ઝરણા, છિલ્લર, પલ્વલ, વપ્ર, દ્વીપ, સમુદ્ર, જળાશય આદિમાં પાણીના જીવો કહ્યાં છે. જે ઉપપાત સમુદ્ઘાત અને સ્વસ્થાનથી લોકના અસંખ્યાતમા ભાગે છે.

એક લાખ એંશી હજાર યોજન (૧૮૦૦૦૦) પ્રમાણવાળી નરકની પહેલી ભૂમિ સમાપ્ત થયા પછી, અર્થાત્ પૃથ્વી શેષનાગ કે કાચબા સ્થિત નથી પણ ઘનોદધિ વલયો પર આધારિત્ત છે, યાવત્ સાતમી પૃથ્વીના નીચે પણ ઘનોદધિ વલયો છે, તેમાં અપ્કાયિક જીવો છે.

પાતાલ કળશા-લાખ યોજનની ઉંચાઈવાળા છે. તેના બીજા તૃતીયાંશમાં દેશથી અને ત્રીજા તૃતીયાંશમાં અર્થાત્ ૩૩૩૩૩ યોજન પ્રમાણના પેટવાળા ત્રીજા ભાગમાં આવા ચાર કળશા મોટા અને નાના કળશો જૂદા તેમાં અપ્કાયિકો છે.

ભવન, કલ્પ અને વિમાનોમાં પાણીની વાવડીઓ છે. સૂત્રમાં વિમાન શબ્દ છે માટે ગ્રૈવેયક આદિમાં વાવડીઓ નથી. કુવા, તલાવ ગામડે ગામડે છે. ગંગા, સિંધુ આદિ મોટી અને તે ઉપરાંત બીજી નદીઓ જાણવી. પદ્મહ્રદ આદિ દ્રહો, વાવડીઓ ચાર ખુણાની હોય છે, તથા ત્રણ ખુણાની પુષ્કરિણી જાણવી. દીર્ઘિકા એટલે તોફાન વિના સીધી ચાલે ચાલનારી છે અને વાંકી અર્થાત્ તોફાન કરતી ચાલનારી નદીને ગુંજાલિકા કહેવાય છે. પુષ્પોથી યુક્ત સરોવર, એક પંક્તિમાં સરોવર હોય તે સરઃપંક્તિ જાણવી. તેવી ઘણી પંક્તિઓને સરઃસરઃપંક્તિ કહેવાય છે. જગતી વગેરે સ્થળે સ્વાભાવિક નાના કુવાને બિલ કહેવાય છે.

પર્વતના પાણીને ઝરણા, છિલ્લર એટલે નહીં ખોદેલા અને થોડા પાણીવાળા જમીન કે પર્વતના પ્રદેશો, પલ્વલ નહીં ખોદેલા સરોવરો ( ખાબોચીયા ) વપ્ર એટલે કયારાઓ, ઇત્યાદિ બધાય સ્થળોમાં બાદર પર્યાપ્તક અપૂકાયિકો છે. લવણસમુદ્ર બે લાખ યોજનનો છે. ત્યારપછી ડબલ ડબલ ( બે બે ગુણા ) પરિમાણે યાવત્ અસંખ્યાતમો સમુદ્ર સ્વયંભૂરમણ છે. આ પ્રમાણે અસંખ્ય સમુદ્રો, દ્રહો, સીતા, સીતોદા, ગંગા, યમુના આદિ આદિ જબરજસ્ત અસંખ્યાત નદીઓ, પદ્મહ્રદ આદિ સમુદ્રને પણ યાદ દેવડાવે તેવા હ્રદોમાં પાણીકાયના જીવો છે.

પાણીના એક જ બૂંદમાં પાણીકાયના જીવો જુદા છે, તેમાં ઉત્પન્ન થનારા ત્રસ જીવો જુદા છે, અને સેવાળ આદિમાં અનંતકાયિક જીવો જુદા છે. સારાંશ કે એક બૂંદમાં ત્રણ પ્રકારના જીવો છે. વૈજ્ઞાનિકોને ત્રસ જીવો જ દેખાયા છે જેની સંખ્યા ૩૬૪૫૦ની છે. પરંતુ પાણીરૂપી શરીરમાં રહેલા પાણીકાયના જીવો અને "યત્ર વારિ તત્ર વનસ્પતિ" આ સિદ્ધાંતે સેવાળમાં રહેલા જીવો શી રીતે દેખાવાના હતાં? હવે એક બૂંદ( આંગળીપરથી ટપકતું એક જ ટીપું )માં જ જ્યારે અનંત જીવો છે, તો ઢગલાબંધ સમુદ્રોમાં સ્થિત પાણીના જીવોને તેત્રીસ કરોડ દેવોની સાત પેઢીઓ ગણતા-ગણતા થાકી જાય તો પણ પાર શી રીતે આવે? આ બધી વસ્તુસ્થિતિ જોયા પછી જ ખ્યાલ આવે છે કે જીવો ભલે અગણિત સંખ્યામાં મોક્ષે જાય તો પણ જીવ વિનાનો સંસાર શી રીતે થઇ શકે? સારાંશ કે અનંત વિત્યા પછી પણ સંસારના જીવો સમાપ્ત થાય તેમ નથી. આ કારણે જ સંસારને અગાધ કહ્યો છે.

## અગ્નિકાયિકોના સ્વસ્થાનો :

હે ગૌતમ ! સ્વસ્થાન વડે મનુષ્યક્ષેત્રના અઢી દ્વીપમાં, સમુદ્રોમાં તથા પ્રતિબંધ ન હોય તો પંદર કર્મભૂમિમાં અન્યથા પાંચ મહાવિદેહ ક્ષેત્રમાં પર્યાપ્તબાદર અગ્નિકાયના જીવોના સ્વસ્થાનો છે. જંબૂદ્વીપ, ધાતકીખંડ અને અર્ધપુષ્કર દ્વીપ તથા લવણસમુદ્ર અને કાલોદધિ સમુદ્ર અઢીદ્વીપ જાણવા. પ્રતિબંધ ન હોય એટલે કે અતિ રૂક્ષ કે અતિ સ્નિગ્ધકાળ ન હોય ત્યારે પંદર કર્મભૂમિમાં અન્યથા મહાવિદેહ ક્ષેત્રમાં અગ્નિકાયિકો જાણવા. પાંચ ભરત અને પાંચ ઐરાવત ક્ષેત્રમાં સુષમાસુષમા, સુષમા અને સુષમદુષ્મા આ ત્રણ આરા અતિ સ્થિગ્ધકાળવાળા જાણવા તથા દુ:ષમદુ:ષમ નામનો છઠ્ઠો આરો અતિ રૂક્ષ કહેવાય છે, તે કાળોમાં અગ્નિનો વિચ્છેદ હોય છે માટે જ આ અવસર્પિણીના ત્રીજા આરાનો ચરમ ચરણ પણ સમાપ્ત થવાની તૈયારીમાં હતો ત્યારે અગ્નિની ઉત્પતિ થઈ હતી જે પાંચમા આરાના અંતિમ દિવસે લોપ થશે. લવણ અને કાલોદધિ સમુદ્રમાં વડવાગ્નિ હોય છે.

## વાયુકાયિકોના સ્વસ્થાન :

સાત ઘનવાત, સાત ઘનવાત વલય, સાત તનુવાત, સાત તનુવાત વલય, પાતાલ કળશાઓ, ભવનો, ભવન પ્રસ્તરો, ગવાક્ષો, નરકો, નરકાવલિકા, પ્રસ્તરો, કલ્પો, વિમાનોમાં તથા ચારે દિશાના લોકાકાશમાં પર્યાપ્ત બાદર વાયુકાયિકોના સ્વસ્થાન છે. શેષ પૂર્વવત્.

## વનસ્પતિકાયિકોના સ્વસ્થાન :

સાત ઘનોદધિ, ઘનોદધિવલય, પાતાળકળશા, ભવનપતિના ભવનો, પ્રસ્તરો, કલ્પો, વિમાનો, વિમાનાવલી ઈત્યાદિ

સ્થાનોમાં વનસ્પતિકાયિકો રહે છે. કેમકે-" જ્યાં જ્યાં પાણી હોય ત્યાં ત્યાં વનસ્પતિ હોય છે."

શેષ હકિકતો પ્રજ્ઞાપનાસૂત્રના બીજા પદ વડે જાણવી.

## એકેન્દ્રિયોને કર્મપ્રકૃતિઓ કેટલી હોય છે ?

હે પ્રભો ! અપર્યાપ્ત સૂક્ષ્મ એકેન્દ્રિય જીવોને કર્મ-પ્રકૃતિઓ કેટલી કહી છે એટલે કે સત્તામાં કેટલી કહેલી છે ? પ્રશ્ન અપર્યાપ્ત સૂક્ષ્મ જીવોને માટે છે, પરંતુ યાવત્ શબ્દથી ચારે પૃથ્વીકાયિકો માટે જાણી લેવું.

જવાબમાં ભગવંતે કહ્યું કે હે ગૌતમ ! તેમને આઠે કર્મો હોય છે, કેમકે-માયાવશ અને મિથ્યાત્વવશ કરાયેલા કર્મો જ્યાં સુધી વેદવામાં ન આવે ત્યાં સુધી તેમની સત્તા જૈન શાસનને સ્વીકાર્ય છે. પૃથ્વીકાયના ચારે ભેદોના જીવોને આઠે કર્મો કહ્યાં છે, તેવી રીતે બીજા એકેન્દ્રિયો માટે પણ જાણી લેવાનું છે.

## એકેન્દ્રિય જીવો કેટલી કર્મપ્રકૃતિઓને બાંધે ?

હે પ્રભો ! પાંચે પ્રકારના એકેન્દ્રિય જીવો કેટલી કર્મ-પ્રકૃતિઓનો બંધ કરી શકે ?

જવાબમાં ભગવંતે કહ્યું કે હે ગૌતમ ! તે જીવો આયુષ્ય-કર્મનો બંધ યદી ન કરે તો સાત કર્મોને બાંધે છે અને આયુષ્યનું બંધન કરે તો આઠે કર્મોનું બંધન માન્ય છે. પ્રશ્ન પૃથ્વીકાયિકોનો હોવાથી બાકીના એકેન્દ્રિયોને માટે પણ જાણવું.

આ જીવો પાસે કેવળ એક જ સ્પર્શેન્દ્રિય હોય છે, પરંતુ તેમને ભાવેન્દ્રિયો અને ભાવમન વિદ્યમાન હોવાના કારણે આ એકેન્દ્રિયાવતારમાં પણ પ્રતિસમય જે કંઈ કર્મોનું બંધન કરે છે તેમાં ભાવમનની જ મુખ્યતા છે; કેમકે તેમને સમ્યક્ત્વની સર્વથા ગેરહાજરી હોવાથી મિથ્યાત્વના જ ઉદય-વાળા છે. માટે આ જીવો અસંયમી, અવિરતિ, અપ્રત્યાખ્યાની હોવાના કારણે પ્રતિ સમયે નવા નવા કર્મોનું બંધન અનિવાર્ય છે. માટે જ કહેવાયું છે કે "બધાય શસ્ત્રો કરતાં અસંયમ જ મોટામાં મોટું શસ્ત્ર છે" જીવ ચાહે એકેન્દ્રિય હોય કે પંચેન્દ્રિય હોય, સમ્યક્ત્વી હોય કે મિથ્યાત્વી હોય, યદી તે અસંયમી છે તો, નવા પાપકર્મોને બાંધ્યા વિના બીજો માર્ગ નથી.

## સંયમ અને અસંયમ એટલે શું ?

સદ્બુદ્ધિ અને સદ્વિવેકપૂર્વક શુદ્ધાનુષ્ઠાનોમાં કે શુભાનુ-ષ્ઠાનો દ્વારા આત્માને, મનને, બુદ્ધિને, ઇંદ્રિયોને તથા શરીરને પાપકર્મોથી, પાપવાસનાઓથી તથા ગંદી ચેષ્ટાઓથી દૂર રાખવો તે સંયમ છે. જ્યાં સુધી અનંતાનુબંધી કષાયોનું તથા મિથ્યાત્વની ત્રણે પ્રકૃતિઓનું ઉપશમન, ક્ષયોપશમન કે ક્ષય થાય નહીં ત્યાં સુધી જીવમાત્રને આવો સંયમ અશક્ય હોવાથી, પાપમાર્ગો, પાપ વાસનાઓ, કે પાપ ચેષ્ટાઓ, કોઈકાળે પણશાંત થતી નથી. માટે જ કહેવાયું છે કે જીવ ચાહે એકેન્દ્રિય હોય કે ઉપચારથી દેવ કે મનુષ્ય હોય યદી તે અસંયમી, અવિરતિ અને અપ્રત્યાખ્યાની છે તો પ્રતિ સમયે સાત કે આઠ કર્મોને બાંધનારો બનશે અને જે જીવાત્મા ઉપર પ્રમાણે વધારેને વધારે પાપકર્મોથી વજનદાર બનતો હોય તે ચાહે દેવ હોય કે

મનુષ્ય હોય, રાજા હોય કે મૂંછ પર લીંબુ ટકાવનાર કરોડાધિપતિ હોય કે હીરામોતીના આભુષણોથી પૂનમના ચાંદ જેવી રાણી હોય કે શેઠાણી હોય સૌને ભવાંતરમાં એકેન્દ્રિયાવતારને પામ્યા વિના બીજો એકેય માર્ગ નથી.

૮૪ લાખ જીવાયોનીના અનંતાનંત જીવોને માટે એકેન્દ્રિય જાતિને માતાની સમાન કહેવામાં આવી છે. કેમકે જીવમાત્ર સૌથી પહેલા સૂક્ષ્મનિગોદનો જ માલિક હોય છે, કદાચ ઉત્ક્રાંતિ કર્યા પછી ઉપર આવે તો પણ અસંયમના કારણે અપક્રાંતિ કરીને ફરીથી એકેન્દ્રિયાવતાર જ ભાગ્યમાં રહે છે. ત્રસ યોનિમાં પણ પંચેન્દ્રિય મનુષ્યાવતારને પામે, રૂડા રૂપાળા શરીર મેળવે, રાજ્યસત્તા તથા દેવલોકનો દેવ બને; ત્યાંથી ચ્યવીને ફરીથી રાજા–મહારાજા, પ્રધાનમંત્રી, ગૃહમંત્રી, નાણામંત્રી બને, નાની મોટી સંસ્થાઓનો સક્રેટરી, અધ્યક્ષ કે સર્વતંત્ર સ્વતંત્ર સત્તાધીશ બને તો પણ ૨૦૦૦ સાગરોપમની મર્યાદામાં યદી કેવળજ્ઞાન મેળવી ન શકયો તો ફરીથી એકેન્દ્રિયાવતારને મેળવ્યા વિના જીવ વિશેષને માટે પણ છુટકો નથી. અત્તરની વાવડીઓમાં સ્નાન કરનારા દેવો પણ મર્યાદાથી બહાર જઈને, વિષયવાસનાના કીડા બનશે તો તેમના માટે પણ એકેન્દ્રિય યોની ભાગ્યમાં રહેશે. આ કારણે જ સૌને માટે એટલે કે અસંયમી, અવિરતિ, પ્રત્યાખ્યાન વિનાના, પાંચે ઇન્દ્રિયોના ગુલામોને માટે અપક્રાંતિ કરવાની રહેશે અને સ્થાવર નામકર્મની નિકાચના કરીને એકેન્દ્રિયત્વ ભાગ્યમાં લખાશે.

યદ્યપિ અસંયમી જીવો બે પ્રકારના હોય છે. એક તો સમ્યગ્દષ્ટિસમ્પન્ન અને બીજો મિથ્યાદષ્ટિસમ્પન્ન; માટે જ જૈન શાસનનો નિર્ણય છે કે જ્યાં જ્યાં અસંયમ છે ત્યાં ત્યાં

મિથ્યાત્વ હોય કે ન પણ હોય, પરંતુ જ્યાં જ્યાં મિથ્યાત્વ છે ત્યાં ત્યાં અસંયમને નકારી શકાય તેમ નથી.

સમ્યગ્દૃષ્ટિસમ્પન્ન જીવ યદ્દી અસંયમી હોય તો પણ તેમના જીવનમાં રહેલા અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની અને સંજ્વલન કષાયોમાંથી અનંતાનુબંધિત્વનો રસોદય પ્રાયઃ કરીને ઉપશમિત થયેલું હોવાથી પાપોનું ગંદાપણું, વિષયોની ઉત્કટ લાલસા, ભોગેચ્છા પ્રત્યેની અત્યાસક્તિ પણ તાકાત વિનાની થઇ ગયેલી હોવાથી તે પુણ્યાત્માને પાપોની ઓળખાણ થઈ ગયેલી હોવાથી, નવા કર્મોના બંધનમાં રસ તથા સ્થિતિનું જોર હોતું નથી. આ કારણે જ થયેલા દુષ્કૃત્યો તથા અતિ-ચારોની સાચા મને માફી માંગવાથી પણ તે પાપોનું નિરસન થતાં વાર લાગતી નથી. જ્યારે મિથ્યાત્વસમ્પન્ન જીવને મિથ્યા-ત્વની જોરદાર અસર વર્તતી હોવાથી તેમના જીવનમાં કષાયોનું પ્રાબલ્ય હોવાથી મદિરાપાનના નશામાં બેભાન બનેલાની જેમ તે જીવાત્માની સ્થિતિ પણ ધર્મને અધર્મ, અધર્મને ધર્મ સમજવાની હોય છે.

દેવગતિપ્રાપ્ત દેવોમાં જે મિથ્યાત્વસમ્પન્ન છે તેમને વિષયવાસનાના ભોગવિલાસોમાં તીવ્રતા વધારે હોવાથી, તેમજ પોતાના દ્વેષીઓને શાપ અને રાગીઓને આશીર્વાદ દેવાના ચક્કરમાં ફસાયેલા હોવાથી સદ્બુદ્ધિ અને સદ્વિવેક ધર્મો તેમના પ્રાયઃ લુપ્ત થયેલા હોવાથી એકેય ધર્મ કે ધાર્મિક કૃત્યોને સદ્વિવેકપૂર્વક કરવા માટેની ભાવનાવાળા હોતા નથી. આ કારણે જ તામસિક અને રાજસિકભાવના સ્વામી દેવોને પણ પુણ્યકર્મો ભોગવાઇ ગયા પછી 'तामसा वै अधोगच्छन्ति' આ સૂત્રે એકેન્દ્રિયાવતાર જ તેમને સુલભ રહે છે.

આવા દેવોને માટે મનુષ્યાવતાર એટલા માટે જ દુર્લભ છે કે, તેઓ દેવલોકમાં રહીને પણ મનુષ્યત્વને યોગ્ય વિષય-વાસનાની વિરમણતા આદિ સત્કાર્યો કરી શકતા નથી.

જ્યારે સમ્યગ્દૃષ્ટિસમ્પન્ન દેવો વિષયવાસનાથી વિરામ પામીને પણ સર્વથા સ્વાધીન દેવતાઈ સુખોને તિલાંજલી આપી અરિહંત પરમાત્માના પાંચે કલ્યાણકોમાં, તેમની ભક્તિમાં અહિંસા, સંયમના પ્રચારમાં અહિંસક, શિયળસમ્પન્ન માનવોના સંરક્ષણમાં સદૈવ તૈયાર જ હોય છે. તેથી તેઓ મનુષ્યાવતારને, તેમાં પણ ઉચ્ચ ખાનદાન, અહિંસક કૂળ, સંયમી વાતાવરણ અને દૈવી ગુણોથી સમ્પન્ન માતા–પિતાઓના ઘેર જન્મ ધારણ કરે છે, અને બાલ્યકાળથી જ ધાર્મિક ભાવનાવાળા, અહિંસક, સદાચારી અને સંયમના પ્રેમી બને છે. આ જીવો મનુષ્યના ભોગોને વિપુલ પ્રમાણમાં પ્રાપ્ત કરે છે પણ ભોગોપભોગ-વિરમણ વ્રતની આરાધનાથી ભોગ સાધનોને મર્યાદિત–સંયમિત કરી ભોગમાં પણ યોગની સાધના કરે છે. બુદ્ધિની તીવ્રતા અને પુણ્યકર્મના પ્રાચુર્યમાં પણ ‘અનર્થદંડવિરમણ વ્રત’ ઘણા નિરર્થક પાપોના દ્વાર બંધ કરીને પોતાનું જીવન પવિત્ર બનાવે છે. કેમકે જ્યાં જૈનત્વની આરાધના છે, ત્યાં નિદાનગ્રસ્તતા (નિયાણાથી બંધાયેલું જીવન) હોતી નથી અને જ્યાં નિદાન-ગ્રસ્તતા છે ત્યાં બોધિલાભ, વ્રત ધારણ અને પાલન સુદુર્લભ બનવા પામે છે.

આ કારણે જ મિથ્યાત્વને જ અસંયમ કહ્યો છે અને અસંયમી જીવન તલવાર, બંધુક તથા અણુબોમ કરતાં પણ ભયંકરમાં ભયંકર ખતરનાક છે, કેમકે આવા જીવનમાં પરિગ્રહ, ક્રોધ, કષાય, વિષયવાસના, ઇન્દ્રિયોની ભોગલાલસા ઉપરાંત સંસારની મિથ્યા પ્રતિષ્ઠાની મર્યાદા જીવતી રાક્ષસી કરતાં પણ

ભૂંડી હોય છે, તેને વશમાં લેવા માટે અસંયમી આત્મા પાસે એકેય આધ્યાત્મિક શક્તિ હોતી નથી. માટે જ આ જીવો ગમે ત્યારે અને ગમે તેવી પરિસ્થિતિમાં પણ રણમેદાનોની પરિસ્થિતિ ઉભી કરી શકે છે અને અવસર જોઈને ઘા કરી લેતા વાર લગાડતા નથી. વિષયવાસનાના ભોગવિલાસોમાં મસ્ત બનીને ગમે તે માર્ગે પણ ઇન્દ્રિયોના ઘોડાઓને તોફાને ચડાવી શકે છે. પરિગ્રહના ગુલામ બનીને લાખો કરોડોની માલમત્તા ભેગી કરે છે. તેનો ઉપયોગ શરાબપાનમાં, પરસ્ત્રી-ગમનમાં, વેશ્યાગમનમાં, જુગારમાં કરીને તથા ઇન્દ્રિયોની ઉત્તેજના માટે સુવર્ણભસ્મ, અભ્રકભસ્મ, લોહભસ્મ, ઉપરાંત મલાઈ ભરેલા દૂધના વાટકા ગટગટાવી લેવાનો અવસર ભૂલી શકતા નથી, માટે આવા મનુષ્યો પણ સાતે કર્મોના ભારથી વજન-દાર બનેલા હોવાથી એકેન્દ્રિયાવતારને મેળવે તે અસંગત નથી.

( ઉપરની વાતો સૂક્ષ્મ અપર્યાપ્તક પૃથ્વીકાયિકોથી લઈને બાદર વનસ્પકાયિકો સુધી જાણવી. )

## પૃથ્વીકાયિક જીવો કેટલી પ્રકૃતિઓના વેદક છે ?

હે પ્રભો ! અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિક જીવો કેટલી કર્મ પ્રકૃતિઓને વેદે છે ? કર્મોના ભોગવટાને વેદન, વિપાક તથા રસાનુભવ કહેવાય છે.

જવાબમાં ભગવંતે કહ્યું કે હે ગૌતમ ! નિકૃષ્ટતમ પાપ-કર્મોના ઉદયને ભોગવનારા સૂક્ષ્મ અર્યાપ્તક પૃથ્વીકાયિક જીવો હોય છે. જેઓ પોતાના સ્થાનમાં રહીને ૧૪ કર્મપ્રકૃતિઓને ભોગવી રહ્યાં છે, તે આ પ્રમાણે :—

(૧) જ્ઞાનાવરણીયકર્મ–જ્ઞાનના અનંતમે ભાગે હીન હોય છે અને તે કર્મનો ઉદય ઘણો જ વધારે છે.

(૨) દર્શનાવરણીયકર્મ–સર્વથા નિકૃષ્ટતમ દર્શનાવરણીય કર્મવાળા છે.

(૩) વેદનીયકર્મ–તીર્થંકર પરમાત્માના જન્મકાળ દરમ્યાન એક સમયને છોડી શેષકાળ અસાતાવેદનીય કર્મને ભોગવનારા છે.

(૪) મોહનીય કર્મ–દશ બોટલ શરાબ પીધા પછી સર્વથા બેભાન બનેલા માનવની જેમ આ પૃથ્વીકાયિક જીવો મોહકર્મથી સર્વથા દબાઈ ગયેલા હોવાથી શક્તિહીન છે.

(૫) આયુષ્યકર્મ–તિર્યંચ આયુષ્યકર્મની બેડીમાં સપડાયેલા છે.

(૬) નામકર્મ–અશુભ નામકર્મના ઉદયથી એકેન્દ્રિય જાતિનામકર્મ, સૂક્ષ્મ નામકર્મ અને અપર્યાપ્ત નામકર્મના ઉદયવાળા છે.

(૭) ગોત્રકર્મ–નીચગોત્રકર્મ સત્તામાં પડેલું છે.

(૮) અંતરાયકર્મ–પાંચે પ્રકારના અંતરાયોનો તીવ્રતમ ઉદય વર્તતો હોય છે.

**નોંધઃ**–કદાચ કોઈ એમ કહે કે પૃથ્વી સૌને માટી આપે છે, જેમાંથી વાસણ માટલા આદિ બને છે. અપ્કાયના જીવો સૌને પીવા માટે પાણી આપે છે અને ચરાચર સંસાર પોતાના જીવિતનું રક્ષણ કરે છે. અગ્નિકાય સૌને ગરમી આપે છે, વાયુકાય સૌના જીવનનો સહાયક બને છે. વનસ્પતિકાયિક જીવો, બારીબારણા, પાટપાટલા, ઔષધ, ધાન્ય અને ફળ વગેરે આપે છે તો શું તેઓ દાનાંતરાયકર્મના ક્ષયોપશમના માલીક નથી?

જવાબમાં જાણવાનું કે તેઓ નિકૃષ્ટતમ પાપકર્મી હોવાથી મિથ્યાત્વમય છે, માટે તેમનામાં ત્યાગની ભાવના ક્યાંથી હોય? અને ત્યાગની ભાવના વિનાનું દાન તે દાન શી રીતે કહેવાય? કારણ "स्वकीय प्रशस्तभावेन स्वस्य यत् उत्सृज्यते तद् दानम्" પોતાના પવિત્ર ભાવ વડે, મારી આ વસ્તુઓ બીજાને કામે આવે તેમ સમજીને જે દેવાય તે દાન છે. આ વ્યાખ્યાથી આપણે જાણી શકીએ છીએ કે દાનભાવથી અપાતું દ્રવ્ય દાન છે.

પૃથ્વીકાયાદિક જીવોને તેવો ભાવ હોતો નથી. આંબાના ઝાડમાં રહેલા જીવોને પણ પોતાની ડાળ, ફળ આદિ કોઈ કાપે અને મારા મીઠા મધુરા ફળો બીજા ખાય તેવી કલ્પના પણ તેમને હોતી નથી, માટે તેઓ આખાને આખા કપાઈ જાય, છેદાઈ જાય, બફાઇ જાય તો પણ અકામ નિર્જરાથી અતિરિક્ત બીજું કંઈ પણ ફળ તેમના નશીબમાં નથી.

ઘોરાતિઘોર મિથ્યાત્વના કારણે પૃથ્વીકાયના જીવોને આવો ભાવ નથી થતો કે મારી માટીના બનેલા ઘડાઓથી અરિહંત પરમાત્માઓનો અભિષેક કે મુનિરાજોને તથા તપસ્વીઓને પીવા માટે પાણી ભરવામાં કામે આવતા મારો જન્મારો લેખે લાગશે.

અપ્કાયના જીવો પણ મારા પાણી વડે કે મારૂં શરીર અરિહંતોના ચરણનો સ્પર્શ કરીને પવિત્ર બનશે, કે અચિત થઇને પણ મુનિરાજોના મહાવ્રતાદિના પાલનમાં મારો ઉપયોગ મારા જીવનનું કલ્યાણ કરાવશે, તેવો ભાવ તેમને મુદ્દલ હોતો નથી.

અગ્નિકાયિકોને પણ તેવો ભાવ નથી કે મારા વડે ચરાચર સંસાર જીવિત રહે છે, અથવા અરિહંતોના મંદિરમાં ધૂપદાણા તરીકે મારો ઉપયોગ થઈ રહ્યો છે.

વાયુકાયિકોને પણ જીવમાત્રનું જીવન મારાથી થઇ રહ્યું છે તેવી સદ્બુદ્ધિ તેમને છે જ નહી.

વનસ્પતિકાયિકમાં સ્થિત આંબા, મહુડા આદિ ઝાડોને તેવો વિવેક કયાંથી હોય કે 'મારૂં છેદન થઇને પણ મારા શરીરથી પાત્રાઓ, તરપણીઓના નિર્માણ દ્વારા મુનિરાજો અહિંસક જીવન જીવી રહ્યાં છે. મારાથી બનેલા ઔષધો સૌને નિરોગી રાખી રહ્યાં છે.

ઉપર પ્રમાણેના ભાવો તે જીવોને ન હોવાના કારણે તેમને દાનાન્તરાયકર્મનો ક્ષયોપશમ માનવો ઠીક નથી.

( ૯ ) શ્રોત્રેન્દ્રિય વધ્ય–મનુષ્યાવતારમાં મોહમાયા વશ બનીને પારકાઓની ભૂંડાઈ કે પારકાઓના પાપને સાંભળીને જીવન પસાર કરેલું હોવાથી મહાભયંકર રૂપે બાંધેલા પાપકર્મોના ઉદયે ઉપાર્જન કરેલા એકેન્દ્રિયાવતારના જીવોને કાન ઇન્દ્રિયનો સર્વથા અભાવ હોય છે.

( ૧૦ ) ચક્ષુરિન્દ્રિય વધ્ય–પારકાના ભૂંડા પાપકર્મો જોઇને બાંધેલા પાપકર્મોથી વજનદાર બનેલા જીવાત્માઓ એકેન્દ્રિયાવતારને પામે છે, જ્યાં તેમને આંખ ઇન્દ્રિયનો સર્વથા અભાવ હોય છે.

( ૧૧ ) ઘ્રાણેન્દ્રિયવધ્ય–પૂર્વોપાર્જિત કર્મના કારણે નાકનો પણ અભાવ વર્તતો હોય છે.

( ૧૨ ) રસનેન્દ્રિયવધ્ય–પારકા જીવોની ભૂંડાઈ બોલીને, બીજાઓને શાપ આપીને તથા અભક્ષ્યાદિ ખાન–પાનમાં જીવન યાપન કરીને મહાન ચીકણા કર્મોને બાંધનારા જીવો એકેન્દ્રિય બને છે, જ્યાં તેમને જીભ ઇન્દ્રિય હોતી નથી.

(૧૩) પુરૂષવેદવધ્ય-દેવદુર્લભ મનુષ્યાવતારને પામ્યા પછી મોહમાયામાં મસ્તાન બનીને પરસ્ત્રીગમન, વેશ્યાગમન, નાની ઉંમરના બાલક-બાલિકાઓ તથા પોતાની સ્ત્રી સાથે અનંગક્રીડા તથા તીવ્ર મૈથુનકર્મોના ભોગવટામાં ભયંકરમાં ભયંકર પાપકર્મો ઉપાર્જન કરવામાં પૂરી જીંદગી સમાપ્ત કરીને એકેન્દ્રિય અવતારને પામેલા જીવો, પુરૂષલિંગ વિનાના હોવાથી તેમને પુરૂષવેદ નથી પણ નપુંસકવેદનો જ તીવ્રોદય વર્તતો હોય છે.

(૧૪) સ્ત્રીવેદવધ્ય-અકથનીય પાપકર્મોને ભોગવતા તે એકેન્દ્રિયોને સ્ત્રીવેદ કે સ્ત્રીલિંગ પણ હોતું નથી. સારાંશ કે આ જીવોને કેવળ નપુંસકવેદ જ હોય છે.

ઉપર પ્રમાણે ૧૪ પ્રકારના કર્મોનો ઉદય તેમને વર્તતો હોય છે.

## કઇ કઈ ગતિના જીવો એકેન્દ્રિયત્વ પ્રાપ્ત કરે છે ?

હે પ્રભો ! અનંત જીવો એકેન્દ્રિયત્વને પ્રાપ્ત કરે છે તે શું. નરકગતિમાંથી ? દેવગતિમાંથી ? મનુષ્યગતિમાંથી ? કે તિર્યંચગતિમાંથી આવીને અવતરે છે ?

જવાબમાં પરમાત્માએ ફરમાવ્યું કેઃ-હે ગૌતમ ! નરકગતિના નારકજીવો સીધે સીધા એકેન્દ્રિયાવતારને પ્રાપ્ત કરતાં નથી, પરંતુ મનુષ્યગતિ, દેવગતિ અને તિર્યંચગતિના જીવો ત્યાંનો ભવ પૂર્ણ કરીને ઉપાર્જન કરેલા પાપકર્મોને ભોગવવાને માટે એકેન્દ્રિયાવતારને પ્રાપ્ત કરે છે.

દેવગતિના જીવો ભોગાસક્ત બનીને, મનુષ્યગતિના જીવો

પરિગ્રહાસક્ત બનીને તથા તૈર્યંચો (તિર્યંચગતિના જીવો) વિવેક વિનાના હોવાથી એક બીજાને ભક્ષ્ય તથા ભક્ષક બનીને હિંસકર્મી હોવાથી એકેન્દ્રિયાવતાર જ તેમના ભાગ્યમાં રહે છે.

શેષ વાતો પ્રજ્ઞાપના સૂત્રના વ્યુત્ક્રાંતિપદથી જાણવી.

## એકેન્દ્રિય જીવોને સમુદ્દ્ઘાતો કેટલા?

જવાબમાં ભગવંતે કહ્યું કે વેદના–કષાય–મારણાંતિક અને વૈક્રિય સમુદ્ઘાતો ચાર હોય છે. વૈક્રિય સમુદ્ઘાત વાયુકાયને આશ્રયી સમજવું. શેષને ત્રણ.

## એકેન્દ્રિયોને કર્મબંધની વિશેષ વક્તવ્યતા:

આ વિષયને અનુસંધાન કરીને ગૌતમસ્વામીએ ચાર પ્રશ્નો કર્યા છે. તે આ પ્રમાણે :–

(1) એકેન્દ્રિયાવતારને પ્રાપ્ત કરેલા અને પરસ્પર જેમની આયુષ્ય સ્થિતિ તુલ્ય છે, તેઓ શું કર્મોનું બંધન તુલ્ય કરે છે? કે વિશેષાધિક? પરસ્પરની અપેક્ષાએ સમાનત્વ હોવાથી ફરીથી બંધાતા કર્મો શું તુલ્ય હોય છે? કે પૂર્વકાળમાં બાંધેલા કર્મોની અપેક્ષાએ અસંખ્યાતમા ભાગ આદિને લઈ વિશેષાધિક છે?

(2) તુલ્ય સ્થિતિક જીવો જૂદા જૂદા વિશેષાધિક કર્મનો બંધ કરે છે? એટલે કે આયુષ્ય મર્યાદા સમાન હોવા છતાં પણ કેટલાક એકેન્દ્રિયો અસંખ્યાતમા ભાગરૂપ વિશેષ, કે–કેટલાક સંખ્યાત ભાગરૂપ વિશેષ કર્મોને બાંધે છે?

(3) આયુષ્ય મર્યાદા ભિન્ન ભિન્ન હોવા છતાં તેઓ પરસ્પર શું કર્મોનું બંધન તુલ્ય કરે છે? કે–વિશેષાધિક કરે છે?

( 4 ) ભિન્ન સ્થિતિક જીવો અન્યોન્ય શું વિશેષાધિક કર્મને બાંધે છે?

જવાબમાં ભગવંતે ફરમાવ્યું કે–હે ગૌતમ!

( 1 ) કેટલાક તુલ્ય સ્થિતિક એકેન્દ્રિય જીવો તુલ્ય અને વિશેષાધિક કર્મોને બાંધે છે.

( 2 ) સમાન સ્થિતિક જીવો જૂદી જૂદી રીતે વિશેષાધિક કર્મોને બાંધે છે.

( 3 ) ભિન્ન ભિન્ન સ્થિતિક જીવો, જેઓનું આયુષ્ય પરસ્પર જૂદુ જૂદુ હોય છે, પરંતુ કર્મોનું બંધન તુલ્ય અને વિશેષાધિક કરે છે.

( 4 ) જ્યારે કેટલાક જીવો ભિન્ન ભિન્ન વિશેષાધિક કર્મોને બાંધનારા છે.

આ કારણે જ એકેન્દ્રિય જીવો ચાર પ્રકારે કહ્યાં છે.

( 1 ) કેટલાક એકેન્દ્રિય જીવો એક સમાન આયુષ્યવાળા છે અને એક સાથે જ ઉત્પન્ન થાય છે.

( 2 ) કેટલાક સમાન આયુષ્ક હોય છે પણ જૂદા જૂદા જન્મે છે.

( 3 ) કેટલાક જૂદા જૂદા આયુષ્યવાળા હોય છે, પણ સાથે જન્મે છે.

4 ) કેટલાક જીવોનો જન્મ અને આયુષ્ય પણ જૂદા જૂદા હોય છે.

આ ચારે પ્રકારમાંથી પહેલા પ્રકારના જીવો તુલ્ય, વિશેષાધિક કર્મોનું બંધન કરે છે, કેમકે–તુલ્યાયુષ્ક જીવો એક કાળમાં જન્મતા હોવાથી પરસ્પર તુલ્ય યોગવાળા હોય છે,

તેથી કર્મોનું બંધન તુલ્ય કહ્યું છે અને પહેલાના કરેલા કર્મોને હીન કરે છે, અથવા અધિક કરે છે. યદી અધિક કર્મોને કરે તો પરસ્પર તુલ્ય થઇને પણ પૂર્વકર્મની અપેક્ષાએ વિશેષાધિક હોય છે. માટે તુલ્ય અને વિશેષાધિક એ વિશેષણો તેમને કહ્યાં છે.

બીજા પ્રકારના જીવો સમાનાયુષ્ક છતાં પણ જુદા જુદા સમયે ઉત્પન્ન થવાથી તેમના યોગો વિષમ હોય છે, માટે કર્મોનું બંધન પણ વિશેષાધિક છે. જ્યારે ત્રીજા પ્રકારના જીવે વિષમાયુષ્ક અને એક સાથે જન્મેલા હોવાથી તુલ્ય વિશેષાધિક કર્મોને બાંધે છે. સાથે જન્મેલા હોવાથી યોગસમાન હોય છે, માટે કર્મોને તુલ્ય તથા વિશેષાધિક કરે છે અને ચોથ પ્રકારના જીવો વિષમ વિશેષાધિક કર્મોને ઉપાર્જે છે.

ઉપર્યુક્ત એકેન્દ્રિય જીવોની વક્તવ્યતા સાંભળીને ગૌતમસ્વામીજી ઘણા જ પ્રસન્ન થયા અને પરમાત્માને ભાવપૂર્વક વંદના તથા પંચાંગ નમાવીને દ્રવ્યવંદના કરે છે અને સ્તુતિ કરતાં કહ્યું કેઃ–હે પ્રભો! આપશ્રી જ સાચા યથાર્થવાદી છો, માટે સર્વજ્ઞ છો, તીર્થંકર છો. સર્વદર્શી છો, દેવાધિદેવ છો, ઇશ્વર છો.

**શતક ૩૪ ઉદ્દેશો ૧લો સમાપ્ત**

# શતક ૩૪ : ઉદ્દેશો–૨

## અનંતરોપપન્નક એકેન્દ્રિયોની વક્તવ્યતા :

જે જીવો એક જ સમયમાં એટલે કે જન્મ ધારણ કર્યે જેમને પહેલો જ સમય હોય તેવા એકેન્દ્રિયાવતારને પ્રાપ્ત થયેલા અનંતરોપપન્નક કહેવાય છે. તેમને માટે વિશેષ જાણવા માટે પ્રશ્ન કરતાં ગૌતમસ્વામીજીએ પૂછેલા પ્રશ્નોના જવાબ આપતા ભગવંતે ફરમાવ્યું કે, હે ગૌતમ! અનંતરોપપન્નક, યાવત્ વનસ્પતિકાયિકો સુધીના પાંચ પ્રકારે છે. આ પ્રકરણ કેવળ પ્રથમ સમયમાં જ ઉત્પન્ન થયેલા એકેન્દ્રિયો માટે હોવાથી, પૃથ્વીકાયથી યાવત્ બાદર વનસ્પતિકાય સુધીના જીવો અપર્યાપ્ત જ હોવાથી તેમના સૂક્ષ્મ અને બાદરરૂપે બે જ ભેદ છે, કેમકે જન્મ લેવાના પ્રથમ સમયમાં આ જીવો અપર્યાપ્તક જ હોય છે. બાદર પૃથ્વીકાયના જીવો રત્નપ્રભાથી લઇ સાતે પૃથ્વીઓ અને સિદ્ધશિલા સુધી આઠે પૃથ્વીઓમાં બધાય દ્વીપો તથા સમુદ્રોમાં સ્વસ્થાનની અપેક્ષાએ રહે છે. ઉપપાત અને સમુદ્‌ઘાતની અપેક્ષાએ બધાય જીવો કરતાં આ જીવો ઘણા વધારે હોવાથી પૂરા લોકને વ્યાપ્ત કરીને રહે છે. જે સ્થાનને આ જીવો ખાલી કરે છે તે જ સમયે બીજા અનંત જીવો ત્યાં ઉપપાત અર્થાત્ જન્મ લે છે અને બીજા સ્થાનને ખાલી કરે છે ત્યારે ત્યાં જ બીજા અનંત જીવો ઉત્પન્ન થાય છે.

તો પણ તેઓ લોકના અસંખ્યાતમા ભાગે જ કહેવાય છે; જ્યારે અનંતરોપપન્નક સૂક્ષ્મ પૃથ્વીકાયિકો બધાય એક સમાન હોવાથી સર્વ લોકમાં વ્યાપક થઇને રહે છે. શેષ હકિકતો પ્રજ્ઞાપના સૂત્રના સ્થાન પદથી જાણવી અથવા આજ શતકના પ્રથમ શતકના પ્રથમ ઉદ્દેશાવત્.

શતક ૩૪માનો ઉદ્દેશો બીજો સમાપ્ત

# શતક ૩૪ : ઉદ્દેશો-૩

## પરંપરોપપન્નક એકેન્દ્રિયો માટેની વક્તવ્યતા :

એકેન્દ્રિયાવતારને ધારણ કર્યે જેને બે સમયાદિ થઈ ગયા હોય તે પરંપરોપપન્નક કહેવાય છે. ગૌતમસ્વામીજીના પૂછવાથી ભગવંતે ફરમાવ્યું કે-હે ગૌતમ! પૃથ્વીકાયથી વનસ્પતિકાય સુધીના જીવો સૂક્ષ્મ, બાદર, પર્યાપ્ત અને અપર્યાપ્ત રૂપે ચાર પ્રકારના જાણવા.

હે પ્રભો! તેમાંનો સૂક્ષ્મ અપર્યાપ્તક પૃથ્વીકાયિક યદી રત્નપ્રભા નરકની પૂર્વ દિશાના ચરમાંતથી સમુદ્દ્ઘાત કરી પશ્ચિમ ચરમાંતે ઉત્પન્ન થાય તો કેટલો સમય લાગે? જવાબમાં ભગવંતે કહ્યું કે-વિગ્રહગતિથી તે જીવો ૧-૨-૩-૪ સમયમાં ઉત્પાદ કરી લે છે. વિશેષ એટલું કે ઉત્તર લોકના ચરમાંતથી સમુદ્દ્ઘાત કરે અને પશ્ચિમ ચરમાંતમાં ઉત્પન્ન થવાવાળાને એક સમયનો વિગ્રહ હોતો નથી. આ જીવો આઠે પૃથ્વીઓમાં સ્થિત છે. શેષ પૂર્વવત્.

શતક ૩૪માનો ઉદ્દેશો ત્રીજો સમાપ્ત

# શતક ૩૪ : ઉદ્દેશા-૪ થી ૧૧

શેષ રહેલા-( ૧ ) અનંતરાવગાઢ, ( ૨ ) પરંપરાવગાઢ,
( ૩ ) અનંતરાહારક, ( ૪ ) પરંપરાહારક,
( ૫ ) અનંતરપર્યાપ્તક, ( ૬ ) પરંપરપર્યાપ્તક,
( ૭ ) ચરમ, ( ૮ ) અચરમ,

આ પ્રમાણે આઠે ઉદ્દેશા પહેલાની જેમ જાણવા, તેમાં અનંતરાવગાઢ, અનંતરાહારક અને અનંતરપર્યાપ્તના ત્રણ ઉદ્દેશા અનંતરોપપન્નકની જેમ જાણવા. શેષ પરંપરોપપન્નકની જેમ જાણી લેવા.

**શતક ૩૪માના ઉદ્દેશા ૪ થી ૧૧ સમાપ્ત**

# શતક ૩૪ : દ્વિતીય એકેન્દ્રિય શતક

કૃષ્ણ લેશ્યાના માલિક એકેન્દ્રિય જીવો પણ ચાર ચાર પ્રકારે જાણવા. એમના માટેની બીજી હકિકતો પહેલાની જેમ જાણવી. બીજું શતક પૂર્ણ.

નીલ લેશ્યાના એકેન્દ્રિય જીવોનું ત્રીજું શતક.
કાપોત લેશ્યાના એકેન્દ્રિય જીવોનું ચોથું શતક.
તથા ભવસિદ્ધિક એકેન્દ્રિય જીવોનું પાંચમું શતક.
તદ્‌વિષયક હકિકતો પૂર્વવત્ જાણવી.

**શતક ૩૪માના ઉદ્દેશા ૨-૩-૪-૫ સમાપ્ત**

# શતક ૩૪ : એકેન્દ્રિય શતક–૬

ભવસિદ્ધિક કૃષ્ણ લેશ્યાના ચારે પ્રકારના એકેન્દ્રિય જીવોની હકિકત પૂર્વવત્ જાણવી. શતક ૬

કાપોત લેશ્યા અને નીલ લેશ્યા માટે શતક ૭–૮

આ જ પ્રમાણે અભવસિદ્ધિકોના પણ ૯–૧૦–૧૧–૧૨ શતકો જાણવા.

વિશેષ પહેલાના આઠ શતકોમાં અનંતરોપપન્નકથી અચરમ સુધીના ૧૧–૧૧ ઉદ્દેશા પહેલા શતકની જેમ કલ્પી લેવા. જેથી ૧૧×૮=૮૮ ઉદ્દેશા અને શેષ અભવસિદ્ધિકો માટે ચરમ અને અચરમ બે ઉદ્દેશા નથી હોતાં, માટે ૪×૯=૩૬+૮૮=૧૨૪ એટલે કે ૩૪મા શતકના અવાંતર શતક ૧૨ જાણવા અને બધાય–બધાય ઉદ્દેશા ૧૨૪ જાણવા.

" एकेन्द्रियादिसंसारो मया प्राप्तोऽप्यनेकशः ।
अधुना प्रार्थये नाथ ! न देयं तत्र जन्म मे ।। " ( વિવેચક )

卐

## "સમાપ્તિ વચનમ્"

શાસ્ત્રવિશારદ, જૈનાચાર્ય, કાશી આદિના ઘણા રાજાઓને તથા પંડિત અને મહાપંડિતોને જૈની અહિંસા, સંયમ આદિના રહસ્યને સમજાવનારા અને તેમના જીવનમાંથી માંસાહાર, શરાબ આદિનો ત્યાગ કરાવનાર ૧૦૦૮ શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મ.ના શિષ્યરત્ન, શાસનદીપક મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી મ.ના શિષ્ય, પંન્યાસપદ વિભૂષિત, ગણિવર્ય્ય પૂર્ણાનન્દવિજયે (કુમારશ્રમણે) પોતાના મતિજ્ઞાનના વિકાસ માટે, શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ માટે, ભગવતીસૂત્ર સારસંગ્રહનું ૩૪ મું શતક યથામતિએ વિવેચિત કર્યું છે. સર્વત્ર શુભં ભૂયાત્.

卐

## 卐 શતક ૩૪મું સમાપ્ત 卐

# શતક ૩૫ : ઉદ્દેશો-૧

## કૃતયુગ્માદિ રાશિરૂપે એકેન્દ્રિયોની વક્તવ્યતા :

હે પ્રભો! આપશ્રીના શાસનમાં મહાયુગ્મોની સંખ્યા કેટલી કહેવામાં આવી છે? (અહીં યુગ્મનો અર્થ સંખ્યા જાણવી અને મહાન એટલે મોટા યુગ્મો લેવાના છે, કેમકે ક્ષુદ્ર યુગ્મોની વાતો આના પહેલાના શતકોમાં ચર્ચાઈ ગઈ છે.)

જવાબમાં ભગવાન મહાવીરસ્વામી કહે છે, હે ગૌતમ! નીચે લખ્યા પ્રમાણે તેમની સંખ્યા ૧૬ની છે.

| | | | |
|---|---|---|---|
| (૧) કૃતયુગ્મ કૃતયુગ્મ | ૧૬ | (૯) દ્વાપરકૃતયુગ્મ | ૮ |
| (૨) કૃતયુગ્મત્ર્યોજ યુગ્મ | ૧૯ | (૧૦) દ્વાપરત્ર્યોજ યુગ્મ | ૧૧ |
| (૩) કૃતયુગ્મદ્વાપર યુગ્મ | ૧૮ | (૧૧) દ્વાપરદ્વાપર યુગ્મ | ૧૦ |
| (૪) કૃતયુગ્મકલ્પોજ યુગ્મ | ૧૭ | (૧૨) દ્વાપરકલ્પોજ યુગ્મ | ૯ |
| (૫) ત્ર્યોજકૃતયુગ્મ | ૧૨ | (૧૩) કલ્પોજકૃતયુગ્મ | ૪ |
| (૬) ત્ર્યોજત્ર્યોજયુગ્મ | ૧૫ | (૧૪) કલ્પોજત્ર્યોજયુગ્મ | ૭ |
| (૭) ત્ર્યોજદ્વાપરયુગ્મ | ૧૪ | (૧૫) કલ્પોજદ્વાપરયુગ્મ | ૬ |
| (૮) ત્ર્યોજકલ્પોજયુગ્મ | ૧૩ | (૧૬) કલ્પોજકલ્પોજયુગ્મ | ૫ |

આનાથી પહેલાના શતકમાં એકેન્દ્રિય જીવોને શ્રેણીના ક્રમે વર્ણવ્યા હતાં જ્યારે આ શતકમાં રાશિક્રમથી વર્ણવવામાં આવ્યા છે.

ગૌતમસ્વામી પૂછે છે કે હે પ્રભો! આપશ્રી કૃતયુગ્મ કૃતયુગ્મથી લઈ કલ્પોજ કલ્પોજ સુધીની ૧૬ સંખ્યામાં યુગ્મો કહ્યાં છે તે કયા કારણે કહો છો. જવાબમાં ભગવંતે ફરમાવ્યું

કે હે ગૌતમ ! જે રાશિને પ્રત્યેક સમયે ચાર ચારના અપહાર કરવાથી એટલે કે ચાર ચારને બાદ કરવાથી છેવટે ચારની સંખ્યા શેષ રહે, તથા ચાર ચારને બાદ કરવાનાં સમયોને પણ ચાર ચારથી બાદ કરતાં છેવટે ચાર શેષ રહે તે કૃતયુગ્મ કૃતયુગ્મ કહેવાય છે. કારણમાં કહેવાયું છે કે-ચાર ચારથી બાદ કરાતા દ્રવ્યો અને સમયોની અપેક્ષાએ બંને રીતે ચાર શેષ રહે તે કૃતયુગ્મ છે. ત્રણ શેષ રહે તે ત્ર્યોજ, બે શેષ રહે તે દ્વાપર અને એક શેષ રહે તે કલ્પોજ કહેવાય છે. જેમકે, ૧૬, ૧૯, ૧૮, ૧૭ની સંખ્યાને ચારે ભાંગીએ. જેમકે :—

| | | | |
|---|---|---|---|
| ૪)૧૬(૩ | ૪)૧૯(૪ | ૪)૧૮(૪ | ૪)૧૭(૪ |
| ૧૨ | ૧૬ | ૧૬ | ૧૬ |
| ૪ | ૩ | ૨ | ૧ |

આમાં ક્રમશઃ ચારે રાશિ સમજવી.

કૃતયુગ્મ કૃતયુગ્મમાં અપહાર સમયની અપેક્ષાએ કૃતયુગ્મ પહેલું પદ છે અને બાદ રહેતા દ્રવ્યની અપેક્ષાએ કૃતયુગ્મ બીજું પદ છે.

કૃતયુગ્મ ત્ર્યોજમાં જઘન્ય ૧૯ની સંખ્યા છે. તેમાં કૃતયુગ્મ એટલે ચાર સમયો અને શેષ રહેલા ત્રણ દ્રવ્યો છે.

કૃતયુગ્મ દ્વાપરમાં ૧૮ની સંખ્યા છે આમાં પણ અપહારક ચાર સમયો જાણવા અને શેષ બેની સંખ્યાને દ્રવ્ય જાણવું.

કૃતયુગ્મ કલ્પોજમાં ૧૭ની જઘન્ય સંખ્યામાં પણ સમયો ચાર જાણવા અને શેષ રહેલું એક દ્રવ્ય છે.

આ પ્રમાણે ત્ર્યોજકૃતયુગ્મમાં અપહારક સમયોની ત્ર્યોજ સંખ્યા પ્રમાણ ત્રણ સમય જાણવા અને શેષ ચાર રહે તે દ્રવ્ય જાણવા. યાવત્ કલ્પોજ કલ્પોજ સુધીના પદોમાં પહેલું પદ સમયોનું અને બીજુ પણ દ્રવ્ય જાણવું.

## કૃતયુગ્મકૃતયુગ્મ એકેન્દ્રિયો કઈ ગતિમાં આવે છે?

હે પ્રભો! કૃતયુગ્મકૃતયુગ્મ રાશિ પ્રમાણવાળા જે એકેન્દ્રિય જીવો છે, તે કઈ કઈ ગતિમાંથી આવીને એકેન્દ્રિયાવતારને પ્રાપ્ત થાય છે? જવાબમાં ભગવંતે ફરમાવ્યું કે, હે ગૌતમ! દેવગતિ, મનુષ્યગતિ અને તિર્યંચગતિમાં નીકળેલા જીવો ઓછામાં ઓછા ૧૬ જીવો અને વધારે સંખ્યાત, અસંખ્યાત કે અનંત જીવો એકેન્દ્રિયાવતારને પ્રાપ્ત કરે છે. અનંત જીવોનો ઉત્પાદ વનસ્પતિકાયિકો માટે જાણવો. કેમકે તેમાં જન્મ લેનારા જીવો અનંત હોય છે.

ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ અને વૈમાનિકોમાં પહેલા અને બીજા દેવલોકના જીવો પૃથ્વીકાય, અપ્કાય અને વનસ્પતિકાયમાં જન્મે છે, જ્યારે વાયુકાય તથા તેજસ્કાયમાં દેવો અવતરતા નથી. સાથોસાથ વનસ્પતિકાયના જીવોને અનંત ઉત્સર્પિણી અને અવસર્પિણી સુધી ત્યાં રહેવાનું ભાગ્યમાં લખાયેલું છે, કેમકે અકામ નિર્જરાના યોગે સ્થાવર યોનિનો ત્યાગ કરી ત્રસયોનિમાં આવેલા જીવાત્માઓને માટે બે હજાર સાગરોપમની જ મર્યાદા છે. તે દરમ્યાન યદી તે જીવ સિદ્ધાવસ્થાને પ્રાપ્ત કરી ન શક્યો, તો ફરીને એટલે કે વધારેમાં વધારે બે હજાર સાગરોપમ ત્રસમાં રહીને પાછો સ્થાવર યોનિમાં પટકાવાનું ભાગ્યમાં રહે છે.

એક ઉત્સર્પિણી દશ કોડાકોડી સાગરોપમની છે. તીર્થંકર પરમાત્માઓની એક ચોવીસી થાય છે, આ પ્રમાણે અવસર્પિણી પણ દશ કોડાકોડી સાગરોપમની જાણવી અને એક

ચોવીસી આ કાળમાં પણ જાણવી. વનસ્પતિકાયમાં ગયેલા જીવને અનંત ચોવીસીઓ થાય ત્યાં સુધી તેમાંથી બહાર આવવાનું હોતું નથી.

આ જીવોને પ્રતિસમયે અનંતઅનંતની સંખ્યામાં બહાર કાઢવામાં આવે તો પણ અનંત ઉત્સર્પિણી અને અવસર્પિણી પૂર્ણ થયે છતે બહાર કાઢી શકાતા નથી.

તેમની અવગાહના જઘન્યથી અંગુલના અસંખ્યાતમા ભાગની અને ઉત્કૃષ્ટથી એક હજાર યોજનની ઉંચાઇ કમળની અપેક્ષાએ જાણવી.

અવિરતિની અપેક્ષાને લઇ જ્ઞાનાવરણીયાદિ સાતે કર્મોને બાંધનારા છે પણ કર્મોને બાંધ્યા વિનાના હોતા નથી. આયુષ્ય-કર્મને ભજનાએ બાંધે છે.

જ્યારે કર્મોને બાંધનારા છે ત્યારે બાંધેલા કર્મોને વેદ્યા વિના કયો માર્ગ? અસાતાવેદનીય વધારે હોય છે. કર્મોના ઉદયવાળા જ છે.

વેદનીય અને આયુષ્યકર્મને છોડી શેષ કર્મોના ઉદીરક જાણવા તથા તે બંનેને માટે ભજના જાણવી.

કૃષ્ણ, નીલ, કાપોત અને તેજો લેશ્યાવાળા હોય છે, તેમાં પણ પૃથ્વી, પાણી અને વનસ્પતિમાં દેવો જન્મે છે, તથા અપર્યાપ્તક અવસ્થા હોય છે ત્યાં સુધી જ તેજો લેશ્યાવાળા જાણવા.

સમ્યગ્ અને મિશ્રદૃષ્ટિવાળા હોતા નથી પણ મિથ્યાદૃષ્ટિ સંપન્ન જ હોય છે. મતિઅજ્ઞાન તથા શ્રુતઅજ્ઞાનના માલિક

જાણવા. વિભંગ જ્ઞાન તેમને હોતું નથી. સ્પર્શેન્દ્રિય નામની એક જ ઇન્દ્રિય હોય છે. મનોયોગ અને વચનયોગ હોતા નથી, માટે કેવળ કાયયોગ જ તેઓને હોય છે. બંને ઉપયોગ, પાંચે વર્ણ, ઉચ્છ્વાસ, નિશ્વાસ તેમને હોય છે. વિગ્રહગતિની અપેક્ષાએ અનાહારક અને શેષ આહારક જાણવા.

સર્વવિરતિ કે દેશવિરતિ વિનાના જ હોય છે, માટે અવિરતિ જ તેમના નશીબમાં લખાયેલી છે. ક્રિયાવંત જ હોય છે. આહાર સંજ્ઞા, મૈથુન સંજ્ઞા, ભય સંજ્ઞા અને પરિગ્રહ સંજ્ઞામાં આસક્ત હોય છે; ચારે કષાય જાણવા. કેવળ નપુંસકવેદ જ તેમને હોય છે. એટલે કે સ્રીવેદ કે પુરુષવેદ તેમને નથી. તેમ છતાં તેઓ આવનારા ભવને માટે ત્રણે વેદને બાંધનારા છે. અસંજ્ઞી અર્થાત્ મન વિનાના હોય છે. અહીં પણ દ્રવ્ય મનનો જ અભાવ જાણવો જ્યારે ભાવમન હોય છે માટે જ પ્રતિ સમયે કર્મોના બંધક છે. જઘન્યથી એક સમયની સ્થિતિ જાણવી અને ઉત્કૃષ્ટથી અનંતકાળ સુધીની આયુષ્ય મર્યાદા છે, આમાં અનંત ઉત્સર્પિણી અને અવસર્પિણી સમાઈ જાય છે. આ વાત કેવળ વનસ્પતિકાયિકો માટે જ છે, જ્યારે શેષ એકેન્દ્રિયોને અસંખ્ય ઉત્સર્પિણી અને અવસર્પિણી જાણવી. બાકીની બધી વિગતો મૂળસૂત્રથી કે અગ્યારમા શતકની જેમ જાણવી. આમાં આપણો જીવાત્મા અનેકવાર કે અનંતવાર મુસાફરી કરી આવ્યો છે અને જ્યાં સુધી કેવળજ્ઞાન ન મેળવાય ત્યાં સુધી ત્યાંની મુસાફરી નસીબમાંથી ખસે તેમ નથી.

કૃતયુગ્મત્ર્યોજ સંખ્યાના એકેન્દ્રિયો માટે પણ ઉપરની જેમ જાણવું, કેવળ જઘન્યથી ૧૯ની સંખ્યામાં અને વધારેથી

સંખ્યાત, અસંખ્યાત અથવા અનંત જીવોનો ઉત્પાદ જાણવો. યાવત્ અનંતવાર જન્મ થયો છે.

કૃતયુગ્મદ્વાપરમાં જઘન્યથી ૧૮ની સંખ્યા ઉત્કૃષ્ટથી પૂર્વવત્.

કૃતયુગ્મકલ્પોજમાં જઘન્યથી ૧૭ની સંખ્યા શેષ પૂર્વવત્.

ત્ર્યોજકૃતયુગ્મમાં જઘન્યથી ૧૨ની સંખ્યા.

ત્ર્યોજત્ર્યોજમાં ૧૫ની સંખ્યા.

આ પ્રમાણે ઠેઠ કલ્પોજ કલ્પોજ સુધી જાણી લેવું. કેવળ જઘન્ય સંખ્યામાં ઉપર પ્રમાણે ફેરફાર જાણવો.

**શતક પાંત્રીસમાનો ઉદ્દેશો પહેલો સમાપ્ત**

# શતક ૩૫ : ઉદ્દેશો-૨

## અનંતરોપપન્નક એકેન્દ્રિયો માટેની વક્તવ્યતા:

દેવગતિ, મનુષ્યગતિ અને તિર્યંચગતિમાંથી આવીને એકેન્દ્રિયાવતારને પ્રાપ્ત થયેલાઓની સોલે યુગ્મો માટેની વક્તવ્યતા પહેલા ઉદ્દેશાની જેમ જાણવી. કેવળ દસ હકિકતોમાં જ નીચે પ્રમાણે ફરક છે.

( 1 ) જઘન્ય અને ઉત્કૃષ્ટથી તેમની અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી જાણવી. પહેલા ઉદ્દેશામાં બાદર વનસ્પતિકાયમાં રહેલા કમળની અપેક્ષાએ એક હજાર યોજનની કહી હતી. ત્યારે ઉત્પન્ન થયાના પ્રથમ સમયવર્તી આ જીવોની અવગાહના આંગળના અસંખ્યાતમા ભાગ જેટલી છે.

(2) આયુષ્યકર્મના બંધક નથી.

(3) આયુષ્યકર્મના ઉદીરક નથી.

(4) ઉચ્છવાસ અને નિશ્વાસવાળા હોતા નથી.

(5) શેષ સાતે કર્મોના બંધક છે.

(6) કૃતયુગ્મ કૃતયુગ્મ રાશિવાળા આ જીવો કેવળ એક સમયની સ્થિતિવાળા છે.

(7) વેદના અને કષાય સમુદ્‌ઘાતવાળા છે.

(8) મારણાંતિક સમુદ્‌ઘાત નથી.

(9) ઉદ્‌વર્તના પણ નથી.

શેષ બધુંય ઉત્પાદાદિ પહેલાની જેમ જાણવું.

આવા અવતારો એટલે કેવળ એકજ સમયની સ્થિતિવાળા છે. તેમાં પણ આ જીવાત્માએ અનંતા જન્મ લીધા છે.

ઉપર પ્રમાણેની યથાર્થ હકિકતોને પરમાત્મા પાસેથી સાંભળીને ગૌતમસ્વામીજી પ્રસન્ન થઇને કહે છે કે, હે પ્રભો! આપશ્રીની વાણી જ સર્વથા નિઃશંક છે, નિઃસંદેહ છે; માટે શ્રદ્ધેય, ઉપાદેય અને ગ્રાહ્ય છે. કેમકેસ્થૂળ–અતિ સ્થૂળ વાતોમાં પણ છદ્મસ્થો એક બીજાથી ટકરાયા વિના રહેતા નથી, તો પછી સૂક્ષ્માતિસૂક્ષ્મ તત્ત્વજ્ઞાન તેમના માટે કોઈ કાળે પણ દૃશ્ય બનવા ન પામે તેમાં શું આશ્ચર્ય?

**શતક ૩૫માનો ઉદ્દેશો બીજો સમાપ્ત**

卐

# શતક ૩૫ : ઉદ્દેશા–૩ થી ૧૧

ઉત્પાદ થયે બે સમયાદિ થયેલા પરંપરોપપન્નકોની વક્તવ્યતા કૃતયુગ્મ કૃતયુગ્મ રાશિ પ્રમાણ ૧૬ યુગ્મોમાં પૂર્વવત્.

**શતક ૩૫માનો ઉદ્દેશો ત્રીજો સમાપ્ત**

ચરમ સમયના આ રાશિવાળા જીવોને તેજોલેશ્યા નથી. કેમકે આ ભાંગામાં દેવોની ઉત્પત્તિ નથી. ચરમથી આ જીવોનો મરણ સમય વિવક્ષિત સમજવો, એટલે કે એકેન્દ્રિયના ચાલુ અવતારને છોડી પરભવમાં જવાના પહેલાનો ભવ જાણવો.

**શતક ૩૫માનો ઉદ્દેશો ચોથો સમાપ્ત**

અચરમ સમયમાં જન્મેલા આ જીવોને પહેલાની જેમ જાણવા.

**શતક ૩૫માનો ઉદ્દેશો પાંચમો સમાપ્ત**

પ્રથમ સમય કૃતયુગ્મ કૃતયુગ્માદિ એટલે–એકેન્દ્રિયરૂપે ઉત્પાદના પ્રથમ સમયના યોગ વડે જે પ્રથમ છે અને કૃતયુગ્મ કૃતયુગ્મના અનુભવ અનુભવના પ્રથમ સમયે જ ઉત્પન્ન થયા છે તેઓને પ્રથમવત્.

**શતક ૩૫ ઉદ્દેશો ૬ઠો સમાપ્ત**

પ્રથમ-અપ્રથમ કૃતયુગ્મ કૃતયુગ્મના જીવો પાંચમા ઉદ્દેશા પ્રમાણે.

**શતક ૩૫માનો ઉદ્દેશો સાતમો સમાપ્ત**

પ્રથમ ચરમ સમય અને પ્રથમ અચરમ સમયના જીવોને પૂર્વવત્.

**શતક ૩૫માનો ઉદ્દેશો આઠમો સમાપ્ત**

આ પ્રમાણે ૧૧ ઉદ્દેશા સાથે પ્રથમ મહાયુગ્મ શતક સમાપ્ત.

**શતક ૩૫માના ઉદ્દેશા ૩-૧૧ સમાપ્ત**

## શ. ૩૫ : દ્વિતીય એકેન્દ્રિય મહાયુગ્મ શતક

કૃષ્ણ લેશ્યાવાળા આ રાશિના જીવોને માટે પણ પહેલાની જેમ જાણવું. વિશેષમાં જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી અન્તર્મુહૂર્તની આયુષ્યમર્યાદાવાળા છે. બાકીના ૧૧ ઉદ્દેશા પહેલાની જેમ જાણવા.

## 卐 શતક ૩૫નું બીજું શતક સમાપ્ત 卐

ત્રીજા શતકમાં નીલ લેશ્યા, ચોથા શતકમાં કાપોત લેશ્યા, ભવસિદ્ધિકના ચાર તથા અભવસિદ્ધિકોના પણ ચાર ઉદ્દેશા જાણવા.

卐

## " સમાપ્તિ વચનમ્ "

શાસ્ત્રવિશારદ, જૈનાચાર્ય, સ્વ. ૧૦૦૮ શ્રી વિજયધર્મ-સૂરીશ્વરજી મ.( કાશીવાળા )ના અદ્વિતીય પ્રભાવશાળી, વ્યાખ્યાતૃ ચૂડામણિ, ગુજરાતી, હિન્દી, સિન્ધી આદિ ભાષાઓમાં અનેકવિધ સાહિત્યના સર્જક, સ્વ. મુનિરાજશ્રી વિદ્યાવિજયજી મ.ના શિષ્ય, ન્યાયવ્યાકરણ–કાવ્યતીર્થ, પંન્યાસ પૂર્ણાનન્દવિજયે ( કુમારશ્રમણ ) પોતાના મતિજ્ઞાનના વિકાસાર્થે અને આવનારા ભવોમાં પણ ચારિત્રનો સ્વીકાર કરીને એકેન્દ્રિયાદિ જીવો પ્રત્યે પણ ઉપયોગસમ્પન્ન રહેવાના સંસ્કારો પ્રાપ્ત થાય તે માટે ભગવતી સૂત્ર જેવા અતિ ગહન આગમનું ૩૫ મું શતક વિવેચિત કર્યું છે.

'શુભં ભૂયાત્ સર્વેષાં જીવાનામ્'

'જીવા સર્વે એકેન્દ્રિયાદિ જીવેષુ ઉપયોગવંતો ભવેયુ'

## 卐 શતક ૩૫મું સમાપ્ત 卐



# શતક ૩૬ : ઉદ્દેશો–૧

## બેઇન્દ્રિય જીવોની રાશિક્રમે વક્તવ્યતા :

હે પ્રભો! કૃતયુગ્મ કૃતયુગ્માદિ સંખ્યા પ્રમાણવાળા બેઇન્દ્રિય જીવો પોતાના અવતારમાં કઇ ગતિથી આવે છે?

જવાબમાં ભગવંતે ફરમાવ્યું કે, હે ગૌતમ! તેઓ મનુષ્ય અથવા તિર્યંચગતિમાંથી પોતાનો તે તે ભવ પૂર્ણ કરીને બેઇન્દ્રિય રાશિમાં જન્મ ધારણ કરે છે. તેમને કેવળ સ્પર્શેન્દ્રિય તથા જીભ ઇન્દ્રિય જ હોય છે. આ સિવાય બીજી એટલે નાક, આંખ અને કાન આદિ ઇન્દ્રિયો તેમને હોતી નથી. કેમકે–પૂર્વોપાર્જિત અશુભ કર્મોના કારણે ઘ્રાણેન્દ્રિયાવરણીય, ચક્ષુરિન્દ્રિયાવરણીય અને કર્ણેન્દ્રિયાવરણીય કર્મોનો સખત ઉદય હોવાથી તે નાક, આંખ તથા કાન ઇન્દ્રિયના ભોગો તેમના ભાગ્યમાં હોતા નથી. આ જીવો એક સમયમાં જઘન્યથી ૧૬ની સંખ્યામાં અને વધારે સંખ્યાત તથા અસંખ્યાત સમયમાં જન્મે છે.

અસંખ્યાત સમુદ્રો, હ્રદો, તળાવો, મોટી મોટી નદીઓમાં નાના મોટા શંખો, કોડીઓ, કોડાઓ, તેમજ બીજા પ્રકારના શંખોમાં બેઇન્દ્રિય જીવો જન્મે છે. તે ઉપરાંત વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ બદલાઈ ગયા પછી વાસી રોટલી, રોટલા, ખીચડીમાં પાણી રહી ગયું હોય અથવા સર્વથા કડક ન થઇ હોય તે પુરી આદિમાં, તથા ખટાસ થયા પછીના દહીંમાં અને વરસાદ પડ્યા પછી થયેલા અળસીયા આદિ અગણિત જીવો પણ બેઇન્દ્રિય જીવો છે. જેમની સંખ્યા કોઈ કાળે ગણાતી નથી. આ કારણે જ પ્રતિ સમયે યાવત્ અસંખ્યાત જીવો જન્મે છે અને બીજાઓના પગે ચગદાઇને મરણ પામે છે.

સમ્યગ્જ્ઞાની કે સમ્યક્ચારિત્રી સિવાય આ જીવોનું રક્ષણ કરનાર કોઈ નથી. કારણ કે આ ચારિત્રની પરિણતિ જ્યાં સુધી આત્મામાં થતી નથી ત્યાં સુધી તે સાધકને પુદ્ગલોનો પ્રેમ ઘટતો ન હોવાથી જૂદી જૂદી જાતના શંખો, કોડાઓ આદિનો સંગ્રહ કરવામાં તેની લાલસા રહે તે સ્વાભાવિક છે, તેમજ જૈની વાણી પ્રત્યે શ્રદ્ધા, આદર ન આવ્યા હોવાના કારણે જીભ ઇન્દ્રિયના વશવર્તી જીવાત્માઓ, વાસી ભોજન કરશે, સર્વથા પાકી ગયેલા ચલિતરસવાળા ફળો, શાકો તેમ જ તેવા પ્રકારના ભોજનના રસિયા બનશે, તથા ઉપયોગ વિનાના હોવાથી પગ નીચે આવનારા કેટલાય અળસીયા આદિ જીવોને ચગદતા ચગદતા ચાલશે. આ રીતે અસંખ્યાત જીવોને મારનારા બનવા પામશે.

આ જીવોની શરીર અવગાહના જઘન્યથી અંગુલના અસંખ્યાતમા ભાગની છે તથા ઉત્કૃષ્ટથી ૧૨ યોજન જાણવી. દેવોનો ઉપપાત આમાં ન થતો હોવાથી આદિની ત્રણ લેશ્યા જ જાણવી. અપર્યાપ્ત અવસ્થામાં કદાચ સાસ્વાદન સમ્યક્ત્વ હોય ત્યારે સમ્યગ્ તથા મિથ્યાદૃષ્ટિવાળા જાણવા. મિશ્રદૃષ્ટિ તેમને નથી. સમ્યક્ત્વની વિદ્યમાનતામાં જ સમ્યગ્દૃષ્ટિ જાણવા. જ્ઞાની તથા અજ્ઞાની હોય છે. વિભંગજ્ઞાન કે અવધિજ્ઞાન તેમને નથી. વચન અને કાયયોગવાળા જાણવા. મનોયોગ નથી. જઘન્યથી એક સમય સુધી અને ઉત્કૃષ્ટથી સંખ્યાતકાળ સુધી તેઓ રહે છે. આયુષ્ય મર્યાદા બાર વર્ષની છે. લોકના મધ્યમાં હોવાથી નિયમા છ દિશાનો આહાર જાણવો. વેદના–કષાય અને મારણાંતિક સમુદ્ઘાતો છે. ૧૧ યુગ્મોમાં પણ ઉપર પ્રમાણે જાણવું.

**શતક છત્રીસમાનો ઉદ્દેશો પહેલો સમાપ્ત**

આ પ્રમાણે બે થી અગ્યાર ઉદ્દેશા પણ જાણવા. કેવળ પ્રથમ સમયના બેઇન્દ્રિય જીવો અપર્યાપ્તક હોવાના કારણે તેમને કાયયોગ જ જાણવો. કેમકે—અપર્યાપ્તકોને વચન તથા મનોયોગનો અભાવ જાણવો.

## શતક ૩૬નું પહેલું શતક સમાપ્ત.

કૃષ્ણ, નીલ અને કાપોત લેશ્યાવાળા બેઇન્દ્રિયના ક્રમશઃ ૨–૩–૪ શતકો, ભવસિદ્ધિકો માટે ૫–૬–૭–૮ તથા અભવસિદ્ધિકોના ૯–૧૦–૧૧–૧૨ શતકો પૂર્વવત્ જાણી લેવા.

### "સમાપ્તિ વચનમ્"

જર્મન, ઈટાલી, ફ્રાંસ, લંડન આદિ પાશ્ચમાત્ય દેશોના મહાપંડિતોને જૈન શાસનનું સૂક્ષ્મ જ્ઞાન કરાવનાર, નવયુગપ્રવર્તક, આચાર્યપદના ૩૬ ગુણોથી દેદીપ્યમાન, શાસ્ત્રવિશારદ, જૈનાચાર્ય, ૧૦૦૮ શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજના શિષ્ય, શાસનદીપક, મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી મ.ના શિષ્ય પંન્યાસ શ્રી પૂર્ણાનન્દવિજયે (કુમારશ્રમણ) પોતાના મતિજ્ઞાનના વિકાસાર્થે, ભગવતીસૂત્ર જેવા આગમીય ગ્રન્થનું ૩૬ મું શતક પૂર્ણ કર્યું છે.

'શુભં ભૂયાત્ સર્વેષાં જીવાનામ્'

'કલ્યાણમસ્તુ, સ્વસ્તિ ભૂયાત્, ભદ્રં ભૂયાત્'

## 卐 શતક ૩૬મું સમાપ્ત 卐

# શતક ૩૭ : ઉદ્દેશો–૧

## તેઇન્દ્રિય જીવોની રાશિક્રમે વક્તવ્યતા :

હે પ્રભો ! રાશિક્રમથી તેઇન્દ્રિય જીવો કઈ ગતિમાંથી આવીને તેઇન્દ્રિયાવતારને પ્રાપ્ત કરે છે ?

જવાબમાં ભગવંતે કહ્યું કે હે ગૌતમ ! જેમ બેઇન્દ્રિયો માટે કહેવાયું છે, તેમ તેઇન્દ્રિયો માટે પણ જાણવું. કેવળ શરીરની અવગાહના જઘન્યથી અંગુલના અસંખ્યાતમા ભાગે અને ઉત્કૃષ્ટથી ત્રણ ગાઉની સમજવી. આયુષ્યની મર્યાદા જઘન્યથી એક સમયની અને ઉત્કૃષ્ટથી "एगूणवन्नं राइदियाणं" એટલે ૪૯ રાત્રિ અને દિવસની સમજવી.

પહેલું શતક–ઔધિક અર્થાત્ પ્રસ્તુત શતક.

બીજું શતક–કૃષ્ણલેશ્યાવાળા તેઇન્દ્રિય જીવો માટે.

ત્રીજું શતક–નીલ લેશ્યાવાળાઓને માટે.

ચોથું શતક–કાપોત લેશ્યાવાળાને માટે.

૫–૬–૭–૮ શતક–ભવસિદ્ધિકો માટે.

૯–૧૦–૧૧–૧૨ શતક અભવસિદ્ધિકો માટે જાણવા.

સ્પર્શ, જીભ તથા નાક ઇન્દ્રિયોના માલિક આ જીવોને ચક્ષુરિન્દ્રિયાવરણ અને શ્રવણેન્દ્રિયાવરણ કર્મોનો જબરજસ્ત ઉદય હોવાથી આંખ અને કાન ઇન્દ્રિયો તેમને હોતી નથી. તથા સંમૂર્ચ્છિમ હોવાના કારણે નપુંસકવેદનો જ ઉદય જાણવો.

ચક્ષુ પ્રત્યક્ષ તેઈન્દ્રિય જીવો નીચે પ્રમાણે જાણવા:—

ગોમી–નાના મોટા કાનખજૂરા.

મંકણુ–ખાટલા, ગાદલામાં થનારા માકણ.

જૂઆ–માથામાં તથા કપડામાં થનારી જૂ–લીખ.

પિપીલી–લાલ, કાળી વગેરે કીડીઓ.

ઉદ્દેહિયા–લાકડામાં થનારી ઉધેઈ.

મકોડા–જૂદી જૂદી જાતના મંકોડા.

ઇલ્લિયા–ધાન્ય વગેરેમાં થનારી ઈયળ.

ઘયમિલ્લીઓ–ઘીમાં થનારી ઈયળ (ઘીમેલ).

સાવય–માથાના મૂળમાં થનારા.

ગોકીડા–કૂતરા આદિના કાનમાં થનારા ગીંગોડા.

ગદ્દહય–અવાવરી જમીનમાં થનારા ગધૈયા.

ચોરકીડા–વિષ્ટામાં થનારા કીડા.

ગોમયકીડા–છાણમાં થતાં કીડા.

કુંથુ–ધોળા રંગના ઘણા જ નાના જન્તુઓ.

ગોવાલીય–ગોવાલણ જાતના કીડા.

ઇલિયા–ખાંડ, ગોળ આદિમાં થનારી ઇયળો.

ઈંદગોવાઈ–ચોમાસાના પ્રારંભમાં લાલ રંગના કીડા.

ઉપર પ્રમાણે વ્યવહારમાં પ્રસિદ્ધ જીવો જાણવા. શેષ આપણા જેવાઓને માટે અપ્રત્યક્ષ તેઇન્દ્રિયો પણ ઘણા છે.

અનંત સંસારમાં અસંખ્યાત દ્વીપો અને સમુદ્રો છે, નદીઓ છે, નાળાઓ છે, મોટા મોટા અરણ્યો છે, ધૂળ છે, રેતી છે, માટી છે, વપરાતી જમીન છે, અવાવરી જમીન છે. અમુક જીવો ચોમાસામાં જન્મે છે, અમુક ઠંડીમાં તથા ગ્રીષ્મ ઋતુમાં જન્મે છે. કોઈ બેઇન્દ્રિયરૂપે, તેઇન્દ્રિયરૂપે, તો કોઈક ચઉરીન્દ્રિયરૂપે પણ જન્મે છે. જમીન પર ચાલતાં, સમુદ્રના પાણીમાં ચાલતા અને આકાશમાં ઉડતાં જીવોને આપણે સૌ સગી નજરે જોઈ રહ્યાં છીએ. આપણે જેમ પ્રાણો છે એટલે કે શરીર છે, ઇન્દ્રિયો છે, શ્વાસોશ્વાસ છે, મન છે, ભાષા છે, તેમ ગમે તે શરીરમાં રહેલા જીવો આપણી જેમ ચૈતન્ય, શરીર, ઇન્દ્રિયો અને મન ધરાવનારા છે. માટે કોઇપણ જીવ, પારકાના હાથે, મોટર કે ગાડી નીચે, કે બીજા કોઈ પ્રકારે પણ મરવા માટે ઇચ્છતો નથી. આ કારણે જ બુદ્ધિશાળી અને વિવેકપૂર્ણ મનુષ્યોનો કર્તવ્ય ધર્મ, અહિંસા ધર્મ અને માનવતા ધર્મ છે કે 'કોઈ પણ જીવને ન મારવું, ચાલવા ફરવામાં, ઉઠવા બેસવામાં, કે ગમે તે કામકાજ કરતાં પણ એકેય જીવ મરવા ન પામે." ગુરુદેવનો અનન્ય ભક્ત બનેલો અન્તેવાસી, તેમની આજ્ઞા પ્રમાણે કામ કરવામાં ગમે તેટલી ઉતાવળ રાખે તો પણ પોતાની 'ઈર્યાસમિતિ'ને વાંધો ન જ આવવા દેવો જોઇએ. આ આજ્ઞા તીર્થંકર પરમાત્માઓની છે. સારાંશ કે મુનિને પણ પોતાનો ઈર્યાસમિતિ ધર્મ સૌથી મૂખ્ય છે.

આપણે જે ક્ષેત્રમાં રહીએ છીએ, ત્યાં કાનખજૂરા આદિ કીડાઓ કદાચ વેંતીયા આકારમાં જ જોવાયા હોય, પરંતુ મોટા મોટા પર્વતોમાં કે જંગલોમાં તે કાનખજૂરાઓ હાથ પ્રમાણના કે દંડ પ્રમાણના પણ હોઇ શકે છે. આ જ પ્રમાણે તેઇન્દ્રિય જીવ ત્રણ ગાઉના શરીર પ્રમાણમાં હોય તેમાં શંકા રાખવા જેવું નથી.

અહીં જે ત્રણ ગાઉની વાત છે, તે ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ શરીર-પ્રમાણની અપેક્ષાએ જાણવી અને જઘન્યથી એટલે ઓછામાં ઓછા શરીરપ્રમાણવાળા તેઇન્દ્રિય જીવો અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલા સાવ નાના જે આંખેથી પણ દેખાતા નથી, તેવા પણ હોય છે. અનંત જીવ રાશિ છે. પ્રત્યેકને માટે તો જુદી જુદી અવગાહના વિશેષ પ્રસંગ સિવાય બતાવી શકાય નહી, માટે જ સામુહિકરૂપે જઘન્ય અને ઉત્કૃષ્ટરૂપે જ વાત કરવાની પદ્ધતિ જૈન શાસનની રહી છે. માથામાં કે ક્ષેત્ર વિશેષના જાનવરોના વાળોમાં 'જૂ' પણ ત્રણ ગાઉની હોઈ શકે, પણ તે કયા ક્ષેત્રમાં હોતી હશે? તે આપણા જેવા છદ્મસ્થો જાણી ન શકીએ પણ તે માનવા જેવી હકીકત છે. માટે જ જૈન શાસનની ઘણી વાતો અને પ્રરૂપણાઓ કેવળ શ્રદ્ધાગમ્ય જ છે. પરંતુ ઈર્ષ્યાંધ તથા ધર્માંધ બનેલા દયાનંદ સરસ્વતીએ જેમ પોતાના અનન્ય ઉપાસ્ય મહાદેવજીની પણ મશ્કરી કરતા તેમને વાર નથી લાગી, તો જૈનશાસનની અમુક વાતોને લઇ, જૈન શાસનને નિંદવામાં શા માટે વાર લાગે? ત્યારે જ તો પોતાના 'સત્યાર્થ પ્રકાશ'માં લખે છે કે 'જૈનોના ધર્મમાં 'જૂ' ત્રણ ગાઉની હોય તો જૈનીઓના માથા કેટલા ગાઉના હોતા હશે?

એટલું જ કહીએ કે કોઈની પણ વાત કરતાં પહેલા તેમના શાસ્ત્રોને બરાબર જોવા જોઇએ.

| | | |
|---|---|---|
| ૨૪ આંગલ | — | ૧ હાથ |
| ૪ હાથ | — | ૧ ધનુષ્ય |
| ૨૦૦૦ ધનુષ્ય | — | ૧ ગાઉ (ગવ્યૂતિ) |
| ૨ ગાઉ | — | ૧ કોશ |
| ૪ કોષ | — | ૧ યોજન |

## શતક ૩૭મું સમાપ્ત

# શતક ૩૮મું

## ચતુરિન્દ્રિય જીવોની વક્તવ્યતા :

અવગાહના જઘન્યથી અંગુલના અસંખ્યાતમા ભાગની અને ઉત્કૃષ્ટથી ચાર ગાઉની સ્થિતિ. જઘન્યથી એક સમયની અને ઉત્કૃષ્ઠથી છ મહિનાની જાણવી.

વીંછી, બગાઈ, ભમરા, ભમરી, તીડ, માખી, ડાંસ, મચ્છર, કંસારી, ખડમાંકડી આદિ જીવો ચારઈન્દ્રિયના જાણવા. તેમાં વિંછી આદિ જીવો વિષવાળા છે, ત્યારે કેટલાક ડંખ દેનારા છે, શેષ પૂર્વવત્.

## શતક ૩૮મું સમાપ્ત

# શતક ૩૯મું

## અસંજ્ઞી પંચેન્દ્રિયો માટેની વક્તવ્યતા :

જઘન્ય અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગે અને વધારેમાં વધારે એક હજાર યોજનની જાણવી. સ્થિતિ જઘન્યથી એક સમયની અને વધારે પૂર્વ કોટિની જાણવી. કાયસ્થિતિ જઘન્યથી એક સમયની અને વધારે ૨ થી ૯ પૂર્વ કોટિની સમજવી. શેષ પૂર્વવત્.

નોંધ :–બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચારઇન્દ્રિયોના જીવોને જૈન શાસનની પરિભાષામાં વિકલેન્દ્રિય કહેવાય છે. " विकलानी अपरिपूर्णानि इन्द्रियाणि सन्ति येषां ते विकलेन्द्रिया ।" એટલે કે પરિપૂર્ણ પાંચે ઇન્દ્રિયો જેમને નથી તે વિકલેન્દ્રિય જાણવા અને વ્યાકરણવેત્તાઓએ આ જીવોને ક્ષુદ્ર તરીકે ઓળખાવ્યા છે. સારાંશ કે સૌના મતે આ જીવાત્માઓ છે, ચૈતન્ય શક્તિ સમ્પન્ન છે અને મનુષ્યોની માફક જ સુખને ઈચ્છનારા તથા દુઃખથી દુઃખી થનારા છે. બેશક ! મનુષ્યો કરતાં આ જીવો હીનપુણ્યવાળા હોઈ શકે છે, તેથી તેનો અર્થ એ નથી કે આ ક્ષુદ્ર જન્તુઓને મારવામાં પાપ નથી લાગતું..." માન્યું કે ગૃહસ્થાશ્રમમાં રહેલા ગૃહસ્થોને પોતાના જીવનવ્યવહારના સંચાલનમાં સ્થાવર જીવોનો ઉપયોગ સર્વથા અનિવાર્ય છે. તેમ છતાં પણ માનવની માનવતામાં દયાદેવીનો વાસ કે અહિંસાધર્મનો અવતાર થયેલો હશે તો પોતાના જીવનમાંથી

દયાને દેશવટો આપ્યા વિના તે સ્થાવરોના ઉપયોગમાં પણ નિરર્થક જીવહિંસાનો ત્યાગ જ કરશે. તો પછી ત્રસત્વને પામેલા વિકલેન્દ્રિયો પ્રત્યે કેવી રીતે નિર્ધ્વંસ બનશે ? તેથી તે જીવોને મારવા માટે કે મરાવવા માટે દયાળુ પુરુષને હરહાલતમાં પણ ઉત્સાહ રહેતો નથી.

'ઈશ્વર જ જગતનો સર્જનહાર છે' આ સિદ્ધાંતને સત્ય સ્વરૂપે માનનારાઓએ સમજવું જોઈએ કે :-જેમ મનુષ્યોનું સર્જન ઈશ્વરાધીન છે, તો ક્ષુદ્ર જન્તુઓનો પણ સર્જનહાર ઈશ્વર જ છે. આવી સ્થિતિમાં પોતાના પ્રમાદ કે અજ્ઞાન વશ થઈને ઈશ્વરની સૃષ્ટિને બગાડવી કોઈ કાળે પણ ઠીક નથી, તેમ પર જીવોના હત્યારા ઉપર ઈશ્વરનો આશીર્વાદ પણ ઉતરી શકે તેમ નથી. સર્પ, વિંછી, કાનખજૂરા, મચ્છર, માખી, વાઘ, વરૂ આદિ પ્રાણીઓ માનવના નાશક છે, માટે તેમને મારી નાખવાનો સિદ્ધાંત પણ સર્વથા અજ્ઞાનમય છે, કેમકે સૃષ્ટિના નિર્માણમાં અને વિષ ભરેલા ડંખીલા જન્તુઓના નિર્માણમાં પણ, દીર્ઘદૃષ્ટિસમ્પન્ન, મહાદયાલુ પરમાત્માની દયાને આપણે ન સમજીએ, અથવા માનવજાત પર તે જન્તુઓનો કેટલો બધો ઉપકાર છે, તેને વૈજ્ઞાનિક દૃષ્ટિએ પણ આપણે ન સમજીએ તો આપણે નિશ્ચિત કમભાગી જ રહીશું અને પરમાત્માની સુંદરતમ સૃષ્ટિને બદસુરત બનાવવાના અભિશાપે આવતા ભવમાં પણ આપણે વિના મોતે મરવાનું રહેશે. કેમકે સંસાર તો 'Play Ground'ના ફુટબોલ જેવો છે, તેથી પર જીવોની હત્યા કરનારો તે તે જીવોની સાથે વૈરાનુબંધથી બંધાશે અને

આજે આપણા હાથે કે પગે મરનારા જીવો આવતા ભવે શત્રુ બનીને પણ વૈરનો બદલો લીધા વિના છોડશે નહીં.

ઈશ્વર પ્રત્યે તથા ભારત દેશની પ્રાણસમી અહિંસા પ્રત્યે બેધ્યાન રહીને આજ સુધીની જુદ જુદી સરકારોએ સર્પ, વાઘ તથા સિંહ આદિ જીવોને મારવા માટે જુદી જુદી યોજનાઓ અને લાખો રૂપીયાના ઈનામો પણ જાહેર કર્યા હતાં, પણ આપણે સૌ અનુભવી રહ્યાં છીએ કે સંસારમાંથી નાના મોટા સર્પો પણ ઓછા થયા નથી તેમ માખી મચ્છરો પણ ઘટયાં નથી. ગાંધીબાબાનું રાજ્ય થયા પછી પણ આજ સુધી લાખો મણ 'ડી. ડી. ટી.નો પાવડર છંટકાઈ ગયો છે, તો પણ માખીઓ ઘટી નથી, મચ્છરો ઘટ્યા નથી તેમ બીજા જાનવરો પણ ઓછા થયા નથી, તેમ સાપના કરડવાથી માણસોના મોત પણ ઘટયા નથી.

આ બધી વાતોને ધ્યાનમાં લઈને जीवो जीवस्य भक्षणम् આ ઉક્તિને ભલે માનવેતર સૃષ્ટિ ચરિત્રાર્થ કરે, પણ મનુષ્ય તો બુદ્ધિશાળી પ્રાણી છે, ધર્મ કર્મને જાણનાર છે, વેદ-વેદાંત-ઉપનિષદ્, પુરાણ, ગાયત્રીનો ઉપાસક છે, સુવર્ણ-મોતી-સુખડ-પરવાલા તથા રૂદ્રાક્ષની માળાઓ દ્વારા પરમાત્માનું ભજન કરનાર છે. માટે વિવેકી અને વિચારશીલ છે તેથી જીવોનું હનન નહીં પણ રક્ષણ કરવા માટે અભૂતપૂર્વ તેમનામાં શક્તિ છે. માટે ઈશ્વરની બક્ષીસરૂપે મળેલી તે શક્તિનો સદુપયોગ કરીને એક જીવ બીજા જીવનો મિત્ર બનવા પામે તેમાં જ આપણા સૌનું, ભારત દેશનું, માનવ સમાજનું અને આધ્યાત્મિક જીવનનું ભલું છે.

લગભગ છ કે સાત શતાબ્દીઓથી સર્વથા પરાધીન બનેલા ભારત દેશને મહાત્મા ગાંધીએ (ગાંધી બાબાએ) અહિંસક વૃત્તિઓથી અને પ્રવૃત્તિઓથી સ્વાધીનતા પ્રાપ્ત કરાવી અને તેમના જ ચેલા ચાપટો ધોળી ટોપી પહેરીને ભારત દેશના રાજ્યસત્તાધારીઓ બન્યા. પરંતુ અફસોસ છે કે સત્તાની ખુરશી હાથમાં આવ્યા પછી તરત જ લાખો અને કરોડોની સંખ્યામાં વાંદરાઓ, ભૂંડો, ગાયો, બળદો, પાડાઓ, ઘેટા-બકરાઓ, વાઘ-દીપડાઓ, મોર, ઉંદરડાઓ અને છેવટે દેડકાના પગો અને જીવતી ગાયોના ચામડાના વ્યાપાર દ્વારા હુંડીયામણ કમાવાના મહા હિંસક પાપકાર્યોના માર્ગે ચાલ્યા. જેના મહાપાપે લાખો-કરોડો રૂપીઆ તથા લાખો ટન ઘઉં આદિ પદાર્થો ભારતમાં આવ્યા અને આપણા પેટમાં તેની પધરામણી થઈ. ફળ સ્વરૂપે ૩૨-૩૩ વર્ષોથી સ્વતંત્ર-સ્વાધીન બનેલા ભારત દેશની બેહાલ અવસ્થાઓને આપણે સૌ સગી નજરે જોઈ રહ્યાં છીએ અને ભોગવી રહ્યાં છીએ. તે આ પ્રમાણે :-

(1) કોલેજ તથા હાઈસ્કૂલનું સહશિક્ષણ, વ્યાપારી ધોરણે ચાલતા સિનેમાઓ, ટેલીવિઝન, રેડિઓ આદિના માધ્યમથી ઉત્તેજિત થઈને વ્યાપક બનેલી કામવાસનાના કારણે ભરબઝારમાં કે અન્યત્ર સ્થળે બ્હેન બેટીઓના શિયળ લુંટાઈ રહ્યાં છે, છતાં પણ સત્તાધારીઓ આંખ આડા કાન કરીને નિરાંતે બેઠા છે.

(2) શિથિલ બનેલી રાજ્યસત્તાના પરિપાકે માણસ માણસનો દુશ્મન છે, એક શ્રીમંત બીજા શ્રીમંતનો તથા એક પ્રાંતનો પ્રધાન મંત્રી બીજા પ્રાંતના પ્રધાન મંત્રીનો વૈરી છે, વિરોધી છે.

(3) પ્રત્યેક પ્રાંતના મંત્રીઓ અને કેન્દ્રના મંત્રીઓ પણ પોતાને અહમિન્દ્ર માનીને એક બીજાની સત્તાને લલકારી રહ્યાં છે, એટલું જ નહીં પણ એક બીજાના ચૂડીદાર પાયજામા કે પેન્ટ ખેંચી રહ્યાં છે.

(4) ભારત માતાની, ગાંધી બાબાની, દેશના ગરીબોની કે મધ્યમ વર્ગોની ચિંતાએ ચિતામાં જઇને-બળીને સર્વથા અલવિદા લીધી છે.

(5) પાપી, રિશ્વત તથા કાળાબઝારનું કાળું નાણું સૌના પેટમાં કૂદકા મારી રહેલું હોવાથી દેશના સત્તાધારીઓ અને શ્રીમંતો કુદરતાના વૈરી બન્યા છે, માટે જ તેમના જીવનમાંથી-

માનવતા ગઈ અને દાનવતા આવી,

દયા ગઇ અને ક્રૂરતા આવી,

પ્રેમ ગયો અને સ્વાર્થ આવ્યો.

પરિણામે ભારતદેશના ભાગ્યમાં મેઘરાજા પણ રીસાયો, નદીઓ, મહાનદીઓ પણ રીસાઇ તથા અતિ વૃષ્ટિ અને અનાવૃષ્ટિની મર્યાદા પણ સમાપ્ત થઈ છે.

(6) પાપના પૈસાથી ખરીદેલા તેલ, ઘી, સિંદુર, સોના-ચાંદીના વરખ, ફળ-ફૂલ (પુષ્પ), મેવા, મિષ્ઠાન્નના છપ્પન ભોગ લઇને તથા હજારો મણ ઘી તથા અગણિત નાળિયેરોના ભોગથી તૃપ્ત કે અતૃપ્ત થયેલા કલિયુગના ભગવાન પણ જાણે શેષશય્યા પર આરામ ન કરતાં હોય! માટે જ ભારતદેશના ગરીબો બધી રીતે પરેશાન છે. બેમોતે મરી રહ્યાં છે, ભૂખે મરી રહ્યાં છે, જ્યારે ભારત દેશના

મંત્રીઓ, પ્રધાન મંત્રીઓ, નાણા મંત્રીઓ વગેરે ઘી કેળા ખાઈ રહ્યાં છે અને તેમના કૂતરા ૫૦-૭૫ હજારની મોટરમાં બેસીને આરામ કરી રહ્યાં છે અને બિસ્કુટ ખાઈ રહ્યાં છે.

(7) ભારત દેશના સંતો–મહાસંતો તથા વૈરાગીઓની આંખ પર સોનાની ફ્રેમના ચશ્મા લાગ્યા અને પાંચ પાંચ હજારના કાશ્મીરી દુસાલા અને કામળીઓથી તેમના શરીરો લપેટાયા. પણ....હાય રે....તે મહાસંતોના ભગતરામોને પેટ ભરવા માટે અનાજ નથી, પહેરવાના કપડા નથી, દવાદારૂ નથી, તેના પર લેવાની મોસંબી નથી, દૂધ નથી. આનાથી અતિરિક્ત અહિંસાદેવીની ક્રૂર મશ્કરી બીજી કઈ?

(8) ભારત દેશની જગદંબા સ્વરૂપ સ્ત્રીની નગ્ન, અર્ધનગ્ન તસ્વીરો ખેંચાઇ, તેના પોસ્ટરો બન્યા, રાજરસ્તા પર તેમની નગ્નતાનો ખ્યાલ દેનારી તસ્વીરો લટકાવવામાં આવી, લાખોની સંખ્યામાં રંગીન કેલેંડરો, સિનેમાની તસ્વીરો તથા ભારત દેશની ભીંતે ભીંતે અર્ધનગ્ન સ્ત્રીની તસ્વીરો મૂકાઈ, પણ....હાય રે....ભારત દેશના શ્રીમંતોની પત્નીઓ, પુત્રીઓ, રાજસત્તાધારીઓની પદ્મિનીઓ, ભણેલીગણેલી સ્ત્રીઓ, સારા લેખકોની ધર્મપત્નીઓ તથા લેખનકળામાં હુશીઆર બનેલી માનિનીઓને પણ પોતાની જાત પ્રત્યે રતિમાત્ર ગર્વ પણ શેષ ન રહ્યો! જાણે પાપી અન્નથી, હિંસક પ્રવૃત્તિના માધ્યમથી કમાયેલા પૈસાથી આપણા સૌનો આત્મા જ ખતમ થઇ ગયો છે, મડદાલ થઇ ગયો છે.

(9) કેન્દ્રીય મંત્રીમંડળથી પ્રાંતિય મંત્રીમંડળ સુધી, લગભગ ૨૦ જેટલા રેલ મંત્રીઓ, ખાદ્ય મંત્રીઓ, ગૃહ-મંત્રીઓ, પ્રધાન મંત્રીઓ, સંરક્ષક મંત્રીઓ આદિ પ્રધાન-કક્ષાના, રાજકક્ષાના મંત્રીઓ, તેમની દેવવિમાનો જેવી

ઓફીસો, તેમની સેવામાં ઉચ્ચસ્તરીય સેંકડો માનવો છે, ઉપરાંત મુસાફરીખર્ચના પૈસા તેમના ગજવામાં આવે છે, આમ જેમની પાછળ ભારત દેશ લાખો અને કરોડો રૂપીઆનો પગાર વ્યય કરે છે, તેમ છતાં પણ ગાડીઓના અકસ્માતોમાં હજારો માણસો મરી રહ્યાં છે, બેન બેટીઓની ઈજ્જત લુંટાઈ રહી છે, ખાવા પીવાની વસ્તુઓની મોંઘવારીના પાપે જનતા બેહાલ અવસ્થા ભોગવી રહી છે, સૈનિકો અને સીપાઈઓની આંખ સામે અત્યાચાર, દુરાચાર, લુંટ, મારા મારી તથા ગુનાહિત કાર્યો થઈ રહ્યાં છે, તો પણ કોઇને પડી નથી. કેન્દ્રના મંત્રીઓ જ જ્યારે પરસ્પર રણમેદાને ચઢી રહ્યાં હોય ત્યારે બિચારા સૈનિકો શું કરે ? અનાજ પકવવા માટે ખેડુત તૈયાર નથી પણ રોકડીયા પાક માટે સૌ લાલચુ બની રહ્યાં છે. કલેકટરો, મામલતદારો પણ મંત્રીઓના કારણે કિંકર્તવ્યમૂઢ થઇને દેશની બેહાલ અવસ્થા જોઈ રહ્યાં છે.

(10) મશીનરીના યુગમાં ભારતદેશની આધ્યાત્મિકતાને કેટલી હાનિ કે લાભ થયો છે તે તો ઇતિહાસકારો નિર્ણય કરશે, પરંતુ પ્રત્યક્ષ અનુભવાતી સત્ય હકીકત છે કે દેશના નાના મોટા ઉદ્યોગપતિઓમાં પરસ્પર હરિફાઈ, સ્પર્ધા અને પ્રતિસ્પર્ધાનો જન્મ ચોક્કસ થયો છે, જેના કારણે દેશની મોટી શક્તિ અને મુડી તેમના ગજવામાં હોવાથી કેન્દ્ર કે પ્રાંતના મિનિસ્ટરો પણ તેમની હથેલીમાં રમતા હોય છે. પરિણામે તે બંનેની ગઠબંધી મજબુત થાય છે. આના જ અભિશાપે શ્રીમંતોની તિજોરીને વાંધો ન આવે તેવા જ કાયદા ઘડાય છે, ન્યાયતંત્રો ઢીલા પડે છે, રક્ષકદલમાં કર્ત્તવ્યરહિતતાનો પ્રવેશ થાય છે, પરિણામે મોટા ઉદ્યોગપતિઓના એક ગજવામાં સરકારી તંત્ર અને બીજા ગજવામાં દેશના મિનિસ્ટરો કેદ થઇને પડ્યાં છે.

(11) કોઈ પણ દેશના અધઃપતન કે ઉન્નતિમાં ડબલ ગ્રેજ્યુએટ થયેલા મિનિસ્ટરો કરતાં પણ વધારેમાં વધારે અસરકારક ન્યાયાલયો, સૈનિકો અને શિક્ષણ સંસ્થાનો હોય છે. ભારત દેશની કમનશીબી હતી કે સ્વરાજ્યના ઝંડા ફરકાવ્યા બાદ તરત જ આ ત્રણેમાં શિથિલતા આવતી ગઈ છે. ન્યાયાધીશો, સરસેનાપતિઓ કે પ્રિન્સીપાલો ગમે તેવા ઉચ્ચ ખાનદાનના અને પ્રામાણિક હોય તો પણ સરકારી તંત્રની અકર્મણ્યતાના કારણે તે ત્રણેમાં પણ કેવળ 'કાગળ કાર્યવાહી'થી અતિરિક્ત બીજું કંઇ પણ કરવાનું રહ્યું નથી. પૈદલ વિહાર કરીને ગામડે ગામડે કે શહેરોમાં વિચરનારા જૈન મુનિઓને જ અનુભવ છે કે—સામે દેખાતો માનવ ચોક્કસ ખુની છે, બદમાશ છે, બળાત્કાર કરનારો છે. સિપાહીઓ તેને પકડે છે. ન્યાયાધીશ સામે કે સેનાપતિ સામે ઉભો રાખે છે. તેઓ સત્ય નિર્ણય કરે તે પહેલાં જ રિશ્વતથી ગજવા ભરાયેલો, લેભાગુ ધોળી ટોપી પહેરીને ન્યાયાધીશના કાનમાં ફૂંક મારે છે અને અસલી ચોર કે બદમાશ નિર્દોષ તરીકે સાબીત થાય છે અને છુટી જાય છે. હેડ માસ્ટરો તથા પ્રિન્સીપાલો વિદ્યાર્થીઓના હાથે માર ખાય છે, સિપાહીને પબ્લીક મારે છે, ઈત્યાદિ પ્રસંગોમાં અસલી તત્ત્વનો નિર્ણય કરતાં આપણને ખબર પડે છે કે મિનિસ્ટરો જ જ્યાં પોતાની સ્વાર્થાન્ધતામાંથી બહાર આવતાં નથી તો પછી તેઓ જનતામાં ન્યાયતંત્રની સ્થાપના કઈ રીતે કરશે ? કોણ કરશે ? પ્રાન્તીય કે કેન્દ્રીય મંત્રી કરશે ? આનો જવાબ ભગવાનના સુદર્શન ચક્ર સિવાય બીજા કોઈની પાસે નથી.

ઈત્યાદિ અગણિત કારણોથી સર્જાયેલા કાર્યોને જોયા પછી ભારત દેશ સ્વતંત્ર છે તેમ કહેવું વ્યાજબી નથી.

ત્યારે જ માનવ માત્રને ભૂતકાળની સ્મૃતિ થઇ જતાં વાર લાગતી નથી. કારણ કે માનવ સ્વભાવ જ એવો રહ્યો છે કે ભૂતકાળ ખરાબ રીતે પસાર થયો હોય તો પણ વર્તમાનકાળ તેના કરતાં પણ વધારે ખરાબ દેખાય ત્યારે ભૂતકાળ પાછો ભવ્ય લાગે છે. માટે જ ભારત દેશનો અંદરનો અવાજ કાંઇક આ પ્રમાણે છે.

(1) બ્રિટીશરોના રાજ્યમાં દેશની બેન બેટીઓને, વ્યાપારીઓને, તથા સાધુ સંતોને કોઇ પણ જાતનો ભય હતો નહીં. જ્યારે આજે પ્રજા ત્રસ્ત છે, બેન બેટીઓ ત્રસ્ત છે.

(2) તે સમયે ન્યાયતંત્રની પવિત્રતા, શિક્ષણાલયોની સ્વચ્છતા, અને સંરક્ષક સ્થાનોની કર્તવ્યનિષ્ઠતાના કારણે દેશનો નાગરિક બિનધાસ્ત સૂઈ શકતો હતો. વિદ્યાર્થિઓના જીવનમાં આજના જેવી સ્વચ્છંદતા ન હતી અને સૈનિકો પ્રજાના રક્ષણમાં બેધ્યાન ન હતાં.

(3) તેમ છતાં પણ બ્રિટીશરોને દેશમાંથી ભગાડી શકાયા. પરંતુ આજે ગઠબંધીના કારણે વિચિત્ર પ્રકારે પરાધીન બનેલા ભારત દેશને કર્તવ્યદિશામાં લાવવા માટે પ્રત્યેક પ્રાંતોમાં જુદા જુદા મહાત્મા ગાંધીઓના અવતારો થાય તો પણ તેમને સફળતા મળી શકે તેમ નથી.

ઇત્યાદિ અગણિત પ્રકારોમાં દેશની જનતાના અવાજો સાફ સાફ સંભળાઈ રહ્યાં છે. પણ એકેયનો યાવત્ વિનોબા ભાવે જેવાનો પણ અવાજ સાંભળનાર અત્યારે માઇનો લાલ કોઇ નથી.

ઉપરની બધીય વાતોમાં તેના મૌલિક કારણોને તપાસીએ તો, ભારતદેશના અગણિત મૂક પ્રાણીઓની હત્યાઓ દ્વારા પ્રાપ્ત થયેલા હુંડિયામણના અભિશાપો સ્પષ્ટ દેખાઇ રહ્યાં છે. ( ઇત્યલં વિસ્તરેણ ).

## અસંજ્ઞી એટલે શું ?

શાસ્ત્રોમાં ઘણા સ્થળે સંજ્ઞી અને અસંજ્ઞી રૂપે જીવોના બે પ્રકાર કહેવામાં આવ્યા છે. નિગોદવર્તી જીવ પણ ચૈતન્ય સ્વરૂપી હોવાથી આઠે કર્મોના બંધનથી બંધાયેલા છે, માટે તેમને પણ આહાર-ભય-મૈથુન-પરિગ્રહ-ક્રોધ-માન-માયા-લોભ-મોહ-ધર્મ (ધર્મત્વ પ્રાપ્ત કરવાની ઇચ્છા), સુખ-દુઃખ જુગુપ્સા-શોક-ઓઘ (સામાન્યજ્ઞાન) અને લોક (વિશેષ જ્ઞાન) આદિ સોળ પ્રકારની સંજ્ઞા અવશ્ય હોવાથી જીવમાત્ર સંજ્ઞી જ કહેવાય છે. તેમ છતાં પણ આ પ્રસ્તુત વિષયમાં તે સંજ્ઞાઓથી સંજ્ઞિત બનેલાને સંજ્ઞી માનવામાં આવ્યો નથી, પણ નીચેની ત્રણ સંજ્ઞાઓમાંથી પહેલી "હેતુવાદોપદેશિકી" સંજ્ઞા જેમને હોય તેમને અસંજ્ઞી તરીકે જણાવ્યા છે, કેમકે આ સંજ્ઞામાં જીવને વિશિષ્ટ બોધ હોતો નથી, આ કારણે તે અસંજ્ઞી છે.

જેમાં બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચતુરિન્દ્રિય અને સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય જીવોનો સમાવેશ થાય છે. આ જીવોમાં કેવળ વર્તમાનકાળ પૂરતું જ જ્ઞાન હોય છે, જેમકે કીડીઓને, મકોડાઓને, ઇયળોને, અળસીયાઓને, તથા ભ્રમર, વિંછી, માખી, મચ્છર, માકણ, જુ આદિ જીવો જે રસ્તે જઇ રહ્યાં હોય, ત્યાં ઉત્પન્ન થતાં ભયના નિવારણ માટે પોતાની ગતિ ભલે બદલી લેતા હોય તો પણ તેવું જ્ઞાન તેમને

હોતું નથી કે રસ્તો બદલવામાં વર્તમાન સમયના ભયથી જરૂર મુક્ત થઈશું, પરંતુ ગતિ બદલતા જ બીજાના પગે ચગદાઈ જઈશું, કે સામેથી આવતી મોટર નીચે ભેમોતે મરીશુ કે ગતિ બદલતા જ સામેવાળા પુરૂષો અમને મારી જશે કે અમારો જ ભક્ષક બીજો પ્રાણી અમને ગળી જશે, ઈત્યાદિ વાતોને તે અસંજ્ઞી જીવો જાણી શકતા નથી, માટે જ તેઓ અસંજ્ઞી છે.

અમુક સ્થાને ગયા પછી તે તે વસ્તુઓનો સ્પર્શ થવાથી આપણા શરીરને પીડા થઈ હતી, બળી જવા જેવી સ્થિતિ કે ચગદાઈ જવા જેવી સ્થિતિ ઉભી થઈ હતી. આ બધી ભૂત-કાળની વાતો તેમના ખ્યાલમાં હોતી જ નથી, તેથી ભવિષ્ય-કાળમાં ત્યાં જવું કે ન જવું, જવાથી આપણું મૃત્યુ છે તેની પણ તેમને ખબર હોતી નથી. માટે વિશિષ્ટ બોધાત્મક સંજ્ઞા ન હોવાથી તેઓ અસંજ્ઞી છે.

પૂર્વના મનુષ્યભવોમાં બુદ્ધિ મળ્યા છતાં પણ તેના દુરૂપયોગમાં મસ્તાન બનીને કેટલાય જીવોની જીભને, બીજા-ઓના નાકને, ત્રીજાઓની આંખને તથા ચોથાના કાનોને આઘાત લગાડ્યો હોય, ઇન્દ્રિયોથી તે જીવોને પીડિત કર્યા હોય, એટલે કે તેમની ઇન્દ્રિયોનો ઘાત કર્યો હોય, રસોઈ–પાણી કે પોતા આદિ કરવામાં જીવોની હત્યાનું ધ્યાન ન રહ્યું હોય કે વધારે પડતાં આરંભ સમારંભમાં સંખ્યાત કે અગણિત વિકલેન્દ્રિય જીવોને મરવાની અણી પર પહોંચાડી દીધા હોય કે મારી દીધા હોય, ઈત્યાદિ કારણે આવનારા ભવોમાં, ચાલુ ભવના બુદ્ધિશાળી, મહાબુદ્ધિશાળી મનુષ્યોને પણ વિકલેન્દ્રિય જીવોની ગતિઓમાં અસંજ્ઞી અવસ્થા પ્રાપ્ત કરી ભયંકરમાં ભયંકર અસહ્ય દુઃખોને ભોગવવાના જ ભાગ્યમાં રહેશે.

એક વૃક્ષનો આશ્રય કરી હજારો-લાખો ત્રસ જીવો પોતાનું જીવન જીવી રહ્યાં હોય ત્યારે કોલસા આદિના વ્યાપાર કરનારા શ્રીમંત થવાના લોભમાં સેંકડો-હજારો વૃક્ષોને કપાવે છે, અંગારકર્મવડે કોલસાનું ઉત્પાદન વધારે છે અને લાખો કરોડોની માલમત્તા ભેગી કરી પાપાનુબંધી પુણ્યના માલિક બને છે અને મરીને વિકલેન્દ્રિયપણું પ્રાપ્ત કરે છે. ઘાણીમાં પીલાતા તલ, મગફળી, કપાસીઆ, સરસું આદિ તથા ચક્કી (ઘંટી)માં પીસાતા ગેહું, ચણા, ચોખા, જુવાર, બાજરી આદિમાં અસંખ્યાતા ધનેડા, ઈયળો આદિ નાના મોટા જીવો પણ પીલાઈ તથા પીસાઈ જઈને વિના મોતે મરે છે.

વસ્ત્ર ઉત્પાદન કરવાવાળી મીલોમાં હજારો-લાખો અને કરોડો મીટર વસ્ત્ર બને છે. તેને સફાઈમાં લાવવા માટે મેંદો, મકાઈ ચણાનો લોટ, ચોખાનો લોટ જે સેંકડો-હજારો બોરાઓમાં ભરેલો હોય છે, તેમાં ખદબદ કરતાં અસંખ્યાતા કીડાઓ કાંઝી બનાવતાં વિના મોતે મરે છે.

પૃથ્વીમાતા નાના મોટા સૌ જીવોની માતા છે. તેના પેટાળમાં પત્થર, હીરા, આરસ, સીસું, લોઢું આદિ ધાતુઓને બહાર કાઢતાં હજારો અળસીયા, કીડા, મકોડા આદિ મર્યા વિના રહેતા નથી.

તેજાબ, સોડા, સાબુ, એસીડ ઇત્યાદિના ઉત્પાદનમાં તથા તેના વપરાશમાં અને તે પદાર્થોનો ઉપયોગ કર્યા પછી તે પાણીને ગટરમાં નાખવાથી લાખો-કરોડોની સંખ્યામાં મરતા કીડાઓને અભયદાન કોણ આપશે?

આ કારણે જ દયાના સાગર તીર્થંકર પરમાત્માઓએ ગૃહસ્થોને પણ ૧૫ કર્માદાનના વ્યાપારોનો ત્યાગ કરવાનું કહ્યું છે. પરંતુ પરિગ્રહ સંજ્ઞાના ગુલામો ભગવાનની વાણીનો તિરસ્કાર કરીને હિંસક માર્ગનો સ્વીકાર કરે છે અને આવનારા ભવોમાં ત્યાં ત્યાં અવતાર લે છે. આ જીવોને દ્રવ્યમન હોતું નથી, કેમકે પૂર્વભવમાં માયાવશ બનીને કેટલાય જીવોના માનસિક પરિણામો અને પ્રવૃત્તિઓને તોડાવેલી કે બગાડેલી હોવાથી મનઃપર્યાપ્તિ નામકર્મની નિકાચના કરવા જેટલી લાયકાત તેમનામાં હોતી નથી, માટે મનઃપર્યાપ્તિના અભાવમાં દ્રવ્યમનની પ્રાપ્તિ થતી નથી, તેમ છતાં આ જીવો જે નવા કર્મોનું બંધન કરે છે તે ભાવમનને આભારી છે. જીવ માત્રને કાર્મણ શરીરના કારણે ભાવઇન્દ્રિયો અને ભાવમનની વિદ્યમાનતા જૈન શાસનને માન્ય છે.

**શતક ૩૯ મું સમાપ્ત**

## 'સમાપ્તિ વચનમ્'

જૈનાગમોના રહસ્યવેત્તા, કર્મસિદ્ધાંતોના પારગામી તથા સ્યાદ્વાદનય અને પ્રમાણવાદને આત્મસાત્ કરનારા, શાસ્ત્ર-વિશારદ, જૈનાચાર્ય, સ્વ. શ્રી વિજયધર્મસૂરીશ્વરજી (કાશીવાળા) વિશમી શતાબ્દીમાં શુક્રના તારા જેવા તેજસ્વી હતાં, ચંદ્રમા જેવા શીતળ હતાં, સૂર્યની જેમ પ્રચંડ પ્રતાપી હતાં, મેરૂ-પર્વતની જેમ ધીર–વીર અને ગંભીર હતાં, ઉપરિયાળાદિ તીર્થોના ઉદ્ધારક અને પાલીતાણાના શ્રી યશોવિજયજી જૈન ગુરુકુળના સ્થાપક તથા મહુવા આદિ અનેક સ્થળે ગુરુકુળો, વિદ્યાલયો, ધાર્મિક પાઠશાળાઓના સ્થાપક હતાં. તેમના શિષ્ય, શાસન દીપક, બંગાલ, બિહાર અને સિંધ જેવા માંસાહારી દેશોમાં અહિંસાના સફળ પ્રચાર કરનારા મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી મ. હતાં. તેમના શિષ્ય, ન્યાય વ્યાકરણ કાવ્ય-તીર્થ, પંન્યાસ પૂર્ણાનંદવિજયે (કુમાર શ્રમણે) ભગવતી સૂત્ર સાર સંગ્રહમાં પંચમાંગનું ૩૯મું શતક સ્વપર કલ્યાણાર્થે પૂર્ણ કર્યું છે.

ભદ્રં ભૂયાત્ સર્વેષાં જીવાનામ્,
જીવાઃ સર્વેઽસંજ્ઞિત્વં ત્યજેયુ.

## 卐 શતક ૩૯મું સમાપ્ત 卐

# શતક ૪૦મું

## કૃતયુગ્મ કૃતયુગ્મ સંજ્ઞી પંચેન્દ્રિયોની વક્તવ્યતા :

હે પ્રભો ! કૃતયુગ્મ કૃતયુગ્મ રાશિપ્રમાણ સંજ્ઞી પંચેન્દ્રિય જીવોનો ઉત્પાદ કઇ કઈ ગતિઓમાંથી થાય છે ?

જવાબમાં ભગવંતે ફરમાવ્યું કે, હે ગૌતમ ! મનુષ્યાવતાર મેળવવાને માટે ચારે ગતિઓના ચોવીશે દંડકોના જીવો સમર્થ બની શકે છે, પછી ચાહે હવે પછી મનુષ્યાવતાર મેળવાશે તે પહેલા તે જીવાત્માઓ સંખ્યેય વર્ષાયુ, અસંખ્યેય વર્ષાયુ, પર્યાપ્તાઓ હોય, કે અપર્યાપ્તાઓ હોય, તો પણ તેમને મનુષ્યાવતાર મેળવવા માટે કોઇનો પણ અવરોધ કામે લાગતો નથી, કેમકે સંસારના સંચાલનમાં ઇશ્વરાદિની શક્તિ કામે આવતી નથી, પણ પોત પોતાના કરેલા કર્મોના કારણે એક ભવ છોડવો પડે છે અને બીજો ભવ સ્વીકારવો પડે છે, માટે જ નિગોદના જીવોથી લઇને અનુત્તર વિમાનવાસી મહાપુણ્યાત્માઓ પણ આ અવતાર મેળવી શકે છે. મુસાફરી કરનારાઓને માટે જંકશન સ્ટેશન પર આવવાનું સર્વથા અનિવાર્ય છે. તેવી રીતે પ્રત્યેક ગતિઓમાં કર્મરાજાનો પેટ ભરીને માર ખાધા પછી, તથા જન્મ–જરા અને મૃત્યુની વિડંબનાઓથી ત્રસ્ત થયા પછી જ્યારે તે કર્મસત્તાથી કંઈક હળવો બને છે ત્યારે મોક્ષ તથા યાવત્ સાતમી નરકને મેળવવા માટે જંકશન જેવા મનુષ્યાવતારને પ્રાપ્ત કરે છે. આ જીવોનું પરિમાણ –અપહાર અને અવગાહના વ્યુત્ક્રાંતિપદ પ્રમાણે જાણવી.

સ્પર્શ, જીભ, નાક, આંખ અને કાન, આ પાંચે જ્ઞાનેન્દ્રિયોથી જે પરિપૂર્ણ હોય તે અને સંજ્ઞા એટલે દીર્ઘકાલિકી તથા દૃષ્ટિવાદોપદેશિકી આ બે સંજ્ઞા અને મનઃપર્યાપ્તિ દ્વારા જેમણે માનસિક જીવન પ્રાપ્ત કર્યું હોય તે સંજ્ઞી પંચેન્દ્રિય જીવ કહેવાય છે. માતા–પિતાના સંયોગ વિનાના સંમૂચ્છિંમ જીવો અસંજ્ઞી અને ગર્ભથી ઉત્પન્ન થયેલાઓને સંજ્ઞી જાણવા.

## દીર્ઘકાલિકી સંજ્ઞા :

પ્રત્યેક કર્મની અનંત વર્ગણામાં બંધાયેલા જીવો, મિથ્યાત્વ મોહનીય અને અનંતાનુબંધી ચારે કષાયોની માયામાં ચારે બાજુથી ફસાયેલા હોવાથી, તેમની પાસે સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્રનો પ્રકાશ મુદ્દલ ન હોવાના કારણે તેમના દ્વારા કરાતાં પાપો તીવ્રતમ હોય છે, ક્રોધ ખતરનાક બને છે, માન ભયંકર હોય છે, માયાપ્રપંચ તીવ્ર હોય છે, લોભ અને પરિગ્રહની માત્રા સીમાતીત હોય છે. ઈર્ષ્યા, અદેખાઈ, પરપરિવાદ તથા બીજાને આળ (કલંક) દેવાની વૃત્તિવાળા હોય છે. તે ઉપરાંત પ્રાણાતિપાત, મૃષાવાદ, ચૌર્યકર્મ, મૈથુનકર્મ અને પરિગ્રહ પ્રત્યે અત્યંત ગળેડુબ હોવાથી પોતાના અમૂલ્ય જીવન-ધનને બરબાદ કરનારા બને છે. યદ્યપિ આ જીવોને ભૂત–ભવિષ્ય અને વર્તમાનના સુખ–દુઃખનો નિર્ણય કરાવનારી, પોતાનું રક્ષણ કરી પારકાને સીસામાં ઉતરાવનારી, પોતાના અંતિમ ક્ષણ સુધી પોતાના શીરાપુરી ટકી રહે તે માટે દેશના લાખો માનવો ભૂખે મરે તેવી આકાંક્ષાઓને સેવનાવનારી ‘દીર્ઘકાલિકી’ સંજ્ઞા તેમને જરૂર મળેલી હોય છે. જે એકેન્દ્રિયના અનંત જીવો અને વિકલેન્દ્રિયના અસંખ્ય જીવોની હેતુવાદોપદેશિકી સંજ્ઞા કરતાં હજારવાર ચડિયાતી છે.

અનંત સંસારમાં રખડપટ્ટી કરતાં જીવને પોતાના આત્માનું દર્શન તથા તેના શુદ્ધિકરણના જ્યાં સુધી ખ્યાલાતો ન આવે ત્યાં સુધી ઘાંચીના બળદીયાની જેમ તે આત્માની ભ્રમણકક્ષા કોઈ કાળે મટતી નથી.

## દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા :

પ્રસ્તુતમાં દૃષ્ટિનો અર્થ આંખ કરવાનો નથી. કેમકે ચાર અને પાંચ ઇન્દ્રિયવાળા જીવોને પણ આંખ મળેલી હોય છે. પણ શરીરરૂપી ભાડાના મકાનમાં રહેલા આત્માનું દર્શન કરી શકે, કે કરાવી શકે તેવી તાકાત ચામડાની આંખમાં હોતી નથી; કેમકે અનંત-અનંત કર્મોની વર્ગણામાં ફસાઈ ગયેલો આત્મા અતીન્દ્રિય હોવાથી ચર્મચક્ષુને માટે સર્વથા અગોચર જ રહ્યો છે, તેમ છતાં મેલું વસ્ત્ર ઠંડા પાણીમાં લાંબા કાળ સુધી રહે છતાં કંઇ ને કંઈ મેલ ઢીલું પડે છે તથા કંઇક છૂટી પણ જાય છે અને ગરમ પાણીમાં મેલ વધારે નીકળે છે, તથા સર્ફ પાઉડર સાથે મિશ્રણ કરેલા પાણીમાં સાવ મેલું કપડું પણ ઉજળું બનવા પામે છે, તેવી રીતે યથાપ્રવૃતિકરણ, અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ દ્વારા, આત્મા પર લાગેલા અનંતાનુબંધી કષાયોના ચીકણા પાપ મેલ પણ ધોવાઇ જાય છે ત્યારે આત્માને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે. આવા સમ્યગ્દૃષ્ટિ સમ્પન્ન આત્માનો પુરૂષાર્થ મોક્ષોન્મુખી હોવાથી અંતઃ કોડાકોડી સાગરોપમના કર્મોમાંથી પણ દેશવિરતિ તથા સર્વવિરતિ કર્મોના બાધક કર્મોને નાબુદ કરતો આત્મા ઘણો જ આગળ નીકળી ગયો હોવાથી, સર્વવિરતિ ચારિત્રના પર્યાયોની શુદ્ધિમાં પણ ખૂબ જ જાગૃત; સાવધાન અને અપ્રમાદી બનવા ઉપરાંત મૌનધારી બનીને સમય પસાર કરતો હોય છે. યદ્યપિ આ જીવાત્માઓ, અનંતાનંત મિથ્યાત્વીઓ, દેશવિરતિધરો તથા

પ્રમાદી સર્વવિરતિધરો કરતાં પણ ખૂબ જ આગળ વધી ગયા હોવા છતાં પણ નવા નવા કર્મોનું બંધન તથા જુના કર્મોનું વેદન પણ કરતાં હોય છે, આ વાતને સૂત્રાનુસારે જ જોઇએ.

## પંચેન્દ્રિય જીવો શું કર્મોના બંધક છે ?

હે પ્રભો ! કૃતયુગ્મકૃતયુગ્મ રાશિસંપન્ન પંચેન્દ્રિય સંજ્ઞી જીવો વેદનીય કર્મ સિવાય બીજાની કર્મોની પ્રકૃતિઓને બાંધે છે? કે નથી બાંધતા ?

સામાન્ય પ્રકારે આપણે એટલું જ જાણતા હોઇએ છીએ કે સર્વ જીવો પ્રતિ સમયે કર્મોનું બંધન, વેદન, અનુભવ અને નિર્જરા કરતાં જ હોય છે, પણ આ પ્રશ્નોમાં ખાસ વિશેષતા આ છે કે, વેદનીય કર્મ વિના બીજા કર્મોને બાંધનારા કોણ કોણ છે? અને કોણ નથી ?

જવાબમાં ભગવંતે ફરમાવ્યું કે, હે ગૌતમ ! જે પુણ્ય પવિત્ર મહાપુરુષો પોતાની મોક્ષાભિલાષિણી પુરૂષાર્થ શક્તિવડે ઉપશાંતમોહ, ક્ષીણમોહ, સયોગી (કેવળી) અને અયોગી નામના ચાર ગુણસ્થાનકે બીરાજમાન થવામાં ભાગ્યશાલી બન્યા છે, તેઓ જ વેદનીયકર્મ સિવાય બીજા કર્મોના બંધક એટલે તે તે સાતે કર્મોના બાંધનારા હોતા નથી. કેમકે ધર્મધ્યાનની પુષ્ટિ આ સ્થાને સારામાં સારી થઇ જવાના કારણે સાતમું અપ્રમત્ત ગુણસ્થાનક પ્રાપ્ત થાય છે, ત્યાંથી પણ આગળ વધતો સાધક મુનિ આઠમે અપૂર્વકરણ ગુણસ્થાનકે આવતાં યદિ તે ઉપશમક છે, તો ઉપશમશ્રેણી ( આ ગુણસ્થાનકના સાત ભાગ હોવાથી પહેલા ભાગથી જ ઉપશમશ્રેણીનો પ્રારંભ થાય છે ) અને ક્ષપક હોય તો ક્ષપકશ્રેણીનો આશ્રય લે છે. આવા ઉપશમકો,

પૂર્વધારી, પવિત્રતમ અને વજ્રઋષભનારાચ, ઋષભનારાચ તથા નારાચ આ ત્રણે સંઘયણમાંથી કોઇ પણ એકનો સ્વામી હોય છે. આ મુનિરાજ સાતમે અને આઠમે ગુણસ્થાનકે મોહકર્મની ૨૦ પ્રકૃતિઓને ઉપશાંત કરે છે, દશમા ગુણસ્થાનકે સંજવલન લોભને સૂક્ષ્મ કરી અગ્યારમે ગુણસ્થાનકે સૂક્ષ્મ લોભને પણ ઉપશાંત કરે છે. સારાંશ કે–કેવળ અન્તર્મુહૂર્ત પ્રમાણિત આ ગુણસ્થાનકમાં તે સાધકમુનિ મોહનીયકર્મની બધીય પ્રકૃતિઓને શાંત કરી દે છે–ઠંડી પાડે છે, એટલે કે તે કર્મને દાઢ વિનાના નાગરાજની જેમ તાકાત વિનાનો કરે છે.

ફટકડીથી મિશ્રિત થયેલા પાણીમાં જેમ ધૂળ, કચરો, રાખ આદિ નીચે બેસી જાય છે ત્યારે પાણી સ્વચ્છ બને છે, પણ નિમિત્ત મળ્યે વાસણની સ્થિરતા જ્યારે નાશ પામે છે ત્યારે પાણીની સ્વચ્છતાની પણ સમાપ્તિ થયા વિના રહેતી નથી. તેવી રીતે કાળા નાગની જેમ દબાઈ ગયેલા મોહરાજાની સ્થિરતાને પણ આત્માની સ્થિરતા સાથે જ સંબંધ રહેલો છે. કેમકે ગમે તે કારણે એક સમય પૂરતી જ ચંચળતા યદિ આત્મામાં પ્રવેશ પામે તો પોતાની સંપૂર્ણ શક્તિવડે મોહ. રાજા અને તેના સૈનિકો અનંત શક્તિ સમ્પન્ન આત્માને પછાડ ખવડાવ્યા વિના રહેતો નથી. આ કારણે જ ભગવાન મહાવીર સ્વામીએ પોતાના પટ્ટધર ઇન્દ્રભૂતિને (ગૌતમસ્વામીને) વારંવાર એક જ ઉપદેશ આપ્યો છે કે “समयं गोयम ! मा पमायए’ એટલે કે હે ગૌતમ! સમય માટે પણ પ્રમાદ કરીશ નહીં.

ઉપશાંત મોહકર્મી આત્માને મોહકર્મ દબાઇ જવાના કારણે બીજા કર્મો પણ દબાઇ ગયેલા હોય છે, જેમકે–રાજાની હાર થયે છતે સૈનિકોની તથા પ્રજાની હાર પણ માન્ય રહે છે, તેમ બધાય કર્મોના બંધનમાં મોટામાં મોટું કારણ મોહરાજા

છે. તે જ્યારે ઉપશમિત થઈ ગયો હોય ત્યારે બીજા કર્મોને પણ અવકાશ કઇ રીતે મળશે ? આ કારણે જ ભગવતી સૂત્ર ફરમાવે છે કે–મોહકર્મના ઉપશમમાં સાતાવેદનીય કર્મને છોડી બીજા એકેય કર્મ બંધાતા નથી.

સામાન્ય રીતે, જ્ઞાન અને સમજદારીપૂર્વક અલ્પાંશે પણ અહિંસક, સંયમી અને તપસ્વી આત્માનો જગતના જીવો પ્રત્યે મૈત્રીભાવ સધાઇ જવાના કારણે સૌ જીવોનો તે મિત્ર બને છે, તો પછી અન્તર્મુહૂર્ત પ્રમાણમાં જે આત્માએ મોહ-કર્મને શાંત કર્યો હોય તેમના મૈત્રીભાવનું શું પૂછવાનું હોય ? માટે જ તેઓ કેવળ સાતાવેદનીય કર્મનું બંધન કરે છે, અને તે સમયે જ તેમનું આયુષ્યકર્મ વિશ્વાસઘાત કરી બેસે તો બાંધેલા સાતાવેદનીયને ભોગવવાને માટે તે મહાપુરુષો અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થાય છે. વિશેષતા આ છે કે–ઉપશમ શ્રેણીને જેમ ત્રણ સંઘયણ માન્ય છે, પરંતુ સર્વાર્થસિદ્ધ વિમાનમાં જવા માટે તો પહેલું સંઘયણ વજ્ર ઋષભનારાચ જ સર્વથા અનિવાર્ય છે, તે વિના આ વિમાન ભાગ્યથી હજાર માઈલ દૂર છે, સારાંશ કે આ સંઘયણના માલિકો જ ઉપશમ શ્રેણીથી સર્વાર્થસિદ્ધ ( અનુત્તર ) વિમાન પ્રાપ્ત કરે છે.

નોંધ :–આજના માનવોનું સંઘયણ છેલ્લું હોવાથી, ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ અને પહેલાથી ચોથા દેવલોક સુધી જ જવાની લાયકાત તેમની છે. સારાંશ કે ગમે તેવો સાધક સર્વથા નગ્ન રહીને હિમાચલની તલાટીમાં સાધના કરતો હોય કે જેસલમેરના રેગિસ્તાનમાં વૈશાખ મહિનાની આતાપના લેતો હોય તો પણ ચોથા દેવલોકથી ઉપર જઇ શકવા માટે હર હાલતમાં પણ સમર્થ બનતો નથી. કિલિકા સંઘયણવાળો

પાંચમા, છઠ્ઠા દેવલોકમાં, અર્ધનારાચવાળો સાતમા આઠમા દેવલોક સુધી, નારાચ સંઘયણવાળો નવમા–દશમા દેવલોક સુધી, ઋષભનારાચવાળાને અગ્યારમા–બારમા દેવલોક. જ્યારે વજ્ર ઋષભનારાચવાળો સાધક, નવગ્રૈવેયક, અનુત્તર વિમાન છેવટે મોક્ષ મેળવવાને માટે પણ સમર્થ બને છે.

જીવાત્મા ચરમ શરીરી હોય છતાં પણ પ્રારંભમાં ક્ષપક-શ્રેણી માંડવા જેટલી પુરૂષાર્થશક્તિ મેળવેલી ન હોવાથી, ઉપ-શમની ખંડ શ્રેણી માંડે છે, પણ આયુષ્ય કેવળ તેમનું સાત લવ જેટલું જ શેષ રહ્યું હોય ત્યારે ત્યાંથી એટલે અગ્યારમા ગુણસ્થાનકથી પડીને સાતમે ગુણસ્થાનકે આવે છે અને આત્માની અભૂતપૂર્વ શક્તિનું ઉદ્‌ઘાટન કરી ક્ષપકશ્રેણી પર આરૂઢ થાય છે. ત્યાર પછી સાતલવ દરમ્યાન જ અગ્યારમું ગુણસ્થા-નક પ્રાપ્ત કર્યા વિના જ બારમે ક્ષીણમોહ ગુણસ્થાનકે આવીને ઘાતી કર્મોનો સમૂળ નાશ કરી બારમા અને તેરમાની વચ્ચે કેવળજ્ઞાન મેળવીને અન્તઃકૃત્ કેવળી એટલે તરત જ શેષ આયુષ્ય પૂર્ણ કરે છે અને જન્મ–જરા તથા મૃત્યુનો નાશ કરી, મોક્ષમાં બિરાજમાન થાય છે. એક મુહૂર્ત (બે ઘડીમાં) ૭૭ની સંખ્યામાં લવ હોય છે. માટે સાત લવ એટલે મુહૂર્તનો અગ્યારમો ભાગ સમજવો.

## મોહકર્મની તિવ્રતા કેટલી ?

આઠે પ્રકારના કર્મોમાં મોહકર્મ જબરજસ્ત તાકાતવાળું છે અને તેનો એક એક સૈનિક પણ તાકાતપૂર્ણ હોવાથી સાધકને આગળ નહીં વધવા દેવામાં કે આગળ વધેલાને પીછે-હઠ કરાવીને અધઃપતનની ઉંડી ખાઈમાં પટકી દેવામાં પ્રતિ-સમય રાહ જોઇને તૈયાર જ બેઠેલા હોય છે. તે મોહરાજાના

મૂળમાં બે સરસેનાપતિઓ છે. (૧) દર્શનમોહનીય (૨) ચારિત્રમોહનીય.

પ્રથમ સેનાપતિના કારણે આત્માને પોતાના મૂળસ્વરૂપનું જ જ્ઞાન થતું નથી અને બીજાના કારણે આત્મા પોતાના જ શુદ્ધિકરણમાં સર્વથા બેધ્યાન, બેખ્યાલ, બેકરાર હોવાથી શુદ્ધિનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

દર્શન મોહનીયના પણ ત્રણ મોટા સૈનિકો :–

(૧) મિથ્યાત્વમોહનીય, (૨) સમ્યક્ત્વમોહનીય, (૩) મિશ્રમોહનીય. (આ બધાઓની વ્યાખ્યાઓ ઘણીવાર થઇ ગઇ છે.)

ચારિત્ર મોહનીયના ૨૫ની સંખ્યામાં મોટા સુભટો છે.

(૪) અનંતાનુબંધી ક્રોધ–માન–માયા અને લોભ.

(૪) અપ્રત્યાખ્યાની ક્રોધ–માન–માયા અને લોભ.

(૪) પ્રત્યાખ્યાની ક્રોધ–માન–માયા અને લોભ.

(૪) સંજ્વલન ક્રોધ–માન–માયા અને લોભ.

(૧૭) હાસ્ય મોહનીય.

(૧૮) રતિ મોહનીય.

(૧૯) અરતિ મોહનીય.

(૨૦) ભય મોહનીય.

(૨૧) શોક મોહનીય.

(૨૨) જુગુપ્સા મોહનીય.

(૨૩) પુરુષવેદ મોહનીય.

(૨૪) સ્રીવેદમોહનીય.

(૨૫) નપુંસકવેદમોહનીય.

ઉપર પ્રમાણેના ૨૮ ભેદોની ચર્ચા વિચારણા આનાથી પહેલા ભાગોમાં કરાઇ ગઇ છે.

આમાં સૌથી વધારે જોરદાર, ખતરનાક અને નરકગતિના દ્વાર દેખાડનાર અનંતાનુબંધી ચાર કષાયો છે.

શરાબપાનના જોરદાર નશામાં વિનય, વિવેક, સદ્બુદ્ધિ અને સત્કાર્યો જેમ નાશ પામી જાય છે તેમ અનંતાનુંબંધી કષાયોના કારણે 'अनतान् भवान्-अनुबघ्नन्ति इति अनंतानुबघिनः' એટલે કે જીવાત્માને :–

( 1 ) અનંતભવો સુધી રખડપટ્ટી કરાવે.

( 2 ) યમદૂતોનો બેમર્યાદ, બેરહમ માર ખવડાવે.

( 3 ) પરમાધામીઓના ડંડા ખવડાવે.

( 4 ) સંબંધિત સંખ્યાત, અસંખ્યાત જીવો સાથે વૈર બંધાવે.

( 5 ) અઢારે પાપસ્થાનકોને ક્રૂરતાપૂર્વક, નિર્દયતાપૂર્વક સેવરાવે તેને અનંતાનુબંધી કષાય કહેવાય છે. જેની હાજરી દરમ્યાન આત્માની એકેય શક્તિનું ઉદ્ઘાટન થતું નથી.

આ પ્રમાણે આ કષાયના કારણે જીવાત્માએ અનંતભવોમાં હાર ખાધા પછી કોઇક ભવે આ આત્મા જ્યારે પોતાના પુરૂષાર્થનો વિકાસ સાધે છે ત્યારે અનંતાનુબંધી કષાયોનું બળ કમજોર પડે છે, તે સમયે આત્માને સમ્યગ્જ્ઞાનના માધ્યમથી

અને સમિતિગુપ્તિ ધર્મનો સ્વીકાર કરે છે. જેમાં નિરર્થક અને સાર્થક પાપોના દ્વાર બંધ થાય છે. તેમ છતાં પણ સંજવલન કષાયોનું જોર શેષ રહેલું હોય છે તેને પણ આઠમા ગુણસ્થાનકે ઉપશમિત કરતો દશમા ગુણસ્થાનકે સૂક્ષ્મ માત્રામાં કરવાની પ્રક્રિયાનો પ્રારંભ કરી અગ્યારમું ગુણસ્થાનક પ્રાપ્ત કરે છે.

પ્રારંભથી જ ક્ષપકશ્રેણી માંડનારા મહાપુરુષો ચરમ શરીરી તથા લઘુકર્મી હોવાથી ચાલુ અને છેલ્લું મનુષ્યાયુ જ પૂર્ણ કરવાનું હોવાથી તેમને બીજી એકેય ગતિનું આયુષ્ય બાંધવાનું હોતું નથી. સાતમે ગુણસ્થાનકે દર્શનમોહનીયની ત્રણ અને અનંતાનુબંધી ચારે કષાયોનો સમૂળ નાશ થઇ જવાના કારણે શુક્લધ્યાન સુધી પહોંચવામાં તેમને એકેય બાધા નડતી નથી, તેથી કોઇનાથી પણ ચલાયમાન કરાય નહીં તેવા પર્યંકાસનમાં નાકના અગ્રભાગે સ્થાપન કરેલી દૃષ્ટિવાળા તથા અનંત સંસારની બધીય કલ્પનાઓના જાળામાંથી છુટવાની ભાવનાવાળા તથા સંપૂર્ણ સંસારનો ક્ષય કરવામાં ઉત્સાહવાળા હોય છે, માટે શુક્લધ્યાનના બંને પાયાઓના ધ્યાનથી ઘાતીકર્મોનો સમૂળ ઘાત કરી કેવળજ્ઞાનના માલિક બને છે. આ કારણે જ કેવળી ભગવંતોને સાતાવેદનીય સિવાય એકેય કર્મ બાંધવાનું હોતું નથી.

જેમના પુરુષાર્થમાં કાંઇક કમજોરી હોવાના કારણે જેઓ ઉપશમક, ક્ષપક કે કેવળી ન બન્યા હોય તેમને આરાધનામાં જેવી યોગ્યતા હશે તે પ્રમાણે કર્મોનું બંધન નિશ્ચિત છે. એટલે કે આરાધનામાં કચાશ વધારે હશે તો સાત કર્મ, કોઇને છ કર્મ અને કોઇને પાંચ કર્મોનું બંધન રહેશે.

દશમા સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાનક સુધીના સંજ્ઞી પંચેન્દ્રિય

જીવો મોહકર્મના વેદક જાણવા. કેમકે સત્તામાં પડેલા મોહકર્મના પરમાણુઓને વેદવા સિવાય બીજો માર્ગ નથી. જ્યારે ઉપશમકને મોહકર્મ શાંત થઇ ગયેલો હોવાથી, તેમજ બારમે ગુણસ્થાનકે રહેલા ક્ષપકને મોહકર્મનો ક્ષય થયેલો હોવાથી તેમને મોહકર્મનું વેદન નથી, જ્યારે ઉપશમકને મોહકર્મ સિવાય સાતે કર્મોનું વેદન જાણવું. કેવળજ્ઞાની ચાર અઘાતી કર્મોના વેદક જાણવા. ઇન્દ્રિયોના ઉપયોગ રહિત હોવાથી કેવળજ્ઞાની પંચેન્દ્રિય નથી. અર્થાત્ અનિન્દ્રિય છે.

પહેલાથી લઇને સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાનક સુધીના જીવોને મોહકર્મ ઉદય હોય છે, કેમકે આ કર્મના જબરજસ્ત તોફાનોને રોકવા માટે ઔપશમિક કે ક્ષાયિકભાવ સિવાય બીજા એકેય મંત્ર, જંત્ર, તંત્રની આવશ્યકતા સ્વીકાર્ય નથી.

મોહકર્મની સ્થિતિ કે રસનો ઉદય ચાહે ગમે તેવો તીવ્ર હોય તો પણ જીવાત્મા યદિ આ કર્મનો ઉપશમ કરવા ચાહે તો કરી શકે છે. 'सम्यक्त्व चारित्रे' એટલે કે સમ્યક્ત્વ અને ચારિત્ર ઔપશમિકભાવ છે. દર્શનમોહનીયના ઉપશમથી સમ્યક્ત્વની અને ચારિત્રમોહનીયના ઉપશમથી ચારિત્રની પ્રાપ્તિ થાય છે. "सर्वोपशमः मोहनीयस्यैव" શાસ્ત્ર વચન છે કે મોહનીયકર્મનો જ ઉપશમ થાય છે, શેષ કર્મોનો ઉપશમ થતો નથી.

સાધકને સાધકતા સધાઈ ગઇ હોય, માનસિક જીવનમાં પાપભીરૂતા પ્રવિષ્ટ થઈ હોય, દૃષ્ટિમાં સમ્યગ્બુદ્ધિ હોય, હૃદયમાં રાગદ્વેષરહિતતા હોય અને રોમેરોમમાં મોક્ષાભિલાષિણી પુરુષાર્થશક્તિ હોય તો **ગમે તે રીતે તોફાને ચઢેલા મોહરાજાને પરાજય આપતા સાધકને કેટલીવાર ?**

સત્તામાં પડેલું મોહકર્મ ઉદયમાં આવે તો ભલે આવે પરંતુ તેના ઉદયને નિષ્ફળ બનાવવાની ભાવના તીવ્ર હોય તો પરસ્ત્રીને તાકવાની ઇચ્છાવાળી બિચારી આંખ શું કરવાની હતી? જીવનમાં મૈત્રીભાવનો પ્રસાર થઈ ગયો હોય તો ઈર્ષ્યા, દ્વેષ, પરપરિવાદ તથા રોષ આદિનો અવકાશ કેવી રીતે થશે? પરિગ્રહપરિમાણવ્રત કે બાહ્ય તથા અભ્યંતર પરિગ્રહ રૂપી મોટા ગ્રહને કંટ્રોલમાં કરી લેવામાં આવ્યો હોય તો આહાર-સંજ્ઞા અને પરિગ્રહસંજ્ઞાને અકિંચિત્કર બનતા કેટલીવાર? મન, વચન અને કાયાથી આઠે પ્રકારના મૈથુન કર્મને ત્યજી દીધું હોય, અથવા દુરાચારી, વ્યભિચારી, કામદેવની ચેષ્ટાને કરવાવાળાનો સહવાસ પણ છોડી દેવામાં આવ્યો હોય તો બ્રહ્મચર્યધર્મની પાલના દુષ્કર શી રીતે રહેશે? ઈત્યાદિ પ્રસંગોમાં મોહકર્મનો ઉપશમ સુલભ બની શકે છે, જ્યારે ઉપશાંતમોહ ગુણસ્થાનકમાં મોહકર્મનો ઉદય રહેતો જ નથી.

કર્મોનો ઉદય અને વેદન લગભગ સરખા હોવા છતાં અનુક્રમથી અને ઉદીરણાથી ઉદયમાં આવેલા કર્મોનો અનુભવ કરવો તેને કર્મોનું વેદન કહેવાય છે, અને પોતાની મેળે ક્રમશઃ ઉદયમાં આવતા કર્મોનો અનુભવ કરવો તે ઉદય કહેવાય છે.

ક્ષીણમોહ ગુણસ્થાનક સુધીના જીવો નામકર્મ અને ગોત્રકર્મના ઉદીરક છે. જેમકે સિદ્ધશિલામાં પ્રસ્થાન કરતાં જીવાત્માને આયુષ્યકર્મ થોડું હોય અને નામગોત્રની સ્થિતિ (મર્યાદા) વધારે હોય ત્યારે કેવળીને પણ નામગોત્રની ઉદીર્ણા કરીને તે બંને કર્મોને ખપાવવા પડે છે.

કૃતયુગ્મ કૃતયુગ્મ રાશિ પ્રમાણના સંજ્ઞીપંચેન્દ્રિય જીવો છ લેશ્યાવાળા જાણવા. દુર્ગતિ તરફ જવાવાળા જીવોને કૃષ્ણ-

નીલ અને કાપોત લેશ્યા જાણવી અને સદ્ગતિને પ્રાપ્ત કરનારા જીવોને તેજ-પદ્મ અને શુક્લ લેશ્યા જાણવી. આ છ લેશ્યાના માલિકોના સ્વભાવો કેવા હોય તેનો નિર્ણય આ પ્રમાણે સંગ્રહાયેલો છે.

(1) કૃષ્ણલેશ્યા :-

ખાતા-પીતા, ઊઠતાં-બેસતાં અત્યંત રૌદ્રસ્વભાવી હોય.

નિમિત્ત કે વિના નિમિત્ત પણ પ્રતિક્ષણ ક્રોધના અવતારી હોય.

મત્સર, ઈર્ષ્યા, અદેખાઈ આદિ સ્વ-પર ઘાતક વૃત્તિમય હોય.

નિર્ઘૃણ, નિર્ધ્વંસી, દયારહિત અને ક્રૂર હોય.

સીમાતીત વૈર-વિરોધ-મારફાટ આદિ તત્ત્વોથી ભરપૂર હોય.

આવા માણસો કૃષ્ણલેશ્યાના માલિકો જાણવા.

(2) નીલલેશ્યા :-

પારકાના કાર્યો કરવામાં આળસુ અને બેદરકાર હોય.

કામ, ક્રોધાદિના કારણે બુદ્ધિમાં મંદતા હોય.

પરસ્ત્રીમાં નિર્લજ્જ પ્રકારે આસક્ત હોય.

સ્વકીય અને પરકીયને ઠગનારો હોય.

ગંદા કાર્યોના કારણે હંમેશા ભયગ્રસ્ત બનેલો હોય.

સદૈવ અને સર્વત્ર અભિમાનના ફૂંફાડા મારનારો હોય.

આવા જીવો નીલલેશ્યાના સ્વામી જાણવા.

ખ્યાલ આવે છે કે, પારકા જીવોની અને પુદ્ગલોની નિરર્થક અને નિષ્ફળ માયામાં હું મારા આત્માનો શા માટે બગાડ કરું ? આ પ્રમાણેના વિચારો આવતાં જ અનંતાનુબંધી કષાયોની સાથે જ મિથ્યાત્વમોહનીય, મિશ્રમોહનીય અને સમ્યક્ત્વમોહનીય કર્મોનું જોર દબાઈ જાય છે કે સર્વથા ક્ષય પામે છે. તે સમયે આત્માને સર્વથા અભૂતપૂર્વ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે. ત્યારે....

(1) ભયંકર અંધકારમાંથી પ્રકાશમાં આવનારાને,

(2) મૃત્યુના મુખમાંથી નીકળીને અમૃત મેળવનારાને,

(3) ખૂબ જ ભૂખ લાગે ત્યારે ઘેવર મેળવનારાને,

(4) ગળામાં ખૂબ જ શોષ પડ્યાં પછી ઠંડુ પાણી મેળવનારાને,

(5) ઠંડીથી ધ્રુજતાને ગરમ કપડું મેળવનારાને જે આનંદ થાય છે તેના કરતાં પણ સમ્યક્ત્વને મેળવનારા ભાગ્યશાળીને વધારે આનંદની પ્રાપ્તિ થાય છે.

આવી શક્તિ મેળવી લીધા પછી પણ આત્મા ફરીથી મોહમાયામાં બેભાન બનીને અધઃપતનના માર્ગે ન જાય તો નિયમા તેનું ઉર્ધ્વગમન થયા વિના રહેતું નથી અને તેમ થતાં ધીમે ધીમે તેની વિકાસ શક્તિ પણ દ્વિગુણિત થઇને આત્માને કલ્યાણના રસ્તે મૂકી દે છે.

સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થયા પછી જ આત્માના ખજાનામાં રહેલું બધુંય મિથ્યાજ્ઞાન પણ સમ્યગ્જ્ઞાનમાં પરિણત થતાં આત્માની વિચારશક્તિ પણ વધવા લાગે છે અને કષાયોની ઉત્પત્તિમાં સહાયક થનાર, તેને ભડકાવનાર, અધોગમનને ટેકો દેનાર નપુંસકવેદને ઉપશમિત કરવા માટે જ આત્માનો પુરૂષાર્થ

કામે લાગે છે કેમકે પુરૂષનો પુરૂષવેદ કે પુરૂષ શરીર, સ્ત્રીનો સ્ત્રીવેદ કે સ્ત્રી શરીર ચાહે ગમે તેટલું સશક્ત હશે તો પણ અનંત ભવોના ઉપાર્જન કરેલા નપુંસકવેદના સંસ્કારો પણ પુરૂષ અને સ્ત્રીના જીવનમાં વિદ્યમાન હોય છે. ત્યારે જ તો પુરૂષને એક સ્ત્રી પ્રત્યેનું અને સ્ત્રીને એક પુરૂષ પ્રત્યેનું મન ચંચલ થયા વિના રહેતું નથી. માટે જ પુરૂષનો પુરૂષવેદ કે સ્ત્રીનો સ્ત્રીવેદ ખતરનાક નથી હોતો પરંતુ તે બંનેમાં ગુપ્ત રૂપે રહેલા નપુંસકવેદના સંસ્કારો જ માનવના મનને અવળે રસ્તે ચડાવીને આત્માની સ્થિરતાને સમાપ્ત કરે છે; આ કારણે જ બંને વેદ કરતાં નપુંસક વેદની શક્તિ અજબ ગજબની કહેવાઈ છે.

સંજ્ઞી પંચેન્દ્રિય માનવ માત્રને બે પ્રકારના મન હોય છે. જે દ્રવ્ય કે ભાવ, બાહ્ય કે અભ્યંતર, સૂક્ષ્મ કે બાદર (સ્થૂળ)ના નામે ઓળખાય છે અને બંનેની પાછળ દ્રવ્ય મનોવર્ગણા તથા ભાવ મનોવર્ગણા નામના પુદ્ગલો અને તે તે જ્ઞાનાવરણીય તથા મોહકર્મ કામ કરી રહ્યું હોય છે. માટે જ દ્રવ્ય, બાહ્ય કે સ્થૂળ મનને વશ કરવા માટે ઘણા કારણો હોઈ શકે છે. જ્યારે ભાવ, અભ્યંતર કે સૂક્ષ્મ મનને વશ કરવા માટે મુનિધર્મ તથા સમિતિગુપ્તિધર્મ વડે ગુપ્ત પ્રકારે સંચિત થયેલા નપુંસક વેદના સંસ્કારોને કાબૂમાં લેવા સર્વથા અનિવાર્ય છે. અન્યથા માનવનું મન, ઇન્દ્રિયો, શરીર અને બુદ્ધિમાં ચંચલતા( સ્થિરતાનો અભાવ )નો પ્રવેશ થતાં અને ધીમે ધીમે ચંચલતામાં વૃદ્ધિ થતાં તે સાધક ક્યાંયનો પણ રહેશે નહિ અર્થાત્ ' इतो भ्रष्टस्ततो भ्रष्टः ' થવા સિવાય બીજો માર્ગ નથી. આવી સ્થિતિમાં આ વેદના કુસંસ્કારોને વશ કરવા માટે સમ્યગ્જ્ઞાનની યોગસાધના સિવાય બીજો એકેય માર્ગ નથી.

ભવભવાંતરોના કુસંસ્કારોને મર્યાદિત કે ક્ષય કર્યા પછી તે સાધક હવે આગળ વધે છે અને જોરદાર પુરૂષાર્થ વડે 'સ્રીવેદ'ને ઉપશમિત કરવાનો પ્રયત્ન કરે છે. કેમકે અનંત ભવોમાં આ જીવાત્માએ પુરૂષ વેદ કરતાં પણ સ્રીવેદનો ભોગવટો વધારે કરેલો હોવાથી તેના સંસ્કારો પણ જીવાત્માને સ્થિર થવા દેતાં નથી, માટે જ નપુંસક વેદ પછી સ્રીવેદને ઉપશમિત કરવાની ફરજ પડે છે, અને જ્યારે તે સાધક બાજી જીતી લે છે ત્યારે રણમેદાનમાં જીત મેળવેલા રાજાની જેમ સાધકની શક્તિ પણ ચાર ગુણી વધી જાય છે. પરિણામે ક્રમશઃ હાસ્યમોહનીય, રતિમોહનીય, અરતિમોહનીય, ભયમોહનીય, શોકમોહનીય અને જુગુપ્સામોહનીયને વશ કરવા માટે વધારે પ્રયત્ન કરવો પડતો નથી. અનંતાનુબંધી કષાય અને મોહનીયની ત્રણ, આમ સાત કર્મપ્રકૃતિનાં ક્ષયોપશમે સમ્યગ્દર્શન થયા પછી અંતઃકોડાકોડી સાગરોપમના કર્મો શેષ રહે છે. તેમાંથી જ્યારે પલ્યોપમના પલ્યોપમ જેટલા કર્મોને ઉપશમિત કરવાનો પ્રયત્ન કરવામાંઆવ્યા પછી સાધક આગળ વધે છે અને પાંચમું ગુણસ્થાનક મેળવે છે. આ ગુણસ્થાનકે પહોંચતા પહેલા નપુંસકવેદ, સ્રીવેદ અને હાસ્યષટ્ક કર્મોને દબાવવા પડે છે, તેમનો ઉદયકાળ રોકવો પડે છે. ત્યારપછી જ જીવાત્માને આગળ વધવામાં સુગમતા રહે છે. ગૃહસ્થાશ્રમમાં રહેલા ગૃહસ્થ સાધકને પણ પોતાના ધર્મધ્યાનને ટકાવવા માટે નપુંસકાદિ કર્મો છોડવા પડતા હોય છે તો પછી પાંચમા ગુણસ્થાનકથી આગળ વધેલાઓને કે વધવાની ભાવનાવાળાઓને નપુંસકનો કે સ્રીનો સહવાસ, મજાક, તેની સાથે હસવાનું, કરવાનું પણ ક્યાંથી હોય ?

કાળા નાગ જેવા ઉપરના કર્મોને દબાવ્યા પછી તે સાધક હવે પુરુષવેદના સંસ્કારોને પણ છોડે છે. તે માટે પ્રયત્ન કરે

છે. તદર્થે ધર્મપત્ની સાથેના મૈથુન સંબંધોને, ગંદી મજાકને, કદર્પના કુસંસ્કારોને, મૌખર્ય(બકવાદ, ગપ્પા તથા નિરર્થક ભાષણ)ને અથવા મરવાની અણી પર આવેલા કામદેવને જાગૃત કરવા માટે તેવા પ્રકારના હાથ, પગ, મુખના ઇશારા, સંકેત આદિનો પણ ત્યાગ કરે છે. સારાંશ કે સમ્યક્ત્વસંપન્ન પુરુષ પોતાના પુરુષવેદને તથા પુરુષ શરીરને, તેવી રીતે સ્ત્રીવેદનો માલિક પોતાના સ્ત્રીવેદને કે સ્ત્રીશરીરને સમ્યક્-ચારિત્રની દોરડીમાં બાંધી લે છે, ત્યારે જ સાધકને આગળ વધવા માટેના અવસરો એક પછી એક મળતા રહે છે.

ક્રોધ–માન–માયા અને લોભને તોફાને ચઢાવનારા નોકષાયો છે માટે તેમને દબાવી લીધા પછી તે સાધક સૌથી પહેલા અપ્રત્યાખ્યાન ક્રોધ, પ્રત્યાખ્યાન ક્રોધ અને સંજ્વલન ક્રોધને મર્યાદિત કરે છે. તદન્તર અપ્રત્યાખ્યાન–પ્રત્યાખ્યાન તથા સંજ્વલન માનને મારી કુટીને અધમુઓ કરી દેવામાં આવે છે, ત્યારપછી તે જ ક્રમે માયા નાગણને પણ કુટી મારે છે. અને ત્યાર પછી છેવટે સંજ્વલન લોભને દબાવી દેવામાં આવે છે. આટલી ક્રિયાઓમાંથી પસાર થયા પછી જ તે સાધક અગ્યારમા ગુણસ્થાનકે આવવા માટેની લાયકાત પ્રાપ્ત કરે છે. આ પ્રક્રિયામાં અનંતાનુબંધી કષાયોના શમન પછી જીવને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે, અને જ્યારે અપ્રત્યાખ્યાન કષાય ઉપશમિત થશે ત્યારે તે સાધકને નિરર્થક કરાતા પાપોના ત્યાગની અને સાર્થક પાપોને મર્યાદિત કરવાની તીવ્ર ભાવના થતાં શ્રાવકના ૨૧ ગુણો, માર્ગાનુસારીના ૩૫ ગુણો અને છેવટે શ્રાવકધર્મના બાર વ્રતો, સચિત્તનો ત્યાગ અને મર્યાદિત બ્રહ્મચર્યધર્મની સાધનામાં મન પરોવાઈ જાય છે; તથા પ્રત્યાખ્યાન કષાયોને ઉપશમિત કરતાં જીવને ગૃહસ્થાશ્રમની માયા પ્રત્યે જ નફરત થતાં તે સર્વવિરતિધર્મ, મુનિધર્મ

(3) કાપોત લેશ્યા :–

શોક–સંતાપ અને આધિ–ઉપાધિથી ગ્રસ્ત હોય.

પ્રતિક્ષણે રોષની માત્રા જેના ચહેરા પર સવારી કરીને બેઠી હોય.

પારકાની નિંદામાં રચ્યો પચ્યો હોય.

પોતાની આપ બડાઈ સિવાય બીજાની એકેય વાત સાંભળવા જેટલો સમય પણ ન હોય.

આવા ભાગ્યશાળીઓ કાપોતલેશ્યાવાળા જાણવા.

(4) તેજો લેશ્યા :–

નવી નવી વિદ્યાનો વ્યાસંગી હોય.

કરૂણા, દયા, પ્રેમ અને સદ્‌બુદ્ધિનો વારસદાર હોય.

કાયાકાર્ય, ભક્ષ્યાભક્ષ્ય, પેયાપેયમાં વિચારવાળો હોય.

લાભાલાભમાં સંતોષી હોય.

આવા સ્વભાવવાળા જીવો તેજોલેશ્યાવાળા જાણવા.

(5) પદ્મ લેશ્યા :–

જેના સ્વભાવમાં ક્ષમાપ્રધાનતા રહેલી હોય.

મળેલી કે મેળવેલી વસ્તુઓનો ત્યાગ કરવાની રૂચિ હોય.

દેવ–ગુરુ અને ધર્મનો પરમોપાસક હોય.

બાહ્ય અને આન્તર જીવનમાં પવિત્રતા હોય.

પ્રસન્નચિત્ત રહેનારો હોય.

આવા જીવો પદ્મલેશ્યાવાળા જાણવા.

(6) શુક્લલેશ્યા :-

રાગ, દ્વેષ, માન, માયા, લોભ વિનાના હોય.

શોક, સંતાપ અને પરનિંદા વિનાના હોય.

પરમાત્મ સંપત્તિના રુચિવાળા હોય.

ઉપરના પરિણામો શુક્લલેશ્યાના સૂચક જાણવા.

પંચેન્દ્રિય સંજ્ઞી જીવોમાં કેટલાક મિથ્યાત્વી, કેટલાક સમ્યક્ત્વી અને કેટલાક મિશ્ર ( સમ્યક્ત્વ મિથ્યાત્વ ) હોય છે. જ્ઞાનગુણની માફક દર્શન પણ આત્માનો ગુણ છે જ્ઞાનગુણને જેમ જ્ઞાનાવરણીયકર્મ આચ્છાદિત કરે છે. તેવી રીતે સમ્યક્ત્વ-સમ્યગ્દર્શનને પણ મિથ્યાત્વ મોહના અન્તર્ગત દર્શનમોહનીય કર્મ આચ્છાદિત કરનારૂં હોવાથી, કોઈક સમયે કર્મોના આવરણ જ્યારે ખસે છે, ત્યારે સમ્યક્ત્વની પ્રાપ્તિ થતાં જીવ સમ્યક્ત્વી કહેવાય છે અને આવરણો જ્યારે જોરદાર હોય છે ત્યારે જીવ મિથ્યાત્વી હોય છે અને કોઈક સમય એવો પણ હોય છે જ્યારે જીવાત્મા સમ્યક્ત્વ અને મિથ્યાત્વના અધવચ્ચે જ રખડપટ્ટી કરતો હોય છે, તેથી જીવની આન્તરદશા 'ગંગા ગયે ગંગાદાસ' તથા 'આયારામ ગયારામ' જેવી હોય છે. આ વિષય આનાથી પહેલાના ભાગોમાં ચર્ચાઇ ગયેલો હોવા છતાં અતીવ ઉપયોગી હોવાથી ફરીથી વિચારી લઇએ.

## મિથ્યાત્વ-મિથ્યાત્વી

શરાબપાનના નશાની જેમ મિથ્યાત્વ હોવાથી મોહમદિરામાં મસ્તાન બનેલા જીવોને મિથ્યાત્વી કહેવાય છે. અવ્યવહાર રાશિગત નિગોદના જીવો તથા વ્યવહાર રાશિગત એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચતુરિન્દ્રિય તેમજ અસંજ્ઞી પંચેન્દ્રિય જીવોને

અવ્યક્ત મિથ્યાત્વ, જેને જૈન પારિભાષામાં અનાભોગમિથ્યાત્વ કહેવાય છે. આ જીવો બહુ જ લાંબાકાળ સુધી તે તે સ્થાનોમાં રહેતા અકામનિર્જરાના યોગે અથવા સિદ્ધશિલાગામી જીવાત્માના પુણ્યયોગે, અવ્યવહાર રાશિમાંથી નીકળીને વ્યવહાર રાશિમાં પ્રવેશ પામે છે. ત્યાં પણ લાંબાકાળ સુધી રહેતા જ્યાં સુધી દીર્ઘકાલિકી સંજ્ઞાની છાપવાળું સંજ્ઞીત્વ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી તે જીવને અવ્યક્તત્વ મિથ્યાત્વ જ હોય છે.

અકામ નિર્જરાના પ્રબલયોગે કોઈક સમયે અવ્યક્તત્વ મિથ્યાત્વમાંથી બહાર આવીને વ્યક્તમિથ્યાત્વને પ્રાપ્ત કરે છે. જે ૧૪ ગુણસ્થાનમાં પહેલું મિથ્યાત્વગુણસ્થાનક કહેવાયું છે. યદ્યપિ આ મિથ્યાત્વ જ છે તો પણ અવ્યક્ત મિથ્યાત્વના માલિકો કરતાં વ્યક્તમિથ્યાત્વના માલિકો, સમ્યગ્બોધ ન હોવા છતાં પણ ભદ્રિકતા, દાનરુચિ ઉપરાંત સાધુપુરુષો પ્રત્યે કાંઈક માયાળુ હોવાથી, પ્રથમ કક્ષાનો વિદ્યાર્થી જેમ બીજી કક્ષામાં આવે તેમ આવનારા કોઈક ભવમાં અથવા તે વિદ્યમાનભવમાં પણ આ ભાગ્યશાળીઓને સમ્યક્ત્વનો પ્રકાશ મળવાનો સંભવ છે.

## વ્યક્તત્વમિથ્યાત્વ ચાર પ્રકારે છે

(1) અભિગ્રહિક મિથ્યાત્વ એટલે પોતાના ચાલુ ભવની જાતિ-કુળ આદિની પરંપરાથી ચાલ્યા આવતાં ધર્મને કે વ્યવહારને જ સત્ય માનવાની બુદ્ધિ ઉપરના મિથ્યાત્વને કારણે છે.

(2) અનભિગ્રહિક મિથ્યાત્વ-સંસારમાં ચાલતાં બધાય ધર્મો, સંપ્રદાયો, વ્યવહારો, માર્ગો, સાચા છે તેવી સમજણ આ મિથ્યાત્વના કારણે છે.

(3) અભિનિવેશિક મિથ્યાત્વ-મારી માન્યતા પ્રમાણેની

જ વાત સાચી, મારો ધર્મ, મારો સંપ્રદાય, મારો સંઘાડો જ સાચો, બીજા બધાય ખોટા, આવી માન્યતા આ મિથ્યાત્વને આભારી છે.

(4) સાંશયિક મિથ્યાત્વ–એટલે કે અત્યારે હું જે માનું છું તે સાચું હશે ? કે બીજાની માન્યતા સાચી હશે ? ઇત્યાદિ પ્રસંગોમાં એકેય તત્ત્વનો નિર્ણય ન થવામાં આ મિથ્યાત્વનું કારણ છે. ઉપરોક્ત પ્રમાણેના ચારે ભેદો યદ્યપિ મિથ્યાત્વનાં જ છે તો પણ તેને વ્યક્ત કહેવાનો આશય એટલો જ છે કે સમયના પરિપાકે અથવા દ્રવ્ય–ક્ષેત્ર–કાળના પ્રભાવે પંચ મહાવ્રતધારીના સહવાસમાં જ્યારે સત્યતત્ત્વ સમજાય છે ત્યારે મિથ્યાત્વને ખસી જતા વાર લાગતી નથી.

આ મિથ્યાત્વના બીજા પ્રકારના દસ ભેદોને નવતત્ત્વથી જાણી લેવા.

## સમ્યક્ત્વ અને સમ્યક્ત્વી

મિથ્યાત્વ મોહનીયના ઉપશમમાં થનારૂં ઔપશમિક સમ્યક્ત્વ.

" " ક્ષયોપશમમાં થનારૂં ક્ષાયોપશમિક સમ્યક્ત્વ.

" " ક્ષયમાં થનારૂં સમ્યક્ત્વ ક્ષાયિક કહેવાય છે.

સમ્યક્ત્વ એટલે સત્ય જીવન

" " નિરાસક્ત વ્યવહાર

" " જીવન વ્યવહાર અને કર્મોમાં નિર્લેપતા

" " માનવમાત્રમાં કાંઇને કાંઇ સારૂં જોવાની આદત

" " બીજા જીવોને જોવાની દોષદષ્ટિનો નાશ

સમ્યક્ત્વ એટલે અનાદિકાળથી પોષાયેલી તુચ્છતાની અલવિદા
,, ,, અસત્કર્મોની મર્યાદા.
,, ,, વક્રભાષામાં સરળતા અને સત્યતાનો પ્રવેશ.
,, ,, સૌ જીવોને ખાડામાં કે શીશામાં ઉતારવાની બદદાનતના બદલે સૌનું કલ્યાણ કરાવવાની ઉદાત્ત વૃત્તિ.
,, ,, શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિકયની વૃદ્ધિ.
,, ,, અરિહંત પરમાત્માના શાસન પ્રત્યે શ્રદ્ધા.
,, ,, અરિહંતો પૂજવા, વાંદવા, સત્કારવા અને બહુમાનિત કરવા તેમ જ અઢીદ્વીપના ત્રણે ક્ષેત્રોમાં બિરાજમાન પંચમહાવ્રતધારી મુનિરાજોને એક જ શ્રદ્ધાથી માનવા.
,, ,, જૈનત્વપૂર્ણ, દયાપૂર્ણ જૈનધર્મની શ્રદ્ધા વધે છે અને શાસનના પ્રત્યેક કાર્યોમાં ભાવોલ્લાસ જાગે છે.

મિશ્ર :—

ઘડીકમાં સમ્યક્ત્વી, બીજા ક્ષણે મિથ્યાત્વી અને ત્રીજા ક્ષણે પદ્માવતીનો ભક્ત, ચોથા સમયે શીતળાદેવી. આમ ધર્મ્યજીવનમાં કે અધર્મ્યજીવનમાં કયાંય સ્થિર નહીં રહેવામાં અનિર્ણીત બુદ્ધિનો ચમત્કાર છે.

## સંજ્ઞી પંચેન્દ્રિય જીવો જ્ઞાની છે ? અજ્ઞાની છે ?

જવાબમાં ભગવંતે ફરમાવ્યું કે અનંતાનુબંધી કષાયોનો જ્યાં સદ્ભાવ હોય છે ત્યાં મિથ્યાત્વને નકારી શકાતું નથી,

અને જ્યાં મિથ્યાત્વ છે ત્યાં પોથાપંડિતોનું ઢગલાબંધ જ્ઞાન પણ અજ્ઞાન જ રહે છે. પરંતુ દીપક કે સૂર્યનું એક જ કિરણ મળતાં ગાઢ અંધકારના પુદ્ગલો પણ તૈજસ અર્થાત્ પ્રકાશવાળા બનવા પામે છે, તેવી રીતે આત્મામાં સમ્યગ્દર્શનની જ્યોતિ પ્રગટતાં જ અજ્ઞાન પણ સદ્જ્ઞાન બનતા વાર લાગતી નથી. અજ્ઞાનાવસ્થામાં આંખના ડોળા પૌદ્ગલિક પદાર્થો પર સ્થિર રહે છે, જ્યારે સમ્યગ્જ્ઞાનાવસ્થામાં તે આંખ પૌદ્ગલિક ભાવોનો ત્યાગ કરીને આત્મા પર સ્થિર થાય છે અને જ્ઞાનમાં આધ્યાત્મિકતાનો પ્રવેશ સુલભ બને છે. અજ્ઞાન દરમ્યાન માનવનું ઔદ્ધિકતંત્ર શરીર તેમ જ સંસારની માયા તરફ હોય છે, જ્યારે સમ્યગ્જ્ઞાનમાં સંસાર, શરીર અને કુટુંબની વિદ્યમાનતા ભલે રહી પણ તેનું આત્મિક કુટુંબ સર્વથા જુદું જ હોય છે, જેના સંસર્ગથી આત્માનો વિકાસ પ્રતિસમયે વધતો રહે છે અને છેવટે કેવળજ્ઞાનની સીમાને પ્રાપ્ત કરાવનારો બને છે.

આવા પ્રકારના સમ્યગ્જ્ઞાનને મેળવવા માટે કે મેળવેલાને ટકાવવા માટે :–

(1) સંસારની માયા ધીમે ધીમે ઘટાડવી પડશે.

(2) શરીરના સુંવાળાપણા પ્રત્યે બેધ્યાન રહેવું જેથી ભાડાના મકાન જેવું શરીર તમારા આત્મકલ્યાણને માટે સહાયક બનશે.

(3) ભોગ કે ઉપભોગની સામગ્રી છોડવાની નથી પણ તેને મર્યાદિત અને સંયમિત કરવાની છે, જેથી ભોગ અને ભોગવટામાં પણ તમારો આત્મા નિર્લેપ રહેવા પામશે.

(4) શરીર, ઇન્દ્રિયો તથા મન જડ છે અને આત્મા ચૈતન્ય છે, તેવું ભેદજ્ઞાન થતાં વ્યવહારની માયા તમને કડવી ઝેર જેવી લાગશે.

(5) ઇન્દ્રિયોના તોફાનો, મનની અવળચંડાઇ ધીમે ધીમે ઓછી કરવી, જેથી આત્માની જાગૃતાવસ્થા તમારા સમ્યક્-ચારિત્રને વધારેમાં વધારે મજબુત કરશે.

ઇત્યાદિક કારણોથી સમ્યગ્જ્ઞાન મળશે. વધશે ત્યારે આત્માનું કુટુંબ નીચે પ્રમાણે રહેશે.

## આત્માનો કુટુંબ પરિવાર કયો ?

જીવને દ્રવ્ય કુટુંબ અને ભાવ કુટુંબરૂપે બે પ્રકારે કુટુંબ હોય છે, તેમાંથી દ્રવ્ય કુટુંબ પશુને તથા માનવને પણ હોય છે. પશુઓને જ્યાં સુધી સ્તનપાનનો સમય હોય છે ત્યાં સુધી જ માતા પ્રત્યે પ્રેમ હોય છે અને તે કાળ પતી ગયા પછી કુટુંબ વ્યવસ્થા પશુઓમાં તથા પક્ષીઓમાં સમાપ્ત થાય છે, ત્યારે જ તો આજનો વાછરડો કાલે સાંડરૂપમાં આવ્યા પછી પોતાની માતા ( Mother ) સાથે વ્યભિચારનું સેવન કરી શકે છે. પરંતુ માનવને માટે સર્વશ્રેષ્ઠ માનવતા(માનવ-ધર્મ )ની લક્ષ્મણરેખા વચ્ચે આવે છે, તેથી પશુ અને માનવમાં આકાશ અને પાતાલ જેટલું અંતર રહેલું છે. તેથી જ માનવ સમાજને માતા પ્રત્યે માતૃત્વ ધર્મ, પિતા પ્રત્યે પિતૃત્વ ધર્મ. ધર્મપત્ની પ્રત્યે પતિત્વ ધર્મ, સ્વપુરુષ પ્રત્યે પત્નીત્વધર્મ આદિ ધર્મ્યવ્યવહારો નિર્ણીત થયા છે, યદ્યપિ આ વ્યવહારો અનિત્ય, અશાશ્વત અને વિદ્યમાનભવ પૂરતા જ છે, માટે જ આ ભવનો પિતા–માતા–પત્ની પુત્ર કે પતિ આવતા ભવનો પિતા નથી, માતા નથી, પત્ની નથી,

પુત્ર નથી કે પતિ નથી. આ સત્ય હકિકત હોવા છતાં પણ માનવ જીવનમાં જ્યાં સુધી મિથ્યાત્વનું જોર વધારે હોય છે ત્યાં સુધી જીન્દગીના છેલ્લા સમય સુધી પણ તેને કુટુંબની માયા હોય છે. પરંતુ સમ્યક્ત્વની શ્રેણી પ્રાપ્ત થયા પછી તે માયા ઓછી થાય છે અને જીવાત્માને ભાવકુટુંબ સાથે સંબંધ જોડાય છે. તે કુટુંબ કેવું હશે ? તેની રૂપરેખા નીચે પ્રમાણે જાણવી.

## સમ્યગ્દષ્ટિ આત્માનો પરિવાર :

(1) ઉદાસીનતા–આત્માને સુરક્ષિત રહેવા માટેનું ઘર છે, જેના પ્રતાપે બાહ્ય ઘર સંસારમાં રહેવા છતાં પણ તે આત્મામાં નિર્લેપતાનો વાસ થાય છે. કહ્યું પણ છે કે :–

'સમકિત દૃષ્ટિ જીવડો, કરે કુટુંબ પ્રતિપાલ;
હૈયાથી અલગો રહે, જ્યું ધાવ ખેલાવત બાળ.'

હોસ્પીટલની નર્સ તત્કાળના જન્મેલા બચ્ચાને રમાડે, સ્નાન કરાવે અને અવસર આવ્યે સ્તનપાન પણ કરાવે. તોપણ અંદરથી સમજે છે કે બાલુડો મારો નથી. તેવી રીતે સમ્યક્ત્વની પ્રાપ્તિ થયા પછી જીવાત્માને સંસારમાં રહેવા છતાં પણ તેના પ્રત્યે માયા હોતી નથી.

( 2 ) વિરતિ–આત્માની માતા ( MOTHER ) છે, જેનાં કારણે સીમાતીત ભોગોનો તથા ભોગવિલાસોનો સ્વામી હોવા છતાં પણ સાધકના આન્તર જીવનમાં ત્યાગધર્મ પ્રત્યે રુચિ બની રહે છે.

( 3 ) યોગાભ્યાસ–આત્માનો પિતા છે, જેથી ભોગ્ય

તથા ઉપભોગ્ય પદાર્થોમાં સંયમપૂર્વક યોગી જીવનનો અભ્યાસ કરવાનો ભાવ થાય છે.

( 4 ) સમતા-રૂપી ધાવ માતાની ગોદમાં રમતો આત્મા પારકાના દોષો, પાપો, અપરાધો જોઈને કે સાંભળીને પણ પોતાના આન્તર જીવનમાં ક્રોધ, રોષ, ઈર્ષ્યા કે નિંદા આદિ વિકૃતિઓનો પ્રવેશ થવા દેતો નથી.

( 5 ) વિરાગતા-આત્માની બ્હેન રૂપે બનવા પામે છે, ત્યારે આના સહવાસમાં મનગમતાં પદાર્થો પ્રત્યે પણ વિરાગતા એટલે રાગરહિત જીવનદશાની પ્રાપ્તિ થાય છે.

( 6 ) વિનય-આત્માનો બંધુ બને છે, ત્યારે અસદ્-માર્ગોનો ત્યાગ તથા સદાચાર, સત્ય, પ્રામાણિકતા અને સૌ જીવો સાથે મૈત્રીભાવનો વધારો થાય છે.

( 7 ) વિવેક-આત્માનો પુત્ર બને છે. વ્યવહારમાં પણ સુપાત્ર પુત્ર વૃદ્ધાવસ્થામાં આવેલા પિતાને માટે આંખનો તારો બને છે, તેમ વિવેક ગુણ પણ જીવાત્માને માટે અન્તરચક્ષુ ( દિવ્યચક્ષુ ) છે. જેનાથી અનાદિકાળની કુટેવો, પાપભાવનાઓ, ગંદી ચેષ્ટાઓ આદિનો અંત થાય છે અને દિવ્યજ્ઞાન તરફ આત્માનું પ્રસ્થાન સુલભ બને છે.

( 8 ) સમ્યક્ત્વ-જીવાત્માને માટે અક્ષય ભંડાર જેવું છે, જેના પ્રતાપે આત્માની શક્તિઓનો વિકાસ થાય છે, ત્યારે કષાય નામનો લુંટારો, કામદેવ નામનો ગુંડો, તથા રાગ-દ્વેષ આદિની શક્તિ સમયે સમયે ઘસાતી જાય છે.

( 9 ) તપ-અશ્વરૂપે બને છે, જેના પર સવારી કરેલો આત્મા ઇન્દ્રિયોના તથા મનના મહાવેગને કમજોર કરવામાં સમર્થ બનવા પામે છે.

(10) પવિત્ર ભાવના–આધ્યાત્મિક જીવન માટે બખતર (કવચ)રૂપે સહાયક બને છે. જેને લઈને માનવીની ગંદી ભાવનાઓ વિદાય લે છે.

(11) સંતોષ–જ્યારે સેનાપતિના પદે બિરાજમાન થાય છે, ત્યારે આત્મારૂપી મહારાજા નિશ્ચિંત અવસ્થા ભોગવવાને માટે લાયકાતવાળા બનવા પામે છે.

(12) સમ્યગ્જ્ઞાન–આત્માને અમૃતના ભોજન જેવું છે, જે ભોજનીયા એક જ વાર કરવામાં આવે તો અનાદિકાળના વૈકારિક, તામસિક, રાજસિક આદિ ભાવો નાશ પામ્યા વિના રહેતા નથી.

(13) સુમતિ—આત્માની પટ્ટરાણીના સ્થાનને જ્યારે શોભાવે છે ત્યારે જ આત્માને અનુપમ, અદ્વિતીય અનુભવજ્ઞાન સુલભ બનવા પામે છે. તે આ પ્રમાણે :–

કાયા કાચની બંગડી જેવી છે.

ભોગવિલાસો નાગદેવના ફણા જેવા ભયંકર છે.

શ્રીમંતાઈ વિજળીના ચમકારા જેવી ક્ષણિક છે.

સત્તા હાથીના કાન જેવી ચંચળ છે.

અને આયુષ્ય કે પોતાનું જીવન પણ પાણીના પરપોટાની જેમ ક્ષણભંગુર છે.

આવી રીતના અનુભવજ્ઞાનના પ્રતાપે જ માનવનું શરીરરૂપી રથ, ઈન્દ્રિયોરૂપી ઘોડા, અને મનરૂપી સારથી ઉપર આત્મા નામના શેઠની પ્રભુતા ચિરસ્થાયીની બને છે, પરિણામે આત્માનું સમ્યક્ચારિત્ર તરફનું પ્રસ્થાન આગળ વધવા પામે છે.

ઉપર પ્રમાણે સમ્યક્ત્વવાસી આત્માનું કુટુંબ હોય છે. જેનાથી નવા પાપોના દરવાજા બંધ થાય છે અને જુના પાપો એક પછી એક ગચ્છન્તી થતા જાય છે.

## મિથ્યાત્વી આત્માનું કુટુંબ :

સમમ્યગ્દર્શનથી વિપરીત મિથ્યાત્વ–મિથ્યાદર્શન છે અને જ્ઞાન–વિપરીત અજ્ઞાન છે. તેનો માલિક મિથ્યાત્વી–મિથ્યાદર્શની અને અજ્ઞાની હોય છે, જેની ચર્ચા પહેલાના ભાગોમાં જૂદા જૂદા સ્થળોએ કરાઈ ગઈ છે. આત્મા જ્યારે મિથ્યાત્વ મોહનીય અવસ્થામાં ઝૂલતો હોય છે ત્યારે આત્માની અનંત શક્તિઓને બગાડનાર અનંતાનુબંધી કષાયોનું જોર વધેલું હોય છે અને મદિરાપાનના નશાબાજની જેમ આત્મા પણ મોહ માયાના પારણામાં ઝૂલતો હોય છે, માયાના ગાઢ બંધનમાં બંધાયેલો હોય છે. તે સમયે તે આત્માનું કુટુંબ કેવું હોય છે? તે જાણવાની સૌ કોઈને જરૂરત હોવાથી ચર્ચા કરી લઈએ. તે આ પ્રમાણે :–

( 1 ) આસક્તિ–આત્માનું ઘર છે, રહેઠાણ છે. એટલે કે આત્માના એક એક પ્રદેશ પર સંસાર અને સંસારના પ્રત્યેક પદાર્થની માયાના રંગ પુર્ણરૂપે લાગેલા હોવાથી પરપદાર્થ, પરભાવ અને પરધર્મ ( હિંસા-જૂઠ-ચોરી–મૈથુન અને પરિગ્રહ આ પાંચે પાપ પરધર્મ જ છે ) પ્રત્યે આત્માને અત્યંત આસક્તિ હોય છે.

(2) અવિરતિ–માતા તુલ્ય હોવાથી સંસારના ભોગ્ય તથા ઉપભોગ્ય પદાર્થોના ભોગવટામાં જ જીવનધન બરબાદ થાય છે.

(3) ભોગાભ્યાસ–આત્માનો પિતા બનેલો હોવાથી પાંચે ઇંદ્રિયોના ૨૩ વિષયોના ભોગવટામાં જ આ ભાઈસાબ અખતરાઓ કરવામાં જ જિંદગીના અમૂલ્ય અહો રાતો, મહિનાઓ, અને વર્ષોના વર્ષો પણ સમાપ્ત કરે છે. આના પરિણામે સંસારના છકા પંજા રમતા આવડયા પણ લોગસ્સ સૂત્રની ગાથાઓ નથી આવડતી.

એટલા કલબમાં બેસીને રાજકથા–દેશકથા–ભોજનકથા અને રંગરંગીલી સ્ત્રીઓની કથા કરવામાં જીવનને ધૂલધાણી કરવાની કળાઓ આવડી, પણ સામાયિક કરવાનું સૂઝતું નથી.

એક બીજાની પાઘડી એક બીજાને પહેરાવતા આવડી પરંતુ સૌના અપરાધોને માફ કરીને મૈત્રી ભાવનાની સાધના કરવામાં ભૂલ ખવાઈ ગઈ.

ધર્મ–સંપ્રદાય કે ગુરુસંસ્થાના નામે લડયા–ઝઘડયા, પરંતુ ભાઈસાબ પોતે ધાર્મિક બની શકયા નથી.

પારકી ચિંતા, પારકી ભાંજગડ તથા કોર્ટ કચેરીઓમાં દેવદુર્લભ મનુષ્યાવતાર સમાપ્ત કર્યો. પણ જૈનત્વની સાધના કરી શકયા નથી.

(4) વિષમતા–આત્માની ધાવમાતાના રૂપમાં હોવાથી, જીવાત્માની પ્રતિક્ષણ પ્રતિક્રિયા – ખાનપાન – રહેણી – કરણી – વ્યાપાર–રોજગાર આદિમાં વિષમતા નામની રાક્ષસીની પ્રત્યક્ષ હાજરી હોય છે.

(5) સરાગતા–આત્માની બહેન બનવા પામશે, ત્યારે જ મન અને ઇન્દ્રિયોના ગુલામ બનેલા આત્માને મનગમતા ભોજનીયા, વસ્ત્રાલંકારો, ગુલાબ હીનાના અત્તરો, પીવાના ઠંડા

પાણી, મુલાયમ વસ્ત્રો, સાંભળવામાં નૃત્યાંગના અને અભિનેત્રી-ઓના ગાયનો આદિ ક્રિયાઓમાં જ રાગ પ્રવર્તતો હોય છે. પરમાત્માના ચૈત્યવંદન, ભજન તેના કાનમાં કઠોર લાગે છે, ધર્મપત્ની તથા માવડીના હાથે બનેલા ભોજનીયા કડવા લાગે છે, ત્યારે રસ્તા ઉપર ઊભા ઊભા સંધ્યા ટાણે, રાત્રે છેવટે ૧૨ વાગ્યે પણ પાઉંભાજી, દહીંવડા, બટાટાવડા, છેવટે અમૂક જ હોટલના ઓસામણો પીવાની રાગવૃત્તિ તોફાને ચઢેલી હોય છે.

(6) અવિનય–આત્માનો ભાઈ બને છે માટે જ આત્માના હાડવૈરી જેવા ક્રોધ–માન–માયા અને લોભ જેવા અત્યંત દુઃખ-દાયી દૂષણોનું શમન થતું નથી.

(7) અવિવેક–પુત્ર સ્વરૂપે હોય છે, ત્યારે કુપાત્રપુત્ર જેમ પિતાનો અને પૂરા કુટુંબનો વૈરી હોય છે, તેમ અવિવેકના કારણે સારી ખાનદાનીમાં જન્મેલો હોવા છતાં, વિદ્વાન અને પંડિત હોવા છતાં, સંસ્કૃત અને પ્રાકૃતનો ભણાવનાર હોવા છતાં ભક્તામર, કલ્યાણ મંદિર વડે વીતરાગની સ્તુતિ કરવાવાળો હોવા છતાં, કર્મગ્રંથની પ્રકૃતિઓને બીજાઓને સારી રીતે ગણાવતો હોવા છતાં પણ પોતાના આંતર જીવનમાં ભક્ષ્યા-ભક્ષ્ય, પેયાપેય, વાચ્યાવાચ્યમાં ક્યાંય પણ વિચાર કરવા જેટલી ક્ષમતા તેમની પાસે હોતી નથી.

(8) દુર્મતિ ( દુર્બુદ્ધિ ) જ્યારે આત્માની પટ્ટરાણી બને છે ત્યારે આત્માની આન્તર સ્થિતિ સન્નિપાતના રોગી જેવી થાય છે.

ઉપર્યુક્ત પ્રમાણે મોહરાજાના સામંતોની વચમાં નાચતો-કૂદતો આ જીવાત્મા હજારો–લાખો અને કરોડો માનવોનો તથા બીજી સૃષ્ટિનો પણ દ્રોહી બને છે, મારક બને છે, ઘાતક

બને છે. પોતાના સ્વાર્થની ખાતર ઘણા જીવોને મોતના ઘાટે ઉતારે છે, ભૂખે મારે છે. તથા મિથ્યા અહંકાર અને મિથ્યા પ્રતિષ્ઠાના પૂરમાં તણાઈને હિંસા, જૂઠ, ચોરી, પરસ્ત્રીગમન, લોભ, પ્રપંચ અને તેમાંથી ઉદ્ભવેલા ક્રોધ, માન, માયા, પર-પરિવાદ, માયામૃષાવાદ જેવા આસુરી પરંપરાના દુર્ગુણોને વશ બનીને "अधो गच्छन्ति तामसाः...."ના ન્યાયે દુર્ગતિ તરફ પ્રસ્થાન કરે છે.

## આ જીવોને યોગ કેટલા પ્રકારનો કહ્યો છે ?

જવાબમાં ભગવંતે ફરમાવ્યું કે, સામાન્ય પ્રકારે યોગના ત્રણ ભેદ છે.

(૧) મનોયોગ, (૨) વચનયોગ, (૩) કાયયોગ.

સિદ્ધાત્માઓને છોડીને, આ ત્રણે યોગમાંથી કેવળ કાય-યોગના માલિકો ૮૪ લાખ જીવાયોનિના બધાય જીવો હોય છે. તેમાં પણ કાર્મણ અને તૈજસ શરીર યોગ બધાયને અનિવાર્ય છે. આ બન્ને શરીરો સૂક્ષ્મ હોવાથી જીવાત્મા ચાહે વિગ્રહ ગતિમાં હોય કે અવિગ્રહ ગતિમાં હોય, અનુત્તર વિમાન-વાસી હોય કે બ્રહ્મલોકવાસી હોય, સૂર્ય–ચંદ્ર હોય કે સૌને લાભાલાભ કરાવનાર ગ્રહો હોય, કેવળી ભગવંત હોય કે ચૌદ પૂર્વધારી હોય, ચક્રવર્તી હોય કે મુંછ પર લીંબુ ટકાવનારા વાસુદેવો હોય, સૌને એ શરીર તો અવશ્ય હોવાના જ; જ્યારે આહારક શરીરના માલિક ચૌદ પૂર્વધારી સિવાય બીજા કોઈ નથી, દેવો અને નારકો વૈક્રિય શરીરવાળા અને એકેન્દ્રિયો, બેઇન્દ્રિયો, તેઇન્દ્રિયો, ચતુરિન્દ્રિયો તથા પંચેન્દ્રિયો ચાહે સંજ્ઞી હોય, અસંજ્ઞી હોય, પર્યાપ્તા હોય કે અપર્યાપ્તા હોય સૌને ઔદારિક શરીર હોય છે.

૮૪ લાખ જીવાયોનિમાંથી-

| | |
|---|---|
| ૭ લાખ પૃથ્વીકાયિકો | ૭ લાખ વાયુકાયિકો |
| ૭ લાખ અપ્કાયિકો | ૧૦ લાખ પ્રત્યેક વનસ્પતિકાયિકો |
| ૭ લાખ અગ્નિકાયિકો | ૧૪ લાખ સાધારણ વનસ્પતિકાયિકો |

કુલ પર લાખ

ઉપર પ્રમાણેના પર લાખ જીવાયોનિના અનંતાનંત જીવોને વચનયોગ (જીભ) તથા મનોયોગ (મનન શક્તિ) આ બે યોગો હોતા નથી; તેથી તેમને કેવળ એક જ કાયયોગ છે. શેષ બધાય ૮૪-૫૨=૩૨ લાખ જીવાયોનીના જીવો યથાશક્ય ત્રણે યોગના માલિકો છે. તેમ છતાં પણ ગર્ભથી ઉત્પન્ન થનારા સંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્યો સિવાય બીજા જીવોને જીભની પ્રાપ્તિ થયેલી હોવા છતાં તેનો ઉપયોગ કેવળ આહાર કે પાણીના ઉપભોગ સિવાય બીજા એકેય કાર્યમાં તે જીભનો ઉપયોગ તેમના ભાગ્યમાં નથી. એટલે કે પોતાના મનની અથવા ભૂખ-તરસની વેદના ભોગવતાં થયેલી મુંઝવણમાં તેઓ જીભનો ઉપયોગ હરહાલતમાં પણ કરી શકતા નથી. ચાર લાખ યોનીના અસંખ્ય દેવો પુણ્યશાળી હોવાના કારણે તેમાં પણ સમ્યગ્દષ્ટિ સમ્પન્ન દેવો સિવાય બીજા બધાય દેવોની જીભ પોતાના અર્થ અને કામના ભોગવટા સિવાય બીજા એકેય કામમાં આવે તેમ નથી. જ્યારે ચાર લાખ નરક ગતિના નારકો પાપકર્મોથી ભારે હોવાના કારણે 'परस्परोदीरिता:' આ સૂત્રાનુસારે એકબીજાના મારકાટમાં તેમ જ પૂર્વભવના વૈર-વિરોધ આદિની સ્મૃતિપૂર્વક વૈરના બદલા લેવામાં જ તેમની જીભનો ઉપયોગ થાય છે. જ્યારે મનુષ્યો સદ્બુદ્ધિ અને સદ્વિવેક મિશ્રિત મનન શક્તિપૂર્વક મનોયોગવાળા હોય તો

તેમની જીભ, મન, ઇન્દ્રિયો અને શરીર પણ બીજાના ઉપકાર માટે, દીન-દુઃખીઓને દાળરોટી અપાવવા માટે, અનાથોનું રક્ષણ કરાવવા માટે તેમજ અહિંસા ધર્મના પ્રચાર માટે તેમની જીભનો ઉપયોગ થાય છે, અન્યથા મિથ્યાત્વના જોરદાર હુમલાના કારણે પાપવ્યાપારો તથા પાપવાસિત મન જેમનું હોય છે તેમની જીભ—

–કુહાડા જેવી તીખી ધારવાળી.

–કડવી તુંબડીના બી જેવી ભયંકર કડવી.

–વિષવેલના ફળ જેવી ઉપરથી મીઠી અને અંદરથી વિષ ભરેલી.

–સ્વાર્થ માટે કે તે વિના પણ બીજાના ઘરને ભંગાવનારી.

–બીજાની બેન બેટી કે તેમના પુત્રોને ભૂખે મરાવનારી.

–બીજાની મિલ્કત (થાપણમોસો)ને પચાવી પડાવનારી.

–વિષયવાસનામાં ગ્રસ્ત બનીને પારકાની બહેન બેટીઓને ફોસલાવનારી હોય છે, ફળસ્વરૂપે આવા પ્રકારના ગર્ભજ મનુષ્યોને પણ પાછા નરકગતિમાં કે તિર્યંચગતિમાં ગયા વિના બીજો માર્ગ નથી.

કૃતયુગ્મકૃતયુગ્મ રાશીપ્રમાણવાળા સંજ્ઞી પંચેન્દ્રિય જીવોને સાકાર તથા નિરાકારરૂપે બંને ઉપયોગ હોય છે. જ્ઞાતવ્ય વસ્તુની જાતિ ગુણ-નામ-પર્યાયાદિનો વિશેષ પ્રકારે જ્ઞાન થાય તે સાકારોપયોગ કહેવાય છે અને જે જ્ઞાનમાં જાતિ આદિનો ખ્યાલ ન હોય તેને નિરાકારોપયોગ કહેવાય છે. સામે દેખાતો પદાર્થ મનુષ્ય છે પણ જાનવર નથી. કેમકે જાનવરોની શરીરાકૃતિ અને મનુષ્યોની શરીરાકૃતિમાં ફેર હોવાથી જાનવર જાતિનો નિષેધ કરીને સામેવાળો મનુષ્ય જ છે

તેવું વિશેષજ્ઞાન તે સાકારજ્ઞાન છે. તેવી રીતે જીભ પર પડેલો રસ લીંબુનો છે પણ મોસંબીનો નથી, પહેરેલ વસ્ત્ર રેશમી છે પણ સુતરાઉ નથી, સુંઘેલ અત્તર ગુલાબનું છે પણ હીનાનું નથી, સંભળાતા શબ્દો મારી સ્ત્રીના જ છે બીજાના નથી, ઈત્યાદિ જ્ઞાનમાં વિશેષતા રહેલી હોવાથી आकारेण जातिप्रभृति विशेषेण सहितं ज्ञानं साकारज्ञानम्" તેને સાકારોપયોગ કહેવાય છે.

મતિજ્ઞાનનો વિકાસ જે પ્રમાણે સધાયો હોય તે પ્રમાણે માનવને સ્પષ્ટ કે અસ્પષ્ટ જ્ઞાન, ઘણી રીતે કે થોડી રીતે, તત્કાળ કે વિલંબથી જ્ઞાન થાય છે, તેમાં સ્પષ્ટ જ્ઞાન તે સાકારોપયોગ અને અસ્પષ્ટ જ્ઞાન તે નિરાકારોપયોગ છે.

સંજ્ઞી પંચેન્દ્રિય જીવોને પાંચે વર્ણ, પાંચે રસ, બે ગંધ, અને આઠે સ્પર્શ હોય છે. આમાં શુભ નામકર્મનો ઉદય હોય તો શરીરનો વર્ણ (રંગ) સારો હોય છે, તે પ્રમાણે રસ, ગંધ અને શરીરનો સ્પર્શ પણ સારો હોય છે. અશુભ નામ-કર્મના કારણે શરીરનો વર્ણ, કોઈને ન ગમે તેવો કાળો, પરસેવો કડવા રસનો, બદબુ મારે તેવો તથા શરીરનો સ્પર્શ કઠોર–ખરબચડો અને ઉષ્ણ હોય છે. જેમકે એક માનવનો પરસેવો સુગંધમય અને બીજાનો મરેલા જાનવરની જેમ દુર્ગંધ મારતો હોય છે. એકના હાથપગના તળીયા તથા શરીરની ચામડી માખણ જેવી મુલાયમ અને બીજાની રીંછ તથા ભૂંડ જેવી ખરબચડી જાડી અને કઠોર હોય છે, તથા ઉચ્છ્વાસ અને નિઃશ્વાસવાળા હોય છે. આહાર કરનારા હોય છે.

## સંજ્ઞી પંચેન્દ્રિય જીવો વિરત, અવિરત અને વિરતાવિરત હોય છે ?

જવાબમાં ભગવંતે ફરમાવ્યું કે હે ગૌતમ! કેટલાક જીવો વિરત હોય છે, કેટલાક અવિરત હોય છે અને કેટલાક વિરતાવિરત પણ હોય છે. 'રમ્' ધાતુના ભૂતકૃદંતનો 'ક્ત' પ્રત્યય લાગતા 'રત' શબ્દ બને છે. જેનો અર્થ 'રમ્યો' થાય છે અને 'વિ' ઉપસર્ગપૂર્વક 'વિરત' શબ્દનો અર્થ વિરામ પામ્યો થાય છે. જીવાત્મા અનાદિકાળથી અનંત જીવો સાથે તેમજ અનંત પુદ્ગલ સ્કંધો સાથેની માયામાં બંધાયેલો હોવાથી પાપ ભાવનાઓ, પાપ ચેષ્ટાઓ અને પાપ કર્મોમાં જ રત એટલે મસ્તાન બનેલો છે. તેમ છતાં સદ્ગુરુઓના સહવાસ પછી જેમ જેમ તેની શક્તિનો વિકાસ થતો જાય છે તેમ તેમ તે પાપદ્વારોને મનથી, વચનથી અને કાયાથી કરવારૂપે, કરાવવારૂપે અને કરવાવાળાને અનુમોદવારૂપે સર્વથા બંધ કરે છે ત્યારે તે જીવાત્મા 'વિરત' કહેવાય છે. અને એકેય પાપને છોડી ન શકનારો 'અવિરત' છે. આ માનવને પાપના બધાય માર્ગો મન, વચન અને કાયાથી સર્વથા અને સર્વદા ખુલ્લા હોવાથી ગમે ત્યારે, ગમે ત્યાંથી પણ પાપોનું સેવન સુલભ બનવા પામે છે. તથા સદ્ગુરુઓ પાસેથી સદ્જ્ઞાન મળ્યું પણ મન, વચન અને કાયાની તથાપ્રકારની શક્તિ ન હોવાથી અથવા કૌટુંબિક પરિસ્થિતિ અનુકૂળ ન હોવાથી અમુક પાપોને છોડે છે અને અમુકને છોડી શકતો નથી, માટે તે 'વિરતાવિરત' છે. વિરત આત્માને માટે છઠ્ઠું ગુણસ્થાનક, અવિરતને પહેલું અને વિરતાવિરતને ચોથું ગુણસ્થાનક સમજવાનું.

આ જીવોને મન-વચન અને કાયા મળેલા હોવાથી

તેમજ તેમાં વીર્યાંતરાય કર્મનો ક્ષયોપશમ મિશ્રિત થયેલો હોવાથી પ્રતિસમયે આવા જીવો ક્રિયાવાળા જ હોય છે, તથા જ્યાં જ્યાં ક્રિયા છે ત્યાં કર્મોની વિદ્યમાનતા પણ અવશ્ય રહેવાની જ. વીર્યાંતરાય કર્મનો ક્ષયોપશમ કેવળ માનવના મન-વચન અને કાયામાં સ્ફૂર્તિ, પરિસ્પંદનનું દાન કરીને સમાપ્ત થાય છે. પરંતુ મોહકર્મનો ઉદયવર્તી આ જીવ પાપબુદ્ધિનો વારસદાર હોવાથી ત્રણેનો ઉપયોગ પાપમાર્ગે જ કરશે, જે મનદંડ, વચનદંડ અને કાયદંડના નામે ઓળખાય છે. જ્યારે સદ્‌બુદ્ધિનો વારસદાર ત્રણેનો ઉપયોગ પવિત્ર માર્ગે કરશે.

પોતપોતાની યોગ્યતા પ્રમાણે ક્રિયાવંત જીવો કોઈક સમયે ૮-૭-૬ અને છેવટે એક પ્રકારે કર્મનું બંધન કરે છે.

કેવળ સાતાવેદનીય કર્મનું બંધન કરનારા કેવળી ભગવંતો છે.

## આ જીવો આહારાદિ સંજ્ઞાના ઉપયોગવાળા છે ?

જવાબમાં ભગવંતે ફરમાવ્યું કે જીવો આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ સંજ્ઞાના ઉપયોગવાળા એટલે, તેમાં આસક્ત પણ છે અને અનાસક્ત પણ છે. જ્યારે આહારાદિ સંજ્ઞાઓમાં જીવ ગળેડુબ હોય છે ત્યારે તેમના જીવનમાં ક્રોધ-માન-માયા અને લોભ કષાયોની વિદ્યમાનતા અવશ્યંભાવિની છે. અને ૧૧-૧૨-૧૩ ગુણસ્થાનકે બિરાજમાન પુણ્યશાળીઓ આહારસંજ્ઞામાં અનાસક્ત હોવાથી કષાય વિનાના પણ છે.

જે કષાયવંત જીવો છે તેમને 'નોકષાય'ની માયા જરૂરથી હોય છે. કારણ કે કષાયોને ભડકાવનારા નોકષાય છે, તેમાં પણ પુરૂષવેદ, સ્ત્રીવેદ અને નપુંસકવેદની માયા ઘણી જ જબરી હોવાથી તેના કારણે બીજા નોકષાયો પણ ભડકે છે, અને તેમ થતાં ચારે કષાયોની ચંડાલ ચોકડીમાં તે જીવાત્માને ફસાયા વિના છુટકો નથી.

વેદનો મૈથુનાભિલાષ અર્થ સમજવો. ગમે તે ઉંમરમાં જ્યારે જીવાત્માને મૈથુન સેવવાની ઇચ્છા હોય ત્યારે પુરૂષને પુરૂષ વેદ, સ્ત્રીને સ્ત્રીવેદ અને નપુંસકને નપુંસકવેદનો ઉદય જાણવો, અથવા મૈથુનેચ્છાને પૂર્ણ કરવામાં તે તે સાધનો દ્વારા ઉદીર્ણા અર્થાત્ તેને બળવતી કરીને જાણી બુઝીને નિમિત્તો ઉભા કરીને ઉદયમાં લાવેલો વેદકર્મ ભડકે બળ્યા વિના રહેતો નથી. વૃદ્ધાવસ્થામાં શરીરના ગાત્રો કે ઇન્દ્રિયો ભલે ઠંડા પડી ગયા હોય તો પણ વેદકર્મના વેગને રોકવો ભારે કઠણ છે, કેમકે ભોગવેલા ભોગોની સ્મૃતિ થતાં જ માનવનું મન ગમે તેવી સ્થિતિમાં પણ ચલાયમાન થયા વિના રહેતું નથી. સારાંશ કે મૃત્યુના ખાટલા પર પડેલા માનવને પણ ભોગવેલી મધુરજનીઓની સ્મૃતિમાં સરકાવીને ભવાંતર બગાડવાની તાકાત વેદકર્મની છે. માટે જ :–

भुक्तनारी स्मरण मात्रेऽपि पुरुषं वेदयति मुढीकरोतीति पुरुषवेदः।
भुक्त नर स्मरणमात्रेऽपि स्त्रिय वेदयति मोहयतीति स्त्रीवेदः।
भुक्त पुरुष स्त्री स्मरण मात्रेऽपि नपुंसक वेदयतीति नपुंसकवेदः।

પૂર્વભવના કરેલા પાપ પુણ્યના ફળરૂપે આ ભવમાં ત્રણે વેદોનો અનુભવ કરનારા અને ફરી ફરીથી તેવા અધ્યવસાયોમાં રમનારા જીવાત્માઓ પોતપોતાના અધ્યવસાયોની યોગ્યતા

પ્રમાણે ત્રણે વેદોનું ઉપાર્જન કરીને આવનારા ભવોમાં તે તે વેદોને ભોગવનારા બનશે.

કેવા કેવા અધ્યવસાયો અને તે માટેના તોફાનો કરવાથી કયો કયો વેદ ઉપાર્જિત થાય છે, તે જાણવું રસપ્રદ છે.

## પુરુષવેદ કર્મ બાંધવાનું કર્મ :–

मन्द क्रोधकषायादिना स्वदाररतिप्रियताऽवक्रताऽनीर्ष्यालुत्वसत्यवादित्वादि भवनरूपत्वं पुरुषवेदस्य लक्षणम् ।

( આર્હતદર્શન દીપિકા ૩૬. )

અદમ્ય પુરુષાર્થવડે કષાયો જ્યારે મંદ તાકાતવાળા બનવા પામે છે, ત્યારે માનવનું જીવન સરળ, સ્વચ્છ, પરોપકારી અને સહિષ્ણુ બનતાં પુણ્યકર્મોનો સંચય થવામાં વાર લાગતી નથી. ત્રણે વેદોમાં પુરુષવેદને પુણ્ય પ્રકૃતિમાં ગણાવવાનું કારણ એક જ છે કે સ્ત્રી અને નપુંસકોને પોતાનો વેદ શાંત કરવા માટે પુરુષનો આશ્રય લીધા વિના બીજો માર્ગ છે જ નહીં, માટે પુરુષ હરહાલતમાં પણ ભોક્તા છે તથા પોતાનો અને સ્ત્રીનો વેદ શાંત કરવા માટે સર્વતંત્ર સ્વતંત્ર છે.

પૂર્વભવના પુણ્યકર્મોના કારણે આ ભવે મેળવેલા પુરુષવેદને મોહાંધ કે કામાંધ બનીને જો બગાડવામાં ન આવે તો આવનારા ભવોમાં પણ તે ફરીથી પુરુષવેદને જ પ્રાપ્ત કરવા માટે હકદાર રહેશે, પછી ચાહે તે પુરુષાવતારમાં જન્મે, દેવાવતારમાં જન્મે, કે પશુ–પંખીના અવતારમાં જન્મે તે વાત જૂદી છે.

પુરુષ–સ્ત્રી કે નપુંસક જો પોતાનું ચાલુ જીવન પવિત્ર બનાવશે, તો આ ભવની સ્ત્રી આવનારા ભવે પુરુષાવતારને પામશે, તથા નપુંસક પણ આવતા ભવે પુરુષ બનવા પામશે.

આ કારણે જ અનુભવી મહાપુરુષો કહે છે કે–મેટ્રીક, ગ્રેજ્યુએટ, રાજનૈતિક, શ્રીમંત છેવટે સંત–મહાસંત બનવું સરળ હોઈ શકે, પરંતુ પોતાના આન્તર જીવનને શુદ્ધ રાખવાની કળા હસ્તગત કરવી સરળ નથી જ કેમકે ઘણીવાર શારીરિક પ્રકૃતિઓ કરતાં માનસિક પ્રકૃતિઓ જ્યારે ગંદી બનવા પામે છે ત્યારે જીવાત્માના અધ્યવસાયો માનસિક વિચારધારાઓ છેવટે ભાવ (સૂક્ષ્મ) મન પણ અશુદ્ધ અશુદ્ધતર કે અશુભતમ બનવા પામે છે અને તેના દ્વારા બંધાતા કર્મો પણ અનિષ્ટ, કઠિન, ચીકણા અને ઘણા ભવોમાં વેદના ભોગવટામાં પરવશતા પ્રાપ્ત કરાવે તેવા બંધાશે.

ઉપરના સૂત્રાનુસારે જ વિચારીએ :–

(1) ક્રોધ-માન–માયા અને લોભમાં મંદતા આવતાં જ માનવની આહાર, ભય, મૈથુન અને પરિગ્રહસંજ્ઞા મર્યાદિત–સંયમિત બનશે. જેના કારણે ભોગ( એક જ વાર ભોગવવામાં આવે તેવા પદાર્થો ) અને ઉપભોગ( એક જ વસ્તુ બીજીવાર પણ ભોગવવામાં આવે )ના ભોગવટામાં પણ નિર્લેપ, પાપ-ભાવના રહિત, ઉદાસીન અને મમતા વિનાનો થશે, ફળસ્વરૂપે વિકસિત વિચારસરણીના કારણે પરસ્ત્રી, વિધવા, વેશ્યા અને કુમારિકાના ત્યાગને જ ધર્મ તથા ધર્મ્ય કાર્ય સમજતાં પોતાની ધર્મપત્ની પ્રત્યે જ તેને રાગ રહેશે. મનુષ્ય જીવનમાં મોટામાં મોટું પાપ મૈથુન સંજ્ઞાથી ભડકાયેલું મૈથુનકર્મ જ છે, તે જ્યારે સંયમિત કે મર્યાદિત થશે અથવા તપ, ત્યાગ, સ્વાધ્યાય અને ઉન્નત વિચારોથી મર્યાદિત કરવામાં આવશે ત્યારે પરસ્ત્રી આદિનો રાગ ધીમે ધીમે ઓછો થતો જશે અને સ્વસ્ત્રીનો રાગ, તેમાં પણ ધર્મ્ય વ્યવહાર, સભ્ય ચેષ્ટા અને ગર્ભમાં રહેલા કે ૨–૩ વર્ષે ગર્ભમાં આવનારા સંતાન પ્રત્યે ભાવદયા

ઉત્પન્ન થશે અને તેમ થતાં જ માનવના ઘણા ઘણા પાપકર્મો રોકાશે અને પુણ્યકર્મોની વૃદ્ધિ થશે.

(2) મન-વચન અને કાયાના યોગોમાંથી વક્રતા જશે અને અવક્રતાનો પ્રવેશ થશે. જૈન શાસને આ ત્રણેને યોગ તરીકે સંબોધ્યા છે, કારણ કે "कर्मणा सह योजयतीति योगः" નવા કર્મો સાથે આત્માને જોડાવી આપે તે યોગ છે; માટે આ ત્રણેમાં અનાદિ કાળની રહેલી, વધેલી, વધારેલી વક્રતાના કારણે આત્માનું પ્રસ્થાન દુર્ગતિ તરફ રહ્યું છે, પરંતુ કષાયોની મંદતા જ્યારે વધે છે ત્યારે યોગમાં અવક્રતા ( સરળતા ) આવતાં જ આત્માનું પ્રસ્થાન સદ્દગતિ તરફ આગળ વધે છે.

( 3 ) 'गुणौघनाशिनी इर्ष्या' આ ન્યાયે અધાર્મિક જીવનમાં ઇર્ષ્યા ઉત્પન્ન થાય છે. વધે છે અને માનવનું જીવન વૈરઝેરમય બને છે, પરંતુ કષાયોની મંદતાના કારણે તે કાળી નાગણ કરતાં પણ ભૂંડી ઇર્ષ્યા ધીમે ધીમે ઘટતી જાય છે. અને માનવ, શત્રુઓની વચ્ચે પણ શાંતિ અને સમાધિને મેળવે છે.

( 4 ) સત્યવાદિતા-એટલે સત્યભાષી, સત્ય વ્યવહારી આત્મામાં સમ્યક્ત્વના સ્પર્શનો નિષેધ કોઇએ કર્યો નથી. છેવટે પરમાત્માના સ્વરૂપને જાણવા માટે મૌલિક કારણ જ સત્ય છે. આવો સત્યવાદી આત્મા પાપમાર્ગે કેવી રીતે જશે? કષાયોની તીવ્રતાના કારણે જીવનમાંથી સત્યધર્મ જાય છે અને અસત્ય આવે છે. માટે જૈન શાસને જૂઠ બોલનારમાં कोहा वा, लोहा वा भया वा हासा वा ક્રોધ, લોભ, ભય અને હાસ્યની તીવ્રતાને સ્વીકારી છે, પરંતુ તે તીવ્રતાને મંદ કરવા જે સાધક સફળ બન્યો હશે તેના પાપકર્મો રોકાયા વિના અને પુણ્યકર્મો બંધાયા વિના રહેતા નથી.

ઉપરના કારણે એટલે કે :—

રાગ-દ્વેષ અને કષાયોની મંદતા, સ્વસ્ત્રીની પ્રીતિ, અવક્રતા, ઈર્ષ્યા વિનાનું જીવન અને સત્યવાદિતાને પુરૂષવેદ બાંધવાના કારણો કહ્યાં છે.

## સ્ત્રીવેદ કર્મ બાંધવાના લક્ષણો :

शब्दादि विषयेषु, गार्ध्येर्ष्यालुत्वानृतवादित्ववक्रता परदार-रति प्रियतादिकरण रुपत्वं स्त्रीवेदाश्रवस्य लक्षणम् ।

( આર્હત દર્શન દીપિકા )

(1) પાંચે ઇંદ્રિયોના શબ્દ–રસ–ગંધ–સ્પર્શ અને દર્શનના મનગમતા ૨૩ વિષયોમાં અત્યંત આસક્તિ, લાલસા, મમતા, તથા તેમના ભોગવટામાં અનહદ રાગ રાખવાથી આધ્યાત્મિક શક્તિઓનો હ્રાસ થતો જાય છે, ઇંદ્રિયો બેકાબુ બને છે, મનની શેતાની વધે છે અને ઘણા પરિશ્રમે મેળવેલું જ્ઞાન તથા વિજ્ઞાન નિષ્ફળ અને નિરર્થક બને છે, ત્યારે આત્માને સંયમિત રાખવાની એકેય શક્તિ માનવના હાથમાં રહેતી નથી.

(2) ઇર્ષ્યાળુત્વ–જે વ્યક્તિમાં બેમર્યાદ ઇર્ષ્યા હોય છે, તેની માનવતા જ પરવારી જવાના કારણે ગમે તેવા નિમિતો મળતા પાપમાર્ગે જવાનું તેના માટે સરળ બને છે. એકવાર આપણે માની લઇએ કે, ઇર્ષ્યાળુ માનવના હાથમાં લાકડી, બંદુક કે છરો ન પણ હોય તો પણ તેના આત્મિક દૂષણો એટલા બધા ખતરનાક હોય છે, જેને લઇ ગમે તેવાઓની સાથે વૈર–વિરોધ, લડાઈ અને જીભાજોડી કરતાં વાર લાગતી નથી, માટે જ દ્રવ્યપાપ કરતાં ભાવપાપ વધારે જોખમદાર છે. ઇર્ષ્યાનો અર્થ આ પ્રમાણે છે :–

( 1 ) परगुणाऽसहनमीर्ष्या ( ઉત્તરા, ૬૫૬ )

( 2 ) पर संपत्तौ चेतसो व्यारोषः ( વૈયાકરણ )

( 3 ) परोत्कर्षासहनमीर्ष्या ( કોષકાર )

આ ત્રણે અભિપ્રાયોનું તાત્પર્ય આ છે કે-" પારકાના વસ્ત્રો, પુત્રો, સ્ત્રિઓ, મકાન, હાટ, હવેલી, મોટર ગાડી વગેરે જોઈને તેમના પ્રત્યે આપણા મનમાં જે બળતરા થાય, આંખોમાં રોષ આવે." જીભમાં કડવાશ અને બકવાટ થાય તે ઈર્ષ્યા કહેવાય છે.

"પારકાના ગુણો, વકતૃત્વ, વ્યક્તિત્વ, રૂપ, વિદ્યા, તપશ્ચર્યા, પુણ્યોદય, દાન આદિને જોઈને તેમની નિંદા કરવાની, ભાંડવાની, તેમની પ્રવૃત્તિમાં કાંઈક ભૂલો જોવાની, બોલવાની અને છેવટે તેમને બદનામ કરવાની ભાવના રાખવી તે ઈર્ષ્યા જ કહેવાય છે." 'લજ્જા બધાય ગુણોની માતા છે' એટલે કે લજ્જાળુ માનવને બધાય ગુણોની વરમાળા ભાગ્યમાં રહે છે જ્યારે મહાપુણ્યોદયે મળેલા કે મેળવેલા સદ્ગુણોને નાશ કરવામાં ઈર્ષ્યા મુખ્ય કારણ છે; કેમકે, વૃદ્ધિ પામતી ઈર્ષ્યા, માનવતા, દયા, સત્કર્મિતા, અને છેવટે સહિષ્ણુતાને પણ નાશ કરે છે, ત્યારે તેવો માનવ જેમ બીજાઓને ખાડામાં ઉતારે છે તેમ પોતાના આત્માનો પણ નાશ કરે છે, તેથી જ શાસ્ત્રકારોને કહેવું પડ્યું કે " મર્યાદાતીત ઈર્ષ્યાના માલિકો અવસર આવ્યે ગમે તેવા ગંદા અને પાપકાર્યો પણ કરનારા હોય છે. અને ઈર્ષ્યાના કારણે ગુપ્ત કે પ્રગટ પાપોને લઈને આ ભવનો પુરુષ-વેદનો માલિક પણ આવનારા ભવોમાં સ્ત્રી શરીર મેળવનારો બને છે. આ ભવની સ્ત્રી પણ વધારે પડતી ઈર્ષ્યાળુ હશે તો ફરીથી તેના ભાગ્યમાં સ્ત્રીવેદ અને સ્ત્રીશરીર જ શેષ રહેશે.

(3) અનૃતવાદિત્વ :- અસત્ય ભાષા, અસત્ય વ્યવહાર અને વ્યાપાર તથા રહેણીકરણીમાં પ્રાયઃ કરીને સમ્યક્ત્વનો પ્રકાશ ન હોવાના કારણે માનવના સત્કાર્યો કેવળ વ્યવહાર પૂરતા જ રહેવા પામે છે. દેવદુર્લભ મનુષ્યાવતાર પામીને પણ તેઓ નિર્જરા કે સંવરનો માર્ગ સ્વીકારી શકતા નથી, તેથી તેમના માટે આશ્રવમાર્ગ સિવાય બીજો એકેય માર્ગ ન હોવાથી પાપના દ્વારો તેમના હમેશાને માટે ઉઘાડેલા જ હોય છે. તેનાથી ખાનદાનીના સત્કાર્યો બગડશે, ભણતર–ગણતર શ્રાપમય બનશે અને વધારે પડતા જૂઠ–પ્રપંચથી તે માનવ હિંસક પશુઓ કરતાં પણ ભયંકર બનશે. હાથી જેવા કદાવર પશુને માટે અંકુશ, ઘોડાને લગામ, સાયકલ કે મોટરને બ્રેક હોય છે, તેવી રીતે ગમે તેવો મોટો માણસ હોય યદિ તે પણ અંકુશ વિનાનો હશે તો તેના આન્તર જીવનમાં તે હિંસક, દુરાચારી બનવા પામશે. માટે મર્યાદાનો ત્યાગ કરીને આચરેલા જૂઠ, પ્રપંચ, કાળા ધોળા આદિ કાર્યો સ્રીવેદના કારણ બનશે.

(4) વક્રતા :–મન, વચન અને કાયાની વક્રતાવાળા અથવા સંસારની માયામાં લપટાઇને વક્ર બનેલા માનવના એકેય સત્કાર્યો જીવનના આદિ–મધ્ય કે અવસાનમાં પણ સરળ હોતા નથી. તેમ જ જ્ઞાનસંજ્ઞાને મેળવવાને માટે કે વધારવાને માટે તેમને ઉત્સાહ પણ હોતો નથી. પરિણામે તેમનું વિદ્યાર્થી-જીવન, લગ્નજીવન, વ્યાપારજીવન પણ કેવળ વ્યવહાર કે સ્વાર્થ પૂરતું જ સુંદર રહેવા પામે છે. આ કારણે જ તેમના જીવનમાં ગમે ત્યારે પણ આવનારા ભવોને બગાડવા માટે અસત્કાર્યો, દુર્જન મિત્રો, ગંદુ સાહિત્ય તથા સિનેમાઓ આદિ તૈયાર જ રહેતા હોય છે

(5) પરદારરતિ પ્રિયતા :–સ્ત્રીવેદને બાંધવાની યોગ્યતા વાળા જીવોમાં પારકી સ્ત્રી પ્રત્યેના ગમનમાં તેમને મોહ હોય છે. પાણીની ડોલમાં પડેલું તેલનું એક જ બુંદ બધાય પાણીને તેલમય કરે છે, તેમ દૂષણોમાં પણ માનવના જીવનને બધી રીતે પરવશ કરવાની તાકાત છે.

પરસ્ત્રીગમન ચાહે મશ્કરીમાં કે લાચારીમાં સ્વીકાર્યું કે સ્વીકારાયું હોય તો પણ તેમની માયા આજીવન છુટવી લગભગ શકય નથી, પરિણામે :–

( 1 ) ધર્મપત્નીની રસોઈ અણગમતી થશે અને પરસ્ત્રીના હાથની રસોઈ ગમશે.

( 2 ) ચરણોની દાસી જેવી સરળ અને રૂપાળી ધર્મપત્ની પ્રત્યે નફરત આવશે અને પફ પાઉડરમાં છુપાયેલી પરસ્ત્રી તેને દેવી જેવી લાગશે.

( 3 ) દીન–દુઃખી અને અનાથોને માટે પાંચ–પચીસ રૂપીઆ દેવામાં બેદરકાર રહેશે અને પરસ્ત્રીને બધુંય આપી દેતા વાર ન લાગે.

( 4 ) ધાર્મિક સ્થળો, વડીલોનો સહવાસ, માતા–પિતાની સેવા, તેમને મન કડવી લાગશે અને પરસ્ત્રીને સાંભળવામાં અનહદ રસ રહેશે.

આ ઉપરાંત હદ વગરનો ક્રોધ, અભિમાન, ઈર્ષ્યા, જૂઠ બોલવાનું તથા બીજાઓને ઠગવાની ભાવના, અતિશય શ્રૃંગાર પ્રેમ, તેમ જ સ્ત્રિઓના હાવ–ભાવ–કટાક્ષ, તેમના વસ્ત્રો, આભૂષણોને જેવાની તીવ્રેચ્છા પણ આવનારા ભવોને માટે સ્ત્રીવેદને બાંધવાના કારણો છે.

ઇત્યાદિ દૂષણોની ભરમારમાં કામદેવને જાગૃત કરવામાં કે મરેલા કામદેવને ફરીથી ઉત્તેજિત કરવામાં અખાદ્ય–અપેય આદિ પદાર્થોનું ભક્ષણ–પાન કરનારા આવતા ભવમાં સ્ત્રી-વેદના માલિક બનશે.

## (૩) નપુંસકવેદ કર્મ બાંધવાના લક્ષણો :

'तीव्र क्रोधादिना पशुनां वध निर्लाञ्छनमुण्डन स्त्री-पुरुष त्रिषयकानङ्गसेवन, शीलव्रत गुणधारिविषयक मैथुन-सेवनेच्छा तीव्र विषयानुषङ्गितादिकरणरूपत्वं नपुंसकवेदाश्रवस्य लक्षणम् ( આર્હત દર્શન દીપિકા )

૧૪ રાજલોક સંસારમાં, ૮૪ લાખ જીવાયોનિમાં જન્મતા અનંતાનંત જીવોમાંથી, ૬૨ લાખ જીવાયોનિના જીવો નપુંસક વેદના ઉદયવાળા હોવાથી નપુંસકલિંગ( શરીર )માં પોતાનું જીવન પૂર્ણ કરી રહ્યાં છે. આ વેદમાં રહેનારા જીવો પુરૂષ હોતા નથી તથા સ્ત્રીશરીરમાં પણ હોતા નથી.

મહારંભ, મહાપરિગ્રહ, માંસાહાર, શરાબપાન, પરસ્ત્રી-ગમન, જુગાર તથા શિકાર આદિમાં અત્યાસક્તિપૂર્વક મનુષ્યા-વતારનો ત્યાગ કરી, અપક્રાંતિ દ્વારા ફરીથી તે તે અવતારોને પામેલા જીવાત્માઓ પાસે નપુંસકવેદ જ તેમનાં ભાગ્યમાં શેષ રહે છે. બાકીના ૪ લાખ દેવતા, ૪ લાખ તિર્યંચ પંચેન્દ્રિય અને ૧૪ લાખ મનુષ્યોમાંથી દેવલોકના દેવો પુણ્યશાળી હોવાથી તેમને એટલે ચારે જાતિના દેવોને નપુંસકવેદ નથી; જ્યારે મનુષ્ય અને તિર્યંચોમાં જે સંમૂચ્છિંમ છે તે બધાય નપુંસક જ હોય છે, શેષ રહેલામાંથી પણ પૂર્વભવના પાપકર્મોના ઉદય-વર્તી મનુષ્યો અને તિર્યંચો પણ નપુંસકવેદવાળા હોવાથી નપુંસક શરીરને જ ધારણ કરનારા છે. જેનું વર્ણન પહેલા

ભાગમાં કરાઈ ગયું છે. હવે આ વેદને બાંધનારા કોણ હોય તેનો વિચાર કરી લઈએ.

અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની અને સંજ્વલન કષાયોમાં જ્યારે તીવ્રતા, તીવ્રતરતા, તીવ્રતમતાનું જોર વધે છે, ત્યારે માનવના બેમર્યાદ બનેલા ક્રોધ, અભિમાન, માયા પ્રપંચ અને લોભ માત્રાની ડિગ્રી છેલ્લા પોઈન્ટ પર આવી જાય છે અને માનવનો જીવન વ્યવહાર, ભાષા, વ્યાપાર, રહેણીકરણી પણ બેમર્યાદ, બેકાબુ, બેરહિમ, બેશરમ અને બેઈમાન બની જાય છે. તેવી પરિસ્થિતિમાં તે જીવની હિંસક વૃત્તિ, મૃષાવાદ, ચૌર્યકર્મ, મૈથુનકર્મ અને ધન–દૌલતનો પરિગ્રહ બેશુમાર બનવા પામે છે, ત્યારે હજારો, લાખો તથા કરોડો પ્રાણીઓના શ્રાપ તેમના ભાગ્યમાં લખાઈ જાય છે, ફળ સ્વરૂપે તે શ્રાપને ભોગવવા માટે નપુંસક શરીરને ધારણ કર્યા વિના છુટકો નથી. જેમકે પોતાની માયાજાળરૂપ જાળ કે પૈસાઓની જાળમાં ફોસલાવેલી કન્યા, વિધવા કે સધવાને અમુક સ્થાનમાં શિયળભ્રષ્ટ કરી ત્યાર પછી તે બાઈને જ્યારે પોતાના સતીત્વ ધર્મનો કે પાપના પરિણામ સ્વરૂપે મૃત્યુતુલ્ય સામાજિક બિડંબનાઓની પ્રાપ્તિ થશે ત્યારે ધબડાએલી તે બાઈના મુખેથી શ્રાપના વચનો બહાર આવશે. 'મને ફોસલાવીને જે પુરૂષે મને ભ્રષ્ટ કરી છે તે આવનારા ભવોમાં બાઈલો, નપુંસક, હીજડો જ બનજો.' આ પ્રમાણેના શ્રાપોને ભોગવવા તો પડશેને ?

(૨) લોભની મર્યાદા જ્યારે ખાનદાની ધર્મને ચૂકી જાય છે ત્યારે અસંખ્યાત તિર્યંચ પંચેન્દ્રિય મૂક પ્રાણીઓને કસાઈખાને મશીન દ્વારા મરાવીને, તેમના મુલાયમ ચામડાનો વ્યાપાર કરીને લાખો રૂપીઆ ભેગા કરશે.

વનના વન ઠેકામાં લઈને ત્યાંના સંખ્યાતા ઝાડોને કપાવીને તેમના કોલસાનો વ્યાપાર કરીને શ્રીમંત બનશે.

પોતાના દલાલો દ્વારા ગામડાઓમાંથી રબારીઓ (ભરવાડો) પાસેથી અથવા બીજાઓ પાસેથી હજારો લાખોની સંખ્યામાં ગાયો, બળદો, બકરાઓ, ઘેટાઓ, પાડાઓ, કુકડાઓ, ભૂંડો, આદિ મૂંગા જાનવરોને વેચાતા લઈને કસાઈખાને વેચવાના ધંધા કરશે.

પોતાની માલિકીના તળાવોના ઠેકાઓ આપીને તેમાં ઉત્પન્ન થયેલા કરોડો, અબજોની સંખ્યામાં રહેલા નાના મોટા માછલાઓની, દેડકાઓની, કાચબાઓની હત્યા દ્વારા લાખોપતિ બનેલા શ્રીમંતોને તમે જાણો છો?

આવી રીતના પશુઓના વધ કરનાર અને કરાવનારને આવતા ભવમાં મૂક ભાવે નપુંસકવેદને ભોગવ્યા વિના છુટકો નથી.

(૩) નિર્લાંછન કર્મ—આ કર્મ દ્વારા મૂંગા પશુઓના નાક, કાનનું છેદન કરાવશે, અથવા તેમની ગુપ્તેન્દ્રિયની ખસી કરાવીને તેમને વિષયસુખના ભોગવટામાં ભયંકરમાં ભયંકર અંતરાયકર્મનું ઉપાર્જન કરશે, ત્યારે તે મૂંગા જાનવરો કયો શ્રાપ આપશે? તે ઉપાશ્રયમાં જઈને મુનિરાજો પાસે ખુલાસો કરી લેશો તો મિથ્યાત્વના રંગમાં રંગાઈને કરેલા અપકૃત્યોથી કંપારી આવ્યા વિના નહી રહે.

(૪) સ્પર્શેન્દ્રિયના ગુલામ બનીને જેઓ કન્યાઓના કે રૂડા રૂપાળા બાલુડાઓના શરીરને બગાડતા હશે, તેમના શરીર સાથે પોતાની વિષય વાસનાને તૃપ્ત કરવામાં તથા ખોટા ચાળા, ગંદી ચેષ્ટા કે પીપરમેંટ આદિના પ્રલોભન આપીને તેમને પોતાના ખોળામાં બેસાડી ક્ષણિક આનંદમાં પોતાનું

અમૂલ્ય જીવનધન, પુણ્યકર્મ, ભણતર, ગણતર અને યુવાન અવસ્થાને સર્વથા બરબાદ કર્યા પછી પોતાની પરણેતર ધર્મ-પત્નીના સહવાસમાં સ્તંભનશક્તિના અભાવે કે જનનેન્દ્રિય શિથિલ થવાના કારણે શક્તિહીન બની ચૂકેલાઓ જ્યારે લમણે હાથ દઈને બેસે છે, ત્યારે તેમને તમે જોયા છે? જાણો છો? આ પ્રમાણે પોતાની પુરૂષાતન શક્તિને અપ્રાકૃતિક સ્થાને વ્યય કરી આ ભવમાં જ નપુંસક બનેલા આવનારા ભવોમાં શા માટે નપુંસક ન બને?

( ૫ ) વિષયવાસના જ્યારે મર્યાદાતીત ( હદ બહાર ) થઈ જાય છે ત્યારે શીલવ્રતને ધારણ કરનારા તથા ગુણીયલ માણસો કે બ્હેનો સાથે, અથવા વ્રતધારીઓ સાથે પણ મૈથુનકર્મની ચેષ્ટા કર્યા વિના રહેવાતું નથી.

પાપ ભાવના જ્યારે મનમાં ઉદ્ભવે છે ત્યારે પોતાની ફાવટ આવતાં :-

( 1 ) શિયળવતોને પણ ભ્રષ્ટ કરવાની દાનત થાય છે.

( 2 ) સાવ નાની ઉમરના બાળક-બાલિકાઓને ફોસલાવે છે.

( 3 ) પોતાના રૂપાળા શરીર વડે, યુવાનોને વાસનાના રસમાં ધકેલે છે.

( 4 ) પૈસાના લોભે બીજાઓની શરમ છોડાવે છે.

( 5 ) પગ દબાવવાના બહાને વ્રતધારીઓના શરીર સાથે ગંદી ચેષ્ટા પણ કરે છે.

( 6 ) છેવટે કાગળ પર યા પત્થરની મૂર્તિ સાથે પણ પોતાનું શરીર ખરાબ કરે છે.

ઇત્યાદિ કૃત્યો સર્વથા નિંદનીય, દંડનીય હોવાથી તેવા પ્રકારના જીવો સમાજમાં નિંદિત, અપમાનિત અને તિરસ્કૃત બનવા પામે છે અને ભવાંતરમાં પુરુષ તથા સ્ત્રીના શરીરથી હાથ ધોઇને નપુંસક શરીર પ્રાપ્ત કરે છે.

( ૬ ) સ્પર્શેન્દ્રિયની ગુલામી સ્વીકાર્યા પછી તેવા પુરુષોની પાંચે જ્ઞાનેન્દ્રિયો અને ઉપસ્થ ( સ્ત્રી પુરુષની ગુપ્તેન્દ્રિય ) તથા ગુદાકર્મો પણ સર્વથા કંટ્રોલ વિનાના બનવા પામે છે, તેવી સ્થિતિમાં તેવા જીવો પાસે અનંગ ક્રીડા અને વિષયવાસનાનો તીવ્રાનુરાગ સિવાય બીજો એકેય અધ્યવસાય રહેતો નથી. અનંગ ક્રીડા એટલે માનવને કે સ્ત્રીને જ્યારે કામદેવનો નશો મર્યાદાથી બહાર ચાલ્યો જાય છે, ત્યારે ભોગવિલાસના મુખ્ય અંગ સિવાય બીજા અંગો દ્વારા પણ પોતાના નશાને સમાપ્ત કરે છે જે વૃદ્ધાવસ્થામાં પણ આ ભયંકર કુટેવ છુટવી સરળ નથી. આ પ્રમાણે યૌવનાવસ્થાને બરબાદ કર્યા પછી પોતાની વૃદ્ધાવસ્થાને પણ બરબાદ કરતો તે માનવ નિસ્તેજ, અશક્ત અને ઘણી જાતના રોગોનું ઘર બનવા પામે છે અને દેવદુર્લભ મનુષ્યાવતારને બધી રીતે ખતમ કરીને આવતા ભવોમાં નપુંસકત્વ પ્રાપ્ત કરે છે.

તીવ્રાનુરાગ એટલે પોતાની ઉમર વૃદ્ધાવસ્થાના કિનારે આવીને ઉભી છે, ઘરમાં પુત્રો અને પુત્રવધુઓ છે, બ્હેન બેટીઓ છે. તો પણ પોતાની વિષયવાસનાને ભડકાવવા માટે જુદી જુદી જાતની શક્તિઓની દવા અને તે માટેનો પૌષ્ટિક ખોરાક ગોતવામાં ફાંફા મારતા હોય છે, તેવા માનવોને પેપરો વાંચતા જરા જોશો તો ખબર પડશે કે પેપરના પેઇજોમાં વીર્યવર્ધક, વીર્યસ્તંભક અને બીજા પ્રકારની પણ તાકાત મેળવવાની ઔષધિઓ જ તેઓ ગોતતા હોય છે. ( ઇત્યલં વિસ્તરેણ )

## સમ્યક્ત્વનો જબરદસ્ત પ્રભાવ :

અનાભોગ મિથ્યાત્વને છોડી બીજા ચાર પ્રકારના જીવો યદ્યપિ મિથ્યાત્વી જ કહેવાય છે, તો પણ મોક્ષમાં જવા માટેનું પહેલું પગથિયું હોવાથી આકાશમાં ઉદય પામતા સૂર્ય-નારાયણની એક કલાક પહેલાં પણ સંસારને ઉજાલો જોવા મળી જાય છે, તેવી રીતે આ જીવોમાં પણ મોક્ષ જવા માટેની કાંઇક યોગ્યતા પ્રાપ્ત થાય છે અને જ્યારે યથાપ્રવૃત્તિકરણ, અપૂર્વકરણ તથા અનિવૃત્તિકરણ દ્વારા મિથ્યાત્વ ટળી જાય છે અને સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે, તે સમયે અનંતાનુબંધી આદિ સાતે પ્રકૃતિઓનો ક્ષયોપશમ થતાં આત્મામાં આધ્યાત્મિક શક્તિની પ્રાપ્તિ અને તેનો વિકાસ થવાનો પ્રારંભ થાય છે, જેનાથી આવનારા ભવોમાં કેવળ પુરૂષવેદને બાંધનારા બને છે. એટલે કે સમ્યક્ત્વની હાજરીમાં મહા ભયંકર પાપવાસનાઓ, તેની ભાવનાઓ, ચેષ્ટાઓનો અંત થતા તેઓની સ્ત્રીવેદ અને નપુંસકવેદને બાંધવાની લાયકાત પણ નાશ પામે છે. આ ચોથા ગુણસ્થાનકે રહેલો જીવાત્મા કદાચ આધ્યાત્મિકતામાં આગળ વધે તો સોનામાં સુગંધ જેવું બનશે. તો પણ બધાય જીવોના ઋણાનુબંધનો તેવા ન હોવાથી કદાચ આ ચતુર્થ ગુણસ્થાનકથી નીચા પડે અને ત્રીજા ગુણસ્થાનકે આવે, એટલે કે નીચે પડ-વાની તૈયારી કરી ચૂકયા છે તો પણ તેમના જીવનમાં સમ્ય-ક્ત્વનો પ્રકાશ સર્વથા બુઝાતો ન હોવાના કારણે સ્ત્રીવેદને બાંધવાની યોગ્યતા પણ તેમના જીવનમાં રહેતી નથી, સારાંશ કે ત્રીજા ગુણસ્થાનકે સ્થિત જીવ સ્ત્રીવેદને બાંધતો નથી. હવે ત્રીજાથી પણ નીચે ઉતરતો જીવ બીજા સાસ્વાદન ગુણસ્થાનકે આવશે તે સમયે પણ તેમની પાસે સમ્યક્ત્વની કાંઇક જ્યોત (આસ્વાદન) સત્તામાં રહેલી હોવાના કારણે નપુંસકવેદ જેવું

નિકૃષ્ટ પાપ બાંધવાનું તેમને રહેતું નથી સારાંશ કે સમ્યક્ત્વની હાજરી દરમ્યાન જીવાત્મા આધ્યાત્મિકતાના પ્રકાશમાં મસ્ત બનેલો હોવાથી આ બંને વેદના બંધનમાંથી મુક્ત બને છે.

આ સમ્યક્ત્વના પ્રકાશ દરમ્યાન યદિ આ જીવાત્મા સત્યસ્વરૂપે સમ્યક્ત્વી હશે તો ઉદીર્ણાકિરણ વડે મોહકર્મ ફરીથી ભડકે તેવો સ્ત્રીઓનો સહવાસ, તેમની સાથે વધારે બેસવું, બોલવું કે બીજા એકેય પ્રકારની પ્રાકૃતિક કે અપ્રાકૃતિક ગંદી ચેષ્ટા પણ તેમના જીવનમાં હોતી નથી, તેથી પાપજનક, પાપ-જન્ય સ્ત્રીવેદ અને નપુંસક વેદને ન બાંધતા કેવળ પુરુષવેદના જ બંધક છે. જ્યારે કેવળી પરમાત્માને ક્ષાયિક સમ્યક્ત્વ અને યથાખ્યાત ચારિત્ર હોવાના કારણે એકેય વેદ બાંધવાનો હોતો નથી.

પ્રથમ સમયના કૃતયુગ્મકૃતયુગ્મ રાશિ પ્રમાણ સંજ્ઞી પંચેન્દ્રિય જીવોના ઉપપાત, પરિમાણ અને આહાર પ્રથમ ઉદ્દેશક પ્રમાણે જાણવાં. અવગાહના, બંધ, વેદ, વેદના, ઉદય અને ઉદીરક પ્રથમ સમયના બેઇન્દ્રિયોની જેમ સમજવા. વિશેષ એ છે કે, બેઇન્દ્રિય જીવો નપુંસકવેદવાળા છે અને સંજ્ઞી પંચેન્દ્રિયો ત્રણે વેદવાળા છે તથા તેઓ સંજ્ઞી અને અસંજ્ઞી હોય છે. શેષ પૂર્વવત્. આ પ્રમાણે જ સોળે યુગ્મોમાં જાણી લેવું. સાથોસાથ અગ્યાર ઉદ્દેશકો પણ જાણવા. આવા સ્થાનોમાં પણ આ જીવાત્મા અનંતવાર જન્મ્યો છે. તેમને લેશ્યા છ જાણવી.

**શતક ૪૦નું અંતર્ગત શતક ૧લું સમાપ્ત**

## શતક ૪૦ : અન્તર્ગત બીજું શતક

કૃષ્ણ લેશ્યાવાળા કૃતયુગ્મ કૃતયુગ્મ રાશિ પ્રમાણ સંજ્ઞી પંચેન્દ્રિય જીવોને પણ પૂર્વવત્ જેમકે આ જીવોને ત્રણ વેદ છે પણ અવેદક નથી. આયુષ્યસ્થિતિ જઘન્યથી એક સમયની અને ઉત્કૃષ્ટથી અન્તર્મુહૂર્ત અધિક તેત્રીસ સાગરોપમની સાતમી નરકભૂમિની અપેક્ષાએ જાણવી. કેમકે કૃષ્ણલેશ્યાના માલિકોને માટે, એટલે કે મૃત્યુ સમયે આ લેશ્યા હોય તો તે જીવોને માટે સાતમી નરકભૂમિ માન્ય છે. અન્તર્મુહૂર્ત અધિક આશય આ પ્રમાણે છે. સાતમી નરકે જતા પહેલા ચાલુ ભવમાં મૃત્યુ સમયમાં કૃષ્ણલેશ્યાના પરિણામો ઉત્પન્ન થઇ જાય છે. માટે અન્તર્મુહૂર્ત અધિક તેત્રીશ સાગરોપમ કહ્યા છે.

( આ પ્રમાણે ૧૧ ઉદ્દેશા પણ જાણવા. )

**શતક ૪૦નું અંતર્ગત ૨જું શતક સમાપ્ત**

## શતક ૪૦ : અંતર્ગત ત્રીજું શતક

નીલ લેશ્યાવાળા કૃતયુગ્મ કૃતયુગ્મ રાશિ પ્રમાણ સંજ્ઞી જીવોની સ્થિતિ જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી પાંચમી નરક પૃથ્વીના ઉપરના પ્રતરમાં પલ્યોપમના અસંખ્યાતમો ભાગ અધિક દશ સાગરોપમની જાણવી. આમ તો પાંચમી નરકની ઉત્કૃષ્ટ સ્થિતિ ૧૭ સાગરોપમની છે, અને નીલ લેશ્યાવાળાને પાંચમી નરક છે, માટે ઉપરના પ્રતરના હિસાબે ૧૦ સાગરોપમથી અધિક કહી છે. અહીં અન્તર્મુહૂર્ત વધારે ન કહી તેનો આશય એટલો જ છે કે પૂર્વભવીય અવતારમાં મૃત્યુ સમયે યદ્યપિ આ લેશ્યાની પધરામણી થઈ જાય છે, તો પણ તેનો સમય પલ્યોપમના અસંખ્યાતમા ભાગમાં સમાવેશ થઇ જતો હોય છે.

**શતક ૪૦નું અંતર્ગત ૩જું શતક સમાપ્ત**

# શતક ૪૦ : અન્તર્ગત ૪ થી ૭ શતક

કાપોત લેશ્યાવાળાઓની ઉત્કૃષ્ટ સ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમો ભાગ અધિક ત્રણ સાગરોપમની જાણવી. અહીં પણ ઉપર પ્રતરની અપેક્ષા સમજવી. કેમકે આ લેશ્યાના જીવો ત્રીજી નરકભૂમિથી આગળ નથી જતાં.

તેજો લેશ્યાની ઉત્કૃષ્ટ સ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમો ભાગ વધારે બે સાગરોપમની જાણવી, કેમકે તેજો લેશ્યાવાળા જીવોની સ્થિતિ દેવભૂમિમાં અહીં સુધી જ કહેલી છે. શેષ પૂર્વવત્.

પદ્મ લેશ્યાવાળાઓની ઉત્કૃષ્ટ સ્થિતિ અંતર્મુહૂર્ત અધિક દશ સાગરોપમની જાણવી. જે પાંચમા દેવલોકને આશ્રયી છે, અધિક માટે પૂર્વવત્ એટલે કે મનુષ્યાવતાર છોડતા પહેલાં આ લેશ્યાનો ઉદય થાય છે.

શુક્લ લેશ્યાની ઉત્કૃષ્ટ સ્થિતિ અન્તર્મુહૂર્ત અધિક તેત્રીશ સાગરોપમની જાણવી. જે અનુત્તર વિમાનની છે, એટલે કે આ લેશ્યાના માલિકો સર્વાર્થસિદ્ધ વિમાનમાં પણ જવાની યોગ્યતાવાળા છે.

શતક ૪૦ના અંતર્ગત ૪થી૭ શતક સમાપ્ત

# શતક ૪૦ : અંતર્ગત ૮થી૧૪ શતક

કૃતયુગ્મ કૃતયુગ્મ રાશિ પ્રમાણુ ભવસિદ્ધિકો માટે જાણુવાનું કે બધાય જીવોનો ઉપપાત અહીં સંભવ નથી કેમકે અનાદિકાળના અભવસિદ્ધિકો કોઇકાળે ભવસિદ્ધિક થવાના નથી.

આનાથી પહેલાના શતકની જેમ ભવસિદ્ધિક કૃષ્ણુલેશ્યા, નીલલેશ્યા, કાપોતલેશ્યા, તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને શુક્લલેશ્યાવાળા જીવો માટે એકેકના એકેક શતક જાણુવો. વિશેષતા આ છે કે આમાં અભવસિદ્ધિકોનો ઉપપાત હોતો નથી.

| | | | |
|---|---|---|---|
| અભવસિદ્ધક તથા પ્રથમ સમયના અભવસિદ્ધિકો માટે | | શતક | ૧૫ |
| ,, | કૃષ્ણુલેશ્યાવાળા માટે | ,, | ૧૬ |
| ,, | નીલેલેશ્યાવાળા માટે | ,, | ૧૭ |
| ,, | કાપોતલેશ્યાવાળા માટે | ,, | ૧૮ |
| ,, | તેજોલેશ્યાવાળા માટે | ,, | ૧૯ |
| ,, | પદ્મલેશ્યાવાળા માટે | ,, | ૨૦ |
| ,, | શુક્લલેશ્યાવાળા માટે | ,, | ૨૧ |

માત્ર ઉપપાતમાં ભવસિદ્ધિકો કોઇ કાળે અભવસિદ્ધિકો થતા નથી. શેષ ચારે ગતિમાંથી ઉપપાત સમજવો. તેઓ મિથ્યાદૃષ્ટિ, અજ્ઞાની, અવિરતિવાળા હોય છે. અનુત્તર વિમાન તેમના ભાગ્યમાં નથી. કેવળ શુક્લ લેશ્યાવાળા જીવોની ઉત્કૃષ્ટ સ્થિતિ અંતર્મુહૂર્ત વધારે ૩૧ સાગરોપમની છે. કેમકે અભ૦યો નવમા ગ્રૈવેયક સુધી જાય છે, ત્યાંની આયુષ્યસ્થિતિ આટલી જ છે. ત્યાં તેમને શુક્લ લેશ્યા હોય છે.

**શતક ૪૦નું અંતર્ગત ૮થી૧૪ શતક સમાપ્ત**

## 'સમાપ્તિ વચનમ્'

જૈનાગમોના રહસ્યવેત્તા, કર્મગ્રંથાદિ સાહિત્યના પારગામી, સ્યાદ્વાદ, નય, નિક્ષેપ અને પ્રમાણવાદને આત્મસાત્ કરનારા, શાસ્ત્રવિશારદ, જૈનાચાર્ય, સ્વ. શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મ. જૈન ધર્મના પ્રાંગણમાં વિશમી શતાબ્દીના શુક્રના તારાની જેમ તેજસ્વી હતાં. ચંદ્રમાની જેમ શીતલ અને કળામય હતાં, સૂયની જેમ પ્રચંડ પ્રતાપી અને પ્રભાવશાળી હતાં, મેરૂપર્વતની જેમ ધીર–વીર અને ગંભીર હતાં. ઉપરિયાલાદિ તીર્થોના ઉદ્ધારક હતાં પાલીતાણાના શ્રી યશોવિજયજી જૈન ગુરુકુલ આદી સૈકડો ગુરુકુલોના સંસ્થાપક હતાં. તેમના શિષ્ય શાસનદીપક બંગાલ, બિહાર અને છેવટે સિંધ જેવા માંસાહારી પ્રદેશોમાં પણ અહિંસાના અસલી તત્ત્વો વડે નિરામિષ ભોજનનો તથા અહિંસાનો પ્રચાર કરનારા, મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી મહારાજ પ્રચંડ શક્તિસંપન્ન હતાં. તેમના શિષ્ય, ન્યાય–વ્યાકરણ–કાવ્યતીર્થ, પંન્યાસ શ્રી પૂર્ણાનંદવિજય (કુમારશ્રમણે) ભગવતીસૂત્રસારસંગ્રહમાં ૪૦મું શતક સ્વપર કલ્યાણાર્થે વિક્રમ સં. ૧૯૩૬ના ભાદરવા સુદિ ૧૪ના દિવસે અંધેરી (વેસ્ટ) શાંતાવાડી જૈન ઉપાશ્રયમાં ચાતુર્માસની મર્યાદામાં પૂર્ણ કર્યું છે.

ભદ્રં ભૂયાત્ સર્વેષાં જીવાનામ્।
જીવાઃ સર્વેઽસંજ્ઞિત્વં ત્યજેયુઃ ॥

## શતક ૪૦મું સમાપ્ત

# શતક ૪૧મું

## શતકનો ઉપક્રમ

ભગવતીસૂત્રનું આ છેલ્લું શતક છે. યદ્યપિ છેલ્લા ચાર યુગ્મોના ચાર શતકોનો વિષય કેવળ કેવળીગમ્ય જ છે, માટે જ તેમને શ્રદ્ધાથી માનવા અને જ્યાં સુધી મતિજ્ઞાન પહોંચી શકે ત્યાં સુધી તેને પહોંચાડવું તેમાં વાંધો નથી. કેમકે સંસારના પદાર્થો કેવળીગમ્ય અને તર્કગમ્યરૂપે બે પ્રકારના છે. તર્કગમ્ય પદાર્થોમાં આપણા મતિજ્ઞાનને વિસ્તૃત બનાવીને તે પદાર્થો સુધી પહોંચવું ઠીક છે, પણ જે પદાર્થો કેવળીદૃષ્ટ કે ગમ્ય હોય તેમાં તર્કો લગાડવાની ધૃષ્ટતા કરવી હિતાવહ નથી. કેમકે આપણા જેવા છદ્મસ્થ માનવોના ભાગ્યમાં મતિજ્ઞાન કરતાં પણ મતિજ્ઞાનાવરણીય કર્મ તેમ જ શ્રુતજ્ઞાન કરતાં શ્રુતજ્ઞાનાવરણીય કર્મની સત્તા ઘણી જ વધારે હોવાથી તે પદાર્થો સુધી પહોંચવાની શક્તિ આપણી નથી, માટે આ તત્ત્વો અને તેની પ્રરૂપણાઓ શ્રદ્ધાથી જ માનવા સિવાય આપણી પાસે બીજો માર્ગ નથી.

સંસારમાં પૂર્ણરૂપે ફસાયેલા આપણા માતા-પિતા, ભાઈ-બ્હેન કે શિક્ષકોની વાતોને આપણે શ્રદ્ધાથી માની લઈએ છીએ, તો તેમના કરતાં કેવળી ભગવંતો સર્વથા પવિત્ર હોવાથી તેમની પ્રરૂપણાઓ, જે આપણા મતિજ્ઞાનના વિષયમાં ન ઉતરતી હોય તેમાં આપણા જ મતિજ્ઞાનાવરણીય કર્મનો દોષ છે, તેમ સમજીને આપણા મનનું સમાધાન કરવામાં આપણું કલ્યાણ સમાયેલું છે. બેશક ! તે તે વિષયોના જ્ઞાતા

પૂજ્ય ગુરુદેવોના ચરણોમાં બેસીને તે વિષયોની સમજણ લેવામાં હાનિ નથી પણ એકાંતે ફાયદો જ છે.

જે પદાર્થની સંખ્યા માપી શકાતી હોય તેને આપણે આંકડાઓ બોલીને કે માંડીને પણ ગણત્રી કરી શકીએ છીએ, પરંતુ જીવરાશિ એટલે ષટ્કાયના જીવોની સંખ્યા ઋષભદેવ પરમાત્માના સમયમાં પણ અનંતાનંત હતી, મહાવીરસ્વામીના સમયમાં પણ અનંતાનંત હતી, અને આવી ચોવીસીઓ અનંત થયા પછી પણ જીવરાશિ અનંતાનંત જ રહેવાની હોવાથી તેમની સંખ્યા માટે આપણી પાસે કે કોઈની પાસે પણ આંકડાઓ ક્યાંથી હોય ? તેવી રીતે સમયની ગણત્રી પણ અમેય હોવાથી પલ્યોપમ તથા સાગરોપમથી સમજાવવાની આવશ્યકતા પડી, તેમ નરક ગતિમાં કે વનસ્પતિ ગતિમાં જવા-વાળા અને ત્યાંથી બહાર આવનારા જીવો જ્યારે અનંત છે, તો પછી તેમને આ ચારે યુગ્મોથી સમજાવવામાં આવે તેમાં શું આશ્ચર્ય ?

ચારે ગતિઓના જીવોને આ ચારે યુગ્મોમાં સમાવિષ્ટ કરી લેવામાં આવ્યા છે, તેમાંથી કેટલાક જીવો જે કૃતયુગ્મ રાશિમાં છે તે કૃતયુગ્મ કહેવાયા. આ પ્રમાણે કેટલાક ત્ર્યોજ, દ્વાપર અને કેટલાક કલ્પોજ રાશિવાળા કહેવાયા છે. કેમકે જીવોનો એક ગતિમાંથી નીકળીને બીજી ગતિમાં જવાનો ક્રમ સાંતર અને નિરંતર પણ હોય છે. સાંતર હોય તો પણ તેમાં વર્ષ કે બે વર્ષનું અંતર હોતું નથી પણ અમુક સમયો જ હોય છે, તેથી જે સમયે વનસ્પતિ કે નરકના જીવોનું પરિમાણ કૃતયુગ્મ રાશિ પ્રમાણ હોય તેને કેવળજ્ઞાની સિવાય બીજો શી રીતે જાણી શકવાનો હતો ? અને ઉપપાત કે ઉદ્‌વર્તન સાંતર કે નિરંતર હોવાથી કોઈક સમયે જીવોનો ઉપપાત થાય કે

ઉદ્વર્તન થાય ત્યારે તે ત્ર્યોજ પણ કહેવાય, દ્વાપર અને કલ્પોજ પણ કહેવાય છે. સારાંશ કે ગણનાતીત જીવોની ગણત્રી કરવાનું આના સિવાય બીજો માપદંડ કયો હોઈ શકે?

આસ્તિક, નાસ્તિક, ધર્મમૂઢ, જ્ઞાનમૂઢ, ક્રિયામૂઢ કે સંપ્રદાયમૂઢ જીવો પોથીઓના પાનાઓ ગમે તેટલા ફેરવી લેતા હોય કે તેની ચર્ચા વિતંડાવાદ કે વિવાદ કરીને હારજીત પણ લગાડી લેતા હોય, તો પણ સંસાર તથા સંસારના પદાર્થો જે આપણી સૌની સામે પ્રત્યક્ષ છે, તેનો નિર્ણય કરવામાં તેઓ શી રીતે ભૂલ ખાશે? અને મતાંધ બનીને કદાચ ભૂલ કરી બેઠા તો પણ કોઇના ય સિદ્ધાંતોથી સંસારના પદાર્થોમાં તો કોઇ કાળે ફેરફાર થઇ શકવાનો નથી. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ અને ત્રસ શરીરમાં જે અનંતાનંત જીવો જન્મે છે, મરે છે, ખુશાલી અનુભવે છે, કપાય છે, છેદાય છે અને ફરીથી પાછા પલ્લવિત થાય છે તે પ્રત્યક્ષ ગોચર પદાર્થોનો અપલાપ કરવાથી તે તે પદાર્થોને નુકશાન પહોંચશે? કે આપણા અધૂરા જ્ઞાનને પૂર્ણ કરવાની શકયતા હોવા છતાં પણ પૂર્ણ ન કરી શકયા તેથી જ્ઞાનને નુકશાન પહોંચશે? આવી પરિસ્થિતિમાં બંને વસ્તુઓનું યથાર્થ જાણીએ તો કયું નુકશાન? માટે પોતાના કલ્પિત સિદ્ધાંતવાદી બનવું તેના કરતાં વાસ્તવિક સ્વરૂપે આત્મવાદી, લોકવાદી અને ક્રિયાવાદી બનીએ તેમાં ખોટું શું છે?

જીવરાશિની અનંતાનંત સંખ્યા પહેલા ભાગમાં ચર્ચાઇ છે.

**આત્મવાદી:** આત્માને સત્ય સ્વરૂપથી બોલવાવાળો આત્મવાદી કહેવાય છે. માટે તે દ્વૈતવાદી, અદ્વૈતવાદી કે વિશિષ્ટાદ્વૈતવાદી હોતો નથી. કેમકે આખાય બ્રહ્માંડમાં કોઇપણ પદાર્થ કે તત્ત્વ અદ્વૈત પણ નથી, દ્વૈત પણ નથી કે વિશિષ્ટાદ્વૈત પણ

નથી. ત્યારે આ મતાંતરો કેવળ ધર્મના નામે, ટીલા-ટપકાના નામે, પોતાના અહંપોષણને માટે કે પોતાની મિથ્યા પ્રતિષ્ઠાને માટે લડાઇ ઝઘડા કરીને ધર્મના અસલી સ્વરૂપને બગાડી દેવા માટે જન્મેલા છે. સંસારના સ્વરૂપને અર્થાત્ દ્રવ્ય અને પર્યાય સ્વરૂપ સંસારને યથાર્થ દૃષ્ટિએ પ્રત્યક્ષ કર્યા વિના કેવળ તર્કવાદના ભરોસે તત્ત્વોનો નિર્ણય કરવા જતાં ભારત દેશના ભાગ્યમાં વૈર-વિરોધ તેમ જ પોતપોતાના મતમતાંતરોના અખાડાઓને મીયા-મહાદેવની જેમ સર્વથા જુદા પડવા સિવાય બીજો કયો હેતુ સિદ્ધ થવાનો છે? આજે પણ એ મતાંતરો હરિજનની જેમ એક બીજાને માટે અસ્પૃશ્ય રહ્યાં છે. માટે તેમના જીવનમાં ધર્મ નથી, ધાર્મિકતા નથી; કેવળ ટીલાટપકા જેવા સર્વથા અસાર ક્રિયાકાંડો જ શેષ રહ્યાં છે.

પૂરા સંસારમાં અનંતાનંત જીવો તેમ જ અનંતાનંત પુદ્ગલ સ્કંધો સૌને પ્રત્યક્ષ છે. માટે આપણા આત્માની જેમ બીજા આત્માઓને પણ માનવા તેને આત્મવાદી કહેવાય છે. આવા સત્યસ્વરૂપી આત્મવાદીને દેવી-દેવોની આગળ હજારો લાખોની સંખ્યામાં મૂક પ્રાણીઓને મારવાના કે કતલ કરવાનાં હોતા નથી. કાળકા, ચામુંડા કે મહાકાળકા દેવીઓની કલ્પના કરીને જગદંબા સ્વરૂપ માતાઓની સામે ઘેટા, બકરા, મરઘા, પાડા, બળદો આદિની ક્રૂર હત્યા કરનારા તેમના માટે મકાન કે યજ્ઞસ્તંભ ઉભા કરનારા, માંસને વેચનારા, માંસ ખાનારા, તેમ જ બીજાઓને માંસનું ભોજન પીરસનારા કે માંસ રાંધ-નારાઓ પણ આત્મવાદી શી રીતે કહેવાશે? આવા જીવો જે આત્મવાદી નથી તેમને જ નાસ્તિક કહેવામાં કયો બાધ? ત્યારે બુદ્ધિશાળીઓને જ નિર્ણય કરવાનો રહેશે કે, આત્માને અસલી સ્વરૂપમાં માનનારા જૈનો નાસ્તિક છે? કે દેવદેવીની

આગળ જીવોનો વધ કરનારા નાસ્તિક છે? અરિહંત પરમાત્માના શાસનને માનનારાઓ પ્રત્યેક જીવાત્માને પોતાના આત્માની તુલ્ય જ માનતા હોય છે, અને તે પ્રમાણે વર્તનારા હોય છે તેથી તેવા પ્રકારના અહિંસક જૈનોને નાસ્તિક કહેવામાં વેદ સંસ્કૃતિએ પણ કયો ફાયદો મેળવ્યો? ભારતદેશના રાજા-મહારાજા કે શ્રીમંતોમાં ઇન્દ્રના અંશની કલ્પના કરીને કે કરાવીને સુરા (શરાબ), સુંદરી (વેશ્યા, પરસ્ત્રી આદિ) અને શિકાર(જીવવધ)ના રસ્તે ચઢાવનારા જૈનો છે જ નહીં.

લોકવાદી :–અને જે આત્મવાદી છે તે જ સાચો લોકવાદી છે. 'पृथ्वी देवता, आपो देवता'ના સિદ્ધાંતને સત્યસ્વરૂપે શા માટે માનશે? કેમકે પૃથ્વી દેવતા અને પાણી પણ દેવતા નથી, પરંતુ અનંત જીવોને પોતપોતાના નિકૃષ્ટતમ પાપોદયના કારણે પૃથ્વીમાં કે પાણીમાં ઉત્પન્ન થવાનું અનિવાર્ય સ્થાન છે. માટીસ્વરૂપા પૃથ્વી, પૃથ્વીકાયના જીવોનું શરીર છે અને દ્રવસ્વરૂપ પાણી, જળકાયના જીવોનું શરીર છે.

બે પગ પહોળા કરી કમર ઉપર હાથ મૂકીને ઉભા રહેલા માનવની આકૃતિને તુલ્ય લોકની આકૃતિ માનવામાં આવી છે. તેમાં નાભીની નીચે સાત નરક પૃથ્વીઓ શાશ્વતી છે, જે એકના નીચે બીજી પૃથ્વી. આ ક્રમે અનાદિકાળથી પૃથ્વીઓ છે અને અનંતકાળ સુધી પણ તેમ જ રહેશે. આ સાતે ભૂમિઓમાં કર્મોથી અને પાપોથી ભારી બનેલા જીવાત્માઓ આવે છે અને આયુષ્ય પૂર્ણ કરીને પાછા બહાર નીકળે છે. તેમાંથી જે પ્રથમ ભૂમિ છે તેમાં ભવનપતિના દેવો પણ પોતપોતાના મકાનમાં રહીને દેવલોકોના સુખોનો અનુભવ કરે છે.

તે લોકાકૃતિના નાભીનું સ્થાન તિરછાલોક તરીકે સંબોધાય છે, જેમાં અસંખ્ય દ્વીપો અને સમુદ્રોનો સમાવેશ છે. જે જમ્બૂદ્વીપથી અસંખ્યાત દ્વીપ સમુદ્રો પછી સ્વયંભૂરમણ સુધીના બધાય દ્વિદ્વિગુણિત એટલે ડબલ ડબલ પહોળાઇવાળા છે. જમ્બૂદ્વીપની બરાબર વચ્ચે મેરૂપર્વત સ્થિત છે, જેની ઉંચાઈ જમીનથી બહારના ભાગમાં ૯૯ હજાર યોજનની છે અને શાશ્વત છે. સૂર્ય–ચન્દ્ર-ગ્રહ–નક્ષત્ર અને તારાઓના વિમાનો મેરૂપર્વતની અધઃવચ્ચે ચક્કર મારી રહ્યાં છે. ત્યારપછી ઉર્ધ્વલોક આવે છે, જેમાં બાર વૈમાનિક દેવોના વિમાનો, ત્યાર પછી નવ ગ્રૈવેયકોના વિમાનો અને છેવટે પાંચ અનુત્તર દેવોના વિમાનો છે. આ ચારે નિકાયના દેવોની સંખ્યા કેટલી છે? જવાબમાં કહેવાયું કે–દેવલોકના દેવો પ્રતિદિન જેટલી સંખ્યામાં ચ્યવન પામે છે તેના કરતાં પણ બ્રહ્માંડના માનવોની સંખ્યા થોડી છે. આ ત્રણે લોકને કોઈ ઉત્પન્ન કરી શકતો નથી, નાશ કરી શકતો નથી, તેમ પોતપોતાના કર્મોથી અતિરિક્ત બીજો કોઈ રક્ષક નથી. આ પ્રમાણેની લોકની વ્યવસ્થામાં બધાય દેવો, ઇન્દ્રો, વાસુદેવો કે ચક્રવર્તીઓ ભેગા મળીને આયુષ્ય પૂર્ણ કરી લેશે તો પણ લોકની વ્યવસ્થામાં કંઈ પણ વધઘટ કે ફેરફાર કરી શકવાને માટે સમર્થ બની શકવાના નથી.

લાખ યોજન પ્રમાણના જમ્બુદ્વીપમાં સૌથી નાનું ૫૨૬ યોજન પ્રમાણ ભરતક્ષેત્ર આવેલું છે, તેમાં રહેલ અષ્ટાપદ પર્વતને પણ આજના વૈજ્ઞાનિકો અને રોકેટો શોધી શકયા નથી તો પછી મેરૂપર્વતની તપાસ કોઇને પણ શી રીતે લાગવાની છે? માટે આ બધી વાતો કેવળીદૃશ્ય હોવાથી ચર્મચક્ષુગોચર બનવાની નથી. માટે જે આત્મવાદી છે તે જ લોકવાદી છે. કેમકે જે પોતાના આત્માની સ્થિતિ, ગતિ,

આગતિ આદિને જાણી શકવા માટે સમર્થ નથી બનતો તે આવડા મોટા લોકને યથાર્થરૂપે શી રીતે જોઇ શકશે ?

ક્રિયાવાદી:-અને જે લોકવાદી છે તે ક્રિયાવાદી પણ હોય છે. જ્યાં સુધી આત્માને શરીર સાથેનો સંબંધ છે ત્યાં સુધી આત્મા પણ સક્રિય હોય છે. સત્-અસત્-શુદ્ધ-અશુદ્ધ, શુભ-અશુભરૂપે ક્રિયાના બે પ્રકાર છે. આત્મા અને લોકના જ્ઞાન વિનાની આત્માની ક્રિયા અસત્, અશુદ્ધ અને અશુભ જ હોય છે. કેમકે જેને પોતાનું જ ભાન નથી, માટે તેમની ક્રિયાઓમાં અસતત્વ આવ્યા વિના રહેવાનું નથી. માટે સમ્યગ્-દર્શનની પ્રાપ્તિ થતાં જ આત્માનું સ્વરૂપ યથાર્થ જાણ્યું છે, તેને સ્થિર કરવામાં સમ્યગ્જ્ઞાનનો સહકાર મળે છે પરંતુ સમ્યક્ચારિત્ર (સત્ક્રિયા) વિના આત્મા નવા પાપોના દ્વારબંધ કરી શકતો નથી અને જુના પાપોનું નિકંદન પણ કરતો નથી, તેવી પરિસ્થિતિમાં આત્માનું કલ્યાણ હજારો માઇલ દૂર રહેવા પામે તે માનવા જેવી હકિકત છે. જૈનત્વ( અલ્પાંશે કે સર્વાંશે રાગ-દ્વેષ રહિતતા )ની પ્રાપ્તિ થતાં જ આત્મવાદી, લોકવાદી અને ક્રિયાવાદી બનેલો આત્મા આસ્તિક જ હોય છે માટે તીર્થંકર પરમાત્માઓની પ્રત્યેક પ્રરૂપણાને સત્યસ્વરૂપે સમજીને પોતાનું કલ્યાણ સાધવામાં વાંધો આવતો નથી.

હવે આપણે પ્રસ્તુત ભગવતીસૂત્રના છેલ્લા શતકને મૂળ ટીકાના અનુસારે યથામતિ વિસ્તૃત કરીને હૃદયંગમ કરીએ.

●

# શતક ૪૧ : ઉદ્દેશો–૧

## રાશિ યુગ્મોની ચર્ચા :

હે પ્રભો ! આપશ્રીના શાસનમાં રાશીયુગ્મોની સંખ્યા કેટલી છે ?

જવાબમાં ભગવંતે ફરમાવ્યું કે, હે દીર્ઘ આયુષ્યમાન્ ગૌતમ ! મારા શાસનમાં રાશિયુગ્મો ચાર પ્રકારના કહેવામાં આવ્યા છે, તે આ પ્રમાણે :–( ૧ ) કૃતયુગ્મ, ( ૨ ) ત્ર્યોજયુગ્મ, ( ૩ ) દ્વાપરયુગ્મ, ( ૪ ) કલ્પોજયુગ્મ. આ પ્રકરણમાં પણ યુગ્મનો અર્થ બેકી રાશિ લેવાનો નથી પરંતુ પહેલાની જેમ સંખ્યાવાચક સમજવો, કેમકે અસંખ્યાત અને અનંતાનંત જીવોની ગણત્રી કરવાના આ ચાર માપદંડ છે. સંખ્યા નાની હોય કે મોટી હોય કે સંખ્યાત, અસંખ્યાત કે અનંત હોય તેમાં ચારના ભાગ દેતાં જો શેષ ચાર રહેવા પામે તેને કૃત યુગ્મ સમજવો, ત્રણ શેષ રહે તો ત્ર્યોજ, બે શેષ રહે તો દ્વાપર, અને એક શેષ રહે તો કલ્પોજ જાણવો.

## કૃતયુગ્મ નારકો નરકમાં ક્યાંથી આવે છે ?

હે પ્રભો ! કૃતયુગ્મ રાશિપ્રમાણવાળા નારકો જ્યારે નરકગતિમાં ઉત્પન્ન થાય છે, ત્યારે ચારે ગતિઓમાંથી કઇ કઇ ગતિમાંથી આવે છે ?

જવાબમાં દેવાધિદેવ ભગવંતે ફરમાવ્યું કે, હે ગૌતમ ! નરકગતિમાંથી આયુષ્ય પૂર્ણ કરીને બહાર આવેલો જીવ તત્કાળ એટલે કે–નરકમાંથી નીકળીને તરત જ ( બીજા ભવમાં જ ) પાછો નરકમાં આવતો નથી અને દેવગતિનો જીવ દેવલોકમાંથી

ચ્યવીને સીધો નરકભૂમિને પ્રાપ્ત કરી શકતો નથી, કેમકે નરકગતિમાં કર્મોની વેદના અને અલ્પાંશે કે મહદંશે નિર્જરા જ કરવાની હોવાથી તત્કાળ નરકગતિને પ્રાયોગ્ય કર્મોને બાંધવાનું હોતું નથી, તથા દેવલોકના જીવો પુણ્યકર્મના ભોક્તા હોવાથી નરકની લાયકાતવાળા હોતા નથી. તેથી દેવ અને નરકને છોડીને તિર્યંચો અને માનવોને જ નરકગતિને પ્રાયોગ્ય કર્મો બાંધવાની શકયતા રહેલી હોવાથી આ બંને ગતિના જીવો નરકગતિમાં ઉત્પન્ન થાય છે. આ વિષયને પ્રજ્ઞાપનાસૂત્રનું વ્યુત્ક્રાંતિપદ જોવાની ભલામણ કરાઈ છે.

## કેટલી સંખ્યામાં જીવો નરકમાં જાય ?

તેના જવાબમાં કહેવાયું છે કે, ૪-૮-૧૨ આદિની સંખ્યાથી લઈને સંખ્યાત કે અસંખ્યાત જીવો એક સમયમાં નરકમાં જાય છે. નરકમાં જતાં તે જીવો સાંતર કે નિરંતર જાય છે. યદિ સાંતર ઉત્પન્ન થાય તો જઘન્યથી એક સમયનું અન્તર પડે છે અને ઉત્કૃષ્ટથી અસંખ્યાત સમયનું અંતર જાણવું અને નિરંતર જાય તો જઘન્યથી બે સમય અને ઉત્કૃષ્ટથી અસંખ્યાત સમય સુધી પ્રત્યેક સમયમાં અન્તર વિના જ ઉત્પન્ન થાય છે.

જે સમયે નરકના જીવો કૃતયુગ્મ રાશિવાળા હોય છે, તે જ સમયે તેઓ ત્ર્યોજ, દ્વાપર કે કલ્પોજ રાશિવાળા હોતા નથી અને જે સમયે ત્ર્યોજ રાશિવાળા હોય છે તે સમયે જ કૃતયુગ્મ, દ્વાપર કે કલ્પોજ હોતા નથી. આ રીતે દ્વાપર અને કલ્પોજ માટે પણ કલ્પી લેવું.

એક ઓટલા ઉપરથી બીજા ઓટલા પર જવામાં કૂદકો માર્યા વિના બીજો માર્ગ કયો ? અને જ્યારે કોઈ પણ માનવ

ઓટલાને કે ખાડાને કૂદવાનો પ્રયત્ન કરે છે, ત્યારે પોતાની ગતિને એટલી બધી તીવ્ર કરવી પડે છે, જેથી આંખના પલકારે જ કૂદકો મારીને બીજા ઓટલા પર પહોંચી જાય છે. આ જ પ્રમાણે ઉપાર્જન કરેલી હજારો જીવો સાથેની ઋણાનુબંધની માયાના કારણે એક ભવની માયા છોડી બીજા ભવની માયામાં જતો જીવ તીવ્ર ગતિએ કૂદકો મારવાવાળાની જેમ બીજી ગતિમાં જાય છે.

યદ્યપિ કોઈ પણ જીવને નરક કે તિર્યંચ ગતિમાં જવાનું પસંદ નથી હોતું તો પણ કર્મસત્તાની આગળ જીવાત્માની પસંદગી કોઈ કાળે કામે આવતી નથી. માટે જ એક શરીરને છોડતા જીવને આનુપૂર્વી નામકર્મ પોતાના સકંજામાં લે છે અને તે જીવને બળજબરીથી પણ તે તે સ્થાનોમાં પટકી દે છે અને જીવાત્માને અનિચ્છાએ પણ તે તે ગતિઓના તે તે દુઃખોને ભોગવવાનું ફરજીયાત રહે છે. આ કારણે જ ભગવંતે ફરમાવ્યું કે, કૂદકા મારવાવાળાની જેમ આ જીવાત્મા એકની માયાને છોડી બીજી ગતિની માયાનો સ્વીકાર કરે છે.

જેના હાથ પગમાં હાથકડી કે બેડી પડી હોય તે ચોર યદ્યપિ સિપાઇના પગે ચાલતો નથી પણ પોતાના પગે જ ચાલે છે. કેવળ તે સિપાઈ તે ચોરને જે બાજુ લઇ જવા માંગે છે તે બાજુ તેને ગયા વિના છૂટકો નથી. અહીં પણ સિપાઈની તુલ્ય આનુપૂર્વી કર્મ જાણવું અને જીવ પોતાના જ કરેલા કર્મોના કારણે પોતાના પ્રયત્ન વિશેષથી તે તે ગતિઓમાં જાય છે. જીવમાત્રને કંઈપણ કરવામાં પોતાનો પ્રયોગ જ મુખ્ય કામ કરે છે.

નરકગતિમાં જનારો જીવ પોતાના આત્મસંયમથી ત્યાં જતો નથી, પણ અસંયમથી જ ત્યાં જવાનું થાય છે. એટલે

કે ચારે ગતિઓમાં રખડપટ્ટી કરવામાં આત્માનો અસંયમ જ મુખ્ય કારણ છે. મૂળસૂત્રમાં 'आयजसेण" શબ્દ છે જેનો અર્થ આત્માનું યશ થાય છે, અને यशोहेतुत्वात् यशः संयमः કેમકે સંયમ યશનું કારણ છે જ્યારે અયશ સંયમના અભાવને કહેવાય છે ચારે ગતિઓનું આયુષ્ય કર્મ આત્માના અસંયમને આભારી છે. ટીકાકારના શબ્દોથી સમજી શકાય છે કે इह च सर्वेषा-मेवाऽऽत्माऽयशसैवोत्पत्तिः उत्पत्तौ सर्वेषामप्यविरतत्वादिति" ઉત્પત્તિના વિષયમાં બધાય જીવોના આત્મામાં રહેલ અયશ એટલે કે અસંયમ વડે જ ઉત્પત્તિ મનાઈ છે, કેમકે ભવાંતરોત્પત્તિમાં સર્વે જીવો અવિરત હોય છે.

## ઉત્પત્તિમાં અવિરત શા માટે ?

ઉત્પત્તિના સમયમાં જીવો અવિરત શા માટે હોતા હશે ? તેનું કારણ ટીકાકારે દર્શાવ્યું નથી, છતાં પણ સમજી શકાય તેવી વાત છે કે, સંયમ( વિરત )નું ફળ ઉત્પત્તિ નથી પરંતુ અનાશ્રવત્વ છે અર્થાત્ આશ્રવરહિત જીવન જ સંયમ છે. અનાશ્રવત્વનું ફળ તપ છે, તપથી કર્મોનો નાશ મનાયો છે, તેનાથી નિષ્કર્મત્વ અને ત્યાર પછી જીવાત્માની સિદ્ધિ થાય છે, પરંતુ જ્યાં સુધી આટલી ઉંચી સ્થિતિને જીવાત્મા પ્રાપ્ત કરતો નથી ત્યાં સુધી ચારે ગતિઓમાં જન્મમરણ કરવાના સર્વથા અનિવાર્ય છે. તથા જન્મ મરણ પણ જે જીવો સાથે જેવા પ્રકારનું ઋણાનુબંધ હોય છે તેને ત્યાં જ જન્મ લેવો પડે છે, અત્યારે જંબુદ્વીપ ભરતક્ષેત્રના મુંબઈમાં એક જીવ મરણ પામે છે અને ધાતકીખંડમાં જન્મે છે, તથા ધાતકીખંડનો રાજાધીરાજ સ્વયંભૂરમણ સમુદ્રમાં માછલા રૂપે જન્મ લે છે અને ત્યાંથી તે જ જીવ નરકભૂમિમાં જાય છે અને તે પણ નરકના પૂર્વ દિશાના

ખૂણા તરફ ન જન્મતાં પશ્ચિમ દિશામાં કેમ જન્મ્યો? અને ત્યાંથી બહાર આવી માનવ અવતાર લઈ શહેનશાહ શી રીતે બનતો હશે? આ બધી જીવન-મરણની ઘટમાળમાં જીવાત્માનો સંયમભાવ કામ કરતો નથી પણ અસંયમભાવ જ કામ કરી રહ્યો છે. કેમકે સંયમભાવમાં (અનાશ્રવાવસ્થામાં) દરેક જીવો સાથેના ઋણાનુબંધનો, નિયાણાઓ તૂટવા માંડે છે જ્યારે અસંયમભાવમાં એક બીજાના એક બીજા સાથે ઋણાનુબંધનો બંધાય છે અને તેના કારણે નિયાણાઓ પણ બંધાય છે.

સંયમભાવમાં જીવાત્માનું લક્ષ્ય મોક્ષ સિવાય બીજે ક્યાંય હોતું નથી અને અસંયમભાવમાં મોક્ષ તરફના આંખ મીંચામણા હોવાથી બીજા બીજા જીવો સાથેના રાગ-દ્વેષના સંબંધો જોડાયા વિના રહેતા નથી, આમાં કોઈક સમયે તીવ્રતા વધે છે ત્યારે નિયાણા બાંધવાની પ્રક્રિયા તરફ ઢળી જતાં જીવને વધારે વાર લાગતી નથી અને જ્યારે નિયાણા તરફ દૃષ્ટિપાત હોય છે ત્યારે "निदानग्रस्तानां बोधिलाभोऽपि दुर्लभः" આ સૂત્રાનુસારે તેમને બોધિલાભ પણ પ્રાયઃ હોતો નથી તો સંયમભાવ ક્યાંથી હોય?

ભવોત્પત્તિમાં બીજા જીવો સાથેના બાંધેલા ઋણાનુબંધ સિવાય બીજું કયું કારણ છે? ત્યારે જ ચાલુ ભવનો જીવ જંબૂદ્વીપના ભરતક્ષેત્રના અમુક ગામમાં મૃત્યુ પામે છે અને ગમે તે ભવની અધુરી રહેલી લેવડ-દેવડ, કાવાદાવા, મારકાટ, રોવું-હસવું, ભૂખે મરવું કે મારવું, ભોગ્ય કે ભોક્તા બનીને પરસ્પર એક બીજાના શત્રુકર્મોને પૂર્ણ કરવા માટે, જેટલા સમયમાં તે તે કામો પૂર્ણ થશે તેટલા સમય માટે પણ ઋણાનુબંધને વશ થઈને ધાતકીખંડમાં જન્મ લેવાનો રહે છે. ત્યાંનો હિસાબ ચૂકવીને ફરીથી ભરતક્ષેત્રમાં જન્મ

લે છે. આ બધી વાતોમાં સમજી શકાય છે કે જ્યારે તે જીવ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં હતો ત્યારે ધાતકીખંડને જોયું પણ નથી અને સાંભળ્યું પણ નથી, છતાં પણ ઋણાનુબંધને લઈ મરતી વખતે પણ નિયાણાવશ ધાતકીખંડનું આયુષ્ય બાંધવાનું રહે છે, અને અહીંથી મરીને ત્યાં જન્મ લે છે. ત્યાંથી થોડા સમય માટે ભક્ષ્ય-ભક્ષકના નિયાણાના કારણે જન્મ લેનારા જીવનો ભક્ષ્ય કે ભક્ષક અત્યારે ગમે તે નદીમાં, તલાવમાં, કે સમુદ્રમાં રહ્યો હશે ત્યાં જ જન્મ લેવાનું અનિવાર્ય હોય છે. ત્યાંના પોતાના હિસાબકિતાબ પૂરા કરીને તથા કોઈક ભવના પુણ્યકર્મના કારણે નિયાણાવશ બનીને, મુંબઈનો શહેનશાહ પણ બનવા પામે છે. આ પ્રમાણેના જન્મ-મરણના ચક્રો સર્વથા અનપવર્તનીય હોવાથી તથા ઋણાનુબંધના ભોગવટાના સમયો, દિવસો, મહિનાઓ કે વર્ષો પણ અનપવર્તનીય હોવાથી જીવનું સ્થાનાંતર થવાનું શક્ય છે. ઉપરોક્ત કારણો અથવા બીજા કોઈ અગમ્ય કારણોને લઈ ઉત્પત્તિના સમયમાં જીવને અવિરત ( અસંયત ) કહેવાયો છે. કોઈ પણ છદ્મસ્થ માનવ, મૃત્યુ પામતા માનવની લેશ્યા કેવી હશે ? તેને જાણી શકતો નથી, કદાચ અનુમાનથી જાણી શકાય તો પણ છદ્મસ્થ( વિશિષ્ટ જ્ઞાન વિનાના )ના બધાય અનુમાનો સાચા પડતા નથી.

આવનારા ભવો માટે બીજા જીવો સાથેના સંબંધ જોડવાની ઇચ્છામાં રાગ-દ્વેષ જ કામ કરતાં હોય છે જે સંયમ નથી પણ અસંયમ જ છે. આ બાબતમાં કદાચ કહી શકીએ કે, તે સંબંધો જોડ્યા વિના ચાલતું નથી, તો સમજવું સરળ રહેશે કે, આ વચનો સંયમના ફળો નથી પણ અસંયમના ફળ છે અને જેવી રીતના સંબંધોના નિયાણા બાંધ્યા છે તે

મૃત્યુ સમયે પણ સ્મૃતિમાં આવ્યા વિના રહેવાના નથી જે અસંયમ છે.

કેળ કે આંબાના ઝાડ પાસે જ બાવળીયાનું ઝાડ અને તે પણ અમુક તરફ જ શા માટે? આવા પ્રયત્નો માનવની બુદ્ધિના નથી. પણ કોઈ અદૃષ્ટ કારણ તેમાં રહેલું છે, તે શું હશે? મતિજ્ઞાનને કસવાથી જ ખબર પડશે કે, બાકીની નવે દિશાના પાંદડા બાધા રહિત હોય છે અને એક જ ભાગના પાંદડા શૂળથી વિંધાય છે અને તેમાં પણ જ્યારે જ્યારે તે પાંદડાઓના જીવોનું અસાતાવેદનીય ઉદય આવે છે ત્યારે જ પવનનો ઝપાટો આવે છે અને પાંદડા શૂળથી વિંધાય છે. આ બધી અને આના જેવી કેટલીય વાતોના કારણોને સૂક્ષ્મતાથી જાણવા હોય તો એક બીજાના એક બીજા જીવો સાથે પરસ્પરના ઋણાનુબંધમાં લેણદાર, દેવાદાર, ભક્ષ્યભક્ષક, ઘાત્ય-ઘાતક, સુખ-દુઃખ, તેમ જ રાગાત્મક કે દ્વેષાત્મક સંબંધ સિવાય બીજું એકેય કારણ હોતું નથી, કેમકે-સંસારના સ્ટેજ પર એક જીવ ભક્ષ્ય બને છે, બીજો ભક્ષક બને છે. એક જીવ બીજા પાસેથી પુત્ર, પત્ની, માતા, જમાઇ કે પુત્રવધુ બનીને પણ પોતાનું લેવું (કોઈ ભવનું ઋણ) વસુલ કરે છે અને બીજો પોતાનું દેવું ચૂકવે છે. સંસારમાં આપણે જોઈ રહ્યાં છીએ કે પર્યુષણ, સંવત્સરી, આયંબીલની ઓળી, જ્ઞાન પંચમી કે દેવ ગુરુના વરઘોડા જેવા ધાર્મિક અનુષ્ઠાનોનો ખ્યાલ કર્યા વિના પણ તેમને તેટલા પ્રકારની ગધામજુરી કરીને પણ તથા પોતાના પુણ્યકર્મોનું દેવાળું કાઢીને પણ તેટલા પ્રમાણમાં પૈસો કમાવવો જ પડશે, જે પોતાનું ઋણ ચૂકવવામાં પૂર્ણ થશે. એક જીવ બીજાનો માર ખાય છે, ગાળો ખાય છે અને બીજો

માર મારે છે અને ગાળો ભાંડે છે. એક જન સુખદાયક હાસ્ય-દાયક છે તો બીજો સૌ કોઈને માટે દુઃખદાયક કે શોક સંતાપ કારક છે. અમુકને જોઈને રાગ આવે છે અને બીજાને જોઈને દ્વેષ આવે છે. આ બધાય કારણોમાં અસંયમ-અવિરતભાવ સ્પષ્ટ દેખાઈ આવે છે.

આ જ પ્રસંગને થોડા ઊંડાણથી તપાસીએ :

( ૧ ) જીરણ શેઠનો માનસિક ઉત્સાહ ભગવાન મહાવીર-સ્વામીને પારણું કરાવીને મોક્ષ મેળવવાનો હતો, પણ બીજાના હાથે પારણું થતાં જ સંયમશ્રેણિ ચૂકયા અને મોક્ષથી વંચિત રહ્યાં છે.

( ૨ ) શાલિભદ્રજીનું વૈરાગ્ય ઉત્કૃષ્ટ હતું, તેમાં કોઈને પણ શંકા નથી; પરંતુ 'આજે મારી માવડીના હાથે પારણું થશે' આટલી જ માયાને લઈને સંયમશ્રેણિમાં સ્થિરતા ટકી નહીં. ફળસ્વરૂપે મોક્ષ ન મેળવતાં દેવલોકના અધિકારી બન્યા.

( ૩ ) દેવલોકમાં પણ પોતાનાથી પહેલા ઉત્પન્ન થયેલા અને પછીથી ઉત્પન્ન થનારા હજારો-લાખો દેવોની સેવા લેવાના નિયાણા ભોગવ્યા વિના કે રૂપ રૂપના અંબાર જેવી દેવીઓના નાચગાન જોવાના નિયાણા ભોગવ્યા વિના સંસારના બંધનો પણ શી રીતે તૂટશે ? માટે મૃત્યુ સમયે અવિરત અવસ્થા હોય છે.

( ૪ ) હજારો-લાખો અને કરોડો જીવો સાથેની માયાના ઋણાનુબંધન ભોગવી લીધા પછી ગોવાળીયારૂપે જન્મેલા શય્યાપાલકના વૈરાનુબંધમાંથી છુટ્યાં ત્યારે જ મોહકર્મ સર્વથા નિર્મૂળ થયું અને કેવળજ્ઞાનના માલિક બનેલા આપણા સૌના

તારણહાર દેવાધિદેવ ભગવાન મહાવીરસ્વામીને શી રીતે ભૂલાય? ઈત્યાદિક કારણોને લઇને જ સૂત્રકાર શ્રી સુધર્માસ્વામીજી ફરમાવે છે કે, "ઉત્પત્તિમાં અવિરત અવસ્થા જ કામ કરતી હોય છે."

## અવિરત જીવો લેશ્યાવાળા હોય છે?

ભગવાને ફરમાવ્યું કે, જે જીવો આત્મ અસંયમી છે તેઓ લેશ્યાઓથી મુક્ત હોતા નથી અર્થાત્ લેશ્યાવાળા જ હોય છે અને જ્યાં જ્યાં લેશ્યા છે ત્યાં ત્યાં મન, વચન અને કાયાની ક્રિયાઓનો નિષેધ હોઈ શકે જ નહીં. કેમકે માનસિક વ્યાપાર, વાચિક વ્યાપાર કે કાયિક વ્યાપારમાં લેશ્યાઓ જીવતી-જાગતી જ હોય છે અને જેઓ ક્રિયાવંત છે તેઓ આ ચાલુ સ્થિતિમાં કોઇ કાળે સિદ્ધ થતાં નથી. બુદ્ધ થતાં નથી અને ભવપરંપરાથી મુક્ત થતાં નથી. કારણ કે ત્રણે યોગને તથા તે દ્વારા થતી સૂક્ષ્મ કે બાદર ક્રિયાઓને સમાપ્ત કરાતી નથી, ત્યાં સુધી કોઈ પણ જીવ સિદ્ધ થતો નથી. મતલબ કે જે ક્રિયાવાળા છે તે લેશ્યાવાળા છે અને જે લેશ્યાના માલિકો છે તેઓ સંસારની માયામાં મસ્તાન બનેલા છે માટે સિદ્ધત્વ તેમને માટે નથી. આત્માના અધ્યવસાયોને લેશ્યા કહી છે જે પ્રશસ્ત અને અપ્રશસ્ત બે રૂપે છે.

આ પ્રમાણે અસુરકુમારથી લઈ પંચેન્દ્રિય તિર્યંચો માટેની વક્તવ્યતા નારકોની જેમ જાણવી. કેવળ વનસ્પતિકાયમાં જન્મ લેનારા અસંખ્ય અને અનંત જાણવા.

મનુષ્યોને માટે પણ ઉપર પ્રમાણેની જ વક્તવ્યતા જાણી લેવી. આ સ્થાને આવવા માટે પણ આત્મ અસંયમ જ કારણ છે.

આત્માના અયશ( અસંયમ )થી મનુષ્યાવતારને પ્રાપ્ત કર્યા પછી, તેઓ આત્મ સંયમને અને અસંયમને પણ આશ્રય કરે છે. જેઓ સમ્યક્ત્વ સચ્ચારિત્ર અને સદ્જ્ઞાની છે તેમને આત્મસંયમ છે, શેષને અસંયમ.

આત્મસંયમને આશ્રય કરનારા લેશ્યા અને અલેશ્યાના માલિકો પણ હોઈ શકે છે. જેઓ લેશ્યા વિનાના છે તેમને ક્રિયા હોતી નથી, માટે સિદ્ધ, બુદ્ધ અને મુક્ત બને છે. અને આત્મઅસંયમના કારણે જેઓ લેશ્યાવાળા છે તે મુક્ત બનતા નથી.

આ પ્રમાણે ત્ર્યોજ રાશિના નૈરયિકો, દ્વાપર કલ્પોજના નૈરયિકો આદિ ૧૯૬ ઉદ્દેશા સાથેનું ૪૧ મું શતક પૂર્ણ થયું.

**શતક ૪૧મું ઉદ્દેશા ૧૯૬ સમાપ્ત**

# શતક ૪૧ : ઉદ્દેશો–૨

## શતકની પશ્ચાદ્ ભુમિકા અને ગૌતમસ્વામીનું અંતેવાસિત્વ :

આ પ્રમાણે ખાનદાન, બૃહત્કાય ગજરાજની ઉપમાને ધારણ કરનારા, દેવ અને ઈન્દ્રોથી પૂજ્ય ભગવતીસૂત્રના ૪૧ શતકોમાં ગણધર ગૌતમસ્વામીજીએ સ્વપર જ્ઞાનવૃદ્ધ્યર્થે, કેવળજ્ઞાનના માલિક, દેવાધીદેવ ભગવાન મહાવીરસ્વામીને જે પ્રશ્નો પૂછ્યા હતાં તે અને તેના જવાબોથી પરિપૂર્ણ આ પ્રસ્તુત ગ્રંથના ૪૧ શતકમાં પૂર્ણ થયા છે. વિશદ, ઉદાત્ત ભાવપૂર્ણ અને ભાવદયાપૂર્ણ જવાબો સાંભળીને પ્રસન્નચિત્ત થયેલા ગૌતમસ્વામીજી શ્રમણ ભગવંત મહાવીરસ્વામીને ત્રણ પ્રદક્ષિણા આપે છે, પરમાત્માના જમણા હાથ તરફથી ફરતાં ફરતાં ડાબા હાથ તરફ આવી, સન્મુખ રહી, 'नमो जिणाण' કહે છે તેને એક પ્રદક્ષિણા કહેવાય છે, આવી રીતે ત્રણ પ્રદક્ષિણા આપવામાં આવે છે.

ભૂખ્યા માણસને જ્યારે ચારે બાજુથી ભોજનનો અભાવ વર્તતો હોય, અને જીવનમાં સર્વથા નિરાશા આવી ગઈ હોય તે સમયે કોઇક ભાગ્યશાળી તેને મિષ્ટાન્ન પાનથી સંતુષ્ટ કરે ત્યારે આનંદનો માર્યો તે અન્નદાતાના પગે પડી પડીને તેમની પ્રશંસા કરતો થાકતો નથી. તેવી રીતે અગાધ, અમાપ તથા ભયંકર સંસારમાં પરિભ્રમણ કરતાં જીવને જ્યારે અસલી તત્ત્વોનો યથાર્થ સમજવામાં આવે છે, ત્યારે તેને આનંદનો પાર રહેતો નથી, કેમકે આજ સુધી આ જીવે તત્ત્વોનું જ્ઞાન

વિપરીતરૂપે કે અસત્યરૂપે મેળવ્યું હતું, જેથી આત્માને તેવા પ્રકારની તૃપ્તિ કદિપણ થઇ ન હતી; માટે જ તેની ભવભ્રમણા મટી શકી નથી તથા ટૂંકી પણ થઇ નથી.

કદાચ કોઈક સમયે જીવ તત્ત્વને જાણી લીધું હોય તો પણ તેને લાગેલા અને લાગતા પાપકર્મોનો યથાર્થ નિર્ણય કરવામાં આ જીવે આલસ્ય, પ્રમાદ, બેદરકારી કરેલી હોવાથી જીવમાંથી શિવ, નરમાંથી નારાયણ, અને આત્મામાંથી પરમાત્મા બનવા પામ્યો નથી.

અનંત સંસારમાં રખડપટ્ટી કરતાં ગૌતમસ્વામીના જીવાત્માની પણ આ જ દશા હતી. યાવત્ આ છેલ્લા ભવમાં વર્તતા હોવા છતાં પણ જીવનની ઘણી લાંબી મુસાફરી મિથ્યાત્વના રંગમાં તથા પંડિતાઇના ઘમંડમાં હિંસાદેવીના ભક્ત બનીને જ પૂર્ણ કરી હતી.

જીવનમાં ઘણીવાર આવું પણ બનવા પામે છે કે, અભિમાનાદિ કષાયોનો નશો જ્યારે માણસને મર્યાદાથી બહાર ચઢે છે ત્યારે કોઈકવાર તેના ફળો સારા પણ મળી આવે છે. મસ્તિષ્કશક્તિ સંવળે રસ્તે આવીને શાંત બને છે, ત્યારે જ તો ક્રોધની છેલ્લી ડિગ્રીને પ્રાપ્ત કરેલો ચંડકૌશિક નાગરાજ તથા લોભમાં પૂર્ણરૂપે ગળેડૂબ થયેલા આનંદકામદેવાદિ શ્રાવકો પણ સફળ આરાધક બની શકયા હતાં. ભોગ તથા ઉપભોગમાં પૂર્ણરૂપે મસ્તાન બનેલા શાલિભદ્રજીને જ્યારે સંસારની માયાનો નશો ઉતરે છે ત્યારે વૈભારગિરિના શિખરે અનશન કરતાં કરતાં પણ વાર કયાં લાગી છે? તેવી રીતે પાંડિત્ય-ગર્વિષ્ઠ બનેલા ગૌતમસ્વામીજી( ઇન્દ્રભૂતિજી )એ જ્યારે મહાવીર-સ્વામીની રૂપસંપત્તિ જોઈ ત્યારે જ તડકામાં મૂકેલા બરફની

જેમ અભિમાનનો મોટો ભાગ ઓગળી ગયો હતો. ગરૂડ-રાજની પાસે નાગરાજની શક્તિ જેમ સર્વથા શાંત થઇ જાય છે તેવી રીતે મહાવીરસ્વામીના ભાવદયાથી ભરેલા બે શબ્દોને સાંભળતાં જ ઇન્દ્રભૂતિ(ગૌતમસ્વામી)ના અભિમાનનો નશો ચૂરેચૂર થઈ ગયો હતો અને જ્યારે તેમની કુળ પરંપરાના વેદવાકયનો સત્યાર્થ સાંભળ્યો ત્યારે તે જ સમયે ગૌતમસ્વામી મહાવીરદેવના અનન્ય ઉપાસક અન્તેવાસી બનીને કૃતકૃત્ય જેવા બની ચૂકયા હતાં. તેમ છતાં પણ પૂર્ણતા હજી દૂર હતી, માટે જ ભગવાન પાસેથી જીવ અને અજીવ તત્ત્વ, પુણ્ય અને પાપ તત્ત્વ, આશ્રવ અને બંધ તત્ત્વ તથા સંવર અને નિર્જરા તત્ત્વની તલસ્પર્શી વ્યાખ્યાઓ સાંભળી ત્યારે ગૌતમના મન-વચન અને કાયા પરમાત્માના ચરણોમાં ઝૂકે તેમાં શી નવાઈ?

માનિની સ્ત્રીને પોતાની વેણી પર, વ્યાપારીને પોતાના વ્યાપાર પર જેમ અગાધ માયા હોય છે, તેમ બ્રાહ્મણને પોતાના ગળાની જનોઈ તથા ટીલા-ટપકા પર માયા લાગેલી છે, છતાં પણ આ માયા કેવળ મોહના રંગથી રંગાયેલી હોવાથી જ્યારે ત્યારે પણ આ જીવાત્માને સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્ર, નિષ્કામ-ભાવ આદિની પ્રાપ્તિ થવા પામે છે, ત્યારે તે સંસારની માયા સ્વતઃ ઠગારી, નાશકારિણી અને આત્મઘાતિની જેવી લાગે છે. આ કારણે જ હજારો અને લાખોની સંખ્યામાં સ્ત્રી પુરૂષો કૈવલ્યપદને પ્રાપ્ત કરી શકયા છે. તેવી રીતે પોતાની પરં-પરાના ધર્મ પ્રત્યે જ અતૂટ શ્રદ્ધાને રાખનારા ઇન્દ્રભૂતિને જ્યારે સમ્યક્ પ્રકાશ મળ્યો છે ત્યારે શ્રમણવેષને ધારણ કરતાં વાર લાગી નથી. સાથો સાથ પોતાની જાતિ, કૂળ આદિ તથા સંપ્રદાયની માયાને છોડી દઇને સમ્યગ્જ્ઞાનની માયાના પૂર્ણ-ભક્ત બને છે.

અવિચ્છિન્ન ૩૦ વર્ષ સુધી શ્રમણભગવંત મહાવીર સ્વામીના ચરણકમળોમાં અન્તેવાસિત્વ પ્રાપ્ત કરીને, જીવમાત્રનું ભલું થાય, સૌનાં મિથ્યાત્વનો રોગ, માયાનો રંગ, મોહનું કૌટિલ્ય, કામદેવનું મારક વિષ ટળીને જીવમાત્ર સમ્યક્ત્વી બને, મોહમાયાના વિષકુંડમાંથી બહાર આવી સંસારના સર્વ ભાવો પ્રત્યે સર્વથા નિર્મમત્વભાવને ઉત્પન્ન કરાવનાર વૈરાગ્ય પામે તેવી રીતના પ્રશ્નો પરમાત્માને પૂછે છે, જેનાથી અગણિત માનવો તથા સ્ત્રીઓ દેવાધિદેવના ચરણ પામી શકયા છે અને પોતાનું કલ્યાણ મેળવી શકવા ભાગ્યશાળી બન્યા છે

યદ્યપિ ગૌતમસ્વામી પોતે શુદ્ધ મતિજ્ઞાન, પવિત્ર શ્રુતજ્ઞાન, અબાધ અવધિજ્ઞાન અને સ્પષ્ટ રૂપે જોઈ શકાય તેવા મનઃ પર્યાયજ્ઞાનના માલિક હોવાથી કૃતકૃત્ય બનેલા હોવા છતાં પણ કેવળ ભાવદયાના સ્વામી બનીને જ પરમાત્માને પ્રશ્નો પૂછ્યા છે. કેમકે-સમવસરણમાં બેઠેલા કોઈક જીવોને નરક, નરકાવાસ, નરકશરીર, તેમના ખાનપાન તથા આયુષ્ય મર્યાદાના વિષયની શંકા હોય, તો કેટલાકને દેવ, દેવવિમાન, દેવીઓ, તેમના રૂપરંગ, ભૌતિક સુખ, આયુષ્ય મર્યાદા જાણવાની ઈચ્છા હોય છે, ત્યારે કેટલાકોને દ્વીપો, સમુદ્રો, માછલાઓ, તેમની ગતિઓ, હ્રદો, તળાવો, નદીઓ, મહાનદીઓ, પર્વતો ઉપરાંત તૈર્યંચ પ્રાણીઓના પાપકર્મો તથા તેમની ગતિ-આગતિઓને જાણવાની તમન્ના સેવતા હોય છે. કેટલાકોને મનુષ્યો, તેમના પરિવારો, કર્મો, સુખ-દુઃખ, સંયોગ-વિયોગ, ધર્મ-અધર્મ, તથા તેમના પુણ્ય-પાપને જાણવાની ઇચ્છાવાળા હોય છે. આ પ્રમાણેના સૌના ભાવોને પોતાના મનઃપર્યાય જ્ઞાન વડે જાણીને મહાવીરદેવને પ્રશ્નો કરે છે. કેમકે-સૌ એક જ શ્રદ્ધાવાળા હતાં કે આ વિષયમાં દેવાધિદેવ ભગવાન શું

ફરમાવશે ? અને જ્યારે ભગવાનના શ્રીમુખેથી જવાબો સાંભળે છે ત્યારે પાંચ મિનિટ પહેલાનો હડહડતો ક્રોધી, કામી, લોભી, પ્રપંચી અને ઈર્ષ્યાળુ માનવ પણ સમતાશીલ, નિષ્કામી, નિર્લોભી, અને સરળ બનવા પામે છે, અને સર્વવિરતિધર્મ, દેશવિરતિધર્મ, સમ્યક્ત્વધર્મ, માર્ગાનુસારીધર્મ સ્વીકારીને કેટલાકો મોક્ષમાં ગયા છે. કેટલાક અનુત્તર વિમાનમાં, કેટલાક વૈમાનિક દેવલોકના માલિક બન્યા છે. ત્યારે નવ મહાપુરુષોએ તીર્થંકર નામ નિકાચિત કરીને ભવિષ્યમાં લાખો કરોડો માનવોને મુક્તિમાર્ગના પથપ્રદર્શક બનવા પામશે.

ભગવાનની દિવ્ય વાણી સાંભળીને દેવ દેવેન્દ્ર, અસુર-અસુરેન્દ્ર, રાજારાણી, શેઠાણી તથા કામદેવના ઝૂલણે ઝૂલતા શ્રીમંત પુત્રો અને પુત્રીઓ પણ ખુશખુશ થઈને મન, વચન તથા કાયાથી પરમાત્માના ચરણોમાં ઝૂકી જતાં હતાં તો પછી ગૌતમસ્વામીજી ખુશ ન થાય તે શી રીતે બને ?

પોતાને પણ શીઘ્રતાથી કેવલજ્ઞાનની પ્રાપ્તિ થાય, તે માટે માયા–મિથ્યાત્વ અને નિદાનસ્વરૂપ ત્રણ શલ્ય, મન–વચન અને કાયાના દુરાચારસ્વરૂપ ત્રિદંડ, ત્રણ લોક અને ત્રણે યોગની વક્રતાને દૂર કરાવવામાં પૂર્ણ સમર્થ ભગવાનને ત્રણ પ્રદક્ષિણા આપે છે, અને આપીને ભગવાનને વંદન કરે છે, નમન કરે છે.

વ્યાવહારિક ભાષામાં વંદન તથા નમન લગભગ એક જ અર્થના વાચક છે તો પણ ભગવતીસૂત્રમાં બીજે ક્યાંય વંદન પછી નમન શબ્દ આવતો હોય ત્યારે તે બંનેમાં આર્થિક દૃષ્ટિએ કંઈને કંઈ ફરક હોઈ શકે છે. જેમકે વ્યાકરણમાં વંદન અર્થમાં 'वदुङ् स्तुत्यभिवादनयोः' ધાતુ વિદ્યમાન છે

'स्तुतिर्गुणैः प्रशंसा, अभिवादः पादयोः प्रणिपातः' સારાંશ કે આ ધાતુના બે અર્થ થાય છે, તે આ પ્રમાણે :—

(૧) વંદનીય વ્યક્તિના ગુણો વડે તેમની પ્રશંસા કરવી તે સ્તુતિ કહેવાય છે. ગુણોની ચરમ સીમા અરિહંત પરમાત્માના ચરણોમાં સમાપ્ત થવાના કારણે વિશિષ્ટતમ વંદનીય છે, તેથી તેમના એકાદ ગુણને લઈ, અથવા અનેક ગુણોને લઇ તેમની પ્રશંસા કરવી તે સ્તુતિ છે.

(૨) વંદનીય વ્યક્તિના ચરણોમાં પ્રણિપાત અર્થાત્ મસ્તક ઝૂકાવી દેવું તે અભિવાદન કહેવાય છે.

ઉપર પ્રમાણે બંને અર્થવાળા આ ધાતુનાં 'વન્દિત્વા' વંદન કરીને તથા 'વંદિતું' વંદન માટે ઇત્યાદિ ઘણા રૂપો થાય છે. છેવટે ચૈત્યવંદન, ગુરૂવંદન આદિ શબ્દો પણ વપરાય છે, તેમ છતાં વંદન પછી નમન શા માટે મૂક્યું ? સાધારણ માનવની પણ સાવ નિરર્થક પ્રવૃત્તિ હોતી નથી તો પછી મહાવીરસ્વામીના પ્રથમ પટ્ટધર, ચૌદ પૂર્વના જ્ઞાતા અને દ્વાદશાંગીના રચયિતા સુધર્માસ્વામીજીની રચનાનું તાત્પર્ય આપણે સમજવાનું જ રહ્યું, તે આ પ્રમાણે. સંસારની માયા અગાધ હોવાના કારણે તથા જીવમાત્રને કર્મોનો ઉદય વધારે પડતો વિચિત્ર હોવાના કારણે જીવાત્માઓમાં સ્વાર્થાંધતા, માયાંધતા, લોભાંધતા કામાંધતા ઇત્યાદિ દૂષણો સત્તાસ્થાને રહેલા જ છે. તેથી પોતાના સ્વાર્થ સાધવા માટે, માયા–લોભ કે કામવશ બનીને પણ જ્યાંથી પોતાનો સ્વાર્થ સધાય, કે કામની પૂર્તિ થાય તેમના ચરણોમાં પ્રણિપાત પણ કરતા દેખાય છે. એટલે કે સ્વાર્થી માણસ પોતાના સ્વાર્થ માટે, લોભી પોતાના લોભની પૂર્તિ માટે, માયાવી પોતાની માયાજાલમાં બીજાને ફસાવવા

માટે અને કામદેવના નશામાં ફસાયેલા પોતાના કામની પૂર્તિ જેનાથી થાય તે માટે પણ તે તે વ્યક્તિઓના ગુણોની પ્રશંસા કરે છે. તેમને હાથ જોડે છે અને છેવટે તેમના પગે માથું પણ મૂકી દે છે, સારાંશ કે વંદન ક્રિયામાં આત્મકલ્યાણથી અતિરિક્ત બીજા માયાવી દોષોની સંભાવના નકારી શકાય તેમ નથી. તેથી જ કર્મોની નિર્જરાને ખ્યાલમાં રાખીને વંદન શબ્દ પછી નમન શબ્દનો પ્રયોગ કરવામાં આચાર્ય ભગવંતોએ વિશિષ્ટતમ દીર્ઘદૃષ્ટિ રાખી છે. કેમકે 'णमं प्रह्वत्वे-नम्रत्वे' નમ્ ધાતુનો અર્થ આત્માની નમ્રતામાં સમાયેલો છે.

સંસારના બધાય બાહ્ય અને આંતર પ્રપંચો, માયાઓ, આત્માના પ્રદેશોથી દૂર થયા પછી જ અથવા વિશિષ્ટતમ આત્માની શક્તિ વડે તેમને અમુક સમય સુધી દબાવી દીધા પછી જ આત્મા નમ્ર, સરળ, પવિત્ર અને પોતાના તથા પારકાના ગુણો પ્રત્યે બહુમાન કરનારો હોય છે, તેથી બે હાથ, બે પગ અને માથું આ પાંચે અંગો ઝુકાવીને નમન કરવું તે દ્રવ્ય નમન છે અને આત્મિક જીવનમાં રહેલો ક્રોધાવેશ, માયાવેશ, લોભાવેશ, કામાવેશ આદિ તથા માયાશલ્ય, મિથ્યાશલ્ય, અને નિદાનશલ્ય આદિ દોષોનું શમન કે ક્ષય કર્યા પછી જે નમન થાય છે તે ભાવનમન છે.

આવું ભાવનમન મોક્ષાભિનન્દી, આત્મકલ્યાણેચ્છુ, અથવા અનંત સંસારમાં ભ્રમણ કરતાં અત્યાર સુધી જે મેળવી શકાયું નથી તેને મેળવવા માટેની પૂર્ણ તૈયારી જ્યારે આત્મામાં થાય છે ત્યારે તે ભાગ્યશાળી મન-વચન અને કાયામાંથી વક્રતાને દૂર કરીને ભાવપૂર્વક પોતાનું મસ્તક પ્રભુના ચરણોમાં કે ગુરુદેવના ચરણોમાં ઝુકાવી દેશે, કેમકે યોગવક્રતા અને અમૃતાનુષ્ઠાનપ્રદ ક્રિયાને હંમેશા બારમો ચંદ્રમા વચ્ચે આવતાં તે બંનેનું

સાહચર્ય કોઇ કાળે હોતું નથી. યોગવક્રની ક્રિયા પણ વક્ર જ હોય છે, તો પછી ક્રિયાઓનું ફળ જે ઇષ્ટ સિદ્ધિ છે તેની પ્રાપ્તિ ન થાય તે માની શકાય તેવી વાત છે. માટે જ કહેવાય છે કે 'યોગાવંચક પ્રાણીઓ ફળ લેતા રીઝે' અર્થાત્ મન, વચન અને કાયાનો જે માનવ સરળ હોય છે તેની ક્રિયાઓ પણ સરળ હોય છે. તેથી ઇષ્ટ સિદ્ધિ થતાં વાર લાગતી નથી. આ બધાય કારણોને લઇને આવો ભાવ જ્યારે આત્મામાં આવે છે ત્યારે તે સાધક વારંવાર ગુરુઓનો ઉપકાર યાદ આવતાં જ ગુરુના ચરણે દ્વાદશાવર્ત્ત વંદન કરે છે અને નમન કરે છે. તેમના 'અહોકાયં' પાદસ્પર્શ કરીને પોતાનું મસ્તક ગુરુ ચરણોમાં મૂકી દે છે. આ કારણે જ ષડાવશ્યક( પ્રતિક્રમણ )માં ઘણીવાર દ્વાદશાવર્ત વડે ગુરુને વંદન કરી નમીએ છીએ.

પ્રસન્ન થયેલા ગૌતમસ્વામી પ્રભુને વંદન તથા નમન કરીને આ પ્રમાણે બોલ્યા કે, 'હે પ્રભો! આપ શ્રીમાને જે કંઇ તત્ત્વોની પ્રરૂપણા કરી છે તે તેમ જ છે, સત્ય છે, અસંદિગ્ધ છે, એટલે કે જીવતત્ત્વ છે, અજીવતત્ત્વ છે, પુણ્ય અને પાપતત્ત્વ છે, આશ્રવ અને બંધ છે, સંવર તથા નિર્જરાતત્ત્વ છે અને સમ્પૂર્ણ કર્મોનો ક્ષય થયા પછી જ મોક્ષ છે. પુદ્ગલના સહવાસે જીવ રૂપી છે અને ચૈતન્ય સ્વભાવે અરૂપી છે. સમુદ્ઘાતને છોડી શરીર પ્રમાણી છે. ગત્યંતર સ્વભાવી હોવાથી પરિણામી છે, કર્મોનું ઉપાર્જન પોતે જ કરતો હોવાથી કર્ત્તા છે અને કરેલા કર્મોને પોતે જ ભોગવતો હોવાથી ભોક્તા છે. કર્મબંધનમાં બંધાયેલો હોવાથી સંસારની ચારે ગતિઓમાં મુસાફરી કરનારો પોતે જ છે તથા કર્મબંધનથી છુટ્યા પછી પોતે પોતાની ગતિથી જ મોક્ષમાં બિરાજમાન થાય છે. શરીર પ્રમાણી હોવાથી તે આત્મા અંગુઠા કે ચોખાના દાણા

જેવો નથી, તેમ જ સર્વવ્યાપી પણ નથી. આત્માને તે ઓસવાલ, પોરવાલ, શ્રીમાળી, હુમડ, સરાવક આદિ એકેય જાતિ નથી. તથા મારવાડી, ગુજરાતી, કચ્છી, કાઠીયાવાડી કે માલવી નથી. આત્મા ધોળો નથી, કાળો નથી, ગેહુંના રંગ જેવો નથી કે સુવર્ણ સમાન નથી, કેવળ શરીરના કારણે જ ભાડુતી વસ્તુઓની જેમ વ્યવહાર પૂરતા જ વિશેષણોથી વિશેષિત બને છે. માટે હે પ્રભુ! જીવતત્ત્વ સત્ય સ્વરૂપી અને યથાર્થ છે.

અજીવ તત્ત્વ પણ છે, કર્મોની વર્ગણાઓ જે જડ છે, પૌદ્‌ગલિક છે તેને જીવાત્મા પોતાના મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને પ્રમાદવડે ગ્રહણ કરે છે. બંધાયેલા તે કર્મો આત્માના પ્રદેશો સાથે દૂધ અને સાકરની જેમ એકાકાર બને છે અને પોતાની શક્તિ વડે જીવાત્માને ચારે ગતિઓમાં રખડાવે છે. પુણ્ય તત્ત્વને લઇને જીવ સુખી બને છે, સદ્‌ગતિને પ્રાપ્ત કરે છે, જ્યારે પાપ તત્ત્વને લઈ દુઃખી બને છે, દુર્ગતિને પ્રાપ્ત કરે છે. આ પ્રમાણે આપશ્રીની નવ તત્ત્વની પ્રરૂપણા યથાર્થ છે, તેમાં કોઈ જાતની શંકા કે સંદેહ રાખવાનો રહેતો નથી. આપશ્રીજી પ્રાપ્ત થયેલી દિવ્ય ચક્ષુના કારણે મને પણ નરક ભૂમિઓ, તેમના શરીરો, દુઃખો, મારકાટ, પરસ્પરની લડાઇઓ પ્રત્યક્ષ દેખાઈ રહી છે, તેમ દેવો, તેમના વિમાનો અને ત્યાંના પૌદ્‌ગલિક સુખોના ભોગવટાઓને પણ હું સાફ સાફ જોઈ રહ્યો છું. તેથી હે પ્રભુ! આપશ્રીની વાણી યથાર્થ છે, તથા-પ્રકારની છે, અસંદિગ્ધ છે. તેમ છતાં પણ પ્રમેહ રોગવાળાને ઘી, કાગડાને રાત તથા ઘુવડને સૂર્યનો પ્રકાશ દેખાતો નથી તેમ અનાદિ કાળના અનંત ભવોની મિથ્યાત્વની માયાના તાવ (જ્વર)ના કારણે આપશ્રીની વાણી તેમને રૂચતી નથી. પરંતુ

મારી જેમ જે કોઈ આસન્નભવી આત્મા આપશ્રીના ચરણ-કમળોનો સ્વીકાર કરે છે તેમનો મિથ્યાત્વનો ભૂતડો હમેશાને માટે પલાયન થાય છે. હે પ્રભુ ! આપશ્રીની અમૃતવાણી મને પણ ઇચ્છિત છે. જાણે આપશ્રીના ચરણોમાં બેઠો જ રહું અને આપશ્રીને સાંભળતો જ રહું. હે પ્રભુ ! આપશ્રીની વાણી મને સ્વીકાર્ય છે. અર્થાત્ શંકા, આકાંક્ષા તથા વિચિકિત્સા રાખ્યા વિના જ તમારી વાણીના શબ્દે શબ્દનો હું સ્વીકાર કરૂં છું. કેમકે આપશ્રીની યથાર્થ વાણી સાંભળ્યા પછી બીજા કોઇને સાંભળવાનું મન થતું નથી. કેમકે તેઓ અરિહંત ન હોવાના કારણે રાગવશ, દ્વેષવશ, સ્વાર્થવશ તથા ઋણાનુબંધને વશ બનીને પણ પદાર્થોના યથાર્થને જાણી શકતા નથી, જોઈ શકતા નથી, પોતે જ સમજેલા ન હોવાથી બીજા કોઇને સમજાવી પણ શકતા નથી. માટે આપશ્રી દ્વાદશાંગીમાં સર્વ-શ્રેષ્ઠ આ ભગવતીસૂત્રમાં તત્ત્વોની જે પ્રરૂપણા છે તે બીજે ક્યાય નથી. આ કારણે જ આપશ્રી વાણી સ્યાદ્વાદ મુદ્રાથી મુદ્રિત હોવાના કારણે તેમાં વિપર્યતા, સંશયિતા કે અનધ્ય-વસિતાના વિકરાળ દોષોનું નામ નિશાન પણ નથી. તેથી જ આપશ્રીની નિર્દોષ, નિષ્કપટ અને અવધિજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની, મહાતપસ્વી, યોગી, મહાયોગીઓની વાણી કરતાં પણ સર્વશ્રેષ્ઠ અમૃતવાણીનું પાન કરીને છ ખંડના ભોક્તા ચક્રવર્તીઓ પણ આપશ્રીના શાસનને પામીને કૃતકૃત્ય બન્યા છે. તે ઉપરાંત બીજા પણ અગણિત જીવાત્માઓ મુક્ત બન્યા, બુદ્ધ બન્યા અને મોક્ષના અનંત સુખોના માલિક બન્યા છે. આ પ્રમાણે દેવાધિદેવ, તીર્થંકર શ્રી મહાવીરસ્વામીને સ્તવીને, વંદન તથા પુનઃ પુનઃ નમન કરીને ગૌતમસ્વામીજી પોતાના સ્થાને આવ્યા.

ત્રીશ વર્ષની અખંડ ઉપાસના હોવા છતાં પણ પોતાના

આરાધ્ય દેવ પ્રત્યે શુદ્ધતમ પ્રેમ હોવાના કારણે ગૌતમસ્વામી કેવળજ્ઞાનના માલિક બનવા સમર્થ બની શક્યા નથી, માટે જ પોતાને એકેય સમયનો પણ પ્રમાદ નડવા ન પામે, સંસારના એકેય માયા સ્મૃતિમાં આવવા ન પામે તે માટે મન, વચન અને કાયાથી પૂર્ણ સમાધિસ્થ બન્યા અને જાગૃત રહ્યાં તથા પોતાની સંયમ સાધનામાં તથા તપોધર્મની ઉત્કૃષ્ટ આરાધનામાં તત્પર રહ્યાં છતાં આત્મામાં વિહરતા રહ્યાં.

## ભગવતી સૂત્રમાં શતકોની સંખ્યા કેટલી ?

અનંત સંસારમાં દ્રવ્યો, પર્યાયો, સ્કંધો તથા જીવો જેમ અનંત છે, તેમ અજ્ઞાન પણ અનંત અને જ્ઞાન પણ અનંત હોવાથી તેમના પરિમાણનો ખ્યાલ આપણને ન આવે તે બનવા જોગ છે, માટે જ કલ્પસૂત્રમાં ચૌદ પૂર્વમાં રહેલા અગાધ જ્ઞાનને બતાવવા માટે કેટલાય હાથીઓના પ્રમાણ જેટલી શાહીથી લખાય તેને પૂર્વ કહેવાય છે. જેમકે–એક હાથી ઢંકાઈ જાય તેટલી શાહીથી લખાય તે એક પૂર્વ છે. ત્યાર પછી ચૌદ પૂર્વ સુધી હાથીઓને પણ ડબલ ડબલ કરવા, આ રીતે પૂર્વોનું જ્ઞાન જેમ અપૂર્વ છે, તેમ દ્વાદશાંગીમાં રહેલું જ્ઞાન પણ અપૂર્વ છે; પરંતુ મહાવીરસ્વામીના નિર્વાણ પછી હડહડતા કળિયુગના એંધાણ સમજો કે બીજી કંઈ પણ કલ્પના કરો પણ સત્યાર્થ આ છે કે બાર બાર વર્ષના લાગટ દુષ્કાળ પડેલા હોવાથી પૂર્વોનું જ્ઞાન દુષ્કાળની ગર્તામાં નાશ થયું. તેવી રીતે દ્વાદશાંગીની પણ તેવી જ દશા થઈ હોવી જોઈએ અન્યથા પરિમાણમાં ગોટાળા કેમ થયા ? કદાચ બીજાઓ હાથે ભસ્મીભૂત થયા હોય કે કાળ કવળિત થયા તેને નકારી શકાય તેમ નથી.

અત્યારે જે ભગવતી આગમ પ્રાપ્ત થાય છે તેનું પ્રમાણ આ પ્રમાણે છે. મૂળસૂત્રના શતકોની સંખ્યા ૪૧ની છે; પરંતુ અવાંતર શતકોને ગણીએ તો તેમની ૧૩૮ની સંખ્યા થાય છે. ભગવતીના પ્રથમ શતકથી લઇને બત્રીસ શતક સુધીના ગ્રંથમાં અવાંતર શતકો નથી. જ્યારે તેત્રીસમા શતકથી ઓગણ-ચાલીશ શતક સુધીના સાત મૂળ શતકોમાં બાર બાર અવાંતર શતકો જાણવા. અને ચાલીશમા શતકમાં અવાંતર શતકોની સંખ્યા એકવીશની છે. તથા છેલ્લું શતક અવાંતર શતક વિનાનું હોવાથી બધાય મળીને ૩૨+૮૪+૨૧+૧=૧૩૮ શતક સંખ્યા પ્રમાણમાં ભગવતીસૂત્રનું સમાપન જાણવું. બધાય શતકોના ઉદ્દેશાઓની સંખ્યા ૧૯૨૫ની છે.

## પ્રસ્તુત ગ્રંથમાં પદોની સંખ્યા કેટલી ?

ઉત્તમોત્તમ જ્ઞાનવડે સર્વદર્શી મહાપુરૂષોએ આ ભગવતી-સૂત્રમાં ૮૪ લાખ સંખ્યા પ્રમાણના પદો કહ્યાં છે, તેમ જ અપરિમિત વિધિઓ અને નિષેધો કહ્યાં છે. આ પ્રમાણેની હકિકતને કહેનારા ઉત્તમોત્તમ જ્ઞાન–દર્શનના ધારક હોવાથી તેમના કથનમાં શંકા કરવાની રહેતી નથી. કોઇક સમયે આ ગ્રંથમાં તેટલા પ્રમાણમાં પદોની સંભાવના કદાચ હોઇ શકે છે. પરંતુ અત્યારના વિદ્યમાન સૂત્રમાં તેટલા પદો હશે ? તે પદોનું પ્રમાણ કઈ રીતનું ? અને તેની ગણના પણ કઇ રીતે કરવાની ? બીજા કોઇએ બે લાખ અઠયાસી હજાર પદ કહ્યાં છે. આ બંનેમાં સત્ય શું હશે ? તેનો નિર્ણય કોઇની પાસે નથી. તે પદોની ગણત્રી પણ કેવી રીતે કરવી તે માટે ટીકાકાર, સંપ્રદાયગમ્યતા પર નજર રાખી રહ્યાં છે, એટલે કે પોતપોતાના સંપ્રદાય તથા ગુરુ પરંપરાથી પદોની ગણત્રી

કરી લેવી. આમાં 'વિભક્ત્યંતં પદ" આ પ્રમાણેની પદ સંખ્યા ગણવાની જરૂર નથી. કેમકે કોઈએ એક પદમાં જ ૫૧ કરોડ શ્લોકોનું પરિમાણ કહ્યું છે. સંભવ છે કે તેમાં અનુષ્ટુપ્ શ્લોક હોઈ શકે છે. ગમે તેમ હોય આ વાતમાં અસલીયત કેવળી ભગવંત સિવાય બીજો કોણ જાણે ?

વિધિનિષેધ એટલે શું ?

'તું આ કર' આ વિધિવાક્ય કહેવાય છે.

'તું આ ન કર' આ નિષેધમુખ વાક્ય છે.

આ ભગવતી સૂત્રમાં વિધિ-નિષેધ( ભાવ-અભાવ )નો અધિકાર સાર્વત્રિક સમજવો.

વિધિ એટલે....

પ્રાણાતિપાત વિરમણ, મૃષાવાદ વિરમણ, અદત્તાદાન વિરમણ, મૈથુન વિરમણ, અને પરિગ્રહ પરિમાણ કરવું. સારાંશ કે હે જીવાત્મન્ !

(1) તું સર્વવિરતિધર હોય તો સર્વથી અને દેશવિરતિધર હોય તો દેશથી, પ્રાણાતિપાત( દશે પ્રકારના પ્રાણોનું હનન, મારણ, તાડન, ઘાતન આદિ )નું વિરમણ કરજે.

(2) મૃષાવાદમાં ત્રણે પ્રકારે મૃષાવચનનું વિરમણ કરજે.

(3) તીર્થંકરઅદત્ત, ગુરુઅદત્ત, સ્વામીઅદત્ત અને જીવ-અદત્તનું વિરમણ કરજે.

(4) આઠે પ્રકારના મૈથુનભાવનું વિરમણ કરજે.

(5) અને બાહ્ય કે આંતર પરિગ્રહનું વિરમણ કરજે.

આ પ્રમાણેના કથનને વિધિવાક્યો જાણવા. જે ભાગ્યશાળી આત્મા પાંચે પાપોનું વિરમણ કરશે તેમનું કલ્યાણ થશે અને ભવ પરંપરાથી મુક્ત થવાનો અવસર આવશે.

નિષેધ એટલે....

( ૧ ) તું પ્રાણાતિપાત પ્રાણોનો અતિપાત કરીશ નહીં.

( ૨ ) તું મૃષાવાદી બનીશ નહીં.

( ૩ ) ચારે પ્રકારનું અદત્તાદાન ગ્રહણ કરીશ નહીં.

( ૪ ) આઠે પ્રકારના મૈથુનનું સેવન કરીશ નહીં.

( ૫ ) અને પરિગ્રહની માયામાં ફસાઈશ નહીં.

સારાંશ કે તું યદિ પ્રાણાતિપાતાદિ કરીશ તો દુર્ગતિનો માલિક બનીશ, આ રીતે નિષેધમુખે વાત કરી છે.

આત્માનું કલ્યાણ થાય, અને ભાવલબ્ધિનો પરિપાક શીઘ્ર થાય, કાળલબ્ધિ ટૂંકી બને તે માટે વિધિવાક્યોને વિધિરૂપે માનજે અને નિષેધ વાક્યોને નિષેધરૂપે જ માનજે. એટલે કે જે ભોજનને, પાનને, રહેણીકરણીને, વ્યાપારને, વ્યવહારને તીર્થંકર પરમાત્માએ નિષેધ્યું હોય તેને તું પણ નિષેધ સમજીને ધીમે ધીમે છોડી દેવાનો પ્રયત્ન કરજે અને વિધિરૂપે કહ્યું છે તેને સ્વીકારવા માટે ઓઘ અને લોકસંજ્ઞાનો ત્યાગ કરીને જ્ઞાન-સંજ્ઞાપૂર્વક પ્રયત્ન કરજે. આ રીતે વિધિ નિષેધ વાક્યોમાં સ્યાદ્વાદનો આશ્રય લેવાની ભૂલ કરીશ નહિ, અન્યથા જીવહિંસા પણ ધર્મ છે અને જીવહિંસાનું વિરમણ પણ ધર્મ છે. મૃષા-વાદ ધર્મ છે અને સત્ય પણ ધર્મ છે. ઈત્યાદિ પ્રસંગો ઉપ-સ્થિત થતાં મતિજ્ઞાનમાં તોફાન ઉત્પન્ન થયા વિના રહેશે નહીં. માટે જીવન શુદ્ધિ માટે જે આચારસંહિતા ઘડાઈ હોય

તેમાં સ્યાદ્વાદને વચ્ચે લાવવાની જરૂર નથી. તેથી જીવહિંસા પાપ જ છે, જૂઠ પાપ જ છે, ચોરી પાપ જ છે, મૈથુનભાવ પાપ જ છે અને પરિગ્રહ પાપ જ છે. આમાં પાપની ભાવના કાયમ રહેતા કોઈક સમયે તેનો ત્યાગ પણ સુલભ બનશે.

આચારાંગ સૂત્રમાં જે આશ્રવ છે તે સંવર છે અને જે સંવર છે તે આશ્રવ છે.' આ વાકય તેવા પ્રકારની શરીરાદિ પરિસ્થિતિના કારણે કેવળ વિશિષ્ટતમ જ્ઞાનીઓને માટે જ જાણવી, જેમનો ભાવ આશ્રવ મટી ગયો છે અને દ્રવ્ય આશ્રવ પણ મર્યાદિત છે. પરંતુ સર્વસામાન્ય માણસને આશ્રવ સંવર નથી બનતો કે સંવર આશ્રવ નથી બનતો.

## સંઘ સમુદ્રનો જય હો :

પ્રમાદ અને અતિચાર રહિત સમિતિ ગુપ્તિના આરાધક મુનિરાજો અને સાધ્વીજી મહારાજો તથા માર્ગાનુસારી અને શ્રાવકગુણ વિશિષ્ટ બારવ્રતના ધારક શ્રાવક અને શ્રાવિકાઓ જેમાં છે તેને ચતુર્વિધ સંઘ કહેવાયો છે. અથવા સંઘને તીર્થ પણ કહેવાય છે. બીજાને તારે તે તીર્થ છે. સંસારમાં ગોથાં ખાતા માનવને કેવળજ્ઞાનના માર્ગે લઈ જાય તે ભાવ-તીર્થને પણ સંઘ કહેવાય છે. આવા સંઘને સમુદ્રની ઉપમા આપવામાં આવી છે. સમુદ્રને જેમ ભરતી હોય, પાણી હોય અને વેગ પણ હોય છે, માટે જ સમુદ્ર રમણીય બનવા પામે છે. તેવી રીતે સંઘરૂપી સમુદ્રમાં પણ નિર્મળ સમ્યગ્-જ્ઞાનરૂપી પાણી છે, પાણીની જેમ જ્ઞાન પણ વિપુલ છે. કેમ કે સંસારમાં દ્રવ્યો અનંત છે અને એક એક દ્રવ્યના પર્યાયો પણ અનંત છે, તે સૌને સ્પર્શ કરવાની તાકાત સમ્યગ્જ્ઞાન પાસે જ હોવાથી તેને વિપુલ કહેવામાં આવ્યું છે.

સારાંશ કે વિપુલ જ્ઞાન જેમાં પાણી રૂપે છે, તપ અને નિયમ તથા વિવેક ભરતી રૂપે છે, તથા અનેક હેતુઓ મોટા વેગની જેમ છે, તેવો સંઘ સમુદ્ર હંમેશા જય પામો.

## ગૌતમાદિ ગણધરોને વન્દના :

શતપ્રતિશત પુણ્યકર્મની સીમા તીર્થંકરોના ચરણોમાં સમાપ્ત થાય છે જ્યારે એક પૈસા જેટલું ઉતરતું પુણ્ય ગણધર ભગવંતોનું હોય છે, ત્યાર પછી ક્રમશઃ ઇન્દ્ર, વૈમાનિક દેવ, નાગકુમારદેવ, ચક્રવર્તી, વાસુદેવ, અને પ્રતિવાસુદેવ તથા રાજા, મહારાજાઓનું હોય છે.

કેવળજ્ઞાનની પ્રાપ્તિ થયા પછી તરત જ તીર્થંકરનામ-કર્મનો ઉદય થતાં તે પરમાત્માઓ સાતિશય તીર્થંકર કહેવાય છે, ત્યારે ઈન્દ્રોના અચલ સિંહાસનો પણ ચલાયમાન થાય છે અને કરોડોની સંખ્યામાં દેવો, દેવીઓ તથા ચોસઠ ઈન્દ્રો, તીર્થંકરપદનો મહોત્સવ કરે છે અને પહેલી દેશના પૂર્ણ થતાં ગણધરોની રચના કર્યા પછી ચતુર્વિધ સંઘની રચના કરાય છે. તે ગણધરો તીર્થંકર પરમાત્માઓના અંતેવાસી હોવાથી પ્રભુના શ્રીમુખે પ્રસારિત વાણીનો એક એક અક્ષર પોતાના કર્ણગોચર કરે છે. પ્રત્યેક તીર્થંકરને ગણધર સંખ્યા એક સમાન હોતી નથી. શ્રી ઋષભદેવને ગણધરો ચોરાશી હતાં અને મહાવીરસ્વામીને અગ્યાર હતાં. સાધુ સમુદાય એક સ્થાને મળીને વાંચના સ્વીકારે તેને ‘ગણ’ કહેવાય છે અને વાંચના આપનાર ગણધર રૂપે સંબોધાય છે. ગૌતમસ્વામી (ઇન્દ્રભૂતિ) સર્વ પ્રથમ ગણધર હતાં અને સુધર્માસ્વામીજી પાંચમા હતાં.

## ( ૧ ) ગૌતમસ્વામીજી

મગધદેશના ગુબ્બરગામ( ગોબરગામ )માં વસુભૂતિ નામે બ્રાહ્મણ હતા. તેમની પૃથિવી નામે ધર્મપત્ની હતી. અને ઈન્દ્રભૂતિ, અગ્નિભૂતિ, અને વાયુભૂતિ નામે ત્રણ પુત્રો હતાં. જે ચૌદ વિદ્યાના તેમજ બ્રાહ્મણશાસ્ત્રના પૂર્ણ જ્ઞાતા હતાં, ગૌતમગોત્રીય હોવાથી ઇન્દ્રભૂતિ, ગૌતમસ્વામીના નામે જગ-પ્રસિદ્ધ બન્યા છે. જીન્દગીની મોટી મુસાફરી અર્થાત્ પચાસ વર્ષ સુધી ગૃહસ્થાશ્રમમાં રહીને બ્રાહ્મણકર્મ, યજ્ઞયાગ, પઠન-પાઠન આદિમાં પૂર્ણ કરે છે. ઢગલાબંધ બધાય પંડિતોમાં મોટો ઈન્દ્રભૂતિ હોવાથી સર્વત્ર તેની ધાક હતી અને તેમનાથી ઉચ્ચારાતાં મંત્રોથી યજ્ઞમાં દેવ અને દેવીઓ પણ હાજર રહેતી હતી. એક દિવસે સોમિલ નામના શ્રીમંત, ધનાઢ્ય બ્રાહ્મણે મોટામાં મોટો યજ્ઞ કર્યો. તેમાં વિધિ વિધાનકારો અગ્યાર પંડિતો મુખ્ય હતાં, તેમનો શિષ્ય પરિવાર તથા યજ્ઞમાં ભાગ લેનારા હજારો બ્રાહ્મણો હતાં. જે દિવસે યજ્ઞનો પ્રારંભ થયો તે વૈશાખ સુદિ ૧૧નો દિવસ હતો, પંડિતોની પંક્તિમાં ઇન્દ્રભૂતિ સૌથી મોખરે હતાં અને મંત્રોચ્ચાર કરી રહ્યા હતાં.

તે કાળે તે સમયે મગધદેશના ક્ષત્રિયકુંડનગરમાં સિદ્ધાર્થ રાજાને ત્યાં જન્મેલા વર્ધમાનકુમારે ( મહાવીરસ્વામી ) ત્રીશ વર્ષની ભરજુવાનીમાં દીક્ષા સ્વીકાર કરીને સાડાબાર વર્ષ સુધી સર્વથા અદ્વિતીય તપશ્ચર્યારૂપી અગ્નિમાં કર્મકાષ્ઠોની ભસ્મસાત્ કરી વૈશાખ સુદિ ૧૦ની રાત્રે કેવળજ્ઞાનના માલિક બનવા પામ્યા હતાં. પ્રથમ દેશના રાતનો સમય હોવાથી દેવો સિવાય બીજો કોઇપણ ન હોવાના કારણે દેશના ખાલી ગઇ હતી, કેમ કે માનવ સમાજ દ્રવ્ય અને ભાવનિદ્રામાં સૂતેલી હતી અને

દેવોને વ્રત, નિયમ તથા પચ્ચક્ખાણ હોતા નથી. ત્યાર પછી જોગાનુજોગ લાભનો પ્રસંગ જોઇને તીર્થંકર પરમાત્મા મહાવીર સ્વામીજી ચતુર્વિધ સંઘની સ્થાપનાનો સમય આવી ગયો છે તેમ જાણીને વિહાર કરી 'મહાસેનવન'માં પધાર્યા. દેવોએ સમવસરણની રચના કરી અને પરમાત્મા પૂર્વાભિમુખ બિરાજમાન થયા, માનવસમૂહ સમવસરણ તરફ આવતો થયો અને વૈશાખ સુદિ ૧૧ના મંગળ દિવસે પ્રથમ દેશના થઇ. તે સમયે જ લાખો કરોડો દેવો-દેવીઓ, ઈન્દ્રો અને ઈન્દ્રાણીઓ, આકાશમાં જયઘોષ કરતાં તથા દેવદુંદુભીનો જોરદાર નાદ કરતાં એક પછી એક સમવસરણ તરફ આવવા લાગ્યા. તે સમયે વિસ્તીર્ણ આકાશમાર્ગ પણ સંકીર્ણ થયો. આ પ્રમાણે દેવદેવીઓના દિવ્યઘોષને સાંભળીને યજ્ઞમાં રહેલા પંડિતો પ્રથમ તબક્કે રાજી રાજી થઇને કહેવા લાગ્યા કે 'આ દેવો આપણા યજ્ઞમાં આવી રહ્યાં છે' પરંતુ તેમને જ્યારે સમવસરણ તરફ જતાં જોયા ત્યારે ઇન્દ્રભૂતિની ભ્રકુટિ વક્ર થઈ અને પોતાના આસન પરથી ઉભા થઇને પગની એડીને ત્રણ વાર જમીન પર ઠોકીને બોલ્યા કે 'અરે દેવો ! તમે પવિત્રતમ યજ્ઞને છોડીને અન્યત્ર કયાં જઈ રહ્યાં છો ! એક દેવથી ખબર પડી કે:- 'મહાવીર નામના સર્વજ્ઞને વંદન કરવા અમે જઇ રહ્યાં છીએ.' આ વાત સાંભળતાં જ રોષે ભરાયેલા અને અહંકારથી ધૂંઆપુંઆ બનેલા ઇન્દ્રભૂતિ પોતાના ૫૦૦ શિષ્યો સાથે મહાવીરને પરાજય દેવા માટે તૈયાર થઇને સાડંબર આવવાનો નિર્ણય કરીને સમવસરણ તરફ આવવા માટે પગ ઉપાડ્યાં. પણ.... સમવસરણના પ્રથમ પગથિયે જ તેમની દૃષ્ટિ મહાવીર પરમાત્મા પર પડી અને તેમના જીવનમાં હતાશ એ પ્રવેશ કર્યો. ઉપર આવ્યા પછી જ્યારે પ્રભુએ કહ્યું કે 'આવો-આવો ઈન્દ્રભૂતિજી તમને સ્વાગત છે !' બેસો અને થાક

ઉતારો. કંઈક ચાલીને આવ્યા તેનો તથા ભવ ભવાંતરમાં રખડપટ્ટી કરતા લાગેલા થાકને પણ ઉતારી નાખો. ઇન્દ્રભૂતિ આ પ્રમાણે ચાંદીની ઘંટડી જેવા અને હૈયાના ઉંડાણમાંથી પ્રેમથી ભરેલા વચનોને સાંભળીને જ ઈન્દ્રભૂતિના માનરૂપી પર્વતના આઠે આઠ શિખરો ડોલવા લાગ્યા. તેમાંથી એક પછી એક જાતિમદના, કુળમદના, વિદ્યામદના, રૂપમદના, ઐશ્વર્ય-મદ આદિના પત્થરાઓ ઢળતા ગયા અને ઇન્દ્રભૂતિનું મન પ્રભુના ચરણે ઝૂકવા તૈયાર થઇ ગયું. ત્યાર પછી દયાના સાગર પરમાત્માએ કહ્યું કે, હે ગૌતમ! તમે આવા મોટા પંડિત થયા છો પરંતુ 'જીવ છે કે નહીં?' આ વિષયની શંકા તમારા આંતર જીવનમાં તમને હેરાન પરેશાન કરી રહી છે તે સત્ય છે કે નહીં? પછી તો વેદોના સત્ય અર્થ દ્વારા પ્રભુએ ઇન્દ્રભૂતિને શંકા રહિત કર્યા અને તે પંડિતના મન–વચન-કાયા, તેમનાં બ્રાહ્મણકર્મ, જનોઇ, ખડાઉ, પીતામ્બરો, નીલામ્બરો, ચોટલીઓ, ટીલા–ટપકાંઓ વગેરે મહાવીરસ્વામીના ચરણોમાં મૂકાઈ ગયા અને ઇન્દ્રભૂતિએ પોતાના શિષ્યો સાથે શ્રમણધર્મ સ્વીકાર કર્યો. ભવભવાંતરના સ્નેહ સંબંધની માયાના કારણે ગૌતમસ્વામીજી વિશ્વાસપાત્ર, સંઘના અધિનાયક, જીવ-માત્રમાં દયાબુદ્ધિને ધારણ કરનારા તથા પોતાની જ્ઞાન-લબ્ધિઓ વડે જીવાત્માઓને સમ્યગ્માર્ગ દેખાડનારા સૌથી પ્રથમ શિષ્ય હતાં. પોતે ચાર જ્ઞાનના માલિક હતાં તો પણ પ્રભુના વચનો તેમને માટે શ્રદ્ધેય રહ્યાં. ત્રીશ વર્ષ સુધી મહાવીરદેવની સેવામાં રહ્યાં અને જન્મથી એંશી વર્ષની ઉમર થઈ ત્યારે મહાવીરસ્વામીના નિર્વાણ પછી તત્કાળ જ કાર્તિક સુદિ ૧ના મંગળ પ્રભાત પહેલા કેવળજ્ઞાનના માલિક બન્યા. બાર વર્ષ સુધી કેવળી પર્યાયમાં વિચર્યા અને ૯૨ વર્ષની ઉંમરે નિર્વાણ પામ્યા.

( ૨ ) અગ્નિભૂતિ નામે બીજા ગણધર હતાં. ૪૬ વર્ષ સુધી ગૃહવાસમાં રહીને દીક્ષિત થયા અને સંયમના ૧૨ વર્ષે કેવળી બન્યા, ૧૬ વર્ષ સુધી કેવળી પર્યાયમાં વિચર્યા અને મહાવીર પહેલાં જ નિર્વાણ પામ્યા.

( ૩ ) વાયુભૂતિ નામે ત્રીજા ગણધર હતાં. જન્મથી ૪૨ વર્ષે દીક્ષિત થયા, ૧૦ વર્ષ સુધી છદ્મસ્થ રહીને કેવળી બન્યા, ૧૮ વર્ષ સુધી કેવળી પર્યાયમાં વિચર્યા અને પ્રભુની પહેલાં નિર્વાણ પામ્યા.

( આ ત્રણે ગણધરો સંગા ભાઈઓ હતાં. )

( ૪ ) વ્યક્ત નામે ચોથા ગણધર હતાં, કોલ્લાક સન્નિવેષના રહેવાસી ધનમિત્ર અને વારૂણી દંપતીના પુત્ર હતાં, ભારદ્વાજ ગોત્ર હતું. જીવનના ૫૦ વર્ષ સુધી ગૃહવાસમાં રહ્યાં, ૧૨ વર્ષ સુધી છદ્મસ્થ રહીને કેવળી બન્યા, ૧૮ વર્ષ સુધી કેવળી પર્યાયમાં વિહર્યા અને મહાવીર પહેલાં જ મોક્ષે પધાર્યા.

( ૫ ) સુધર્મા નામે પાંચમા ગણધર હતાં, કોલ્લાક સન્નિવેષ ગામમાં ધમ્મિલ અને ભદ્દિલા દંપતીના પુત્ર હતાં, અગ્નિવૈશ્યાયન ગોત્રના હતાં, જન્મથી ૫૦ વર્ષ સુધી ગૃહવાસમાં રહ્યાં, ત્યારપછી દીક્ષિત થયા અને ૪૨ વર્ષ સુધી છદ્મસ્થ રહ્યાં, ૮ વર્ષ કેવળી પર્યાયમાં વિચર્યા અને ૧૦૦ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરીને મહાવીરસ્વામી પછી નિર્વાણ પામ્યા.

( ૬ ) મંડિત નામે છઠ્ઠા ગણધર હતાં, મૌરિક સન્નિવેષના ધનદેવ અને વિજયા દંપતીના પુત્ર હતાં, વાસિષ્ઠ ગોત્ર હતું, ૫૩ વર્ષ સુધી ગૃહવાસમાં રહ્યાં, ૧૪ વર્ષ છદ્મસ્થ રહ્યાં, ૧૬ વર્ષ કેવળી પર્યાયમાં વિચર્યા અને ૮૩ વર્ષનું આયુ પૂર્ણ કરીને નિર્વાણ પામ્યા.

( ૭ ) મૌર્યપુત્ર સાતમા ગણધર હતાં, મૌરિકસન્નિવેષના મૌર્ય અને વિજયા દંપતીના પુત્ર હતાં, કાશ્યપ ગોત્ર હતું, ૬૫ વર્ષ ગૃહવાસમાં રહીને ૧૪ વર્ષ સુધી છદ્મસ્થ રહ્યાં, ૧૬ વષ સુધી કેવળી પર્યાયમાં રહ્યા અને ૯૫ વર્ષે નિર્વાણ પામ્યા.

( ૮ ) અકંપિત નામે આઠમા ગણધર હતાં, મિથિલા નગરીના દેવસેન અને જયંતી દંપતીના પુત્ર હતાં, ગૌતમ ગોત્રના હતાં, ૪૮ વર્ષ સુધી ગૃહસ્થ રહ્યાં, ૯ વર્ષ છદ્મસ્થ રહ્યા અને ૨૧ વર્ષ કેવળી પર્યાયમાં વિચર્યા, ૭૮ વર્ષે નિર્વાણ પામ્યા.

( ૯ ) અચલભ્રાતા નામે નવમા ગણધર હતાં, કૌશલા દેશના વસુ અને નંદાના પુત્ર હતાં, હારિત ગોત્રીય હતાં, ૪૬ વર્ષ ગૃહવાસ, ૧૨ વર્ષ છદ્મસ્થ, ૧૪ વર્ષ કેવળી પર્યાય અને ૭૨ વર્ષે નિર્વાણ પામ્યા.

( ૧૦ ) મેતાર્ય નામે દશમા ગણધર હતાં, વત્સભૂમિના તુંગિક સંન્નિવેષના દત્ત અને વરૂણદેવીના કૌડિન્ય ગોત્રના હતાં. ૩૬ વર્ષે ગૃહવાસ, ૧૦ વર્ષ છદ્મસ્થ, ૧૬ વર્ષ કેવળી પર્યાય અને ૬૨ વર્ષે નિર્વાણ પામ્યા.

( ૧૧ ) પ્રભાસ નામે છેલ્લા અગ્યારમા ગણધર હતાં. રાજગૃહના બળ અને અનિભદ્રાના કૌડિન્ય ગોત્રીય હતાં. ૧૬ વર્ષ ગૃહવાસ, ૮ વર્ષ છદ્મસ્થાવસ્થા, ૧૬ વર્ષ કેવળી પર્યાય અને ૪૦ વર્ષે નિર્વાણ.

( પં. બેચરદાસ સંપાદિત ભગવતીના પહેલા ભાગમાંથી )

આ અગ્યારે ગણધરો ૧૪ પૂર્વના જ્ઞાતા, લબ્ધિસંપન્ન, દેદીપ્યમાન શરીરવાળા, ઉંચા ગોત્રનાં તથા વિદ્યાઓના પારગામી હતાં બધાય રાજગૃહી નગરીમાં નિર્વાણ પામ્યા છે.

ગૌતમસ્વામીજી (ઈન્દ્રભૂતિજી) સમચતુરસ્રસંસ્થાન, વજ્રઋષભનારાચ સંઘયણ તથા કમળના કેસરા જેવા ધોળા વર્ણના હતાં. ઉગ્ર તપસ્વી, દીપ્ત તપસ્વી, તથા મહાન તપસ્વી હતાં. ઉપર પ્રમાણેના ગૌતમસ્વામી પ્રમુખ બધાય ગણધરોને મન-વચન તથા કાયાથી વંદન છે, ભાવવંદન છે.

## વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ( ભગવતી )ને વંદના :

આ પ્રસ્તુત આગમ ગ્રંથ પ્રાકૃત ભાષામાં विआएपण्णत्ति અને સંસ્કૃત ભાષામાં 'વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ' તરીકે પ્રસિદ્ધિને પ્રાપ્ત થયેલો છે. તથા આ સૂત્રમાં વારંવાર પ્રત્યેક પ્રશ્ને, દેવાધિદેવ, પુણ્યનામધેય, પરમાત્મા શ્રી મહાવીરસ્વામીનું તથા પ્રત્યેક સ્થળે મંગળમૂર્તિ, ઋદ્ધિ સમૃદ્ધિદાયક, દ્રવ્ય તથા ભાવલક્ષ્મીના દાતા, મુક્તિ તથા ભુક્તિને આપનારા, શ્રી ગૌતમસ્વામીજી (ગણેશ-ગણપતિ-ગણધર)નું પવિત્ર નામ આવવાના કારણે સૌને માટે આ ગ્રંથ પૂજનીય હોવાથી 'ભગવતી સૂત્ર' કહેવાય છે. ગ્રંથ રચયિતા શ્રી સુધર્માસ્વામી નહીં પણ મૂળ ગ્રંથને લખનાર મહાશય વ્યાખ્યા પ્રજ્ઞપ્તિને વંદન કરે છે. કેમકે પુસ્તકારૂઢ અકારથી લઈ હકાર સુધીના શબ્દો વડે લખાયેલ આગમગ્રંથ દ્રવ્યશ્રુત હોવા છતાં પણ ભાવશ્રુત માટે સર્વથા અલૌકિક, અદ્વિતીય મૌલિક કારણ છે; માટે જેના દ્વારા ઈષ્ટ સાધના થતી હોય તે દ્રવ્ય હોય તો પણ વંદનીય, પૂજનીય, આરાધનીય, સ્મરણીય અને શ્રદ્ધેય છે. માટે દ્રવ્યશ્રુતને વંદન કરવું સૌને માટે ઈષ્ટ છે. પોતપોતાના ગુરુના લખેલા ચોપડાઓ પણ આપણને જ્ઞાન પ્રાપ્ત કરાવે છે માટે તેનું બહુમાન કરવું યથાર્થ છે.

દ્રવ્યતીર્થ અને ભાવતીર્થ, દ્રવ્યક્રિયા અને ભાવક્રિયા,

દ્રવ્યપૂજા અને ભાવપૂજાનો વ્યવહાર બહુમાનનીય છે, તેમ દ્રવ્યશ્રુત અને ભાવશ્રુતનું પણ જાણવું. પાલીતાણા, ગિરનાર, આબુ, રાણકપુર આદિ દ્રવ્યતીર્થ છે અને તે તે તીર્થસ્થળોમાં ભ્રમણ કરતાં કરતાં આત્મા પોતે જ પોતાનો તારક બને છે, ત્યારે તે આત્મા ભાવતીર્થ કહેવાય છે. સમજવું સરળ છે કે આત્માની તેવા પ્રકારની ;વિશિષ્ટ સ્થિતિ પ્રાપ્ત કરાવવામાં તે તે તીર્થસ્થળો જ મુખ્ય હેતુરૂપ છે.

પ્રતિક્રમણ, પૂજા, જપમાળા આદિ દ્રવ્યક્રિયા છે અને તે તે દ્રવ્યક્રિયાઓને કરતો આત્મા એક દિવસે મન–વચન અને કાયાથી, કરણ–કરાવણ અને અનુમોદનથી ચોરાશી લાખ જીવ યોનિના જીવોનું હનન આદિ તથા અઢાર પાપસ્થાનકોના સેવન આદિનું 'મિચ્છામિ દુક્કડમ્' દેવાની ભાવક્રિયાનો પણ માલીક બનશે. આજે કોઇક ભાગ્યશાળી દ્રવ્યપૂજામાં મસ્ત છે, તો તે દ્રવ્યક્રિયાને કરતો આત્મા એક દિવસે ઇરિયાવહી કે નમુત્થુણં બોલતાં બોલતાં જ પોતાનું કલ્યાણ સાધી શકશે. તીર્થંકર પરમાત્માઓના જીવાત્માઓ પણ એક દિવસે દ્રવ્ય-મુનિ હતાં. પરંતુ તે તે ક્રિયાઓનો અભ્યાસ જેમ જેમ વધતો ગયો, ત્યારે તીર્થંકરના ભવમાં ભાવમુનિત્વને પણ પ્રાપ્ત કર-વામાં પૂર્ણ સફળ બન્યા છે. દ્રવ્યલિંગધારીને જોઇને ભાવલિંગી મુનિની કલ્પના તથા સ્થાપના તીર્થંકરને જોઇને ભાવતીર્થંકરને પણ હૃદયકમળમાં સ્થાપિત કરી શકીએ છીએ.

તેવી રીતે દ્રવ્યશ્રુત અને ભાવશ્રુતને પણ જાણવું. પ્રત્યેક સાધક ભાવશ્રુતને હૃદયંગમ કરવાની ઉત્કટ ભાવનાવાળા જ હોય છે, પરંતુ તેની પ્રાપ્તિ દ્રવ્યશ્રુતને જ આભારી છે. સમ-વસરણમાં બેસીને તીર્થંકરની વાણી શ્રોતામાત્રને દ્રવ્યશ્રુત જ

છે. આચાર્ય, ઉપાધ્યાય કે મુનિ માત્રનું વ્યાખ્યાનશ્રવણ કે પુસ્તક શ્રાવકને માટે દ્રવ્યશ્રુત જ છે. સમજી શકાય તેવી વાત છે કે પાંચ મિનિટ પહેલાં જે દ્રવ્યશ્રુત હતું તે બીજા સમયે ભાવશ્રુતનું સ્વરૂપ સ્વીકારી લે છે. બેશક ! તેને ભાવશ્રુત તરીકે પરિણત કરવાની તાકાત સાધકને કેળવ્યા વિના છુટકો નથી. યદિ સાધક તે શક્તિને કેળવશે, મનન શક્તિ વધારશે, મતિ-જ્ઞાનમાં કામ, ક્રોધ, લોભ, પ્રપંચ આદિનો અવરોધ કરવા સમર્થ બનશે, તો તે સાધકને માટે આજનું દ્રવ્યશ્રુત આવતી કાલે ભાવશ્રુત બનતા વાર નહીં લાગે. અન્યથા ગમે તેટલા આગમો, પાઠો, સૂક્તો. વ્યાખ્યાનો અને પુસ્તકોથી પણ જોઇએ તેટલો લાભ મેળવી શકાશે નહીં. તેથી ભાવ-શ્રુતને પ્રાપ્ત કરવામાં દ્રવ્યશ્રુત જ મૌલિક કારણ હોવાથી, ભાવશ્રુત જેમ મન, વચન અને કાયાથી વંદનીય છે તેવી રીતે દ્રવ્યશ્રુત પણ અવશ્ય વંદનીય બનશે. આ કારણે જ જે પુસ્તકથી તત્ત્વજ્ઞાન મેળવવું છે, તે પુસ્તકની આશાતના, હીલના કે અપભ્રાજના કરાતી નથી. પરંતુ આ સત્ય હકિકત સમજવામાં ભૂલ ખાધેલી હોવાનું પરિણામ એ આવ્યું કે–ઘી, તેલ, વગાર આદિના ચિક્કણા પાત્રોને પણ અખબારના કાગળોથી સાફ કરવાની ધૃષ્ટતા વધવા પામી છે, જે ગૃહસ્થને પણ હીલના કરવાનું કારણ બને છે. માટે દ્રવ્યશ્રુત ચાહે ગમે ત્યાં લખાયેલું હોય તેની આશાતના પાપ જ છે.

દ્રવ્યપૂજકોમાંથી ૮૦, ૯૦ ટકા માનવો ભાવપૂજક બનવા પામે છે જ્યારે દ્રવ્યપૂજા, ક્રિયા કે શ્રુતનો તિરસ્કાર કરનારાઓ, સેંકડોમાં ૮૦, ૯૦ ટકા સાવ નિષ્ફળ, કોરા ધાકોર જેવા, ગંગા ગયે ગંગાદાસ અને જમના ગયે જમનાદાસ જેવા જ હોય છે.

## વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ એટલે ?

( ૧ ) આમાં ' વિ. આ, ખ્યા, પ્ર અને જ્ઞપ્તિ શબ્દોનો સમાસ છે, બધાઓનો અર્થ ટીકાકાર રીતિએ જ કરીએ.

' વિ ' અર્થાત્-વિશેષ પ્રકારે-જૂદા જૂદા પ્રકારે.

' આ 'નો અર્થ અભિવિધિ કે મર્યાદા થાય છે. અભિવિધિ એટલે અમુક પ્રકારે સમ્પૂર્ણ જ્ઞેય પદાર્થોની વ્યાપ્તિ જેમાં રહેલી છે. અથવા મર્યાદા એટલે પરસ્પર અસંકીર્ણ-વિશાળ ( હેત્વાભાસાદિ દોષરહિત ) લક્ષણો વડે જેમાં તત્ત્વોનું પ્રતિપાદન કરાયું છે.

' ખ્યા ' એટલે કથન. જૂદા જૂદા પ્રકારે જીવ, અજીવ આદિ દ્રવ્યોનું, પર્યાયોનું કથન.

' પ્ર ' પ્રકૃષ્ટતાપૂર્વક એટલે કે, જે કથનમાં કોઈ જાતનો સંશય, વિપર્યય, કે અનધ્યવસાય આદિ દોષ ( બાધ ) નથી.

' જ્ઞપ્તિ ' એટલે પ્રતિપાદન.

ઉપર પ્રમાણેના શબ્દોનો સામૂહિક અર્થ આ છે. ભગવાન શ્રી મહાવીરસ્વામીએ, ગૌતમ ગણધરાદિ શિષ્યોએ પૂછેલા પદાર્થોનો નિર્ણય અર્થાત્ પ્રતિપાદન કરેલી વ્યાખ્યાઓ અને તેમનું પ્રરૂપણ શ્રીમાન પંચમ ગણધર શ્રી સુધર્માસ્વામીએ પોતાના મુખ્ય શિષ્ય શ્રી જમ્બૂસ્વામીને જેમાં કહેલું છે તે વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ કહેવાય છે.

આગમોની રચનાની પદ્ધતિ આ પ્રમાણે છે. ' આર્ય-સુધર્માસ્વામી પોતાના મુખ્ય પટ્ટધર શ્રી જમ્બૂસ્વામીને કહે છે કે-' હે આયુષ્યમાન્ ! જમ્બૂ ! મેં પોતે જ સમવસરણમાં

બેસીને પરમાત્માનું એક એક વચન પ્રમાદ વિના જે સાંભળ્યું હતું તે તને કહું છું.' આમ કહીને ભગવાન પાસે સાંભળેલું બધુ જ શ્રુતજ્ઞાન જમ્બૂસ્વામીને કહે છે, માટે જ આનું નામ 'વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ' સાર્થક છે.

(૨) વિવિધ અર્થાત્ વિશેષ પ્રકારે જે શ્રુતજ્ઞાન તીર્થંકરો દ્વારા કહેવાયું છે, તે પદાર્થોની વૃત્તિઓનું જેમાં કથન કરાયેલું છે, તે વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ છે. સારાંશ કે–અભિલાપ્ય અને અનભિલાપ્ય રૂપે પદાર્થો બે પ્રકારના છે, યદ્યપિ કેવળી ભગવંતો માટે કોઈ પણ પદાર્થ અનભિલાપ્ય હોતો નથી, તો પણ તેમની આયુષ્ય મર્યાદા ટૂંકી હોવાથી અને પદાર્થો અનંતાનંત હોવાથી જે પદાર્થોને તીર્થંકરો પણ કહી શકતા નથી જેમકે કંઈક ન્યૂન એક લાખપૂર્વના કેવળી શ્રી ઋષભદેવને માટે પણ અમુક પદાર્થો અનભિલાપ્ય હતાં, તો પછી કેવળ ત્રીશ વર્ષના કેવળી પર્યાયવાળા મહાવીરસ્વામીને માટે પણ અનભિલાપ્ય રહેવા પામે તેમાં શું આશ્ચર્ય! અને આઠ વર્ષ સુધીના કેવળીપર્યાયવાળા સુધર્માસ્વામીજી બધાય પદાર્થોને, જમ્બૂસ્વામીને શી રીતે કહી શકવાના હતાં? પોતાના કેવળજ્ઞાન વડે અમુક અમુક પદાર્થો તીર્થંકરોને માટે પણ અજ્ઞેય કે અપ્રરૂપણીય હોય તેવો અર્થ અનભિલાપ્યનો કોઈ કાળે કરવાનો નથી જ, પરંતુ પ્રત્યેક પદાર્થનું પ્રરૂપણ ક્રમશઃ થતું હોવાથી અને આયુષ્ય મર્યાદા ટૂંકી હોવાથી જે પદાર્થોનું વર્ણન કરી શકવા જેટલી ક્ષમતા નથી હોતી તે પદાર્થો અનભિલાપ્ય છે. અથવા ઋષભદેવને જે અનભિલાપ્ય હતું તે મહાવીરસ્વામીને માટે અનભિલાપ્ય રહેતું નથી. કેમકે દ્રવ્ય માત્રને અને તેમાં રહેલા અનંત પર્યાયોના ભૂત, ભવિષ્ય તથા વર્તમાન સ્વરૂપને બધાય તીર્થંકરો એક સમાન જ જોઈ શકે છે અને પ્રરૂપી

શકે છે, પરંતુ તેની પ્રરૂપણા કરવા માટે આયુષ્ય મર્યાદા સૌની એક સમાન હોતી નથી. માટે જેની પ્રરૂપણા કરવા જેટલો સમય મળવો જોઈએ તે નહી મળતો હોવાથી તેની પ્રરૂપણા કરી શકાતી નથી, માટે તે **અનભિલાપ્ય** છે, તથા તેનાથી વિપરીત એટલે પૂછાયેલી વાતો કહેવી તે અભિલાપ્ય છે. જે દ્રવ્યો ઋષભદેવ પરમાત્માને અભિલાપ્ય હતાં તેમાંથી ઘણા દ્રવ્યો મહાવીરસ્વામીને અનભિલાપ્ય રહ્યાં છે. અને જે મહાવીરસ્વામીને માટે અભિલાપ્ય હતાં તે સુધર્માસ્વામીને અનભિલાપ્ય રહ્યાં છે.

(૩) અરિહંત પરમાત્માઓએ કરેલી અર્થ પ્રતિપાદનાઓની વ્યાખ્યાઓમાં પ્રકૃષ્ટ, શ્રેષ્ઠ, સર્વથા અદ્વિતીય, બીજાઓને માટે સર્વથા અશકય, જ્ઞાનો જેમાં ઠલવાયા છે, તેને વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ કહેવાય છે. આ સૂત્રમાં જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર આદિ તત્ત્વોનું જ્ઞાન સમાયેલું છે, સારાંશ કે કર્મોના બંધનમાંથી મુક્ત થવાને માટે આશ્રવ, સંવર અને નિર્જરા-તત્ત્વો પણ સ્વીકાર્ય છે; કેમકે સંવર દ્વારા આશ્રવ(કર્મોને આવવાનું દ્વાર)ને યદિ રોકવામાં ન આવે તો એકલા જીવનું સ્વરૂપ જાણી લેવાથી કયો ફાયદો થવાનો છે? તથા 'अहं ब्रह्माऽस्मि, नित्योऽस्मि, शुद्धोऽस्मि, बुद्धोऽस्मि, एकोऽहं बहुस्याम्' આદિ શબ્દો કરોડોવાર બોલવામાં આવે તો પણ સંવર અને નિર્જરા વિનાના આત્માનું ભલું કેટલું થવાનું હતું? કેમકે અત્યારના તબક્કે આપણો આત્મા માયામાં, પ્રકૃતિમાં, અજ્ઞાનમાં, તથા કર્મોની જાળમાં ફસાયેલો હોવાથી જીવાત્માને જેમ પોતાના સ્વરૂપનું જ્ઞાન આવશ્યક છે, તેમ પુણ્ય, પાપ, આશ્રવ, બંધ, સંવર અને નિર્જરા તત્ત્વો પણ જાણવા, સમજવા અને જીવનમાં હેયને હેયસ્વરૂપે અને ઉપાદેયને ઉપાદેય સ્વરૂપે

સ્વીકારવા અત્યંત જરૂરી છે. આ વ્યાખ્યાપ્રજ્ઞપ્તિમાં જુદી જુદી રીતે નવે તત્ત્વોનું જ્ઞાન ભરેલું હોવાથી આનું નામ સાર્થક છે.

(૪) વ્યાખ્યા, પ્રજ્ઞા અને આપ્તિ આ ત્રણે શબ્દોના સમાસથી પણ વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ શબ્દ બને છે. વ્યાખ્યા એટલે અર્થકથન અને પ્રજ્ઞા એટલે અર્થકથનમાં હેતુરૂપ જે બોધને પ્રજ્ઞા કહેવાય છે, તેની આપ્તિ એટલે પ્રાપ્તિ સારાંશ કે તે તે વ્યાખ્યાઓને સમજવા માટે બોધની પ્રાપ્તિ જેમાં વિશિષ્ટરૂપે થાય તે વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ છે.

(૫) આપ્તિના સ્થાને 'આત્તિ' શબ્દનું ગ્રહણ પણ થાય છે, એટલે કે તે તે વ્યાખ્યાઓના બોધનું ગ્રહણ કરવું તે વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ છે.

(૬) વિવિધ પ્રકારે અર્થોનું-નયોનું પ્રરૂપણ તે વિવાહ-પ્રજ્ઞપ્તિ પણ કહેવાય છે. આવા પ્રકારે શ્રુતજ્ઞાનના સાગર સમા ભગવતીસૂત્રને મારી વંદના છે.

## દ્વાદશાંગ ગણિપિટકને નમસ્કાર :

સમવસરણમાં બિરાજમાન તીર્થંકર પરમાત્માઓ 'ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય' આ ત્રિપદીનો ઉપદેશ આપે છે અને ગણધર ભગવંતો પોતાની લબ્ધિ વિશેષ વડે તેની દ્વાદશાંગી રચે છે. સારાંશ કે શરીરમાં જેમ બાર અંગોની મુખ્યતા છે, તેમ તીર્થંકરોની વાણીના પણ બાર અંગો છે; માટે "द्वादशानामङ्गानां समाहार इति द्वादशांगी" કહેવાય છે. સંસારમાં રહેલા પદાર્થોની જે સ્વાભાવિકી કે કાર્મિણી વ્યવસ્થા છે, તેને જ યથાર્થવાદી પરમાત્મા યથાર્થ રૂપે પ્રરૂપે છે. દ્રવ્ય

માત્રમાં મૂળ દ્રવ્ય રૂપે ધ્રૌવ્ય અને પર્યાય રૂપે ઉત્પાદ અને વ્યય રહેલા જ છે, તેથી તૃણથી લઇને ઈન્દ્ર સુધીના અનંત દ્રવ્યોમાં ત્રણેની વ્યવસ્થા સુસંગત અને તર્કગમ્ય છે.

ગણધરો લબ્ધિવિશિષ્ટ હોવાથી પોતાની જ્ઞાન લબ્ધિ વડે ત્રણે પદોનું આલંબન લઇને દ્વાદશાંગીની રચના કરે છે, જે આજે પણ વિદ્યમાન છે. તે સૌમાં જૂદા જૂદા વિષયો છે. કેમકે ચતુર્વિધ સંઘના સાધુ-સાધ્વી તથા શ્રાવક-શ્રાવિકાના બે ભેદ છે. તેમાં સાધુ મહાવ્રતધારી અને શ્રાવક અણુવ્રતધારી છે, માટે દ્વાદશાંગીમાં કેટલાક અંગો મહાવ્રતધારીઓ માટે અને કેટલાક શ્રાવક ધર્મના પ્રતિપાદન કરનારા છે, જે આપણે સંક્ષેપથી જોઇએ.

( ૧ ) આચારાંગ-દ્વાદશાંગીનું પહેલું અંગ છે, જેમાં સમિતિ ગુપ્તિ ધર્મના પાલક મુનિરાજ તથા સાધ્વીજી મહારાજના અહિંસા, સંયમ તથા તપોધર્મને પુષ્ટ કરે તેવો આચાર, ગોચરી ( ભિક્ષા લેવાનો વિધિ ) વિનય, વૈનયિક, કાયોત્સર્ગાદિ કરવાના સ્થાનો, વિહારભૂમ્યાદિમાં ગમન, શરીરનો શ્રમ દૂર કરવા માટે ઉપાશ્રયોમાં ગમન, આહારાદિનું પ્રમાણ, સ્વાધ્યાયાદિમાં નિયોગ, ભાષાસમિતિ, ગુપ્તિ, શય્યા, ઉપધિ ( ધર્મોપકરણ ) ભાત, પાણી, ઉદ્ગમ, ઉત્પાદ અને એષણાદિ દોષોની વિશુદ્ધિ, શુદ્ધા શુદ્ધ ગ્રહણ, વ્રત, નિયમ, તપ અને ઉપધાનનું વિસ્તૃત વર્ણન છે, એટલે કે પહેલા આચારાંગમાં આટલા વિષયોનું સ્પષ્ટીકરણ છે. તેના બે શ્રુતસ્કંધ, પચીસ અધ્યયન, પંચાશી ઉદ્દેશા, પંચાશી સમુદ્દેશા અને અઢાર હજાર પદો છે.

( ૨ ) સૂત્રકૃત ( સુઅગડાંગ )-દ્વાદશાંગીનું બીજુ અંગ છે, જેમાં સ્વસિદ્ધાંત, પરસિદ્ધાંત, સ્વપરસિદ્ધાંત, જીવ,

અજીવ, જીવાજીવ, લોક, અલોક, લોકાલોક, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ સુધીના પદાર્થો ઉપરાંત ઇતર દર્શનથી મોહિત, સંદિગ્ધ નવા દીક્ષિતની બુદ્ધિની શુદ્ધિ માટે ૧૮૦ ક્રિયાવાદી, ૮૪ અક્રિયાવાદી, ૬૭ અજ્ઞાનવાદી તથા ૩૨ વિનયવાદીઓનું મત બતલાવીને તથા તેમનો પરિક્ષેપ કરી, સ્વસમય( જૈન સિદ્ધાંત )નું સ્થાપન કરવામાં આવ્યું છે. આના બે શ્રુતસ્કંધ, ૩૩ અધ્યયન, ૩૩ ઉદ્દેશા, ૩૩ સમુદ્દેશા અને ૩૬ હજાર પદોની સંખ્યા છે.

( ૩ ) સ્થાનાંગ-દ્વાદશાંગીનું ત્રીજું અંગ છે, જેમાં સ્વસમયનું, પરસમયનું અને સ્વપર સમયનું, જીવાદિ પદાર્થોનું સ્થાપન કરવામાં આવ્યું છે. આમાં પાંચ શ્રુતસ્કંધ, દશ અધ્યયન, એકવીશ ઉદ્દેશા તથા ૭૨૦૦૦ પદો છે.

( ૪ ) સમવાયાંગ-આ ચોથું અંગ છે, તથા સ્વ અને પર સિદ્ધાંતોની ચર્ચા, એક સંખ્યાવાળા પદાર્થોની સંખ્યાથી લઈ બે ત્રણ આદિ સુધીનું વર્ણન છે. આમાં એક શ્રુતસ્કંધ, એક અધ્યયન, એક ઉદ્દેશો, સમુદ્દેશો, અને એક લાખ ચુમાલીશ હજાર પદો છે.

( ૫ ) વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ ( ભગવતી સૂત્ર ) દ્વાદશાંગીમાં પાંચમું અંગ છે. જેમાં સ્વસમય, પરસમય, જીવ, અજીવ, જીવાજીવ, લોક, અલોક, લોકાલોક, જુદા જુદા પ્રકારના દેવો તથા રાજાઓ, રાજર્ષિઓ અને અનેક પ્રકારના સંદિગ્ધ પુરૂષોના પ્રશ્નો છે તથા જિનેશ્વરદેવે આપેલા જવાબો છે. આમાં દ્રવ્ય, ગુણ, ક્ષેત્ર, કાળ, પર્યાય, પ્રદેશ, અનુગમ, નિક્ષેપણ, નય, પ્રમાણ, સુનિપુણ ઉપક્રમપૂર્વક યથાસ્થિત ભાવનું પ્રતિપાદન છે, દેવેન્દ્રોથી પૂજિત હોવાથી સૌને માટે શ્રદ્ધેય છે, સંસાર-સમુદ્રથી તારનાર છે, અજ્ઞાનાંધકારનો નાશક છે. ઈહા-બુદ્ધિ

તથા મતિનો વર્ધક છે. એક જ શ્રુતસ્કંધ છે, સાધિક સો અધ્યયન છે, દશ હજાર ઉદ્દેશક તથા દશ હજાર સમુદ્દેશક છે, છત્રીસ હજાર પ્રશ્નો અને ચોરાશી હજાર પદો છે.

( ૬ ) જ્ઞાતાધર્મકથા–આ છઠ્ઠું અંગ છે. જેમાં ઉદાહરણભૂત પુરૂષોના નગરો, ઉદ્યાનો, ચૈત્યો, વનખંડો, રાજાઓ, સમવસરણો, ધર્માચાર્યો, ધર્મકથાઓ, આલોક અને પરલોકના ઋદ્ધિવિશેષો, ભોગપરિત્યાગો, પ્રવ્રજ્યાઓ, શ્રુતપરિગ્રહો, તપોવિધાનો, ઉપધાનો, પર્યાયો, સંલેખનાઓ, ભક્તપ્રત્યાખ્યાનો, પાદપોગમનો, દેવલોકગમનો તથા સુકુલમાં જન્મો, બોધિલાભો અને અંતક્રિયાઓના વિષયો છે. બે શ્રુતસ્કંધ, ઓગણત્રીશ અધ્યયનો. અધ્યયનો બે પ્રકારના છે: ચારિત્ર અને કલ્પિત. ધર્મકથાના દશ વર્ગો છે. તેમાં એક એક ધર્મકથામાં ૫૦૦, ૫૦૦ આખ્યાયિકો છે, તેમાં પણ બીજી બીજી કથાઓ છે. ૨૯ ઉદ્દેશા અને તેટલા જ સમુદ્દેશા છે, તથા સંખ્યાતા લાખ પદો છે, એટલે પાંચ લાખ અને છોંતેર હજાર પદો છે.

( ૭ ) ઉપાસકદશા–સાતમું અંગ છે. આમાં શ્રમણોપાસકોના નગરો, ઉદ્યાનો, ચૈત્યો, વનખંડો, રાજાઓ, માતા–પિતાઓ, સમવસરણો, ધર્માચાર્યો, શ્રાવકોના શીલવ્રતો, ગુણવ્રતો, પ્રત્યાખ્યાનો, બોધિલાભો અને અંતક્રિયાઓ છે. એક શ્રુતસ્કંધ, દશ અધ્યયન, દશ દશ ઉદ્દેશા તથા સમુદ્દેશા છે તથા અગ્યાર લાખ બાવન હજાર પદો છે.

( ૮ ) અંતકૃતદશા–આઠમું અંગ છે. જેમાં અંતકૃત પુરૂષોના નગરો, ચૈત્યો, વનખંડો, ધર્માચાર્યો, ધર્મકથાઓ, લોક તથા પરલોકની વૃદ્ધિ, ભોગ પરિત્યાગો, પ્રવ્રજ્યાઓ, શ્રુતપરિગ્રહો, તપો, ઉપધાનો, બહુવિધ પ્રતિમાઓ, ક્ષમા,

આર્જવ, માર્દવ, સત્ય, શૌચ, સંયમ, ઉત્તમ બ્રહ્મચર્ય, સંતોષ, સમિતિઓ, ગુપ્તિઓ, અપ્રમાદયોગ, ઉત્તમ સ્વાધ્યાય, જિતપરિષહો, તથા ચાર પ્રકારના કર્મોનો ક્ષય થયા પછી થયેલું કેવળજ્ઞાન આદિને લગતી વાતો છે. એક શ્રુતસ્કંધ, દશ અધ્યયન, સાત વર્ગો, દશ દશ ઉદ્દેશા તથા સમુદ્દેશા, ૨૩ લાખ ૪ હજાર પદો છે.

(૯) અનુત્તરોપપાતિક–અનુત્તર વિમાનમાં જવાવાળાઓના નગરો આદિના વર્ણનો છે, એક શ્રુતસ્કંધ, દશ અધ્યયન, ત્રણ વર્ગ તથા દશ દશ ઉદ્દેશા અને સમુદ્દેશા છે, તથા ૪૬ લાખ ૮ હજાર પદો છે.

(૧૦) પ્રશ્ન વ્યાકરણ–આમાં ૧૦૮ પ્રશ્નો, ૧૦૮ અપ્રશ્નો તથા તેટલા જ પ્રશ્નાપ્રશ્નો છે. વિદ્યાના અતિશયો તથા નાગ· કુમાર તથા સુવર્ણકુમારની સાથે થયેલા દિવ્ય સંવાદો છે. એક શ્રુતસ્કંધ, ૪૫–૪૫ ઉદ્દેશા સમુદ્દેશા છે. ૯૨ લાખ ૧૬ હજાર પદો છે.

(૧૧) વિપાકશ્રુત–આમાં સુકૃતકર્મો તથા દુષ્કૃત કર્મોનો ફળ વિપાક છે. તે સંક્ષેપથી બે પ્રકારનો છે. (૧) દુઃખવિપાક, ૨)સુખવિપાક, તેમાં દશ દશ વિપાક છે. ધર્મ અને અધર્મના કારણો, દુઃખ તથા સુખની પરંપરાઓ આદિનું વર્ણન છે, ૨૦ અધ્યયન તથા એક કરોડ ચોરાશી લાખ અને બત્રીશ હજાર પદો છે.

(૧૨) દૃષ્ટિવાદ–આમાં બધાઓનો સમાવેશ છે. આ દૃષ્ટિવાદ પરિકર્મ–સૂત્ર–પૂર્વગત–અનુયોગ અને ચૂલિકારૂપે પાંચ પ્રકારનો છે.

ઉપર પ્રમાણેની દ્વાદશાંગી છે. વર્ણવેલી પદોની સંખ્યામાં કાળબળે વધઘટ થવા પામી છે.

( પં. બેચરદાસ સંપાદિત ભગવતીસૂત્રમાંથી )

જેના પઠનથી, શ્રવણથી, મનનથી, નિદિધ્યાસનથી આત્મામાં રહેલા અનાદિકાળના કષાયભાવોનું ઉપશમન, વૈષયિકભાવોનું દમન, ઔદયિકભાવનું નિરસન થઈને આત્મામાં પરમ શાંતિ, સમાધિ જેનાથી થાય તે આગમ છે, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ તપ છે.

ગ્રંથની સમાપ્તિ સમયે દ્વાદશાંગીને પણ વંદન કરવામાં આવ્યું છે.

## શ્રુતદેવી મારા મતિઅજ્ઞાનને નાશ કરનારા થાઓ :

કાચબાની જેમ સુંદર છે ચરણકમળ જેના અને નહીં ચોલાયેલા (નિર્મળ) કોરંટ વૃક્ષની કળી જેવી શ્રુતદેવી, વાગ્દેવી, સરસ્વતીદેવી, શારદાદેવી મારામાં રહેલ મતિઅજ્ઞાનને નાશ કરનારા થાઓ.

શરીરના વર્ણન સાથે શ્રુતદેવી પાસે અજ્ઞાન નાશની યાચના જ્યારે કરવામાં આવી છે, ત્યારે તે શ્રુતદેવીની વિદ્યમાનતામાં શંકા કરવાનો કંઈ પણ અર્થ નથી.

સાંસારિક રાગાતિરેક તથા દ્વેષાતિરેકના કારણે દેવભૂમિને પ્રાપ્ત કરેલા દેવો ત્યાં રહીને પણ માનવસમાજ તથા પશુ-સમાજનું ભલું-ભૂંડુ કરી શકતા હોય છે. તથાપિ સમ્યગ્દૃષ્ટિ સમ્પન્ન અલ્પાંશે કે સર્વાંશે વિરતિધરો તથા રોમેરોમમાં અહિંસા–સંયમ અને તપોધર્મની આરાધના કરનારાઓ પ્રત્યે પ્રીતિ રાખનારાઓ તથા મૃત્યુ સમયે પણ હું આ ભવમાં

કેવળજ્ઞાન ન મેળવી શકયો તેથી તે રસ્તે ચાલનારા, સમ્યગ્જ્ઞાનની ઉપાસના કરનારા, જીવમાત્રનું હિત ચિંતવનારા જીવાત્માઓના સમ્યગ્જ્ઞાનની વૃદ્ધિ અર્થે સહાયક બનું તેવો આશય રાખીને દેવગતિમાં આવનારા જીવો તે તે વિષયના અધિષ્ઠાતા બને છે અને ભવ્ય જીવોને મદદ કરે છે. ખરાબ પદાર્થોની પણ રક્ષા કરનારા અધિષ્ઠાત્રી દેવો તથા દેવીઓ હોય છે; તો પછી સમ્યગ્જ્ઞાનની પણ અધિષ્ઠાતા દેવી કે દેવ હોય તે આબાલ-ગોપાલને માની શકાય તેવી હકિકત છે.

પ્રત્યેક તીર્થંકર પરમાત્માના શાસનોપાસકોની રક્ષિકા અધિષ્ઠાત્રી દેવી તથા દેવ હોય છે. 'નમો અરિહંતાણં' પદની તથા 'નમો સિદ્ધાણં' પદ આદિની પણ અધિષ્ઠાત્રીઓ જુદી જુદી હોય છે. તેવી રીતે અરિહંત પ્રરૂપિત શ્રુતજ્ઞાનની અધિષ્ઠાત્રી દેવી પણ સૌને માન્ય હોવાથી ભગવતીસૂત્રના અંતમાં તે દેવીની પ્રાર્થના કરવી સુસંગત છે. પ્રતિક્રમણ જેવી ભાવ આધ્યાત્મિક ક્રિયામાં પણ એક નવકારનું ધ્યાન કરીને શ્રુતદેવીનું સ્મરણ કરવામાં આવ્યું છે. જેમકે :-

सुअदेवया भगवइ, नाणावरणीय कम्मसंघाय ।
तेसिं खवेउ सययं, जेसिं सुअसायरे भत्तो ।।

અર્થ-જે ભાગ્યશાળીઓની સમ્યગ્ શ્રુતજ્ઞાનરૂપી સાગર ઉપર અતૂટ શ્રદ્ધા છે અને પ્રતિસમય, પ્રતિદિવસ જેઓ શ્રુતજ્ઞાનની વૃદ્ધિ માટે પ્રયત્ન કરનારા છે, તેઓને વિઘ્ન કરનારા જ્ઞાનાવરણીય કર્મની હાનિ થાય તે માટે હે શ્રુતદેવી! તમે મારા સહાયક બનો.

कमल दल विपुल नयना, कमल मुखी कमल गर्भ समा गौरी ।
कमले स्थिता भगवती, ददातु श्रुतदेवता सिद्धिम् ।।

(સાધ્વીઓને બોલવાની સ્તુતિ)

અર્થ :—કમળના પાંદડાની જેવી વિસ્તૃત એટલે લાંબી આંખવાળી, વિકસિત કમળ સમાન મુખવાળી, કમળનો મધ્ય ભાગ અર્થાત્ દાંડીની ઉપરની છાલ ઉતાર્યા પછી તેનો ગર્ભ ખૂબ જ ગૌર વર્ણવાળું હોય છે, તે પ્રમાણે શ્રુતદેવતા પણ ઘણા જ ઉજ્જવલા છે તથા કમળની ઉપર બિરાજમાન થયેલા છે, તે શ્રુત દેવી, સરસ્વતી દેવી અમોને જ્ઞાન પ્રાપ્ત કરવામાં સહાયક બનો.

જળના કલ્લોલ( તરંગો )થી મૂળ સુધી કંપાયમાન તથા પરાગની સુગંધથી મસ્ત બની ચારે તરફ ઝંકાર ( ગુંજારવ ) કરતાં ભમરાઓથી શોભાયમાન એવા કમળપત્ર ઉપર આવેલા ભવનમાં વસનારી, કાંતિપુંજ (શરીરની દેદીપ્યમાન કાંતિ) વડે દિવ્યરૂપને ધારણ કરનારી, હાથમાં સુંદર કમળને ધરનારી, ગળામાં પહેરેલા ભવ્ય હાર વડે દિવ્ય સ્વરૂપે દેખાવ કરનારી, અને દ્વાદશાંગી વાણીની અધિષ્ઠાત્રી હે શ્રુતદેવી ! મને સંસારથી પાર કરાવવામાં મૌલિક કારણ, તેવા શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ વડે પ્રાપ્ત થનારા મોક્ષનું વરદાન આપો.

( સંસારદાવાની ચોથી સ્તુતિ )

કુંદના પુષ્પ, ચન્દ્રમા, ગાયનું દૂધ અને બરફ જેવા સફેદ વર્ણવાળી, કમળના પુષ્પ પર બેઠેલી, એક હાથમાં કમળ, તથા બીજા હાથમાં પુસ્તક રાખનારી, અમારી સ્તુતિથી પ્રસન્ન થયેલા સરસ્વતીદેવી અમારા સુખને માટે થાઓ.

( કલ્યાણકંદની ચોથી થુઇ )

( કુંદ અને મોગરાના પુષ્પ એક સમાન હોવા છતાં પણ મોગરાના પુષ્પ કરતાં કુંદના પુષ્પો ઘણા જ સફેદ હોય છે. )

ઇત્યાદિ અગણિત જૈનાચાર્યોએ સરસ્વતી માતાની સ્તુતિ

કરી છે. તથા જૈન સમાજના પ્રત્યેક સંપ્રદાયના પુસ્તકોમાં સરસ્વતી માતાના મંત્રો, જંત્રો તથા તંત્રો પ્રસિદ્ધ થયેલા છે.

## જ્ઞાનાવરણીય કર્મનો નાશ કરનાર કોણ ?

પોતાના મલિન અધ્યવસાયો વડે, આત્માનું સઘળું તંત્ર જ્યારે મિથ્યાત્વ, મોહ, કામ, ક્રોધ અને સંસારની માયામાં મસ્તાન બને છે, ત્યારે જીવ સ્વયમેવ જ્ઞાનાવરણી કર્મનું ઉપાર્જન કરે છે, માટે તેનો ક્ષય કરનાર પણ આત્મા જ છે. તે જ્યારે સમ્યક્ત્વવાસી બનીને પોતાના આત્મીય દોષોનું જોર દબાવનાર બનશે, ત્યારે પોતે જ પોતાના કર્મોનો ક્ષય કરનાર બનવા પામશે. આ સત્ય હકિકત હોવા છતાં પણ આંધળા માણસને જેમ લાકડીના ટેકાની જરૂરત પડે છે, ઉપરના મેડા ઉપરથી નીચે આવનારાને કઠોડો કે દોરડું પકડવાનું રહે છે, તેમ આજે આપણા સૌનું સંઘયણ બળ-જ્ઞાનબળ કમજોર હોવાના કારણે સમ્યગ્દૃષ્ટિ સમ્પન્ન સરસ્વતીદેવીની સહાયતા સ્વીકાર્ય બને છે. સંસારમાં ઘણા માણસોને આપણે જોઈએ છીએ કે અમુક પ્રસંગોમાં પોતે સમર્થ હોવા છતાં પણ પારકાની સહાયતા જ તેમના માટે સિદ્ધિનું કારણ બને છે, તેમ જીવાત્માએ કરેલા કર્મો કયા સમયે કેવા ઉપસર્ગો કરનારા બનશે તેની ખબર કોઈને હોતી નથી. તેથી સમ્યગ્દૃષ્ટિ દેવી દેવોની સહાયતાની ઇચ્છા કરતો સાધક આવનારા ઉપસર્ગોથી રહિત બનીને, પોતાની સાધનામાં દિન-પ્રતિદિન આગળ વધતો રહે છે. જ્યાં સુધી જીવાત્મામાં તેવા પ્રકારની આત્મિક શક્તિનો વિકાસ સધાયો હોતો નથી ત્યાં સુધી આપણા પૂર્વજ આચાર્ય ભગવંતોએ પણ શાસનદેવ કે શ્રુતદેવતાની સહાયતા લીધી જ છે. આ કારણે જ અગણિત આચાર્ય ભગવંતો જૈન શાસનની તથા સમાજની અભૂતપૂર્વ સેવા કરી શકયાં છે.

ઋષભદેવ પરમાત્માના પુત્ર નમિ તથા વિનમિને ઇન્દ્ર મહારાજે હજારો વિદ્યાઓ આપી છે અને તે તે વિદ્યાઓની આરાધના કરીને તેઓ વિદ્યાધર કહેવાયા છે. તે વિદ્યાદેવીઓમાં રોહિણી, પ્રજ્ઞપ્તિ, વજ્રશૃંખલા, વજ્રાંકુશી, અપ્રતિચક્રા, પુરૂષદત્તા, કાલી, મહાકાલી, ગોરી, ગાંધારી, સર્વે શસ્ત્રોને ધરનારી મહાજ્વાલા, માનવી, વૈરોટ્યા, અચ્છુપ્તા, માનસી, મહામાનસી આ સોળ વિદ્યાદેવીઓ શાસ્ત્રસંમત છે, જેમની આરાધનાથી સાધક જુદી જુદી વિદ્યાઓને પ્રાપ્ત કરનારો બનવા પામ્યો છે. તેમ છતાં પણ જ્યારે તેમની આત્મસાધના ખૂબ આગળ વધી છે ત્યારે પોતાના પુરૂષાર્થબળે જ તે સાધકોએ કેવળજ્ઞાન મેળવ્યું છે.

આ સૂત્રના લેખક મહાશય શ્રુતદેવી પાસેથી પોતાના મતિ અજ્ઞાનના નાશ થવાની માંગણી કરે છે. કેમકે ગુરુદેવોના ચરણોમાં ચાહે ગમે તેટલું શ્રુતજ્ઞાન કે મતિજ્ઞાન મેળવી શક્યાં હોઇશું તો પણ બીજાઓનો ઉપસર્ગ આપણને નડે કે ન નડે તો પણ આત્મામાં રહેલું ઢગલાબંધ મતિજ્ઞાનાવરણીય તથા શ્રુતજ્ઞાનાવરણીય કર્મ જ આપણું દુશ્મન બનેલું છે, જેના કારણે કયા સમયે મતિઅજ્ઞાન કે શ્રુતઅજ્ઞાન વિશ્વાસઘાત કરશે તે કહેવું મુશ્કેલ છે, તેથી તે અજ્ઞાન કમજોર પડે તે માટે શ્રુતદેવીની સહાયતા સ્વીકારવામાં વાંધો નથી.

પુસ્તકોમાં લખેલા અક્ષરો શું જડ ન કહેવાય ?

જડ અને ચૈતન્યનું મિશ્રણ જ સંસાર હોવાથી જડની અસર વિના ચૈતન્ય નથી અને ચૈતન્યની અસર જડ ઉપર પડતાં તેમાં જુદી જુદી જાતના ફેરફારો ચોક્કસ દેખાઈ રહ્યાં છે. જડના પ્રભાવમાં આત્મા ફસાયેલો હોવાથી બહુલતાએ આત્મા ભ્રાન્ત છે, અજ્ઞાન છે, અવિવેકી, અવિનયી અને પોતાની

જાતનો નિર્ણય કરવામાં અસમર્થ છે, તેથી પોતાની અનિશ્ચિતતાના કારણે તે કંઈ પણ કરવા કે સમજવા માંગતો નથી, તો પણ તેને અમુક સમયે કે પરિસ્થિતિમાં સંસારની માયાની ભયંકરતા સતાવ્યા વિના રહેતી નથી. માતાપિતાને કે ધર્મપત્નીને દિવંગત થયે દશ વર્ષ વિતી ગયા હોય અને કયારે પણ તેમની મીઠી મધુરી સ્મૃતિ પણ સતાવતી ન હોય, તો પણ કયારેક અગમ્ય કારણે, કેમકે વ્યક્તિ વિશેષને માટે પણ સંસાર એકસરખો કોઇનો રહ્યો નથી. આજનો ભૂલાઈ ગયેલો માનવ આવતીકાલે સ્મૃતિપટ પર આવ્યા વિના રહેતો નથી. તે સમયે આપણા સૌની વિહ્વલતાનો પાર રહેતો નથી, તેને દૂર કરવા માટે આજ સુધી જેની ઇચ્છા પણ કરી નથી તે માતાપિતા કે ધર્મપત્નીનું ચિત્ર બનાવવાની પ્રેરણા જોરદાર થાય છે અને તે મુજબ તેમના ચિત્રોને તૈયાર કરાવીને ઘેર લાવે છે અને સારા સ્થાને મૂકે છે. ત્યાર પછી તેમના ગુણોને તથા અનહદ ઉપકારને યાદ કરીને તે ફોટાને નમે છે, પૂજે છે, તેમની આગળ નૈવેદ્ય મૂકે છે, ઘીનો દીવો કરે છે, ધૂપ કરે છે અને છેવટે હર્ષવિભોર બનીને તેમની આગળ નાચે છે, કૂદે છે અને તેમની આગળ તેમના ગુણગાન કરે છે. ધર્મપત્નીના ફોટાને જોઈ તેની સેવા યાદ કરે છે, ગુણોને સ્મૃતિમાં લાવે છે અને અવસર આવ્યે આંખોમાંથી પાણી પણ ટપકાવી મૂકે છે. ઉપર પ્રમાણે આપણા આત્મામાં હર્ષ અને શોકની લાગણીને ઉત્પન્ન કરાવવાની તાકાત જડમાં પ્રત્યક્ષ દેખાઈ રહી છે, તેમજ ધર્મપત્ની સાથે તોફાન મસ્તીમાં વીતાવેલી રાત્રિઓની સ્મૃતિ કરાવી માણસને પાગલ બનાવવાની શક્તિ પણ સ્ત્રીના ફોટામાં છે.

જે વસ્તુ પર માણસની જેવા પ્રકારની માયા હોય છે તેમાં તે માણસના ભાવોમાં પણ ચોક્કસ ફેરફાર થયા વિના રહેતા નથી.

વ્યવહારની દૃષ્ટિએ માતા કે પિતાની તસ્વીર ભલે જડ રહી છતાં પણ માનવના હૈયા જ્યારે ભક્તિરસમાં તરબોળ બને છે ત્યારે તે જડમાં રહેલું જડત્વ સર્વથા ગૌણ બને છે અને તેમાં માતાનું કે પિતાનું ચૈતન્ય મુખ્ય બને છે. માટે જ કોઈક પ્રસંગે સગાવાલા કે હજારો માણસોના ટોળાને ઓળખાણ આપતા કહે છે કે આ મારી માતા છે, આ મારા પિતા છે. આવા પ્રકારના જાત અનુભવો સૌને થઈ રહ્યાં છે માટે જ માન્યા વિના રહી શકાય તેમ નથી કે આપણા જેવા પ્રાથમિક કક્ષાના માનવોને માટે જડનો ઉપકાર નાનો સૂનો નથી.

તેવી જ રીતે અનાદિકાળથી આપણો આત્મા અર્થ અને કામની ઉપાસનામાં મસ્ત બનીને પોતાના ભવોને નિરર્થક કર્યા છે. કોઇ સમયે તેમના ભોગવટામાં જ્યારે માનવને આઘાત લાગે છે ત્યારે તેના સુષુપ્ત મનમાં અર્થ અને કામ કરતાં પણ કોઇક નવી વસ્તુની સ્મૃતિ થયા વિના રહેતી નથી, અને તે છે દેવાધિદેવ અરિહંત પરમાત્મા.

જીવમાત્રને આધિ વ્યાધિ અને ઉપાધિથી મુક્ત કરાવનારા, રાગ-દ્વેષ તથા મોહ માયાથી બચાવનારા, કલેશ-કંકાસથી પૂર્ણ સંસારમાં થોડે કે ઘણે અંશે માનવને સુખી બનાવનારા અરિહંત પરમાત્માઓની સ્મૃતિ થતાં જ તેમની મૂર્તિ, તસ્વીર તથા તેમના સ્મરણો જ્યાંથી પણ મળે ત્યાં જઇને પણ તેમના ચરણોમાં બેસશે અને કંઈક સુખ-શાંતિ અને સમાધિ પણ મેળવશે.

માતા-પિતા કે ધર્મપત્નીના ફોટા જેમ જડ છે તેમ પરમાત્માની મૂર્તિ કે તસ્વીર પણ સ્વતઃ જડ હોવા છતાં પણ તેમાં આરોપણ કરેલું અરિહંતતત્ત્વ જ સૌને નવી પ્રેરણા આપવામાં, આત્માને ચેતનવંતો બનાવવામાં તેમ જ પુત્ર-

પરિવાર તથા સંસારની માયામાં અસારતાનું ભાન કરાવવામાં પૂર્ણ સમર્થ છે, જે પ્રત્યક્ષ અનુભવગમ્ય છે, અને જ્યારે મૂર્તિમાં કે ફોટામાં તીર્થંકરના આત્માનું, તેમના કેવળજ્ઞાનનું તથા તેમના ઉપકારોનું આપણા આત્મામાં સાક્ષાત્કાર થાય છે ત્યારે તે પરમાત્માઓનું દ્રવ્ય તથા ભાવપૂજન કરવાનું મન થાય તે માનવીય જીવનની સ્વાભાવિકતા છે. આ સ્વાભાવિકતા બનાવટી નથી કેમકે તિર્થંકર પરમાત્માની મૂર્ત્તિનું અથવા પોતાને માન્ય પૂજ્ય ગુરુદેવોના ફોટાનાં સાન્નિધ્ય અને સામીપ્ય દ્વારા જેમ જેમ ધ્યાતા, ધ્યેય અને ધ્યાનનો એકીભાવ થતો જાય છે ત્યારે આત્મામાં નવી જ જાગૃતિ થાય છે, જેને સૌ કોઈ અનુભવી શકે છે.

મૂર્તિમાં જડત્વ કે ચૈતન્યની સ્મૃતિ માનવના નહીં કેળવાયેલા કે કેળવાયેલા મન ઉપર આધારિત છે. મન યદિ કેળવાયેલું હશે, સુસંસ્કૃત હશે, ધાર્મિકતાનો જિજ્ઞાસુ હશે તથા પૂર્વગ્રહના અભિશાપથી હજારો માઈલ દૂર હશે તો સ્થાપના નિક્ષેપ વડે સર્વત્ર તેને ચૈતન્યના જ દર્શન થવા પામશે અને નહી કેળવાયેલા કે પૂર્વગ્રહના પાપે જ્ઞાનમૂઢ બનેલાને સર્વત્ર જડત્વનું ભાન થશે.

સાંસારિક જીવનમાં માનવ ગમે તેવો હોંશીયાર કે સાવધાન હોય તો પણ ભૂલવું ન જોઈએ કે તે છદ્મસ્થ છે અને છદ્મસ્થમાં રાગાતિરેકતા, દ્વેષાતિરેકતા, માયાતિરેકતા કે પ્રપંચાતિરેકતા આદિ દોષોનો ભરમાર હોય છે, તેવી સ્થિતિમાં નિરાલંબન ધ્યાનનો દાવો રાખવો નરી અજ્ઞાનતા છે, કારણકે-પોતાના મનને પરમાત્માની ભક્તિમાં રસતરબોળ કરવું ભલભલા યોગીઓને માટે પણ કપરૂં કામ છે. તેથી સૌને માટે એટલે કે ચોથા, પાંચમા અને છઠ્ઠા ગુણસ્થાનકે રહેલા ગૃહસ્થોને કે

મુનિરાજોને માટે પણ પરમાત્માના ચરણોમાં બેસીને કરેલા કે સેવેલા અપરાધોની માફી માંગવી અને વીતરાગતાનું ધ્યાન કરવું.

ઉપરોક્ત રીતે ચોપડી કે તાડપત્રમાં રહેલા અક્ષરો જડ છે, તેમાં કહેવાપણું નથી, તો પણ ભૂલવું ન જોઈએ કે– તે દ્વારા આત્મામાં જાગૃતિ આવે છે. વૈરાગ્ય આવે છે, અને સંસારની માયામાં રહેવા છતાં પણ તેની અસારતાનો ખ્યાલ પણ આવે છે. આમાં જડનો પ્રત્યક્ષ ચમત્કાર જે સાફ સાફ દેખાઈ રહ્યો છે, તેનો ઈન્કાર કઈ રીતે કરાશે? માટે જ આત્મીય જ્ઞાનનું મૂળ કારણ દ્રવ્યશ્રુત જ છે. આવી સ્થિતિમાં દ્રવ્યજ્ઞાનને કે તેની અધિષ્ઠાત્રી દેવીને સ્મૃતિમાં લાવવી તે જૈન શાસનને માન્ય છે.

શારીરિક દૃષ્ટિએ કમજોર માણસની સામે રાણા પ્રતાપની તસ્વીર આવતાં જ તેમનામાં વીર રસનો સંચાર થયા વિના રહેતો નથી. માવડીના ફોટામાં ભક્તિનો પ્રાદુર્ભાવ થાય છે અને પ્રાણ પ્યારી, મનમોહિની સ્ત્રીની પ્રતિકૃતિને જોતા જ આંખોમાં શૃંગારરસનો ચમત્કાર સર્જાયા વિના રહેતો નથી.

આ કારણે જ આપણું સરળ, પૂર્વગ્રહ વિનાનું અને મિથ્યાત્વના ચક્રાવે નહીં ચઢેલું મન કહી આપે છે કે માનવ ચાહે યોગી હોય કે જ્ઞાની હોય, તપસ્વી હોય કે ઉંધે માથે લટકનારા અવધૂત હોય તો પણ સમયે સમયે તેમનામાં થતાં વૈકારિક કે સંચારિત ભાવોમાં જડનું જ કારણ છે, માટે અશુભ આકારો, મૂર્તિઓ કે ફોટાઓનો ત્યાગ કરીને માનસિક જીવનને શુદ્ધ બનાવે તેવા ફોટાઓ, મૂર્તિઓ કે પુસ્તકોની ઉપાસના અવશ્ય કરવી, તેમાં જ સૌનું હિત સમાયેલું છે.

## યોગોદ્વહન માટે અન્તેવાસિત્વ જરૂરી છે.

શરીર સાથે સંબંધ રાખનારી ભોજનક્રિયાની વિધિ છે, શયનની પણ વિધિ છે. ઇત્યાદિ કોઇ પણ વસ્તુને ગ્રહણ કરવા માટે કે ક્રિયા કરવા માટેનો વિધિ નિશ્ચિત છે. છેવટે લક્ષ્મી અને વિદ્યા મેળવવા માટેનો પણ વિધિ છે. વિધિપૂર્વક કરાતી કોઇ પણ ક્રિયા શરીરને તથા વ્યવહારને તુષ્ટ પુષ્ટ કરે છે. અન્યથા શરીર રોગિષ્ટ બનશે, વ્યવહાર કલંકિત અને વ્યાપાર હાનિપ્રદ બનશે.

તેવી રીતે આત્માના શુદ્ધતમ પ્રયોગને માટે જે શ્રુતજ્ઞાન ગ્રહણ કરવાનું છે, તેના માટે વિધિવિધાન હોય તે સ્વાભાવિક છે. કેમકે અનાદિકાળથી આત્માને સમ્યગ્જ્ઞાનનો અભાવ રહ્યો છે. કદાચ કોઇક ભવે સમ્યગ્દર્શનની હાજરીમાં તેની પ્રાપ્તિ થઇ હશે તો પણ દર્શનના વમનમાં જ્ઞાનનું પણ વમન થઈ ગયું હોય છે, તેથી આ ભવમાં તેનું અનુસરણ થવા ન પામે તે માટે જ વિધિવિધાનપૂર્વક જ્ઞાન મેળવવાની આવશ્યકતા નકારી શકાય તેમ નથી.

ગુરુદેવોના ચરણોમાં અન્તેવાસિત્વ પ્રાપ્ત કર્યા વિના સમ્યગ્બોધ લગભગ દુર્લભ મનાયો છે. મનસ્વીપણે હજારો ગાથાઓ, શ્લોકો ગોખી લેવા કે રચી લેવી અથવા એકાદ ગાથા પર કલાકો સુધી વ્યાખ્યાતા થવું તે કદાચ સરળ હોઇ શકે, પરંતુ મન, વચન અને કાયાની વક્રતાના ત્યાગપૂર્વક આત્મા, મન, બુદ્ધિ, ઇન્દ્રિયો અને શરીરનું સમ્પૂર્ણ સમર્પણ ઘણું જ અઘરૂં હોવાથી અન્તેવાસિત્વ દુઃશક્ય, દુરારાધનીય અને તે માનવા જેવી હકીકત છે. તેથી જ તેને પ્રાપ્ત કરવા માટે તેવા પ્રકારની કષ્ટસાધ્ય તપશ્ચર્યા અને કડકમાં કડક અનુશાસનની

આવશ્યકતા સ્વીકાર્ય બને છે. તે વિના શરીરની જડતા, વાણીની દુર્વિલાસિતા અને મનમર્કટની ગૂઢાતિગૂઢ ચેષ્ટાઓનો અંત થતો નથી. આ પ્રસ્તુત વિષયમાં એકલા મનનું, વચનનું કે કાયાનું અન્તેવાસિત્વ નથી લેતા, ત્રણેનું અન્તેવાસિત્વ લેવાનું છે. એટલે કે પરમતારક ગુરુના ચરણોમાં કેવળ શ્વાસોશ્વાસ(બહુવેલ સંદિસાહુ બહુવેલ કરશું)ની ક્રિયાને છોડીને શેષ સઘળી માનસિક–વાચિક અને કાયિક ક્રિયાઓનું સાહચર્ય સાધવું તેને અન્તેવાસિત્વ કહેવાય છે.

આવા પ્રકારની સાધનાને સિદ્ધ કર્યા વિના સમ્યગ્દર્શન–જ્ઞાન અને ચારિત્રનું શુદ્ધિકરણ પણ લગભગ અશક્ય છે, કેમકે આત્માના એક એક પ્રદેશ પર જ્ઞાનાવરણીયાદિ કર્મોની અનંત અનંત વર્ગણાઓ પોતાની સત્તાને જમાવી ચૂકેલી છે. તેમાંથી કયા કર્મની કઇ સત્તા, કયારે, કયા નિમિત્તે ઉદયમાં આવશે તેનો ખ્યાલ કોઇને આવી શકે તેમ નથી. માટે મોહ-કર્મની જૂની ચેષ્ટાઓ, દર્શનાવરણીય કર્મના કારણે આવનારો પ્રમાદ, જ્ઞાનાવરણીય કર્મના કારણે મતિમંદતા, અંતરાય કર્મોના કારણે આવનારી દીનતા, ગોત્રકર્મને લઈ વધી ગયેલી જાતિ, કુલ, ઐશ્વર્ય, જ્ઞાન, લાભ, બલ, રૂપ, જ્ઞાન તથા તપની મદોન્મત્તતા, શુભનામકર્મના કારણે શરીરની અહંકારિતા અને અશુભનામ કર્મના કારણે ખિન્નતા આદિ નાશ પામે, તેમના એક એક કુસંસ્કારો નાશ પામે તથા તેવા પ્રકારની એકેય ચેષ્ટા ફરીથી કરવાનો અવસર પણ ન આવે તે માટેની સાવધાની રાખવી તે યોગોદ્વહન દ્વારા જ શકય બનશે. કેમકે તપશ્ચર્યા દ્વારા જૂના કર્મોની ચેષ્ટાઓ સમાપ્ત થશે અને ક્રિયાઓ દ્વારા પાપજન્ય તથા પાપજનક નવી ચેષ્ટાઓનો અવરોધ થશે ત્યારે જ સાધકને અન્તેવાસિત્વની પ્રાપ્તિ થતાં હજારો પ્રકારે સમ્યગ્બોધની

સુલભતા થવા પામશે. માટે જ ગુરુ અને શિષ્યનું તથા સિદ્ધ અને સાધકનું એકીકરણ કરાવી આપે તેને અન્તેવાસિત્વ કહેવાય છે.

જેના કારણે આજનો સાધક આવતી કાલે સિદ્ધિ મેળવે તથા આજનો શિષ્ય આવતી કાલે ગુરુપદ પામે તે માટેની યોગ્યતા પ્રાપ્ત કરવાનું આદ્યકારણ જ ઉપધાનમય યોગોદ્વહન છે. તે વિના તો સાધક કદાચ પુણ્યકર્મે ગુરુ બનવા પામશે તો પણ તેનું ગુરુત્વપદ કલંકિત, રાગદ્વેષમય બને, સૌ શિષ્યોને દ્રવ્ય તથા ભાવ પ્રમાદની બક્ષીસ દેવાવાળું જ થશે.

દીક્ષિત અવસ્થાને શિક્ષિત કરવા માટે પણ યોગોદ્વહનની આવશ્યકતા સ્વીકાર્ય છે. અન્યથા શિક્ષા વિનાની દીક્ષા સ્વ-પર ઘાતક બનશે અને સમાજને ક્લેશ તથા કંકાસની બક્ષીસ આપશે, ત્યારે જ તો 'જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષઃ' આ જૈન સૂત્ર જ જયવંતુ બને છે. યોગોદ્વહનમાં પઠન-પાઠન અને સ્વીકૃત ચારિત્રમાં એકાગ્રતા સાધવા માટેની ક્રિયાઓનો સમાવેશ થયેલો છે.

શ્રુતજ્ઞાન પ્રાપ્ત કરવા માટે યોગોદ્વહનમાં ઉદ્દેશ-સમુદ્દેશ અને અનુજ્ઞાનું વિધાન છે. ગુરૂ પોતાની જ્ઞાનપરંપરાની અનુજ્ઞા જે શિષ્યને દેવા માંગે છે તેની પરીક્ષા જ ઉદ્દેશ અને સમુદ્દેશમાં સમાયેલી છે, જ્યારે તે સાધક આ બંનેમાં પોતાની પરિપક્વતાની ખાત્રી ગુરુને આપે છે ત્યારે જ ગુરુ મહારાજ તેને સૂત્રોની અનુજ્ઞા આપવા માટે તૈયાર થાય છે. તે આ પ્રમાણે 'હે શિષ્ય ! અમુક સમયની મર્યાદામાં તારે આ પાઠ કરવાનો છે. આવી આજ્ઞાને ઉદ્દેશક્રિયા કહેવાય છે. નવું નવું જ્ઞાન પ્રાપ્ત કરવાની તમન્નાવાળો શિષ્ય, ગુરુના આપેલા પાઠને પ્રમાદ

કર્યા વિના કંઠસ્થ કરે છે, તેના અર્થોની વિચારણા કરે છે. ત્યાર પછી સાધક યથાશક્તિ તેની પુનરાવૃત્તિમાં પરિશ્રમ કરે છે અને ગુરુએ આપેલા પાઠને અણિશુદ્ધ કરી ગુરુજીને સંભળાવી દે છે. જ્યારે શુદ્ધ પાઠની ખાત્રી થાય છે ત્યારે ગુરુજી કહે છે કે 'યાદ કરેલા પાઠને સ્થિર કરવા માટે थिरपरिचिअ करिज्जाहि' અર્થાત્ ફરીથી ન ભૂલાય તથા કાનોમાત્રો પણ ઓછો વત્તો ન બોલાય, તે પ્રમાણે ફરી ફરીથી સૂત્રોને પાકા કરવાની આજ્ઞા જ સમુદ્દેશ છે. આટલી પરીક્ષામાંથી પસાર થયેલા શિષ્યને 'તું તારા શિષ્યોને તથા સંઘને જ્ઞાનદાન આપજે', તે આજ્ઞાને અનુજ્ઞા કહેવાય છે.

તથા પ્રકારની અનુજ્ઞાનો ઈચ્છુક સાધક મુનિ, કાળગ્રહણ, સજઝાય, અને કાળ માંડલાના કડકમાં કડક વિધાનોની સાધનાથી તે તે સૂત્રોને બોલે છે, શુદ્ધ બોલે છે અને એકાદ અક્ષર પણ ઓછો કે વધારે અથવા તે શબ્દને કે વાકયને ફરીથી બોલવો ન પડે તે માટે સતત અભ્યાસ કરે છે. આ પ્રમાણે અવધાન તથા ઉપધાનના શુદ્ધાનુષ્ઠાનના માધ્યમથી પ્રસન્ન ચિત્તે તૈયાર થયેલો સાધક, ગુરુપાસે સવંદન આવે છે અને ગુરુ તેને જુનો પાઠ લેવાપૂર્વક નવા પાઠની આજ્ઞા આપે છે તેને અનુષ્ઠાન ક્રિયા કહેવાય છે. આમાં ગુરુદેવ શ્રુતદાતા છે. કાળગ્રહી સાધક છે. અને દાંડીધર ઉત્તરસાધક છે. (અત્યારે તો દશવૈકાલિક સૂત્રની ૧૭ ગાથાઓમાં સ્વાધ્યાય સીમિત થયેલ છે.)

ઉપર્યુક્ત વિધિપૂર્વક અનુક્રમે માંડલિયા, દશવૈકાલિક, ઉત્તરાધ્યયનાદિના યોગોદ્વહનની પૂર્ણતા થયા પછી જ વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ(ભગવતી)સૂત્રના યોગોદ્વહનમાં પ્રવેશ થાય છે.

# प्रशस्ति

वृद्धिचन्द्रगुरोः पार्श्वे, भावनगर संस्थिते ।
दीक्षितः शिक्षितो जातो, मुनिधर्मे समाहितः ।। १ ।।

संयमपालने श्रेष्ठो गुप्ति समिति रक्षकः ।
अहिंसा धर्म रक्षायै सदोद्यमी हितावहः ।। २ ।।

ज्ञानी ध्यानी तथा त्यागी, जितेन्द्रियः सदा शमी ।
आचार्यो धर्मसूरीशो, वर्ण्योऽभूज्जैनशासने ।। ३ ।।

विद्याविजय शिष्योऽभूद्-भव्यस्तस्य महात्मनः ।
वक्तृत्वशक्ति सम्पन्नः प्रथितोऽस्ति महीतले ।। ४ ।।

ब्रह्मनिष्ठः सदा दान्तोऽहिंसाधर्मप्रचारकः ।
शासनदीपने ख्यातो-देहकान्ति सुशोभितः ।। ५ ।।

एतादृशो गुरोः पादे-करांची सिन्ध देशगे ।
(१९९४) वेदाङ्कद्वयमोक्षाब्दे वैक्रमे मृग मासके ।। ६ ।।

शुक्लपक्ष दशम्याञ्च दीक्षितोऽस्मि स्वभावतः ।
अलसो मन्द बुद्धिश्च तथाप्यध्ययने श्रमी ।। ७ ।।

व्याख्याप्रज्ञप्ति सूत्रस्य यथामति विवेचकः ।
कुतोऽपि स्खलितोऽभूवं चेत् क्षाम्यो भवता तदा ।। ८ ।।

षट्त्रि शून्यद्वयेवर्षे (२०३६) शारदपूर्णिमा दिने ।
अन्धेर्यां मोहमय्याश्च, फलितोऽद्य मम श्रमः ।। ९ ।।

गुरुर्देवो, गुरुर्देवो-गुरुर्देवो जगत्त्रये ।
गुरुकृपा प्रसादेन-सर्वं [समीहिते भवेत् ।। १० ।।

## શ્રી ભગવતી સૂત્ર સાર સંગ્રહ વિષે આવેલ કેટલાક

# અભિપ્રાયો

જૈન દર્શનના વિદ્યમાન પીસ્તાલીશ આગમશાસ્ત્રો પૈકી વિશ્વવંદ્ય, દેવાધિદેવ, શ્રમણ ભગવાન, શ્રી મહાવીર પરમાત્મા તથા તેઓશ્રીના પ્રથમ ગણધર, શ્રુતકેવળી, શ્રી ગૌતમસ્વામીજી મહારાજા (ગુરૂ-શિષ્ય)ના ૩૬૦૦૦ પ્રશ્નોત્તરી-રૂપ પંચમાંગ પૂજ્ય શ્રી ભગવતીસૂત્ર ઉપર સમર્થ વિદ્વાન-પ્રવચનકાર, પંન્યાસપ્રવર શ્રી પૂર્ણાનંદવિજયજી ગણિવર્યે સરળ ભાષામાં સૌ કોઇ સમજી શકે તે રીતે સારૂં વિવેચન કરેલ છે, જે પ્રશંસનીય અને અનુમોદનીય છે.

ચાણસ્મા, તા. ૨૧-૯-૮૦ —જૈનાચાર્ય શ્રી વિ. સુશીલસૂરિ

તપસ્વી, વિદ્વાન અને સરળ સ્વભાવી પંન્યાસપ્રવર શ્રી પૂર્ણાનંદવિજયજી ગણિવર્યે ચાર ભાગમાં શ્રી ભગવતી

સૂત્ર જેવા મહાન પવિત્ર આગમશાસ્ત્રનો સાર ગુજરાતી ભાષામાં આપીને બાળજીવો ઉપર મોટો ઉપકાર કર્યો છે. આજે તો સમાજનો મોટો વર્ગ શાસ્ત્રના અભ્યાસ અને વાંચન મનનથી વિમુખ બનીને મનોરંજન સાહિત્ય તરફ જ ઢળતો જાય છે, તેવા સમયમાં ખૂબ સરળ શૈલીમાં શ્રી ભગવતી સૂત્રના ગહન પદાર્થોને રજુ કરવા અને તે દ્વારા શાસ્ત્રના અભ્યાસ માટે જિજ્ઞાસા જગાડવી એ ખરેખર ઉત્તમ ધર્મકાર્ય છે, તથા ઉત્તમ શ્રુતભક્તિ પણ છે. આવી શ્રુતભક્તિ વિદ્વાન પંન્યાસશ્રીના હાથે અહર્નિશ થતી રહો તેવી શુભેચ્છાઓ.

ગોડીજી જૈન ઉપાશ્રય — જૈનાચાર્ય
વિજયવલ્લભ ચોક–મુંબઈ — શ્રી વિજયસૂર્યોદયસૂરિ

આજના ભૌતિકવાદના યુગમાં આધ્યાત્મિક જીવન તથા વાંચનનો હ્રાસ થયેલો છે, તે સમયે દ્વાદશાંગીમાં સર્વશ્રેષ્ઠ ભગવતીસૂત્ર ઉપરનો સાર સંગ્રહ, સરળ ભાષામાં સમાજના કરકમળમાં આપવો તે ખરેખર કઠિન કાર્ય છે, પ્રશંસનીય પુરૂષાર્થ છે; જે પંન્યાસજી શ્રી પૂર્ણાનંદવિજયજીએ ચાર ભાગોમાં પૂર્ણ કર્યું છે. ઘણા જીવોનું સમ્યગ્દર્શન–જ્ઞાન અને ચારિત્ર પવિત્ર બનવા પામે તેવી શુભેચ્છાઓ સાથે પંન્યાસજી પોતાનો પુરૂષાર્થ ચાલુ રાખે તેવી અભ્યર્થના.

મંગળ પારેખનો ખાંચો
શાહપુર–અમદાવાદ — જૈનાચાર્ય શ્રી વિજય રૂચકચન્દ્રસૂરિ
આસો વદ ૧૦

ભગવતીસૂત્ર સાર સંગ્રહનો ત્રીજો ભાગ મળ્યો છે, તેને ભૂરિ ભૂરિ અનુમોદના સાથે સ્વીકાર્યો છે. આપશ્રીના હાથે થયેલ સાહિત્યસેવાના આવા કાર્ય અંગે અભિનંદન સાથે અનુમોદના. આવું સાહિત્યનિર્માણનું કાર્ય આપના દ્વારા થતું રહે તેવી ભાવના સાથે શુભેચ્છા.

ચાણોદ,
તા. ૨૯–૧૦-૮૦ –જૈનાચાર્ય શ્રી વિજયવિકાસચંદ્રસૂરિ

ભગવતીસૂત્ર સાર સંગ્રહના ત્રણે ભાગો મળ્યા છે, જે દરેક ખપી આત્માઓ માટે અત્યંત ઉપયોગી છે. વિદ્વાનો માટે તો આ સાહિત્ય અત્યંત ઉપયોગી છે. તેઓને આમાંથી ઘુંટડે ઘુંટડે પાન કરવાની મજા આવશે અને બાળ તથા મધ્યમ કક્ષાના જીવો પણ આમાંથી શ્રુતનો આસ્વાદ માણી શકે તેવી રીતે આપે ત્રણે ભાગ ( ચારે ભાગ ) તૈયાર કર્યા છે. વિદ્વદ્‌ભોગ્ય સાહિત્યને લોકભોગ્ય બનાવી મુમુક્ષુ જીવો પર આપે મહાન ઉપકાર કર્યો છે. વિશાળકાય ભગવતીસૂત્ર રૂપી મહાસાગરને પાર કરવા આપે તૈયાર કરેલા ચારે ભાગો નૌકાની ગરજ સારે તેવા છે. આપે જે શ્રુતનો સ્વાદ ચાખ્યો છે તે સ્વાદ બીજા આત્માઓને પણ ચખાડીને જીવનમાં ખરેખરી કૃતકૃત્યતા અનુભવી શકયા છો.

રાજકોટ, –સૌરાષ્ટ્ર કેશરી જૈનાચાર્ય
આસો સુદ ૨, ૨૦૩૬ શ્રી વિજયભુવનરત્નસૂરિ

તમારો જ્ઞાન આરાધનાનો પ્રયત્ન સ્તુત્ય અને અનુમોદનીય છે.

ડહેલાનો ઉપાશ્રય
તા. ૧૧-૧૦-૮૦ —જૈનાચાર્યશ્રી વિજયઅશોકચંદ્રસૂરિ

ભગવતીસૂત્ર સાર સંગ્રહનું વાંચન કરતાં આત્માનું કલ્યાણ થાય તેવું આ પુસ્તક હિતકારી છે. સાથોસાથ 'સિદ્ધ શિલાના સોપાન' અને 'કેવળજ્ઞાનની પગદંડી' ચોપડીઓ ઘણી જ સારી છે. શ્રાવકગણને આદરણીય છે.

ખીવાંદી —જૈનાચાર્યશ્રી વિજયમંગળપ્રભસૂરિજી

ભગવતીસૂત્ર સાર સંગ્રહમાં આપે કરેલી સુંદર છણાવટ તથા ભાવોની ગંભીરતા વાંચતા વાંચતા આનંદની ઉર્મિઓ પ્રગટ થયા વિના રહેતી નથી.

ખુશાલ ભુવન, અમદાવાદ
તા. ૧-૧૦-૮૦ —જૈનાચાર્યશ્રી ભાનુચંદ્રસૂરિ

ભગવતીસૂત્ર સાર સંગ્રહનો ત્રીજો ભાગ મળ્યો, સાદ્યન્ત વાંચ્યો. ગ્રન્થમાં ભગવતીસૂત્રના કઠિન વિષયોને સરળ બનાવી સમજાવવાનો આપનો પ્રયત્ન અત્યુત્તમ છે. વિવેચન શૈલી

રોચક છે. પાઠક વર્ગને માટે તમારો પરિશ્રમ ઉપયોગી સિદ્ધ થશે. જૈનાગમોના વિવેચન પ્રત્યે રુચિ અને શ્રમની હું અનુમોદના કરૂં છું. આગેનું સાહિત્ય શીઘ્ર પ્રકાશિત થાય અને પાઠકોને લાભાન્વિત કરે તેવી ઉમ્મેદ સાથે મારી શુભેચ્છા.

સૈલાના ( મ. પ્ર. ) જૈનાચાર્ય, ગણાધીશ,
આસો વદિ ૯ ( મારવાડી ) શ્રી ઉદયસાગરસૂરિ (આર્યપુત્ર)

'શ્રી ભગવતીસૂત્ર સાર સંગ્રહ'નાં પુસ્તકો મેળવીને કંઇક સારું મેળવ્યાનો પરિતોષ અનુભવ્યો છે.

શ્રી અરિહંત પરમાત્મા જિજ્ઞાસાને જ્ઞાનપ્રાપ્તિનું સિંહદ્વાર કહે છે, અને એ સત્ય 'શ્રી ભગવતીસૂત્ર'માં પૂછાતાં પ્રશ્નોથી આપણને પ્રત્યક્ષ થાય છે. એક પ્રકૃષ્ટ જિજ્ઞાસાએ આપેલા આ પ્રશ્નોત્તર આપણા માટે ભવતરણીનું કેવું સુંદર સાધન બન્યું છે! જિજ્ઞાસાથી જ્ઞાન વધે, જ્ઞાનથી કર્મનિર્જરાના દ્વારે જવાય, જ્ઞાનીઓ નાની સરખી વાતમાં કેવું જીવનસત્વ આપે છે!

અને પ્રસ્તુત ગ્રંથનું નામાભિધાન પણ અનેક રીતે સાર્થક દીસે છે. 'શ્રી ભગવતીસૂત્રનો આ સાર છે' તેવો તેનો અર્થ છે. લેખક પંન્યાસજી મહારાજની એ નમ્રતા છે. આપણને જ્ઞાનના મહાનદમાં પ્રવાસ કરાવીને પંન્યાસજી મ. સૂચવે છે: 'હજી તો આપણે સારની નજીક જ પહોંચ્યા છીએ, માત્ર તત્ત્વજ્ઞાનનો મહાસમુદ્ર હજી નિરખવાનો બાકી છે.'

પંન્યાસજી મહારાજ શાસનને અનેકાનેક ઉત્તમોત્તમ ગ્રંથરત્નો આપતા રહે, અને તે વડે તત્ત્વપ્રેમીઓને એ જ્ઞાનના મહાસાગર સુધી પહોંચવાનો અવસર સાંપડે તેવી શુભાભિલાષા છે.

ઘેલાભાઈ કરમચંદ સેનેટોરિયમ —આ. દુર્લભસાગરસૂરિ
પાર્લે (વેસ્ટ)

વિનયવંત શિષ્યના જીવનમાં ગુરુદેવની પરમ કૃપાનું બળ મહાન હોય છે. એવી અપૂર્વ ગુરુકૃપાના સુપાત્ર બનેલા, તેથી જૈનાગમશાસ્ત્રના સુયોગ્ય અભ્યાસી પરમ પૂજ્ય પંન્યાસ શ્રી પૂર્ણાનંદવિજયજી મહારાજે જૈન તથા જૈનેતરોને પણ જૈન તત્ત્વજ્ઞાનથી પરિચિત બનાવવાને માટે સીધી, સાદી, સરળ ભાષામાં શ્રી ભગવતીજી જેવા મહાઆગમીય ગ્રંથના ભાવાનુવાદના ચાર દળદાર ભાગોને એકલે હાથે, અથાગ પ્રયત્ને શ્રી જૈન શાસનને ચરણે ધર્યા છે, જે અનુમોદનીય પુરૂષાર્થ છે.

મારી પોતાની માન્યતા પ્રમાણે તો આ ચારે ભાગો પં. હરગોવિંદદાસજીના ચારે ભાગોની પ્રાયઃ પુનરાવૃત્તિ સ્વરૂપે જ છે. વિશેષતા એટલી જ છે કે પંન્યાસજીના ચારે ભાગ ખૂબ જ વિવેચિત છે, જેની અત્યંત આવશ્યકતા હતી.

અંતમાં મને પોતાને જેમ આ ચારે ભાગો અનેક પ્રસંગે

ઉપયોગી થયા છે, તેમ અન્ય મહાનુભાવોને પણ થશે જ એવી પવિત્ર શ્રદ્ધા રાખી વિરામ પામું છું.

લિ.

પરમ પૂજ્ય યુગદિવાકર આચાર્યદેવ
શ્રીમાન વિજયધર્મસૂરીશ્વરના શિષ્ય
ઉપાધ્યાય કનકવિજય ગણી.

તમારા દ્વારા મોકલાવેલા શ્રી ભગવતીસૂત્ર સાર સંગ્રહના હિન્દી તથા ગુજરાતી ભાગો મળ્યા છે, જેનો સાભાર સ્વીકાર કર્યો છે.

આ ભગવતીસૂત્ર દ્રવ્યાનુયોગનો પ્રમુખ આગમ છે, તેને સરળ અને આશુગ્રાહી ભાષામાં વિવેચિત કરીને પંન્યાસજીએ જૈનાગમની સારી અને સાચી સેવા કરી છે; તે માટે તમે અનુમોદન અને ધન્યવાદને પાત્ર છો. ઘણા વર્ષો સુધી દ્રવ્યાનુયોગનું ચિંતન, મનન અને નિદિધ્યાસન કરીને ગુરુકૃપા દ્વારા તેમાં જ્ઞાતૃત્વ મેળવ્યું છે, તે તમારા ગ્રંથો જ સાક્ષી આપી રહ્યાં છે.

મારી એક જ પ્રાર્થના છે કે ભગવતીસૂત્રની જેમ પ્રજ્ઞાપના સૂત્રને પણ હાથમાં લેશો અને આની જેમ યોગ્ય ન્યાય આપશો તેવી મને પૂર્ણ આશા છે.

ગોડી પાર્શ્વનાથ મંદિર —જૈનાચાર્ય શ્રી વિજયમનોહરસૂરિ
પૂના–૨

તમે ત્રણ ભાગ દ્વારા ભગવતીજી સૂત્રના સારને ગ્રહણ કરવા તથા આબાલ ગોપાલને ઉપયોગી નીવડે તે માટે કરેલ સત્પ્રયત્ન સ્તુત્ય છે. આવા પરમપવિત્ર કઠિન આગમસૂત્રને સાર્થ કરવો તે ઘણું જ મુશ્કેલીભર્યું છતાં તમોએ સારી રીતે કરેલ તે બદલ ધન્યવાદ.

ખેડા ( ગુજરાત ) જૈનાચાર્ય
ભાદરવા વદિ ૧૪ શ્રી દેવેન્દ્રસાગરસૂરિ

આપશ્રીએ પાઠવેલ ભગવતી સૂત્રનો ત્રીજો ભાગ મેળવીને મને ઘણો જ આનન્દ થયો છે. આવો પરિશ્રમ જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી થાય છે.

સુરત–આસો શુદિ ૪ સાધ્વીજી શ્રી ઓંકારશ્રીજી મ.

પંચમાંગ શ્રી ભગવતીસૂત્ર જેવા ગહન વિષય અને નિત્યાભિનય જ્ઞાન ધરાવતાં આગમ ગ્રંથ માટે અમે શું અભિપ્રાય આપી શકીએ ? છતાં પૂર્વ જ્ઞાન ક્ષયોપશમના યોગે એટલું તો જરૂર કહી શકીએ કે આ આગમસૂત્રનું વિવેચન સર્વોપયોગી છે. એક માત્ર સિંહાવલોકન કરતો જ આ ગ્રન્થ નયનરમ્ય તો લાગ્યો જ પણ સુવાચ્ય અને ચિંતનીય દેખાયો. અમારા જેવાઓને માટે સુંદર સ્વાધ્યાયનું સાધન પૂરૂં પાડ્યું છે. માટે ગ્રન્થ

પરમાદરણીય છે, સાથે સાથે 'સિદ્ધશિલાના સોપાન', 'મુક્તિનું દ્વાર' તથા 'કેવળજ્ઞાનની પગદંડી' પુસ્તકો અત્યુત્તમ છે.

ધ્રાંગધ્રા ૧૩-૧૦-૮૦ સાધ્વી વસંતપ્રભાશ્રી 'સુતેજ'

¤

लंबे अर्से के बाद भिजवाई हुई आपकी पुस्तके देखकर अति आनन्द हुआ। भगवती सूत्र देखकर तथा पढकर आनन्द की सीमा न रही। भगवतीसूत्र पर इतना सुंदर विवेचन कहीं भी दिखने में नहीं आया। कृपया इन सब पुस्तकों का हिन्दी भाषांतर करवाने की प्रयत्न अवश्य करे....

वस्तुपाल उपाश्रय साध्वी राजेन्द्रश्री
प्रतापगढ (रा.स्था.)

¤

શ્રી ભગવતીસૂત્ર એટલે શ્રી ગૌતમસ્વામી મ. તથા ભગવાન મહાવીરસ્વામીના પ્રશ્ન-પ્રત્યુત્તરનો અપૂર્વ ખજાનો. આ ખજાનાને સરળ ભાષામાં ખોલવાનો પૂ. પન્યાસજી ભગવંતનો પ્રયાસ અપૂર્વ પ્રશંસનીય છે. જિજ્ઞાસુઓને માટે લાભદાયક આ ગ્રંથ છે.

અમદાવાદ સાધ્વી નિર્મલાશ્રી M. A.
તા. ૨-૧૦-૮૦ (સાહિત્યરત્ન)

¤

પુસ્તકો મળ્યા. અમારા જેવા અલ્પજ્ઞોને શું અભિપ્રાય દેવાનું હોય ? છતાં કરબદ્ધ પ્રાર્થના છે કે આપશ્રીનું બધુંય સાહિત્ય હિન્દી ભાષામાં શીઘ્રતાથી રૂપાંતર થાય.

—સાધ્વી મૃગનયનાશ્રી

આપે મોકલાવેલો 'ભગવતીસૂત્ર સાર સંગ્રહ'નો ત્રીજો ભાગ પણ મળ્યો છે. તે જોઈને ઘણો જ આનંદ થયો છે. આપે આ ગ્રંથમાં સામાન્ય જન પણ સમજી શકે એવી રીતે જૈન આગમના ગહન વિષયને સરળ કરીને રજુ કર્યો છે, તે ઉત્તમ કાર્ય થયું છે. આમાં અત્યંત ધીરજ અને સતત લગન વર્તાઈ આવે છે. અન્યથા આવું કઠણ કાર્ય સરળ બને નહીં.

L. D. Institute of Indology.
ગુજરાત યુનિવર્સિટી પાસે —દલસુખ માલવણીયા
અમદાવાદ

આ પુસ્તકના ભાગો તૈયાર કરવામાં આપે શ્રી ભગવતી-સૂત્રના વિષયોનું અવગાહન કરવામાં અને તેનો સાર તારવીને એને સંગ્રહરૂપે તૈયાર કરવામાં કેટલી મહેનત કરી હશે, તે પુસ્તક જોતાં જણાઈ આવે છે. આ માટે આપને હાર્દિક અભિનંદન ઘટે છે. આપના હાથે આ કામ સ્થાયી, મહત્ત્વનું થયું તેથી બહુ આનંદ થાય છે.

અમદાવાદ —રતિલાલ દીપચંદ દેસાઈ

योगोद्वहन के अभावमें अभ्यास से वंचित साधु-साध्वी-वर्ग, तथा द्रव्यानुयोगरसिक वर्गकी प्यास छिपानेमें समर्थ, परमश्रुतसागरस्वरुप, पंचमांग श्री भगवतीसूत्र जैसे द्रव्यानु-योगके श्रेष्ठतम आगमग्रन्थ के गहनतम सूक्ष्म विषयों पर गहरे चिंतन एवं परिश्रम से मंथन करके सार-संग्रहरुप प्रस्तुत स्तुत्य प्रकाशन आबाल-वृद्ध सर्वोपयोगी बनते हुए प्रसिद्धि प्राप्तकर लेखक के श्रमको सफल करे यही शुभेच्छा.

-मुनि अरुणविजय

શ્રી ભગવતી સૂત્ર સાર સંગ્રહ : ભાગ-પાંચમો

## સમાપ્ત.

## અમૂલ્ય સાહિત્ય....અમૂલ્ય લાભ....

૧. ભગવતીસૂત્ર સાર સંગ્રહ (ગુજરાતી)
ભાગ ૧, ૨, ૩, ૪ પ્રત્યેકનું મૂલ્ય રૂા. ૧૦-૦૦

૨. ભગવતીસૂત્ર સાર સંગ્રહ (હિન્દી)
ભાગ ૧, ૨, ૧૨ શતક સુધી પ્રત્યેકનું મૂલ્ય રૂા. ૧૦-૦૦

૩. સિદ્ધશિલાના સોપાન
૪. કેવળજ્ઞાનની પગદંડી
૫. બાર વ્રત
} ગુજરાતી પ્રત્યેકનું મૂલ્ય રૂા. ૧-૦૦

૬. ભગવાન મહાવીરનું દિવ્ય જીવન (હિન્દી) રૂ. ૧-૫૦

### -: પ્રાપ્તિસ્થાન :-

**૧. જગજીવનદાસ કસ્તુરચંદ સંઘવી**
Po. સાઠંબા (સાબરકાંઠા) વાયા ધનસુરા A. P. Rly.

**૨. શ્રી ચન્દ્રપ્રભ જૈન મંદિર પેઢી**
જયપ્રકાશ રોડ, અંધેરી (વેસ્ટ) મુંબઈ-૪૦૦ ૦૫૮

**૩. કાંતિલાલ કેશવલાલ શાહ**
"લાલભુવન" પાદશાહની પોળના નાકે, રિલીફ રોડ,
અમદાવાદ-૩૮૦૦૦૧

**૪. શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા**
હેરીસ રોડ, ભાવનગર-૩૬૪ ૦૦૧

આવરણ • દીપક પ્રિન્ટરી • અમદાવાદ-૧